

વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી

# નિષધપતિ

●

: લેખક :

વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી

●

: પ્રકાશક :

નવયુગ પુસ્તક ભંડાર

બુકસેલર્સ : : પબ્લિશર્સ

નવા નાકા રોડ

રાજકોટ-૩૬૦૦૦૧ : : : [ સૌરાષ્ટ્ર ]

: પ્રકાશક :
નવિનચંદ્ર મોહનલાલ મહેતા
નવયુગ પુસ્તક ભંડાર
નવા નાકા રોડ, ૧ લે માળે
રાજકોટ-૩૬૦૦૦૧ : [સૌરાષ્ટ્ર]

●

(c) વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી

●

પુનઃ મુદ્રણ બીજું
[૧૯૭૯]

●

કિંમત
રૂા. ૨૦-૦૦

●

: મુદ્રક :
નાનાલાલ સોમાલાલ શાહ
સર્વોદય મુદ્રણાલય
મુ : સાદરા - ૩૯૨૩૨૦
સ્ટે : ડભોઢા [એ. પી. રેલ્વે]



પ્રેમ, પ્રસન્નતા અને કર્તવ્યમાં સદાયે
મગ્ન રહેનારા સેવાભાવી શલ્ય વિદ્યા વિશારદ
ડૉ. શ્રી પ્રફુલ્લ બી. દેસાઈ
M.S., F.R.C.S. (E)
ના કરકમળમાં
ઉરભાવનાનું એક પુષ્પ સમર્પિત કરતાં
હું મને ધન્ય માનું છું.

મોહનલાલ ધામી

## વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી રચિત પુસ્તકો

| | |
|---|---|
| ૧૩–૭૫ બાલદાન | ૧૬–૫૦ ભાવડ શાહ |
| ૧૮–૦૦ સંસાર ચાલ્યો જાય છે | ૧૬–૫૦ દેદા શાહ |
| ૨૦–૦૦ ભવબંધન : મલયસુંદરી | ૧૨–૦૦ સુદર્શન શેઠ |
| ૨૦–૦૦ ભવબંધન : મહાબલકુમાર | ૧૫–૦૦ ચંદ્રવદના |
| ૨૦–૦૦ નિષધપતિ | ૧૧–૫૦ સાત સવાલ |
| ૧૮–૦૦ સંસાર એક સ્વપ્ન | ૧૦-૨૫ નાથ અનાથ |
| ૧૬–૫૦ રાજનંદિની | ૧૦–૦૦ આર્ય લલિતાંગ |
| ૧૮–૦૦ સૌભાગ્ય કંકણ | ૧૦–૦૦ ચર સમ્રાટ |
| ૧૮–૦૦ રજની રંગભરી | ૯–૭૫ પર્વાધિરાજ |
| ૧૫–૦૦ પુણ્યપ્રભાવ ૧ લો | ૮–૦૦ સ્નેહપ્રિયા |
| ૧૫-૦૦ પુણ્ય પ્રભાવ ૨ જો | ૧૧–૭૫ વાસવદત્તા |
| ૧૩–૫૦ તરંગલોલા | ૧૨–૨૫ વૈતાલ ભટ્ટ |
| ૧૭–૦૦ વેળા વેળાની વાદળી | ૩–૦૦ ધુમસના પડછાયા |
| ૧૪–૫૦ અલખ નિરંજન | ૧૧–૫૦ રાજદુલારી |
| ૮–૨૫ કુલવધૂ | ૩–૦૦ પરણ્યા પહેલાં |
| ૧૦–૫૦ અંજના સુંદરી | ૧૦–૦૦ રંગ રાગ વિરાગ |
| ૨૬–૦૦ વૈરનાં વિષ | ૨૦–૦૦ જિણહા શેઠ |
| ૧૫–૦૦ તિલક મંજરી | ૧૩–૫૦ જાવડ શેઠ |

**નવયુગ પુસ્તક ભંડાર :** નવા નાકા રોડ : રાજકોટ
૩૬૦૦૦૧ (સૌરાષ્ટ્ર)

# બે બોલ !

'નિષધપતિ' એક પૌરાણિક કથા વસ્તુ પરથી આલેખાયેલી નવલકથા છે.

ભૂતકાળ તરફ નજર કરતાં સ્પષ્ટ જોઈ શકાય છે કે અનેક કવિઓએ નળ–દમયંતીના જીવન વહેણને સ્પર્શતાં કાવ્યો, ચરિત્રો, નાટકો વગેરે આલેખેલાં છે. ભગવાન વ્યાસ પણ નળ દમયંતીના જીવન-વહેણની ઉપેક્ષા કરી શકયા નથી...એટલું નહિ પણ વિવિધ કથાનકોમાં પણ નળ દમયંતીના પ્રસંગો ઝીલવામાં આવ્યા છે.

જૈન સાહિત્યમાં તો નળ દમયંતીના જીવન વહેણને ખૂબ જ ઝુલાવવામાં આવેલ છે. નલાયન, નળ ચરિત્ર, નળોપાખ્યાન, નૈષધીય ચરિત્ર, નળ વિલાસ નાટક, નળ વિક્રમ નાટક, નળોદય કાવ્ય, નળોદય ચરિત્ર, દમયંતી ચરિત્ર, દમયંતી પ્રબંધ, નળ દમયંતીનો રાસ, વગેરે ઘણા ગ્રંથો જૈન કવિઓએ ભૂતકાળમાં આલેખેલા છે.

આ બધા ગ્રંથોમાં 'નળાયન' નામના ચાર હજાર ને પચાસ શ્લોકના કાવ્યસભર ગ્રંથ પર મારું હૈયું આકર્ષાયું. પૂર્વાચાર્ય શ્રી માણિક્યદેવ સૂરિએ રચેલું નળાયન નામનું મહાકાવ્ય મારા અંતઃકરણને ઝણઝણાવી ગયું. પ્રસ્તુત નવલકથા મેં એ કાવ્યને સામે રાખીને લખી છે. કાવ્યમાં આવતાં રસભર વર્ણનો મારે કાં તો છોડવાં પડયાં છે અથવા ટુંકાવવાં પડયાં છે. કારણકે કવિ અને લેખકની મર્યાદાઓ વચ્ચે ઘણું અંતર હોય છે. કવિ પોતાના કાવ્યમાં ખીલી ઉઠે છે...જ્યારે કથાલેખકને પોતાના વર્તુળને નિહાળવું પડે છે. આમ છતાં મહાકવિની ભાવનાનો મારા હાથે દ્રોહ ન થાય તેની ખૂબ જ કાળજી મારે રાખવી પડી છે. સમગ્ર કથા જૈન ઈતિહાસમાંથી લીધી હોવાથી

મારે એ અંગે પણ જાગૃત રહેવું પડયું છે.

આર્ય સંસ્કૃતિના હાર્દનું દર્શન કરાવતી આ કથા લોકો માટે નવી નથી. હજારો વર્ષથી આ કથા લોક હૈયા પર રહેતી આવી છે...અને પ્રસ્તુત નવલકથામાં જે કંઈ સારું છે તે મહાકવિનું છે અને જે કંઈ અનુચિત હોય તે મારા જેવા અલ્પાત્માનું છે...

કારણ કે મેં તો કેવળ ભક્તિ, ભાવના અને શ્રદ્ધા સાથે 'નળાયન' ને નવલકથાનું રૂપ આપ્યું છે...અને રૂપ કેવું થયું છે? એ પ્રશ્નનો જવાબ હું શું આપું ?

સૌરાષ્ટ્ર-ગુજરાતના સુપ્રસિદ્ધ દૈનિક અખબાર જયહિંદમાં આ કથા દર સપ્તાહે ધારાવાહિક રૂપે પ્રગટ થતી હતી અને વિશાળ વાચક વર્ગને તે પ્રિય થઈ પડી હતી...ખાસ કરીને બહેનોએ આ કથાનો ભાવપૂર્વક સત્કાર કર્યો હતો. આજ આ કથા આપની સમક્ષ ગ્રંથ રૂપે રજૂ થાય છે અને મને વિશ્વાસ છે કે આપ સહુને મારી અન્ય કથાઓ માફક આ કથા પણ ગમશે.

કિશોરસિંહજી માર્ગ,<br>રાજકોટ ૧.<br>ફાગણ શુદ ૭. ૨૦૨૪ — વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી

## બીજી આવૃત્તિ વેળાએ...

આજ 'નિષધપતિ'ની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ રહી છે. વાર્તા અંગે વિશેષ કશું કહેવાનું નથી. આ કથા લોકભોગ્ય બની છે. એજ મારા માટે આશાસ્પદ છે.

મારે જે કહેવાનું હતું તે મે પ્રથમ આવૃત્તિમાં કહી નાખ્યું છે...

સંવંત ૨૦૩૫ મહા શું ૧<br>કરણપરા, ધામીનિવાસ<br>રાજકોટ-૩૬૦૦૦૧ — વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી

# નિષધપતિ

●

[ ઐતિહાસિક નવલકથા ]

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧ | નારીની વ્યથા ! | ૧ |
| ૨ | આરાધનાનું ફળ | ૧૧ |
| ૩ | જ્ઞાન કસોટી | ૨૧ |
| ૪ | કનકાવલી | ૩૦ |
| ૫ | આકાશી સંગ્રામ ! | ૩૯ |
| ૬ | નળનું સાહસ | ૪૯ |
| ૭ | લગ્ન | ૫૮ |
| ૮ | રાજ્યાભિષેક | ૬૭ |
| ૯ | તીર્થસ્થળની મર્યાદા | ૭૮ |
| ૧૦ | રાજાનું કર્તવ્ય | ૮૭ |
| ૧૧ | ક્રૌંચકર્ણનો વધ | ૯૬ |
| ૧૨ | અણદીઠીનું આકર્ષણ | ૧૦૬ |
| ૧૩ | ઉદ્યાનમાં... | ૧૧૫ |
| ૧૪ | હંસદૂત | ૧૨૪ |
| ૧૫ | સ્વયંવરનું નિમંત્રણ | ૧૩૫ |
| ૧૬ | અશક્ય કાર્ય ? | ૧૪૫ |
| ૧૭ | દમયંતીના આવાસમાં | ૧૫૫ |
| ૧૮ | દેવદૂત ! | ૧૬૫ |
| ૧૯ | દેવદૂત [૨] | ૧૭૫ |
| ૨૦ | પાણિગ્રહણ | ૧૮૫ |
| ૨૧ | કલિની પ્રતિજ્ઞા ! | ૧૯૫ |
| ૨૨ | કલિનો પ્રવેશ ! | ૨૦૪ |
| ૨૩ | જુગારની જ્વાળા | ૨૧૩ |
| ૨૪ | છેલ્લો દાવ | ૨૨૩ |
| ૨૫ | બાહુબળની પરીક્ષા | ૨૩૩ |
| ૨૬ | સરોવરની પાળે | ૨૪૩ |
| ૨૭ | અંધારી રાતે ! | ૨૫૩ |
| ૨૮ | ચમત્કાર ! | ૨૬૨ |
| ૨૯ | નળનો સત્કાર ! | ૨૭૧ |
| ૩૦ | અજગરના મુખમાં ! | ૨૮૧ |
| ૩૧ | જુવાનની આંખ ફરી ! | ૨૯૧ |
| ૩૨ | આરાધના | ૩૦૧ |
| ૩૩ | આશ્રય ! | ૩૧૦ |
| ૩૪ | પિતાને ઘેર | ૩૨૧ |
| ૩૫ | ગુપ્તચરોનો આનંદ | ૩૩૧ |
| ૩૬ | કલિનો પરાજય ! | ૩૪૧ |
| ૩૭ | મિલન | ૩૫૧ |

## પ્રકરણ ૧ લું : : નારીની વ્યથા !

**સં**સારમાં છએ ઋતુઓ પોતાનો પ્રભાવ દર્શાવતી જ હોય છે, પરંતુ ઋતુરાજ વસંતનો પ્રભાવ નિરાળો હોય છે. વસંતની બહાર સમગ્ર વિશ્વને વિવિધ રંગો વડે ભીંજવતી રહે છે.

વસંતની બહાર ખીલી ઊઠી હતી. વનો, ઉપવનો અટવીઓ, નદીતટો, પર્વતો, વગેરે પ્રકૃતિનાં સઘળાં અંગો માત્ર ખુશનુમા નહોતાં બન્યાં, પરંતુ સાથોસાથ મસ્તીભર્યાં પણ બન્યાં હતાં.

અને જીવનની વસંતના દ્વાર પાસે ઊભેલાં નરનાર કે જીવનની વસંત વટાવી ચૂકેલાં નરનાર જાણે પ્રત્યેક માણસ અનોખી પ્રસન્નતા વડે છલકાઈ રહ્યું હતું.

જેમ નવયૌવનાનાં નયનકિનારે કસુંબલ રંગની રેખાઓ કવિતા બની જતી, તેમ ઉત્તરાવસ્થા તરફ જઈ રહેલાં નરનારને પણ વીતી વસંતોનાં મધુર સ્મરણો મસ્તભરી કવિતા સમાં બની ગયાં હતાં.

ઠંડી જ્યારે આવે છે ત્યારે રણચંડીનું રૂપ ધારણ કરી લેતી હોય છે, અને જ્યારે વિદાય લે છે ત્યારે કોઈ પ્રૌઢા પોતાના પિયર તરફ જતી હોય તેવી લાગે છે.

યુદ્ધ કરીને થાકી ગયેલા કોઈ યુદ્ધવીર સમી ઠંડી વિદાય લઈ ચૂકી હતી.

કોઈ તમતમતાં તીર જેવી જે સમીર લહરીઓ હાડકાંને ચૂમી રહી હતી, તે જ સમીર લહેરીઓ દક્ષિણની માધુરી સાથે જાણે સમગ્ર વિશ્વને પોતાના પ્રસન્ન ઉરભાવનું ગીત સંભળાવી રહી હતી.

એ ગીતમાં માત્ર મનુષ્યો નહિ, સચરાચર જીવસૃષ્ટિ પણ વિભોર બનીને નાચી રહી હતી.

આવી સુખદ વસંત વિશ્વ પર વિહરી રહી હતી.

સૂર્યોદય ક્યારનો થઈ ગયો હતો, પરંતુ હજી દિવસનો પ્રથમ પ્રહર સમાપ્ત નહોતો થયો. વિદર્ભ દેશની રાજધાની કુંડિનપુરથી સૂર્યોદય પહેલાં નીકળેલો એક સુવર્ણજડિત રથ અત્યારે વનપ્રદેશ વચ્ચેથી પસાર થઈ રહ્યો હતો અને પોતાના ઘર્ઘર ધ્વનિ વડે વાતાવરણને મુખરિત કરી રહ્યો હતો. રથ સુવર્ણનો હતો, પરંતુ એમાં જડેલાં વિવિધ રત્નો ઝળહળી રહ્યાં હતાં અને ચારેય તેજસ્વી અશ્વો મદભરી ચાલે જતા હતા.

રથ ખુલ્લો હતો. આગળની બેઠક પર એક કુશળ સારથિ બેઠો હતો. વચ્ચે ધ્વજદંડ શોભતો હતો, એ ધ્વજદંડ પર કેસરી રંગની ધ્વજા વસંતના પ્રતીક સમી લહેરાઈ રહી હતી.

પરંતુ રથની પાછલી બેઠક પર બેઠેલાં મહારાજા ભીમ અને મહારાણી પ્રિયંગુમંજરી...કામદેવ અને રતિ સમાં શોભી રહ્યાં હતાં.

રાજા ભીમે ખભે ધનુષ્ય અને તુણીર ભરાવ્યાં હતાં...એમના કંઠમાં સૂર્યસમા તેજસ્વી વજ્રનો કંઠો શોભી રહ્યો હતો. તેના ઉપર એક પુષ્પમાળા ઝૂલતી હતી...વિવિધ રત્નોથી શોભતા બાજુબંધ ભારે તેજોમય જણાતા હતા. અને મસ્તક પરનો મુગટ જાણે પચરંગી રત્નોનો સમૂહ ન હોય !

પરંતુ એ કરતાં યે પ્રિયંગુમંજરી અતિ સુંદર જણાતી હતી તેણે ધારણ કરેલા અલંકારો, ચંપાઈ રંગનું ઉત્તરીય વસંતરાણીનો જ ભાસ કરાવી રહ્યાં હતાં.

રાણીએ પોતાના સ્વામીના પગ પર હાથ મૂકતાં કહ્યું: ‘ મહારાજ, આપ કહેતા હતા કે, પડાવ માત્ર પાંચ જ કોસ દૂર છે...’

‘ હા પ્રિયે, હવે આપણે અર્ધ ઘટિકામાં પહોંચી જઈશું...

જો આ તરફ નજર કર...અશોક વૃક્ષોની માળા દેખાય છે ને ?'

'હા....અતિ મનોહર દેખાય છે.'

'એની પાછળ જ પડાવ છે.' કહી મહારાજ ભીમે પત્નીના હાથ પર પોતાનો હાથ મૂકયો.

રથના અશ્વો વેગવંત હતા, પરંતુ પોતાની પ્રિયતમા સાથે હોવાથી મહારાજાએ સારથિને મધ્યમ ગતિએ ચલાવવાની સૂચના આપી હતી.

વનપ્રદેશ અતિ સુંદર અને રળિયામણો હતો. માર્ગ જનશૂન્ય નહોતો...લોકો આવતા જતા રહેતા અને મહારાજાને જોઈને ભાવપૂર્વક નમન કરતા...પરંતુ ચારે તરફ નિર્ભયતાપૂર્વક વિચરી રહેલાં પશુપંખીઓ જીવતાં ફૂલ સમાં દેખાતાં હતાં.

રૂપ હંમેશાં આંખને ઠારનારું હોય છે, જો રૂપ સાથે ગુણોનો પણ સંયોગ હોય તો...નહિ તો એ રૂપ આંખને બાળનારાં થઈ પડે છે.

રાણી પ્રિયંગુમંજરી અતિ રૂપવાન હોવા છતાં એનામાં અનંત ગુણોનો સંયોગ પણ થયો હતો. તે સમગ્ર વિદર્ભની જનતા માટે પણ પ્રેરણારૂપ હતી. ધર્મપ્રેમ, ઉદારતા, દાનભાવના, સત્યનિષ્ઠા, પતિભક્તિ, શીયળરૂપી સંપત્તિ, વગેરે ગુણો વડે મહારાણી પ્રિયંગુમંજરી મહારાજા ભીમના હૃદય સિંહાસન પર બિરાજમાન બની શકી હતી.

આજ મહારાજા સૈનિક શિબિરના નિરીક્ષણ નિમિત્તે જતા હતા ને મહારાણી પણ મહારાજની ભાવનાને વધાવી લઈને સાથે આવ્યાં હતાં.

નગરીથી પાંચ કોસ દૂરના શ્રી શંખહૃદ સરોવર પાસેના મેદાનમાં છેલ્લા પંદર દિવસથી સૈનિક શિબિરનું આયોજન થયું હતું...હજુ બીજા ત્રીસ દિવસ પર્યંત સૈનિક શિબિરનું આયોજન ચાલુ રહેવાનું હતું.

સૈનિક શિબિરમાં સૈનિકોને તાલીમ આપવામાં આવતી હતી. મહારાજા ભીમની આણ સમગ્ર દક્ષિણ ભારતમાં વર્તી રહી હતી.

એક તો મહારાજ ભીમનું ભુજબળ અજોડ હતું. અને એમની સૈન્યશક્તિ વિરાટ હતી...મહાબલાધિકૃત રુદ્રપ્રતાપના હાથ નીચે સિત્તેર મહાસેનાપતિઓ હતા. સાતસો સેનાપતિઓ હતા અને સાત હજાર સેનાનાયકો હતા. એ સિવાય અતિ વિરાટ ચતુરંગિણી સેના તેજસ્વી અને તાલીમબદ્ધ હતી. સમગ્ર વિદર્ભમાં સિત્તેર સૈન્ય વિભાગો પથરાયેલા પડયા હતા.

મહારાજા ભીમ આ વિરાટ સેનાના સ્વામી હતા અને એકેએક સૈનિક પોતાના રાજા ખાતર હસતાં હસતાં પ્રાણ ન્યોછાવર કરવામાં ગૌરવ અનુભવતો હતો.

આવા એક વિભાગની તાલીમ માટે આ વન પ્રદેશમાં સૈનિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

રથ શિબિરમાં પહોંચી ગયો.

મહાબલાધિકૃત રુદ્રપ્રતાપ અને અન્ય સેનાનીઓએ મહારાજા અને મહારાણીનો જયનાદ પોકાર્યો...

સૈન્ય સમુદાયે હર્ષભર્યા હૃદયે પોતાના રાજરાજેશ્વરનું સ્વાગત કર્યું.

દૂર દેખાતા શંખહૃદ સરોવર પાસેના એક ઉપવનમાં મહારાજા અને મહાદેવી માટે ઉતારાની વ્યવસ્થા કરી હતી.

મહારાજા અને મહારાણી સહુનાં નમન ઝીલતાં ઝીલતાં ઉતારે પહોંચ્યાં.

દાસદાસીઓ આવી ગયાં હતાં. શિબિરમાં દરેક પ્રકારની સગવડ કરવામાં આવી હતી.

મહારાજા ભીમનો મહાપ્રતિહાર પણ સૂર્યોદય પહેલાં જ આવી ગયો હતો.

મહારાજા ભીમ પોતાની પ્રિયા સાથે વિશાળ તંબુમાં દાખલ થયા. તંબુમાં સાત ખંડો હતા...એક પરિચારિકા બંનેને મધ્ય

ખંડમાં લઈ ગઈ આ ખંડ બેઠકરૂપે શણગાર્યો હતો. મૂલ્યવાન ઝરીના પડદાઓ દીવાલરૂપે લટકાવવામાં આવ્યા હતા અને એક દિશાએ શ્રી. ધર્મનાથ ભગવંતનું ચિત્ર ટીંગાડ્યું હતું. શ્રી. ધર્મનાથ ભગવંત કાઉસ્સગ ધ્યાનમાં ઊભા હતા. શાંત, સૌમ્ય, સુંદર અને ભવ્ય...!

રાજરાણીએ શ્રી. ધર્મનાથ ભગવંતના ચિત્ર સામે મસ્તક નમાવીને નમન કર્યા.

ત્યાર પછી પ્રિયંગુમંજરી પોતાની ખાસ પરિચારિકા સાથે અન્ય ખંડમાં ચાલી ગઈ.

આમ તો બંને સ્નાનાદિથી નિવૃત્ત થઈને જ નીકળ્યાં હતાં... પરંતુ પ્રવાસના અંગે ફરી વાર સ્નાન કરવું જરૂરી હતું.

પ્રિયંગુમંજરી પોતા માટેના ખંડમાં એક ગાદી પર બેઠી... અને એક પરિચારિકાએ આવી મસ્તક નમાવીને કહ્યું: 'મહાદેવીનો જય થાઓ ! સ્નાન જળ તૈયાર છે...'

'થોડી વાર વિશ્રામ લઈ લઉં...માધવી શું કરે છે ?'

'આપનાં વસ્ત્રોની વ્યવસ્થા કરે છે.' દાસીએ કહ્યું.

એ જ સમયે બીજી એક દાસી જળ ભરેલું સુવર્ણ પાત્ર લઈને આવી. મહારાણીએ જળપાન કર્યું. થોડી વાર વિશ્રામ લીધા પછી તે બે પરિચારિકાઓ સાથે સ્નાનગૃહ નિમિત્તે ગોઠવવામાં આવેલા એક તંબુમાં દાખલ થઈ.

આ અસ્થાયી સ્નાનગૃહમાં સુવર્ણનો એક બાજઠ મૂકેલો હતો... પગ રાખવા માટે સોનાની બે પાટલીઓ પડી હતી. એક તરફ મોટું દર્પણ રાખવામાં આવ્યું હતું...સમશીતોષ્ણ જળના સોનાના ત્રણ હાંડાઓ તૈયાર હતા.

તૈલમર્દન, ઉબટન, સ્નાનરજ, વગેરે દ્રવ્યો પણ વ્યવસ્થિત ગોઠવવામાં આવ્યાં હતાં.

પ્રિયંગુમંજરીએ ચારે તરફ નજર કરી...પોતાની બે પ્રિય દાસીઓ સિવાય કોઈ નહોતું. તેણે કહ્યું: 'તૈલમર્દનની જરૂર નથી.'

'મહાદેવી,' સહસ્ત્રપાક તેલ વડે આપનો સઘળો શ્રમ દૂર થશે...ઉધ્વર્તનથી દેહ પ્રસન્ન બનશે....' એક દાસીએ કહ્યું.

'સારું...પણ બહુ વાર ન લાગવી જોઈએ.'

'મહાદેવી, આપ ચિંતા ન કરશો.'

પ્રિયંગુમંજરીએ પોતાનું ઉત્તરીય એક દાસીના હાથમાં મૂકયું. બધા અલંકારો ઉતારીને એક થાળમાં મૂકયા. બીજી દાસીએ કંચુકીબંધ ખોલ્યો.

વજ્ર રત્નોથી શોભતી કટિમેખલા કાઢતી વખતે પરિચારિકાએ કહ્યું: 'મહાદેવી, માર્ગમાં રજ ખૂબ જ ઊડી લાગે છે....'

'હા માધવી....કેમ પૂછવું પડયું?'

'વસ્ત્રો ભેદીને આપના સુકોમળ અંગને સ્પર્શવાનું સાહસ રજ સિવાય કોણ કરી શકે?' માધવીએ આછા હાસ્ય સહિત કહ્યું.

'વ્યંગોકિત તને વિનોદાએ શીખવી લાગે છે, કેમ!'

'મહાદેવી, આપના રૂપે જ શીખવ્યું છે...'

'આમ વાતો કરીશ તો વિલંબ થશે...'

વિનોદા સ્નાનરજ વડે જળને સુગંધી બનાવી રહી હતી...તે બોલી: 'પધારો મહાદેવી,...રજના સ્પર્શથી આપનું યૌવન અને રૂપ બંને ખીલી ઊઠયાં છે....'

પ્રિયંગુમંજરીએ કશો ઉત્તર ન આપ્યો. માધવીએ કમરપટક લઈને એક તરફ મૂકી દીધો હતો.

મહાદેવીની નિરાભરણ કાયા....! આવું દેવદુર્લભ રૂપ... આવી સપ્રમાણ દેહલતા અને આવું મદભર યૌવન....પરંતુ....આવા વિચાર કરતી માધવીને એક ખોડ કહેવાનું મન થયું...પણ તે મનમાં આવેલા શબ્દોને તરત ગળી ગઈ.

લગભગ બે ઘટિકા પર્યંત સ્નાનાદિ કાર્યથી નિવૃત્ત થઈને પ્રિયંગુમંજરી દર્પણ પાસે ગઈ...માધવીએ તૈયાર કરેલાં વસ્ત્રો

ધારણ કર્યાં. કેશગુંફન તો પ્રાતઃકાળે જ કરેલું હતું....છતાં તેને વ્યવસ્થિત કર્યું. નેત્રાંજન કર્યું....લાલ રંગનું તિલક કર્યું.... અલંકારો ધારણ કર્યાં અને પુનઃ દર્પણમાં નખશિખ નિરીક્ષણ કરીને પ્રિયંગુમંજરી સ્નાન ગૃહમાંથી પોતાના ખંડમાં આવી.

મહારાજા ભીમ સ્નાનાદિ પતાવીને બેઠક ખંડમાં આવી ગયા હતા અને બે મંત્રીઓ, રુદ્રપ્રતાપ, અન્ય સેનાપતિઓ મહાપ્રતિહાર સુદર્શન અને અન્ય કર્મચારીઓ વચ્ચે આજ મધ્યાહ્ન પછી થનારા ધનુર્વિદ્યાના પ્રયોગ અંગે ચર્ચા કરી રહ્યા હતા.

આ ચર્ચા દરમ્યાન એક સેવકે બેઠક ખંડમાં આવી નમન કર્યાં અને વિનયાવનત ભાવે કહ્યું, ‘ કૃપાનાથનો જય થાઓ ! ’

મહારાજાએ પોતાના અંગત સેવક સામે પ્રશ્નભરી નજરે જોયું.

સેવકે કહ્યું, ‘ ભોજન તૈયાર છે. ’

‘ સારુ ’ મહાદેવી શું કરે છે ? ’

‘ તેઓ હમણાં જ સ્નાનાદિથી નિવૃત્ત થઈને પધાર્યાં. ’

‘ તું તૈયારી કરાવ....અમે હમણાં જ આવીએ છીએ. ’

સેવક નમન કરીને ચાલ્યો ગયો.

થોડી વાર પછી ચર્ચા પૂરી થઈ. બધા ઊભા થયા એટલે મહારાજાએ સુદર્શન સામે જોઈને કહ્યું : ‘સુદર્શન, તું સહુને લઈને ભોજનગૃહમાં જા. હું ને મહાદેવી આવીએ છીએ.’

એમ જ થયું.

મહાપ્રતિહાર સુદર્શન મંત્રીઓ અને સેનાપતિઓને લઈને બાજુના એક તંબુમાં ગયો. ત્યાં પચાસ માણસો બેસી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

એક તરફ મહાદેવી અને મહારાજાનાં બે આસનો ગોઠવ્યાં હતાં અને બંને બાજુ બીજાઓ માટે આસનો ગોઠવ્યાં હતાં.

મહારાજા જ્યાં મહાદેવી બેઠાં હતાં તે ખંડમાં ગયા. પ્રિયંગુમંજરી પણ ચાર પાંચ પરિચારિકાઓ વચ્ચે વિનોદ કરતી બેઠી હતી.

મહારાજાનું આગમન થતાં જ બધી પરિચારિકાઓ ઊભી થઈ ગઈ. પ્રિયંગુમંજરીએ પ્રસન્ન નજરે સ્વામી સામે જોયું. મહારાજાએ કહ્યું : 'કેમ પ્રિયે, પ્રવાસનો શ્રમ તો નથી પડયોને?'

'ના, સ્વામી.! ઘણો જ આનંદ મળ્યો છે.'

'અહીંનું વાતાવરણ મને ખૂબ જ ગમી ગયું છે, તને હરકત ન હોય તો આપણે ત્રણના બદલે સાત દિવસ રોકાઈએ.'

'જેવી આપની ઈચ્છા.'

'તો ચાલ....ભોજનગૃહમાં સહુ આપણી રાહ જોતાં હશે.'

પ્રિયંગુમંજરી તરત ઊભી થઈ.

માધવી અને વિનોદા પણ તૈયાર થઈ ગઈ.

જ્યારે બંને ભોજનગૃહવાળા તંબુમાં આવ્યા ત્યારે ત્યાં બેઠેલાઓએ મહારાજ અને મહાદેવીને નમન કર્યાં. સહુએ મહાદેવીના કુશળ પૂછયા.

મહાદેવીએ સહુને પ્રસન્નભાવે ઉત્તર આપ્યો.

ભોજનની વિવિધ સામગ્રીઓ પિરસાવી શરૂ થઈ.

બધા માટે સુવર્ણનાં પાત્રો આવવા માંડયાં.

ભોજનકાર્ય બે ઘટિકા પર્યંત ચાલ્યું. ભોજન સમાપ્ત કરીને મહારાજા અને મહાદેવી આરામ માટે પોતાના તંબુમાં ગયાં.

મધ્યાહ્ન પછી મહારાજા અને મહાદેવી ધનુર્વિદ્યાના પ્રયોગો જોવા ગયાં.

બે દિવસ ખૂબ જ આનંદમાં વ્યતીત થયા. ત્રીજે દિવસે સવારે સ્નાનાદિ કાર્ય પતાવીને અને મહારાજા પ્રિયંગુમંજરી ઉપવનની શોભા નિહાળવા ચાલીને ગયાં બે સેવકો અને બે પરિચારિકા તેમની પાછળ ચાલવા માંડયાં.

સરોવર કિનારાના એ ઉપવનમાં મહારાજા ભીમ અને પ્રિયંગુમંજરી એક વૃક્ષ નીચે ઊભાં રહ્યાં. એક સેવકે આવીને

ત્યાં એક ગાલીચો પાથર્યો. બંને તે પર બેસી ગયાં. દાસદાસીઓ જરા દૂર ઊભાં રહી ગયાં.

ઉપવન ઘણું સુંદર હતું. વિવિધ પશુપક્ષીઓ મુક્ત મને નિર્ભય બનીને જીવનની વસંતનો લહાવ લઈ રહ્યાં હતાં. વિવિધ-રંગી પુષ્પોની બહાર નંદનવન સમી જણાતી હતી. એક તરફ એક હરિણી પોતાના બાળકને વાત્સલ્ય ભાવ વડે ચાટતી ઊભી હતી. આ દૃશ્ય ઘણું જ મનોહર હતું. રાણીના મનમાં આ દૃશ્ય જોઈને થયું : શું પશુ, શું પંખી, શું માનવી...માતૃહૃદય તો સહુને સમાન જ હોય છે...હરિણી પોતાના શિશુને કેટલા વહાલથી જીભ વડે પંપાળી રહી છે...અને હરિણબાળ કેવી શ્રદ્ધા સાથે વારંવાર માતાના અંગ સાથે લપાઇ જતું હોય છે ! ધન્ય નારી...ધન્ય માતૃત્વ...

પણ વળતી જ પળે આ દૃશ્ય વિંખાઈ ગયું ગમે તે કારણે ચમકીને હરિણી ચાલતી થઈ...તેનું બાળક પણ ચારે તરફ જોતું પાછળ દોડયું.

પ્રિયંગુમંજરીથી એક નિશ્વાસ નખાઈ ગયો...મહારાજ ભીમ તે સાંભળી ગયા અને બોલ્યા : ‘ કેમ પ્રિયે, શું થયું ? ’

‘ કંઈ નહિ...કારણ વગર હરિણી કેમ ચાલી ગઈ ? ’

‘ કઈ હરિણી ? ’

‘ સામેના વૃક્ષ પાસે ઊભી હતી ને...’

‘ ઓહ, મારું ધ્યાન તો આ તરફના વૃક્ષ પર મસ્તી કરી રહેલા વાનર યુથ પ્રત્યે સ્થિર થયું હતું.’

પ્રિયંગુમંજરીએ જે વૃક્ષ પર વાનરોનું ટોળું હતું તે તરફ નજર કરી...

ત્યાં પણ એવું જ ગૌરવભર્યું એક દૃશ્ય તેની નજરે ચડયું. એક વાનરી પોતાના ધાવણા બાળકને શાંતિથી પયપાન કરાવી રહી

હતી અને એક હાથ વડે બાળકને પંપાળી રહી હતી.

કેટલી તન્મયતા છે ! બીજાં વાનરો નાચે છે, કૂદે છે ને મસ્તી કરે છે...પણ આ વાનરી પ્રશાંત ભાવે પોતાના શિશુને જ નિહાળી રહી છે. જાણે સંસારમાં માતાની નજરે સંતાન સિવાય કોઈ આકર્ષક દૃશ્ય છે જ નહિ.

આ મધુર અને માતૃત્વના મંગળ ભાવવાળું દૃશ્ય જોઈને રાણીથી બોલાઈ ગયું, 'સ્વામી, બાળક વગરનું સ્વર્ગ પણ સાવ નિષ્ફળ હોય છે.'

'કેમ ?'

'માતૃત્વ એ જ નારીના જીવનનું સાર્થક્ય છે...સામેના વૃક્ષની ડાળ પર જુઓ...એક માતા પોતાના બાળકને કેટલા વાત્સલ્ય ભાવ વડે ભીંજવી રહી છે !'

'ઓહ ! મારું ધ્યાન તો આ તરફની ડાળી પર રમત કરી રહેલા વાનર પર હતી.'

'પુરુષો બેખબર હોય છે.'

'હું સમજ્યો નહિ, પ્રિયે...'

'મહારાજ, આપણું રાજ્ય વિશાળ છે, આપનો પ્રતાપ દેવલોક સુધી પહોંચ્યો છે, આપણું વિરાટ રાજભવન સંપત્તિથી ઉભરાઈ રહ્યું છે...પરંતુ ફળ ન આપી શકે એવા સુંદર વૃક્ષ સમી સમૃધ્ધિથી શું ?' રાણીએ લાગણીભર્યાં છતાં કંઈક વ્યથિત સ્વરે કહ્યું.

'પ્રિયે, તારી વ્યથા હું સમજું છું. હું પણ તારા જેટલો જ દુઃખી છું...પરંતુ જે વાત કર્મની છે તેમાં આપણે શું કરીએ ?'

'સ્વામી, ક્ષમા કરો તો એક વાત કહું ?'

'કહે.'

'લોકો સત્તા માટે, લક્ષ્મી માટે, સુખ માટે ને સિદ્ધિ માટે આરાધના કરે છે, આપણે સંતાન માટે કદી આરાધના નથી કરી... આરાધનાથી ગ્રહદોષ મટે છે ને કર્મદોષ પણ હળવો બને છે.'

'તેં ઉત્તમ વાત કરી...આપણે કુંડિનપુર જઈને સદ્યફળ આપનારાં શાસનદેવી શ્રી. ચક્રેશ્વરી દેવીની આરાધના કરીએ...'

'તો આપણે આજે જ જઈએ. આપ પુરુષ છો, વિદર્ભના સ્વામી છો, અનેક પ્રશ્નો આવી પડે અને આ મહત્ત્વની વાત વિસરાઈ જાય...'

'ભલે...આપણે આજે જ વિદાય થઈએ...' કહી રાજાએ પોતાની હૃદયેશ્વરી સામે પ્રેમાળ નજરે જોયું.

ત્યાર પછી તેમણે પોતાના અંગત સેવક તરફ ઈશારો કર્યો.

દૂર ઊભેલો સેવક તરત સામે આવીને ઊભો રહ્યો. મહારાજાએ કહ્યું : 'આજ મધ્યાહ્ન પછી અમારે પ્રસ્થાન કરવું છે.'

'જી...' કહીને સેવક ચાલતો થયો.

## પ્રકરણ : ૨ જું : : આરાધનાનું ફળ

મહારાજા ભીમ અને મહારાણી પ્રિયંગુમંજરી રાજધાનીમાં આવી ગયાં.

મહારાજાના આગમનના સમાચારથી મંત્રીઓ, સુભટો, વગેરે કુશળ પૂછવા આવ્યા. મહારાજાએ મળવા આવનારાઓનો ભાવભર્યો સત્કાર કર્યો અને પોતે તથા મહારાણી પુણ્યયોગે સકુશળ છે તે જણાવ્યું.

બીજે દિવસે સવારે મહારાજા શય્યામાંથી ઊઠ્યા એટલે પ્રિયંગુમંજરી નિત્ય નિયમ મુજબ સ્વામીને નમન કર્યાં અને કહ્યું : 'મહારાજ, રાજકાર્ય એવું જટિલ હોય છે કે પોતાના જીવનની વાત ભુલાઈ જતી હોય છે.'

મહારાજા ભીમે મધુર હાસ્ય સહિત પ્રિયતમા સામે જોઈને કહ્યું: 'પ્રિયે, તારી ચિંતા એ મારી પણ ચિંતા છે. તારું એક જ વાક્ય મારા ચિત્તને જાગૃત કરી શક્યું છે...સંતાન વગર આવી સત્તા અને આવું રાજ ખરેખર નિષ્ફળ છે...તું સાવ નિશ્ચિંત રહે... સ્નાનાદિથી નિવૃત્ત થઈ જા...મેં રાજપુરોહિતને બોલાવ્યા છે.'

બંને પ્રાતઃકાર્ય માટે શયનખંડની બહાર નીકળી ગયાં.

સૂર્યોદય પછી ત્રણેક ઘટિકા વીતી હશે ત્યારે રાજપુરોહિત પધાર્યા. મહાપ્રતિહારે તેમનો બહુમાનપૂર્વક સત્કાર કર્યો અને બીજી ભૂમિના એક ભવ્ય ખંડમાં રત્નજડિત આસન પર બેસાડ્યા.

થોડી જ પળો પછી મહારાજા અને મહાદેવી બેઠકગૃહમાં આવ્યાં અને બંનેએ વિનયાવનત ભાવે રાજપુરોહિતને નમસ્કાર કર્યા.

રાજપુરોહિતે મહારાજા અને મહાદેવીને આશીર્વાદ આપ્યા... ત્યાર પછી રાજપુરોહિત આસન પર બેઠા...એમની સામેનાં આસનો પર મહારાજા અને મહારાણી બેઠાં. રાજપુરોહિતે મહારાજા સામે પ્રસન્ન નજરે જોઈને કહ્યું, 'રાજન, પ્રવાસમાં કોઈ પ્રકારનું વિઘ્ન તો નહોતું આવ્યું ને.'

'આપ સમા તપસ્વીના આશીર્વાદ હોય ત્યાં વિઘ્ન તો આવે જ નહિ...મેં આપને એક મહત્ત્વના કાર્ય નિમિત્તે તસ્દી આપી છે.' મહારાજા ભીમે કહ્યું.

રાજપુરોહિતે એવા ને એવા પ્રસન્ન સ્વરે કહ્યું: 'મહત્ત્વનું કાર્ય કહો ?'

રાજાએ પોતાની પ્રિયતમા સામે એક નજર કરીને ગુરુદેવ સામે જોયું અને સહજ સ્વરે કહ્યું, 'મહાત્મન ! સત્તા, સંપત્તિ, રાજ્ય અને જીવન સંતાન વગર નિષ્ફળ છે એવું એક દૃશ્ય શિબિરના ઉપવનમાં મહાદેવીને દેખાયું હતું...'

'ઓહ, હું સમજી ગયો. નારી ગમે તેવી મહાન હોય, પરંતુ

માતૃત્વ રૂપી અમૃત વગર પૂર્ણ બની શકતી નથી. મહાદેવીએ દશ્ય નહિ પણ સત્ય નિહાળ્યું છે...! એમની ભાવના પૂર્ણ કરવા ખાતર આપ અને મહાદેવી એક આરાધના કરી શકશો ?'

'અવશ્ય...'

'આપનાં કુળદેવી શ્રી ચક્રેશ્વરી દેવી મહાન અને સમર્થ છે... કુળની પરંપરાને શોભાવવામાં કુળદેવી સિવાય અન્ય કોઈ સહાયક થતું નથી આપ અને મહાદેવી વિધિવત્ દેવી ચક્રેશ્વરીની આરાધના કરશો તો અવશ્ય મનોભાવના સફળ થશે અને અનંત સુખ વચ્ચે જે વેદના પડી છે તે નષ્ટ થશે.'

મહાદેવી પ્રિયંગુમંજરીએ મધુર સ્વરે કહ્યું : 'ગુરુવર્ય, અમે ગમે તેવી કઠોર સાધના કરતાં જરાયે અચકાશું નહિ...આપ અમને કુળદેવીની આરાધનાનો વિધિ સમજાવવાની કૃપા કરો.'

રાજપુરોહિતે બંને સમક્ષ દેવી ચક્રેશ્વરીની આરાધનાનો વિધિ સમજાવ્યો અને શુભ મુહૂર્ત પણ દર્શાવ્યું.

ત્યાર પછી મહારાજા ભીમ અને મહાદેવી પ્રિયંગુમંજરીને આશીર્વાદ આપીને રાજપુરોહિત વિદાય થયા.

સંતાનની પ્રાપ્તિ અર્થે આરાધના કરવી એ એક કર્તવ્ય હતું. રાજપુરોહિતે આપેલા મુહૂર્તવાળા દિવસે રાજારાણીએ રાજભવનના ઉપવનમાં આવેલા કુળદેવીના મણિમય મંદિરમાં આરાધના શરૂ કરી.

દેવી ચક્રેશ્વરી પ્રસન્ન ન થાય ત્યાં સુધી મન, વચન અને કાયા વડે બંનેએ બ્રહ્મચર્યનું પાલન કરવાનું હતું. ઘાસ, તૃણ અને ખરી ગયેલાં પાંદડાંની શય્યા પર સૂઈ રહેવાનું હતું. હંમેશ કેવળ એક જ વખત ફળનો આહાર લેવાનો હતો, દેવી ચક્રેશ્વરી સમક્ષ બેસીને આરાધનાના મંત્રનો જાપ કરવાનો હતો. રાજકાર્ય, સંસારના અન્ય કોઈ કાર્યમાં રસ લેવાનો નહોતો. ઉત્તમ વસ્ત્રાલંકારો દૂર કરી

સાવ સાદાં વસ્ત્રો ધારણ કરવાનાં હતાં. ત્રિકાળ પૂજન, હોમ, વગેરેમાં એકાગ્રભાવ રાખવાનો હતો.

સાચા ક્ષત્રિયો સુખ, સત્તા અને સુંવાળપના ગુલામ બનતા નથી...ગમે તેવી કઠોર સાધના કરવામાં તેઓ કદી કંટાળતા નથી અને વિપત્તિઓ સામે હસતા હૈયે લડતા હોય છે.

મહારાજા ભીમ અને રાણી પ્રિયંગુમંજરી અનંત સુખોપભોગ વચ્ચે વસતાં હોવા છતાં આરાધનાની તપશ્ચર્યાના નિયમો પાળવામાં જરાયે પ્રમાદ સેવતાં નહોતાં...

બે દિવસ વીત્યા...

ચાર દિવસ ગયા...

રાજકાર્યનો સઘળો બોજો મંત્રીઓએ ધારણ કર્યો હતો એટલે એ બાબતની કોઈ ફિકર રાજા ભીમને હતી જ નહિ...

એક સપ્તાહ પૂરું થયું...!

મનોબળની કસોટી કરવામાં દેવતાઓ ચકોર દૃષ્ટિ રાખે છે... પરંતુ મહારાજા ભીમ અને મહાદેવી પ્રિયંગુમંજરીનાં મનમાં એક પળ માટે પણ પ્રમાદ આવતો નહોતો. તેઓ શ્રદ્ધાપૂર્વક ચક્રેશ્વરીની આરાધના કરી રહ્યાં હતાં.

એક પછી એક એક દિવસો જવા માંડ્યા...પંદર દિવસ વીતી ગયા. મનોબળની પરીક્ષા કરનારાં દેવી ચક્રેશ્વરીના મનમાં આ બન્ને આરાધકોની ઘણી જ ઉત્તમ છાપ પડી.

સોળમી રાત્રિએ પતિપત્ની તૃણશય્યામાં સૂતાં હતાં. એ વખતે શંખ ચક્ર, ગદા અને ધનુષ ધારણ કરનારાં દેવી ચક્રેશ્વરી ગરુડના વાહન પર બિરાજમાન થઈને બંનેની સ્વપ્નભૂમિ પર આવી પહોંચ્યાં.

બંનેએ કુળદેવીનાં દર્શન કરીને કહ્યું: ' હે મા ચક્રેશ્વરી, અમે આપને ભાવપૂર્ણ હૃદયે નમસ્કાર કરીએ છીએ. સેવકરૂપ બનેલ દેવ,

દાનવ અને માનવ વડે આપ સદાય પૂજાતાં રહો છો. આપના નામ માત્રથી શત્રુની સેના ભયભીત બની જતી હોય છે. ત્રણે ભુવનને પલ્લવિત કરવામાં મેઘમાળા સમાન હે મા ચક્રેશ્વરી ! આપનાં ચરણ કમળમાં અમારાં નમન હો ! હે દિવ્ય સૌન્દર્યમયી ! હે સિદ્ધિદાયક હસ્તવાળી ! હે મહાકાલી ! આપને પ્રણામ હો. સમગ્ર પાપના નાશ માટે, દુર્જનોના વિનાશ માટે અને દારિદ્રનો પાર પામવા માટે હે નારાયણી ! તમને અમારાં કોટિ કોટિ વંદન હો !'

આ રીતે બંનેએ ભાવભરી વંદના કરી અને જંગમકલ્પ વેલડી રૂપ વિશ્વમાતા દેવી ચક્રેશ્વરીએ અતિ પ્રસન્ન હૃદયે અને મધુર સ્વરે કહ્યું, 'મારાં પ્રિય બાળકો, તમારી નિષ્ઠાપૂર્ણ સાધના જોઈને હું પ્રસન્ન થઈ છું...તમારું વ્રત પૂર્ણ થયું છે...પ્રાતઃકાળે સમતા રસના સાગર સમા દમનક નામના ચારણ શ્રમણ અત્રે આવશે અને પોતાની મહાન લબ્ધિ દ્વારા તમારી બંનેની ઇચ્છા પરિપૂર્ણ કરશે...'

જેના સૌમ્ય સ્વરૂપની કલ્પના પણ શક્ય નથી એવા મહા પ્રભાવશાળી દેવી ચક્રેશ્વરી આ પ્રમાણે કહીને અદૃશ્ય થઈ ગયાં.

સ્વપ્ન પૂરું થતાં જ બંને જાગૃત થઈ ગયાં...કોઈ પણ પ્રકારનું શુભ સ્વપ્ન આવ્યા પછી જાગીને ધર્મકાર્ય કરવું એવો શાસ્ત્ર નિયમ બંને જાણતાં હતાં એટલે તેઓ ત્યાં જ બેસીને મહામંગલમય નવકાર મંત્રનું સ્મરણ કરવા માંડયાં.

પ્રાતઃસમય થતાં જ રાજા રાણી રાજભવનમાં આવી પહોંચ્યાં. ભવનનાં દાસ દાસીઓ જાગૃત થઈ ગયાં હતાં. સહુએ મહારાજા અને મહાદેવીની પ્રસન્ન મુખમુદ્રા જોઈને હર્ષ વ્યક્ત કર્યો.

શૌચ, સ્નાન, દેવપૂજન, વગેરે પ્રાતઃ કાર્યથી નિવૃત્ત થઈને મહારાજા ભીમે સ્વપ્ન પર શ્રદ્ધા રાખીને સેવકો દ્વારા એક રત્નજડિત આસન ભવનની અગાસી પર મુકાવ્યું અને રાજા રાણી બંને અગાસી પર ગયાં.

થોડી જ પળોમાં તેઓએ આશ્ચર્યના સમૂહ સમા, પરિગ્રહ અને કષાયરૂપી ગ્રંથિઓથી મુક્ત બનેલા નિર્ગ્રંથ મુનિપુંગવને આકાશ માર્ગેથી આ તરફ આવતા જોયા.

મહારાજા ભીમ અને રાણી પ્રિયંગુમંજરીનાં નયનો તેજસ્વી મુનિને જોઈને શ્રદ્ધાભક્તિ વડે પ્રસન્ન બની ગયાં. બંને બે હાથ જોડી મસ્તક નમાવીને આકાશ સામે જોતાં ઊભાં રહ્યાં.

થોડી જ પળોમાં દિવ્ય લબ્ધિઓના સ્વામી મુનિપુંગવ દમનક મુનિ આવી પહોંચ્યા અને ધર્મલાભનો મંગલ ધ્વનિ બંનેના કાન પર અથડાયો.

રાજારાણીએ વિધિવત્ વંદન કરીને મુનિશ્રીને રત્ન જડિત આસન પર બેસાડયા અને પ્રાર્થનાભર્યા સ્વરે રાજાએ કહ્યું. 'ભગવંત, આજ હું ધન્ય બની ગયો. આજ મારા હાથમાં ચિંતામણિ રત્ન આવી ગયું. આજ મારા આંગણે કલ્પવૃક્ષનો ઉદય થયો. કારણ કે આપ પૂજ્યશ્રીનાં દર્શનનો મને લાભ મળ્યો.'

રાણી પ્રિયંગુમંજરીએ મધુર સ્વરે કહ્યું : 'ભગવંત આજ આપના આગમનથી અમારું જીવન ધન્ય બની ગયું...અમારી ભાવના સફળ થઈ...અમારું વ્રત ઉજ્જવળ બન્યું.'

રાજારાણીના ભાવનાભર્યા આ શબ્દો સાંભળીને સમતા રસની જીવંત પ્રતિમા સમા મહામુનિ દમનક પ્રસન્નભાવે બોલ્યા, 'રાજન, જો તારા જેવા ભવ્ય જીવો ઉપયોગ કરનારા ન મળે તો અમે તપ દ્વારા પ્રાપ્ત કરેલી લબ્ધિઓ પણ અર્થહીન બની જાય. તમારા બંનેના ભક્તિભાવથી હું ખૂબ જ પ્રભાવિત બન્યો છું. આમ તો સાધુ પુરુષો સંસારીઓથી દૂર જ રહેતા હોય છે...છતાં તીર્થંકર ભગવંતના ઉપાસક શ્રાવકોને તો તેઓ બંધુભાવે જ નિહાળે છે. એવા શ્રાવકો પર આવી પડતી વિપત્તિઓનું નિવારણ કરીને તેઓની આરાધના અડોલ રાખવા ખાતર અર્થાત્ કષ્ટોનું નિવારણ કરવા ખાતર પોતાની

તપોલબ્ધિનો ઉપયોગ કરતા રહે છે. જેમ સાગરમાં વારંવાર ઉત્પન્ન થતાં મોજાંઓ પૂનઃ તેમાં જ સમાઈ જતાં હોય છે. તે રીતે જે અગાધ જ્ઞાન સમુદ્રમાં હરિ. હર અને બ્રહ્મા પણ લયલીન બનેલા છે તે શાશ્વત. અનુપમ અને અગમ્ય જ્ઞાન તારાં સુખોને વિસ્તારો.. તારા જીવનનું મંગલ કરો.'

મહામુનિનો ભાવગર્ભિત આશીર્વાદ સાંભળીને મહારાજા ભીમ અને મહાદેવીએ પોતાનાં મસ્તકો ભાવપૂર્વક નમાવ્યાં.

મહાત્મા દમનક મુનિએ રાજાને ઉદ્દેશીને કહ્યું, 'રાજન્, સંસાર જીવનમાં પત્ની પોતાના પતિના સુખદુઃખની ભાગીદાર ગણાય છે...એટલું જ નહિ પણ, આર્ય નારી પોતાના પતિની પ્રેરણા અને કર્તવ્યમાર્ગની રક્ષિકા પણ હોય છે. તારી પટરાણી એક આર્ય નારી છે.' આટલું કહીને મહામુનિએ પટરાણી સામે જોઈને કહ્યું 'ભદ્રે, તારા મસ્તક પર મંદાર નામના કલ્પવૃક્ષની આ મંજરી ધારણ કરજે. તેથી તારી કૂખે ત્રણ ભુવનમાં પ્રતિષ્ઠા પામે એવી પુત્રી જન્મશે. એ કન્યા ત્રણે જગતમાં કીર્તિ અને પવિત્રતા ફેલાવશે. એ સિવાય ત્રણ ગુણવાન પુત્રરત્નો પણ પ્રાપ્ત થશે.'

મુનિનાં આ વચનો સાંભળીને રાજારાણીએ પુનઃ બે હાથ મસ્તક નમાવીને કહ્યું, 'ભગવંત, આપે અમારા પર મહાન કૃપા કરી.'

મુનિશ્રીએ હસતાં હસતાં કહ્યું, 'રાજન, તમે બંનેએ ચક્રેશ્વરીની કરેલી આરાધના નિષ્ફળ કેવી રીતે જાય? દેવી ચક્રેશ્વરીની પ્રેરણા જ મને આ તરફ લઈ આવી છે.' આટલું કહીને મુનિશ્રી આસન પરથી ઊભા થયા.

પ્રિયંગુમંજરી તરત બોલી ઊઠી, 'કૃપાનાથ, ગૌચરી નિમિત્તે આપ ભવનમાં પધારો...'

'ભદ્રે, આજ સિત્તેરમો ઉપવાસ છે...નવ્વાણું ઉપવાસ કરવાનો

નિયમ લીધો છે...અને અમારાથી ગૃહસ્થના ભવનમાં તો આવી જ ન શકાય.'

'પ્રભુ!' રાજા વધારે કંઈ ન બોલી શકયો. 'ધર્મલાભ!'

અને વળતી જ પળે સૂર્યસમા તેજસ્વી મહાત્મા દમનક મુનિ આકાશમાર્ગે ચાલ્યા ગયા.'

એમના આસન પર મંદાર નામના કલ્પવૃક્ષની એક માંજર પડી હતી.

રાજારણી ભાવભરી નજરે મુનિના ગગન વિહારને જોઈ રહ્યા. મુનિવર દૃષ્ટિ મર્યાદાથી દૂર થયા ત્યારે મહારાણીએ મુનિના આસન પર પડેલી માંજર શ્રદ્ધાપૂર્ણ ભાવ સાથે ઉઠાવી લીધી.

રાજા રાણી પ્રસન્ન હૃદયે નીચે આવ્યાં. રાજભવનના મુખ્ય ખંડમાં રાજપુરોહિત, મહામંત્રી, વગેરે કયારના આવ્યા હતા. કારણ કે મહારાજાની સાધના આજ પ્રાતઃકાળે જ પૂરી થયાના સમાચાર મહાપ્રતિહારે મોકલી દીધા હતા.

રાજારાણી મુખ્ય ખંડમાં ગયાં.

રાજપુરોહિતે પ્રસન્ન સ્વરે આશીર્વાદ આપ્યા.

મહામંત્રીએ મહારાજાને નમન કરીને કહ્યું, 'રાજરાજેશ્વરનો જય થાઓ! કુળદેવીની આરાધના પૂરી થયાના સમાચાર જાણીને અમને ઘણો જ આનંદ થયો.'

રાજપુરોહિતે કહ્યું: 'રાજન, આપના અને મહાદેવીના વદન પરની પ્રસન્નતા જોઈને કુળદેવીએ કૃપા વરસાવી હોય એમ લાગે છે.'

આસન પર બેઠક લઈને મહારાજાએ કુળદેવીએ સ્વપ્નામાં આપેલાં દર્શનની અને કરેલી વાતની તેમ જ થોડી વાર પહેલાં જ પધારેલા મહામુનિએ આપેલા વચનની ટૂંકમાં વાત કહી.

આ વાત સાંભળીને મહામંત્રી અને રાજપુરોહિત ખૂબ જ હર્ષિત બન્યા અને મહારાજા ભીમે આજના મંગળ દિવસને વધાવવા

નિમિત્તે દાન આપવાની આજ્ઞા કરી.

મહાપુરુષોનાં વચન કદી નિષ્ફળ જતાં નથી.

થોડા દિવસો આનંદ, ઉલ્લાસ અને પ્રસન્નતામાં ચાલ્યા ગયા. ત્યાર પછી જેની દેહવેલડી સ્નિગ્ધ તેમજ તેજમયી, પુષ્ટ અને નિરોગી છે તે ગૌડ દેશની રાજપુત્રી પ્રિયંગુમંજરી સગર્ભા બની. પૂર્ણ ચંદ્રમાંથી નિર્ઝરતા અમૃતનું પાન કર્યાના સ્વપ્નથી પટરાણીને સગર્ભા થયાનું સૂચન મળ્યું.

અને આ સ્વપ્નનું ફળ રાજપુરોહિતે દર્શાવ્યું, 'શ્રેષ્ઠ, રૂપવતી અને ત્રિભુવનમાં પ્રકાશ પાથરનારી દિવ્ય કન્યાનો જન્મ થશે.'

બીજે જ દિવસે મહાદેવીને દિવસો રહ્યાની વાત સમગ્ર રાજભવનમાં પ્રકાશિત થઈ ગઈ.

પાંચમે મહિને તો પ્રિયંગુમંજરીના વદનની કાંતિ શતગુણ ખીલી ઊઠી.

નારી જ્યારે માતૃત્વની આશા વડે પુલકિત બને છે ત્યારે તેનું રૂપ અનેક ગણું ખીલી ઊઠે છે.

અને તેમાંય ઉદરસ્થ જીવ પુણ્યવંત અને સુભાગી હોય છે. ત્યારે નારીના અંતરનું રૂપ પણ ખીલી ઊઠતું હોય છે.

ગૌડકુમારીનાં નયને, વદને, અને વચને જાણે અમૃત ઉભરાઈ રહ્યું હતું. તે આમ તો સર્વગુણસંપન્ન હતી છતાં ગર્ભના પ્રભાવે તેનું તેજ દિવ્ય બની ગયું હતું.

રાણી દૌહૃદયિની બની ગઈ.

એક હૃદય પોતાનું અને બીજું હૃદય ગર્ભસ્થ બાળકનું. આવા સમયે સ્ત્રીને દોહદ થતો હોય છે. અર્થાત ગર્ભસ્થજીવના ભવિષ્ય સૂચક ઈચ્છાઓ થતી રહે છે.

રાણી પ્રિયંગુમંજરીને પણ એક ભવ્ય દોહદ થયો. તેણે પોતાના સ્વામીને કહ્યું: 'નાથ, ગંગાના જળથી મિશ્રિત બનેલા ક્ષીર

સાગરના જળ વડે સ્નાન કરવાની ઈચ્છા થયા કરે છે.'

'પ્રિયે, તારી ઈચ્છા ઘણી જ ઉત્તમ છે...મહામુનિએ કહેલા વચનાનુસાર જે કન્યા પ્રાપ્ત થશે તે ખરેખર ત્રૈલોક્યનંદીની સમાન જ હશે તારી ઈચ્છા પૂર્ણ કરવાનો હું અવશ્ય પ્રયત્ન કરીશ.'

મહારાજાએ એ જ દિવસે પ્રિયતમાને થયેલા દોહદની મહામંત્રીને વાત કરી અને મહાત્રીએ બે સુભટોને ક્ષીરસાગરનું જળ લેવા માટે વાયુ વેગી વાહન દ્વારા રવાના કર્યા.

ગંગાનું જળ તો સહજ હતું.

થોડા જ દિવસોમાં બંને જળ મિશ્રિત કરીને મહારાજાએ પ્રિયતમાને સ્નાન માટે આપ્યાં.

અનુક્રમે ઉપનિષદો જેમ વિદ્યાને જન્મ આપે છે તેમ રાણી પ્રિયંગુમંજરીએ રૂપ, ગુણ અને તેજથી સમૃદ્ધ દેખાતી તેમ જ સઘળા ક્લેશોને નષ્ટ કરનારી કન્યાને જન્મ આપ્યો.

સમગ્ર નગરીમા આનંદોત્સવ શરૂ થયો. જનતા શુભકામનાઓ પ્રગટ કરવા માંડી.

જે રાજા પ્રત્યે જનતાના હૈયામાં સંતોષ ઉભરાતો હોય છે, તે રાજાના શુભ પ્રસંગને જનતા પોતાનો જ શુભ પ્રસંગ માનતી હોય, એટલું નહિ પણ. રાજાને પડતી વિપત્તિને પણ પોતાની જ વિપત્તિ માનતી હોય છે.

કન્યારૂપી રત્નની પ્રાપ્તિના ઉલ્લાસ નિમિતે મહારાજાએ દાનનો પ્રવાહ વહેતો કર્યો.

અને આશ્ચર્ય એ વાતનું હતું કે નવજાત શિશુના કપાળમાં જન્મથી જ એ તિલક હતું.

## પ્રકરણ ૩ જું : : જ્ઞાનકસોટી

**ભાગ્યવંત** જીવો જ્યારે પોતાના મહાન પુણ્ય સાથે માનવરૂપે અવતરે છે, ત્યારે માત્ર ભવનમાં નહિ, નગરીમાં અને દેશમાં પણ ઉલ્લાસ અને હર્ષનું વાતાવરણ વ્યાપક બને છે...

વિદર્ભપતિને ત્યાં થયેલા કન્યા જન્મના કારણે ધીરે ધીરે સમગ્ર દેશમાં હર્ષ અને આનંદનું મોજું ફરી વળ્યું અને સાથે એક આશ્ચર્યનું પણ મોજું ફરી વળ્યું.

કન્યાના ભાલ પ્રદેશમાં ઊગતા સૂર્યના સૌમ્ય તેજ સમું તિલક લાખરૂપે હોવાના સમાચારથી સહુના હૈયામાં આનંદ સાથે આશ્ચર્યનો પણ ઉદય થયો હતો. જન્મ વખતે કોઈને કાયામાં, હાથે, પગે, પીઠે, છાતીએ, મસ્તકે, નેણે, ગ્રીવાએ કે એવે સ્થળે તલ, મસ લાખું હોય એમ સહુ જાણતાં હતાં... પરંતુ ભાલમાં અખંડ, અપરૂપ સપ્રમાણ અને તેજસ્વી તિલક હોય એવું કદી સંભળાયું નહોતું... આથી ય વિશેષ નવાઈ તો એ વાતની થઈ હતી કે રાજકન્યાના જન્મ પછી લોકોએ આકાશવાણી સાંભળી હતી : ' આ કન્યા પોતાના પતિને ત્રણ ખંડનું સામ્રાજ્ય પ્રાપ્ત કરાવશે.'

અને જન્મ પછી સારીયે નગરીમાં શીતળ અને સુરભિત વાયુ વિહરવા માંડ્યો. આશ્ચર્યચકિત કરે તેવી પુષ્પવૃષ્ટિ થઈ. ગગનમંડળમાં ઘેરો અને મધુર દુંદુભિ નાદ થવા માંડ્યો...જાણે પૃથ્વી સ્વર્ગનો સ્વાંગ ધારણ કરી રહી હોય એમ સહુને જણાવા માંડયું.

રાજપુરોહિતે છઠ્ઠે દિવસે શુભ મુહૂર્તે રાજકન્યાના નામકરણનો વિધિ દર્શાવ્યો. રાજકન્યા આશ્ચર્યના સમૂહ સહિત જન્મેલી હોવાથી

અને જન્મથી જ સ્ત્રી સમુદાયના ગર્વનું દમન કરતી હોય તેવી રૂપવતી જણાવાથી પરિવારે તે કન્યાનું નામ દમયંતી પાડ્યું...રાજ-પુરોહિતે પણ આ નામ જન્મ, ગ્રહ અને રાશિ સાથે અનુકૂળ હોવાથી વધાવી લીધું. પરંતુ જે દિવસે રાજકન્યાનો જન્મ થયો હતો તે જ દિવસે દાવાનળમાંથી છટકેલો એક હાથી નગરીમાં આવી ચડ્યો હતો. એટલે મહારાજા ભીમે પોતાની પુત્રીનું બીજું નામ રાખ્યું દવદ્દતી.

આમ નંદનવનના કોઈ અમર કુસુમ સમી દમયંતી રાજ પરિવારની અનેક સ્ત્રીઓના હાથમાં ઝૂલવા માંડી.

મહાદેવીનો પ્રસૂત કાળ પૂરો થયો. ચાલીસમા દિવસે સ્નાનશુદ્ધ થઈને માતા, પુત્રી અને પિતા ત્રણેય પરિજન વર્ગ સાથે શ્રી જિન-મંદિરમાં દર્શનાર્થે ગયાં; ત્યાર પછી કુળદેવીના મંદિરે ગયાં.

ઘણાં બાળકો એવાં હોય છે કે હાથમાંથી હેઠાં મૂકવા ન ગમે... રાતદિવસ એ બાળકને નીરખવાનું, રમાડવાનું અને તેના રૂપ વડે આંખો તૃપ્ત કરવાનું મન થયા જ કરે.

અને પોતાના સુંદર બાળકને જ્યારે સહુ વખાણતાં હોય ત્યારે માતાના હૃદયમાં એક ભય જાગે છે... કદાચ મારું બાળક કોઈની ભારે દૃષ્ટિથી નજરાઈ જશે!

રાણી પ્રિયંગુમંજરી શ્રી જિનેશ્વર કથિત ધર્મમાં અટલ શ્રદ્ધા રાખનારી હતી એટલે આવા વિચારને મનમાં સ્થાન નહોતી આપતી. આમ છતાં પરિવારની સ્ત્રીઓ દમયંતી નજરાઈ ન જાય એટલા માટે વિવિધ સુટકાંઓ કર્યાં કરતી.

મહારાજા ભીમસિંહ રાજકાર્યમાંથી નિવૃત્ત થવા માટે દિવસના ભાગમાં ભાગ્યે જ સમય મેળવી શકતા...પરંતુ રાજકન્યાને રમાડવા ખાતર તેઓ ઘણી વાર પોતાની પ્રિયા સાથે દિવસના ભાગમાં પણ રાજભવનમાં બેસી રહેતા અને દમયંતીને હૈયા સરસી લઈને અપૂર્વ સંતોષ મેળવતા.

કાળની ગતિ સમાન હોવા છતાં હાસ્ય, આનંદ અને ઉલ્લાસ-વચ્ચે સમય કેવી રીતે ચાલ્યો જતો હોય છે, તેની કલ્પના માનવી ભાગ્યે જ કરે છે.

દિવસોની ગણતરી કરતાં કરતાં મહિનાની ગણતરી પણ પૂરી થઈ અને વર્ષની ગણતરી સામે આવીને ઊભી રહી.

ગુલાબનાં ફૂલ જેવી, શશાંકના સત્ત્વ વડે ઘડાયેલી અને કાલી કાલી મંજુલ વાણીથી સર્વનાં મન હરનારી દમયંતી ચાર વર્ષ પૂરાં કરીને પાંચમાં વર્ષના પ્રાંગણમાં પ્રવેશી.

રાજ પુરોહિતે મહારાજાને કહ્યું, 'રાજન, રાજકન્યાનો પાંચમો મહોત્સવ ઘણા જ ઉલ્લાસપૂર્વક ઉજવાઈ ગયો...હવે રાજકન્યાને જ્ઞાનસંસ્કાર આપવાનો પ્રારંભ કરવો જોઈએ.'

મહારાજા ભીમને આ વખતે જ ખ્યાલ આવ્યો કે દમયંતીને પાંચમું વર્ષ બેસી ગયું છે...સંતાન પ્રત્યેનો પ્રેમ એક પ્રકારનો મોહ જ છે...અને માનવીને મોહના કારણે અન્ય કશું સૂઝતું નથી.

મહારાજાએ રાજપુરોહિતને કહ્યું, 'આપ કોઈ ઉત્તમ દિવસ શોધી રાખજો. પરંતુ મને લાગે છે કે મહાદેવી કદાચ એકાદ વર્ષ પછી કન્યાને જ્ઞાન સંસ્કાર આપવાનું કહેશે.'

'બાળક પ્રત્યેનો માતાનો પ્રેમ અપૂર્વ હોય છે...એથી માતા પોતાના સંતાનને અલગ પાડવા ન ઈચ્છે. પરંતુ મેં એવો વિચાર કર્યો છે કે રાજકન્યાને રાજભવનમાં જ જ્ઞાન સંસ્કાર આપવા...એ માટે આપણે ઉત્તમ પંડિતોની વ્યવસ્થા કરીશું.'

આ સાંભળીને રાજાનાં નયનો પ્રસન્ન બની ગયાં...તેમણે પ્રસન્ન સ્વરે કહ્યું, 'ગુરુદેવ, આમ થશે તો મહાદેવી અવશ્ય સંમત થશે.'

એમ જ થયું.

મહારાણી પ્રિયંગુમંજરી સંમત થઈ...તે પોતાની દેવરૂપ કન્યાને કોઈ પણ કન્યા આશ્રમમાં મોકલવા ઇચ્છતી જ નહોતી.

અને રાજપુરોહિતે નક્કી કરેલા દિવસે ઘણા જ ઉત્સવપૂર્વક દમયંતીનું નિશાળગરણું ઊજવવામાં આવ્યું.

નગરીમાં દરેક બાળકોને મીઠાઈ, રમકડાં અને વસ્ત્રો વહેંચવામાં આવ્યાં.

રાજભવનનાં સહસ્ત્રાદિક દાસદાસીઓને વસ્ત્રાલંકારો ભેટ આપવામાં આવ્યા.

દમયંતીને કંટાળો ન આવે એટલા ખાતર રાજ્ય પરિવારની, અન્ય રાજાઓની અને સુભટોની સમવસ્યક કન્યાઓનો પણ રાજભવનમાં જ જ્ઞાનાભ્યાસ થાય એવી યોજના અમલમાં મૂકી. રાજભવનના પાછળના ભાગમાં આવેલો એક અલગ મહેલ રાજકન્યાના અભ્યાસ માટે તૈયાર કરવામાં આવ્યો અને પાંચ પંડિતોના મસ્તકે સઘળી જવાબદારી મૂકવામાં આવી.

દિવસોને બદલે વરસો વિદાય લઈ રહ્યાં.

જે દમયંતી નંદનવનની એક કોમળ કલિકા જણાતી હતી તે આજ યૌવનના ઉંબરે ઊભી રહી હતી. એનું રૂપ અનેકગણું ખીલી ઊઠયું હતું.

રાજ્યના શ્રેષ્ઠ પંડિતો અને કલા ગુરુઓએ રાજકુમારી દમયંતીને ચોસઠ કલાઓ વડે સમ્પન્ન બનાવી હતી. વેદ, પુરાણો, આગમો, સંહિતાઓ, સિધ્ધાંત, ન્યાય, તર્ક, વ્યાકરણ, છંદ, અલંકાર આદિ શાસ્ત્રસમૂહનો શ્રેષ્ઠ અભ્યાસ કરાવ્યો હતો. સંગીત, નૃત્ય, લેખન, ગણિતશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, શય્યાજ્ઞાન, ફુલગૂંથન કરવાની કળા, ચિત્ર, પાકશાસ્ત્ર, શકુન વિદ્યા, દ્યુતક્રીડા, ગંધશાસ્ત્ર, વગેરે જીવનને ઉપયોગી વિદ્યાઓ, કલાઓ આદિનું આવશ્યક જ્ઞાન આપ્યું હતું.

રાજકુમારી વૈદર્ભી રૂપ, ગુણ અને કલા વડે એટલી સમૃદ્ધ અને શ્રેષ્ઠ બની ગઈ હતી કે તેનું વર્ણન કરવું કોઈ પણ કવિ માટે

શક્ય નહોતું...કારણ કે રાજકન્યાનો પ્રભાવ એવો હતો કે એને જોનારાં નરનાર માત્ર સ્તબ્ધ નહિ, અવાક્ પણ બની જોતાં હતાં.

રાજકન્યાના રૂપનું વર્ણન વાણી દ્વારા કરવું એ કોઈ માટે સહજ નહોતું.

સર્વ કલાઓમાં કુશળ, સમગ્ર વિશ્વમાં અજોડ, વિવિધ પ્રકારના વિલાસો વડે સમૃધ્ધ અને નવયૌવનના તેજથી અલંકૃત થયેલી દમયંતીને નિહાળવા માટે બ્રહ્મા પણ લાચાર બની ગયા હતા અને પોતાનાં આઠેય નેત્રો બંધ કરીને ધ્યાનસ્થ બની ગયા હતા... દમયંતીની કાયાના નિર્માણ વખતે બ્રહ્માએ જે શક્તિનો ઉપયોગ કર્યો હતો તે શક્તિનો ઉપયોગ ફરી વાર કરીને કોઈ અન્ય સુંદરીનું નિર્માણ કરવાની તેમને જાણે કલ્પના જ આવતી નહોતી.

દેવદુર્લભ, રૂપવતી અને તેજસ્વી તિલકવાળી દમયંતી અને તેની વિદ્યાભ્યાસ કરી રહેલી અન્ય શતાધિક રાજકન્યાઓનો અભ્યાસ-કાળ પૂરો થઈ ગયો હતો હવે માત્ર અંતિમ કસોટી જ બાકી રહી હતી.

અભ્યાસ કરાવનારા સઘળા પંડિતોએ રાજપુરોહિતને અભ્યાસ પૂરો થયાની વાત કરી અને રાજપુરોહિતે સર્વ વિદ્યાર્થિનીઓની પરીક્ષા નિમિત્તેની સભા યોજવાની તૈયારી કરવાનું મહારાજા તથા મહાદેવીને જણાવ્યું.

મહારાજાએ પોતાના મહામંત્રીને આજ્ઞા કરી.

રાજભવનના વિરાટ પ્રાંગણમાં વિશાળ શમિયાણો નાખવામાં આવ્યો અને રાજપુરોહિતે એક શુભ દિવસ નક્કી કર્યો.

કસોટીનો દિવસ આવી ગયો.

રાજપુરોહિતના નેતૃત્વ નીચે વીસ પંડિતોની મંડળી પરીક્ષારૂપે બેસી ગઈ.

મહારાજા ભીમ, મહાદેવી, પ્રિયંગુમંજરી અન્ય રાજાઓ મંત્રીઓ, શ્રેષ્ઠીઓ, રાણીવાસની અન્ય રાણીઓ અને પરિવારની

સ્ત્રીઓ, નગરીના આચાર્યો, કલાકારો, સંગીત વિશારદો, વગેરે યથાસ્થાને બેસી ગયાં હતાં.

રાજકન્યા દમયંતી અને અન્ય રાજકુમારીઓ રાજપુરોહિતને તેમ જ અન્ય પંડિતવર્યોને નમસ્કાર કરીને નિયતસ્થાને બેસી ગઈ હતી.

કસોટીનો પ્રારંભ થયો.

સૌથી પ્રથમ વ્યાકરણનો વિષય આવ્યો...પરીક્ષા મૌખિક રીતે જ લેવાતી હોવાથી ત્યાં ઉત્તર આપવા પડતા

વ્યાકરણની કસોટી એક પ્રહર પર્યંત ચાલી અને તેમાં સર્વશ્રેષ્ઠ તરીકે એક મંત્રીકન્યા જાહેર થઈ.

મધ્યાહ્ન પછી પુનઃ બધાં એકત્ર થયાં સંગીતની કસોટી હતી અને તેમાં રાજકન્યા સર્વશ્રેષ્ઠ જાહેર થઈ.

આમ, વિવિધ વિષયોની કસોટીમાં બાર દિવસ ચાલ્યા હતા. રાજકુમારી દમયંતી અન્ય વિષયોમાં અગ્ર રહેતી આવી.

છેલ્લે દિવસે પ્રશ્નકસોટી હતી. પંડિતો ગમે તે પ્રશ્ન પૂછે અને વિદ્યાર્થિનીઓ તેનો ઉત્તર આપવો જોઈએ. આ પ્રશ્નો અભ્યાસના ન હોય. પણ જીવન, સંસાર, રાજ્ય ધર્મ, અધ્યાત્મ, આદર્શ, સંસ્કૃતિ, નિગમ, અર્થ, વગેરે ગમે તે વિષયનાં હોય. આવા પ્રશ્નોથી વિદ્યાર્થિનીનું સામાન્ય જ્ઞાન કેટલું વિકસિત થયેલું છે તેની ખબર પડી જતી કારણ કે જે જ્ઞાન જીવનને સ્પર્શે નહિ તે જ્ઞાન નહિ, પણ એક વ્યર્થ બોજો જ છે એમ પંડિતો માનતા હતા. જેની જીવનમાં કદી જરૂર ન પડે એવા જ્ઞાન પાછળ વિદ્યાર્થીની શક્તિને વેડફી નાખવામાં ગુરુઓ જ્ઞાનનો દ્રોહ નિહાળતા હતા. આવો જ્ઞાનદ્રોહ કરવાથી પ્રજા-જીવન પામર, પંગુ અને પતળેલ બને છે એમ સહુ માનતા હતા.

પ્રશ્ન કસોટીમાં એક સાથે પાંચ વિદ્યાર્થિનીઓ પંડિતો સામે ઊભી રહેતી અને બધા પંડિતો એક એક પ્રશ્ન ક્રમવાર પૂછતા. પ્રશ્નનો ઉત્તર આપવામાં વિલંબ ન થવો જોઈએ. એવી સૂચના

સહુને અપાયેલી હતી. જેવો પ્રશ્ન સામે આવે કે તરત વિદ્યાર્થિનીએ તેનો ઉત્તર આપવો જ જોઈએ.

વિદર્ભ દેશની રાજકન્યા દમયંતી એક મહાન રાજાની પુત્રી છે માટે તેને અગ્રસ્થાન આપવું જોઈએ એવો નિયમ રાખવામાં આવ્યો જ નહોતો. દરેક વિદ્યાર્થિની સમાન છે અને રાજકીય કે બીજી કોઈ વિશિષ્ટતાના કારણને અગ્રસ્થાન આપવું એ દેવી સરસ્વતીનું અપમાન છે એ પ્રકારની વિચારધારા સમગ્ર રાષ્ટ્રમાં સ્થિર બની ગઈ હતી.

આજનો સમારંભ સૂર્યોદય પછી ચારેક ઘટિકાએ પ્રારંભ થયો હતો... બીજા પ્રહરની બે ઘટિકા બાકી રહે ત્યાં સુધી ચાલવાનો હતો.. ત્યાર પછી નો ક્રમ રાત્રિના પ્રથમ બે પ્રહર સુધી યોજવામાં આવ્યો હતો.

વિદ્યાર્થિનીઓનો ક્રમ કક્કાવારી પ્રમાણે હોવાથી રાજકન્યા દમયંતીનો વારો રાત્રિના પ્રહરે આવ્યો. દમયંતી, દર્શના, દિવ્યા, દામિની અને દેવદત્તા એમ પાંચ વિદ્યાર્થિનીઓ પંડિતો સમક્ષ ઊભી રહી.

પ્રથમ પંડિતે પ્રશ્ન કર્યો, 'સાચું સુખ શેમાં છે ?'

દમયંતીએ તરત ઉત્તર આપ્યો : 'જન્મ મરણના નિવારણમાં.'

રાજપુરોહિત ખૂશ થયા.

દર્શનાએ ઉત્તર આપ્યો, 'સંતોષમાં...'

દિવ્યાએ કહ્યું, 'ત્યાગમાં.'

દામિનીએ કહ્યું, 'ઈચ્છાની પૂર્તિ થવામાં. દેવદત્તાએ રાજકન્યાએ આપેલો ઉત્તર પુનઃ દર્શાવ્યો.

બીજા પંડિતે રાજકન્યા સામે જોઈને કહ્યું, 'માનવીને પરેશાન કરે એવું અસ્થિર શું છે ?'

'મન...' રાજકન્યાએ તરત ટૂંકમાં ઉત્તર આપ્યો.

અન્ય ચારે ય કન્યાઓએ પણ આ જ વાત કહી.

ત્રીજા પંડિતે કહ્યું, 'આપણે ત્યાં વિવિધ પ્રકારની ભોજન સામગ્રી બને છે...વિવિધ પ્રકારનાં વ્યંજનો બને છે, મિષ્ટાનો બને છે અને પાક શાસ્ત્રકારોએ એક જ દ્રવ્યમાંથી અનેક વસ્તુઓ બનાવવાની વ્યવસ્થા પણ સમજાવી છે...આ બધું આપ સર્વના અભ્યાસમાં આવી જ ગયું છે એટલે મારો સીધો પ્રશ્ન એ છે કે ભોજન સામગ્રીમાં ઉત્તમ વસ્તુ કઈ ?'

દેવદુર્લભ રૂપની સ્વામિની રાજકન્યા દમયંતીએ વળતી જ પળે અતિ મધુર સ્વરે ઉત્તર આપ્યો, 'જે ભોજન સામગ્રી આરોગ્યને જાળવે અને સહેલાઈથી પચે તે ઉત્તમ ગણાય.'

આ ઉત્તરથી બધા પંડિતો પ્રસન્ન થયા. અન્ય ચારેય બાળાઓએ વિવિધ વાનીઓનાં નામ આપ્યાં.

આમ, પ્રશ્નપરંપરા ચાલવા માંડી. રાજકન્યા દમયંતીના ઉત્તરો ઘણા જ હેતુલક્ષી અને સચોટ રહેતા.

છેલ્લે, વીસમા પંડિતે પ્રશ્ન કર્યો, સ્ત્રી જાતિની શોભા શેમાં છે ? રૂપમાં, યૌવનમાં કે ઉત્તમ વસ્ત્રાલંકારોમાં ?'

દમયંતીએ મધુર સ્વરે ઉત્તર આપ્યો, 'ગુરુવર્ય ! રૂપ, યૌવન વસ્ત્રાલંકરો એ અસ્થિર, ચંચળ અને પરિવર્તનશીલ છે...નારીની સાચી શોભા શિયળ વડે છે ..શિયળ એ જ નારીનું સાચું યૌવન અને અચંચળ આભૂષણ છે.'

સમગ્ર સભા આ ઉત્તરથી પ્રસન્ન બની ગઈ...રાજપુરોહિત પણ અતિ પ્રસન્ન બની ગયા.

અને અન્ય ચારેય કન્યાઓએ પણ રાજકન્યાએ જે ઉત્તર આપ્યો હતો તે દર્શાવ્યો.

પ્રશ્નકસોટી હજુ બાકી હતી અને સમય થવા આવ્યો હતો એટલે આવતી કાલ પર પ્રશ્નપરીક્ષાનો સમય રાખવામાં આવ્યો.

બીજે દિવસે રાતે જ્ઞાનની કસોટી પૂરી થઈ.

રાજપુરોહિતે શ્રેષ્ઠ વિદ્યાર્થિની તરીકે રાજકન્યા દમયંતીને જાહેર કરી...

લોકોએ મહારાજાનો અને રાજકન્યાનો જયનાદ ગજવ્યો.

બીજે દિવસે રાજસભામાં બધા પંડિતોને શ્રેષ્ઠ ઉપહાર આપવામાં આવ્યો અને દરેક વિદ્યાર્થિનીને મૂલ્યવાન વસ્ત્રાલંકારોની ભેટ આપવામાં આવી.

પ્રિયદર્શની રાજકુમારી દમયંતીનો અભ્યાસકાળ પૂરો થઈ ગયો હતો.

શતાધિક સખીઓ સાથે તે રાજભવનમાં રહેતી હતી અને માતાપિતાની આજ્ઞાને કર્તવ્ય માનતી હતી.

મહામુનિવર શ્રી. દમનક મુનિએ આપેલા વચન મુજબ રાણી પ્રિયંગુમંજરીએ બે પુત્રરત્નોને પણ જન્મ આપ્યો હતો... બંને હજુ નાના હતા. એક છ વર્ષનો, બીજો એક વર્ષનો.

સંસારના સુખની માનવી જે કામના કરે છે તે સઘળાં સુખ રાજા ભીમ માટે સહજ બની ગયા હતાં.

આંબા પર વધારે કેરીઓ આવે એટલે તે ગર્વથી ઉન્નત નથી બનતો પણ વધુ વિનમ્ર બને છે, અર્થાત્ વધારે નમે છે. એ જ રીતે, આદર્શ માનવી વધારે સુખવાળો બને ત્યારે વધારે વિનમ્ર બનતો હોય છે.

મહારાજા ભીમ સર્વ વાતે સુખી બન્યા હતા અને એમનું જીવન પણ ધન્યતા અનુભવી રહ્યું હતું.

# પ્રકરણ ૪ થું : : કનકાવલી

જીતેન્દ્રિય અવિજેતા બનવું એ નાનીસૂની વાત નથી. એ જ રીતે કોઈ રૂપવતી નારી પ્રત્યે નિર્મળ નજરે જોવું એ પણ ભારે કઠણ હોય છે. દેવ, દાનવ, વિદ્યાધર, ગાંધર્વ, કિન્નર, કે માનવ સહુના હૈયામાં અશક્તિના ઓછાવત્તા અંશો પડેલા જ હોય છે...તેમાંય કામાસક્તિએ તો અનંત યુગોથી સહુને પોતાની માયાજાળમાં ફસાવેલા જ છે. પ્રાણુ ધારણુ કરનાર કોઈપણુ પ્રાણી આમાંથી મુક્ત નથી. હા, જે મહાનુભાવો જ્ઞાન, ત્યાગ અને તપનાં અમૃત વડે અંતરમાં રહેલા આસક્તિના વિષને દૂર કરે છે તે જ ભવબંધનની બેડીમાંથી મુક્તિ મેળવી શકે.

જલંધર પ્રદેશના રાજા ચન્દ્રબાહુની રૂપવતી નવયૌવના કન્યા એક દિવસે રાજભવનના ઉપવનમાં આવેલા કૃત્રિમ સરોવરમાં પોતાની સખીઓ સાથે જળવિહાર કરી રહી હતી.

ગ્રીષ્મ ઋતુનો પ્રારંભ હતો. કૃત્રિમ સરોવર ફરતાં વિવિધ પ્રકારનાં વૃક્ષો હરિયાળા દુર્ગ સમાં શોભતાં હતાં અને આ જળાશય કેવળ અંતઃપુરના રાજપરિવારની સ્ત્રીઓ માટે જ બનાવવામાં આવ્યું હતું. આ સ્થળે કોઈ પુરુષ જઈ શકતો નહોતો. સરોવરના રક્ષણનો ભાર પણુ સ્ત્રી રક્ષિકાઓને સોંપવામાં આવ્યો હતો.

આવા જળાશયમાં રાજા ચન્દ્રબાહુની નવયૌવના કન્યા કનકાવલી પોતાની દસ સખીઓ સાથે ક્રીડા કરી રહી હતી.

જળ અને નારીને પરસ્પરનો ચિરકાલિન સ્નેહ હોય છે. નારી જ્યારે જળાશયમાં સ્નાન કરવા પડે છે ત્યારે તે સમયનું ભાન ગુમાવી બેસે છે. એમાંય આ તો બધી નવજવાન સ્ત્રીઓ હતી.

જળમાં મસ્તી ચગાવવી અને મનને મસ્ત બનાવવું એ યૌવનાઓ માટે સહજ હતું.

જેમ ગ્રહમંડળમાં ચંદ્ર કદી છૂપો રહી શકે નહિ તેમ, સ્ત્રીઓના સમૂહમાં રૂપવતી રમણી છૂપી રહી શકતી નથી.

કનકાવલી માત્ર રૂપવતી નહોતી પરંતુ એનું ઊગતું યૌવન જાણે સોળે કળાએ ખીલવા થનગની રહ્યું હતું. એનાં નયનો વેધક હતાં. એની કાયા સપ્રમાણ હતી...

વહેલી સવારથી સરોવરમાં જળક્રીડા કરી રહેલી કનકાવલીને બીજા પ્રહરની માત્ર બે જ ઘટિકા રહી ત્યાં સુધી સમયનો ખ્યાલ જ ન આવ્યો.

મુખ્ય રક્ષિકાએ કિનારા પાસે આવીને વિનયાવનત ભાવે કહ્યું: 'રાજકુમારીજી, મહાદેવી રાહ જોતાં હશે...જરા આકાશ તરફ નિહાળો...મધ્યાહ્ન થવા આવ્યો છે...'

મને ખ્યાલ છે...હવે આ છેલ્લી જ રમત છે...હમણાં પૂરી થઈ જશે.' કનકાવલીએ એક સખીને પકડવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

રક્ષિકા શાંત ભાવે ઊભી રહી.

બરાબર આ સમયે આકાશ માર્ગે કેટલાંક વિમાનો નીકળ્યાં. એ વિમાનો વિદ્યાધરોનાં હતાં...એ વિમાનમાં બેઠેલા બે વિદ્યાધરોની નજર આ જળાશય તરફ ગઈ...

પુરુષની નજર! કોણ જાણે કેટલાય પાપનો સંચય કરતી હશે! જળક્રીડામાં મસ્ત બનેલી દેવાંગના જેવી કનકાવલીને જોઈને બંને વિદ્યાધરો પોતાનું ગૌરવ વીસરી ગયા.

બંને સ્થિર નજરે કનકાવલીને જોઈ રહ્યા હતા. પોતાની પાસે રહેલી વિદ્યાના બળે તેઓ તરત સમજી ગયા કે જલંધર પ્રદેશના રાજા ચંદ્રબાહુની એકની એક કન્યા કનકાવલી જલક્રીડા કરી રહી છે! ઓહ, કેવી મદભર જુવાની છે...કેવું રસભર રૂપ છે! નયને

વદને કેવી માધુરી છે !

વિમાનો તો ચાલ્યાં ગયાં, પણ બે પુરુષોનાં નયનો ને હૈયાં રાજકન્યા કનકાવલીને જોઈને વીંધાઈ ચૂકયાં.

બંને વિદ્યાધરોએ મનમાં નિશ્ચય કર્યો... વૈતાઢ્ય પર્વત પ્રદેશમાં અનેક વિદ્યાધારી યૌવનાઓ છે.. પરંતુ આ માનવલોકની રાજકન્યા જેવી મદભર તો છે જ નહિ... જો આવી નારી પ્રાપ્ત ન થાય તો જિંદગીનો કોઈ અર્થ નથી ! પ્રાપ્ત કરેલી કોઈ વિદ્યા પણ સાવ નિષ્ફળ ગણાય !

શું કરવું ?

અત્યારે તો તેઓ બધા એકસાથે કાર્ય નિમિત્તે જઈ રહ્યા હતા .. અને બધા વિદ્યાધરો સાથે હોય ત્યારે એક મનુષ્ય કન્યાનું અપહરણ કરવું તે પણ ઉચિત નથી... વળતી વખતે બધાનો સંગાથ છોડીને અહીં આવવું અને કનકાવલીને ઉઠાવી જવી.

આ યોજના બંને વિદ્યાધરોએ વિચારી

સ્ત્રી એક અને મોહાંધ બે થઈ ગયા.

નીચે કોઈને કલ્પના યે ન આવી કે વિદ્યાધરોનાં વિમાનો ઉપરથી ચાલ્યાં ગયાં છે... કારણ કે વિમાનો અદૃશ્ય હતાં... વિશેષ જ્ઞાની સિવાય એ વિમાનોને કોઈ ન જોઈ શકે.

જળક્રીડા સમાપ્ત થઈ ગઈ.

વસ્ત્રોના થાળ લઈ કેટલીક પરિચારિકાઓ સરોવરના કિનારે ઊભી હતી.

વસ્ત્ર ધારણ કરીને કનકાવલી પોતાની દસ દાસીઓ સાથે ભવન તરફ વિદાય થઈ ત્યારે દિવસનો બીજો પ્રહર પૂરો થઈ ગયો હતો.

નિર્દોષ આનંદમાં મગન બનેલી કનકાવલી ભવનમાં પાછલા દ્વાર પાસે પહોંચી ત્યારે મહાદેવી—રાહ જોતાં ત્યાં જ ઊભાં હતાં. કનકાવલી માતાને જોઈને વળગી પડી... માતાએ કહ્યું : 'કનક, મધ્યાહ્ન થઈ

ગયો. આટલી બધી વાર કેમ થઈ ?'

'મા, ડૂબકી ડોળની રમતમાં સમયને ખ્યાલ જ ન રહ્યો.' લાડભર્યો સ્વરે કનકાવલીએ કહ્યું.

'બેટી, જરા ખ્યાલ તો રાખવો જ જોઈએ...તારા લીધે હું પણ હજી સુધી ભોજન લઈ શકી નથી.' માતાએ કહ્યું.

'મા, મને ક્ષમા કરો...સહુથી પ્રથમ ભોજનગૃહમાં જ ચાલો.'

'નાહ્યા પછી ક્ષુધા ખૂબ લાગી હશે, કેમ, કહી આછા હાસ્ય સાથે મહાદેવી કન્યા અને તેની સખીઓ સાથે ભોજનગૃહમાં ગયાં.

એ જ રીતે મહારાજ ચંદ્રબાહુ શયનગૃહમાં આવ્યા ત્યારે મહારાણી પોતાની બે સખીઓ સાથે વાતો કરતાં બેઠાં હતાં. બંને સખીઓ મહાજને નમન કરીને ખંડ બહાર નીકળી ગઈ. મહારાજા ચંદ્રબાહુએ મુગટ, હાર, વગેરે કાઢીને એક થાળમાં મૂકતાં કહ્યું : 'કેમ પ્રિયે, તારો સંદેશો...'

વચ્ચે જ મહારાણીએ કહ્યું, 'મેં સંદેશો ન મોકલ્યો હોત તો કદાચ આપ મધ્યરાત્રિએ જ આવત.'

'હા...આજ પંડિતજી સાથે રસભરી ચર્ચા થઈ રહી હતી... તારો સંદેશો ન મળ્યો હોત તો અવશ્ય મધરાત થઈ જાત...' કહેતાં રાજા ચંદ્રબાહુ એક આસન પર બેસી ગયો.

'મહારાજ, આપ એક નવયૌવના કન્યાના પિતા છો એ કેમ ભૂલી જાઓ છો ?'

'દેવી, એ કંઈ ભુલાય એવી વાત છે ?'

'તો પછી આપે હવે કોઈ સુયોગ્ય રાજપુત્રની તપાસ કરવી જોઈએ...આજ કનક જળક્રીડા કરીને આવી રહી હતી, ત્યારે એને જોતાં જ મને થયું હતું કે કન્યા હવે નાની નથી...પ્રથમ યૌવનમાં જ લગ્ન થઈ જાય તે શ્રેષ્ઠ મણાય છે.'

ચંદ્રબાહુ વિચારમગ્ન નયને પત્ની સામે જોઈ રહ્યો. ત્યાર પછી

બોલ્યો : 'દેવી, આ પ્રશ્ન નાનોસૂનો નથી. રૂપગુણની દ્રષ્ટિએ આપણી કનક અપૂર્વ છે...પરંતુ મુશ્કેલી એ છે કે આપણી આસપાસના કોઈ રાજ્યમાં કનકને યોગ્ય પાત્ર મળી શકવું દુર્લભ છે.'

'આપે એક દિવસે નિષધ દેશના મહારાજા વીરસિંહના પુત્ર અંગે કહ્યું હતું...'

'અતિ ઉત્તમ પાત્ર છે...નવજવાન છે...કનકને દરેક રીતે યોગ્ય છે. એટલું જ નહિ પણ, યુવરાજ નળ તેજસ્વી, સુંદર અને દેવાંશી પણ છે.'

'તો પછી આપે પ્રયત્ન કરવો જોઈએ ને ?'

'પ્રયત્ન કરવા માટે મન તૈયાર છે. પરંતુ એક સંશય...'

'સંશય ?'

'હા પ્રિયે, મહારાજા વીરસેન વિશાળ રાજ્યના સ્વામી છે... ગમે તેમ તોય હું એના તાબાનો રાજા છું...તેઓ વાત માને કે કેમ એ પ્રશ્ન મને ગૂંઝવી રહ્યો છે.'

'સ્વામી, કન્યાનાં માબાપે આ બધું ભૂલી જવું જોઈએ અને પોતાની કન્યાને યોગ્ય જે પાત્ર હોય તેની સમક્ષ વાત તો મૂકવી જ જોઈએ. કન્યાનાં ભાગ્ય હશે તો આપણી માગણીનો અવશ્ય સ્વીકાર થશે...અને કન્યા લેવામાં નાના મોટાનો કોઇ પ્રશ્ન આડે આવતો જ નથી.'

ચંદ્રબાહુ વિચારમાં પડી ગયો.

રાણીએ સ્વામીનો હાથ પકડીને કહ્યું : 'આપે કનકની છબી અંકિત કરાવી હતી ને ?'

'હા...એ તૈયાર જ છે...'

'તો પછી પુરોહિતને કોઈ સુયોગ્ય દિવસે નિષધનાથ પાસે મોકલો. મને તો શ્રધ્ધા છે કે કનકની છબી જોઈને નિષધપતિ પોતાના યુવરાજ માટે સંમત થશે.'

'તો ભલે...આવતી કાલે જ મંત્રી સાથે ચર્ચા કરીને પુરોહિતને મોકલું.' રાજા ચંદ્રબાહુએ કહ્યું.

'ભૂલી ન જતા...'

'તારા સ્વામીના શબ્દો પર વિશ્વાસ નથી?' તીરછી નજરે જોઈને ચંદ્રબાહુએ કહ્યું.

રાણીએ કહ્યું : 'સ્વામીના શબ્દો પર મને મારી જાત કરતાં યે વધારે વિશ્વાસ છે...પરંતુ રાજાના શબ્દો પર વિશ્વાસ નથી વસતો.'

'ઓહ! પણ તારી પાસે હું કદી રાજા નથી રહ્યો...'

રાણીએ મધુર હાસ્ય સહિત કહ્યું : 'એટલાં મારાં સદ્‌ભાગ્ય છે... પરંતુ મારાથી દૂર જતાં જ આપ...'

'રાજા બની જાઉં છું, કેમ?' કહી ચંદ્રબાહુએ પ્રિયાને પોતા તરફ ખેંચી.

છઠ્ઠા દિવસે સવારે રાજનો પુરોહિત એક સેવક સાથે નિષધા નગરી તરફ જવા વિદાય થયો. પ્રવાસમાં કોઈ પ્રકારની વિપત્તિ ન આવે એટલા ખાતર રાજાએ ઉત્તમ અશ્વોવાળો રથ આપ્યો હતો.

અને રાજપુરોહિતની ગણતરી હતી કે, પોતે દસમે દિવસે નિષધા નગરીના પાદરમાં પહોંચી જશે.

પરંતુ માનવીની આશા-કલ્પનાઓ ક્યારે વેરવિખેર થઈ જાય છે તે કોઈથી જાણી શકાતું નથી.

સવારે પુરોહિત નિષધા તરફ વિદાય થયો અને તે જ દિવસે રાત્રિના ચતુર્થ પ્રહરે પેલા બે દુષ્ટ વિદ્યાધરોમાંનો એક પોતાના વિમાન સાથે રાજા ચંદ્રબાહુના રાજભવન પર આવી પહોંચ્યો.

વિમાન આકાશમાં જ રાખીને તે સીધો રાજભવનની અગાશી પર ઊતર્યો.

દોષ કરનાર માનવી ગમે તેટલો નીડર, સબળ અને માંત્રિક શક્તિવાળો હોય છતાં, તેના હૈયામાં કાંઈ અગોચર ભયનો થડકારો

તો થતો જ હોય છે. રાજકન્યા કનકાવલીને જળક્રીડા કરતી જોઈને જેના હૈયામાં કામાનલ પ્રગટી ચૂકયો હતો તે વિદ્યાધર રુદ્રાંગ આજે પોતાના સાથીઓથી વિખુટો પડીને એકલો પોતાના વિમાનમાં નીકળી ગયો હતો...અને કનકાવલી પર પાગલ બનેલો બીજો આધેડ વિદ્યાધર રતિમોહન પણ આજે જ વિખુટો પડીને રાજકન્યાનું અપહરણ કરવાનું વિચારી રહ્યો હતો.

અગાસી પર ઊતરેલો રુદ્રાંગ પોતાના વિદ્યાબળ વડે થોડી જ વારમાં રાજકુમારી કનકાવલીના શયનખંડમાં પહોંચી ગયો.

કનકાવલી એક પલંગ પર પાછલી રાતની મીઠી નિદ્રામાં લપેટાઈ ગઈ હતી. રુદ્રાંગ થોડી પળો રાજકન્યા સામે જોઈ રહ્યો. તેણે જોયું, નીચે બે દાસીઓ પણ ભરનિંદ્રામાં સૂતી છે. દાસીઓ જાગી ન જાય એટલા ખાતર પ્રથમ તેણે બંને દાસીઓ અને રાજકન્યા પર નિદ્રાકરી વિદ્યાનો ઉપયોગ કર્યો.

ત્યાર પછી તેણે ગુલાબનાં ફૂલ જેવી કનકાવલીને બંને હાથે ઉઠાવી અને પળનો યે વિલંબ કર્યા વગર ઝરૂખા વાટેથી તે સીધો આકાશ માર્ગે પોતાના વિમાનમાં પહોંચી ગયો.

વિમાનમાં બિછાવેલા એક આસન પર રાજકન્યાને સંભાળપૂર્વક ગોઠવી દીધી. રુદ્રાંગનું હૈયું ભારે ચંચળ બની ગયું હતું...આવી સુંદર નારીના ઉપભોગની ઈચ્છા તીવ્ર બની હતી...પરંતુ પોતાના સ્થાને પહોંચ્યા પછી કનકાવલીને પોતાની પ્રિયતમા બનાવવાનો તેણે મનથી સંકલ્પ કર્યો અને વિમાન આકાશમાર્ગે ગતિમાન થયું.

માંડ અર્ધઘટિકા વીતી હશે ત્યાં વિદ્યાધર રતિમોહન પોતાના વિમાન સહિત રાજભવનની વિશાળ અગાશી પર ઊતર્યો. તેણે વિદ્યા વડે રાજકન્યા કયાં છે, તે જાણવાનો પ્રયત્ન કર્યો અને વળતી જ પળે તેનું હૈયું ફફડી ઊઠયું. રુદ્રાંગ થોડી વાર પહેલાં જ રાજકન્યાને ઉઠાવી ગયાનું તે જાણી શકયો અને મનમાં ભારે ક્રોધ ખળભળી ઊઠયો.

એક પળનો યે વિલંબ કર્યા વગર તેણે પોતાના વિમાનને રુદ્રાંગના વિમાન પાછળ વહેતું કર્યું.

રુદ્રાંગ ખૂબ જ ખુશમિજાજમાં હતો. તેને એ કલ્પના નહોતી કે રતિમોહન પણ કનકાવલી પર મુગ્ધ બન્યો છે અને તે તેના અપહરણ માટે પાછળ પડયો છે.

રુદ્રાંગે પ્રથમ તો સીધા પોતાના મથકે જવાનો જ વિચાર કર્યો હતો. પરંતુ વિમાનમાં કનકાવલીને મૂકયા પછી તેના મનમાં થયું કે, એટલે દૂર જતાં રાત પડી જશે. અને આવું સુકુમાર યૌવન બાજુમાં પડયું હોય ને ધૈર્ય રાખવું પડે એ મૂર્ખાઈ જ કહેવાય... આમ વિચારીને તેણે વિંધ્ય પર્વતની એક ગુફામાં જવાનું વિચાર્યું, અને તેણે વિમાનને એ તરફ વાળ્યું...વળતી જ પળે મનમાં બીજો વિચાર આવ્યો...વિંધ્યની ગુફામાં પહોંચતા પહેલાં જો રાજકન્યાનું મન જીતી શકાય તો બળાત્કારનો આશ્રય ન લેવો. આવો વિચાર આવતાં જ તેણે નિદ્રાકરી વિદ્યા પાછી વાળી લીધી..

પૂર્વ ગગનમાં ઉષાનું હાસ્ય ઝગહળી રહ્યું હતું...

નિદ્રાકરી વિદ્યાનો પ્રભાવ દૂર થતાં અને અતિ શીતળ સમીર લહરીનો સ્પર્શ થતાં રાજકન્યા કનકાવલીએ નેત્રો ખોલ્યાં..નેત્રો ખૂલતાં જ તે સફાળી બેઠી થઈ ગઈ...કયાં પોતાનું રાજભવન ..કયાં પોતાની શય્યા . કયાં આ ગગનવિહાર...શું કોઈ સ્વપ્ન તો નથી ને? કનકાવલી આંખો ચોળીને આશ્ચર્યચકિત નજરે જોવા માંડી...સામેના જ આસન પર એક આધેડ પુરુષ બેઠો હતો...પુરુષ કદાવર હતો... તેની મૂછો ભરાવદાર હતી...તેના મસ્તક પર મુગટ હતો...તેના કંઠમાં મણિની માળા ઝૂલતી હતી...તેના હાથમાં ચળકતાં રત્નોની મુદ્રિકાઓ હતી...તેણે લાલ રંગનું પીતાંબર પહેર્યું હતું અને લીલા રંગનું કૌશેય ઉત્તરીય ધારણ કર્યું હતું...તેનો ચહેરો કંઈક વિકરાળ જણાતો હતો...રાજકન્યા બે પળ તેની સામે જોઈને પુનઃ આંખો

મીંચી ગઈ. આ શું બન્યું ? સ્વપ્ન તો લાગતું નથી...તો આમ બને કેવી રીતે ? આ કોણ હશે ? મને શા માટે અને ક્યાં ઉઠાવી જતો હશે ?

મુગ્ધ નજરે નિહાળી રહેલા રુદ્રાંગે કહ્યું, ‘ સુંદરી, ચિંતાનું કોઈ કારણ નથી...હું એક વિદ્યાધર છું.. તારા નવયૌવન પર મુગ્ધ બનીને તને મારી પ્રિયા બનાવવા લઈ જાઉં છું...’

‘ ઓહ.’ ક્રોધભરી નજરે કનકાવલીએ વિદ્યાધર સામે જોયું અને કહ્યું, ‘ તું વિદ્યાધર છે કે કોઈ દાનવ છે ? ’

‘ હું વિદ્યાધર છું...હું તને અનંત સુખના સામ્રાજ્યમાં લઈ જાઉં છું...’

‘પરંતુ તેં મને ..’ કનકાવલી વિશેષ બોલી શકી નહિ.

રુદ્રાંગે પોતાનો કઠોર સ્વર કંઈક મુલાયમ કરતાં કહ્યું, ‘ સુંદરી મેં તને તારી શય્યામાંથી મારી વિદ્યાશક્તિ વડે ઉઠાવી છે...’

‘ તું વિદ્યાધર નથી, પણ કોઈ દુષ્ટ પાપી અને દૈત્ય લાગે છે. વિદ્યાનો સ્વામી કોઈ દિવસ અબળાનું અપહરણ કરે નહિ...’

રુદ્રાંગ ખડખડાટ હસી પડયો ને હસતાં હસતાં બોલ્યો : ‘ સુંદરી, અપહરણ કરીને મનગમતી રૂપરાણીને ઉઠાવી જવી એ ક્ષત્રિયોની મરદાનગી ગણાય છે...તું જરાયે સંકોચ ન રાખ. હું તને પૃથ્વીના અતિ મનોહર સ્થળોએ ફેરવીશ... અત્યારે હું તને વિંધ્યાચળ પર્વતની એક ગુફામાં લઈ જાઉં છું, ત્યાં પહોંચ્યા પછી તારા રૂપયૌવન વડે મારી પ્યાસ બુઝવીશ અને તારાં સઘળાં અરમાનો પૂરાં કરીશ... કનકાવલી, તું દેવકન્યા કરતાં યે આકર્ષક છે.. હું મારી તમામ સંપત્તિ અને શક્તિ તારાં ચરણમાં બિછાવીને તારો દાસ બની રહીશ.’

‘ પાપી ! આર્ય કુમારિકાઓને શું તેં પ્યાસ બુઝવનારાં રમકડાં જેવી કલ્પી છે ? પોતાના પ્રાણ કરતાં ને આશાઓ કરતાં પણ આર્ય કન્યા શિયળને મહાન માને છે.. તું મને સત્વરે મારા રાજભવનમાં

મૂકી જા.' કનકાવલીએ ગુસ્સાભર્યા સ્વરે કહ્યું.

રુદ્રાંગે એક ભયંકર અટ્ટહાસ્ય કર્યું.

કનકાવલી કંપી ઊઠી...અને રુદ્રાંગ કંઈ ઉત્તર આપે તે પહેલાં જ તેના કાન પર એક અવાજ આવ્યો : 'રુદ્રાંગ, મારી ચીજ તું મૂકી દે...નહિ તો હું તારો નાશ કરીશ.'

આ અવાજથી રુદ્રાંગ ચમકયો. તેણે બહાર નજર કરી તો રતિમોહનનું વિમાન સાવ નજીક આવી પહોંચ્યું હતું.

સૂર્યોદય થઈ ગયો હતો.

રતિમોહનથી છટકવા રુદ્રાંગે પોતાના વિમાનની ગતિ વધારી મૂકી.

એ જ વખતે રતિમોહને સ્થંભન મંત્રનો પ્રયોગ કરીને રુદ્રાંગના વિમાનને થંભાવી દીધું. કનકાવલીએ નીચે જોયું...એક સુંદર સરોવર દેખાતું હતું. આ કયો પ્રદેશ હશે ?

રુદ્રાંગે પણ સ્થંભન મંત્ર વડે રતિમોહનના વિમાનને થંભાવી દીધું.

## પ્રકરણ ૫ મું : : આકાશી સંગ્રામ !

અને રતિમોહને એકબીજાનાં વિમાનો મંત્રબળે સ્થિર કરી નાખ્યાં.

રતિમોહને તરત પોતાનું ખડગ બહાર કાઢીને કહ્યું, 'રુદ્રાંગ, તું પાપી, નરાધમ અને સેતાન છે. તેં આજ સુધી ઘણી નવયૌવનાઓને પાયમાલ કરી નાખી છે, પરંતુ આજ તેં મારી પ્રિયતમા પર હાથ નાખીને તારા મોતને જ નિમંત્રણ આપ્યું છે...!'

'રતિમોહન, તારું કલ્યાણ ઇચ્છતો હો તો બકવાદ બંધ

કરીને ઘર ભેગો થઈ જા. મારું ભુજબળ બધા વિદ્યાધરોમાં જાણીતું છે. તને છેલ્લી ચેતવણી આપું છું કે તું ચાલ્યો જા...મારા માર્ગ વચ્ચે આવવામાં સાર નહિ કાઢે.'

રતિમોહને ઉત્તરમાં ખડગ સાથે પોતાના વિમાનમાંથી કૂદકો માર્યો અને હવામાં તરતો રુદ્રાંગના વિમાન તરફ ધસ્યો.

આ જોઈને રુદ્રાંગે પણ હાથમાં ખડગ લીધું અને પડકાર કરીને તે પણ રતિમોહનની સામે હવામાં તરતો નીકળી પડ્યો.

બંને ક્રોધથી ધમધમતા હતા અને બંનેનાં તેજદાર ખડગો એકબીજાનો પ્રાણ લેવા ઘૂમી રહ્યાં હતાં.

કનકાવલીએ બે પળ પર્યંત હવામાં જામેલો બે દુષ્ટોનો સંગ્રામ જોયો. ત્યાર પછી તેણે નીચે નજર કરી. તેના મનમાં થયું. આ બે દુષ્ટોમાંથી ગમે તે એક જીતી જશે અને મને ઉઠાવી જશે... મારે નસીબે તો ઊલમાંથી ચૂલમાં જ પડવાનું બનશે. એ કરતાં આ તકનો લાભ લઈને સરોવરમાં કૂદી પડવું શું ખોટું ? શિયળ જાય તે કરતાં પ્રાણ જાય એ વધારે ઉત્તમ છે.

પ્રાણનો ભય કંઈ નાનોસૂનો નથી. મરવું કોઈને ગમતું નથી. પરંતુ પોતાના આદર્શની રક્ષા કરવા ખાતર પ્રાણનું બલિદાન આપનારા માણસો સંસારમાં હોય જ છે.

કનકાવલી નીચે નિહાળી રહી હતી...એકાએક તેની નજર સરોવરના કિનારે ગઈ...કિનારા પરના એક વૃક્ષ નીચે બે મુનિવરો શાંતિથી બેઠા હતા...અને તેઓ વિદ્યાધરોનું યુદ્ધ જોઈ રહ્યા હોય એમ લાગતું હતું.

કનકાવલી તરત વિમાનના આસન પરથી ઊભી થઈ અને મનમાં ત્રણ નવકારમંત્ર ગણીને વળતી જ પળે સરોવરમાં કૂદી પડી.

બંને દુષ્ટાત્માઓ ઘોર સંગ્રામ ખેલી રહ્યા હતા. રુદ્રાંગના આઘાતથી રતિમોહન છટકી જતો અને રતિમોહનના ઘામાંથી રુદ્રાંગ

છટકી જતો.

જેના ખાતર બંને દુષ્ટો સંગ્રામ ખેલી રહ્યા હતા તે કનકાવલી સરોવરમાં કૂદી પડી હતી એ વાતનો ખ્યાલ બંનેમાંથી કોઈને નહોતો રહ્યો.

કનકાવલી સરોવરમાં ખાબકી. તેને બાલ્યકાળની જ તરતાં આવડતું હતું એટલે ઊંડા જળમાંથી થોડી જ વારે તે ઉપર આવી ગઈ...સરોવરનો કિનારો અતિ દૂર નહોતો. જ્યાં બે મુનિવરો બેઠા હતા તે સ્થળ તરફ રાજકન્યા કનકાવલી તરતી તરતી જવા માંડી.

વિમાનમાંથી ખાબકેલી રાજકન્યા તરફ બંને મુનિવરોનું ધ્યાન ગયું હતું અને તેઓ તરતી તરતી આવી રહેલી રાજકન્યા તરફ જોઈ રહ્યા હતા.

આકાશમાં અદ્ધર સ્થિર થયેલાં બંને વિમાનો પાસે બંને દુષ્ટો જીવસટોસટનો સંગ્રામ ખેલી રહ્યા હતા. બંનેમાંથી કોઈનું પલ્લું જય કે પરાજય તરફ હજી સુધી ઢળ્યું નહોતું.

હવે તો સૂર્યનો પ્રકાશ પણ સારી રીતે વિસ્તરી ચૂક્યો હતો.

ચૌદ પૂર્વનું જ્ઞાન ધરાવનારા શ્રેષ્ઠ અને સમર્થ મુનિવર મહાત્મા શ્રીધર પોતાના શિષ્ય સાથે તીર્થયાત્રા નિમિત્તે શ્રી સમ્મેતશિખરજી તરફ જઈ રહ્યા હતા અને રાત્રિકાળ વ્યતીત કરવા નિમિત્તે તેઓ આ સરોવરના કિનારે એક વૃક્ષના ઓથે રહ્યા હતા. સવારે પ્રાતઃકાર્ય અને ધર્મકરણીથી નિવૃત્ત થઈને બંને મહાત્માઓ વિદાય થવાના હતા. ત્યાં જ ઉપર આવી ચડેલાં બંને વિમાનો એમને દેખાયાં. બંને મુનિવરો વિશેષ જ્ઞાની હોવાથી તેમની દ્રષ્ટિએ આ વિમાનો અદ્રશ્ય રહી શક્યાં નહોતાં. વિમાનમાં કોણ હશે? એ પ્રશ્ન મનમાં જાગે તે પહેલાં જ બંને વિદ્યાધરો વચ્ચે સંગ્રામ છેડાયો. અને બંને મુનિવરો એમ ને એમ બેસી રહ્યા.

સરોવરમાં તરી રહેલી રાજકુમારી કનકાવલી કિનારે આવી ગઈ

અને સરોવરમાં સિક્તવસને બહાર નીકળી અને બંને મુનિવરો સામે વિનયાવનત ભાવે બે હાથ જોડીને બોલી : 'મહાત્મન, મારું રક્ષણ કરો. હું જલંધર દેશના રાજા ચંદ્રબાહુની કન્યા કનકાવલી છું. આજે પાછલી રાતે ઉપર યુદ્ધ ખેલી રહેલા વિદ્યાધરોમાંનો એક મને ઊંઘતી ઉઠાવીને પોતાના વિમાનમાં મૂકી આ તરફ લાવ્યો છે. અને પાછળથી બીજો કોઈ વિદ્યાધર એની પાસેથી મને લઈ જવા માટે વિમાનમાં આવી પહોંચ્યો છે. મારા નિમિત્તે બંને ઘોર સંગ્રામ ખેલી રહ્યા છે. બંને દુષ્ટો છે. જે કોઈ જીતશે તે મને પુનઃ ઉઠાવી જશે એટલે આપ કૃપાળુનું હું રક્ષણ માગું છું.'

ચૌદપૂર્વધારી મુનિશ્રી શ્રીધર મુનિએ શાંત સ્વરે કહ્યું, 'ભદ્રે, જેના હૈયામાં ધર્મ પ્રત્યે ભાવ હોય છે... તેનું રક્ષણ ધર્મ પોતે જ કરે છે. તું નિશ્ચિંત થા. આ વૃક્ષના ઓથે ઊભી રહે.'

સિક્તવસના સુંદરી કનકાવલી વૃક્ષના થડ પાસે ઊભી રહી ગઈ, શ્રીધર મુનિવરે ઊભા થઈ જાંગુલી નામની વિદ્યા વડે રાજકન્યાને રક્ષિત કરીને કહ્યું, 'ભદ્રે, ભય રાખીશ નહિ. એમાંથી કોઈ વિદ્યાધર તને અડકી શકશે નહિ. વિદ્યાનો પ્રભાવ તારું રક્ષણ કરશે.'

કનકાવલીના હૈયામાં આ શબ્દોથી ઘણું જ બળ મળ્યું. તેણે ફરીવાર ભાવપૂર્વક નમન કર્યું.

ઉપર યુદ્ધ કરી રહેલા બંને વિદ્યાધરો વિવિધ વિદ્યાના પ્રયોગો વડે સંગ્રામને ચગાવી રહ્યા હતા. દિવસનો પ્રથમ પ્રહર સમાપ્ત થાય તે પહેલાં જ રતિમોહન હારી ગયો અને પોતાના વિમાનમાં બેસી ગયો.

રુદ્રાંગે વાતાવરણને ખળભળાવી મૂકે એવું વિજયસૂચક અટ્ટહાસ્ય કરીને કહ્યું, 'જા.. તને જીવતો છોડું છું. ભવિષ્યમાં કોઈ દિવસ મારા જેવા મહાબલિ સામે પડકાર કરતો નહિ.'

રુદ્રાંગે રતિમોહનના વિમાનને છૂટું કર્યું. રતિમોહને પણ રુદ્રાંગના વિમાનને સ્થંભન મંત્રથી મુક્ત કર્યું.

હારેલો રતિમોહન લોહીલુહાણ હાલત સાથે પોતાના પ્રદેશ તરફ વિદાય થયો.

વિજયના ગર્વથી મલકાતો રુદ્રાંગ પોતાના વિમાનમાં આવ્યો અને કનકાવલીને ન જોતાં આશ્ચર્યચકિત બની ગયો.

યુદ્ધના કારણે રુદ્રાંગની કાયા પણ લોહીલુહાણ બની ગઈ હતી અને તેથી તે વધારે બિહામણો લાગતો હતો.

તેણે નીચે નજર કરી...વિદ્યા વડે જોયું. અને વળતી જ પળે તે હવામાં તરતો તરતો બંને મુનિઓ પાસે આવી પહોંચ્યો. પરંતુ પુણ્ય વગરનો માનવી ભંડારમાં પડેલી લક્ષ્મીનો સ્પર્શ કરી શકતો નથી, તે રીતે રુદ્રાંગ કનકાવલીને સ્પર્શ કરી શકયો નહિ...એની પાસે જતાં જ તેના દેહ પર લાખલાખ વીંછીના ડંખ જેવી પીડા થવા માંડી. વિદ્યા વડે જોતાં જ તે બધું સમજી ગયો અને શ્રીધરમુનિ સામે આવીને બોલ્યો, ' અલ્યા મુંડ ! તારી વિદ્યાનું રક્ષણ પાછું ખેંચી લે. તારા જેવા મુનિએ સંસારીઓના માર્ગ વચ્ચે ન આવવું જોઈએ.'

મહાજ્ઞાની મુનિવર આછું હસ્યા અને શાંત ભાવે બોલ્યા : ' ભાઈ, સંસારીઓના સુમાર્ગ માટે મુનિઓ કદી બાધક ન બને. પણ એના કુમાર્ગ વચ્ચે તો જરૂર આવે. તું એક વિદ્યાધર છો. તારી પાસે વિવિધ વિદ્યારૂપી સંપત્તિ શક્તિ છે એનો દુરુપયોગ કરીને તારું કલ્યાણ થશે, એમ માને છે ? એક નિર્દોષ કુમારિકાનું અપહરણ કરીને તેં કેવળ તારી જાતને નથી શરમાવી પણ તારી વિદ્યાને પણ શરમાવી છે. આર્ય કન્યાઓ કે સ્ત્રીઓને તો વિદ્યાવંતો તરફથી રક્ષણ મળવું જોઈએ. '

' તપ અને સાધનાથી મળેલી વિદ્યાનો ઉપયોગ હું મારા સુખ ખાતર કરી શકું છું...તું સત્વર મારી પ્રિયતમાને મંત્ર રક્ષણથી મુક્ત કર...નહિ તો મારે તને પણ ચમત્કાર બતાવવો પડશે !'

' વિદ્યાધર, જીવનના સંશોધનની તમો આ તક મળી છે...એ

તકનો સદુપયોગ કરીને તારા દોષને ગુણમાં પલટાવી લે...જેમાં પોતાનો સ્વાર્થ ભર્યો હોય તે સુખ કેવળ મનની એક નાશવંત કલ્પના જ હોય છે...આવા ક્ષણિક સુખ ખાતર વિદ્યાવંત પુરુષો પોતાની વિદ્યાનો કદી ઉપયોગ કરતા નથી. હે ભદ્રજન, રાજાએ આપેલાં રક્ષણ કદાચ તૂટી શકે...પણ મુનિએ આપેલાં રક્ષણ કદી નિષ્ફળ જતાં નથી. તું કનકાવલીને ભગિની માનીને ચાલ્યો જા...તારા કલ્યાણનો માર્ગ પ્રશસ્ત બનાવ.'

દુષ્ટ માનવીને સુમાર્ગનાં દર્શન થતાંનથી.રુદ્રાંગ ભારે ક્રોધિત બની ગયો હતો...એક તો યુદ્ધમાં તે ઘવાયો હતો. અને જેના ખાતર ઘોર સંગ્રામ ખેલ્યો હતો તે સુંદરી છટકીને મંત્રાશ્રયમાં સુરક્ષિત બની ગઈ હતી. તે લાલ નેત્ર મુનિ સામે જોઈને બોલ્યો : 'હવે હું સમજી ગયો...આ મદભરી નવયૌવનાએ તારા ચિત્તને પણ વલોવ્યું લાગે છે...પણ હું રુદ્રાંગ, કાળ કરતાં યે ભયંકર છું. મારું બગાડનારને હું કદી સુધરવા દેતો નથી.' આ પ્રમાણે કહીને તેણે વિદ્યા વડે એ જ પળે મહામુનિ શ્રીધરને સ્થભિત કરી દીધા...ત્યાર પછી તે વિકરાળ હાસ્ય કરતાં બોલ્યો : 'સૂર્યાસ્ત સુધીમાં જો તું મારી સ્થંભન વિદ્યાથી મુક્ત નહિ થઈ શકે તો સૂર્યનાં અંતિમ કિરણો વિદાય લેશે તે વખતે તું સદા માટે જડ બની જઈશ.'

આટલું કહીને રુદ્રાંગ આકાશ માર્ગે પોતાના વિમાન તરફ ચાલ્યો ગયો...

શ્રીધર મુનિના શિષ્ય અવાક્ બનીને આ બધું જોતા ઊભા હતા. શું કરવું તે તેમને સૂઝતું જ નહોતું.

રુદ્રાંગે પોતાના નિવાસ તરફ વિમાનને વાયુવેગે વહેતું કર્યું.

કનકાવલીનાં નયનો સજળ બની ગયાં હતાં તે બે હાથ જોડીને બોલી : 'મહાત્મન, મારા ખાતર આપના પર ભયંકર વિપત્તિ આવી પડી. આના કરતાં...' તે વાક્ય પૂરું કરી શકી નહિ...ડૂમો

આવતાં સ્વર રૂંધાઈ ગયો.

શ્રીધર મુનિ સ્થિર બની ગયા હતા...તેમની વાણી સ્થંભિત બની ગઈ હતી. તેમના શિષ્યે કહ્યું : 'ભાગ્યવંતી, તું જરાયે ખેદ કરીશ નહિ...મુનિઓ માટે તો વિપત્તિ એ આશીર્વાદરૂપ હોય છે... કર્મનિર્જરાનું કારણ બને છે.'

રાજકુમારીએ મહામુનિના શિષ્ય સામે જોઈને કહ્યું : 'મહાત્મન, શું ગુરુદેવને વિદ્યાના આ બંધનમાંથી મુક્ત કરવાનો કોઈ ઉપાય નથી ?'

'છે...પરંતુ આ નિર્જન પ્રદેશમાં શું થઈ શકે ? કોઈ બત્રીસ લક્ષણો પુરુષ ક્યાંથી આવી ચડે ?' મહામુનિના શિષ્યે નિરાશ ભાવે કહ્યું.

'મારાથી કશું ન થઈ શકે !' રાજકન્યાએ બીજો પ્રશ્ન કર્યો.

'ના, ભદ્રે...પણ ઉપસર્ગને મારા મહાન ગુરુદેવ કર્મ નિર્જરામાં પલટાવી દેશે.. એમના સામે નજર કર.. તેઓ નેત્રો બંધ કરીને ધ્યાનમગ્ન બની ગયા છે...'

કનકાવલી મુનિપુંગવ સામે સ્થિર નજરે નિહાળી રહી. તેના મનમાં થયું, અરેરે હું કેવી પાપિની છું...મારા ખાતર એક મહાન ત્યાગી મહાત્માને મંત્ર બંધનમાં ઝકડાવું પડયું...હું સરોવરના તળિયે જ ખૂંચી ગઈ હોત તો કેવું સારું થાત...અથવા કોઈ જળચર પ્રાણીએ મારો ગ્રાસ કર્યો હોત તો પણ મારા નિમિત્તે આ સંતપુરુષ પર વિપત્તિ ન આવત...હવે શું કરવું ?

શિષ્ય મુનિનું હૃદય પણ ગુરુદેવ પર આવી પડેલી આ વિપત્તિના કારણે વિચલિત બની ગયું હતું. આમ છતાં તેઓ શાંત ભાવે સ્થિર બની ગયેલા મહામુનિ સામે બેસી ગયા. તેમના મનમાં થયું.. આ નિર્જન પ્રદેશમાં કોઈ માનવી આવે તો પણ શું થાય ? બત્રીસ લક્ષણવાળો માનવી ક્યાંથી આવે ?

રાજકન્યાનાં ભીનાં વસ્ત્રો શુષ્ક થઈ ગયાં હતાં. તે પણ ત્યાં ને ત્યાં બેસી ગઈ હતી. તેના મનમાં પણ બત્રીસ લક્ષણો પુરુષ ક્યાંથી પ્રાપ્ત થાય એ પ્રશ્ન ભારે હલચલ મચાવી રહ્યો હતો.

થોડી વાર પછી કનકાવલીએ કહ્યું : 'મહાત્મન, આટલામાં કોઈ ગ્રામ, નગર કે પલ્લી હોય તો આપ મને બતાવો...હું ત્યાં જાઉં અને લોકોને અહીં બોલાવી લાવું.'

શિષ્ય મુનિએ કહ્યું, 'ભદ્રે આ સરોવરની આસપાસ ભયંકર વનપ્રદેશ આવેલો છે...નગરી ઘણી દૂર છે...તું એકલી જાય તે બરાબર નથી...કારણ કે વન પ્રદેશની વિપત્તિઓ સામી આવે...હું પણ ગુરુદેવને છોડીને જઉં તે બરાબર નથી...હવે તો ભવિષ્ય પર આધાર રાખીને અહીં બેસી રહેવું એ જ એક ઉપાય છે. શાસનદેવની કૃપાથી વિપત્તિ દૂર થવાની હશે તો અવશ્ય થશે.'

'શું આપ આ મંત્ર બંધનનું નિવારણ કરી શકો એમ નથી?

'નહિ ભદ્રે, ગુરુદેવ પોતે કરી શકવાને સમર્થ છે. પરંતુ સત્ત્વવંત પુરુષો પોતાના પ્રાણનો મોહ રાખતા નથી. પ્રાણના સ્વાર્થ ખાતર તેઓ કદી પ્રયત્ન કરતા નથી.'

'તો પછી સંધ્યા વીતી જશે ત્યારે?'

'કર્મરાજાની ઈચ્છા હશે તેમ થશે. વિદ્યાધરે કિલન વિદ્યા નામની સિદ્ધ વિદ્યાનો ઉપયોગ કર્યો છે. એના નિવારણનો કોઈ વિદ્યા પ્રયોગ હું જાણતો નથી. જે જાણું છું તે મારાથી કે તારાથી થવો શક્ય નથી.' શિષ્યમુનિએ કહ્યું.

રાજકન્યા કનકાવલી ભારે મનોવ્યથા અનુભવતી બેસી રહી અને મનમાં નવકાર મંત્રનું સ્મરણ કરવા માંડી. તેને શ્રદ્ધા હતી કે જે મહામંત્ર ભવબંધનની જાળમાંથી શાશ્વત સુખ અર્પણ કરવાની શક્તિ ધરાવે છે, તે મહામંત્ર સામાન્ય વિપત્તિઓને તો અવશ્ય નષ્ટ કરે જ છે.

શિષ્યમુનિ પોતાના ગુરુદેવ પ્રત્યે ખૂબ જ ભક્તિ રાખતા હતા.

તેઓ સમજતા હતા કે આવા મહાન ગુરુ પુણ્ય હોય તો જ સાંપડે છે...અને આવા ગુરુના પ્રતાપે જ મુક્તિનો માર્ગ સહેજ બને છે. તેઓ ગુરુદેવ સામે ચિંતાભરી નજરે જોતા બેસી રહ્યા. એક તો આ ભારે અટવી વચ્ચેનું સરોવર હતું, વળી, આટલામાં કોઈ નગરી, ગ્રામ કંઈ હતું નહિ, કોઈ માનવી પણ દેખાતો નહોતો. વળી વીંછી, સર્પ, હિંસક પ્રાણીઓ કે એવા પશુઓનો પૂરતો સંભવ હતો. સંધ્યા પહેલાં જો પ્રતિકારનો ઉપાય ન થઈ શકે તો ગુરુદેવ એક જ રાત્રિમાં જડત્વ ધારણ કરે. અર્થાત્ એમનો પ્રાણ કાયારૂપી ગઢમાંથી ચાલ્યો જાય. હવે શું કરવું ?

શિષ્યમુનિ વારંવાર ઊભા થતા અને ચારે તરફ નજર કરી લેતા. પરંતુ ફરતી અટવી સિવાય કશું નહોતું દેખાતું. એક માત્ર આ પ્રાકૃતિક સરોવર શોભાયમાન લાગતું હતું. ગઈ રાત્રે તેમણે ગુરુદેવ સાથે આ સ્થળે વિશ્રામ લીધો હતો. પરંતુ કોઈ દુર્ઘટના નહોતી. હિંસક જાનવરોના અવાજો સંભળાતા હતા. કેટલાક ભયંકર સર્પો પણ આસપાસ દેખાયા હતા. એક તો મણિધર સર્પ નીકળ્યો હતો અને તેના મણિનો પ્રકાશ ચાંદની રાતનું ભાન કરાવી ગયો હતો. અટવી ભયંકર હોવા છતાં રાત્રિ નિર્વિઘ્ને પૂરી થઈ હતી. ધર્મક્રિયા કરીને પ્રવાસ શરૂ કરવાનો હતો. ત્યાં વિમાન દેખાયું. બે વિદ્યાધરોનો સંગ્રામ થયો.

આવા વિચારો કરી રહેલ શિષ્ય મુનિએ ફરી એક વાર ઊભા થઈને ચારે તરફ નજર કરી. કોઈ મનુષ્ય દેખાતું નહોતું. ક્યાંથી દેખાય ? આ તો એક વિકટ અટવી હતી. અટવીમાં કોઈ રાજમાર્ગ હતો નહિ કે જેથી વટેમાર્ગુઓ અથવા સાર્થવાહનોની વણઝારો આવજા કરે ! આ માર્ગેથી પ્રવાસ કરવાનું એટલા માટે વિચાર્યું હતું કે મહાતીર્થ સમ્મેતશિખરજીનો પંથ ટૂંકો થઈ જાય અને ચારેક દિવસ પહેલા ત્યાં પહોંચી શકાય.

શિષ્યમુનિએ વૃક્ષના ઓથે બેઠેલી રાજકન્યા સામે જોયું. મુનિના હૃદયમાં ભારે કરુણા ઊભી થઈ. જો કોઈ સુયોગ્ય માનવી નહિ મળે તો આ કન્યાનું શું થશે?

મેં તો નિશ્ચય કર્યો છે કે જો દેવગુરુને મંત્રબંધનમાંથી મુક્તિ ન મળે તો આ જ સ્થળે અનશન કરવું અને આ બિચારી રાજકન્યા ક્યાં જશે? સંભવ છે કે એ પણ આ સ્થળે જ મૃત્યુને ભેટવા તૈયાર થાય! ઓહ, કર્મરાજની લીલા કેવી વિચિત્ર છે! ખરેખર, કર્મની રમતને ન સમજનારાઓ જ પરેશાન થતા હોય છે.

સૂર્યનારાયણ મધ્યાકાશમાં બિરાજતા હતા. હવે માત્ર બે પ્રહર સુધી જ દિવસ રહેશે, ત્યાર પછી સંધ્યા ને રાત્રિ.

અને...

શિષ્યમુનિ આગળ વિચારે તે પહેલાં જ અટવી તરફ કંઈ અવાજ થતો હોય એમ તેમને થયું.

તેઓ તરત ઊભા થયા અને અટવી તરફ જોવા માંડ્યા. કંઈ દેખાતું નહોતું. પરંતુ કોઈ અશ્વનો પદરવ હોય એવું અનુમાન થઈ શકતું હતું.

ગ્રીષ્મના ઉત્તાપથી બચવા પંખીઓ વૃક્ષોની ડાળીઓમાં કલરવ કરતાં વિશ્રાંતિ લઈ રહ્યાં હતાં. કેટલાંક નાનાં નાનાં પશુઓ ને પંખીઓ તૃષા છિપાવવા સરોવરના કિનારે પણ આવી ચડયાં.

સ્થિર નજરે જોઈ રહેલા શિષ્ય મુનિના વદન પર એકાએક પ્રસન્નતા નાચી ઊઠી.

એક અશ્વારોહી દેખાયો.

અરે, આ શું? આ પણ કર્મરાજાની કોઈ લીલા હશે?

અશ્વારોહી સરોવર તરફ જ આવી રહ્યો હતો.

## પ્રકરણ ૬ ઠું : : નળનું સાહસ

ગંગા સમી પવિત્ર નદીના જળ વડે જેની ધરતી મંગલમય અને રોગરહિત બની છે તે આર્યાવર્તમાં આવેલા નિષધ દેશના મહારાજા વીરસેન સમગ્ર રાષ્ટ્રમાં મહાપ્રતાપી, પ્રજાવત્સલ અને ઉદારતાની મૂર્તિ સમા પ્રસિદ્ધ થયા હતા.

તેઓની નિષધા નગરી વિરાટ હોવા છતાં સુખ, સમૃદ્ધિ અને સંતોષની છબી સમાન હતી. જનતાને કોઈ પાંતીનું કષ્ટ નહોતું... કોઈ પ્રકારની ફરિયાદ નહોતી. જે રાજા પોતાને પ્રજાનો હમદર્દ માનતો હોય તે રાજાના રાજ્યમાં જનતાને કોઈ વાતનું દુઃખ હોતું નથી.

મહારાજા વીરસિંહને ઘણી રાણીઓ હતી...એમ રૂપવંતી નામની ગુણવાન અને ઉદાર હૃદયા રાણી પટમહિષી હતી. તેણે એક પુત્રને જન્મ આપ્યો હતો. પુત્ર સૂર્ય સમાન તેજસ્વી અને ઈન્દ્ર સમાન રૂપવાન હતો. રાજપુત્રના અંગ પરના ચિહ્નો, લક્ષણો, અને જન્મગ્રહો જોઈને જ્યોતિષીઓએ નક્કી કર્યું હતું કે, ' આ ત્રણે લોકમાં મહાન પ્રતાપી બનશે. ધર્મ ખાતર અર્પણ કરાયેલું ધન આ યુવરાજ હરી નહિ લે...પરંતુ ઉદાર હૃદયે આપ્યા જ કરશે.'

જ્યોતિષી આચાર્યોના આવા અભિપ્રાય પછી રાજ પરિવારે યુવરાજનું નામ નળ રાખ્યું.

ત્યાર પછી થોડા વરસે એક અન્ય રાણીએ પુત્રનો જન્મ આપ્યો. તેનું નામ કુબેર પાડયું.

વરસોને વિદાય લેતાં વાર લાગતી નથી. યુવરાજ નળ નવજવાન બની ગયો. કાર્તિકેય સમાન પરાક્રમી નળકુમારે છ અંગો,

ચાર વેદો ષટ્દર્શન, ષટ, રસશાસ્ત્ર, ષટભાષા તત્ત્વ, રાજનીતિ, વગેરે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોવાથી તેના વદન પર જ્ઞાનનું તેજ સ્થાયી બન્યું હતું. જ્ઞાનવંત પુરુષોનાં નયન વદને જ્ઞાન પ્રભા વિસ્તરતી હોય છે.

નળકુમાર જેમ જ્ઞાની હતો, તેમ અસ્ત્રવિદ્યામાં પણ અજોડ હતો...કારણ કે તે યુવરાજ હતો અને ભવિષ્યમાં રાજ્યનો બોજો પોતાને જ સંભાળવો પડશે એ નિશ્ચિત હતું ભુજબળ વગરનો રાજવી રાજ્યનો બોજો ઉઠાવી શકતો નથી...અને ઉઠાવે તો તેના કમજોર હાથ રાજ્યનું રક્ષણ કરી શકતા નથી.

ગઈ કાલે સવારે યુવરાજ નળ પોતાના સાથીઓ સાથે અશ્વ-ક્રીડા નિમિત્તે નગરીની બહાર નીકળી ગયો હતો...

ઉત્તમ અશ્વ હોય, અંગમાં યૌવન હોય, અશ્વચાલનનો રસ હોય અને નિશ્ચિંત મન હોય...પછી સમયની પરિભાષા આડી આવતી જ નથી.

અશ્વક્રીડા કરતાં કરતાં તેઓ ખૂબ દૂર નીકળી ગયા...એક સ્થળે બધા સાથીઓ સાથે તેણે સાથે રાખેલા પાંથેયનો મધ્યાહ્ન ભોજન તરીકે ઉપયોગ કર્યો...પરંતુ નગરી તરફ પાછા ન ફરતાં તેઓ જરા આગળ વધ્યા.. સંધ્યા સમયે સહુ આ વિરાટ અટવીમાં આવી પહોંચ્યા. અને યુવરાજ નળકુમારનો અશ્વ એકાએક ચમક્યો.. આડેધડ વાયુ વેગે જતો અશ્વ અટવીના મધ્ય ભાગમાં પહોંચી ગયો... ભયંકર રાત હતી...હિંસક પ્રાણીઓ, ઘણાં હતાં...કોઈ સ્પષ્ટ માર્ગ નહોતો. બધા સાથીઓથી પોતે સાવ અલગ થઈ ગયો હતો...

પરંતુ યુવરાજને આ અટવીનો પરિચય હતો...કારણ કે પોતાના જ રાજ્યનું આ મહાવન હતું.

છેવટે આખી રાત અશ્વને ચલાવતાં ચલાવતાં પણ તે કોઈ

માર્ગ શોધી શક્યો નહિ. ઘણી વાર દિશા ભ્રમ થાય છે ત્યારે પોતે કઈ તરફ જઈ રહેલ છે તેની કલ્પના આવી શકતી નથી.

ક્ષુધાનો સંતાપ તો સહી શકાય...પરંતુ તૃષાનો સંતાપ સહવો ભારે કઠણ થઈ પડે છે. ક્ષુધા અને તૃષાની પીડા માત્ર યુવરાજ નળને નહોતી...પરંતુ અબોલ પશુ અશ્વને પણ હતી. અશ્વ જાતવાન હતો એટલે પોતાના સ્વામીના ઈશારે ચાલી રહ્યો હતો.

યુવરાજ નળને આ અટવીની ખબર હતી...અને તેણે ઘણી વાર એ પણ સાંભળ્યું હતું કે આ મહા અટવીમાં એક અતિ નિર્મળ, સુંદર અને મનોહર એવું પ્રાકૃત્રિક સરોવર છે...સરોવરના કિનારે ઉત્તમ ફળ આપનારાં વૃક્ષો પણ છે. જો આ સરોવર મળી જાય તો વિશ્રામ લઈ શકાય અને ત્યાર પછી નિરાંતે નિષધા તરફ જઈ શકાય.

નવજવાન યુવરાજ નળને બીજો તો કોઈ ભય નહોતો. તેની કમરે તલવાર ઝૂલી રહી હતી અને તેને પોતાના બાહુબળ પર પૂરતો વિશ્વાસ હતો...પરંતુ ક્ષુધાના નિવારણ કરતાં તૃષાના નિવારણનો પ્રશ્ન ભારે વિષમ બની ગયો હતો. ગ્રીષ્મ ઋતુ હોવા છતાં. વનપ્રદેશ ઘણો ગાઢ હતો...માર્ગમાં બેત્રણ ગંદાં જળાશયો મળેલા .. પરંતુ સરોવરની આશાએ તેણે પોતાના નિશ્ચયનું પરિવર્તન કર્યું અને છેક મધ્યાહ્ને તે સરોવરને જોઈ શક્યો.

શિષ્ય મુનિએ અશ્વારોહીને જોઈને પ્રસન્નતા અનુભવી હતી તે અશ્વારોહી અન્ય કોઈ નહિ પણ નિષધ દેશનો યુવરાજ નળ હતો.

નળ સરોવરને જોઈને હર્ષમાં આવી ગયો હતો...અશ્વ પણ રંગમાં આવી ગયો હતો...નળની નજર કિનારે ઊભેલા મુનિ પર નહોતી ગઈ...તે સીધો અશ્વ સહિત કિનારા પાસે આવી પહોંચ્યો. અશ્વ પરથી નીચે ઊતરીને સરોવર કિનારાના વૃક્ષ નીચે અશ્વ પરનો સામાન ઉતાર્યો. સહુથી પ્રથમ તેણે અશ્વને જળપાન કરાવ્યું...ત્યાર પછી અશ્વને કિનારા પરનું ઘાસ ચરવા છૂટો મૂકી

દીધો અને પોતે હાથ મુખ ધોઈ થોડું જળપાન કરી વસ્ત્રો કાઢયાં અને સરોવરમાં સારી રીતે સ્નાન કર્યું. ત્યાર પછી એક આમ્રવૃક્ષ પરથી પરિપકવ કેરીઓ ઉતારીને ક્ષુધાનું નિવારણ કર્યું.

અને એકાએક તેની દ્રષ્ટિ થોડે દૂર ઊભેલા મુનિ પર પડી. તે તરત વંદન કરવા ઉતાવળે પગલે મુનિ પાસે ગયો અને ત્યાંનું સમગ્ર દ્રશ્ય જોતાં જ તે અવાક બની ગયો.

એક નવજવાન સુંદર તરુણી વૃક્ષ નીચે બેસીને કંઈક સ્મરણ કરતી હોય તેમ લાગ્યું...તેનાં નેત્રો બંધ હતાં. છતાં સજળ બની ગયાં હતાં. નળના હૃદયમાં થયું...આ નારીને કંઈ વિપત્તિ આવી પડી હશે ?

એક વૃક્ષના થડ પાસે મહામુનિ ધ્યાનસ્થ દશામાં ઊભા હતા...તેમના નેત્રો નિમિલિત હતાં...

અને બીજા મુનિ આશ્ચર્યભરી નજરે પોતા સામે જોઈ રહ્યા હતા.

યુવરાજ નળે શિષ્ય મુનિને વિધિવત્ નમન કર્યાં...

શિષ્ય મુનિએ ગંભીર સ્વરે કહ્યું : 'ધર્મલાભ !'

'મહાત્મન, આપ આવા નિર્જન સ્થળે ?'

'ભાગ્યવંત, ત્યાગીઓનો નિવાસ તો નિર્જન સ્થળે જ હોય... પરંતુ મારા ગુરુદેવ અહીંથી વિહાર કરે તે પહેલાં જ એક ભયંકર ઉપસર્ગ ઊભો થયો.' આ પ્રમાણે કહીને શિષ્ય મુનિએ આજની ઘટના કહી સંભળાવી.

આ ઘટના સાંભળતાં જ યુવરાજ નળનાં રોમાંચ ખડાં થઈ ગયાં...તે વિચારમાં પડી ગયો.

શિષ્ય મુનિએ કહ્યું, 'જુવાન પુરુષ, તને જોઈને મારા હૃદયમાં આશા પ્રગટી હતી કે ગુરુદેવનો ઉપસર્ગ અવશ્ય દૂર થઈ શકશે... કારણ કે તું બત્રીસ લક્ષણોથી યુક્ત છે...તારાં નયનોમાં પૃથ્વી પર રાજ કરનારા ચક્રવર્તી જેવું તેજ છે...તારો ચહેરો સૌમ્ય છતાં નિશ્ચય

બળવાળો છે...

યુવરાજે કહ્યું, ' મહાત્મન, આવું કાર્ય જો હું કરી શકીશ તો ધન્ય બની જઈશ મને આજ્ઞા કરો...'

કનકાવલી નવકાર મંત્રનું આરાધન પૂરું કરીને આ નવજવાન, તેજસ્વી અને અતિ શિષ્ટ લાગતા રાજકુમાર સામે જોઈ રહી હતી.

શિષ્ય મુનિએ કહ્યું, ' તારો શુભ પરિચય...'

નળે નમન કરીને કહ્યું, ' મહાત્મન, આ ભૂમિ નિષધ દેશના નામથી પ્રસિદ્ધ છે...લગભગ અહીંથી સોએક કોસ દૂર નિષધા નગરી છે...નિષધ દેશના સ્વામી મહારાજા વીરસિંહ છે. હું તેમનો જ્યેષ્ઠ પુત્ર છું.. મારું નામ નળ છે...આપ કોઈ પ્રકારનો સંકોચ રાખ્યા વગર મને આજ્ઞા કરો.'

' કુમાર, પુંડરીક નામના શાશ્વતા પર્વત પર ભગવાન આદિનાથ પ્રભુનું એક ભવ્ય જિનાલય છે...એ જિનાલયની પાછળ એક મંગલકારી રાયણનું વૃક્ષ છે...એની પાછળ એક નાનું ઉપવન છે... આ ઉપવન સિદ્ધવનના નામથી વિખ્યાત છે...સિદ્ધવનમાં અનેક દિવ્યૌષધિઓ થાય છે...એમાં માયાનિર્મૂલિની નામની એક દિવ્યૌષધિ છે. આ ઔષધિ એ અઢી હાથ ઊંચી હોય છે...તેને પાંચ પાંચ શાખાઓના પાંચ વિભાગ વિસ્તરે છે...દરેક શાખામાં પાંચ પાંચ પલ્લવના ફણગા હોય છે અને દરેક શાખામાં માત્ર પાંચ જ ફૂલ હોય છે...આ પુષ્પનો રંગ અરુણાભ છે...આવી એક શાખા જો કોઈ બત્રીસ લક્ષણો પુરુષ આજ સૂર્યાસ્ત પહેલાં લાવી શકે તો વિદ્યાધરનું મંત્રબંધન નષ્ટ કરી શકાય...જો એ ન બને તો રાત્રિકાળે ચૌદપૂર્વધારી ગુરુદેવની કાયા હંમેશ માટે જડ-નિશ્ચેતન બની જાય. આવી દિવ્ય ઔષધિ સત્ત્વશીલ, સાહસિક, સમર્થ અને શ્રેષ્ઠ પુરુષ જ લાવી શકે છે. એવાં બધાં લક્ષણો મને તારામાં દેખાયાં છે.'

નળકુમારે આકાશ સામે નજર કરી...મધ્યાહ્ન વીતી રહ્યો હતો.

અને સંધ્યા સુધીમાં કોઈ પણ ઉપાયે શત્રુંજયના મહાપર્વત પર જઈને આવી શકાય તે અશક્ય હતું...જ્યાં જતાં આવતાં વીસથી વધારે દિવસો લાગે ત્યાં એક દોઢ પ્રહરમાં કેવી રીતે જઈ આવી શકાય ? નળે બે હાથ જોડીને કહ્યું ' મહાત્મન, આ સિવાય બીજો કોઈ ઉપાય નથી ?'

' છે...પરંતુ એ ઉપાય ગુરુદેવ પોતે જાણે છે...હું નથી જાણતો. અને સત્ત્વશીલ મહાત્માઓ જીવવા ખાતર કશો પુરુષાર્થ કરતા નથી .. વળી, મંત્રબંધનના કારણે આવેલી જડતાના અંગે તેઓ આત્મદર્શન અર્થે ધ્યાનસ્થ બની ગયા છે. રાજકુમાર, જો આ કાર્ય નહિ બને તો ગુરુદેવનો દેહ ઢળી પડશે.. હું પણ ગુરુવિયોગે આ સ્થળે જ અનશન ધારણ કરીશ અને આ રાજકન્યા પણ બચી શકશે નહિ... આમ, ત્રણ કાયાઓનો અંત આવશે...તું શક્તિ સંપન્ન અને બત્રીસ લક્ષણોથી યુક્ત છે, એટલે તું કાર્ય નિર્વિઘ્ને કરી શકીશ.'

' ભગવંત, હું તૈયાર છું...પણ એક જ પ્રહરમાં એટલે દૂર પાછા ફરવું એ માનવી માટે શક્ય નથી. મારો અશ્વ ઉત્તમ જાતિનો તેજસ્વી છે. હું પણ યમરાજથી ભય ન પામું એવો નીડર છું.. પરંતુ હું શું કરું ? એક પ્રહરના ગાળામાં એટલે દૂર જવું ને આવવું મારા માટે કે મારા તેજસ્વી અશ્વ માટે કોઈ પણ દ્રષ્ટિએ શક્ય નથી. જો એ દુષ્ટ વિદ્યાધર અહીં હોત તો હું એની સામે સંગ્રામ ખેલીને એને અવશ્ય પરાજિત કરત...પણ...'

શિષ્યમુનિએ પ્રસન્ન સ્વરે કહ્યું ' નળકુમાર, સમયની ચિંતા કરવાની કોઈ જરૂર નથી, હું તને એક મંત્ર આપું છું...એ મંત્રના પ્રભાવે તારો અશ્વ માત્ર એક ઘટિકામાં ત્યાં પહોંચી જશે...'અશ્વકલા.' નામનો એ મંત્ર સમયની મુશ્કેલી દૂર કરશે...પરંતુ સિદ્ધવનમાં જઈ એ દિવ્યૌષધિ લાવવી તે કામ ભારે કપરું છે...હું તને ફરી વાર એ દિવ્યૌષધિનો પરિચય આપી દઉં.' આમ કહીને શિષ્ય

મુનિએ માયાનિર્મૂલિની નામની ઔષધિનું ફરી વાર સ્વરૂપ બતાવ્યું અને ઉમેર્યું, 'ભદ્રપુરુષ, એ ઔષધિની આસપાસ હિંસક વિષધરો હોવાનો સંભવ છે...સાહસિક માણસ સિવાય એની ડાળખી લાવવી તે સહજ નથી.'

'મહાત્મન, આપ મને અશ્વકલાનો મંત્ર આપો...હું અવશ્ય માયાનિર્મૂલિનીની એક શાખા લઈ આવીશ...મને કોઈ વિપત્તિ કે કોઈ શક્તિનો જરાયે ભય નથી...વળી, આપ સમ મહાત્માના આશીર્વાદ મારું રક્ષણ કરશે એવી મારી અટલ શ્રદ્ધા છે આમ છતાં મારું કંઈ અનિષ્ટ થશે તો એક સત્કાર્ય કરવા જતાં થનારું અનિષ્ટ મારા જીવનનો સંતોષ બની જશે.'

શિષ્ય મુનિએ નળના ઉત્તમ વિચારો પર પ્રસન્નતા પ્રગટ કરી અને 'અશ્વકલા' નામનો મંત્ર આપ્યો.

મંત્ર પ્રાપ્ત કર્યા પછી નળે મુનિને નમન કરીને કહ્યું, 'આપ નિશ્ચિંત રહેજો...હું સંધ્યા પહેલાં બે ઘટિકાએ પાછો આવી પહોંચીશ.

આમ કહીને તે ધ્યાનસ્થ મુનિવરને વંદન કરી પોતાના અશ્વ પાસે ગયો.

અશ્વ એટલામાં જ ચરતો હતો. અશ્વની પીઠ થાબડી નળે તેની પીઠ પર કાઠું વગેરે ગોઠવી દીધું...અને મુનિશ્રીએ આપેલો મંત્ર અશ્વના કાનમાં ત્રણ વાર કહીને તરત તે સવાર થઈ ગયો.

શિષ્યમુનિ અને કનકાવલી સ્થિર નજરે નળ તરફ જોઈ રહ્યાં હતાં.. નળ અશ્વ સહિત થોડી જ પળોમાં આકાશમાર્ગે અદ્રશ્ય થઈ ગયો.

મંત્રશક્તિ મહાન છે.. મંત્ર વિજ્ઞાન એક શ્રેષ્ઠ વિજ્ઞાન છે. એ વાત પ્રત્યે યુવરાજ નળને દૃઢ વિશ્વાસ હતો. પરંતુ એ શકિતનો તાદ્રશ્ય પરિચય થવાથી તેનું હૃદય અતિપ્રસન્ન બની ગયું.

અશ્વની ગતિ કલ્પી ન શકાય એવી વેગવંતી હતી...જાણે થોડી

જ પળોમાં સમગ્ર પૃથ્વીને પ્રદક્ષિણા દઈ શકાશે એમ નળને લાગતું હતું...

તે માત્ર અર્ધ ઘટિકામાં પુંડરિક ગિરિવર પર પહોંચી ગયો. શ્રી ઋષભદેવ ભગવંતના વિરાટ મંદિર સામેના ભવ્ય પ્રાંગણમાં અશ્વ ઊભો રહ્યો.

સૌથી પ્રથમ યુવરાજ નળ અશ્વ પરથી ઊતરીને પ્રથમ જિન પતિને વંદના કરવા મણિરત્નથી શોભતા જિનાલયમાં દાખલ થયો.

જે પુણ્યશાળી હોય, ભાવિક હોય અને નિર્ભય ચિત્ત હોય તે માનવી જ પ્રથમ જિનપતિની આ રત્નમય પ્રતિમાનાં દર્શન પામી શકે.

યુવરાજ નળે ભાવભર્યા હૃદયે ભગવંતનાં દર્શન કર્યાં અને સૂર્ય જેવા તેજસ્વી રત્નમાંથી નિર્માણ કરેલી આ દિવ્ય પ્રતિમાને હૃદયમાં સ્થાપીને બહાર નીકળ્યો.

મંદિરની પશ્ચિમે જ મહામંગલમય રાયણવૃક્ષ હતું. રાયણ વૃક્ષ નીચે પ્રથમ જિનપતિનાં પગલાં હતાં. આ પવિત્ર સ્થળને વંદન કરીને નળ પાછળ આવેલા સિદ્ધવનમાં ગયો...માયાનિર્મૂલિની નામની દિવ્ય ઔષધિના ચાર છોડ એક તરફ દેખાયા...નળે એ પણ જોયું કે એ ઔષધની આસપાસ લીલા રંગના શ્યામલ રંગના અને ભયંકર વિષધરો પડયા છે...દ્રષ્ટિ માત્રથી પ્રાણ હરી લે એવા વિષધરો પણ આરામથી પડયા છે...

નળ દબાતા પગલે તે ઔષધિ પાસે ગયો અને કમરે લટકતી તલવાર મ્યાનમુક્ત કરીને એક જ ઝાટકે એક ડાળી કાપીને ઉઠાવી લીધી.

ત્યાં બેઠેલા વિષધરો સંચળ બન્યા પણ તે પહેલાં જ નળ દિવ્ય ઔષધિની ડાળ લઈને ચાલતો થયો.

જિનાલયના પ્રાંગણમાં કેટલાક માણસો ઊભા હતા...પરંતુ નળ પાસે કોઈ સાથે વાત કરવાનો યે સમય નહોતો. તે સીધો

પોતાના અશ્વ પાસે ગયો...

બરાબર એ જ વખતે શ્યામલ રંગનો એક વિષધર નળના પગલે પગલાં દબાવતો ધૂંવાપૂંવા થતો અને ક્રોધાયમાન દેખાતો આવી રહ્યો હતો.

વિષધરને જોતાં જ ત્યાં ઊભેલા માણસોએ કલરવ કરી મૂકયો...

અને વિષધર અશ્વ પાસે પહોંચે તે પહેલાં જ યુવરાજ નળે અશ્વના કાનમાં ત્રણ વાર અશ્વકલાનો મંત્ર બોલીને ઉપર સવાર થઈ ગયો અને અશ્વ વળતી જ વિપળે નક્ષત્ર વેગે ગગન માર્ગે ગતિમાન થયો.

ક્રોધાયમાન થયેલો વિષધર આકાશ સામે જોઈને જે રીતે આવ્યો હતો તે રીતે સિદ્ધવન તરફ ચાલ્યો ગયો.

આ મહાન ગિરિવર ઉપર યાત્રાએ આવવું એ ભારે કઠિન ગણાતું...છતાં કોઈ કોઈ યાત્રિકો પુણ્યબળે આવી પહોંચતા...

પ્રાંગણમાં ઊભેલા યાત્રિક અને રક્ષકો આશ્ચર્યચકિત નજરે આકાશ તરફ જોઈ રહ્યા હતા. તેઓ કશું સમજી શકયા નહિ.. આવેલો નવજવાન શું કોઈ વિદ્યાધર હશે, કોઈ દેવ હશે કે કોઈ દિવ્ય પુરુષ હશે...? માનવી આ રીતે પ્રવાસ કરે તે કોઈને શકય લાગતું નહોતું.

નળનો અશ્વ થોડી જ વારમાં અદ્રશ્ય થઈ ગયો.

એક રક્ષકે કહ્યું, ' આ દેવ હોય કે ગમે તે હોય પણ ભારે સાહસિક હતો એમાં કોઈ સંશય નથી. સિદ્ધવનમાં જઈને એક પાન લાવવું એ પણ મોતને ભેટવા બરાબર ગણાય છે અને આ તેજસ્વી જુવાન એક ડાળી લઈને ચાલ્યો ગયો...આવું ભાગ્યે જ બને છે.'

લોકોએ ફરી વાર જે દિશાએ નળનો અશ્વ ગયો હતો તે દિશા તરફ નજર કરી...પણ દ્રષ્ટિની મર્યાદા માનવીની જિજ્ઞાસાને તૃપ્ત કરી શકતી નથી.

## પ્રકરણ ૭ મું : : લગ્ન

યુવરાજ નળ ધાર્યા કરતાં ઘણો વહેલો આવી પહોંચ્યો. માત્ર અઢી ઘટિકામાં.

નળને આવેલો જોઈ કનકાવલીનો ચહેરો ભારે હર્ષમાં આવી ગયો અને શિષ્યમુનિ પણ ઉત્ફુલ્લ નજરે તેના સામે જોઈ રહ્યા.

અશ્વ પરથી નીચે ઊતરી નળે શિષ્ય મુનિને નમન કર્યાં અને માયાનિર્મૂલિની નામની દિવ્ય વનસ્પતિની એક શાખા રજૂ કરતાં કહ્યું, 'મહાત્મન, ધર્મની કૃપાથી આપે મંગાવેલી દિવ્ય ઔષધિ પ્રાપ્ત થઈ શકી છે.'

'યુવરાજ, તારા પુણ્યનો પ્રભાવ પણ કામ કરી ગયો છે...' કહી શિષ્ય મુનિએ ડાળખી હાથમાં લીધી. ત્યાર પછી ત્રણ નવકાર ગણીને ડાળખી જળમાં ઝબોળી અને કંઈક મંત્રોચ્ચાર સાથે મહા-મુનિ પર તે ડાળખી નખશિખ પસારી. સહુના આશ્ચર્ય વચ્ચે એ દિવ્યૌષધિનો પ્રભાવ દેખાવો શરૂ થયો. મુનિવર શ્રીધર મહારાજની જડરૂપ બની ગયેલી કાયામાં સંચાર શરૂ થયો. વિદ્યાધર રુદ્રાંગે મૂકેલી કિલનવિદ્યા નષ્ટ થવા માંડી અને થોડી જ પળોમાં મુનિ-શ્રીએ સહુના સામે નજર કરી...કનકાવલી બોલી ઊઠી, 'ભગવાન, મારા નિમિત્તે આપે ઘણું કષ્ટ સહન કર્યું.. હું એ દોષમાંથી કેવી રીતે છૂટી શકીશ ?'

ચૌદપૂર્વધારી મહામુનિએ પ્રસન્ન સ્વરે કહ્યું ભદ્રે ! દુઃખ, વિપતિ, કષ્ટ, વેદના એ સહુ અમારા માટે અમૃતસમાન હોય છે તુ મનમાં જરાયે સંતાપ સેવીશ નહિ...તારો કોઈ દોષ નથી...કર્તવ્ય

બજાવતાં કોઈ વિપત્તિ આવે તો તે હસતા હૈયે પચાવી લેવી જોઈએ.

યુવરાજ નળ બે હાથ જોડી, મસ્તક નમાવીને ઊભો હતો. શિષ્ય મુનિએ કહ્યું : 'ગુરુદેવ, નિષધદેશના યુવરાજ નળનું અહીં આકસ્મિક આગમન ન થયું હોત તો...'

વચ્ચે જ મહામુનિએ કહ્યું : 'પરમ ઉપકાર કરવાનું પુણ્ય પ્રાપ્ત થવાનું હતું એટલે જ નળને આ સ્થળે એકાએક આવવું પડયું...પછી નળ સામે જોઈને મહામુનિ બોલ્યા : 'રાજકુમાર ! પરમાત્માના સમગ્ર વિશ્વને પવિત્ર કરવામાં અસાધારણ શકિત ધરાવનારા શ્રી વિતરાગ ચરણની રજ તને પવિત્ર કરો...વીણાપાણિના વિલાસ માટે હંસ સમાન, હંસની જેવી ઉજ્જવળ કાંતિ ધારણ કરનારા અને હંસ માફક નીરક્ષીરનો ન્યાય કરનારા, આત્મજ્ઞાન રમણતામાં સદાય મસ્ત રહેનારા શ્રી વિતરાગ પરમાત્મા હજારો વર્ષ પર્યંત તારા માટે હર્ષનું કારણ બનો. પરોપકાર કરવામાં પ્રીતિવાળા હે રાજકુમાર, મને લાગે છે કે આ પૃથ્વીની પીઠ પર તારા સમાન ગૌરવવાળો ભાગ્યે જ કોઈ થશે અમારા જેવા પરિગ્રહ વગરના સાધુ પર તેં જ ભક્તિભાવ દર્શાવ્યો છે એ જ તારા કલ્યાણમાર્ગનું પ્રતીક છે. વત્સ, અમે કલ્યાણ હૃદયમાં ધર્મ સિવાય કોઈને કશું આપી શકતા નથી...તારા નવજવાન હૃદયમાં રહેલી સદ્‌ભાવના અમને ખૂબજ પ્રભાવિત કરી ગઈ છે...હું તને અહિંસક દૃષ્ટિએ સંમોહન આદિ જૂભકાસ્ત્રો અર્પણ કરું છું... તે તું પ્રસન્ન હૃદયે સ્વીકાર કર.'

યુવરાજ નળે છેક ધરતી સુધી નમીને મહાત્માની ચરણ રજ લઈને પોતાના મસ્તક પર મૂકી.

મહાત્મા શ્રીધર મુનિવરે સંમોહન આદિ દિવ્ય મંત્રાસ્ત્રો નળને આપ્યાં.

એ જ વખતે નળને શોધતાં તેના સાથીઓ આવતા દેખાયા.

હજી સૂર્યાસ્તને ઘણી વાર હતી.

નળ આમ્રવૃક્ષ તરફ ગયો અને કેટલાંક ફળ લઈ આવ્યો...ત્યાં તો તેના સાથીઓ આવી પહોંચ્યા. નળના સાથીઓ સાથે પાથેયના ડબરાઓ, જળની બતકો વગેરે સામગ્રી હતી.

નળે બંને મુનિવરોને એ શુદ્ધ સામગ્રી વહોરાવી. કનકાવલીને આગ્રહ કરીને ભોજન કરવા બેસાડી.

ભોજનાદિથી સહુ નિવૃત્ત થયાં...ત્યાર પછી શ્રીધર મુનિવરે સહુને ધર્મનો ઉપદેશ આપ્યો અને નળને કનકાવલીને સાથે લઈ જવાની તેમ જ તેના પિતાને ત્યાં પહોંચાડવાની આજ્ઞા કરી.

નળ પોતાના સાથીઓ સાથે કનકાવલીને લઈને વિદાય થયો.

બંને મુનિવરો ત્યાં જ રહ્યા. બીજે દિવસે સવારે તેઓએ સમ્મેતશિખરજી તરફ વિહાર કર્યો.

રાતોરાત પ્રવાસ કરીને યુવરાજ નળ સવારે નિષધામાં પહોંચી ગયો. મહારાજા વીરસેન ભારે ચિંતા સેવી રહ્યા હતા. નળની માતા પણ આખી રાત અનિંદ્રામાં સપડાયેલાં રહ્યાં હતાં...' અશ્વચાલન ગયેલો પુત્ર સંધ્યા પહેલાં જ પાછો આવવાનો હતો અને ક્યાં રહી ગયો હશે ? શું થયું હશે ? વગેરે પ્રશ્નો તેમનાં ચિત્તને વ્યથિત બનાવી રહ્યા હતા.

પોતાના બાળક માટે માતાનું હૃદય ભારે લાગણીપ્રધાન હોય છે. પુત્ર વયપ્રાપ્ત થયો હોય છતાં માતાને મન એ નાનો જ દેખાતો હોય છે. ખરેખર, સંસારમાં મા જેવી મમતા રાખનારું કોઈ નથી હોતું. ભાઈ, મિત્ર પિતા, પત્ની, સત્તા, સંપત્તિ, કે દેવસુખ ગમે તે મળે, પણ માની મમતાની તોલે કોઈ ન આવી શકે. કારણ કે માના હૈયાની મમતા નિસ્વાર્થ હોય છે, જ્યારે અન્યના પ્રાણમાં ઓછોવત્તો સ્વાર્થ પડયો જ હોય છે. એથી જ શાસ્ત્રકારો પોકારી પોકારીને કહે છે કે માતા પિતાએ કરેલા ઉપકારનો બદલો કોઈ સંતાનથી વાળી શકાતો નથી.

સૌથી પ્રથમ નળ માનાં ચરણમાં નમી પડયો...પછી પિતાનાં ચરણમાં. નળે પ્રવાસમાં કેમ વિલંબ થયો અને શી ઘટના બની વગેરે વિગતથી વાત કહી...માતાએ પુત્રને હૈયાસરસો લઈને તેના મસ્તક પર હાથ ફેરવ્યો.

કનકાવલીને મહારાણીએ પોતાની પાસે રાખી...એને માટે વસ્ત્રાલંકારોની વ્યવસ્થા કરી અને એ જ દિવસે મહારાજાએ રાજા ચંદ્રબાહુને કનકાવલી સુખરૂપ પોતાને ત્યાં હોવાનો સંદેશો મોકલી આપ્યો ...સાથોસાથ એ પણ જણાવ્યું કે, આપની કન્યા દસ બાર દિવસ અહીં આરામ કરશે. ત્યાર પછી અમે તરત મોકલી આપશું...આપ ચિંતા કરશો નહિ ! આ સંદેશો ગતિવાળા કે વાહનમકે દૂત દ્વારા મોકલી આપ્યો. જે ત્રીજે દિવસે જલંધરની રાજધાની પહોંચી જાય એવી ગણતરી હતી.

પરંતુ નિષધાના રાજભવનમાં એક કોમળ હૈયું નવા જ સ્વપ્ન વચ્ચે વિભોર બન્યું હતું. કનકાવલીના ચિત્તમાં, મનમાં અને અંતરમાં યુવરાજ નળની મૂર્તિ કોઈ પણ કાળે ન ભૂંસાય એવી રીતે અંકિત થઈ ગઈ હતી.

ગઈ કાલે સરોવર કિનારે નળનું આકસ્મિક આગમન, મુનિઓ ખાતર આકાશ માર્ગે જવું અને આવવું, નળનું નિર્મળ અને મસ્ત યૌવન, સુદૃઢ શરીર અને ઉદાર મન...નળનાં નયનોમાં રહેલું ભવ્ય તેજ...નળની વિવેકભરી મધુર વાણી : આ બધું જોઈને કનકાવલીના મનમાં એક જ ગાંઠ બંધાઇ ગઈ હતી કે સંસારમાં નળ સિવાય કોઈ મારા સ્વામી નહિ !

નળના હૈયામાં પોતાને સ્થાન મળશે કે નહિ ? અથવા યુવરાજ મારો સ્વીકાર કરશે કે નહિ ? આવો કોઈ પ્રશ્ન કનકાવલીએ વિચાર્યો જ નહોતો. તે સમજતી હતી કે નારી કાયાથી નહિ પણ મનથી પરણે છે. નારીનું સમર્પણ એ એના અંતરની સંપત્તિ છે અને

પોતાના અંતરનું સમર્પણ કોને કરવું એ નારીનો પોતાનો સહજ અધિકાર છે. સમર્પણ કરનાર જો બદલાની આશા રાખે અથવા પોતાના સ્વાર્થને આગળ રાખે તો એનું સમર્પણ એ કેવળ દંભ છે. દંભ સેવનારી નારી કોઈ દિવસ પોતાનું ગૌરવ જાળવી શકતી નથી.

કનકાવલીના હૃદયમાં સ્વામીરૂપે નળનો સ્વીકાર સહજ ભાવે થઈ ગયો હતો. પરંતુ નળને કે રાજભવનના કોઈ સભ્યને આવી કલ્પના પણ આવી શકી ન હતી.

મહારાણી રૂપમતી કનકાવલીના સૌમ્ય સ્વભાવથી ખૂબ જ પ્રભાવિત બની ગઈ હતી. કનકનું રૂપ તો આકર્ષક હતું જ. પરંતુ એના સ્વભાવનું રૂપ અપૂર્વ હતું. નારીનું સાચું રૂપ કાયાનું નહિ પણ અંતરનું હોય છે. કાયાનું રૂપ તો ગમે ત્યારે વિદાય લેવાનું જ ...યૌવન પણ એક દિવસે અસ્ત થવાનું છે...પરંતુ અંતરનું રૂપ ઉત્તરોત્તર વૃદ્ધિ જ પામે છે. એ રૂપ વડે જ નારી અમર છે, મહાન છે.

નળનાં માતાને કનકાવલી પ્રત્યે ખૂબ જ મમતા જાગી હતી... પરંતુ યુવરાજ નળે એવો કોઈ વિચાર નહોતો કર્યો...કોઈ પણ રૂપવતી નારીને જોઈને તેના પ્રત્યે મુગ્ધ બનવું એ પુરુષની મોટામાં મોટી પામરતા છે, એમ નવજવાન નળ માનતો હતો. વળી, તેના મિત્રો સાથીઓ, મંત્રીઓ, સહુ સંસારપ્રિય હતા.

ઉત્તમ વંશમાં જન્મ થવો એ પુણ્યોદયનું ફળ છે, પરંતુ ઉત્તમ વંશમાં જન્મ લીધા પછી સંસ્કારી મિત્રો મળવા, સંસ્કારી સાથીઓ મળવા અને સદાચારની મર્યાદામાં રહેવામાં ગૌરવનો ભાસ થવો એ પુણ્યોજ્જવલતાની સાચી નિશાની છે.

નળ સવારસાંજ માતાને નમન કરવા આવતો હતો...પછી તે રાજકાર્યમાં જ રત રહેતો. મંત્રીઓ સાથે ચર્ચા કરવી, રાજસભામાં હાજરી આપવી, વ્યાયામ કરવો, શસ્ત્ર સંચાલનમાં સમય આપવો,

મિત્રો સાથે વિનોદ કરવો, વગેરે કાર્યોમાં તેનો દિવસ કેમ વીતી જાય છે તેની જ ખબર પડતી નહોતી.

અને કનકાવલી નળની આ બધી પ્રવૃત્તિથી મનમાં ખૂબ જ હર્ષ અનુભવતી. તે સમજતી હતી કે પુરુષે જીવનના પુરુષાર્થ પાછળ જ તન્મય રહેવું જોઈએ. વૈભવ, વિલાસ અને વૃત્તિઓને સંતોષ આપવા પાછળ સમય વેડફી નાખનારા પુરુષો નથી ગૌરવ પ્રાપ્ત કરી શકતા કે નથી કોઈનું કલ્યાણ સાધી શકતા. વળી, જેના મસ્તકે આવા વિશાળ રાજ્યનો બોજ આવવાનો છે તેને તો જાગૃત અને સાવધ રહેવું જોઈએ.

બીજા પાંચ દિવસ વીતી ગયા...રાજા ચંદ્રબાહુએ પાઠવેલો દૂત નગરીમાં આવી ગયો. રાજ્યના અતિથિવાસમાં તેનો સત્કાર કરવામાં આવ્યો...આવતી કાલે રાજસભા મળવાની નહોતી... એટલે પરમ દિવસે રાજસભામાં જઈને કનકાવલીનું ચિત્ર મહારાજા વીરસેન સમક્ષ રજુ કરવું અને રાજા ચંદ્રબાહુનો સંદેશો આપવો એમ તેણે મનથી નક્કી કર્યું.

બિચારા પુરોહિતને કનકાવલીના અપહરણની કે તે અહીં આવી પહોંચેલ છે તે વાતની કોઈ માહિતી હતી જ નહિ.

સંધ્યા પછી તે નગરીની બજારમાં ફરવા નીકળ્યો અને તેને યુવરાજ નળના પરાક્રમ અંગેની કેટલીક વાતો સાંભળવા મળી. તાજેતરના પરાક્રમની વાત પણ એક સ્થળે ચર્ચાતી હતી. એ ચર્ચામાં એટલું જ સમજાયું કે સાત દિવસ પહેલાં યુવરાજ નળે કોઈ વિદ્યાધરે અપહરણ કરેલી રાજકન્યાને છોડાવી છે અને એ મુનિઓની વિપત્તિ દૂર કરી છે.

કદાચ તેણે કનકાવલીનું નામ સાંભળ્યું હોત તો પણ પોતાના રાજાની એ પુત્રી હશે, એવું એ ન જ માની શકત.

બીજો દિવસ વીતી ગયો.

ત્રીજે દિવસે દૂતે રાજસભામાં જવાની તૈયારી કરવા માંડી.. ત્યાં તેને સમાચાર મલ્યા કે, જલંધરના રાજા ચંદ્રબાહુ પોતાની રાણી અને રસાલા સાથે નગરી બહાર પધાર્યા છે...રાજપરિવારના સભ્યો અને મહારાજા વીરસેન એમનું સ્વાગત કરવા જવાની તૈયારી કરી રહ્યા છે!

આ સમાચાર સાંભળીને પુરોહિતજી ભારે આશ્ચર્યમાં ગરકાવ બની ગયા. રાજા ચંદ્રબાહુ એકાએક શા માટે આવે? શું રાજ્ય પર કોઈ વિપત્તિ આવી હશે? હું ત્યાંથી નીકળ્યો ત્યાં સુધીમાં તો એવો કોઈ બનાવ નહોતો કે રાજાને અહીં દોડી આવવું પડે!

આમ, સંશયનો દોર પકડીને પુરોહિતજી પણ નગર બહાર પોતાના રાજાને મળવા એક રથમાં બેસીને વિદાય થયા.

મહારાજા વીરસેન સ્વાગતાર્થે નગરી બહાર આવે તે પહેલાં જ પુરોહિત ત્યાં પહોંચી ગયા. તેઓ સીધા એક વૃક્ષ નીચે પોતાના મંત્રી સાથે બેઠેલા રાજા ચંદ્રબાહુ પાસે ગયા અને આશીર્વાદ આપીને બોલ્યા: 'રાજન, આપ એકાએક?'

'તમે અહીં ક્યારે આવ્યા?'

'પરમ દિવસે...'

'શું તમે કોઈ વાત નથી સાંભળી?'

'ના, મહારાજ...શું રાજ્ય પર વિપત્તિ અથવા...?'

'પરરાજ્યની કોઈ વિપત્તિ નથી આવી...આપે મહારાજા સમક્ષ રાજકન્યાની છબી રજૂ કરી છે?'

'ના...ગઈ કાલે રાજસભા મળી નહોતી...આજ હું જવાની તૈયારી કરતો હતો ત્યાં આપ પધાર્યા છો એવા સમાચાર મળ્યા...'

'હવે આપ અમારી સાથે રહેજો...જે વાત મૂકવાની છે તે પછી મુકાશે.' ચંદ્રબાહુએ કહ્યું.

ત્યાં તો ત્રણચાર રથ આવતા દેખાયા. પુરોહિતે કહ્યું, 'આપના

સ્વાગત નિમિત્તે નિષધનાથ પોતે આવી રહ્યા છે.'

ચંદ્રબાહુ ઊભો થઈ ગયો. ત્યાં તો ચાર રથ નજીક આવીને ઊભા રહી ગયા. રાજા વીરસેન અને મંત્રી તેમ જ રાજપરિવારના સભ્યો નીચે ઊતરી ગયા.

મહારાજા વીરસેને ચંદ્રબાહુનું સ્વાગત કર્યું...

રાજકન્યા કનકાવલી રાજભવનમાં જ હતી. યુવરાજ નળ રાજભવનમાં ગયો હતો.

ચંદ્રબાહુને પોતાના રથમાં બેસાડીને મહારાજા વીરસેન રાજભવન તરફ વિદાય થયા.

ચંદ્રબાહુની રાણી અન્ય રથમાં બે દાસીઓ સાથે બેઠી હતી. સહુ મહારાજાના રથ પાછળ રહ્યા.

મહારાજા વીરસેને રાજભવનમાં આવેલા એક મહેલમાં રાજા ચંદ્રબાહુને ઉતારો આપ્યો.

મહારાણી રૂપમતી કનકાવલીને લઈને આવી પહોંચ્યાં. કન્યાને જોતાં જ તેની માતાનાં નયનો હર્ષાં થી સિકત બની ગયાં.

માદીકરી ભેટી પડયાં.

બીજા બે દિવસ વીતી ગયા. ત્રીજે દિવસે પુત્રી પાસેથી સઘળી વાત જાણીને રાજા ચંદ્રબાહુએ મહારાજા વીરસેનને કહ્યું, 'કૃપાનાથ, આપે મારી એક પ્રાર્થના સ્વીકારવી પડશે.'

'આપ મારા અતિથિ છો... આપ પ્રાર્થના નહિ પણ આજ્ઞા કરો...'

'કૃપાનાથ, મારી પુત્રી કનકાવલી મનથી આપના યુવરાજને વરી ચૂકી છે...ગઈ રાતે જ તેની માતાને આ વાત જણાવી હતી...આપ અમારા રક્ષક છો...અમારા અધીશ્વર છો...આપથી અમે ઊજળા છીએ...મારી કન્યાને...'

વચ્ચે જ મહારાજા વીરસેને અતિ પ્રસન્ન સ્વરે કહ્યું, 'ચંદ્રબાહુ,

આપની સુકન્યા યુવરાજને યોગ્ય છે...એમાં કોઈ સંશય નથી... મહાદેવી આપની કન્યાના સ્વભાવથી ખૂબ જ પ્રભાવિત બન્યાં છે... હું આપની ભાવનાને હર્ષપૂર્વક સત્કાર કરું છું.'

રાજા ચંદ્રબાહુનાં નયને હર્ષથી સજળ બની ગયાં...તે કશું બોલી શકયો નહિ...તેણે મહારાજા વીરસેનના બંને હાથ પકડી લીધા.

એ જ વખતે ચોળ ખાવામાં આવ્યો...

અને મહારાજાએ આ શુભ સમાચાર રાજભવનમાં પાઠવી દીધા.

બીજે દિવસે રાજસભા વચ્ચે જલંધરના પુરોહિતે શાસ્ત્રીય વિધિ મુજબ વાગ્દાનની જાહેરાત કરી અને તેજમૂર્તિ યુવરાજ નળના ભવ્ય લલાટ પર કુમકુમનું તિલક કર્યું.

મહારાજા વીરસેને પોતાના મહામંત્રી સાલંકાયનને લગ્નોત્સવની તૈયારી કરવાની આજ્ઞા આપી.

અને પાંચમે દિવસે ઘણા જ ઉલ્લાસપૂર્વક યુવરાજ નળનાં રાજા ચંદ્રબાહુની કન્યા કનકાવલી સાથે લગ્ન થયાં.

મહારાજાએ પોતાના જયેષ્ઠ પુત્રનાં લગ્ન નિમિત્તે દાનની ધારા વહેતી કરી...

અને લગ્ન પછી ત્રીજે દિવસે રાજા ચંદ્રબાહુ પોતાના રસાલા સાથે વિદાય થયો.

કનકાવલીની ભાવના સફળ થઈ...યુવરાજ નળના હૃદયમાં તેણે પ્રથમ રજનીએ જ સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું.

મહારાજા વીરસેને નવદંપતીના નિવાસ માટે એક ભવ્ય પ્રાસાદ સુપરત કર્યો હોવાથી નવદંપતી ત્યાં રહેવા ગયાં.

દિવસો જ્યારે સુખ અને સંતોષથી ઉભરાતા હોય ત્યારે કેમ પસાર થાય છે એની કલ્પના આવી શકતી નથી.

નિષધનાથ વીરસેન જોઈ શકયા હતા કે યુવરાજ હવે રાજકાર્યમાં કુશળ બની ગયેલ છે...પ્રજાનું પાલન કરવામાં કર્તવ્ય સમજી

શકેલ છે અને સહુની પ્રીતિ મેળવી શકેલ છે.

યુવરાજ્ઞી કનકાવલી પણ પોતાના ઉમદા સ્વભાવના લીધે સમગ્ર રાજપરિવારની ચાહના મેળવી શકી છે...અને યુવરાજના કાર્યમાં બાધક ન થતાં સહાયક થવામાં પોતાનો ધર્મ સમજે છે.

પુત્ર અને પુત્રવધૂના સંસ્કાર જોઈને મહારાજા વીરસેનને એક વિચાર આવ્યો. આ વિચાર તેમણે મહારાણી સમક્ષ રજૂ કરવાનો નિરધાર કર્યો.

## પ્રકરણ ૮ મું : : રાજ્યાભિષેક

માનવી દુઃખથી ભારે અકળાઈ જાય છે અને પોકાર નાખતો હોય છે કે હે કર્મદેવ, હવે આ દુઃખનો બોજ હળવો કરો!

પણ માનવી સુખથી કદી ધરાતો નથી કે અકળાતો નથી. જેમ જેમ સુખ વૃધ્ધિ પામતું જાય તેમ તેમ માનવીનું મન વધુ ને વધુ સુખ પ્રાપ્ત કરવાની ઝંખના સેવતું જ રહે છે.

પરંતુ જેના ચિત્તમાં જ્ઞાનરૂપી ચક્ષુઓ ખૂલ્યાં છે તેને વધારે સુખ પ્રપ્ત કરવાની લાલસા જાગતી નથી, તેને દુઃખની અકળામણ થતી નથી. કારણ કે જ્ઞાની માણસ દીવા જેવું સમજતો હોય છે કે આ બધાં પાપપુણ્યનાં જ ફળ છે!

મહારાજા વીરસેનનાં આંતરચક્ષુ ખૂલી ગયાં હતાં. તેઓ કોઈ દિવસ દુઃખથી થાકતા નહોતા અને સુખથી છકી જતા નહોતા. તેઓની સામે કર્તવ્ય એ મુખ્ય હતું. જે રાજ્યના પોતે સ્વામી છે તે રાજ્યની જનતાને કોઈ પ્રકારનો અસંતોષ ન રહેવો જોઈએ અને જનતાના સંસ્કાર તેમ જ ધર્મની રક્ષા થવી જોઈએ. રાજા તરીકેનું આ કર્તવ્ય તેઓ બરાબર બજાવી રહ્યા હતા...એમને બે પુત્ર હતા...

યુવરાજ નળદેવ અને બીજો કુબેરદેવ. પરંપરાના નિયમ પ્રમાણે નળને રાજસિંહાસન પ્રાપ્ત થવાનું હોવાથી પોતાના બીજા પુત્ર કુબેરને કોઈ પ્રકારનો અસંતોષ ન રહે તેટલા ખતાર તેઓએ એક પ્રદેશ તેને કાઢી આપ્યો હતો. પ્રદેશની જે કંઈ આવક થતી તે કુબેર અને તેની માતાને મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. અને નિષધનો ભાવિ કર્ણધાર નળ પિતાના જ પંથે પગલાં પાડનારો હતો. આ વાતની ખાતરી થવાથી મહારાજા વીરસેન ખૂબ જ હર્ષિત બન્યા હતા અને છેલ્લા કેટલાક દિવસથી કંઈક વિચાર કરી રહ્યા હતા.

પોતાના સ્વામીને વિચારમગ્ન જોઈને મહારાણી રૂપમતીએ એક દિવસ કહ્યું : ' મહારાજ, હમણાં ચારેક દિવસથી આપ કંઈક વિચારમાં રહેતા હો એમ મને લાગે છે...શું આપને કોઈ તરફથી દુઃખ અથવા...'

મહારાજાએ પત્ની સામે પ્રસન્ન નજરે જોતાં વચ્ચે જ કહ્યું : ' રૂપ, મને કોઈના તરફથી દુઃખ થવાનું કે મનભંગ થવાનું કંઈ કારણ નથી...છતાં હું એક સુંદર વિચારમાં મગ્ન રહું છું એ તારું અનુમાન બરાબર છે.'

' સુંદર વિચાર ? '

' પ્રિયે, એક અતિસુંદર વિચાર મારા મનમાં જાગ્યો છે.'

' મને નહિ કહી શકો ? '

' તું તો મારું અરધું અંગ છે...તને શા માટે ન કહું ? આપણો નળ રાજકાર્યમાં નિપુણ બની ગયો છે. આપણા વિશાળ રાજ્યની જવાબદારી ઉપાડવાની એનામાં શક્તિ પણ છે, સ્વભાવ શાંત, પ્રેમાળ અને ઉદાર છે. એની પત્ની પણ ઉત્તમ છે...આ બધું જોઈને મને થાય છે કે, હું એનો રાજ્યાભિષેક કરું અને જવાબદારીમાંથી મુક્ત બનું.'

' ઉત્તમ વિચાર છે. આપે ઘણો શ્રમ લીધો છે...હવે આ

જવાબદારીમાંથી મુક્ત થવું જોઈએ.'

'માત્ર જવાબદારીમાંથી મુક્ત થવું એ અતિ સુંદર ન કહેવાય.'

'તો ?'

'વૈભવ, રાજસુખ, સ્ત્રીસંગ, સત્તા, વગેરે ભોગવવા પાછળ જીવનનો કેટલો વિરાટ કાળ ચાલ્યો ગયો છે...! એની કલ્પના આવતાં જ મને થાય છે કે મેં જે કંઈ પુષાર્થ કર્યો છે તે કેવળ નાશવંત સુખ માટે જ કર્યો છે...શાશ્વત સુખ પ્રાપ્ત કરવા કંઈ કરી શક્યો નથી. મને લાગે છે કે, જિંદગીનો ઉત્તરાર્ધ સહુએ સાચા માર્ગે વાળવો જોઈએ.'

રાણી રૂપવતી પતિ સામે જોઈ રહી.

મહારાજાએ કહ્યું, 'તું મને હર્ષપૂર્વક રજા આપીશ ને ?'

'એટલે...'

'નળનો રાજ્યાભિષેક કર્યા પછી હું સર્વત્યાગના પંથે ચાલ્યો જવાનો છું.'

'સ્વામી !...'

'હા પ્રિયે, સાચી શક્તિ સંસારને સમૃદ્ધ કરવામાં નથી પણ સંસારનો ત્યાગ કરવામાં છે. મને વિશ્વાસ છે કે તું તારા સ્વામીના મંગળ માર્ગને અવશ્ય વધાવીશ.' મહારાજાએ ભાવભર્યા સ્વરે કહ્યું.

'આપની ભાવનાનો હું વિરોધ નથી કરી શકતી ..પરંતુ પ્રાર્થના કરવાનો મારો અધિકાર છે...અને...એ દ્રષ્ટિએ હું એક પ્રાર્થના કરવા ઈચ્છું છું.'

'કહે...'

'હું હર્ષપૂર્વક રજા આપવામાં નથી માનતી પરંતુ હર્ષપૂર્વક સાથ આપવામાં માનું છું. આપ આપના અર્ધા અંગને શું શાશ્વત સુખના પંથે જવાની પ્રેરણા નહિ આપો ? મારી પ્રાર્થના એટલી જ છે...સ્વામીનાં સુખદુ:ખમાં પત્નીએ સાથ આપવો તે

નારીનો ધર્મ છે...આર્યનારીના આવા ધર્મની આપ ઉપેક્ષા નહિ જ કરો...અને આપ મને પણ શિવપંથની યાત્રાએ...'

વચ્ચે જ મહારાજાએ કહ્યું, 'દેવી...'

'હું સત્ય કહું છું...ઘણા વરસો પર્યંત આ ક્ષુદ્ર સુખ ભોગવ્યા કર્યું છે, નથી કોઈ દિવસ મનને તૃપ્તિ મળી કે નથી કોઈ દિવસ સુખની સીમાનો ભાસ થયો. આપ નળને રાજ્યાસન પર બેસાડો અને સર્વ ત્યાગના માર્ગે જવાની તૈયારી કરો. સ્વામી! આ કાયા જ્યાં સુધી સ્વસ્થ અને સશક્ત છે ત્યાં સુધી જ મુક્તિનો પુરુષાર્થ સાધી શકાય છે...વળી, જીવનનો કોઈ ભરોસો નથી...માનવીના માથે મોત ક્યારે આવી પડે તે પણ કલ્પી શકાતું નથી. એટલે ઉત્તર જીવનના આ મંગલ માર્ગમાં વિલંબ ન થાય તે આપ લક્ષમાં રાખજો.'

આ શબ્દો સાંભળીને મહારાજા વીરસેન અતિ પ્રસન્ન બની ગયા. તેઓ પત્ની તેજસ્વી વદન સામે જોઈને બોલ્યા, 'તારા તરફથી મને પ્રેરણા જ મળશે એ મારો વિશ્વાસ હતો. તું પણ જે તૈયારી કરવી ઘટે તે કરી લેજે...આવતી કાલે હું મહામંત્રીને આ અંગે વાત કરીશ.'

પત્નીએ કહ્યું... 'હું તો હરપળે તૈયાર જ છું...પણ...'

'શું ? કહેતાં કેમ અચકાણી ?'

'નળને આપે સમજાવવો પડશે. સર્વ ત્યાગના માર્ગે જનારાઓ પરિવારના પ્રત્યેક સભ્યની પ્રસન્નતા લઈને નીકળે એ વધારે ઉત્તમ છે.'

'એમ જ થશે...નળને મહામંત્રી સમજાવશે...સ્ત્રી વર્ગને તું સમજાવજે...પુરુષવર્ગને હું સમજાવીશ. રાજાએ કહ્યું.

બીજે દિવસે પ્રાતઃકાર્ય આટોપ્યા પછી મહારાજાએ મહામંત્રી સાલંકાયનને બોલાવ્યા.

થોડી જ વારમાં મહામંત્રી આવી ગયા. મહાપ્રતિહાર મહામંત્રીને મંત્રણાગૃહમાં લઈ ગયા. મહારાજા રાહ જોતાં ત્યાં જ બેઠા હતા.

મહામંત્રીએ એક આસન પર બેઠક લેતાં કહ્યું, 'શી આજ્ઞા છે, મહારાજ ?'

મહારાજા વીરસેને મહામંત્રી સામે જોઈને કહ્યું, 'મંત્રીશ્વર, આપ તો ધર્મના જ્ઞાની છો...જ્ઞાની અને તેજસ્વી પણ છો...આપે મારું એક કાર્ય કરવાનું છે.'

'કૃપાનાથ, આપે બાંધેલી ભૂમિકા સાંભળીને મને લાગે છે કે આપ કોઇ ગંભીર પ્રશ્ન...'

વચ્ચે જ મહારાજાએ કહ્યું : 'મંત્રીશ્વર, એવો કોઈ ગંભીર પ્રશ્ન નથી...સહજ અને આવશ્યક પ્રશ્ન છે...આપ તો જોઈ શકયા છો કે પ્રજાની રક્ષાનું કાર્ય કરતાં કરતાં મારો ઘણો કાળ વીતી ગયો છે. જીવનના ઉત્તર કાળનો પ્રારંભ થઈ ગયો છે અને મારે મારા કલ્યાણનું અર્થાત્ આત્મ સાધનાનું કાર્ય કરવું જોઈએ.'

'મહારાજ...'

'શું આપને આ આવશ્યક કાર્ય નથી લાગતું.'

'લાગે છે...પરંતુ હજુ યુવરાજ...'

વચ્ચે જ મહારાજા વીરસેને કહ્યું : 'મંત્રીશ્વર, નળ નવજુવાન છે. ધનુર્વિદ્યામાં નિષ્ણાત છે, મહા પરાક્રમી છે અને સ્વભાવમાં દરેક દ્રષ્ટિએ ઉત્તમ છે. વળી, પ્રજા પ્રત્યે ઉદાર છે, રાજકાર્યમાં પ્રવીણ છે...એટલે આ વિશાળ રાજ્યનો ભાર વહન કરવાની એનામાં શક્તિ છે. તો તે જવાબદારી ઉઠાવીને મને મુક્તિ આપે એ રીતે આપ એને સમજાવો.'

સાલંકાયને મહારાજાના ભવ્ય વદન સામે જોઈને કહ્યું, 'ભલે મહારાજ, હું આપની આજ્ઞાનું પાલન કરીને યુવરાજશ્રીને અવશ્ય સમજાવીશ.'

'આ કાર્યમાં વિલંબ ન થવો જોઈએ...નળની માતા પણ સંમત થયાં છે...'

'ઉત્તમ વિચાર છે, મહારાજ...આર્ય સન્નારીઓ ઉત્તમ વિચારોને હંમેશાં વધાવતી રહી છે.' કહી મહામંત્રી ઊભા થયા અને મહારાજને નમન કરીને વિદાય થયા.

મહામંત્રી ભવનમાંથી બહાર નીકળીને સીધા યુવરાજના મહેલે ગયા...યુવરાજનું ભવન બાજુમાં જ આવ્યું હતું.

યુવરાજ નળ એક ખંડમાં બેઠો હતો અને પત્ની સાથે શિરામણ કરી રહ્યો હતો. એક પરિચારિકાએ આવીને વિનયપૂર્ણ સ્વરે કહ્યું, 'યુવરાજશ્રીનો જય થાઓ! મંત્રીશ્વર આપને મળવા પધાર્યા છે.'

'મંત્રીશ્વર પધાર્યા છે? ક્યાં છે?'

'નીચેના ખંડમાં...'

'તું એમનું સ્વાગત કર...હું થોડી જ પળોમાં આવું છું' નળે કહ્યું.

પરિચારિકા નમન કરીને ચાલી ગઈ.

કનકાવલીએ સ્વામી સામે જોઈને કહ્યું, 'મહત્ત્વના કાર્ય વગર મંત્રીશ્વર ન પધારે...'

'હા પ્રિયે, સંભવ છે કે કોઈ પ્રવાસની યોજના તૈયાર કરી હોય!' કહી નળે પ્રાતઃભોજન સમાપ્ત કર્યું...અને તરત નીચેના ખંડમાં જવા વિદાય થયો.

નળ બેઠકમાં દાખલ થતાં જ મહામંત્રી પોતાના આસન પરથી ઊભા થઈ ગયા...નળ તરત તેમની પાસે આવ્યો અને ચરણ સ્પર્શ કરીને બોલ્યો: 'દાદા, આપે શા માટે તકલીફ લીધી? સંદેશો મોકલ્યો હોત તો હું જ આપને ત્યાં આવી જાત.'

મહામંત્રીએ નળના મસ્તક પર હાથ મૂકી આશીર્વાદ આપ્યા અને કહ્યું, 'આપ આસન પર બિરાજો...હું આપને મહત્ત્વની વાત કહેવા આવ્યો છું.'

નળ બાજુના એક આસન પર બેસતાં બોલ્યો, 'શું કંઈ પ્રવાસની યોજના વિચારવી છે ?'

'ના યુવરાજશ્રી...પ્રવાસની કોઈ યોજના નથી...પરંતુ બીજી રીતે વિચારીએ તો એક મહાપ્રવાસની યોજના લઈને હું આવ્યો છું. આપ પ્રજાના આધારરૂપ છો, પ્રવીણ, પરોપકાર વૃત્તિવાળા, જ્ઞાની, ગંભીર અને ઉત્તમ ગુણોવાળા છો...વળી, આપ આદર્શ પિતૃભક્ત પણ છો...આપના જેવું યોગ્ય અને તેજસ્વી પુત્રરત્ન હોવા છતાં અને ઉત્તરાવસ્થાના કિનારે પહોંચ્યા હોવા છતાં મહારાજા આજ પણ રાજભાર વહન કરી રહ્યા છે. એ યોગ્ય ન ગણાય.'

વચ્ચે જ નળે કહ્યું, 'દાદા, આપની વાત...'

'સહજ અને સમજાય તેવી છે. મહારાજા ઈચ્છે છે કે આપ રાજ્યાસન પર બિરાજો અને પૃથ્વીનું પાલન કરો...એટલું જ નહીં પણ, એક મહાન પિતાની ભાવનાને સાકાર બનાવવા એક પુત્ર તરીકેનું કર્તવ્ય બજાવો.' મહામંત્રીએ ભાવભર્યા સ્વરે કહ્યું.

'દાદા, આપ આ શું કહો છો ? હું તો હજી બાળક છું. માતાપિતાનો આશ્રય એ જ મારું રક્ષણ છે. આવી જવાબદારીનો બોજો...'

'યુવરાજશ્રી, કર્તવ્ય એ બોજો નથી...! આપ ઊભા થાઓ અને મારી સાથે મહારાજા પાસે પધારો.' મહામંત્રીએ કહ્યું.

'ચાલો' કહીને નળ ઊભો થયો.

થોડી જ વારમાં બંને મુખ્ય રાજભવનમાં આવ્યા. મહારાજા વીરસેન નીચેના ખંડમાં જ બેઠા હતા. તેઓ પોતાના ખાસ મિત્રો સાથે વાતો કરતા હતા.

મહામંત્રી અને યુવરાજ ખંડમાં દાખલ થયા એટલે મહારાજાના બંને સાથીઓ ઊઠીને વિદાય થયા.

નળે પિતાના ચરણકમળમાં મસ્તક નમાવી, ચરણસ્પર્શ કરીને

અતિ લાગણીભર્યા સ્વરે કહ્યું, 'પિતાજી, મારાથી આપની કોઈ અવગણના થઈ હોય તો મને પ્રાયશ્ચિત્ત આપો. પરંતુ મારો ત્યાગ શા માટે કરો છો ?'

'વત્સ, પિતૃભક્ત પુત્રના હાથે સ્વપ્ને પણ પિતાની અવગણના થાય નહીં. પ્રાયશ્ચિત્ત આપવાનો કોઈ પ્રશ્ન જ નથી. ખરું પ્રાયશ્ચિત્ત તો મારે લેવાનું છે...પત્નીઓ, પુત્ર, પરિવાર, સત્તા, વૈભવ, વગેરે ભોગવવામાં જિંદગીનો મોટો ભાગ વહી ગયો... જે કદી સાથે આવી શકે એમ નથી તેને જ વળગી રહ્યો! વત્સ, પ્રાયશ્ચિત્ત મારે કરવાનું છે. હું તારો ત્યાગ નથી કરતો, પરંતુ જે વસ્તુઓ કલ્યાણ માર્ગની બાધક છે તેનો ત્યાગ કરવા ઈચ્છું છું. તું હવે નવજવાન છે...ગુણવાન છે અને નિષધ દેશની પ્રજાની આશા છે. આવ, આ આસન પર બેસી જા.'

એ પળ નળ એમ ને એમ ઊભો રહ્યો; ત્યાર પછી કરુણ સ્વરે બોલ્યો: 'પિતાજી...'

'બેટા, ઉત્તમ પુત્રો માતપિતાના કલ્યાણ માર્ગમાં સહાયક થાય છે. હું અન્યાય તો નથી કરતો ને?'

નળ મૌન રહ્યો.

'મૃત્યુ કયારે આવશે એની તો કોઈને ય ખબર નથી. શરીર દૃઢ હોય ત્યારે જ શિવપદ પ્રાપ્તિનો પુરુષાર્થ કરી શકાય છે...ભોગ વિલાસમાં દેહને ડૂબેલો રાખીને જ્ઞાનની આરાધના કરવી એ પોતાના અંતરને છેતરવાનો મોટામાં મોટો દંભ છે. આવો દંભ આચરીને હું દોષમાં પડું એવું તો તું નથી ઈચ્છતો ને?' આછા હાસ્ય સહિત મહારાજાએ પુત્ર સામે જોયું.

'પિતાજી, હું કલ્યાણ માર્ગનો બાધક થવા નથી ઈચ્છતો... પરંતુ હજુ હું બાળક છું!'

'બેટા, માબાપની નજરે તો તું સદાય બાળક રહેવાનો. પરંતુ

લાગણીના તરંગોથી દૂર રહીને વાસ્તવદર્શન કરવું જ જોઈએ, હવે તું આ આસન પર બેસી જા'

નળનું હૃદય ધ્રૂજતું હતું.

એ જ વખતે તેના માતા ખંડમાં આવી અને મધુર સ્વરે બોલી: 'નળ, તારા પિતાની આજ્ઞાનું પાલન કરતાં શા માટે અચકાય છે ?'

'મા...' કહીને નળે માતાને વળગી પડયો.

માતાએ તેના મસ્તક પર હાથ ફેરવીને કહ્યું : 'નળ, ઉદારતાનો અર્થ કેવળ દાન કરવું એ નથી. પોતાની પ્રિય વસ્તુનો ત્યાગ કરવો એ પણ ભવ્ય ઉદારતા છે ! આવ...અહીં બેસી જા.'

મહારાજાએ ખાલી કરેલા આસન પર નળ અતિ સંકોચ સહિત બેસી ગયો,

એક પરિચારિકા સુવર્ણના થાળમાં પુષ્પમાળા, કંકાવટી, સાચાં મોતી, વગેરે લઈને આવી પહોંચી.

મહારાજા વીરસેને નળના ભવ્ય લલાટ પર તિલક કરતાં કહ્યું : 'વત્સ, ઈક્ષ્વાકુ વંશની શોભા બનવાનું તારામાં તેજ પ્રગટે એ મારા આશીર્વાદ છે.'

માતાએ પુત્રને સાચા મોતીએ વધાવ્યો.

મહામંત્રીએ પુષ્પની માળા પહેરાવીને કહ્યું : 'નિષધપતિનો જય થાઓ !'

ત્યાર પછી ત્રીજે દિવસે રાજસભા વચ્ચે યુવરાજ નળનો વિધિવત્ રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

તીર્થોદક વડે સેંકડો નરનારે નિષધનાથને અભિષેક કર્યો.

*મંત્રોચ્ચારના મંગલધ્વનિ વચ્ચે રાજપુરોહિતે રાજમુગટ* ધારણ કરાવ્યો,

રાજભાના પ્રત્યેક સભ્યે હર્ષધ્વનિ સાથે નિષધપતિ રાજ-

રાજેશ્વર મહારાજ નળદેવનો જયનાદ પોકાર્યો.

મહામંત્રીએ દાનનો પ્રવાહ વહેવડાવ્યો.

અને બરાબર આ સમયે આકાશવાણી થઈ : હે રાજેશ્વર ! તારી હિમધવલ તારો તેજોમય પ્રતાપ અને તારું અનુપમ બળ સદાય ચિરસ્થાયી બની રહો.'

ઘણા જ ઉલ્લાસપૂર્વક નળનો રાજ્યાભિષેક થઈ ગયો.

ચારણવૃંદો સ્તુતિ કરવા લાગ્યાં.

બંદીજનોએ અંતરના ભાવ ઉભરાવવા શરૂ કર્યા.

કારાગારમાં રહેલા બધા કેદીઓને છોડી મૂકવાની જાહેરાત થઈ.

સારા યે દેશમાં કોઈ પણ પ્રજાજનને વિપત્તિ ન રહે તે અંગે યોગ્ય કરવાની મહારાજા નળે મંત્રીઓને સૂચના આપી.

આજ તો ઉત્સવનો દિવસ હતો. નર્તકો અને નૃત્યાંગનાઓ, ગાયિકાઓ, વાદ્યકારો, વગેરેએ પોતપોતાની કલા દ્વારા પ્રસન્નતા રેલાવવા માંડી.

ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ સુધી દાનની ધારા વહાવીને ચોથા દિવસે મહારાજા વીરસેન, મહારાણી રૂપમતી અને અન્ય રાણીઓ ત્યાગના માર્ગે જવા રાજભવનના પ્રાંગણમાં આવ્યાં.

એ જ વખતે મહામંત્રી સાલંકાયન પોતાના પુત્ર શ્રુતશીલ સાથે આવી પહોંચ્યા અને જેની આંખમાં અશ્રુ સમાતાં નથી એવા નિષધપતિ મહારાજા નળ પાસે જઈને બોલ્યા :

'મહારાજ, આ મારો તેજસ્વી પુત્ર શ્રુતશીલ ! આપની સેવા માટે સોંપું છું.'

'આપ ?'

'કૃપાનાથ, હું પણ રાજર્ષિની સાથે જઉં છું. આ વયે જે વસ્તુ છોડવી જરૂરી છે તે હું પણ છોડું છું.'

નળ સજળ નયને નિષધ રાજ્યના મહામંત્રી સામે જોઈ રહ્યો.

કોઈ પણ પ્રકારનો પરિગ્રહ રાખ્યા વગર મહારાજા, મહામંત્રી અને અંતઃપુરનો સ્ત્રીવર્ગ વિદાય થયો.

નગરી બહાર તો હજારો લોકો, રડતા હૃદયે વિદાય આપવા ઊભા હતા...

મહાત્મા વીરસેને સહુની ક્ષમા યાચના કરીને સર્વત્યાગના પંથે પ્રયાણ કર્યું.

ચાર પાંચ કોસ સુધી લોકો. મહારાજા નળ, કનકાવલી, વગેરે તેમની સાથે જ ચાલતાં રહ્યાં.

છેવટે મહારાજા વીરસેને પોતાના પુત્રને હૈયા સરસો લઈને કહ્યું, 'વત્સ, આ મારું છેલ્લું આલિંગન છે...હવે તું વિદાય થા ...તને મારા સોગંદ છે...મોહનાં બંધન તોડીને કર્તવ્યની મશાલ ધારણ કરજે...'

આ શબ્દો સાંભળીને હજારો લોકો રડી પડયા...

માયાનાં બંધનો તોડીને મુક્તિ માર્ગ પર યાત્રાર્થે નીકળેલાં મહારાજા, મહામંત્રી, મહાદેવી અને અન્ય પત્નીઓ મુક્ત મન સહિત ચાલવા માંડયાં.

જેમણે કદી ધરતી પર પગ પણ નથી માંડયો...એવી કોમળાંગિની રાજરાણીઓ ઉઘાડા પગે જતી હતી.

સર્વ ત્યાગનો કઠિન માર્ગ! બળવાન આત્માઓ સિવાય એ માર્ગે કોણ કદમ મૂકી શકે?

નિષધપતિ, મહારાણી કનકાવલી, રાજભવનનાં સેંકડો દાસદાસીઓ, રાજ્યના સેંકડો મંત્રીઓ, શ્રેષ્ઠિઓ અને હજારો પ્રજાજનો મહારાજા વીરસેન તરફ સજળ નયને જોતાં ઊભા રહ્યાં.

## પ્રકરણ ૯ મું : : તીર્થસ્થળની મર્યાદા...!

સિદ્ધાયતન જિનાલય ! આવું ભવ્ય મંદિર વિશ્વમાં અન્યત્ર હશે કે કેમ એ પ્રશ્ન પ્રત્યેક દર્શકના અંતરને સ્પર્શી જતો...સમગ્ર જિન પ્રાસાદ સુવર્ણ અને રત્નોની કારીગરીથી શોભી રહ્યો હતો. સોપાનશ્રેણીઓ, દીવાલો, છત, સ્થંભો, તલપ્રદેશ, શિખરો, વગેરે પ્રત્યેક અંગ સુવર્ણમય હતું અને એમાં વિવિધ આકૃતિ દર્શાવેલાં રત્ન ચિત્રો દોરવામાં આવ્યાં હતાં.

સિદ્ધાયતન જિનાલય ! ગર્ભદ્વાર સામેના રંગ મંડપમાં હજારથી પણ વધુ ભાવિકો બેસી શકે એવી એની વિશાળતા હતી.

અને ગર્ભગૃહમાં કોઈ દિવ્ય રત્નમાંથી કોતરેલી શ્રી જિન પ્રતિમા ભારે તેજ વરસાવી રહી હતી.

આ સિદ્ધાયતન જિનાલયમાં સમકિતી દેવતાઓ, ગાંધર્વો, વિદ્યાધરો, વગેરે ભકિત અર્થે આવતા હતા. આ સ્થળ મનુષ્ય માટે ભારે અશકય ગણાતું.

આજ કાવ્ય, કલા અને જ્ઞાનની પ્રેરણાદાતા દેવી સરસ્વતી શ્રી જિનેશ્વર ભગવંતની ભકિત નિમિત્તે ઉત્સવ કરવા આવવાનાં હોવાથી પૂર્વ તૈયારી અર્થે અપ્સરાઓ, ગંધર્વો, વિદ્યાધરો, વગેરેનું એક જૂથ અગાઉથી આવી ગયું હતું.

અને અપરાહ્ન પછી શ્રી. હ્રી, કીર્તિ, કાંતિ, વગેરે દેવીઓ સાથે દેવી સરસ્વતી પોતાના મંગલમય વાહન બાલચંદ્ર નામના હંસ પર વિરાજમાન થઈને આવી પહોંચ્યાં.

આ ઉત્સવનો ઉલ્લાસ માણવા અન્ય કેટલાક દેવહંસો પણ

આવી પહોંચ્યા હતા...જેમાં સોમકલા નામની હંસિની જે બાલચંદ્ર હંસની પ્રિયા હતી તે પણ આવી હતી.

દેવી સરસ્વતી દેવીઓ સાથે શ્રી જિનમંદિરમાં ગયાં...ભાવ અને શ્રધ્ધા સહિત સહુએ અનંત જ્ઞાનના સ્વામી શ્રી જિનેશ્વર ભગંતની રત્ન પ્રતિમાનાં દર્શન કર્યાં.

દેવી સરસ્વતીએ ખૂબ જ ભાવભરી સ્મૃતિ પ્રકાશી...કોઈ પણ આરાધક પોતાના ઈષ્ટની આરાધના કરે છે ત્યારે તેનું હૃદય પોતાના ઈષ્ટમાં કેટલું તદાકાર બની ગયું હોય છે તે સહજ ભાવે જોઈ શકાય છે. દેવી સરસ્વતીનું હૃદય તો શ્રદ્ધા, ભાવ અને ભક્તિથી ભરપૂર હતું. તેમણે કરેલી સ્તુતિ સાંભળીને અન્ય સર્વ દેવીઓનાં અંતરમાં અપૂર્વ ભાવોલ્લાસ પ્રગટી ગયો હતો.

દર્શનાદિથી નિવૃત્ત થઈને દેવી સરસ્વતી અન્ય દેવીઓ સાથે થોડે દૂર આવેલા એક પ્રાસાદમાં ગયાં. કારણ કે ઉત્સવનો પ્રારંભ રાત્રિના પ્રથમ પ્રહરની બે ઘટિકા પછી થવાનો હતો.

દેવી સરસ્વતી એક ખંડમાં આવીને બેઠાં...એ વખતે બાલચંદ્ર હંસ ત્યાં આવ્યો. અને નમન કરીને એક તરફ ઊભો રહ્યો.

દેવી સરસ્વતીએ પોતાના પ્રિય હંસ સામે જોઈને કહ્યું : 'બાલચંદ્ર, ભગવંતનાં દર્શન કર્યાં ?'

'હા મહાદેવી...દર્શન નિમિત્તે એક હજારથી પણ વધુ હંસો અત્રે આવ્યા છે.'

'ઉત્તમ...શેષ રાત્રિએ આપણે જવાનું છે.'

'જેવી આજ્ઞા.' કહીને બાલચંદ્ર નમન કરી વિદાય થયો.

રાત્રિના પ્રથમ પ્રહરનો પ્રારંભ થયો કે તરત ગાંધર્વો પોતપોતાનાં વાદ્યો સાથે શ્રી જિનમંદિરના રંગમંડપ તરફ ચાલવા માંડયા.

અપ્સરાઓનું એક જૂથ પણ ઉત્તમ વસ્ત્રાલંકારો ધારણ કરીને રંગમંડપ તરફ ગયું.

દેવી સરસ્વતી પણ અન્ય દેવીઓ સાથે રંગમંડપમાં આવી પહોંચ્યાં.

સૌથી પ્રથમ દેવી સરસ્વતીએ ભગવંતની આરતી ઉતારી...ત્યાર પછી અન્ય દેવીઓએ આરતી ઉતારી. જ્યારે આરતી ઉતારાતી હતી ત્યારે અપ્સરાનાં વૃંદે ભદ્ર કલ્યાણ નામનો રાગ ઉપાડ્યો હતો અને એ રાગમાં ભગવંતના પ્રભાવને વર્ણવ્યો હતો.

અને નૃત્યોત્સવનો પ્રારંભ થયો. અપ્સરાઓએ ભગવંતની સૌમ્ય ભવ્ય પ્રતિમા સામે સાત્ત્વિક ભાવ દર્શાવતું વંદના નૃત્ય શરૂ કર્યું.

સર્વોચ્ચ પ્રકારની નૃત્ય કલા !

સર્વશ્રેષ્ઠ વાદ્યકારોનો સાથ !

અને કલાકારોનાં અંતરમાં શ્રદ્ધા ભક્તિનો ભાવોલ્લાસ !

ખરેખર, નૃત્ય અને સંગીત મનનાં વિકારોનું પરમ ઔષધ છે... મનને સ્થિર મધુર બનાવવામાં એ ખૂબ જ સહાયક બને છે.

છેલ્લા કેટલાક સમયથી દેવી સરસ્વતી સાથે પ્રવાસ ખેડી રહેલો નવજવાન હંસ બાલચંદ્ર મનમાં પત્ની વિયોગની વેદના પચાવી રહ્યો હતો...સેવકને ઘણીવાર મનની ઇચ્છાને મારવી પડે છે, ઉરભાવને દબાવવા પડે છે અને હસતા હૃદયે દર્દને પચાવવું પણ પડે છે, એથી જ દાસત્વ ભારે વસમું ગણાય છે. પરંતુ કર્મફળ તો સહુએ ભોગવવાં જ પડે છે...દાસ બનીને કે સ્વામીત્વ પ્રાપ્ત કરીને !

પ્રવાસમાં તેની પ્રિય પત્ની સોમકલા અન્ય હંસ પરિવારો સાથે આવી હતી...પત્નીને સાથે આવેલી જોઈને બાલચંદ્રનું મન અધીર બની ગયું હતું.

ઉત્સવનો પ્રારંભ થયા પછી બાલચંદ્રે પત્નીને ઇશારો કર્યો અને બંને રંગમંડપમાંથી બહાર સરકી ગયાં...રાત્રિના બીજા પ્રહરનો પ્રારંભ થઈ ગયો હતો. અપ્સરાઓનું નૃત્ય ભાવનાનાં પુષ્પો બિછાવતું દર્શનીય બની ગયું હતું. વાદ્યકારોના ઉરભાવ વાદ્યો પર ઊપસી રહ્યા હતા. દેવી સરસ્વતી અને શ્રી આદિ દેવીઓ ભગવતની પ્રતિમા સામે

તન્મય બની ગયાં હતાં. તેઓના મનમાં પણ થતું હતું કે, પુણ્યોદયના પ્રભાવે ઉત્તમ કોટીની દેવગતિ પ્રાપ્ત થઈ છે. દેવગતિ પ્રાપ્ત થવા છતાં આત્માના સાત્ત્વિક ભાવ પ્રફુલ્લ રહ્યા છે અને સમકિતને પ્રેરણા જ મળતી રહી છે...દેવપણામાં પ્રાપ્ત થતું સુખ અનંત હોવા છતાં હે નાથ ! આપે જન્મ, જરા અને મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરીને જે શાશ્વત સુખ મેળવ્યું છે તે મહાસુખ આગળ અમને પ્રાપ્ત થયેલા સુખની કોઈ વિસાત નથી...અવિનાશ સુખ સમક્ષ નાશવંત સુખની શી કિંમત છે? હે દેવાધિદેવ, આપની ભક્તિમાં અમારો જેટલો સમય પસાર થાય છે, તેટલો સમય ધન્યતા અનુભવી રહ્યો છે. ભાગવંતની સૌમ્ય શાંત પ્રતિમા સામે આવી ભાવના ભાવી રહેલી પ્રત્યેક દેવી ભગવંતનાં રૂપ–ગુણમાં તન્મય બની ગઈ હતી.

ગગનમંડળમાં પૂર્ણચંદ્રનો પ્રકાશ પથરાઈ ગયો હતો...અને એ પ્રકાશ જાણે સમગ્ર વિશ્વને અમૃત વડે ભીંજવતો હોય એમ લાગતું હતું.

શ્રીસિદ્ધાયતન જિનાલયની દક્ષિણે એક અતિ રળિયામણું ઉપવન આવ્યું હતું...આ ઉપવનમાં સ્ફટિક મણિ વડે બાંધેલું એક સુંદર સરોવર હતું. સમગ્ર ઉપવન વિવિધ ફૂલછોડો, વૃક્ષો, વેલીઓ, લતા કુંજો, લતામંડપો, વગેરે વડે સમૃદ્ધ બન્યું હતું. આ ઉપવનમાં અવારનવાર દેવદેવીઓ આવતાં અને ભગવંતની પૂજા માટે ઉત્તમ પુષ્પોનું ચયન કરતાં.

બાલચંદ્ર પોતાની પ્રિયા સાથે આ ઉપવનના સરોવર તીરે આવી પહોંચ્યો. સોમકલાએ મધુર સ્વરે કહ્યું, ' નૃત્યોત્સવમાં રોકયાં હોત તો ?'

' પ્રિયે, ઉત્તર રાત્રિએ તો પાછો પ્રવાસ શરૂ કરવાનો છે... અહીંથી દેવી પોતાના નિવાસે તો જવાનાં નથી. પછી આપણે કયારે મળીએ ? ' બાલચંદ્રે આમ કહીને પોતાની પાંખ વડે પ્રિયાને આશ્લેષ આપ્યો.

બંને નવજવાન હતાં...કેટલાક દિવસના વિયોગના કારણે બંને એકબીજાને ઝંખી રહ્યાં હતાં...નરનાર પછી ગમે તે જાતિનાં હોય ...પરંતુ એમના પ્રાણમાં છુપાયેલી મિલન ઝંખના જાણે કદી તૃપ્ત થતી જ નથી. શું માનવ, શું દેવ, કે શું તિર્યંચ...પ્રાણી માત્ર કામરાગ આગળ લાચાર બની જતાં હોય છે.

ડાહ્યા માણસો સમજતા હોય છે કે કામરાગ એ અતૃપ્તિની ભયંકર આરાધના છે...જ્યાં સુધી ચિત્ત કામરાગથી સભર બનેલું છે ત્યાં સુધી મુકિતના મંગળ ગીતનો આનંદ પ્રાપ્ત થઈ શકતો નથી...ત્યાં સુધી જન્મ મરણના વિષચક્રનો અંત લાવી શકાતો નથી. આ નિર્મળ સત્ય સમજવા છતાં ડાહ્યા ગણાતા પુરુષો ને દેવદેવીઓ પણ અતૃપ્તિની આરાધના કરતાં જ હોય છે. બિચારો બાલહંસ ! પોતાના મનને કયાંથી નિવારી શકે ? ભલે તે દેવલોકનો નિવાસી હતો, છતાં તિર્યંચ હતો...સમજદાર હોવા છતાં નવજવાન હતો અને કામરાગની આરાધનામાં માત્ર નવજવાનો જ અગ્રપદે હોય છે એવું નથી. પ્રૌઢો અને વૃદ્ધો કદાચ આ દિશાએ વધારે વ્યાકુળ બનતા હશે !

પ્રિયા અને પ્રિયતમ એકબીજા સામે જોઈ રહ્યાં હતાં. સામે દિવ્ય સરોવરની પાળ હતી...અવકાશમાં ચંદ્રનું અમૃત પથરાઈ ચૂકયું હતું. નીરવ અને મદભરી રાત્રિ હતી. બાલચંદ્રે પ્રિયાના ઉજ્જવળ દેહ પર પોતાની ચાંચ ફેરવીને કહ્યું : ' ચાલ, આપણે જળવિહાર કરીએ.'

સોમકલા પણ એવું જ ઈચ્છતી હતી...છતાં નારી પોતાનો મનોભાવ મોટે ભાગે અવ્યક્ત રાખે છે. તે બોલી : ' કોઈ આવી ચડશે તો ?'

' બધાં ઉત્સવમાં તન્મય બની ગયાં છે...ચાલ...'

બંને સરોવરમાં પડયાં. બંને ચાંદની જેવાં સૌમ્ય શ્વેત હતાં ...

બંનેનાં મન મિલનની મસ્તી માણવા તલસી રહ્યાં હતાં.

હંસ અને હંસી સરોવરમાં એકબીજાને હૂંફ આપીને ઘૂમવા માંડયાં...

રાત્રિના બીજો પ્રહર પૂરો થઈ ગયો...સમયની કલ્પના દૂર ચાલી ગઈ હતી. કામરાગથી રંગાયેલાં પ્રાણીઓ સમય, સ્થળ, પરિસ્થિતિ અને કર્તવ્ય ભૂલી જતાં હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો જેમ ઉન્માદગ્રસ્ત પ્રાણી કશું વિચારી શકતો નથી.. તેમ કામાસક્ત પ્રાણીઓ પણ વિચારહીન બની જતાં હોય છે. ખરેખર, સંસારમાં વિસ્મૃતિનાં વાદળ અનેક રીતે સર્જાતાં હોય છે. પરંતુ કામરાગ વડે સર્જાતાં વાદળદ વિખેરાવાં ભારે કઠિન બની જાય છે.

બાલચંદ્ર અને સોમકલા કિનારે આવ્યાં...હંસે પ્રિયતમાની ચાંચ પર પોતાની ચાંચ સ્થાપીને મૃદુ મધુર સ્વરે કહ્યું : ‘ તું આજ ન આવી હોત તો મારી વેદના મારા માટે અસહ્ય બની જાત.’

‘ મારી પણ એ જ દશા હતી. બધા હંસો નૃત્યોત્સવની આશાએ અહીં આવવા તૈયાર થયા એટલે હું પણ તેઓની સાથે નીકળી પડી.’

ધીરે ધીરે વાતો કરતાં કરતાં બંને ઉપવનમાં ચાલી રહ્યાં હતાં.

સમય તો પોતાનું કામ કરતો જ હતો.. ઉત્સવ તરફ આ બંનેનું લક્ષ પણ નહોતું. ઉપવનના મધ્ય ભાગમાં આવતાં જ બાલચંદ્રે પત્નીને કહ્યું : ‘ સામેનો લતા મંડપ કેટલો સોહામણો છે ? અમર વેલથી વીંટળાયેલો અને અમરવેલનાં પુષ્પોની સૌરભથી સોહતો લતામંડપ મધુર મિલનનો સાક્ષી બને તો...’

હંસી એ વચ્ચે જ કહ્યું : ‘ એક મધુર સ્મરણ આપણા મનમાં અંકિત બની જશે.’ બંને લતા મંડપમાં દાખલ થયાં.

રાત્રિનો ત્રીજો પ્રહર વીતી ગયો હતો. હંસ–હંસી ગેલ કરતાં કરતાં લતા મંડપમાં જ નિદ્રાધીન બની ગયાં હતાં.

સિદ્ધાયતન જિન પ્રાસાદમાં નૃત્યોત્સવ પૂરો થઈ ગયો હતો અને

બધી દેવીઓ સમસ્વરે સ્તુતિ ગાઈ રહી હતી.

ધીરે ધીરે સહુ રંગ મંડપમાંથી બહાર આવવા માંડયાં. વિદ્યાધરો, ગંધર્વો અને કિન્નરો દેવી સરસ્વતીને નમન કરીને વિદાય થવા માંડયા. અપ્સરાનું વૃંદ પણ વિદાય થયું. અન્ય દેવીઓ પોતપોતાનાં વાહન પર બિરાજમાન થઈ ગઈ. કીર્તિએ દેવી સરસ્વતીને કહ્યું: 'મહાદેવી, આપ નંદીશ્વર દ્વીપ તરફ પધારવાનાં છોને ?'

'હા...પણ બાલચંદ્ર દેખાતો નથી...' કહી દેવી સરસ્વતીએ ત્યાં ઊભેલા હંસ પરિવારો તરફ નજર કરી.

પૂર્વ ગગનમાં ઉષાએ દર્શન દીધાં. શ્રીએ કહ્યું. 'મહાદેવી, આપનો બાલચંદ્ર તો ઘણો જ સમયસાવધ છે. કયાં ગયો હશે ?'

દેવી સરસ્વતીએ પુનઃ ચારે તરફ નજર કરી.

બરાબર આ સમયે સોમકલા સ્વામીની સોડામાં જાગૃત થઈ અને પૂર્વ ગગન તરફ નજર કરતાં જ બોલી ઊઠી, 'સ્વામી, પૂર્વ ગગન તરફ નજર તો કરો...હમણાં સૂર્યોદય થશે.'

'હેં' કહીને બાલચંદ્ર સફાળો જાગૃત થયો. પૂર્વ ગગન તરફ આછી નજર કરીને પ્રિયાને વળગી પડતાં બોલ્યો. 'પ્રિયે તારા જેવી સુંદરી જ્યાં હોય, ત્યાં સમયનું ભાન કોને રહે ?'

પુનઃ એક આશ્લેષ...પુન...ચુંબન...અને બંને ઊડતાં ઊડતાં મંદિરે આવી પહોંચ્યાં.

દેવી સરસ્વતી શાંત ભાવે પ્રાંગણમાં ઊભાં હતાં...બાલચંદ્રને તેની પ્રિયા સાથે આવતો જોતાં જ તેઓ પરિસ્થિતિ સમજી ગયાં. સોમકલા હંસોના ટોળામાં ગઈ...બાલચંદ્ર દેવી સરસ્વતી પાસે આવ્યો.

દેવી સરસ્વતી સ્વભાવથી જ સૌમ્ય, શાંત અને ઉદાર હતાં. તેઓએ બાલચંદ્ર સામે જોઈને જ કહ્યું. 'બાલચંદ્ર, પૂર્વ ગગન તરફ નજર તો કર.. સૂર્યોદય સમયે તો આપણે નંદીશ્વર પહોંચી જવું હતુ.'

'મહાદેવી, હું ક્ષમા માગું છું...શીતળ ચાંદનીના સ્પર્શથી

નિદ્રાધીન થઈ ગયો હતો.'

દેવી સરસ્વતી આછું હસ્યાં અને બોલ્યાં. 'સોમકલા પણ તારી હતી... હતી... ! બાલચંદ્ર, આ પવિત્ર સ્થળની મર્યાદા તો રાખવી જ જોઈએ, તું કંઈ માનવ લોકનો હંસ નથી. દેવ.' લોકનો છે...કામરાગમાં ડૂબેલો માનવી પણ સ્થળની પવિત્રતાનો ખ્યાલ રાખતો જ હોય છે...તું તો દેવલોકનો હંસ છે..આવા મહાન તીર્થસ્થળની મર્યાદાનો પણ ખ્યાલ ન રાખી શકયો ?'

બાલચંદ્ર નીચું જોઈને ઊભો રહ્યો...પોતાના હાથે ભૂલ થઈ ગઈ છે એ વાત તેને સમજાઈ હતી. પરંતુ ઘણા દિવસે પ્રિયાનાં દર્શન થયાં હતાં...પ્રિયતમાના મિલન વખતે તે સઘળું વીસરી ગયો હતો.

બાલચંદ્રને મૌન જોઈને દેવી સરસ્વતીએ એવા ને એવા શાંત સ્વરે કહ્યું. 'બાલચંદ્ર, હું સમજું છું કે પ્રાણી માત્ર કામજંજીરથી ઝકડાયેલો હોય છે. તને યાદ છે...આગળ પણ તેં આવી જ ભૂલ કરી હતી ?'

'ક્ષમા માગું છું...'

'તે દિવસે પણ તેં ક્ષમાયાચના કરી હતી...બાલચંદ્ર, કાર્યરત દશામાં કે માથે જવાબદારી હોય ત્યારે પ્રમાદી બનવું એ મોટામાં મોટું દૂષણ છે...અને તીર્થભૂમિ પર કામોન્મત્ત બનવું, રતિક્રીડામાં મગ્ન રહેવું એ મહાન પાપ છે. મને લાગે છે કે શિક્ષા વગર સાચી દ્રષ્ટિ તને સાંપડશે નહિ.'

'મહાદેવી...' વિનમ્ર સ્વરે બાલચંદ્ર બોલી ઊઠયો.

દેવી સરસ્વતીએ એવા ને એવા શાંત અને સ્વસ્થ સ્વરે કહ્યું, 'બાલચંદ્ર, તું મારા માટે શ્રેષ્ઠ વાહન છે. એમાં કોઈ સંશય નથી...પરંતુ તારો આવો દોષ સહી લેવો એ હવે ઉચિત નથી. એટલે હું તને શિક્ષા કરું છું કે સ્વર્ગની ભૂમિ પરથી તારો વાસ પૃથ્વી પર થાઓ.'

બાલચંદ્ર તુરત બોલી ઊઠયો. 'મહાદેવી, મને ક્ષમા કરો...આપ ઉદાર ચિત્ત છે...હું એક બાળક છું...આપ સમાં મહાજ્ઞાની પાસે રહેવા છતાં હું આજ અંધ બની ગયો હતો...મા, મને ક્ષમા કરો...આપની સેવાથી વંચિત ન કરો.'

કાર્તિદેવીએ કહ્યું, 'મહાદેવી, બાલચંદ્ર પ્રત્યે કૃપાદ્રષ્ટિ રાખો.'

દૂર ઊભેલા બધા હંસ પરિવારો ભારે વેદના અનુભવી રહ્યા હતા. સહુ દેવી સરસ્વતીની પ્રાર્થના કરવા માંડયા.

બાલચંદ્રનાં નયનો સજળ બની ગયાં.

દેવી સરસ્વતીએ બાલચંદ્ર સામે જોઈને પ્રસન્ન સ્વરે કહ્યું, 'બાલચંદ્ર, તારી ભૂલ તને સમજાઈ એ જાણીને મને હર્ષ થયો... પરંતુ તું જાણે છે કે મારી વાણી મિથ્યા થતી નથી. તારે માનવ લોકમાં તો જવું જ પડશે. ત્યાં જઈને દેવ, દાનવ અને માનવને આશ્ચર્યમાં મૂકી દે એવું કોઈ કાર્ય તું કરીશ ત્યારે મારા શાપથી મુક્ત બનીશ. તું પુનઃસ્વર્ગમાં આવી શકીશ...એ વખતે હું તારો અવશ્ય સ્વીકાર કરીશ.'

આટલું કહીને દેવી સરસ્વતીએ હંસના ટોળામાંથી એક અન્ય હંસને બોલાવ્યો અને એના પર બેઠક લઈને અન્ય દેવીઓ સાથે આકાશ માર્ગે ગમન કર્યું.

આ અભિશાપથી સોમકલા ભારે વેદના ભોગવી રહી હતી. તે પણ સમજી શકી હતી કે, તીર્થસ્થળની મર્યાદાનો ભંગ થયો છે ...અને આ એક અક્ષમ્ય અપરાધ છે...પરંતુ મોહની માયાજાળ જ્ઞાનીને પણ થાપ આપી દેતી હોય છે.

બાલચંદ્ર પત્ની પાસે આવ્યો. પત્નીએ કહ્યું. 'સ્વામી.'

'પ્રિયે, દેવી સરસ્વતીએ જે શિક્ષા આપી છે તે ભોગવવી જ પડશે. તેઓ કદી કોઈ શાપ આપતાં જ નથી...છતાં આપણા વક્ર કર્મના દોષે એમના મુખમાંથી શાપ નીકળી ગયો છે...એ

મિથ્યા બનશે જ નહિ...આપણે હવે સ્વર્ગ સુખનો ત્યાગ કરીને પૃથ્વી પર જવું જ પડશે.'

'સ્વામી, મહાદેવીના શાપનું નિવારણ નહિ થાય ત્યાં સુધી...'

વચ્ચે જ બાલચંદ્રે કહ્યું...'સોમ, મહાદેવીએ નિવારણ સૂચવ્યું જ છે.. અને મને શ્રદ્ધા છે કે જરૂર હું દેવ, દાનવ અને માનવને આશ્ચર્યમુગ્ધ બનાવી દે એવું કોઈ કાર્ય કરીશ. આપણે આપણા ભવન પર જઈએ. ત્યાંથી મારા કેટલાક મિત્રો સાથે તરત પૃથ્વી પીઠ પર વિદાય થઈએ.'

બધા હંસ પરિવારો સાથે બાલચંદ્ર અને સોમકલા પણ વિદાય થયાં.

## પ્રકરણ ૧૦ મું : : રાજાનું કર્તવ્ય

સંસારમાં રહેલા આસુરી બળો કોઈ પણ દિવસે સત્ત્વશીલ બળોનો પ્રભાવ સહી શકતાં નથી. અનાદિ કાળથી આ સંઘર્ષ ચાલતો જ રહ્યો છે...આસુરી બળોએ સત્ત્વશીલ શકિતને ખતમ કરવા માટે કોઈ મણા નથી રાખી...પરંતુ આસુરી શક્તિને કદી વિજય સાંપડયો નથી. આસુરી શકિત વિવિધ રૂપે પોતાનું પરિબળ દર્શાવતી હોય છે... કોઈ વાર એ વિજયી બનેલી હોય એમ દેખાય છે...અને સત્ત્વ ચરણ તળે ચગદાયાનો હર્ષ અનુભવે છે...પરંતુ એ હર્ષ અમુક સમય પૂરતો જ મર્યાદિત હોય છે...સત્ત્વશીલ બળો પુનઃ જાગૃત થાય છે... પુનઃ જન હૈયામાં અમૃતની ધારા વર્ષાવે છે અને આસુરી બળોથી પાયમાલ બનેલી પૃથ્વીને પુનઃ પલ્લવિત અને કલ્લોલિની બનાવે છે.

આસુરી બળ ઈચ્છે છે પ્રકૃતિ પર અને પ્રકૃતિના આરાધકો પર

પોતાની એકચક્રી સત્તા ! એની ભૌતિક તાકાત ક્ષણભર માનવ હૃદયમાં અંધકાર ફેલાવી દે છે ..પરંતુ સત્ત્વશીલ બળ જે કેવળ અધ્યાત્મ ભાવ પર રચાયેલું છે તે કદી કચરાઈ જતું નથી...નવા નવા સ્વરૂપે જાગે છે અને માનવીના અંતઃકરણમાં દિવ્ય ગીત ગજવી મૂકે છે.

આ સંઘર્ષ દરેક યુગે ઓછેવત્તે અંશે ચાલ્યા જ કરે છે... એનો અંત કદી આવ્યો નથી...આવશે પણ નહિ.

નિષધ દેશમાં આવેલ એક વન પ્રદેશમાં ભૌતિક માયાજાળથી દૂર રહેલા અને આત્મદર્શનની શોધ પાછળ તન્મય બનેલા તાપસ પરિવારોનાં કેટલાક આશ્રમો આવ્યા છે. આ આશ્રમોમાં પ્રકૃતિની આરાધના થતી હોય છે અને પ્રકૃતિને અનુરૂપ જીવન જીવવાની ભાવના ચોમેર પ્રસરતી હોય છે, ક્રોધ, કામ લોભ, મોહ, વગેરે માનવ-જીવનના શત્રુઓ સામે ત્યાગ, શાંતિ, સંયમ, વિશ્વપ્રેમ અને અકિંચન ભાવનો ઉલ્લાસ ઉભરાતો રહે છે.

તાપસ પરિવારોનાં આશ્રમોમાં સદાય શાંતિ અને સંતોષ રમતાં રહે છે. નથી થતી કોઈ રાજખટપટ, નથી થતા કોઈ જાતિ ક્લેષ કે નથી થતી જીવનની અથડામણો, આત્મ દર્શન, પ્રકૃતિનું સ્વરૂપ અને મુક્તિની આરાધના પાછળ તાપસ ગણો પોતાનો પુરુષાર્થ બિછાવી રહ્યા હોય છે.

એમની પાસે જ્ઞાન સિવાય કોઈ વસ્તુનો સંગ્રહ નહોતો. તપ સિવાય કોઈ વિલાસ નહોતો. સંયમ સિવાય કોઈ બંધન નહોતું. શ્રદ્ધા અને ભક્તિ સિવાય કોઈ સંપત્તિ નહોતી.

આશ્રમમાં રહેતાં તાપસ નરનાર ખૂબ જ સાદાઈથી રહેતાં. પહેરવાનાં વસ્ત્રો તેઓ પોતે જ નિર્માણ કરી લેતાં...ઓક્કસ પ્રકારનાં વૃક્ષોના રેસાઓમાંથી વલ્કલ બનાવતાં...

આમ સાદાઈ, સંસ્કાર, સદાચાર એ જ જીવનની શોભા છે, એ સત્યને તેઓ બરાબર અનુસરતાં.

તાપસ નારીનાઓ, હાથમાં શંખની ચૂડીઓ રહેતી અને પુષ્પોના અલંકારો વડે એમના અંગ શોભતાં. સ્વર્ણ, રત્નો કે એવા મૂલ્યવાન અલંકારો પ્રત્યે કોઈના મનમાં આકર્ષણ સરખુંય નહોતું.

વન પ્રદેશ રળિયામણો હતો અને તેમાં વહેતી ગંગા નદીના તટ પાસે આ બધાં આશ્રમ યૂથો આવ્યાં હતાં.

એ સિવાય, તાપસોની આરાધનાનું એક મંગળમય તીર્થ પણ હતું. એ તીર્થને તપોમહ તીર્થના નામે સહુ ઓળખતાં હતાં. ભરત મહારાજાએ પોતે આ મહાતીર્થની સ્થાપના કરી હતી અને નલિની ગુલ્મ નામનું ભવ્ય જિનાલય બનાવ્યું હતું, આ ભવ્ય જિનાલયમાં પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભ જિન પ્રભુની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી હતી અને આશ્રમવાસી તાપસગણો પરમ ભક્તિ સહિત પ્રથમ જિનપતિની આરાધના કરતા હતા.

આમ, તપોમહ તીર્થના આશ્રમો સૌમ્ય જીવતરની છબી સમા શોભતા હતા. બધા આશ્રમવાસીઓ નિરુપદ્રવી, સંતોષી અને શાંત જીવન ગાળતા હતા.

આવા નિરુપદ્રવી અને સાત્વિક ભાવનાના ઉપાસક આશ્રમ-વાસીઓ પર એકાએક એક વિપત્તિ આવી પડી.

ક્રૌંચકર્ણ નામનો એક દુષ્ટ પ્રકૃતિનો રાક્ષસ આ આશ્રમની શાંતિ જીરવી શક્યો નહિ. તેના હૈયામાં ભરેલા આસુરી બળને તાપસગણોની અધ્યાત્મ આરાધના ખૂંચવા માંડી અને તે આશ્રમમાં આવી ચડ્યો.

પ્રથમ તો તેણે આશ્રમવાસીઓનું શાંત અને નિરુપદ્રવી જીવન જોયું. ત્યાર પછી વનના સૌમ્ય વાતાવરણ વચ્ચે વસનારા તાપસ-ગણોનાં હૈયામાં રહેલી સંતોષની ભાવના જોઈ; નલિની ગુલ્મ નામનું દિવ્ય ભવ્ય જિનાલય જોયું, સત્ત્વશીલની આરાધના નિહાળી, નરનાર સર્વનાં નયનોમાં પ્રસન્નતા જોઈ. આમ, ગુપ્તપણે આ બધું નિરીક્ષણ

કરીને ક્રૌંચકર્ણને પોતાના વતનનું સ્મરણ થયું. વૈતાઢય પર્વત પર પોતે એક વિદ્યાધર હતો...અનેક કુવિદ્યાઓની સાધના કરીને પોતે સમૃદ્ધ બનેલો...પરંતુ અન્ય વિદ્યાધરો ઉપરનું વર્ચસ્વ પ્રાપ્ત ન થઈ શક્યું...આથી તેણે સરસાઈ પ્રાપ્ત કરવા ઉપદ્રવ શરૂ કર્યો...પરંતુ તેનું કશું ચાલ્યું નહિ.. જ્ઞાતિ ભાઈઓએ તિરસ્કાર કર્યો.. છેવટે વૈતાઢય પર્વત પરથી તગડી મૂકયો !

પૃથ્વી પર તે ઘણે સ્થળે ભમવા માંડયો...પોતાની માયાજાળ મારક વિદ્યાના પ્રભાવે તે નિર્દય બની ગયો હોવાથી પોતાનું વર્ચસ્વ, પોતાની સત્તા અને પોતાની શક્તિ સ્થાપવા વિવિધ પ્રકારના અત્યાચારો ગુજારવા માંડયો...પરંતુ સત્ત્વશીલ બળો મોતને પસંદ કરવામાં કર્તવ્ય સમજતાં... આદર્શથી ભ્રષ્ટ થવામાં જરાય રસ નહોતાં ધરાવતાં.

આસુરી શક્તિ જેમ જેમ પરાજિત બને છે તેમ તેમ વધારે પાગલ બનતી જતી હોય છે. ક્રૌંચકર્ણ પોતાના વતનમાંથી ફેંકાઈ ગયો હતો અને હજુ સુધી પોતાનું સ્વતંત્ર રાજ્ય કરી શક્યો નહોતો. આ સુંદર અને શાંત આશ્રમો જોઈને ક્રૌંચકર્ણના મનમાં થયું, જો આ વનપ્રદેશ પર મારી સત્તા સ્થાપી શકું અને આ બધા વનવાસીઓને મારા ગુલામ બનાવી શકું તો સામે દેખાતા વિશાળ જિન પ્રાસાદમાં લોકો મારી મૂર્તિની પૂજા કરે...મારાં ચરણ ચૂમે અને ધીરે ધીરે મારી આણ વિસ્તાર પામતી જાય !

સંસારમાં સત્તાની લાલસાએ અનેક ઉત્પાત સર્જ્યા છે. સત્તાની ભૂખ પાછળ જ આસુરી બળ રહેલું છે. એક પ્રજા બીજા પ્રજા પર પોતાની સત્તાની મહોર મારવા પ્રયત્ન કરે છે ત્યારે તેનામાં આસુરી શક્તિ જ ઉદય પામે છે...એ જ રીતે વ્યક્તિ, પક્ષ, જૂથ કે જાતિ જ્યારે જ્યારે સત્તાની લાલસા પાછળ દોટ મૂકે છે ત્યારે ત્યારે તેનામાં આસુરી બળ જાગે છે અને વિનાશની આંધી ચગાવે છે.

ક્રૌંચકર્ણે પ્રથમ તો વિવિધ પ્રકારનાં પ્રલોભનો બિછાવવા માંડયાં..

આશ્રમવાસીઓનાં પ્રાંગણમાં તેણે અદ્રશ્ય રૂપે સુવર્ણ અને રત્નના અલંકારો મૂકયા...પરંતુ આશ્રમવાસીઓએ એના પ્રત્યે નજર સરખીયે ન કરી.

આમ, લોભ અને લાલચના સઘળા પ્રયોગો નિષ્ફળ જતાં તેણે ભય દેખાડવાની રમત આદરી...હિંસક પશુઓનું રૂપ ધારણ કરીને તાપસ પરિવારોને ગભરાવવા માંડયા પરંતુ તપાસ પરિવારો પોતાના કોઈ દુર્ભાગ્યનો ઉદય માનીને શ્રી. જિનેશ્વર ભગવંતની આરાધનામાં વધારે સ્થિર બન્યા.

આ જોઈને કૌંચકર્ણ વધારે ક્રોધાયમાન થયો. જયાં આસુરી બળ છે ત્યાં ક્રોધ હોય જ છે. તે પ્રગટ થયો અને ભારે ઉત્પાત મચાવવા માંડયો. કેટલાક તાપસો મંત્ર વિદ્યામાં નિષ્ણાત હતા... તેઓએ રાક્ષસના ઉત્પાતને મંત્રબળ વડે થંભાવવા પ્રયત્ન કર્યો... પરંતુ કૌંચકર્ણની આસુરી મંત્રશકિત પ્રબળ હતી. તાપસ મુનિઓની શકિત સાત્ત્વિક હતી.. તેઓ થાકી ગયા...પરંતુ શ્રદ્ધા અને આદર્શથી રજમાત્ર ચલિત ન થયા.

કૌંચકર્ણે બધા તાપસોને એક મહિનાની મુદત આપી અને કહ્યું : ' જો તમે મારું દાસત્વ સ્વીકારશો અને મને તમારો આરાધ્ય માનશો તો હું આ આશ્રમભૂમિને સ્વર્ગભૂમિ બનાવી દઈશ...તમારી સમક્ષ અઢળક સંપત્તિ બિછાવીશ...અને જો મારી આ વાત નહિ સ્વીકારો તો તમારા સઘળા પરિવારોને મારા રોષાગ્નિ વડે ખાખ કરી નાખીશ. હું તમને એક માસની મુદત આપું છું...ત્યાં સુધીમાં તમારે મોત અથવા જિંદગી બેમાંથી એક પર પસંદગી ઉતારવાની છે.'

કૌંચકર્ણની આ ચેતવણી સાંભળીને તાપસ પરિવારો કંપી ઊઠયા. બધાએ એકત્ર થઈને નિર્ણય કર્યો, ' આપણે એક પ્રતિનિધિ મંડળ લઈને નિષધપતિ મહારાજા નળ પાસે જવું અને કૌંચકર્ણના ઉપદ્રવની વાત કરી એમની સહાય મેળવવી મહારાજ નળ નવજવાન

છે, ધાર્મિક અને સત્ત્વશીલ છે...એમની ભુજામાં દસ હજાર હાથીનું બળ છે...તેઓ જરૂર આપણને સહાય કરશે.'

વળતે જ દિવસે અગિયાર તાપસ મુનિઓ જે વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને તપસ્વી હતા તે નિષધા નગરી તરફ વિદાય થયા.

કૌંચકર્ણ ચેતવણી આપીને અન્ય પ્રદેશ તરફ ચાલ્યો ગયો હતો. તેને ખાતરી હતી કે, પ્રાણીમાત્રને જીવતર ગમે છે...મૃત્યુ નથીગમતું એટલે તાપસો અવશ્ય શરણાગતિ સ્વીકારશે.

નવજવાન મહારાજા નળે થોડા સમય પહેલાં જ પોતાના બાહુબળ વડે દિગ્વિજય કર્યો હતો...તેના રાજભંડારમાં અઢળક સંપત્તિ એકત્ર થઈ હતી. ઘણા દુર્દાંત રાજાઓને વશ કરીને તેણે પુષ્કળ સુવર્ણ પ્રાપ્ત કર્યું હતું...પરંતુ રાજા નળનો ઉદ્દેશ સંપત્તિ વધારવાનો નહોતો...સંપત્તિનો સદુપયોગ કરવાનો હતો અને એ આદર્શને સિદ્ધ કરવા તેણે દાનનો પ્રવાહ ચાલુ રાખ્યો હતો.

વર્ષાઋતુનો પ્રારંભ થઈ ગયો હતો. મેઘરાજનું ગર્જન પુથ્વીને અતિ સુખદ જણાવા માંડયું...મયૂરોના નાદથી જાણે પૃથ્વી પોતાના પ્રિયતમને ભેટવા આતુર બની ગઈ...અને નરનારના હૈયામાં મિલનની માધુરી રચનારા કામદેવે વિરહિણી સ્ત્રીઓ માટે બકુલ વૃક્ષને ચક્ર સમાન, ચંપક વૃક્ષને ભલ્લ જેવું અને કેતકી વૃક્ષને કર્ણી બાણ જેવું બનાવ્યું...અર્થાત આ ત્રણેય વૃક્ષો વિરહિણી સ્ત્રીઓ માટે પોતાના સ્વામીની ગેરહાજરીના કારણે શલ્ય સમાં ભાસતાં હતાં.

વર્ષાના પ્રારંભ કાળમાં મહારાજા નળ પોતાના રાજભવનના બેઠક ખંડના ઝરૂખા પાસે રત્ન જડિત આસન પર બેઠા હતા. પંડિતજનો મિત્રો, વીરાંગનાઓ, છડીદારો, પ્રતિહારીઓ, ભાટો. વિદૂષકો, મહામંત્રી શ્રુતશીલ, અન્ય મંત્રીઓ, વગેરે મહારાજ નળની સામે બેઠા હતા. વિવિધ પ્રકારની વાતો ચાલતી હતી.

બરાબર આ સમયે તાપસોનું પ્રતિનિધિ મંડળ રાજભવનના

ચોકમાં આવ્યું. તેઓની કાયા ભસ્મ વડે ચોળાયેલી હતી...જાણે ભભૂતિનું વસ્ત્ર ધારણ ન કર્યું હોય! તેઓની પીળી અને ઊંચી જટા મુગટ સમાન શોભતી હતી.

રાજના તમામ કર્મચારીઓને મહારાજા નળની એક આજ્ઞા હતી કે કોઈપણ તાપસ, મુનિ, સાધુ, સંત કે ત્યાગી રાજભવનમાં આવે ત્યારે તેમનો બહુમાનપૂર્વક સત્કાર કરવો અને ગમે તેવા કાર્યમાં હું હોઉં તો પણ તેઓને મારી પાસે લઈ આવવા.'

દ્વારરક્ષકોએ વૃદ્ધ તાપસોને નમન કર્યાં અને બહુમાનપૂર્વક આદર સહિત સત્કાર્યા. થોડી જ પળોમાં મહાપ્રતિહાર આવી પહોંચ્યો અને બધા તાપસોને નમન કરીને બેઠકગૃહ તરફ લઈ ગયો.

બેઠક ખંડ ઘણો વિશાળ હતો. પાંચસો માણસો આરામથી બેસી શકે એવી વ્યવસ્થા આ ખંડમાં રાખવામાં આવી હતી.

તાપસ પ્રતિનિધિઓ નળ રાજાનું રાજભવન જોઈને ખૂબ જ પ્રસન્ન બની ગયા હતા. ઈન્દ્રનું ભવન પણ આટલું સુંદર, સમૃદ્ધ અને શ્રેષ્ઠ હશે કે કેમ એ પ્રશ્ન આપોઆપ જોનારના મનમાં ઊભો થતો.

મહાપ્રતિહાર અગિયાર વૃદ્ધ તાપસોને લઈને બેઠક ખંડમાં દાખલ થયો. વયોવૃદ્ધ અને તેજ મૂર્તિસમા તાપસોને જોતાં જ મહારાજા નળ આસન પરથી ઊભો થઈ ગયો અને હાથ જોડીને ભાવપૂર્વક નમન કરવા માંડયો.

તાપસોએ મહારાજા નળના મસ્તક પર પુષ્પનો અભિષેક કરીને આશીર્વાદ આપ્યા. મહામંત્રી શ્રુતશીલે ઘણા જ આદર સહિત બધા તાપસોને ઉત્તમ આસનો પર બિરાજમાન કર્યા.

તાપસો આસન પર બેઠા એટલે નળ પણ પોતાના આસન પર બેઠો અને વિનમ્ર ભાવે બોલ્યો : 'આપ સમા તપસ્વી અને જ્ઞાની પુરુષોનાં દર્શનથી હું ધન્ય બન્યો. તપ, જ્ઞાન અને ચારિત્રની આરાધના કરનારા મહાપુરુષો, આપ સહુ આપના શિષ્ય પરિવાર સહિત કુશળ

છો ને ? આપના આશ્રમમાં કોઈ પ્રકારની વિપત્તિ તો નથી ને ? આપના આશ્રમવાળા વન પ્રદેશમાં હિંસક પ્રાણીઓનો કે શિકારીઓનો કોઈ ઉપદ્રવ નથી ને ? પ્રખર તાપ વેળાએ સૂર્ય આડે વાદળું આવે અને વટેમાર્ગુ સંતોષ અનુભવે, એ રીતે આપના આગમનથી હું ખૂબ જ સંતોષ અનુભવી રહ્યો છું. હે મહાત્માઓ, મારું રાજ, પૃથ્વી, સંપત્તિ, વગેરે આપનું જ છે...આપની ચરણરજથી આ ભવન આજ પવિત્ર થયું છે...કૃપાળુ, મારા લાયક જે કંઈ કાર્ય હોય તે સંકોચ રહિત દર્શાવો.'

નળની વિનયયુક્ત વાણી સાંભળીને તાપસ મુનિઓ ખૂબ જ પ્રસન્ન બની ગયા. એક મુનિએ કહ્યું, 'દુશ્મનોને પરાજિત કરનારા હે રાજન, તારી ભાવભરી વાણી સાંભળીને અમારી વેદના આપોઆપ હળવી બની ગઈ છે. હે નિષધપતિ, તું ચંદ્ર સમાન સુખ આપનાર અને સર્વ માટે કલ્પવૃક્ષરૂપ છે એ જાણીને અમે અમારા જીવતર પર આવી તડેલી એક વિપત્તિની વાત કહેવા આવ્યા છીએ.'

નળે દુઃખદ સ્વરે કહ્યું, 'આપના જીવતર પર વિપત્તિ ?'

બીજા મુનિએ કહ્યું, 'હા રાજન, ક્રૌંચકર્ણ નામનો એક દુષ્ટ પ્રકૃતિનો અસુર અમારા વન પ્રદેશમાં આવ્યો હતો. તેણે અમારા પર ભારે જુલ્મો વરસાવવા શરૂ કર્યા...એના માયામંત્રોની જાળ વચ્ચે અમારા પરિવારો ફસાઈ ગયા છે...એ દુષ્ટાત્માને અમે કોઈ પણ ઉપાયે સમજાવી શક્યા નથી...છેલ્લે તેણે અમને એક મહિનાની મુદતમાં શરણાગતિ સ્વીકારવાની મહેતલ આપી છે. જો અમે એ દુષ્ટને આરાધ્ય રૂપે ન સ્વીકારીએ તો તે સઘળા તાપસ પરિવારોને ખતમ કરશે...અમે સહુ શ્રી. જિનેશ્વર ભગવંતના આરાધકો છીએ. સત્યનો ત્યાગ કરવાની અમારી કોઈની ઈચ્છા નથી. જો ક્રૌંચકર્ણ નહિ સમજે તો અમે ધર્મને જતો ન કરતાં જીવતરને જતું કરવામાં કર્તવ્ય માનીએ છીએ...'

મહામંત્રી શ્રુતશીલે કહ્યું, 'પૂજ્યશ્રી, એ દુષ્ટ રાક્ષસ શું આપના તપોવનમાં છે ?'

'અમને ચેતવણીઆપીને ચાલ્યો ગયો છે...આજ એની ચેતવણી પર દસ દિવસ વીત્યા છે...હવે વીસ દિવસ બાકી રહ્યા છે.' આમ કહીને વૃદ્ધ તાપસે મહારાજ નળ સામે જોઈને કહ્યું, 'રાજન, તારું બાહુબળ વિશ્વ વિખ્યાત છે. અલ્પ વયમાંજ દિગ્વિજય પ્રાપ્ત કરીને તેં અપૂર્વ કીર્તિપ્રાપ્ત કરી છે...રાજા ધર્મ અને સંસ્કૃતિનો રક્ષક છે એટલે અમે આ દુષ્ટના ઉપદ્રવમાંથી મુક્તિની આશા પ્રાપ્ત કરવા તારી પાસે આવ્યા છીએ.'

મહારાજા નળે તરત કહ્યું, 'પૂજ્યશ્રી, આજ હું ધન્ય બની ગયો. આપે મને એવું કાર્ય બતાવ્યું છે કે જે ક્ષત્રિયના ધર્મને શોભા આપનારું છે. આપ નિશ્ચિંત રહો...હું મારા પ્રાણુના ભોગે પણ આપને સુરક્ષિત કરવાનો પુરુષાર્થ કરીશ...આપ સહુ દીર્ઘ પ્રવાસ કરીને પધાર્યા છો...બેચાર દિવસ વિશ્રામ લો...પછી હું આપની સાથે જ આપના તપોવનમાં આવીશ.' ત્યાં બેઠેલા સર્વ લોકોએ હર્ષનાદ કર્યો.

મુનિઓએ આશીર્વાદ આપ્યા.

મહાપ્રતિહાર સામે જોઈને મહારાજા નળે કહ્યું, 'સર્વ મહાત્માઓને અતિથિ ભવનમાં લઈ જા...અને એમની પ્રત્યેક ઈચ્છા પૂરી થાય તેમ વ્યવસ્થા કરજે.'

મહારાજાની આ આજ્ઞા સાંભળીને એક વૃધ્ધ તાપસ મુનિએ કહ્યું : 'રાજન, અમે નગરીમાં રાત્રિકાળ રહી શકીએ નહિ. એટલે નગરી બહારના કોઈ ઉપવનમાં રહેવું અમને અનુકૂળ થઈ પડશે.'

એમ જ થયું.

નગરીની દક્ષિણે રાજ્યનું એક સુંદર અને વિરાટ ઉપવન હતું. ત્યાં સર્વ તાપસોને લઈ જવામાં આવ્યા.

ચોથે દિવસે મહારાજા નળ પોતાનાં દિવ્ય શસ્ત્રો સહિત એને

થોડા જ સાથીઓને સાથે લઈ તાપસ મુનિઓ સાથે વનપ્રદેશ તરફ વિદાય થયો.

ઉત્તમ અશ્વો સાથે હોવા છતાં તાપસ મુનિઓ પગપાળા જ ચાલતા હતા...આથી રાજા પણ તેઓની સાથે પગપાળો ચાલવા માંડયો. મુનિઓએ અશ્વારોહી થવા માટે ઘણો આગ્રહ કર્યો પરંતુ રાજાએ વિનમ્ર ભાવે કહ્યું, 'મહાત્મા, ભોગોપભોગ વચ્ચે તો ડૂબેલો જ છું...વાહન વગર ધરતી પર પગ મૂકવાની તક મળતી જ નથી... આજ મારા પુણ્યોદયે મને આવો અપૂર્વ અવસર પ્રાપ્ત થયો છે તો મને એ લાભ લેવા દો...'

મુનિઓ રાજાની ભકિત પર મુગ્ધ બની ગયા.

નિષધનો સ્વામી જયારે પગપાળો ચાલે ત્યારે તેના માણસો વાહન પર કેમ બેસી શકે?

સહુએ પ્રસન્ન હૃદયે પગપાળો વિહાર શરૂ કર્યો.

## પ્રકરણ ૧૧ મું : : ક્રોંચકર્ણનો વધ

આમ તો, ગંગાતટે આવેલા વનપ્રદેશના આશ્રમોમાં પહોંચતાં આઠ દિવસ થઈ જાય...પરંતુ માર્ગમાં આવતાં ગામોની જનતા પોતાની પ્રિય રાજવીનું સ્વાગત કર્યા વગર કેમ જવા દે? પ્રવાસ પગપાળો હતો. તાપસ મુનિઓએ મહારાજા નળને વાહનમાં બેસવાનો ખૂબ જ આગ્રહ કર્યો હતો. પરંતુ વિનય અને ભકિતની મર્યાદા સાચવવા ખાતર નળ રાજાએ પગપાળા જ ચાલવાનું પસંદ કર્યું.

અને તેઓ આશ્રમના વનપ્રદેશ પાસે પહોંચ્યા ત્યારે આઠને બદલે ચૌદ દિવસ વીતી ગયા.

આ તરફ એક મહિનાની મુદત આપીને બહાર નીકળી ગયેલો

ક્રૌંચકર્ણ રાક્ષસ અઢારમે દિવસે પાછો આવી ગયો હતો...એક માસની મુદ્દત આપી હોવાથી તે ઉત્તરની આશાએ વન પ્રદેશમાં જ ઘૂમતો રહ્યો. વિવિધ પ્રકારનાં હરણ કે એવાં પ્રાણીઓને પકડીને તે કાચાં ને કાચાં ચાવી જતો. અને તે જાણી શકયો કે ૧૧ વૃદ્ધ તાપસો નિષધપતિની સહાય મેળવવા ગયા છે...આ જાણ્યા પછી તેના હૈયામાં ભારે રોષ વ્યાપ્યો અને તેણે આશ્રમવાસીઓને કહ્યું; '૧૧ તાપસો નળની સહાય લેવા ગયા છે, કેમ? નળ! એક માનવ મગતરું! સારું થયું છે...નળ નવજવાન છે. એનું મધુર માંસ મને તૃપ્ત કરશે...પણ તમારા સહુના પ્રતિનિધિરૂપે ગયેલા વૃદ્ધ તાપસોના માંસ કરતાં રકતમાં મને વધારે આનંદ પડશે...ત્યાર પછી તમારી સામે એક જ માર્ગ રહેશે...મારા દાસ બનીને અપાર સુખ મેળવો...હું મારી શકિતના બળે આ વન પ્રદેશમાં એક સુંદર નગરી રચીશ...એમાં તમારા સહુ માટે એકએક ભવન હશે...દરેક ભવનમાં વિલાસની પ્રચુર સામગ્રી હશે...હું તમારો દેવ બનીશ...તમારી પ્રત્યેક ઈચ્છા પૂરી કરીશ...તમે બધા મારા ભકતો બનજો...પૂજારીઓ બનજો...મારી આ ઉદારતાનો તમે અસ્વીકાર કરશો તો નાના મોટા બધા આશ્રમવાસીઓને મારા ઉદરમાં હોમી દઈશ.'

રાક્ષસની આ કાળવાણી સાંભળીને આશ્રમનાં નરનાર કંપી ઊઠયાં. પણ કોઈએ કશો પ્રત્યુત્તર ન આપ્યો. પ્રત્યુત્તર શો આપે? ધર્મ અને કર્તવ્યનો ત્યાગ કરવા કરતાં મોતને ભેટવું ઉત્તમ એમ માનનારાઓ પોતાના આદર્શથી કદી ડગતા નથી. એ જ માણસો બળાત્કાર અને અત્યાચારને તાબે થતા હોય છે, જેનામાં પોતાના આદર્શ પ્રત્યે શ્રદ્ધા નથી હોતી અથવા જીવતરનો મોહ હોય છે!

તાપસ પરિવારો સંસારથી દૂર રહીને પ્રકૃતિના ખોળે વસતા હતા. અને ધર્મ, સત્ય, તપ અને સદાચારને જ જીવનનું સાચું સત્ત્વ સમજતા હતા. જો જીવનમાં આ સત્ત્વો ન હોય તો એ જીવતર કેવળ એક

બોજો જ હોય છે. આવો બોજો ઉપાડવા કરતાં હસતાં હસતાં મોતને ભેટવું સારું. આમ સમજનારા રાક્ષસની કાળવાણી સામે મૌન ઊભા રહ્યા...

બધાને મૌન જોઈને રાક્ષસ બોલ્યો; '૧૧ તાપસો અને નળનું સ્વાગત કરવા હું આ વનમાં જ ઘૂમી રહ્યો છું. તમારે જીવન કે મૃત્યુ બેમાંથી એકને પસંદ કરવાનું છે.'

તાપસ પરિવારો મનમાં શ્રી. જિનેશ્વર ભગવંતનું સ્મરણ કરી રહ્યા...કશું બોલ્યા નહિ.

રાક્ષસ ક્રૌંચકર્ણ હુંકાર કરતો કરતો અને વનપ્રદેશને ખૂંદતો ખૂંદતો ચાલ્યો ગયો.

૧૧ તાપસો અને નવજવાન રાજા નળ પોતાના કેટલાક સુભટો સાથે વન પ્રદેશના કિનારે આવી પહોંચ્યા, ત્યારે એક વૃધ્ધ તાપસે કહ્યું, 'રાજન, આ વન પ્રદેશમાં જ અમારા નાના નાના આશ્રમો પથરાયેલા છે. ક્રૌંચકર્ણે આપેલી મુદત આવતી કાલે સવારે પૂરી થશે એટલે તે આવી પહોંચશે.'

નળ રાજાએ કહ્યું, 'આપ સહુ નિર્ભય રહો. હું જ્યાં સુધી જીવતો છું ત્યાં સુધી એ નરાધમ આપનું કંઈ અહિત કરી શકશે નહિ.'

સહુ વન પ્રદેશમાં દાખલ થાય તે પહેલાં જ એક ભયંકર અટ્ટહાસ્ય વડે આખું વાતાવરણ ખળભળી ઊઠયું.

નવજવાન નળ સમજી ગયો કે ક્રૌંચકર્ણ આવી પહોંચ્યો લાગે છે. તેણે પોતાના સાથીઓને સાવધ રહેવાનું જણાવ્યું અને પોતાના અશ્વ પર રાખેલાં શસ્ત્રો પળના યે વિલંબ વગર ધારણ કરી લીધાં.

ત્યાં તો બીજી વાર અટ્ટહાસ્ય ગુંજી ઊઠયું. જે દિશાએથી અટ્ટહાસ્ય આવી રહ્યું હતું, તે દિશા તરફ સહુ જોઇ રહ્યા. અને ક્રૌંચકર્ણ સહુની સામે દેખાયો. તેના વાળ વિખરાયેલા હતા ને ગૂંચળાં વળી ગયાં હતાં. માથાના વાળ સ્વચ્છ રાખવાની કાળજી કોઈ દિવસ

નહીં રાખી હોય તેમ સહેજે કલ્પી શકાતું હતું. એની કાયામાંથી મનને કંપાવી દે તેવી વિચિત્ર દુર્ગંધ નીકળી રહી હતી. તે પોતાના કરવત જેવા દાંત વડે પોતાના જ ઓષ્ઠને કચડી રહ્યો હતો. તેનાં નયનો સળગતા અંગારા જેવાં હતાં. તાપસો, નળ અને તેના સુભટોને જોઈને વન પ્રદેશને કંપાવી મૂકે એવું ભયંકર અટ્ટહાસ્ય કરીને તે ઉચ્ચ સ્વરે બોલ્યો, 'અલ્યાં માનવ પશુઓ, ત્યાં જ ઊભાં રહી જાઓ. અલ્યા નળ, તાપસોની સહાય માટે રમકડાં ધારણ કરીને તું આવ્યો છે તે હું જાણું છું. પણ તને તારા મૃત્યુએ જ અહીં મોકલ્યો છે! આજ મારા હર્ષનો પાર નથી. તારા અને તારા સુભટોના સ્નિગ્ધ મધુર માંસ વડે આજ મારો જઠરાગ્નિ તૃપ્ત થશે.'

નળ રાજાએ પોતાના સાથીઓ અને તાપસગણોને ત્યાં જ ઊભા રહેવાનું કહ્યું. ત્યાર પછી તે પગપાળો જ અગ્રસર થયો. નળને નિર્ભયપણે પોતા તરફ આવતો જોઈ ક્રૌંચકર્ણ ખડખડાટ હસવા માંડયો. નવજવાન નળે તેની સામે જોઈને કહ્યું, 'ઓ દુષ્ટ આચરણ-વાળા અધમ રાક્ષસ! બ્રાહ્મણ, સ્ત્રી, ગર્ભ, ગાય અને ત્યાગીઓનો વધ કરવો એ તારો કુળધર્મ લાગે છે. તારી કાયામાંથી છૂટી રહેલી દુર્ગંધ અસહ્ય હોવા છતાં તારા મૃત્યુને ઈચ્છનારાઓના સંતોષ ખાતર હું તારો વધ કરીશ.'

'તું મારો વધ કરીશ?'

'તારા જેવા દુષ્ટોનો વધ કરીને લોકોને ભયમુક્ત કરવા એ મારું કર્તવ્ય છે. મારાં શસ્ત્રો વડે તારી કાયા નષ્ટ થઈ જાય તે પહેલાં હું તને એક તક આપવા માંગું છું. તારામાં તાકાત હોય એટલી અજમાવવા ખાતર પહેલો પ્રહાર તું કરી લે.' ઘણા જ શાંત અને ગંભીર સ્વરે મહારાજા નળે આછા હાસ્ય સહિત કહ્યું.

આ શબ્દો સાંભળીને ક્રૌંચકર્ણ ભારે કોપાયમાન થયો અને પથ્થરની એક વિરાટ શિલા ઊંચકીને બોલ્યો: 'તેં મને તક આપીને

તારા મોતને જ નિમંત્રણ આપ્યું છે...જોઈ લે મારું ભુજબળ..." આમ કહીને રાક્ષસે તે વિરાટ શિલા એક ભયંકર ગર્જના સાથે નળ પર ફેંકી.

પરંતુ નવજવાન નળ તૈયાર જ હતો...તેણે કરેલા ધનુષ ટંકારથી સમગ્ર પૃથ્વી જાણે થડકી ગઈ હતી...તેણે છોડેલા બાણે ક્રૌંચકર્ણે ફેંકેલી શિલાના ટુકડે ટુકડા કરી નાખ્યા.

આ જોઈને અત્યંત રોષે ભરાયેલા રાક્ષસે વિરાટ વૃક્ષો મૂળમાંથી ઉખેડી ઉખેડીને નળ પર ફેંકવા માંડયાં. પરંતુ ઈંદ્રાદિ દેવો જેના હસ્ત લાઘવની પ્રશંસા કરતા હતા તે નવજવાન નળનાં બાણોથી એક પણ વૃક્ષ નજીક આવી શકયું નહિ.

'ઓહ, આજ માંકડને મૂછ આવી લાગે છે! મેં વિચાર્યું હતું કે, મારે મારાં શસ્ત્રોનો ઉપયોગ ન કરવો...પણ મારે તારા ગર્વનો ને તારો નાશ કરવો જ પડશે...' કહી ક્રૌંચકર્ણે પોતાની વિદ્યાશક્તિ વડે એક વિરાટ ધનુષ હાથમાં લીધું...અને ઉલ્કાનું પતન થતાં જેવો અવાજ થાય તેવો અવાજ તેના ધનુષટંકારનો થયો...તે બોલ્યો: 'અલ્યા બાળક સાવધ રહેજે...તેં આજ મોતને છંછેડયું છે!'

પરંતુ ક્રૌંચકર્ણનું ધગધગતું ધનુષ નળ તરફ છૂટે તે પહેલાં જ નળના એક જ બાણથી રાક્ષસના વિશાળ ધનુષની દોરી તૂટી ગઈ.

ક્રૌંચકર્ણ ભારે કોપાયમાન થયો અને બન્ને વચ્ચે સંગ્રામ મચી ગયો. નારાચ, ક્ષુરપ્ર, અર્ધ ચંદ્રાકાર, વગેરે બાણોનો વરસાદ વરસવા માંડયો. ધનુર્વિદ્યામાં નળરાજા નિષ્ણાત હતો...તેણે પોતાના અંગ પર એક પણ બાણનો સ્પર્શ ન થવા દીધો અને પોતાનાં છોડેલાં ઘણાં બાણો રાક્ષસને ચૂમી ગયાં.

ક્રૌંચકર્ણના મનમાં થયું, મારી કલ્પના કરતાં યે નળ વધારે ચપળ લાગે છે...આમ વિચારી તેણે નળ સામે જોયું અને તે ભારે

ચકિત બની ગયો...નળના અંગ પર એક પણ બાણ સ્પર્શ કરી શક્યું નહોતું અને પોતે ઘણે સ્થળે વિંધાઈ ગયો હતો. આથી ભારે રોષમાં આવેલાં ક્રૌંચકર્ણે પ્રચંડ અને અગ્નિબાણ વેરતી એક શક્તિ જમણા હાથમાં ધારણ કરી. ત્યાર પછી સમગ્ર વનપ્રદેશને ધ્રુજાવી મૂકે એવો સિંહનાદ કરીને કહ્યું, 'અહ્યા છોકરા, મારી આ મંત્રસિધ્ધ શકિત તારો પ્રાણ લીધા વગર નહિ રહે...આ શકિત એવી છે કે કોઈ પહાડના પણ ચૂરેચૂરા થઈ જાય...પૃથ્વી પર ફેંકું તો પૃથ્વી ફાડીને પાતાળમાં પહોંચી જાય...મારી આ શકિત આગળ ઇંદ્રાદિ દેવો પણ લાચાર બની જતા હોય છે...સાવધાન!'

નળ સાવધાન જ હતો. તેણે એક બાણ અભિમંત્રિત કરીને ધનુષ પર ચડાવી દીધું હતું...

ક્રૌંચકર્ણે પ્રચંડ વેગથી શકિત ઉત્તોલિત કરીને નળ પર ઝીંકી. ...નળે પણ એક જ બાણ ફેંક્યું...અને અધવચ્ચે બંને શસ્ત્રો ટકરાયાં...રાક્ષસે ફેંકેલી શક્તિના ત્રણ ટુકડા થઈ ગયા.

રાક્ષસ ધૂંવાંપૂંવાં થઈ ગયો. તેણે ત્રાડ નાખી અને નળનું મસ્તક કાપી લેવાના સંકલ્પ સાથે કાતીલ, તેજદાર, વિચિત્ર અને હજારો કિરણો વરસાવતું એક બાણ ફેંક્યું...

નળે હસતાં હસતાં તે બાણને કાપી નાખ્યું.

છંછેડાયેલા નાગ જેવા રાક્ષસે પોતાના મુખમાંથી પ્રચંડ અગ્નિ-શિખા પ્રગટ કરી...અને નળે મેઘાસ્ત્ર પ્રગટ કરીને રાક્ષસનું આગ્નેય બળ ખતમ કરી નાંખ્યું.

વળતી જ પળે ક્રૌંચકર્ણે માયા યુદ્ધનો સંકલ્પ કર્યો અને નેત્રોવાળી, વિશાળ જઘન પ્રદેશવાળી, ઉન્નત ઉરોજવાળી, કૃષ્ણકાંતિ-વાળી માયાવી સ્ત્રીઓ પ્રગટાવી...આ સ્ત્રીઓ ભયંકર શસ્ત્ર જેવી હતી. મહારાજ નળ રાક્ષસની માયા સમજી ગયા અને તેણે સંમોહાસ્ત્રનો પ્રયોગ કરીને તે સઘળી સ્ત્રીઓને મૂર્છિત બનાવી.

સ્ત્રીઓની માયા સંકેલાઈ ગઈ.

ક્રૌંચકર્ણે વિવિધ રૂપો ધારણ કરવા માંડયાં.. ઘડીક આગળ, ઘડીક ઉપર, ઘડીક પાછળ, ઘડીક પડખે : આમ તે હુંકાર કરતો કરતો શસ્ત્રો ફેંકવા માંડયો.

નવજવાન નળે પડકાર કરતાં કહ્યું : 'ઓ દુષ્ટ, આજ મારા હાથે તારું મૃત્યુ થાય તે પહેલાં તું આ તાપસોની ક્ષમા માગીને હંમેશ માટે ચાલ્યો જા...જો તને તારું જીવતર વહાલું હોય તો!

'હું યુદ્ધમાં કદી પાછો ફરતો નથી...મોતનો હું સ્વામી છું... આજ સુધી મને કોઈ જીતી શકયું નથી...'

'તો પછી સામી છાતીએ ન લડતાં કાયરની માફક સંતાકૂકડી કેમ ખેલે છે ? તને તારા ભુજબળનું અરમાન હોય તો એ અરમાન હું અવશ્ય પૂરું કરીશ...' નળે કહ્યું.

અને વારંવાર અદ્રશ્ય થતો ક્રૌંચકર્ણ એક વિશાળ ફરસી સાથે સામે આવ્યો...અગ્નિ કણ વેરતી ફરસી તેણે ઊચકી...પરંતુ નળના એક તેજદાર બાણે રાક્ષસના હાથમાં જ ફરસીના ટુકડા કરી નાખ્યા અને એક સાથે એક હજાર બાણ ફટકારીને ક્રૌંચકર્ણને વીંધી નાખ્યો.

ક્રૌંચકર્ણનું હૈયું ક્રોધથી પ્રજળી રહ્યું હતું. તે નળને એક માનવ મગતરું માત્ર માનતો હતો, પણ સુકાબલાથી તે જોઈ શકયો કે ઊગીને ઊભો થતો નળ ખતરનાક છે...એનું હસ્તલાઘવ ચમકાવી દે તેવું અજોડ છે...આવા ચપળ બાણાવળી શાસ્ત્રયુદ્ધથી જીતી શકશે નહિ.

આમ વિચારી ક્રૌંચકર્ણે પોતાનું રૂપ માયાના બળે ભયંકર બનાવ્યું. કાયા પણ વિરાટ કરી...થોડી જ પળોમાં તે એક પહાડ જેવો વિરાટકાય બની ગયો...અને ગગનમાં ઊડયો.

નવજવાન નળ એની ચાલ સમજી ગયો. તેણે માયાબંધનના મંત્ર વડે એક બાણ અભિમંત્રિત કરીને કહ્યું, 'ક્રૌંચકર્ણ, તારી માયા

સંકેલીને મરદાનગીથી સામી છાતીએ મુકાબલો કરી લે...! મરદ અને બળવાનની શોભા કપટ યુધ્ધમાં નથી.'

ક્રૌંચકર્ણે ક્રૂર અટ્ટહાસ્ય કરીને કહ્યું, 'ઓ ભગતરા, માયા એ જ અમારું બળ છે. હવે તું જોઈ લેજે. તારી આંખ સામે સમગ્ર વનપ્રદેશને હું દાટી દઈશ...'

નળે વળતી જ પળે અભિમંત્રિત બાણ છોડયું...સનસનાટ કરતું એ બાણ ક્રૌંચકર્ણના ઉદરમાં સમાઈ ગયું...અને મંત્રસાધિત બાણનો પ્રભાવ પણ તરત જ થયો. ક્રૌંચકર્ણ વળતી જ પળે પોતાની જ માયા વડે બંધાઈને નીચે આવી ગયો. એની વિરાટ કાયા હતી તેવી સંકોચાઈ ગઈ. એની સમગ્ર કાયા એક જ બાણના પ્રહારથી જાણે તીવ્ર અગ્નિના તણખા વચ્ચે દાઝી રહી હતી.

ક્રૌંચકર્ણની વેદનાનો પાર નહોતો...નળે કહ્યું, 'હજી તને એક તક આપવા માગું છું...તુ આ વનમાં કદી પણ ન આવવાની પ્રતિજ્ઞા કરીને તાપસ ગણોની ક્ષમા ચાહીને ચાલ્યો જા...જો હું બાણ પાછું વાળી લઉ છું.' આમ કહીને નળે માયા બંધનથી રાક્ષસને મુક્ત કર્યો.

ક્રૌંચકર્ણને થયું...આ નવજવાનને પહોંચી શકાય એમ નથી... મોતને ભેટવા કરતાં જીવતરને બચાવવું તે વધારે ઉચિત છે... આમ વિચારી તેણે તરત વરાહનું રૂપ ધારણ કર્યું અને તે નાસવા માંડયો...વળતી જ પળે પોતાનો અશ્વ પર સવાર થઈને નળ પણ તેની પાછળ પડયો...

ક્રૌંચકર્ણ વારંવાર પાછળ જોતો જતો...પરંતુ નળને પોતે થાપ આપી શકયો નથી એવી ખાતરી થતાં તે ભારે ગભરાટ અનુભવતો...

નળે આ દુષ્ટનો નાશ કરવાના આશયથી અશ્વને વાયુવેગે દોડાવીને કહ્યું, 'ક્રૌંચકર્ણ સાવધ થઈ જા...આતતાયી, પાપી અને અકલ્યાણકારીને જીવતો જવા દેવો તે દયા નથી, પણ દયાનો પરિહાસ છે...'

ક્રૌંચકર્ણે પોતાનાં દંતશૂળો વિકસાવ્યાં...અને પાછળ ફરીને નળને અશ્વ સહિત ચીરી નાખવા ખાતર દોટ મૂકી...પરંતુ નળે ફેંકેલી એક જ શકિતએ ક્રૌંચકર્ણને ધરતી ભેગો ચાંપી દીધો... નળની શકિત તેના મસ્તકને ફાડીને પૃથ્વીમાં ખૂંચી ગઈ હતી...

રાક્ષસનું માયારૂપ નષ્ટ થઈ ગયું અને અંતિમ શ્વાસ છોડતો ક્રૌંચકર્ણ વળતી જ પળે મોતનો મહેમાન બની ગયો.

નવજવાન નળ અશ્વ પરથી નીચે ઉતર્યો. ક્રૌંચકર્ણના પ્રાણ ચાલ્યા ગયા હતા...તેણે આસપાસ નજર કરી. પોતે ગાઢ વનમાં આવી ગયો હતો...બે પળ વિશ્રામ લઈને તે પુનઃ અશ્વ પર પસાર થયો. નજીકમાં જ ખળખળ વહેતું એક ઝરણું ત્યાં હતુ ત્યાં જઈને નળે અશ્વને જળપાન કરાવ્યું. ત્યાર પછી પોતે હાથ મોં ધોઈ જળપાન કર્યું.

સ્થળ ઘણું મનોહર હતું. શીતળ સમીર વિહારી રહ્યો હતો. ખૂબ દોડીને થાકી ગયેલ અશ્વને ઝરણા પાસે ઘાસ ચરવા છોડયો.

એક ઘટિકા પર્યંત પોતાના અશ્વને વિશ્રામ આપીને નળ ઊભો થયો.

એ જ વખતે તેની શોધ માટે પાછળ પડેલા અશ્વારોહી સુભટો આવી પહોંચ્યા. ક્રૌંચકર્ણની નિર્જીવ કાયા ધરતી પર પડેલી જોઈને બધા સુભટોએ નિષધપતિનો જયનાદ કર્યો...

બધા સુભટો પોતાના પ્રિય મહારાજા પાસે પહોંચી ગયા. નળને કુશળ જોઈને સહુએ આનંદ વ્યકત કર્યો. એક નવજવાન સુભટે કહ્યું.

'કૃપાનાથ, આપે વરાહ રૂપી રાક્ષસને નષ્ટ કર્યો એ ખૂબ જ ઉત્તમ થયું...આપે એ માયાવી પાછળ એકલા જઈને ઓછું સાહસ નથી કર્યું.'

નળે આછા હાસ્ય સહિત કહ્યું. 'મિત્ર, ક્ષત્રિયના લોહીમાં જ સાહસ ભર્યું હોય છે અને કર્તવ્ય બજાવનારે સાહસ તો ખેડવું જ

જોઈએ. પરંતુ તમે બધા મારી પાછળ કેવી રીતે આવી પહોંચ્યા ?'

બીજા સુભટે કહ્યું : 'કૃપાનાથ, આપ તો થોડી જ વારમાં દેખાતા બંધ થયા હતા. આથી અમને ભારે ચિંતા થવા માંડી. વળી, વૃદ્ધ તાપસોએ કહ્યું કે, ક્રૌંચકર્ણ ભારે માયાવી છે; સંભવ છે કે તેણે કોઈ માયાજાળમાં મહારાજ નળને સપડાવવાનો સંકલ્પ કર્યો હોય !' આથી અમે તરત અશ્વો પર સવાર થઈને આપની પાછળ પડયા. આપ તો ગાઢ વનના કારણે દેખાતા નહોતા; પરંતુ આપના સગડ સ્પષ્ટ હતા એટલે અમે આપની પાસે આવી પહોંચ્યા.'

ત્યાર પછી નળ પોતાના સુભટો સાથે તાપસગણો તરફ વિદાય થયો.

વૃધ્ધ તાપસો ભારે ચિંતા સેવતા ત્યાં જ ઊભા હતા. નળને ક્ષેમકુશળ જોઈને સહુનાં હૈયાં નાચી ઊઠયાં. વૃધ્ધ તાપસોએ આશીર્વાદનાં અમૃત વરસાવવા માંડયાં.

નળે અશ્વ પરથી નીચે ઊતરી વૃધ્ધ તાપસોને નમન કરીને કહ્યું. 'મહાત્મન, આપના આશીર્વાદથી દુષ્ટ ક્રૌંચકર્ણ હંમેશ માટે નષ્ટ થઈ ગયો છે. એની નિર્જીવ કાયા ધરતી પર પડી છે. હવે આપના બધા આશ્રમો સર્વથા નિર્ભય બની ગયા છે.'

વૃદ્ધ તાપસો ચકિત નજરે નવજવાન રાજા સામે જોઈ રહ્યા. સહુનાં હૃદય અતિ પ્રસન્ન બની ગયાં હતાં.

ત્યાર પછી બધા તાપસો સાથે નળ અને તેના સાથીઓ એક આશ્રમમાં ગયા. ત્યાં બધા તપાસ પરિવારો એકત્ર થયા હતા. સહુને આ શુભ સમાચાર મળતાં જ સમગ્ર વાતાવરણ આનંદમગ્ન બની ગયું.

તાપસજનોના આગ્રહને માન આપીને નળે એક રાત આશ્રમમાં ગાળી. બીજે દિવસે સવારે સ્નાનાદિ પ્રાતઃકર્મથી નિવૃત્ત થઈ સહુ ભરત મહારાજાએ પ્રતિષ્ઠિત કરેલા શ્રી જિનપ્રાસાદમાં ગયાં.

નળે પ્રથમ જિનપતિની રત્ન જડિત પ્રતિમાની ભાવથી પૂજા

કરી, ભક્તિ કરી, સ્તુતિ કરી.

તાપસજનોની ભાવનાનો સત્કાર કરવા ખાતર નળે ત્યાં ભોજન લીધું અને મધ્યાહ્ન સુધી આરામ કર્યો. ત્યાર પછી તે પોતાના સાથીઓ સહિત સહુને નમન કરીને રાજધાની તરફ વિદાય થયો!

## પ્રકરણ ૧૨ મું : : અણદીઠીનું આકર્ષણ!

પોતાના સાથીઓ સાથે રાજધાની તરફ જઈ રહેલા નળને માર્ગમાં બે રાત વિતાવવી પડે તેમ હતી. બધા અશ્વો પાણીદાર હતા...ધારે તો આઠ પ્રહરમાં પહોંચી શકાય તેમ હતું...પરંતુ એવી ઉતાવળ કરીને હેરાન થવું અને અશ્વોને પરેશાન કરવા એ વાત નળના હૃદયને રુચિ નહિ એટલે પહેલી રાત એક નાનકડા ગામના પાદરમાં આવેલા આંબાવાડિયામાં વિતાવી, અને બીજી રાત એક મધ્યમ નગરીના પાદરમાં આવેલી સરિતાના કાંઠા પરના ઉપવનમાં વિતાવી. અહીંથી માત્ર બે પ્રહરનો જ રસ્તો હતો એટલે વહેલી સવારે પ્રવાસ ન ખેડતાં સ્નાનાદિથી નિવૃત્ત થઈ સહુ એક વૃક્ષ નીચે બેઠા. નળ ઉપવનમાં પાદચારી કરવા માંડયો. કારણ કે એક સાથી નગરીમાં મીઠાઈ વગેરે લેવા ગયો હતો. તે આવે એટલે સહુએ સાથે બેસીને શિરામણ કરવું એમ નક્કી કર્યું હતું.

આ ઉપવનમાં એક ભિક્ષાચાર પણ મોડી રાતે વિશ્રામ લેવા આવ્યો હતો અને પ્રાતઃકાર્યથી નિવૃત્ત થઈને એક વૃક્ષ નીચે બેઠો હતો. તેની કાયા દુર્બલ હતી. તેણે માત્ર એક લંગોટ ધારણ કર્યો હતો...તેના ખભા પર એક કામળી હતી...બાજુમાં દંડ પડયો હતો અને સોપારીની છાલના રંગ જેવું મળગુગળું કમંડળ પડયું હતું.

નળનું આ ભિક્ષાચર તરફ ધ્યાન નહોતું...તે તો માત્ર એટલામાં

પાદચારી કરી રહ્યો હતો...પરંતુ ભિક્ષાચારની નજર નળ પર સ્થિર બની ગઈ હતી. રાજાનું ઉત્તમ અને તેજસ્વી શરીર જોઈને તેના મનમાં થયું, આ કોઈ રાજા છે...નવજવાન હોવા છતાં તેના વદન પર તેજસ્વી અને પ્રભાવોત્પાદક ગાંભીર્ય દેખાય છે...તેની ચલાવાની રીત ઘણી જ મનમોહક છે. તેનો સ્વાભાવ શશાંક જેવો શાંત અને નિર્મળ લાગે છે...આ નવજવાન ખરેખર સંગ કરવા લાયક છે...તેના કપાળ પર, કાયા પર ઉત્તમ કોટિનાં લક્ષણો છે...જરૂર, આ કોઈ બત્રીસ લક્ષણો રાજા જ હોવો જોઈએ. આવા રાજાઓનાં દર્શન પણ દુર્લભ હોય છે. હીનભાગીને એવા પુરુષનાં દર્શન થતાં નથી. આવા ઉત્તમ પુરુષ સાથે મેળાપ થાય તે સદ્ભાગ્યની નિશાની છે. આમ વિચારીને ભિક્ષાચર ઊભો થઈ ગયો અને વિનયભર્યો સ્વરે બોલ્યો, 'હે ક્ષમાવંત, હે પૃથ્વીપતિ, હે દીર્ઘભુજાવાળા, હે ગુણરૂપીરત્નોનાં ભંડાર સમાન, હે આનંદપ્રેરક રાજા, વિશ્વમાં અસાધારણ મણિ માફક જે દેદીપ્યમાન છે તે શ્રીસર્વજ્ઞ ભગવંત તમારું મંગલ કરો.'

આશીર્વાદ આપનાર ભિક્ષુક સામે નળ પ્રસન્ન નજરે નિહાળી રહ્યો. ત્યાર પછી તેણે કહ્યું, 'હે તીર્થયાત્રી, આપ કુશળ છો ને? આપ ક્યાંથી પધારો છો? આપે ક્યાં ક્યાં તીર્થોનાં દર્શન કર્યાં છે?'

'રાજન, આપનું કલ્યાણ થાઓ! ધર્મની સહાયથી હું કુશળ છું.'

નળે નજીક આવી કહ્યું, 'મહારાજ, આપના જેવા ધર્મયાત્રિકો જ પૃથ્વી પરની અપૂર્વ વસ્તુઓ નિહાળી શકતા હોય છે...એ રીતે આપ ધન્ય છો. મારો ને આપનો મેળાપ કદી થયો નથી. છતાં મારી એક પ્રાર્થના છે કે આપે યાત્રા દરમ્યાન જે કંઈ નૂતન નિહાળ્યું હોય તે જણાવવાની મારી પર કૃપા કરો...અને આપને કંઈ હરકત ન હોય તો આપના પરિચયથી મને કૃતાર્થ કરો.'

નળનો આવો વિનય ભિક્ષુકના હૃદયને સ્પર્શી ગયો...તેનું અંતઃકરણ આ નવજવાન રાજા પ્રત્યે પ્રસન્ન બની ગયું. ભિક્ષુકે

ઘણા આદર સહ કહ્યું, 'હે સર્વ વિદ્યાઓમાં વિચક્ષણ! મેં ઘણાં જ શ્રેષ્ઠ અને સર્વોત્તમ તીર્થો જોયાં છે...હું દક્ષિણ ભારતમાં આવેલા નાશકય નામના ભવ્ય નગરમાં ગયો હતો. ત્યાં અષ્ટકર્મનો નાશ કરનાર અને નામ એવા જ તેજયુક્ત આત્મા શ્રીચંદ્રપ્રભુનાં દર્શન કર્યાં. ત્યાર પછી હિંસક પ્રાણીઓથી વ્યાપ્ત પર્વતો, નદીઓ અને ચિત્ર-વિચિત્ર ગુફાઓવાળા દંડકારણ્ય નામના મહાવન પ્રદેશમાં દાખલ થયો. ખરેખર, આ અરણ્ય ભારે વિકટ હતું. પૂર્વે સ્કંદક નામના તેજસ્વી આચાર્યના શાપથી આ દંડકારણ્ય ભયંકર બની ગયું હતું. આમ છતાં દંડકારણ્યમાં બે મહાન તીર્થો આવ્યાં છે...બંને તીર્થોનાં દર્શન કરીને હું મારા દેશ પ્રત્યે પાછો વળતો હતો...માર્ગમાં કાંતિ નામની સુંદર નગરીના પાદરમાં મહાલક્ષ્મીનું ઉત્તમ મંદિર છે...કાંતિ નગરીમાં બે દિવસ રોકાઈ હું ચાલી નીકળ્યો...માર્ગમાં એક વડ નીચે વિસામો લેવા બેઠો. હે રાજન, તે વખતે મેં જે કંઈ જોયું હતું, તે જીવનમાં કદી જોયું કે સાંભળ્યું નહોતું.'

'આપે શું જોયું. હતું?'

'હે રાજન, આ પૃથ્વી વિવિધ પ્રકારનાં આશ્ચર્યોથી ભરેલી છે. તે વખતે જાણે મારો ભાગ્યોદય થયો હોય તેમ ભીલ લોકોની સેના વડે શોભતી, સેંકડો કંચુકીઓથી વિંટળાયેલી, ખીલતા યૌવનની સૌમ્યગંધાનાં સદ્ય પ્રસ્ફુટિતપુષ્પ સમી જણાતી એક અતિ રૂપવાન સુંદરી હાથણી પર બેઠી હતી તેના મસ્તક પર એક પરિચારિકાએ રત્નજડિત છત્ર ધારણ કર્યું હતું...અંબાડીની બંને બાજુ બેઠેલી બે ચામરધારિણીઓ ચામર વીંઝી રહી હતી...મને આ કોઈ રાજકન્યા લાગી. તેણે થોડી વાર ત્યાં વિશ્રામ લીધો. હું કોઈ ગામડિયા માફક ઉત્કંઠિત બનીને અને અતૃપ્ત માનવીની જેમ એ રાજકન્યા તરફ સ્થિર નજર જોઈ રહ્યો. હે નવજવાન રાજન, આશ્ચર્યમુગ્ધ કરે એવી વસ્તુ તો મેં એ જોઈ કે તે રાજકન્યાના કપાળમાં પ્રાકૃતિક તિલકનું

નિશાન હતું. આ વાત કોઈને કહીએ તો પણ વિશ્વાસ ન કરે...પણ હું સત્ય કહું છું...આવું અરુણ જેવું તેજસ્વી અને રૂપયૌવનની છડી પોકારતું તિલક મેં કોઈ સ્ત્રીના લલાટમાં કદી જોયું નથી.'

'આશ્ચર્ય કહેવાય.'

'રાજન ! ખરેખર, આ પૃથ્વી રત્નગર્ભા છે. તે પુરુષ મહા ભાગ્યવંત બનશે...જેને આ રાજકન્યા પત્નીરૂપે પ્રાપ્ત થશે. અપલક નેત્રે હું તેના તરફ જોઈ રહ્યો હતો...એ વખતે એક તાપસ વટેમાર્ગુએ તે રાજકન્યા સામે આવી ભાવપૂર્વક નમન કરીને ઉત્તર દિશાના કોઈ રાજાની વાત કરી. તે બોલ્યો, 'હે રાજકુમારી, આપ તો સૌભાગ્યરૂપ અમૃતથી ભરેલા સાગર સમાન છો...અને એ નવજવાન રાજા પણ સૌંદર્યરૂપી અમૃતથી હિલોળા લેતા સાગર સમાન છે. તમારા બંનેનો યોગ્ય સમયે સમાગમ થાય એવી આપના પર ભાગ્યદેવીની કૃપા વરસો. આવા આશીર્વાદ આપીને તાપસ ચાલતો થયો...હે રાજેન્દ્ર, તે મનોહર રૂપવાળી રાજકન્યા ચાલી ગઈ...છતાં હું અભિભૂત બની ત્યાં ને ત્યાં બેસી રહ્યો...આપ આ ઉપવનમાં ફરી રહ્યા હતા એ વખતે આપને જોઈને મને થયું, તાપસના કહેવા મુજબ આપ જ સૌંદર્યના અમૃતથી છલકતા સાગર સમાન છો. રસિક પુરુષોમાં શ્રેષ્ઠ જણાતા હે રાજન, મને જોતાં જે આશ્ચર્ય લાગેલું તે મેં આપને કહ્યું.'

એ જ વખતે નગરીમાં ખાદ્યસામગ્રી લેવા ગયેલો સુભટ આવી પહોંચ્યો.

નળે આગ્રહપૂર્વક ભિક્ષુકને શિરામણ કરાવ્યું અને સુવર્ણની રત્નજડિત એક માળા આપી.

ત્યાર પછી ભિક્ષુક આશીર્વાદ આપીને પ્રસન્ન હૃદયે વિદાય થયો. નળ રાજા પણ પોતાના સાથીઓ સાથે શિરામણ પતાવીને રાજધાની તરફ અગ્રસર થયો.

તેના હૃદયમાં ભિક્ષાચરની વાત સત્ય લાગતી હતી. ઘણી વાર

માનવીનું મન સાંભળી વાતમાં ભારે આકર્ષિત બની જતું હોય છે. પોતે રાજકન્યાને જોઈ નથી, તે કયા રાજાની પુત્રી છે તેની પણ ખબર નથી, છતાં નળનું ચિત્ત વ્યાકુળતા અનુભવી રહ્યું હતું.

પ્રવાસ વખતે નળનો અશ્વ સહુથી આગળ હતો...પણ તેનું ચિત્ત ભિક્ષુકે કહેલી વાતમાં રમી રહ્યું હતું. જેના નામની પણ ખબર નથી તેવી રાજકન્યાની વાત સાંભળીને નળના હૈયામાં એમ જ થવા માંડયું કે એ રાજકન્યા સાથે જાણે પોતે ગાઢ પરિચયમાં ન આવી ગયો હોય ! જાણે અંતઃકરણમાં સ્નેહનું કોઈ સ્નિગ્ધ ઝરણ ન પ્રગટયું હોય ! ખરેખર, આ જગતમાં એકબીજા માનવોનો કર્મજન્ય સંબંધ ભારે ચિત્રવિચિત્ર હોય છે ! માત્ર એક ભિક્ષુકના મોઢે વાત સાંભળીને હૃદયમાં આવું આકર્ષક જાગવું એ જરૂર કોઈ કર્મસંબંધની જ લીલા લાગે છે.

પ્રવાસની ઝડપ સારી હોવાથી મધ્યાહ્ન પહેલાં જ નળ ભુપાળ રાજધાનીમાં આવી પહોંચ્યો. રાણી કનકાવલી પતિની રાહ જોઈ રહી હતી. એક રાક્ષસ સામે લડવા ગયેલા સ્વામીના વિજયની મનમાં પ્રાર્થના કરી રહી હતી. અને સ્વામીને રાજભવનમાં દાખલ થયેલા જોતાં જ તેનાં નયનવદન હર્ષપ્રફુલ્લ બની ગયાં.

ઉષ્ણ જળ વડે સ્નાન કરી, ઉત્તમ વસ્ત્રો ધારણ કરી, નળે ભોજનકાર્ય પતાવ્યું. ત્યાર પછી તે વિરામગૃહમાં ગયો. કનકાવલી પણ તેની પાછળ ગઈ. તે રાક્ષસ સાથેના યુદ્ધનું શું પરિણામ આવ્યું તે જાણવા માગતી હતી.

સ્વામીને સ્નેહલ નજરે જોઈને તે બોલી, 'મહારાજ, એ રાક્ષસ શું થયું ?'

નળનું ચિત્ત ભિક્ષાચરે કહેલી વાતમાં જ રમતું હતું. તે ભોજન કરવા બેઠો ત્યારે પણ તેનું મન એ રાજકન્યા પાછળ ભિડતું હતું. જેને કદી જોઈ નથી, જેના નામની પણ ખબર નથી તેના પ્રત્યે

આવું આકર્ષણ કેમ જાગ્યું હશે ? એ સવાલનો કોઈ જવાબ નળને મળતો નહોતો.

કનકાવલીએ કરેલો પ્રશ્ન તે બરાબર સમજી શકયો નહોતો એટલે તેની સામે જોઈને બોલ્યો : 'શું કહ્યું, પ્રિયે ?'

'રાક્ષસ સાથેના યુદ્ધનું પરિણામ જાણવા...'

'ઓહ !' વચ્ચે નળ આછા હાસ્ય સહિત બોલ્યો : 'કનક, એ અત્યાચારીનો અંત આવ્યો, તાપસ પરિવારો ભયમુક્ત બની ગયા.'

'એ રાક્ષસ કેવો હતો ?'

'અતિ ભયંકર.' કહીને નળે ટૂંકમાં આશ્રમના વનપ્રદેશમાં રાક્ષસ સાથે થયેલ યુદ્ધની વાત કરી. આખી વાત સાંભળીને કનકાવલી આશ્ચર્યમુગ્ધ બની ગઈ. પોતાનો સ્વામી આવો વીર અને મહાન છે એવું જાણનારી પત્ની કેટલો ઉલ્લાસ અનુભવે છે ! એનું હૈયું ગર્વથી થનગની ઊઠે !

કનકાવલીએ સ્વામીને જરા આરામ લેવાનું જણાવ્યું. પણ પલંગ પર આડે પડખે થયો...પરંતુ તેના ચિત્તને વારંવાર અણદીઠી રાજકુમારીના વિચારો આવતા હતા. તેણે આંખો બંધ કરી હતી પણ નિદ્રા નહોતી લાધતી...ક્યાંથી લાધે ? કોઈના મનમાં નજરે નિહાળીને અનુરાગ પ્રગટે છે. કોઈ સ્વપ્ન સુંદરી જોઈને વ્યાકુળ બને છે, કોઈ છબી નિહાળીને પરવશ બને છે, તો કોઈ વાત સાંભળીને કલ્પનાના ઝૂલે ઝૂલવા માંડે છે.

કનકાવલીને થયું, સ્વામી પોઢી ગયા લાગે છે...એટલે તે મૃદુ ચરણે ખંડ બહાર નીકળી ગઈ. :

બીજા ચાર દિવસ પસાર થઈ ગયા. પરંતુ નળનું ચિત્ત ભારે વ્યાકુળતા અનુભવી રહ્યું હતું. સવાર હોય, સાંજ હોય, મધ્યાહ્ન હોય કે મધ્યરાત્રિ હોય, સભામાં હોય કે ઉપવનમાં હોય ક્રીડાપર્વત પર હોય કે કોઈ અતિથિ સાથે ચર્ચામાં હોય પરંતુ નળના ચિત્તની

વ્યાકુળતા ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી હતી.

પાંચમા દિવસ રાત્રિકાળે કનકાવલીએ ઘણા જ પ્રેમભર્યા સ્વરે કહ્યું : 'મહારાજ, ભયંકર રાક્ષ ક્રૌંચકર્ણનો વધ કરીને આપ પધાર્યા છો...પરંતુ આપનું ચિત્ત–મન કેમ વ્યાકુળ લાગે છે? ઘણી વાર તો આપ જાણે ખોવાઈ ગયેલા હો એવું મને લાગે છે. સ્વામી, આપના મનમાં કંઈ ચિંતા હોય તો મને અવશ્ય જણાવો. હું ગમે તે ઉપાયે તેને દૂર કરવાનો પ્રયત્ન કરીશ.'

'કનક, મારા મનમાં એવું કંઈ નથી!'

'તો પછી આપ ખોવાયેલા કેમ દેખાઓ છો?'

'પ્રિયે, એક અણદીઠી વ્યક્તિની વાત સાંભળીને મારું ચિત્ત ભારે વ્યાકુળ રહે છે.'

'અણદીઠી વ્યક્તિ?'

'હા કનક, જેને મેં જીવનમાં કદી જોઈ નથી. માત્ર એક ભિક્ષૂકે મારી સમક્ષ એની વાત કરી હતી. એ વાત સાંભળીને હું જાણે પરાધીન બની ગયો હોઉં એમ લાગે છે.'

'એ વ્યક્તિ કોણ છે?'

'એની મને જ ખબર નથી. દૂર દેશમાં રહેનારી એ વ્યકિતની વાત સાંભળીને હું કેમ બંધાઈ ગયો છું એ જ મને સમજાતું નથી.'

'એ વ્યકિત કોણ છે? સ્ત્રી છે કે પુરુષ?'

'પુરુષના મનમાં કોઈ પુરુષ પ્રત્યે આવો મોહ નથી જાગતો. ભિક્ષુકે મને એક રાજકન્યાની માહિતી આપી હતી. પ્રિયે, ખરેખર! સકળ કાર્યોરૂપી વૃક્ષનો દ્વેષ કરનાર અને કેવળ સંતાપરૂપી ફળને આપનાર કામદેવે મારા મજબૂત હૃદયમાં કયા પ્રકારનો દાવાનળ સળગાવ્યો છે, તે હું જરાયે સમજી શકતો નથી.'

કનકાવલી પતિના વદન સામે જોઈ રહી. બે પળ પછી બોલી, 'એ રાજકન્યા કોણ છે, એ કંઈ આપ જાણી શકયા નથી?'

'તો તો આટલી ચિંતાનો પ્રશ્ન જ ક્યાં હતો ? જેમ આશ્રય લેનાર વ્યક્તિ પોતાના આશ્રયસ્થાનને જ નષ્ટ કરે છે, તે જ રીતે માનસિક વિકારરૂપી કામદેવ પોતાના આશ્રયસ્થાનને જ પીડી રહ્યો છે.' નળે કહ્યું,

કનકાવલીએ સ્વામીના ચિત્તને શાંત કરવા ખાતર કહ્યું, 'ખરેખર, કામદેવ એ નિંદાને પાત્ર એવા આમરોગ જેવો જ કહેવાય છે. શંકર જેવા મહાયોગી પણ ભીલડીનું વદન જોઈને પરવશ બની ગયા હતા તો આપણા જે સામાન્ય માનવો પીડા ભોગવે એમાં શી નવાઈ ? આપ મનમાં ને મનમાં વ્યથા ભોગવો તે બરાબર નથી.'

'તો હું શું કરું ?'

'એ ભિક્ષૂકે તે રાજકન્યાનું કંઈ વિશિષ્ટ વર્ણન કર્યું હતું ?'

'હા પ્રિયે...એ રાજકન્યાના કપાળમાં પ્રાકૃતિક તિલક શોભી રહ્યું છે...એનું રૂપ ત્રિભુવનમાં અજોડ છે...'

'તો તો આપ બધું જાણી શકશો...આપણા વૃદ્ધ મંત્રીઓને બોલાવીને હકીકત પૂછશો તો મને વિશ્વાસ છે કે એ રાજકન્યા ક્યાં છે, તે માહિતી પ્રાપ્ત કરી શકશો.' કનકાવલીએ કહ્યું.

નળ પોતાની પત્ની સામે પ્રસન્ન નજરે જોઇ રહ્યો...ત્યાર પછી બોલ્યો, 'પ્રિયે, મારા આ વિચારથી તારા હૃદયમાં કોઈ પ્રકારનું દર્દ...'

વચ્ચે જ સ્વામીના બંને હાથ પકડીને કનકાવલીએ કહ્યું, 'સ્વામી, આમાં દર્દનો કોઈ પ્રશ્ન જ નથી. આપના જેવા સમર્થ રાજાઓ તો સેંકડો પત્નીઓ કરતા હોય છે...વળી, હું આપની પત્ની છું...આપનું ચિત્ત પ્રસન્ન રહે એ જ મારી પ્રસન્નતા ગણાય...પત્નીનું સાચું સુખ પતિના સંતોષમાં જ રહેલું હોય છે.'

નળે કનકાવલીને એક મધુર આશ્લેષ આપ્યો.

બીજા બે દિવસ પછી રાજા નળે પોતાના વૃદ્ધ મંત્રીઓને

રાજભવનમાં બોલાવ્યા. નળના મિત્ર સમો નવજવાન મહામંત્રી શ્રુતશીલ પણ આવ્યો હતો.

વાતનો પ્રારંભ શ્રુતશીલે જ કર્યો. તે બોલ્યો: ‘ કૃપાનાથ, આપ કયા પ્રશ્ન પર મંત્રણા કરવા ઈચ્છો છો તે અમે કોઈ કલ્પી શકયા નથી.’

હળવા હાસ્ય સાથે નળે કહ્યું : ‘ કેટલાક પ્રશ્નો એવા હોય છે કે કોઈથી કલ્પી શકાતા નથી. મારે આપ સમક્ષ એક રાજકન્યાનું વર્ણન રજૂ કરીને તે કોણ છે તે જાણવું છે.’

બધા મંત્રીઓ આશ્ચર્યચકિત નજરે રાજા નળ સામે જોઈ રહ્યા. આ તો સાવ નવો ને વિચિત્ર પ્રશ્ન હતો...કોઈ રાજકારોબારનો પ્રશ્ન હોય, સરહદના ઝઘડાનો પ્રશ્ન હોય કે પ્રજાજીવનનો પ્રશ્ન હોય...પણ આ તો નવાઈની વાત કહેવાય શ્રુતશીલે કહ્યું, ‘મહારાજ. એ રાજકન્યા કોણ છે ? ’

‘ એ હું જાણતો નથી...મેં માત્ર એના રૂપગુણની વાત સાંભળી છે. એ રાજકન્યા રૂપમાં ત્રિભુવનમોહિની છે. ગુણમાં સાગરસમી છે. પ્રથમ યૌવનના પ્રાંગણમાં ઊભેલી એ રાજન્યા અપૂર્વ છે...એના કપાળમાં પ્રાકૃતિક તિલક છે...’

એક વૃદ્ધ મંત્રીએ કહ્યું; ‘ ઓહ કૃપાનાથ ! એ રાજકન્યાનો જન્મ થયો ત્યારે અમે આવા પ્રાકૃતિક તિલકની વાત સાંભળી હતી... એના જન્મ સાથે જ તિલકનું નિશાન હતું...એ રાજકન્યા ખરેખર ત્રિભુવનસુંદરી જ છે...એનું નામ છે દમયંતી, અને વિદર્ભ દેશના રાજા ભીમની તે પુત્રી છે.

‘ બરાબર...તે ભિક્ષુકની વાત સત્ય લાગે છે...’

શ્રુતશીલે કહ્યું, ‘ હું સમજ્યો નહિ.’

‘ મિત્ર, ભિક્ષુક દંડકારણ્યમાંથી નીકળીને કાંતિ નગરીમાં આવ્યો હતો...કાંતિનગરી વિદર્ભની જ એક નગરી છે...બરાબર છે...

દમયંતી ! ભુવનમોહિની દમયંતી !'

'આ પરિચય પાછળ આપનો આશય શો છે ?'

ભિક્ષુકે કરેલા વર્ણનથી હું એ રાજકન્યા પર મુગ્ધ બની ગયો હતો...'

'તો પછી આપણે એક દૂત મોકલીને માગું નાખીએ.' એક વૃદ્ધ મંત્રીએ કહ્યું.

'કુંડિનપુરના મહારાજા ભીમદેવ સમક્ષ તેની કન્યાની યાચના કરવી તે બરાબર નથી...' નળે કહ્યું.

'મહારાજ. આ રીતે માગણી કરી શકાય છે.' સુતશીલે કહ્યું.

'નહિ મિત્ર, દીનતાને વશ થવું એ મારા લોહીમાં નથી.'

'તો તો મહારાજા! આપણે તપાસ કરવી જોઈએ.'

'હં...એ અંગે હું વિચાર કરીને જણાવીશ. મારે કેવળ એ રાજકન્યા કોણ છે તે જ જાણવું હતું...' કહી નળ ઊભો થયો.

મંત્રણા પૂરી થઈ.

## પ્રકરણ ૧૩ મું : : ઉદ્યાનમાં...

બાલચંદ્ર હંસ પોતાની પ્રિયા સોમકલા સાથે પોતાના નિવાસસ્થાને થોડા દિવસ રહ્યો. સ્વર્ગના સુખનો ત્યાગ કરવો કેમ ગમે ? પરંતુ બાલચંદ્ર માટે અન્ય કોઈ ઉપાય નહોતો. દેવી સરસ્વતીએ આપેલી શિક્ષાથી અન્ય હંસો પણ ભારે દુ:ખ અનુભવી રહ્યા.

સોમકલા પતિપરાયણ હતી. પતિના સુખમાં સુખ અને દુ:ખમાં દુ:ખ સ્વીકારવું જોઈએ એવા સતી ધર્મને તે માનતી હતી... આમ છતાં સ્વર્ગનાં અગણિત સુખ છોડતાં દુ:ખ થાય અને ચિંતા

થાય તે સ્વાભાવિક હતું.

સ્વર્ગમાંથી વિદાય લેવાની આગલી રાતે તો સોમકલા ભારે વ્યથિત બની ગઈ. એનું અંતર વલોવાઈ રહ્યું હતું.. અંતરનો વલોપાત આંખની પાંપણ પર ઊપસી આવતો હોય છે. પત્નીની મૌન વ્યથા જોઈને બાલચંદ્રે કહ્યું : 'પ્રિયે, ભૂલનું પરિણામ તો મારે ભોગવવું જ જોઈએ...એમાં તું દુઃખી શા માટે થાય છે ?'

'સ્વામી, સ્વર્ગમાં સુખનો આ રીતે ત્યાગ કરવો...'

વચ્ચે જ બાલચંદ્રે પત્નીને આશ્લેષ આપતાં કહ્યું : 'સોમ હું એકલો જઉં તો તને શો બાધ છે ? દેવીએ શિક્ષા મને કરી છે...તારે શા માટે સ્વર્ગનો ત્યાગ કરવો જોઈએ ?'

'પતિની છાયા બનીને રહેવું એ પત્નીનો ધર્મ છે...અને આપના ગયા પછી સ્વર્ગનાં સઘળાં સુખો મારા મનને શલ્ય જેવાં જ થઈ પડે...હું તો આપની સાથે જ આવીશ.'

'તો મનમાંથી વ્યથા દૂર કરીને પ્રસન્નચિત્ત બની જા.' બાલચંદ્રે કહ્યું.

'મારું મન વલોવાય છે માનવ લોકની કલ્પનાથી. ત્યાં કેટલો કાળ રહેવું પડશે ? દેવીના શાપનું ક્યારે નિવારણ થશે ? ક્યારે આપના હાથે આશ્ચર્ય ઘટના બનશે ? આ બધા પ્રશ્નો મનને વલોવી રહ્યા છે.'

પત્નીની આ વાત સાંભળી બાલચંદ્ર ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો : 'પ્રિયે, આ બાબતમાં તું સાવ નચિંત રહે...હું બુદ્ધિશાળી છું, શૂરવીર છું અને દેવીની કૃપાથી જ્ઞાની પણ છું...જો મારામાં આવા ગુણ ન હોત તો હું દેવી સરસ્વતીનું વાહન બની શક્યો ન હોત. મારે મારી બુદ્ધિનો ચમત્કાર બતાવવાનો એક પ્રસંગ માનવલોકમાં બનવાનો છે...એ અંગે હું સહુને સ્તબ્ધ કરું એવું કામ કરી શકીશ...મને તો લાગે છે કે આ કાર્ય નિમિત્તે જ દેવીએ મને

માનવલોકમાં જવાની શિક્ષા કરી છે...દેવી કોઈ દિવસે કોઈને પણ શિક્ષા ન કરે એવાં દયામય છે. મને તો એમ લાગે છે કે દેવોની મહેરબાની મને મળે એ શુભાશયને લક્ષમાં રાખીને મને શિક્ષા કરી છે.

સોમ, આર્યાવર્તના દક્ષિણ ભાગમાં વિદર્ભ નામનો એક સમૃદ્ધ દેશ છે. એ દેશના રાજા ભીમદેવની મૃગનયની સુપુત્રી દમયંતી નવજવાન બની છે. પ્રિયે, સૌભાગ્યશાલિની એ રાજકન્યાનું રૂપ ત્રણે લોકમાં કોઈ નારી પાસે ન હોય તેવું અતુલ છે. એના લલાટમાં જન્મથી જ એક અતિ સુંદર અને તેજસ્વી તિલક છે આવી અસામાન્ય સુંદરી રાજકન્યા દમયંતીનો સ્વયંવર થશે. એ સ્વયંવરમાં માત્ર મનુષ્યો જ ભાગ લેશે એમ નહિ...દેવ, દાનવ ભુવનપતિ, વગેરે પણ ભાગ લેશે. સ્વયંવર ભારે આશ્ચર્યજનક બનશે. આ સ્વયંવરમાં ભાગ લેવા આવેલાઓનું મનોરંજન કરવા નિમિત્તે દેવી સરસ્વતીએ અનેક નાટકો તૈયાર કરીને, ગીતિ નાટકો નારદમુનિને અને બાકીનાં ભરત મુનિને શીખવ્યાં છે. આ સિવાય, ક્રૌંચકર્ણ રાક્ષસનો વધ કરીને જે નવજવાન રાજા નળ આજે દેવલોકમાં પણ પોતાના ભુજબળની કીર્તિ પામી રહ્યો છે, તે તેજસ્વી અને અતિ સુંદર નળના હૃદયમાં દમયંતી પ્રત્યે આકર્ષણ જાગ્યું છે...આડકતરી રીતે દમયંતીના કાને પણ નિષધપતિના બાહુબળની વાતો પહોંચી છે...આ એક એવો પ્રસંગ ઊભો થઈ રહ્યો છે કે જેમાં મારું કાર્ય સર્વ માટે આશ્ચર્યકારક હશે...'

'તમારી વાત તો ખરેખર રસભરી છે.. પરંતુ આમાં આપની આશ્ચર્યકારક ભૂમિકા મારા મનને બેસતી નથી...'

બાલચંદ્ર આછું હસ્યો અને પોતાની ચાંચ વડે પ્રિયાના અંગને પંપાળતો બોલ્યો : 'પ્રસંગ રસમય છે એમ તો તને લાગે છે ને?'

'હા, સ્વામી.'

'તો પછી ધૈર્ય ધારણ કર. પૃથ્વીપીઠ પર પહોંચતાં જ હું મારી ભૂમિકા શોધી કાઢીશ. તને પણ મારી બુદ્ધિ નજરે નિહાળ-

વાનો સુયોગ પ્રાપ્ત થશે.' બાલચંદ્રે કહ્યું.

બીજે દિવસે બાલચંદ્ર અને સોમકલા દેવી સરસ્વતીને નમસ્કાર કરીને વિદાયની તૈયારીમાં પડી ગયાં. બાલચંદ્ર પ્રત્યે પ્રેમ રાખનારા બીજા ઘણા હંસપરિવારો પણ તેની સાથે પૃથ્વીપીઠ પર જવાની તૈયારી કરીને એકત્ર થઈ ગયા હતા.

બાલચંદ્ર અને સોમકલાએ દેવી સરસ્વતીનો જયનાદ ગજવીને હંસોનાં વિરાટ જૂથ સાથે પૃથ્વીપીઠ તરફ ઊડવા માંડયું...

શરદઋતુનો પ્રારંભ થઈ ગયો હતો. પૃથ્વીપીઠ પર ચારે દિશાએ વનો, ઉપવનો, ખેતરો, વગેરે વિવિધ વનશ્રી વડે, ધાન્ય વડે અને હરિયાળા ઘાસ વડે દર્શનીય બની ગયા હતા. નાનામોટા સરોવરો હિલોળા લઈ રહ્યાં હતાં. સરિતાઓ પોતાના પ્રિયતમ સાગરને ભેટવા માટે લજ્જાની ઓઢણી અળગી કરીને મલપતાં નયને ગતિ કરી રહી હતી.

શરદઋતુની સુમધુર છાયામાં સમગ્ર ધરતી જાણે કીલ્લોલિની બની ગઈ હતી. જેમ શરદઋતુનાં ચંદ્રકિરણોનું પાન કરીને સમગ્ર સૃષ્ટિમાં નૂતન તેજ, નૂતન પ્રેરણા અને નૂતન શક્તિનો સંચય થાય છે. તેમ નિષધનાથ નળ પણ નવા તેજ-રૂપનો સ્વામી બની ગયો હતો. આમ છતાં તેના હૈયામાં વસેલી વિરહવ્યથા અગ્નિસમી બની ગઈ હતી. ચંદનનું વિલેપન તેના દેહને દાહકારક જણાતું. ચાંદની પણ તેના પ્રમોદને પંપાળવા અસમર્થ બની ગઈ હતી. અણદીઠી દમયંતીના રૂપયૌવનની માધુરીની...અનેક વાતો તેને જાણવા મળી હતી. પરંતુ એ સઘળી વાતો તેના હૈયામાં પ્રગટેલા વિરહાગ્નિ માટે ઈંધણરૂપ બની જતી.

ચિત્તને કંઈક શાંતિ મળે, મનને કંઈક પ્રસન્નતા પ્રાપ્ત થાય અને અંતરદાહ કંઈક હળવો થાય એ આશાએ નળ પોતાના કુશળ અને મનોહર મિત્રો સાથે નગરીની દક્ષિણે આવેલા એક શ્રેષ્ઠ ઉદ્યાનમાં ગયો.

આ ઉદ્યાન નાનું નહોતું પણ એક નાનકડા ને રળિયામણા વન સમું હતું રાજરાજેશ્વરને ઉપવનમાં આવેલા જોતાં જ ઉદ્યાનના માળીની કન્યા મૃણાલલતિકા પ્રસન્નભાવે સ્વાગત કરવા સામી આવીને ઊભી રહી અને મહારાજનો જયનાદ બોલાવી માલતીનાં ફૂલોની તૈયાર કરેલી અતિ સુંદર અને સૌરભભરી માળા નળના કંઠમાં આરોપીને મૃદુમધુર સ્વરે બોલી, 'રતિપતિ સમાન સુંદર હે રાજરાજેશ્વર! આમ નજર કરો...આ આપનું ક્રીડાવન સ્વર્ગના નંદનવન સમાન છે. વૃક્ષો અને પંખીઓનો નિષ્ણાત પણ આ મહાઉદ્યાનનાં વૃક્ષો પંખીઓના ભેદને પામી શકતો નથી. હે કૃપાવતાર, આપ અપારિજાત શત્રુઓનો નાશ કરનાર હોવાથી આપને પારિજાતનાં વૃક્ષોથી શોભાયમાન, તેમ જ આપ નિરંજન–નિષ્કલંક હોવાથી અંજન વૃક્ષના સમૂહથી સમૃધ્ધ બનેલું આ ઉપવન આપને શા માટે શાંતિ આપી શકતું નથી? આપના વદન પર વ્યથાની છાયા કેમ દેખાય છે? કૃપાનાથ, આપ અંદર પધારો. ઉપવનના અનેકવિધ પુષ્પછોડ અને પુષ્પલતાઓ પર ખીલેલાં વિવિધરંગી ફૂલો આપના સ્વાગત અર્થે જાણે પ્રસન્ન બની ગયાં છે. આ ઉપવનમાં આવેલા સ્વચ્છ અને સુંદર સરોવર પાસે ભમતાં હરિણાદિ પશુઓ આપનાં દર્શનથી ધન્ય બનશે.'

માનસપટમાં રમી રહેલી દમયંતીની કલ્પનામૂર્તિ નળના હૃદયને ખૂબ જ ખળભળાવી રહી હતી. માળીકન્યા મૃણાલલતિકાના ભાવભર્યો સ્વાગતશબ્દો સાંભળવા છતાં તેનું ચિત્ત વિયોગના તરંગો વચ્ચે અટવાયેલું જ રહ્યું.

નળની સાથે આવેલા મિત્રોએ મૃણાલલતિકાના ભાવભરપૂર શબ્દોને પ્રસન્નતાપૂર્વક વધાવી લીધા. પરંતુ નળભૂપાલ એવા ને એવા વ્યથિત મન સાથે ઉપવનની મધ્યમાં આવેલા સરોવર પાસે જવા ધીરે ધીરે ચાલવા માંડયો.

સરોવર હજી દેખાતું પણ નહોતું. દૂર હતું. પરંતુ સરોવરના

જળને સ્પર્શીને આવતો સમીર શાંત શીળો હોવા છતાં નળના અંતરદાહને જરાય અસર કરી શકતો નહોતો.

થોડે દૂર જતા નળના મિત્રો એકાએક ચમકી ઊઠયા...એકે કહ્યું, 'મહારાજ ! આકાશ તરફ નજર તો કરો ! શું શંકરનું અટ્ટહાસ્ય પ્રગટી નીકળ્યું છે કે હિમાલયના અગણિત શિખરોનું પતન થઈ રહ્યું છે ?'

નળે આકાશ તરફ નજર કરી. શુભ્ર જ્યોત્સ્ના જેવા સેંકડો હંસો જાણે શ્વેતાભ્રની માળાઓ જેવાં જૂથ રચીને આવી રહ્યા હતા.

મૃણાલલતિકા વિનયાવનત ભાવે બોલી : 'કૃપાનાથ, આપના આગમનના પ્રભાવે જ આ આશ્ચર્ય જોઈ શકાય છે. ઓહ, આ તો દિવ્ય હંસોનો સમૂહ છે. મહારાજ, આ બધા હંસો આપના ઉપવનમાં જ આવતા હોય એમ લાગે છે. મારું અનુમાન છે કે, આ દિવ્ય હંસો ઉપવનના સરોવર કિનારે જ ઊતરશે. આપ એ તરફ સત્વરે પધારો.'

નળ અને તેના સાથીઓ આશ્ચર્યચકિત બનીને જોઈ રહ્યા હતા. માળીની કન્યાનું અનુમાન સાચું લાગતું હતું...હિમ જેવા વાદળા જોઈ શકાતું હતું.

નળ અને તેના સાથીઓ મૃણાલલતિકાને માર્ગદર્શન રાખીને તેની પાછળ ઝડપી ગતિએ ચાલવા માંડયા.

સહુ સરોવર કિનારે પહોંચે તે પહેલાં જ સ્વર્ગમાંથી આવેલા બધા હંસો સરોવર તટ પાસે ઊતરી ગયા હતા અને પૃથ્વીની શોભા નિહાળતા આમતેમ વિચરી રહ્યા હતા !

નળ અને તેના સાથીઓ એક તરફ ઊભા રહ્યા. હંસોનું રૂપ, તેજ અને માધુર્ય નિહાળીને નળના મનમાં થયું...માનવલોકમાં આવા હંસો સંભવે જ નહીં...આ કોઈ દેવહંસો છે અથવા હંસના રૂપે માનવલોકની શોભા નિહાળવા દેવતાઓ આવ્યા લાગે છે !

જોતાં જોતાં નળની દૃષ્ટિ રત્નાભરણથી શોભતા એક હંસ પર પડી...આ શું ? હંસને આવાં મૂલ્યવાન રત્નાભરણો ? જરૂર, આ કોઈ શાપિત દેવ જ લાગે છે..અને આ બધા હંસોમાં આ એક જ હંસ વધારે તેજસ્વી અને આકર્ષક લાગે છે...

સહુ અવાક બનીને હંસોના મુક્તભાવે થતા વિચરણને જોઈ રહ્યા હતા. અણદીઠ દમયંતીના વિરહની વ્યથા જે આઠે પ્રહર રહેતી હતી તે પણ શાંત બની ગઈ હોય એમ લાગતું હતું,

રત્નાલંકારથી શોભતો હંસ અન્ય કોઈ નહીં પણ દેવી સરસ્વતીની ચરણરજ વડે સમૃદ્ધ બનેલો બાલચંદ્ર જ હતો. તેણે નળ સામે જોયું...અને આ બધા તરફ આવવા લલચાયો...

નળના મનમાં થયું, રૂપપરિવર્તન કરીને આવેલો આ કોઈ દેવ છે કે વિદ્યાધર છે કે ખરેખર હંસ છે એની ખાતરી કરવી જોઈએ. મનમાં આવો વિચાર આવતાં નળ અગ્રેસર થયો.
નળના મિત્રો અવાક્ બનીને જોઈ રહ્યા...

બાલચંદ્ર પણ નિર્ભયતાપૂર્વક આવી રહ્યો હોય એમ લાગતું હતું...

નળ રાજાએ કલ્પનામાં પણ ન આવે એવી ચપળતાથી રત્નાભૂષણ ધારણ કરેલા હંસને પકડી લીધો તરત બાલચંદ્ર મધુર અને દિવ્ય વાણી વડે બોલી ઊઠયો : ' કુમુદના હાસ્યને હસી કાઢનાર, યશ–કીર્તિ વડે સમગ્ર જગતને સ્તબ્ધ બનાવનાર, સર્વ શત્રુઓ પર પ્રાપ્ત કરેલા જયરૂપી રત્નોને મુગટમાં શોભાવનાર હે વીરશ્રેષ્ઠ મહારાજ નળ, આપનો સદાય જય થાઓ ! હે રાજેન્દ્ર, આપના ઉપવનની આ વનશ્રી અંજન સરખા શ્યામ કેશવાળી કોઈ રાજકન્યા સમાન શોભી રહી છે.'

હંસની આવી મધુર, અર્થગંભીર અને વિનયયુક્ત વાણી સાંભળીને નળનું આશ્ચર્ય અનેકગણું વધી ગયું.

દૂર ઊભેલા તેના મિત્રો પણ આશ્ચર્ય વિમૂઢ બની ગયા.

નળના મનમાં થયું, આ દિવ્ય હંસ કોણ હશે ? હંસના મુખમાં આવી મનોહર વાણી ક્યાંથી ? પક્ષીઓની ભાષા તો આવી હોય જ નહિ...આ તો દેવભાષા જ લાગે છે...તો શું આ કોઈ દેવ હશે ? અરે, હંસને પકડી રાખનારો મારો જમણો હાથ ફરકે છે શા માટે ? જરૂર, મારા મનની ઇચ્છા ટૂંક સમયમાં જ પૂર્ણ થવાની હોય એનું જ આ સૂચન લાગે છે...મારું ચિત્ત પ્રસન્ન બની ગયું છે...મારું પ્રત્યેક અંગ ઉલ્લાસિત બની રહ્યું છે.

નળ મનથી કંઈ નક્કી કરીને હંસને ઉત્તર આપે તે પહેલાં જ કંઈક ભયભીત બનેલી સોમકલા આવી પહોંચી અને વિનમ્રસ્વરે બોલી: 'હે મહારાજ, આપે આવું અનુચિત શા માટે કર્યું ?'

નળે પ્રશ્નભરી નજરે હંસી સામે જોયું.

સોમકલા બોલી: 'સર્વ રાજાઓમાં આપ સિંહ સમાન છો. આપે 'પુણ્યશ્લોક'નું બિરુદ પ્રાપ્ત કર્યું છે...આથી અમે આપના પ્રત્યે દૃઢ વિશ્વાસ રાખીને દૂર દેશથી અહીં આશ્રય નિમિત્તે આવ્યાં છીએ અને શું આપ મારા સ્વામીને પકડવા ઇચ્છો છો ? આમ કરવાથી આપને વિશ્વાસઘાતનું પાપ નહિ લાગે ? અરેરે, અમારા ઉપર આ શી વિપત્તિ આવી પડી ? રક્ષક તરફથી ભય ઊભો થાય તો સંસાર ચાલે કેવી રીતે ? મહારાજ, કોઈ કાળે ચંદ્રમાંથી અંગારાની વૃષ્ટિ થાય ખરી ? નીરક્ષીરનું પૃથક્કરણ કરવામાં જે કુશળ છે તે મારા સ્વામીને આપે શા માટે પકડયા છે ? મારા સ્વામીને આપ તત્કાળ છૂટા કરો...હે નિષધનાથ ! મારા પર આટલી કૃપા કરો !'

નળ આછા હાસ્ય સહિત હંસી સામે જોઈ રહ્યો.. કારણ કે તેના મનમાં આવો કોઈ ઇરાદો નહોતો. માત્ર હંસ કોણ છે, એ જાણવા ખાતર જ તેણે તેને પકડયો હતો.

સોમકલા એવા ને એવા વિનમ્ર સ્વરે બોલી: 'કૃપાનાથ, જો આપને મારા સ્વામીનો પ્રાણ લેવો હોય તો તેના બદલે મારો પ્રાણ લો...હું આપને સાષ્ટાંગ પ્રણામ કરું છું. વડીલો પ્રત્યે આજ્ઞાંકિત ભાવ, શત્રુઓ પ્રત્યે પરાક્રમ ભાવ અને દીનજનો પ્રત્યે દયા ભાવ રાખવો એ મહાન પુરુષનાં ત્રણ લક્ષણો હોય છે. મહારાજ, મારા સ્વામી આ હંસ સમૂહના નાયક છે...એના વગર મારો તો પ્રાણ જશે જ...સાથોસાથ, બધા હંસો પોતાના પ્રાણ વિસર્જન કરશે.'

સોમકલાના વિલાપનો નળ ઉત્તર આપે તે પહેલાં જ બરાબર આ સમયે આકાશવાણી થઈ: 'હે રાજા, મોહવશ થયા વગર આ હંસને તું છોડી દે...એ હંસ તારા ચિત્તની વ્યથા શાંત કરશે.'

નળે સોમકલા સામે જોઈને કહ્યું: 'હે ભોળી સ્ત્રી, મારા પ્રત્યે આવો સંશય રાખવાનું તને કેમ સૂઝ્યું? તારા મનમાં જાગેલી કુશંકા દૂર કરજે. મારા તરફથી કોઈ પણ પ્રકારનો ભય રાખ્યા વગર તું તારા સ્વામી સાથે સુખથી વિચરજે. મેં તો કેવળ મનના કુતૂહલ ખાતર તારા સ્વામીને પકડેલ છે...મારો કોઈ મલિન હેતુ છે જ નહિ. મને તો તમારા જેવા ઉત્તમ અને પવિત્ર હંસોના સંયોગથી ઘણો જ આનંદ થયો છે...પ્રિયદર્શિની હંસી. લે તારા પ્રિયતમને! મારા પ્રત્યે કોઈ પ્રકારનો રોષ કે સંશય ન રાખીશ.'

આમ કહી નળે રત્નાભરણોથી શોભતા હંસને પોતાના પંજામાંથી મુક્ત કર્યો. મુકત થતાં જ બાલચંદ્ર અતિ પ્રસન્ન સ્વરે બોલ્યો, 'હે સ્વામિન, આ મારી પત્ની આપના વાત્સલ્યભરપૂર હૃદયને જાણતી નથી...તેથી જ અન્ય રાજવીઓની ક્રૂરતા તેણે આપનામાં કલ્પી લાગે છે. ત્રણ જગતનાં પ્રાણીઓને અભય આપવામાં સમર્થ એવા નળભૂપાલ અન્ય રાજાઓ જેવા શિકારી હોઈ શકે જ નહિ. પરંતુ મહારાજ, નારીનું હૃદય અતિ લાગણીપ્રધાન હોય છે. પોતાના

પતિ પ્રત્યેનો તેનો પ્રેમ એટલો અગાધ હોય છે કે ઘણીવાર તે પ્રેમ-વશ બનીને ભળતું જ કલ્પી લે છે.'

નળે હંસ સામે જોઈને કહ્યું: 'હંસરાજ, આપની પત્નીના કોઈ વચનથી મને જરા પણ દુઃખ થયું નથી...કારણ કે સ્ત્રી પોતાના પ્રિયતમને ભયમાં પડેલો જોતાં જ ભારે વ્યાકુળ બની જતી હોય છે. આપને હરકત ન હોય તો આપ કોણ છો, આપ આ તરફ શા માટે આવ્યા છો તે જણાવો.'

બાલચંદ્રે તરત વિનયભર્યા સ્વરે પોતાનો પરિચય આપ્યો અને કહ્યું: 'મહારાજ, થોડી વાર પહેલાં જ થયેલી આકાશવાણી આપ ભૂલી તો નહીં જ ગયા હો! આપના અંતરમાં અણદીઠ રહેલી દમયંતી નામની રાજકન્યા પ્રત્યે જે ભાવ જાગ્યો છે અને તેના અંગે જે વ્યથા જન્મી છે તે દેવી સરસ્વતીની કૃપાથી અવશ્ય દૂર થશે. અને ભરતવંશને સમૃદ્ધ કરવા રાજકન્યા દમયંતી આપની સહધર્મ-ચારિણી બનશે...એમાં મને કોઈ સંશય નથી લાગતો. હું એ કાર્યમાં આપનો સહાયક બનીશ. હે રાજન, દમયંતી સંસારનુ શ્રેષ્ઠ રત્ન છે... આ રત્ન પામનાર ખરેખર મહાન ભાગ્યવંત ગણાશે. અને એ ભાગ્યના સ્વામી આપ જ બનશો.'

હંસની આ વાતથી નળનું ચિત્ત અતિ પ્રસન્ન બની ગયું.

## પ્રકરણ ૧૪ મું : : હંસદૂત

સ્વર્ગના હંસ બાલચંદ્રની વાત સાંભળીને નળરાજા પોતાની મનોવ્યથા ઘડીભર વીસરી ગયો...પરંતુ થોડી જ વારમાં તે ગંભીર બની ગયો. અને એક ઊંડો નિશ્વાસ નાખીને બોલ્યો,

'પ્રિય બાલચંદ્ર, દમયંતીના રૂપયૌવનની વાત મને એક ભિક્ષાચરે કરી હતી. એ વાત સાંભળ્યા પછી હું મોહરૂપી સાગરમાં અટવાઈ પડયો હતો...પરંતુ તેં તો આજ મને એમાં ડૂબાડી જ દીધો. આ અંગે મારે શું કરવું એ મને સૂઝતું જ નથી. મારા રાજકુળની પ્રથા અનુસાર હું દમયંતીને પ્રાપ્ત કરવા યાચના કરી શકતો નથી... તેમ, એને એક વાર નિહાળવાની મારા મનમાં ભારે તમન્ના જાગી છે. મારી કાયા જાણે જલી રહી હોય એમ લાગ્યા કરે છે...' આ પ્રમાણે કહીને મહારાજ નળ ઊંડા વિચારમાં પડી ગયા.

હંસે ઉત્સાહપ્રેરક સ્વરે કહ્યું, 'મહારાજ, આપ ચિંતાથી મુક્ત બનો. દમયંતી આપના માટે દુષ્પ્રાપ્ય છે જ નહિ...આપ એમ જ માની લો કે તે પ્રાપ્ત થઈ ગઈ છે. હું પક્ષી હોવા છતાં આપનું કાર્ય અવશ્ય પાર પાડીશ. દમયંતીના ચિત્તમાં આપના પ્રત્યે અનુરાગ જગાડવો એ કામ મારા માટે સહજ છે. જેમ મંત્રસિદ્ધ ચપટી ધૂળ સર્પને વશીભૂત બનાવે છે, તેમ હું એક પક્ષી હોવા છતાં આ કાર્ય સંશય વગર પાર પાડીશ. મારી સાથે આવેલા આ બધા હંસો ભલે તમારા આ ઉપવનમાં આનંદથી રહેતા. રાજન, આપ મને કુંડનપુરા જવાની રજા આપો. જો તે રાજકન્યા મારા સમજાવ્યા છતાં આપના સિવાય અન્યને પસંદ કરે તો આપે મારી આ પ્રિય હંસી સોમકલા મને પાછી ન સોંપવી.'

પ્રસન્ન સ્વરે નવજવાન નળે કહ્યું, 'મિત્ર, તારો મારા પ્રત્યેનો આવો નિઃસ્વાર્થ આદરભાવ જોઈને હું ધન્ય બની ગયો છું... ખરેખર, મારા કોઈ પુણ્યોદયના લીધે જ મને તારો પરિચય થયો છે...તું નિશ્ચિંત હૃદયે જા... તારા બધા સાથીદારો આ ઉપવનને પોતાનું જ માનીને રહી શકશે. મિત્રો વચ્ચેની શરતમાં પત્નીને કદી ન ખેંચવી જોઈએ. સોમકલા અહીં મારી ભગિની માફક રહેશે... પરંતુ...'

'વાત કહેતાં કેમ અચકાયા ?'

'મેં સાંભળ્યું છે કે દમયંતી જેવી રૂપવતી કન્યા ત્રણેય લોકમાં બીજી એક પણ નથી. તું એને જોઈને મારું કાર્ય વીસરી ન જતો... હું હૃદયથી ઈચ્છું છું કે માર્ગમાં તને કોઈ વિઘ્ન ન આવો અને તારું કાર્ય સિદ્ધ થાઓ.'

'મહારાજ આપે મને મિત્ર માનીને મારું ગૌરવ વધાર્યું છે...' ત્યાર પછી તેણે પોતાની પત્ની સામે જોઈને કહ્યું, 'પ્રિયે, તું અહીં જ રહેજે...મારા બધા સાથીઓ તારી આજ્ઞાનું પાલન કરશે.'

'આપ પાછા કયારે આવશો ?' સોમકલાએ સામો પ્રશ્ન કર્યો.

બાલચંદ્રે પ્રસન્ન સ્વરે કહ્યું, 'ત્રણે લોકમાં જેના બાહુબળની પ્રશંસા થાય છે એવા નળ ભૂપાળનો વિયોગ દૂર કરવાના કાર્યમાં સમયની મર્યાદાને બાંધવી તે બરાબર નથી. તારે એક જ વાત મનમાં રાખવાની છે કે આ કાર્ય પાર પડયા પછી આપણું કાર્ય પણ પાર પડી જશે.'

ત્યાર પછી બાલચંદ્ર બધા સાથીઓને મળ્યો અને કેટલાક સાથીઓને તેણે પોતાની સાથે આવવાનું જણાવ્યું.

ત્યાર પછી પુનઃ એક વાર નળને મળી નળની રજા લઈ બાલચંદ્ર કેટલાક હંસો સાથે કુંડનપુર જવા આકાશમાર્ગે ઊડવા માંડયો.

નવજવાન નળ, તેના મિત્રો અને અહીં રોકાયેલા હંસો બાલચંદ્ર તરફ સ્થિર નજરે જોઈ રહ્યા. સોમકલા પણ પતિને વિદાય થતો જોઈ રહી હતી, જ્યાં સુધી બાલચંદ્ર દ્રષ્ટિ મર્યાદાથી દૂર ન થયો ત્યાં સુધી સોમકલા આકાશ તરફ જોતી ઊભી રહી.

મહારાજ નળના સાથીઓ દૂર ઊભા હતા તે નજીક આવી પહોંચ્યા. નળે સોમકલા સામે જોઈને કહ્યું, 'સોમ, તને આ ઉપવનમાં ન ગમે તો અમારી સાથે રાજભવનમાં ચાલ.'

'નહિ મહારાજ, આ ઉપવન સ્વર્ગના નંદનવન જેવું જ છે... વળી, આ સરોવર ઘણું જ સ્વચ્છ છે...હું અહીં જ રહીશ.' સોમકલાએ કહ્યું.

નળે મૃણાલલતિક સામે જોઈ કહ્યું, 'મૃણાલ, આ બધા હંસો અહીં જ રહેશે...બધા મારા અતિથિઓ છે એટલે એમની કાળજી રાખવાનું તારા માથે છે.'

'કૃપાનાથ, આવા પવિત્ર અને નિર્મળ હંસોની સંભાળ રાખવાનું કાર્ય આપે મને સોંપીને મારું ગૌરવ વધાર્યું છે. આપ નિશ્ચિંત મને રાજભવન તરફ જઈ શકો છો.'

રાજા નળ પોતાના સાથીઓ સાથે નગરી તરફ વિદાય થયો.

બાલચંદ્ર અને તેના સાથીઓ કંઈ સામાન્ય હંસો નહોતા... સ્વર્ગના દેવહંસો હતા. તેઓ મનની ગતિએ ગમે તે સ્થળે જઈ શકવાને સમર્થ હતા. લીલા માત્રમાં બધા હંસો અસંખ્ય પર્વતો, વનો, ઉપવનો, સરોવરો, નદીઓ, નાનાંમોટાં નગરો, વગેરે વટાવીને કુંડનપુરના પાદરમાં પહોંચી ગયા...

બાલચંદ્રે આકાશમાંથી ચોતરફ નજર કરી...દમયંતી પોતાની કેટલીક સખીઓ સાથે ક્રીડા માટેના રાજ્યના એક ઉપવનમાં વિવિધ રમતો રમી રહી હતી. દમયંતીની સખીઓ ચારે તરફ વૃક્ષ પાછળ કે કોઈ કુંજ પાછળ છુપાઈ ગઈ હતી અને દમયંતીના હાથમાં કમળનું ફૂલ લઈને સખીઓને પકડવા આમતેમ દોડી રહી હતી...પરંતુ ચાલાક સખીઓ બરાબર છુપાઈ રહી હતી.

અને એક વૃક્ષના ઓથે ઊભેલી સખીનું ઉત્તરીય દેખાઇ ગયું. દમયંતી અન્ય તરફ વળતી હોય તે રીતે ઝડપથી દોડી...પણ તરત પાછી વળીને એક સખી પર કમળનું ફૂલ અડકાડી દીધું.

પલભર કલરવ મચી ગયો. હાસ્યની લહેરીઓ આ વાટિકાને મુખરિત કરવા માંડી.

બાલચંદ્ર હંસ પોતાના સાથીઓ સાથે સ્થિર બનીને નવયુતીઓની

આ રમત જોઈ રહ્યો હતો. પરંતુ દમયંતીને જોઈ તે આશ્ચર્ય-મુગ્ધ બની ગયો. દમયંતીને તેણે જોઈ નહોતી, માત્ર તેના રૂપની પ્રશંસા જ સાંભળી હતી...પણ આજ તેને પ્રતીતિ થઈ કે, આ રાજકન્યાનું રૂપ સાંભળ્યા કરતાં અનંતગણું છે. આ રૂપનું વર્ણન કરવા માટે કવિઓ પાસે પણ શબ્દસંચય હોવો અશક્ય છે !

રમતમાં મળેલા વિજયથી દમયંતી હર્ષિત બની ગઈ હતી. પરંતુ રમત ઘણી લાંબી ચાલી હોવાથી તે કંઈક થાકી ગઈ હતી. બધી સખીઓ તેને ઘેરીને ઊભી રહી ગઈ હતી. એક સખીએ કહ્યું, 'રાજકુમારીજી, આપ થાકેલાં લાગો છો. થોડીવાર એક તરફ વિશ્રામ લો. અમે એક નવી રમત કરીએ છીએ...તે જોવામાં તમને આનંદ પડશે.'

દમયંતી સંમત થઈ. સખીઓએ નવી રમતનો પ્રારંભ કર્યો અને દમયંતી જરા દૂર સંગેમરમરની એક બેઠક પર બેસી ગઈ...

બાલચંદ્રના મનમાં થયું, અત્યારે મળવું ઉત્તમ છે. આમ વિચારી તે પણ વાદળદળ વીંધતો પોતાના સાથીઓ સાથે આ તરફ આવવા માંડ્યો.

અચાનક દમયંતીની નજર એ હંસો પર પડી અને હંસોનાં દિવ્ય સ્વરૂપ જોઈને પલભર અવાક્ બની ગઈ...

ત્યાં તો બાલચંદ્ર દમયંતીથી થોડે જ દૂર પૃથ્વી પર આવી ગયા. અને એના સાથીઓ વિવિધ વૃક્ષો પર બેસી ગયા.

રત્નજડિત અલંકારવાળો આવો દિવ્ય હંસ દમયંતીએ કદી જોયો નહોતો. તેના મનમાં હંસને પકડવાની ઈચ્છા થઈ...તે જરાય અવાજ ન થાય તેવી રીતે ઊભી થઈ અને અતિ મૃદુ ચરણે હંસ તરફ ચાલવા માંડી. બાલચંદ્ર તેનો મનોભાવ કળી ગયો હતો એટલે તે પણ અન્ય દિશા તરફ મોઢું રાખીને નિર્ભયતાપૂર્વક ઊભો રહ્યો.

દમયંતી નજીક આવી પહોંચી...અને હંસ જરા આગળ વધી ગયો, ત્યાં તો સખીઓએ કલરવ કરી મૂક્યો, એકે કહ્યું. 'રાજ-

કુમારીજી, હંસ સુંદર છે...પણ, તમારાથી પકડાયો નહિ.'

દમયંતીએ બધી સખીઓ સામે જોઈને કહ્યું, 'તમે આ રીતે કલરવ કરો છો એથી જ હંસ છટકી જાય છે...તમે જો શાંત નહિ રહો તો મારો રોષ તમારા પર ઠલવાશે.'

સખીઓ પુનઃ હસી પડી.

દમયંતી આસ્તે આસ્તે હંસની પાછળ જવા માંડી...હંસ પણ દમયંતીને સખીઓથી દૂર ખેંચી જવા ઈચ્છતો હતો...અને લગભગ એક ઘટિકા પછી બાલચંદ્ર પોતાના ઈરાદામાં સફળ થયો. દમયંતી તેની સખીઓથી વિખુટી પડી ગઈ હતી. હંસને પકડવાની હોડમાં તે શ્રમિત બની ગઈ હતી અને તેના કપાળ પર પ્રસ્વેદબિંદુઓ મોતી માફક ખીલી ઊઠયાં હતાં.

દમયંતીની આ સ્થિતિ જોઈને બાલચંદ્ર દમયંતી તરફ ફર્યો અને મધુર સ્વરે બોલ્યો : 'હે ચતુર રાજકન્યા, મને પકડવાનો મિથ્યા પ્રયત્ન શા માટે કરે છે ? હે મુગ્ધા, આ અરણ્ય જેવી વાટિકા જોઈને તારા મનમાં ભય નથી થતો ? હે મંગલમયી, પૃથ્વી પર વસનારાં અમારાં જેવાં પંખીઓ તું કેવી રીતે પકડી શકે ? તું તારી આ બાલ ચેષ્ટાથી નિવૃત્ત થા...કારણ કે તું યૌવનવતી બની છે.'

હંસના મોઢેથી માનવી જેવી સ્પષ્ટ વાણી સાંભળીને દમયંતી અવાક્ બની ગઈ હતી...તે બોલી : 'તું કોણ છે ? કોઈ છદ્મવેશી છે કે ખરેખર હંસ છે ?'

'હે રાજતનયા, તું કોઈ પ્રકારનો સંશય ન રાખીશ...હું છદ્મવેશી નથી...પરંતુ પુણ્યશ્લોકના બિરુદ વડે જે રાષ્ટ્રમાં પ્રખ્યાત છે તે નવજવાન મહારાજા નળનો હું ક્રીડાહંસ છું. રાજહંસોને કોઈ પણ સ્થળે જવામાં ભય હોતો નથી. હે પ્રિયદર્શિની, જેની સાથેના યુદ્ધમાં મનુષ્યોને રાક્ષસો ટકી શકતા નથી તે મહાબાહુ પૃથ્વીપતિ મહારાજ નળ, કે જે અતિ ચતુર પુરુષ છે, તેનો હું પ્રેમ-

પાત્ર મિત્ર છું...પ્રત્યેક દિશામાં બનતી હકીકતોને જાણનારો હું એક પક્ષીરાજ છું...રાજકુમારી, મારા જેવા અનેક હંસો એમના મહા ઉદ્યાનમાં રહેલા છે...તેઓ પોતાની પાંખ વડે વાયુ વીંઝે છે. તો કોઈ કમલ પત્ર લાવીને તેની શય્યા નિર્માણ કરે છે...કેટલીક હંસીઓ તેની પ્રિયાને ગતિ વિલાસની રીત શીખવે છે...

આ પંખીઓનો કોઈને સંકોચ પણ હોય નહિ. રાજભવનની સ્ત્રીઓ રતિક્રીડાના પ્રસંગે પણ અમને બાજુમાં રાખે છે. પંખીઓથી કોણ શરમાય? હે સુંદરી, દેવી સરસ્વતીએ પ્રસન્ન થઈને અમને રાજા નળની સેવામાં સોંપ્યા છે. અમે હંસો સામાન્ય માનવ સામે નજર કરતા નથી અને મંદબુદ્ધિવાળા લોકો અમને જોઈ પણ શકતા નથી. હે ચતુરા, તું સંસારની સર્વ કુમારિકાઓ વચ્ચે મુકુટ મણિ સમાન છે...તું મહારાજા ભીમની કન્યા સામાન્ય વ્યક્તિ નથી. આકાશમાં ઊડતાં ઊડતાં મેં તને જોઈ અને હું તને મળવા નીચે ઊતર્યો...પરંતુ તું સખીઓના વૃંદથી ઘેરાયેલી હતી એટલે તને આમ દૂર સુધી ખેંચી લાવ્યો છું...કારણ કે મારે તારી સાથે કેટલીક ઉચિત વાતો કરવી છે...હે મંગલકારિણી, તું સર્વ શાસ્ત્રોમાં પંડિતા છે તે હું જાણું છું. એટલે તું કોઈ પણ સુભાષિત કહી શકે છે. અથવા જે કંઈ પૂછવું હોય તે સંકોચ વગર મને પૂછી શકે છે. હે કોમલાંગિની, તું મારી પાછળ પાછળ ખૂબ દોડી છે...ખરી રીતે મેં જ તને દોડાવીને શ્રમિત કરી છે...તો તેના બદલામાં હું તારું શું પ્રિય કરું?'

હંસની આવી મધુર અને ભાવપૂર્ણ વાણી સાંભળીને દમયંતી ખૂબ જ પ્રભાવિત બની ગઈ. આશ્ચર્ય, હર્ષ, ઊર્મિ અને આનંદના ભાવો તેના હૈયામાં ઘૂમવા માંડયા. તેના મનમાં થયું, આજનો દિવસ મારા માટે ધન્ય બની ગયો છે. આવો ઉત્તમ પક્ષીરાજ મને અનાયાસે મળી ગયો; પણ મારે આ હંસને મારા મનની વાત કેવી

રીતે કહેવી? મનની આ મૂંઝવણ મારે કેવી રીતે દૂર કરવી ? હે નળરાજ, તારો સદાયે જય થાઓ ! કારણ કે તારાં પક્ષીઓ મહામાત્યો કરતાં યે ચતુર અને બુદ્ધિમાન દેખાય છે. આ હંસ મારા ઉદ્યાનમાં શા માટે આવ્યો હશે ? શું નળ રાજાએ પોતે જ મારી પાસે મોકલ્યો હશે ? ઓહ, હે મંદભાગ્યવાળી ! એવાં તારાં પુણ્ય ક્યાંથી હોય ? અને નળરાજા પ્રત્યે મારા મનમાં ઊગેલો પ્રેમ તે ક્યાંથી જાણે ?

આવા વિચારમાં ખોવાયેલી દમયંતીને મૌન જોઈ હંસે મધુર સ્વરે કહ્યું : 'કૃશોદરી, કોઈ પ્રકારનો સંશય રાખીને મને અન્યાય ન કરીશ. તારે જે કંઈ પૂછવું હોય તે વગર સંકોચે પૂછજે...'

વિચારમગ્ન દમયંતીના મનમાં થયું...એમ જ થાઓ, તેણે હંસ સામે જોયુ...એ પળ પછી તે મૃદુમંજુલ સ્વરે બોલી, 'હે સૌમ્ય સુંદર રાજહંસ ! તારો દીર્ઘકાળ પર્યંત જય થાઓ ! તું શ્રેષ્ઠ ધનુર્ધારી મહારાજ નળનો પક્ષી મિત્ર છે અને તારી વાણી પરથી તું પંડિત પણ લાગે છે. મારા મનમાં એક વાત જાણવાની તીવ્ર ઈચ્છા છે...તું મારા મનને શાંત કરી શકીશ ?'

'રાજકુમારી જે કંઈ જાણવા ઈચ્છતાં, હો તે મને પૂછો...હું યથાશક્ય ઉત્તર અવશ્ય આપીશ.' હસદૂતે કહ્યું :

'હે પંડિતશ્રેષ્ઠ, સંસારમાં જેની કીર્તિ સૌમ્યગંધાની સૌરભ માફક વિસ્તરેલી છે તે તારા મિત્ર નળરાજાનાં વખાણ મેં ખૂબ સાંભળ્યાં છે...પરંતુ તેમની વિશેષ માહિતી મારી પાસે નથી. મહારાજા નળ કોણ છે, કેવા છે, તેની મને પૂરેપૂરી વાત કહે.'

'હે મૃગનયના, જેનાં રૂપ, ગુણ અને શૌર્યનું વર્ણન સરસ્વતી સિવાય કોઈ કરી શકે તેમ નથી. છતાં તારા મનના કૌતુકની શાંતિ ખાતર હું પ્રયત્ન કરી જોઉં...હું તને પૂરેપૂરો વૃત્તાંત ન સંભળાવી શકું તો મને ક્ષમા કરજે.' બાલચંદ્રે મધુર સ્વરે કહ્યું.

દમયંતી એક પથ્થર પર બેસી ગઈ.

હંસે મધુર વાણી વડે નળનાં માતાપિતાનો પરિચય આપ્યો. નિષધા નગરીનો પરિચય આપ્યો, નળે કરેલાં પરાક્રમો, શ્રીધર મુનિની રક્ષા નિમિત્તે નળે કરેલો પ્રયત્ન, કનકાવલી સાથેનાં લગ્ન, તાપસોના રક્ષણ નિમિત્તે ક્રૌંચકર્ણ નામના ભયંકર રાક્ષસનો કરેલો વધ, માતપિતાનો સંસારત્યાગ, નળે બાહુબળથી કરેલો દિગ્વિજય વગેરે વાત બાલચંદ્રે કહી સંભળાવી. દમયંતી મુગ્ધ ભાવે સાંભળી રહી હતી. હંસે કહ્યું : 'હે સુનયના, આવો શ્રેષ્ઠ અને નવજવાન રાજા નળ અત્યારે નિષધ દેશને સંભાળી રહ્યો છે. મહાસાગરનું જળ ખારું છે. શશાંક ક્ષય પામતો હોય છે ઈન્દ્રસ્થાન ભ્રષ્ટ બને છે, કામદેવ દેહ વગરનો છે, કૃષ્ણ શ્યામ છે, શેષનાગ વિષયુક્ત છે, બ્રહ્મા વયોવૃદ્ધ છે. કલ્પવૃક્ષ એક જડ કાષ્ઠ છે. આ બધી ઉત્તમ વસ્તુઓમાં કંઈ ને કંઈ દોષ રહિત છે. કલિંગ, બંગ, મગધ, ચૌડ, ગૌડ, કર્ણાટક, દ્રાવિડાદિ દેશોના રાજાઓ, દેવતાઓ, નાગલોકના શ્રેષ્ઠ ગણાતા નાગરાજો, વગેરે કોઈ મહારાજ નળના રૂપની હરીફાઈ કરી શકે એમ છે જ નહિ... ભવિષ્યમાં કોઈ થશે પણ નહિ.

હે મંગલમયી, નળના હૃદયમાં ધર્મ, પ્રેમ, ઉદારતા, વિનય, માર્દવતા, દયા, નિર્મળતા, વગેરે અનેક ગુણો સંપત્તિરૂપે શોભી રહ્યા છે. ચિંતામણિ રત્ન જડ છે...જ્યારે નળરાજા ચિંતામણિ રત્ન સમાન હોવા છતાં ચૈતન્ય યુક્ત છે, કામદેવ અશરીરી છે, પરંતુ નળરાજા કામદેવ કરતાં ય રૂપવાન અને દેહધારી છે. દેવી સરસ્વતી સ્ત્રીરૂપ છે, જ્યારે નળરાજા પુરુષરૂપે સરસ્વતી સમાન છે. ખરેખર, નળરાજા માનવ લોકમાં ઈન્દ્ર સમાન છે...હે દમયંતી! નળ રાજાનાં રૂપગુણનું વર્ણન કરવું મારી શક્તિ બહારની વાત છે...જેમ તારાઓની ગણના ન થાય. જેમ મેઘની જળધારા ગણી

ન શકાય, તેમ મહારાજ નળની ગુણના ગણના થવી શક્ય નથી. હે રૂપવતી, મેં આટલો પરિચય કેવળ તારા મનની ઈચ્છાને તૃપ્ત કરવા ખાતર જ આપ્યો છે...અને તે પણ એક અંશરૂપે...'

દમયંતી પ્રસન્ન નેત્રે હંસ સામે જોઈ રહી. હંસે પુનઃ કહ્યું: 'હે શંખગ્રીવાવાળી, મને ઘણો સમય થઈ ગયો...હવે હું જવા માગું છું. કહે, હું તારું શું કલ્યાણ કરું?'

'હે પક્ષીરાજ, આવા પુણ્યવાન પુરુષનું ચરિત્ર સાંભળતાં કોને તૃપ્તિ થાય? આ ચરિત્ર તો વારંવાર સાંભળવું ગમે પણ તું મારું એક કાર્ય કર. જો તારાથી બની શકે તો મહારાજ નળની એક આકૃતિ મને આલેખી દે.' દમયંતીએ કહ્યું.

'દેવી, હું એક પક્ષી છું...છતાં આ ધરતી પર કામદેવથી યે સુંદર એવા નળરાજાની આકૃતિ આલેખવાનો પ્રયત્ન કરું છું...કેવળ તારી કામના તૃપ્ત કરવા ખાતર.' આમ કહીને બાલચંદ્રે પોતાના નખ વડે નળરાજાની હૂબહુ આકૃતિ એક સ્વચ્છ સ્થળે દોરી આપી

નળની આકૃતિ જોઈને દમયંતી મુગ્ધ બની ગઈ...તેનાં નયનોમાં હર્ષાશ્રુ ચમકી ઊઠયાં.. તેણે પોતાના કંઠમાંથી એક રત્નહાર કાઢીને આકૃતિ રૂપી નળના કંઠમાં આરોપી દીધો અને મનથી કહ્યું: 'આપનો સદાય જય થાઓ! જય થાઓ!'

દમયંતી તરફ જોઈને હંસે કહ્યું: 'આ શું કર્યું?'

હર્ષથી ભીના બનેલા સ્વરે દમયંતીએ શરમ સંકોચનો ત્યાગ કરીને કહ્યું 'પક્ષીરાજ, આ જોઈને તો આશ્ચર્ય પામવાનું કોઈ કારણ નથી. આ હાર હવે તું ગ્રહણ કર. અને જેનો આ હાર છે તેને સમર્પણ કરજે. હે સુંદર હંસ! તું કાર્યમાં સફળ થા. આ મારી ચેષ્ટા છે તેવું તું માનીશ નહિ...તું મૃષાવાદી નહિ બને. પ્રિય હંસ હું તને કઈ રીતે કહું? મારું મન અને મારી વાણી અભિન્ન છે. કલ્પાંત કાળે પણ મારું વાક્ય મિથ્યા બનનાર નથી. હું તને વધારે શું

કહું ? તું ચતુર છે, પંડિત છે, બુદ્ધિવંત છે, એટલે મારો મનોભાવ સમજવામાં તને કોઈ અંતરાય નહિ આવ્યો હોય. હે મનોહર હંસ, મારો મનોરથ તારા દ્વારા જ સિદ્ધ થાઓ ! મેં નળરાજા અંગે ઘણું સાંભળ્યું છે...હું નળરાજા માટે જ જીવન ધારણ કરી રહી છું. મારું સર્વસ્વ આ માળા દ્વારા મેં તેમનાં ચરણમાં સમર્પિત કર્યું છે. આ વાત કદી મિથ્યા નહિ બને, હું તને નમન કરું છું... તારાથી જ મારો મનોરથ તૃપ્ત થશે એવી શ્રદ્ધા સાથે હું તને નમન કરું છું.'

બાલચંદ્રે ભાવભર્યા સ્વરે કહ્યું : 'હે સુવદના, તારો આ નિર્ણય જાણ્યા પછી મારું મન અતિ હર્ષિત બન્યું છે. હવે હું પણ એક વાત કરું છું. નળરાજાએ જ મને અહીં મોકલ્યો છે. હે ચપળા, મારા મિત્રની સ્થિતિ હું શબ્દોમાં કહી શકતો નથી. તારા મૃત્યુથી તેઓ મૃત્યુ પામશે અને તારા જિવિતથી અત્યારે તેઓ વિરહાગ્નિમાં પ્રજળી રહ્યા છે. તારા પ્રિય નળરાજા પણ ભાટ ચારણો, ભિક્ષાચરો, વગેરે દ્વારા તારી વાત જાણીને તને જ ઝંખી રહ્યા છે. તારા વગરની એક એક પળ તેને યુગ સમાન થઈ પડી છે. સુમંગલા, તારો મનોરથ સાંભળીને નળના હૃદયમાં અવશ્ય નવચેતન પ્રગટશે. હું પણ તમારા બંનેના મિલનને મંગલ બનાવનારો લગ્ન સંબંધ સાધવામાં જરાયે વિલંબ નહિ કરું.'

આ પ્રમાણે કહી દમયંતીને આશ્વાસન આપી બાલચંદ્ર ગગનમાર્ગે ઊડી ગયો. તેના સાથીઓ પણ તેની પાછળ ગતિમાન બન્યા.

દમયંતી હંસદૂતને નિહાળી રહી.

## પ્રકરણ ૧૫ મું : : સ્વયંવરનું નિમંત્રણ

હંસદૂત ગગન માર્ગે જતો હતો. તે જ્યારે પોતાના સાથીઓ સાથે દેખાતો બંધ થયો ત્યારે દમયંતીનું હૃદય બોલી ઊઠ્યું, 'શરદનાં વાદળ સમા શ્વેત કાંતિવાળા હે વિચક્ષણ હંસ, ખરેખર દેવી સરસ્વતીએ વાહનની પસંદગી કરવામાં ખૂબ જ બુદ્ધિ દર્શાવી છે. જેમ કોઈ મુક્તાત્મા ભવશ્રેણીનો ત્યાગ કરે તેમ તેં અત્યારે મારો ત્યાગ કર્યો છે...ફરીથી હું તારાં દર્શન ક્યારે કરી શકીશ ? તારા મુખેથી પુણ્યશ્લોક રાજા નળના ગુણ ક્યારે સાંભળી શકીશ ?'

મનથી આ રીતે બોલી રહેલી દમયંતી સ્થિર નજરે આકાશ સામે જોઈને ઊભી હતી. ત્યાં તેને શોધતી શોધતી સઘળી સખીઓ આવી પહોંચી અને વિચારમગ્ન બનેલી તથા વનના છેડે ગંભીર ભાવે ઊભી રહેલી દમયંતીને ઘેરી વળી. એક સખીએ કહ્યું : 'રાજકુમારી આપની કાયા ધ્રુજે છે શા માટે ?'

બીજીએ પ્રશ્ન કર્યો : 'આપને કોઈ ભય લાગે એવું છે નહિ. છતાં આમ શા માટે ?'

ત્રીજી સખીએ કહ્યું, 'આપ આ એકાંત સ્થળે કેવી રીતે આવી ચડયાં ? આપ આટલાં ગંભીર કેમ બની ગયાં છો ? આપનું મન અંદરથી રડતું હોય એમ કેમ લાગે છે ?'

દમયંતીએ એક પણ પ્રશ્નનો ઉત્તર ન વાળ્યો.

સખીઓએ કહ્યું : 'આજ ધાર્યા કરતાં મોડું થઈ ગયું છે...પધારો...હવે રાજભવનમાં જઈએ.'

થોડી જ પળો પછી સરખી સહિયરોથી વીંટળાયેલી દમયંતી હંસે કરેલા નળના વર્ણનને મનમાં સ્મરણ કરતી કરતી રાજભવન તરફ વિદાઈ થઈ.

મધ્યાહ્નના સૂર્યથી જાણે દિશાઓ ઉષ્ણ બની ગઈ હતી. રાજા નળ પોતાના આરામગૃહમાં એકલો બેઠો હતો. ગૃહનું દ્વાર અટકાવેલું હતું સહુને એમ હતું કે, મહારાજ આરામ કરી રહ્યા છે...પરંતુ નળને નિદ્રા આવતી જ નહોતી, હંસ ત્યાં પહોંચી ગયો હશે કે નહિ? પહોંચીને તે દમયંતીને મળ્યો હશે કે નહિ? ત્યાં જઈને તરત આવે પણ કેવી રીતે? ના...ના...આ તો સ્વર્ગનો દેવહંસ છે...મનની ગતિએ ગમે ત્યાં થોડી પળોમાં જ જઈ શકે એવી એનામાં લબ્ધિ રહેલી છે...આવા વિચારો મનમાં ઘોળાતા હતા ..

સામેનો વિશાળ ઝરૂખો ખુલ્લો હતો...તેમાંથી ઉષ્ણ વાયુની લહેરો કોઇ વાર ખંડમાં આવી જતી...પણ નળનું ધ્યાન તો હંસ અને દમયંતીના વિચારોમાં જ મગ્ન બની ગયું હતું.

એકાએક ઝરૂખામાં કંઈક સંચર થયો હોય એમ નળને લાગ્યું અને તેણે મીંચેલાં નયનો ઝરૂખા તરફ ખોલ્યાં...આકાશ વાટેથી બાલચંદ્ર ઝરૂખામાં જ દાખલ થઈ રહ્યો હતો.

નળ ચમક્યો. આ સ્વપ્ન તો નહિ હોય ને? તે એકદમ ઊભો થઈ ગયો...અને આશ્ચર્યભરી નજરે બાલચંદ્ર સામે જોઈ રહ્યો.

બાલચંદ્રે અંદર આવીને કહ્યું : 'મહારાજ, આશ્ચર્ય પામવાનું કારણ નથી. આપના આશીર્વાદથી હું મારા કાર્યમાં સારી રીતે સફળ થયો છું.'

'પ્રિય બાલચંદ્ર...તું વિદર્ભમાં જઈ આવ્યો?'

'હા મહારાજ. ત્રણે લોકમાં જે અજોડ છે તે રાજકુમારી દમયંતીને પણ મળ્યો.'

'મિત્ર, આવા ઝડપી અને લાંબા પ્રવાસથી તું થાકી ગયો

હોઈશ. આવ, આ ગાદી પર મારી બાજુમાં બેસ...હું તને આરામ લેવાનું કહી શકતો નથી. કારણ કે મારું મન તારી વાત સાંભળવા આતુર બન્યું છે. મનની આતુરતા એટલી ચંચળ હોય છે કે સામાનો વિચાર કરવાનું સૂઝતું જ નથી. એથી તું મારા આ વિવેકહીન વર્તનને લક્ષમાં લીધા વગર મને વિગતથી વાત કહે.'

હંસે દમયંતી સાથે થયેલી સઘળી વાત કહી સંભળાવી અને નળની આકૃતિ પર દમયંતીએ કરેલું માલારોપણ પણ કહી સંભળાવ્યું. ત્યાર પછી તેણે દમયંતીએ અર્પણ કરેલી માળા નળના હાથમાં મૂકતાં કહ્યું : 'રાજન ! રાજા ભીમની સુકન્યા દમયંતી પણ આપના ગુણને જાણે છે...આપના શૌર્ય–યશની ઘણી વાતો તેણે સાંભળી છે અને એ પરથી તે પણ અણદીઠયા આપને અંતરમાં સ્થાન આપી રહી છે. મહારાજ, આપ ખરેખર પુણ્યવંત છો. મને વિશ્વાસ છે કે આપ બંનેનું મિલન અવશ્ય થશે જ...પૂર્વના પુણ્યોદયના કારણે જ આપ એના મનમાં વસ્યા છો, તે આપના મનમાં વસેલ છે.'

હંસની આ વાત સાંભળીને નળનું હૈયું અધીર બન્યું...તેણે દમયંતીએ સમર્પિત કરેલો હાર પોતાના હૈયા પર ધારણ કર્યો... પરંતુ વિરહરૂપી સમુદ્રનો કિનારો હજી ક્યાંય દેખાતો નહોતો. જ્યાં સુધી મિલન ન દેખાય ત્યાં સુધી વિરહનો દાવાનળ ઠરતો નથી.

બાલચંદ્રે નળને ઉત્તમ શબ્દો વડે આશ્વાસન આપ્યું...ત્યાર પછી તે નળની રજા લઈને ઉપવન તરફ ઊડી ગયો.

ચારછ દિવસ નળ પાસે રહીને એક દિવસે બાલચંદ્ર પોતાના સઘળા સાથીઓ સાથે તીર્થયાત્રા નિમિત્તે નળને કંઈ પણ કહ્યા વગર ચાલ્યો ગયો. જો નળની રજા લેવા જાય તો નળ કોઈ પણ સંજોગોમાં રજા આપે નહિ...અને એમ થાય તો પોતે જે કાર્ય વડે દેવોને આશ્ચર્યમાં ગરકાવ બનાવવા ઇચ્છે છે, તે કાર્ય પાર પડે નહિ. આથી આ વાત અન્ય કોઈને કાને ન પડવી જોઈએ અને એટલા

ખાતર તીર્થયાત્રામાં કેટલોક સમય પસાર કરવો જોઈએ.

તીર્થયાત્રાનો વિચાર સાંભળીને બધા હંસો ઉલ્લાસમાં આવી ગયા હતા. કારણ કે માનવલોકનાં તીર્થોનો લાભ પુણ્ય વગર પામી શકાય નહીં.

કુંડનપુરના રાજભવનમાં દમયંતીની દશા પણ ભારે વિચિત્ર બની ગઈ હતી. હંસની વિદાય પછી દમયંતીના ચિત્તમાં દિવસ ને રાત નળના જ વિચારો આવતા હતા. સ્ત્રી સ્વભાવે જ સહનશીલ અને ધૈર્યના પ્રતીક સમી હોય છે. આમ છતાં દમયંતીને સંગીત વિનોદ, રમતગમત કે કશામાંય રસ પડતો નહોતો.

હંસે દોરેલી નળની રેખાકૃતિ દમયંતીના હૈયામાં અંકિત બની ગઈ હતી અને તે અનેક કલ્પનાઓ વડે નળની આકૃતિને મનથી નિહાળ્યા કરતી અને મઢયા કરતી.

મિલનની પ્રચ્છન્ન ઝંખના માનવીને વિવશ બનાવી દે છે અને એ વિવશતા એક અંગારા જેવી થઈ પડે છે.

દમયંતીની સખીઓ હાસ્ય, વિનોદ અને મસ્તીની અનેક વાતો કરતી...પરંતુ દમયંતીનું મન જાણે સાવ બધિર બની ગયું હતું...તે કોઈ વાતમાં રસ લેતી નહોતી.

માની દ્રષ્ટિ જેટલી પ્રેમાળ હોય છે, તેટલી વેધક પણ હોય છે. દમયંતીમાં આવેલું આ પરિવર્તન જોઈને તેની માતા સમજી ગઈ કે પુત્રી નવયૌવના બની છે...એનો બાલ્યકાળ વીતી ગયો છે...એના અંતરમાં પતિની ઝંખના જાગી છે.

સહુથી પ્રથમ મહાદેવીએ દમયંતીની સખીઓ મારફત દમયંતીના મનમાં શું છે તે જાણવાનો પ્રયત્ન કર્યો...પરંતુ દમયંતીએ મનની વાત સખીઓને પણ ન કહી...અને પરિણામ વિપરીત આવ્યું સખીઓના પ્રશ્નથી તેનું મન વધારે મૂંઝવણ અનુભવવા માંડયું અને

તે મૂર્છિત બની ગઈ. આથી સખીઓ ગભરાણી. શીતોપચાર વડે બધી સહિયરોએ દમયંતીને મૂર્છામાંથી જાગૃત કરી...પણ રાજકન્યાને આવેલી મૂર્છાના સમાચાર સમગ્ર રાજભવનમાં પ્રસરી ગયા હતા. દમયંતીની માતા અને મહારાજા ભીમ ભારે ચિંતા સહિત પુત્રીના ખંડમાં આવ્યાં. માતાએ પોતાની પ્રિય કન્યાને વહાલથી પૂછ્યું : શું થયું હતું, બેટી ?'

'કંઈ નહિ, મા...મન જરા મૂંઝાતું હતું...'

'અહીં કોઈ વાતનું દુઃખ નથી. પછી મન શા માટે મૂંઝાય ? કોઈએ તારું અપમાન તો નથી કર્યું ને ?'

'ના, મા...'

'તો તારા મનમાં કોઈ વસ્તુ પ્રાપ્ત કરવાની...'

વચ્ચે જ માતાના બંને હાથ પકડી લઈને પરાણે મુખ પર હાસ્ય લાવતાં દમયંતી બોલી : 'મા, એવું કંઈ નથી.'

પરંતુ ચતુર માતા બધું સમજી ગઈ હતી અને તેણે આ અંગે મહારાજાને વાત પણ કરી હતી. મહારાજા ભીમે પુત્રી સામે જોઈને પ્રસન્ન સ્વરે કહ્યું : 'બેટી, તું ઉત્તમ પતિ પ્રાપ્ત કરી શકે એ દ્રષ્ટિ રાખીને મેં સ્વયંવર મહોત્સવ રચવાનું નક્કી કર્યું છે...આ અંગે મેં આજ રાતે બધાં મંત્રીઓને બોલાવ્યા છે. તું મનનો સંકોચ દૂર કરીને અતિ પ્રસન્ન બની જા.'

માતાએ દમયંતીની સખીઓ સામે જોઈને કહ્યુ : 'તમે સહુ દમયંતીને સ્વયંવરના મહોત્સવ માટે ખૂબ જ પ્રસન્નચિત્ત બનાવજો... મહારાજા પોતાની પ્રિય કન્યાનો અતિ ભવ્ય અને શ્રેષ્ઠ સ્વયંવર રચવાના છે.'

આ સાંભળીને દમયંતીની સખીઓ ઉલ્લાસમાં આવી ગઈ. દમયંતીના મનને પણ કંઈક આશ્વાસન મળ્યું.

એ જ રાતે રાજા ભીમે પોતાના બધા મંત્રીઓ અને પરિવારના

વડીલ પુરુષોને પોતાના ભવ્ય અને વિશાળ બેઠક ખંડમાં એકત્ર કરીને સ્વસ્થ ભાવે કહ્યું : 'આજે મેં આપને એક મહત્ત્વના કાર્ય નિમિત્તે બોલાવ્યા છે. આપ સહુ જાણો છો કે રાજકન્યા દમયંતી નવયૌવનમાં પ્રવેશી છે...કન્યા ગમે તેટલી પ્રિય હોય તો પણ તે પરાયું ધન છે. કારણ કે એના જીવનનો આ સથવારો શરૂ થતો હોય છે. આવા સાંસ્કૃતિક આચારનું રાય કે રંક દરેકે પાલન કરવું જ પડે છે. આપ સહુ સહમત થાઓ તો સ્વયંવરની તૈયારી કરીએ.'

રાજપુરોહિતે ઊભા થઈને તરત કહ્યું : 'રાજરાજેશ્વરનો જય થાઓ ! આપનો વિચાર ધર્મદ્રષ્ટિએ ઉત્તમ છે. સ્વયંવર રચવાથી રાજકન્યા પોતાને અનુકૂળ એવા પતિની વરણી કરી શકશે અને એમ થતાં એનું જીવન ધન્ય બની જશે. વળી, આપના મહાન વંશમાં સ્વયંવરની પ્રથા ચાલી જ આવે છે.'

મહામંત્રીએ કહ્યું, 'સ્વયંવરનો પ્રસંગ ઊભો કરવાથી આપણા રાજ્યની પણ શોભા વધશે...કુળધર્મને અને ક્ષત્રી ધર્મને શોભે એવો જ આ વિચાર છે.'

બીજા એક મંત્રીએ કહ્યું, 'સ્વયંવરના વિવિધ પ્રકાર હોય છે. આપે કયો પ્રકાર પસંદ કર્યો છે, કૃપાનાથ ?'

'મને તો પ્રચલિત પ્રથા જ સર્વોત્તમ લાગે છે. આપણે રાષ્ટ્રના નાના મોટા રાજાઓ ને યુવરાજોને નિમંત્રણ આપીએ. રાજકન્યા એ બધામાંથી સુયોગ્ય જીવનસાથીની પસંદગી કરી લે...કોઈ પ્રકારની હોડય, શરત કે મુકાબલાની પ્રથા રાખવામાં કલહ થવાનો સંભવ રહે છે અને સમય પણ ઘણો વીતી જાય છે...વળી, એમ કરવા જતાં કોઈ વાર અણગમતા પાત્રનો સ્વીકાર કરવો પડે છે. આવો કોઈ દોષ ન થાય એટલા ખાતર પ્રચલિત રીત જ મને ઉત્તમ લાગે છે.'

બધા મંત્રીઓ, રાજપુરોહિત અને પરિવારના વડીલો મહા-

રાજાના આ વિચારમાં સહમત થયા.

રાજપુરોહિતે એ જ વખતે સ્વયંવરની કુમકુમ પત્રિકા મોકલવાનું અને સ્વયંવરના મંડપનું ખાતમુહૂર્ત કરવાનું શુભ મુહૂર્ત શોધી આપ્યું.

પાંચમે દિવસે બંને મુહૂર્તો હોવાથી રાજભવનના પાછળના ભાગમાં આવેલા એક મેદાનમાં મંડપ નિર્માણનું વિધિવત્ સ્થાપન કર્યું અને રાજપુરોહિતે સ્વયંવરની કુમકુમ પત્રિકાનો એક મુસદ્દો કરી આપ્યો.

સ્વયંવરનું નિમંત્રણ પાઠવવા સંખ્યાબંધ દૂતોને તૈયાર કરવામાં આવ્યા અને એક શુભ દિવસે સઘળા દૂતોએ ગૌડ, ચોલ, કર્ણાટક, લાટ, દ્રવિડ, ચેદી, અંગ, બંગ કલિંગ, તિલંગ, વગેરે દેશો તરફ પ્રયાણ કર્યું.

ઉત્તરના રાજાઓને નિમંત્રણ આપવા દેવવ્રત નામના વૃદ્ધ દૂતને પસંદ કર્યો હતો...તેની નીચે બીજા સાઠ દૂતો રહેવાના હતા. આ ખબર દમયંતીને પડતાં તેણે પોતાની સખી સાથે કહેવરાવ્યું: 'પૂજ્યશ્રી, ઉત્તર દિશાના બધા રાજાઓને આમંત્રિત કરવામાં આપે એક કાળજી અવશ્ય રાખવાની છે. નિષધનાથ મહારાજા નળ સ્વયંવરમાં ભાગ લેવા સત્વર આવે એ રીતે આપે પ્રયત્ન કરવાનો છે.'

દેવવ્રત દૂતે ઉત્તરમાં કહેવરાવ્યું; 'રાજકુમારીજી, આપ નિશ્ચિત રહેજો...નિષધપતિને નિમંત્રણ આપવા અન્ય કોઈ દૂતને ન મોકલતાં હું પોતે જ જઈશ.'

દેવવ્રતના ઉત્તરથી દમયંતીને સંતોષ થયો. તેના મનનાં એક ભય ઊભો થયો હતો. હંસની વાત સાંભળ્યા પછી અને હંસે દોરેલી નળરાજાની આકૃતિ જોયા પછી પોતે નળને સ્વયંવર પહેલાં જ માલાદાન કર્યું હતું. આમ, પોતે મનથી નળને વરી ચૂકી હતી.

આ સંયોગોમાં નળ સ્વયંવરમાં ભાગ લેવા ન આવે તો કેવી પરિસ્થિતિ ઊભી થાય ? આ ભય તેના મનમાં જાગ્યો હતો અને દેવવ્રતના ઉત્તરથી તેના મનને શાંતિ પ્રાપ્ત થઈ ગઈ.

રાજા ભીમે દરેક દૂતને વાયુવેગી અશ્વ આપ્યો હતો...કારણ કે દરેક સ્થળે નિશ્ચિત સમયમાં નિમંત્રણ મળી જવાં જોઈએ...અને એમ થાય તો જ ઘણા રાજાઓ આવી શકે અને દમયંતી પણ સુયોગ્ય સાથીની પસંદગી કરી શકે.

ઉત્તર દિશા તરફ પ્રયાણ કરી ચૂકેલા દેવવ્રતે પોતાની સાથેના અન્ય સાઠ દૂતોને વિવિધ રાજ્યમાં નિમંત્રણ આપવાની વ્યવસ્થા સમજાવી દીધી હતી અને પોતે નિષધાનગરીમાં જવાનું નક્કી કર્યું હતું.

વાયુવેગી અશ્વો એકધારી ગતિએ જતા હતા. માર્ગમાં જ્યાં જ્યાં પોતાના સાથીઓનો માર્ગ ફંટાતો ત્યાં ત્યાંથી તેઓ અન્ય રાજ્યો તરફ વળી જતા.

આમ, પ્રવાસ ખેડતો ખેડતો દેવવ્રત ધાર્યા કરતાં બે દિવસ વહેલો નિષધાનગરીના પાદરમાં આવી પહોંચ્યો. હજુ સૂર્યોદયને થોડી વાર હતી. દેવવ્રતે નદી કિનારે પ્રાતઃકાર્ય નિમિત્તે અશ્વ ઊભો રાખ્યો. તેના સાથીએ એક વૃક્ષને ઓથે બંને અશ્વોને બાંધ્યા. દેવવ્રત શૌચાદિ કાર્ય નિમિત્તે ગયો. તેની સાથેનો સેવક ત્યાં જ ઊભો રહી ગયો. દેવવ્રતના આગમન પછી સેવક પણ શૌચ અર્થે ચાલ્યો ગયો.

દેવવ્રતે કિનારા પરનું ઘાસ ચરવા માટે બંને અશ્વોને છૂટા કર્યાં. અને સેવકના આગમન પછી બંનેએ દંતધાવન, સ્નાન, પૂજન, આદિ કાર્ય પતાવ્યું.

સૂર્યોદય થઈ ગયો હતો. દેવવ્રત પોતાના સેવક સાથે નગરીમાં જવાની તૈયારી કરતો હતો. ત્યાં જ તેની નજર સામે કિનારે ધનુર્વિદ્યાના પ્રયોગો કરી રહેલા એક નવજવાન પર પડી. તેનાથી થોડે દૂર

કેટલાક સેવકો અને મંત્રીઓ પણ ઊભા હતા. દેવવ્રતના મનમાં થયું, જરૂર, આ પોતે જ મહારાજ નળ લાગે છે. એનાં રૂપ અને તેજનાં જે વર્ણન સાંભળ્યાં છે તે કરતાં પણ આ નવજવાન ઘણો જ સુંદર અને તેજોમય લાગે છે.

દેવવ્રત સ્થિર નજરે નવજવાન ધનુર્ધારી તરફ જોઈ રહ્યો... વાહ રે વિધાતા! પુરુષોમાં આવું તેજ અને રૂપ કદી જોયું નથી. સ્ત્રીઓમાં વિધાતાનો પક્ષપાત હોય છે...પરંતુ આ પુરુષ તો અપૂર્વ છે! જરૂર, આ નળરાજા જ છે...ઘણા રાજાઓ, રાજકુમારો અને યુવરાજોને જોયા છે પરંતુ ક્યાંય આંખ ઠરી નથી. રાજકન્યા દમયંતી માટે આ નળરાજા દરેક દૃષ્ટિએ યોગ્ય લાગે છે.

દેવવ્રત આમ વિચાર કરતો ઊભો...અને ધનુર્વિદ્યાની આવૃત્તિ પૂરી થઇ. સેવકોએ મહારાજા નળનો જયનાદ ગજવ્યો.

દેવવ્રતને ખાતરી થઈ કે આ નવજવાન પોતે જ નળ છે.

નળ રાજા અને તેની સાથેના માણસો થોડે દૂર ઊભેલા રથોમાં બેસવા માંડયા.

દેવવ્રત પણ પોતાના સેવક સાથે નગરી તરફ વિદાય થયો. તે વિદર્ભ દેશનો દૂત હતો એટલે રાજ્યના અતિથિગૃહમાં તેનો ઘણા જ આદર સહિત સત્કાર કરવામાં આવ્યો.

અતિથિગૃહના નિયામકે વિદર્ભદેશના દૂતના આગમનના સમાચાર મહામંત્રીને તરત મોકલી આપ્યા.

વસ્ત્ર પરિવર્તન કરીને દેવવ્રત પોતાના સેવક સાથે રાજસભામાં જવા વિદાય થયો.

મહારાજ નળની રાજસભા ઈન્દ્રના દરબાર જેવી જ શોભતી હતી.

હંસના એકાએક ચાલ્યા જવાથી અને દમયંતીના સ્મરણથી નળનું ચિત્ત ભારે વેદના સહી રહ્યું હતું...આમ છતાં તેણે રાજસભામાં

આવવાનો ક્રમ જાળવી રાખ્યો હતો.

મહારાજા નળના આગમન પછી રાજસભાના કાર્યનો પ્રારંભ થયો. સ્વસ્તિ વાચન, આશીર્વાદ, ચારણોનાં ગીત, વગેરે પતી ગયા પછી રાજસભાના નિયમ પ્રમાણે અન્ય રાજ્યના દૂતોને સાંભળવામાં આવતા. આજ વિદર્ભનો દૂત દેવવ્રત આવ્યો હતો. તે શાંત, ઠરેલ, વૃદ્ધ, બુદ્ધિમાન, જ્ઞાની અને વક્તા હતો. તેણે ઊભા થઈ રાજ્ય તરફથી મોકલવામાં આવેલી ભેટ મહારાજ નળનાં ચરણમાં ધરી. એ ભેટમાં પાંચ રત્નો હતાં અને તે ઘણાં તેજસ્વી હતાં. નળની પાછળ ઊભેલી એક પ્રતિહારિણીએ ભેટનો સ્વીકાર દર્શાવ્યો.

દેવવ્રતે પાંચ શ્લોકો કહીને આશીર્વાદ આપ્યા અને સુવર્ણની એક ભૂંગળી...જેમાં દમયંતીના સ્વયંવર અંગેનું નિમંત્રણ પત્ર હતું તે મહારાજ નળના હાથમાં મૂકીને કહ્યું ; ' જેમનાં યશોગાન સ્વર્ગના દેવો પણ ગાતા હોય છે, પુણ્યશ્લોક નિષધપતિ મહારાજ નળનો જય થાઓ ! કૃપાનાથ, વિદર્ભ દેશના મહારાજા ભીમદેવે પોતાની સર્વશ્રેષ્ઠ કન્યાના સ્વયંવરમાં પધારવાનું આપને નિમંત્રણ પાઠવ્યું છે. હે પૃથ્વીપતિ ! તાલ અને હિતાલનાં વૃક્ષોથી રળિયામણા બનેલા અને મયૂરોના સમૂહથી કલાત્મક થયેલા કુંડિનપુરના પાદરને આપ જરૂર શોભાવજો. હે સ્વામી ! અમારાં રાજકન્યા દમયંતી રૂપ, ગુણ અને જ્ઞાનમાં અજોડ છે...આપ શ્રીમાન આપની ચતુરંગી સેના સાથે અવશ્ય પધારવાની કૃપા કરજો...કારણ કે કુંડિનપુરનાં નરનાર આપને નીરખવા માટે અને આપના સત્કાર માટે ખૂબ જ આતુર બનેલાં છે.'

નળરાજાએ પોતાના મંત્રીને સંકેત કર્યો. તુરત શ્રુતશીલ બોલ્યો : ' હે આદરણીય દૂત, જન્મથી જેના ભાલમાં તિલક છે તે રાજકન્યા દમયંતીના રૂપગુણ અંગે અમે પણ સાંભળ્યું છે. સ્વયંવર મહોત્સવમાં એ ત્રિલોક્ય મોહિની રાજકન્યા દમયંતીને પ્રાપ્ત કરવાની આશા સાથે નિષધપતિ અવશ્ય પોતાની સેના સાથે પધારશે.'

સ્વયંવરની વાતથી આખી રાજસભા હર્ષિત બની ગઈ હતી અને મહામંત્રીએ જ્યારે નિમંત્રણ પત્ર વાંચ્યું ત્યારે આખી રાજસભા આનંદમાં મગ્ન બની ગઈ.

બે દિવસ દેવવ્રતને રોકીને ત્રીજે દિવસે ઉત્તમ પ્રકારનો સરપાવ આપીને નળરાજાએ તેને વિદાય આપી.

આ તરફ નળરાજાએ પણ સ્વયંવરમાં જવાની તૈયારી શરૂ કરી.

દેવવ્રત ઘણા જ હર્ષ સાથે કુંડિનપુર પહોંચી ગયો. અને તેણે રાજકન્યાને ગૂઢ અર્થવાળો સંદેશો મોકલ્યો: 'ઉત્તર દિશાના સઘળા રાજાઓને તથા નળ મહારાજાને કુંડિનપુર આવવાની ઉત્કંઠાવાળા બનાવવા જતાં મને સુવર્ણની એક શૃંખલા પ્રાપ્ત થઈ છે.'

દમયંતી સમજી ગઈ...નળ અવશ્ય આવશે ને મળશે. તેનું હૃદય પ્રસન્ન બની ગયું.

દેવવ્રતે મહારાજા ભીમને પણ પોતાના પ્રવાસની વાત જણાવી.

## પ્રકરણ ૧૬ મું : : અશક્ય કાર્ય ?

સમગ્ર રાષ્ટ્રના નાના મોટા રાજાઓ વિદર્ભનાથની કન્યા દમયંતીના સ્વયંવરમાં ભાગ લેવા માટે ઝડપી તૈયારીઓ કરવા માંડયા.

સંસારની શ્રેષ્ઠ સુંદરી પ્રાપ્ત કરવાનું મન કોને ન થાય! અને દમયંતીનાં રૂપ–ગુણની વાતો તો લગભગ ઘરઘરની બની ગઈ હતી. યૌવનને સામે કિનારે પહોંચેલા રાજાઓના મનમાં પણ દમયંતી પ્રાપ્ત થશે એવી આશાની એક રંગોળી ખીલી ઊઠેલી. ખરેખર, માનવી વૃદ્ધ બને છે પણ મન વૃધ્ધ બનતું નથી. એક રૂપવતી નવ-

યૌવના પોતાના કંઠમાં કંઈ આશાએ વરમાળા આરોપશે એ પ્રશ્ન કોઈ રાજાના હૈયામાં જાગતો જ નહોતો...ક્યાંથી જાગે ? જો કોઈ દેવશક્તિ સંસારમાં ચિર યૌવનનો ઉપહાર દેવા આવી ચડે તો સહુથી પહેલાં પહોંચવાનો પુરુષાર્થ વૃદ્ધો જ કરે...પડતા આખડતા ને ધક્કા-મુક્કી કરતા તેઓ જ આગલી હરોળમાં પહોંચવાની પેરવી કરે... કાણુક કે માનવી વૃદ્ધ બને મન કયાં વૃધ્ધ બને છે, !

નાનાં મોટાં રાજ્યોના રાજાઓ વિદર્ભ દેશની રાજધાની તરફ પોતાના મિત્રો, રક્ષકો અને દાસીઓનાં દળ સાથે પ્રસ્થાન કરવા માંડયા.

નિષધપતિ નળ પણ પ્રિયતમાને નિહાળવા અને પ્રાપ્ત કરવાની આશા સાથે ઉલ્લાસભર્યાં હૃદયે ચતુરંગી સેના સાથે વિદાય થયો.

અને સ્વર્ગલોકમાં મુનિવર શ્રી નારદજી પહોંચી ગયા અને ઇન્દ્ર સમક્ષ દેવોને પણ દુર્લભ એવી રાજકન્યા દમયંતીના રૂપની અને સ્વયંવરની તૈયારીની વાત કહી.

વાત સાંભળીને ઈન્દ્રે એક નિશ્વાસ નાખ્યો.

નારદજીએ કહ્યું : ' વજ્ર જેવા મહાન શસ્ત્રના સ્વામી અને સ્વર્ગની અપાર સંપત્તિના ભોક્તા હે ઈન્દ્ર, પૃથ્વીપીઠ પર તો આજે વિરાટ મેળો જામી પડયો છે. ભારતવર્ષનો કોઈ માર્ગ એવો નથી કે, જે માર્ગેથી દમયંતીના સ્વયંવરમાં ભાગ લેવા કોઈ ન જતું હોય ! વૃદ્ધો, પ્રૌઢો, જુવાનો, કવિઓ, કલાકારો અને વ્યાપારીઓ રાજા ભીમની કન્યાના સ્વયંવર ઉત્સવનાં દર્શન કરવા જઈ રહ્યા છે...વૃત્રાસુરનો વધ કરનારા હે મહાબાહુ, તું પૃથ્વીપીઠ નજર તો કરી જો...માત્ર પૃથ્વી પર નહિ પણ, ત્રણેય લોકમાં એક પણ કન્યા એવી નથી કે જે દમયંતીની હરોળમાં ઊભી રહી શકે. મેં કોઈ પણ દેવાંગનામાં દમયંતી જેવું રૂપ નિહાળ્યું નથી...આવો મહાન ઉત્સવ નિહાળવાનો યોગ ભાગ્યે જ પ્રાપ્ત થતો હોય છે ! ' આ રીતે ઇન્દ્રના હૃદયમાં એક આ શાનીચિનગારી વેરીને મહામુનિ નારદજી ઈન્દ્ર ભવનમાં ચાલ્યા ગયા.

ઈન્દ્રના મનમાં થયું...સંસારની શ્રેષ્ઠ સુંદરી વગર મારા વૈભવની પણ કોઈ કિંમત નથી...આમ વિચારી ઈન્દ્રે માનવલોકમાં પ્રસ્થાન કરવાની પોતાના સાથીઓને આજ્ઞા આપી.

ત્યાં તો અગ્નિ, વરુણ અને યમ નામના ત્રણેય દિગ્પાલો પણ કુતૂહલને વશ થઈને ઈન્દ્ર સાથે માનવલોકમાં જવા તૈયાર થયા.

મહારાજ ઈન્દ્ર માનવલોકની એક રાજકન્યાને પ્રાપ્ત કરવા જાય છે એ સમાચાર સમગ્ર અલકામાં વ્યાપ્ત બની ગયા. આ સમાચાર સાંભળીને ઈન્દ્રાણીને ભારે આશ્ચર્ય થયું...ધૃતાચી નામની અપ્સરાએ તો નાકનું ટેરવું ય ચડાવ્યું, મંજુઘોષા નામની અપ્સરા તો ઈન્દ્રની બુદ્ધિ પર આક્ષેપ કરવા માંડી. રંભા તો આ સમાચાર સાંભળીને જડવત્ બની ગઈ અને મેનકા પણ અવાક્ થઈ ગઈ. યૌવનમદથી સદાય ઊર્મિલ અને રંગભરી રહેતી ઈન્દ્રની ચાર-યૌવના અપ્સરાઓનાં ચિત્ત ભારે ક્ષોભ પામ્યાં. ઈન્દ્ર મહારાજને શું સ્વર્ગમાં સુંદરી-નારીઓનો તોટો છે? સ્વર્ગમાં તો ચિર યૌવન વતી રમણીઓ છે અને માનવ નારીઓનું યૌવન ક્ષીણ હોય છે...ચંચળ હોય છે...રોગ અને જરાથી માનવીઓ ઘેરાયેલાં હોય છે. જ્યારે સ્વર્ગમાં એ દુઃખનો પરિતાપ નથી. તો પછી ઈન્દ્ર મહારાજ શા માટે પૃથ્વીપીઠની સુંદરીને પ્રાપ્ત કરવા જતા હશે?

આમ, સ્ત્રીવર્ગ ભારે વિમાસણ વચ્ચે ઘેરાઈ ગયો અને એક ઉત્તમ દિવસે ઈન્દ્ર મહારાજે અન્ય દેવોના રસાલા સાથે કુંડિનપુર જવા પ્રયાણ કર્યું.

આ તરફ, કામદેવનાં રૂપને પણ ઝાંખું પાડનારો નિષધનાથ નળ પોતાના મંત્રીઓ સાથે ચતુરંગી સેના લઈને ઝડપી પ્રવાસ ખેડતો છેક રેવા નદીના તટ પાસે પહોંચી ગયો. રેવા-નર્મદાનો રળિયામણો કિનારો... અને વિવિધ પ્રકારની વૃક્ષરાજી, વિંધ્યાચલ પર્વતની અપૂર્વ શોભા! ખરેખર, નયનમનોહર પ્રદેશ નિહાળીને નળના ચિત્તને ખૂબ જ હર્ષ

થયો. શ્રુતશીલ મંત્રીએ સ્થળનો પરિચય આપતાં કહ્યું, 'મહારાજ, દેવ દાર વૃક્ષની સીધી ડાળીઓ પર બેઠેલાં શાખામૃગ અને વાનર કેટલાં દર્શનીય છે! ઉત્તમ ઔષધિઓ, ઉત્તમ ખનીજો અને સુવર્ણ, રત્નો આદિથી ભરપૂર ગણાતો આ વિંધ્યાચલનો શ્રેષ્ઠ પ્રદેશ છે.'

આ પ્રદેશનું વર્ણન સાંભળતાં સાંભળતાં નળની નજર એકાએક ચાર હંસોથી ઘેરાયેલી એક ચક્વાકી તરફ ગઈ અને તે બોલી ઊઠયો: 'અરે શ્રુતશીલ, આ તરફ નજર તો કર...! હંસો માટે ચક્વાકી યોગ્ય ન હોવા છતાં આ હંસો પરાઈ પત્ની ચક્રવાકીની કેમ આશા રાખી રહ્યા છે? જેમ કુમુદિની સૂર્યનાં કિરણો તરફ અનુરાગ દાખવતી નથી તેમ આ ચક્રવાકી પણ ચારે હંસો પ્રત્યે જરાયે પ્રેમ દાખવતી નથી. મંત્રીવર, તું બરાબર જો...અરણ્યમાં રુદન સમાન, ગગન મંડળમાં છુપાવેલ વસ્તુ માફક, રાખમાં હોમ કરવા જેવું અથવા ત્યાગી જન પ્રત્યે પ્રીતિ રાખવા જેવું અને મોરનાં પીંછાં જેવા એક-તરફી સુંદર એવા અઘટિત અને અનુચિત સ્નેહને ધિક્કાર હો!' કારણ સિવાય કોઈ પણ વ્યકિત વિજાતિય પ્રત્યે આસક્ત બનતી નથી...! આ દૃશ્ય જોઈને મને તો શુભ શુકનનો ખ્યાલ આવે છે અને મને થાય છે કે મારું કાર્ય જરૂર સિદ્ધ થશે. સાથોસાથ, સ્વયંવર પ્રસંગે કોઈ પણ નવાઈ પમાડનારી ઘટના બને એમ સમજાય છે.'

આ રીતે, મિત્ર સમાન મહામંત્રી સાથે વાત કરતો કરતો નળ કુંડિનપુર તરફ જઈ રહ્યો હતો અને એ વખતે આકાશ માર્ગેથી આવી રહેલા ઈન્દ્રાદિ દેવોની નજર નળના રસાલા પર પડી, અને નળને જોતાં જ બધા દેવોનાં વિમાનો સ્થંભિત બની ગયાં... સહુના મનમાં પ્રશ્ન થયો: શું એક માનવ જાતિના પુરુષનું આવું રૂપ!

બધા દેવો નળ સામે સ્થિર નજરે નિહાળી રહ્યા.. જેના રૂપગુણની વાતો સાંભળી છે તે આ નવજવાન નળ ભૂપાળ પોતે જ છે. દરેક દેવના મનમાં થયું...ઈન્દ્ર, વરુણ, યમ અને અગ્નિ દમયંતીને

વરવા માટે મોટી આશાએ જઈ રહ્યા છે...પરંતુ કમલિનીનું ચિત્ત જેમ સૂર્ય સિવાય અને ગંગાનું મન જેમ સમુદ્ર સિવાય અન્યમાં ઉમંગભર્યું બનતું નથી તેમ, દમયંતી પણ નળ સિવાય અન્ય કોઈને પસંદ નહિ કરે...આ નવજવાન નળ તો દેવરૂપને પણ ઝાંખું પાડે તેવો પ્રભાવશાળી અને સુંદર છે. ભગવાન શંકરથી દાઝેલો કામદેવ ભલે અંગહીન બન્યો...પરંતુ ખરી રીતે તો તે આવા સુંદર પુરુષથી દૂર રહેવા ખાતર જ અપંગ બન્યો હોય એમ લાગે છે!

જેમ અન્ય દેવોના મનમાં આવો સંશય જાગ્યો હતો તે જ રીતે ઈન્દ્રાદિ લોકપાલોના હૈયામાં પણ વિમાસણ પેદા થઈ હતી. કુંડિનપુર જવું કે અહીંથી પાછા સ્વર્ગમાં પરવરવું ? આ પ્રશ્નનો સમાધાનકારક ઉકેલ આવતો જ નહોતો. પરંતુ કૂટનીતિમાં કુશળ એવા ઈન્દ્ર પોતાના મહાપ્રતિહાર નૈત્રમેષીને બોલાવીને કોઈ ન સાંભળે તેવી રીતે એક સૂચના કરી નૈત્રમેષી નમન કરીને એકલો વિદાય થયો અને અશ્વારોહી નળ પાસે પહોંચી ગયો. સ્વર્ગના દેવ જેવા તેજસ્વી અને રૂપવાન નૈત્રમેષીને જોતાં જ નળના મનમાં થયું, ‘એકાએક આ કોણ આવ્યું હશે ?’

ત્યાં તો નૈત્રમેષીએ જ વિનયભર્યા પ્રસન્ન સ્વરે કહ્યું : હે રાજન, મનમાં કોઈ પ્રકારનો સંકલ્પ ન કરીશ. તારું ચિત્ત પ્રસન્ન રાખજે. આજ ઈન્દ્ર મહારાજ પોતે તારી સામે આવી રહ્યા છે તો તું તેમનું સ્વાગત કરવા તૈયાર થા.’

નળનાં નયનો અતિ પ્રસન્ન બની ગયાં...તેણે પ્રશ્ન કર્યો. “આપની વાત સાંભળીને હું ધન્ય બન્યો. શ્રી. ઈન્દ્ર મહારાજ ક્યારે પધારશે ?’

આછા હાસ્ય સહિત નૈત્રમેષી દેવે કહ્યું : ‘સામે નજર કર... આ તરફ જ આવી રહ્યા છે.’

નળે જોયું...દિવ્ય વિમાનો નીચે ઊતરી રહ્યાં છે...! તે પોતાના

અશ્વ પરથી એકદમ નીચે ઊતરી ગયો અને હર્ષભેર સામે દોડયો... ઈન્દ્ર પાસે પહોંચતાં જ અંજલિબદ્ધ બનીને નળે કહ્યું : 'મહારાજ, આપનાં દર્શનથી હું ધન્ય બન્યો...આપના આ સેવકને કોઈ પણ કાર્ય માટે આજ્ઞા કરો.'

નિષધનાથનો આવો વિનય નજરે નિહાળવા છતાં ઈન્દ્રે પોતાના ફૂટ વિચારનો ત્યાગ કર્યો નહિ. કારણ કે માગનારાઓ કદી પોતાનો દોષ નિહાળનારા નથી હોતા. ઇન્દ્ર સમજતો હતો કે, નળ રૂપવાન અને તેજસ્વી છે.. માનવલોકમાં તો શું દેવલોકમાં પણ આવો સુદર્શન પુરુષ મળવો દુર્લભ છે. આમ હોવા છતાં ઈન્દ્રે પોતાના સ્વાર્થનો વિચાર અળગો ન કર્યો અને તેણે મનમાં ગોઠવેલી ખંધાઈભરી યોજના જતી ન કરી. એક જ સુંદરી પર આકાર્ષાયેલા બે પુરુષોમાં શું ઈર્ષાનો અગ્નિ ઊભરાતો હશે ? અન્યનો ઉત્કર્ષ સહવો એ સજ્જનો માટે પણ ભારે કઠિન હોય છે.

ઈન્દ્રે નવજવાન નળનો આદરભર્યો સત્કાર કર્યો અને ખૂબ જ સુંદર વચનો વડે તેની પ્રશંસા કરી. ખરેખર, હૈયામાં જે હોય તે ન દેખાડવા ખાતર દેવને પણ અભિનય કરવો પડે છે ! ઈન્દ્રે મધુર સ્વરે કહ્યું : 'રાજન, તારા ગુણની અને બાહુબળની પ્રશંસા અમે સ્વર્ગમાં પણ સારી રીતે સાંભળી છે. ગાંધર્વો અને ચારણ મુનિઓ દ્વારા તારી ગુણગાથા સાંભળીને અમે પણ ખૂબ જ હર્ષિત થયા હતા. તારા જેવા ગુણવાન પુરુષથી આ પૃથ્વી શોભી રહે છે.'

'મહારાજ, હું તો આપનો દાસાનુદાસ છું...આપ સમર્થ છો એટલે મારા અંગે આવી...'

વચ્ચે જ ઈન્દ્રે કહ્યું : 'નહિ રાજન, અમે જે જોયું જાણ્યું છે તે જ કહ્યું છે...અને એથી જ અમારા એક કાર્ય નિમિત્તે તારી પાસે આવ્યા છીએ જો, આ છે વરુણ ! આ છે તેજસ્વી અગ્નિદેવ ! અને આ છે મહાબલી યમરાજ...અમે ચારેય એક મહત્ત્વના કાર્યની

સિદ્ધિ અર્થે જ તારી પાસે આવ્યા છીએ...જો તું એ કાર્યનો સ્વીકાર કરે તો અમે એ કાર્યનો ભાર તારા પર મૂકવા માગીએ છીએ. કારણ કે તારા જેવા સુયોગ્ય સિવાય અન્ય કોઈથી એ કામ થવું શકય નથી.'

ઈન્દ્રના આ શબ્દો સાંભળીને નળના મનમાં પ્રમોદ તો થયો પણ સાથે સાથે વિચાર આવ્યો કે, ' આ લોકપાલો માટે કોઈ કાર્ય અશકય નથી...તો પછી એ કામ મારાથી કેવી રીતે શકય બની શકે કાર્ય કયા પ્રકારનું છે તે જાણ્યા વગર ના...ના...ના...કાર્ય જાણ્યા પછી તો સહું કરવા તૈયાર થાય છે...મૂર્ખાઓ પણ કરી શકે છે. કહ્યા વગરના કાર્યનો સ્વીકાર કરવામાં જ શોભા છે. લોકપાલોનું કાર્ય ગમે તે હોય...તે જાણ્યા વગરનું કાર્ય કરતાં કદાચ, ધન રાજ્ય કે જીવનનો ભોગ આપવો પડે તો પણ શું ? દમયંતીનો પ્રશ્ન તો નહિ હોય ને ? મનથી તેને હું મારી બનાવી ચૂકયો છું. લોકપાલો મારી પાસે માગણી કરે તો આ એક જ વસ્તુ હું આપી શકું એમ નથી. પરંતુ આવી બેહૂદી માગણી આવા મહાપુરુષો કદી કરી શકે નહિ. માનવી કીર્તિ મેળવવા ખાતર જીવનને પણ જોખમમાં મૂકીને પ્રયત્ન કરતો હોય છે...તો પછી પ્રાણથી પણ અધિક એવી કીર્તિનો મારાથી નાશ કેમ કરી શકાય બરાબર છે. એમની ઈચ્છા પૂરી કરવી એ જ મારું કર્તવ્ય છે.' આમ વિચારી નળે પ્રસન્નભાવે અને મધુર વાણી વડે કહ્યું, ' કૃપાનાથ, મનમાં કોઈ પ્રકારનો સંશય રાખ્યા વગર આપની ઈચ્છામાં આવે તે કાર્યની જવાબદારી આપ અવશ્ય મને સોંપી શકો છો. આપ મને આજ્ઞા કરો...ધન, રાજ્ય કે પ્રાણના ભોગે પણ હું આપનું કાર્ય અવશ્ય કરીશ.'

નળના આ શબ્દો સાંભળીને અન્ય દેવોનાં ચિત્ત અતિ પ્રસન્ન બની ગયાં. સહુના હૈયામાં ' સાધુ, સાધુ' શબ્દ ગુંજી ઊઠયો !

ઈન્દ્રે જોયું કે સાત્વિક શિરોમણિ નવજવાન નળ બરાબર વાગ્જાળમાં સપડાઈ ગયો છે. કપટના સાગર સમા ઈન્દ્ર મહારાજાએ પ્રસન્ન સ્વરે કહ્યું, ' નળ, તારા પાસે મેં આવી જ આશા રાખી હતી. તું દરેક પ્રકારનું કષ્ટ સહેવામાં અને કાર્ય કરવામાં કુશળ છે એ વાત આજે અમે સત્યરૂપે જોઈ શકયા છીએ. રાજન, તારે કેવળ વાણીવિલાસ દ્વારા જ અમારું કાર્ય સાધવાનું છે. તું તો જાણે છે કે કુંડિનપુરમાં રાજા ભીમની ત્રિલોકય સુંદરી દમયંતીનો સ્વયંવર થવાનો છે. દમયંતી પણ સ્વયંવરમાં યોગ્ય પતિને વરવા આતુર છે. તારે એ કામ કરવાનું છે કે તું કુંડિનપર જા અને દમયંતીને સમજાવ કે તે અમારા ચારમાંથી ગમે તે એકને પસંદ કરે ! હે નળ ! આમ કામપીડિત લોકપાલોનો તું દૂત બનીને જા.'

તીક્ષ્ણ વજ્ર જેવું ઈન્દ્રનું આ વચન સાંભળીને નળરાજા કંપી ઊઠયો. તેના મનમાં થયું, ઈન્દ્ર રાજા ખરેખર કોઈ પિશાચરૂપ બની ગયેલ છે. નળે કહ્યું : ' મહારાજ, આપને પ્રણામ કરું છું ! આપે જે કાર્ય બતાવ્યું તે અંગે હું આપને કંઈક કહેવા માગું છું. આપ તો જાણો છો કે હંમેશ સવારે શ્રી જિનેશ્વર ભગવંતની પૂજાથી નિવૃત થઈને હું આપની આરાધના કરતો હતો અને આપની સમક્ષ માગણી કરતો કે, દમયંતી મને પ્રાપ્ત થાય ! આજ આપે મારી પાસે તેની માગણી કરી છે ! જેને પ્રાપ્ત કરવા માટે હું જઈ રહ્યો છું, તેને માટે હું આપનું દૂતકાર્ય કેવી રીતે કરી શકીશ ? આપના ભક્તો અને આરાધકોને કષ્ટ આપવાનું શિક્ષણ આપને કોણે આપ્યું ? આમ છતાં મેં આપનું કાર્ય બજાવવાનું કહ્યું છે એટલે મારા માટે અતિ પ્રિય એવી દમયંતીને મનમાંથી હું દૂર કરીશ. કારણ કે સ્વર્ગ શીલ પુરુષો વચન ખાતર પોતાના પ્રાણનો પણ ત્યાગ કરે છે ! પામરજનો પણ જેની નિંદા કરે એવું...સંબંધી દૂતકાર્ય હું કેવી રીતે કરી શકીશ? એક વનવાસી પણ ખીજડીનાં ફૂલને સૂંઘતો નથી. તો નાગરિકો

તેને કેવી રીતે સત્કારે ? વડીલોનાં વચનમાં કૃત્ય અને અકૃત્ય બંને હોય છે, પરંતુ ગુરુજન પોતે જ જ્યારે અકૃત્યનો આદેશ આપે ત્યારે શિષ્ય માટે બીજો કયો માર્ગ ? મહારાજ, હું દૂતકાર્ય માટે દમયંતી પાસે એકલો કેવી રીતે જઈ શકીશ ? અનેક રક્ષકો વડે રક્ષાયેલા તેના ભવનમાં મારાથી પ્રવેશ કરવો શું સહજ છે ? કદાચ હું બધા રક્ષકોનો નાશ કરીને તેની પાસે પહોંચું તો તે મારાં વચનો પર વિશ્વાસ કેવી રીતે મૂકશે ? હે ઈન્દ્ર, દમયંતીએ મને વરવાનો મનથી નિશ્ચય કર્યો છે. મને જોઈને તે લજ્જિત બની જશે અને આપને વરવાનો કદી પણ વિચાર નહિ કરે. આ સ્થિતિમાં મારો પ્રેમ નિષ્ફળ જશે, અને આપનું કાર્ય પણ નિષ્ફળ બનશે, એટલે મારી આપને વિનંતિ છે કે આપ મારા પર પ્રસન્ન થાઓ. આમાં તો મને મોકલીને પણ ન મોકલવા બરાબર પરિણામ આવે એમ દેખાય છે.

વરુણદેવે તરત કહ્યું : 'હે રાજન, કન્યાઓ તો સેંકડો પુરુષનું નિરીક્ષણ કરતી હોય છે...તું એક શ્રેષ્ઠ દેવભક્ત છે અને તારું સર્વસ્વ દેવને અર્પણ કરવામાં તું કર્તવ્ય માને છે...વળી, તું પ્રભાવશાળી છે. તારી વાણી સામાના હૃદયને સ્પર્શ કરે એવી સુંદર છે અને તું જિતેન્દ્રિય છે. દમયંતી પાસે જવામાં તું જ વધારે યોગ્ય છે... એથી જ ઈન્દ્ર મહારાજાએ તને આ કાર્ય માટે વિનંતી કરી છે ..'

અગ્નિદેવે કહ્યું : 'રાજન, ઈન્દ્ર મહારાજાએ તારા સિવાય અન્ય કોઈને યાચના કરી નથી ..તું જ એમની નજરે સર્વશ્રેષ્ઠ જણાયો છે...અને તારામાં એ શક્તિ પણ છે કે તુ તને પોતાને અતિપ્રિય થઈ પડેલી એવી દમયંતી પ્રત્યેનો મોહ અવશ્ય દૂર કરી શકીશ ..હે નળ, તું એક વાર તને પ્રાપ્ત થનારી કીર્તિનો તો વિચાર કરી જો...તારી કીર્તિ કલ્પાંત કાળ પર્યંત રહેવાની છે. તું મનમાં જરા યે ક્ષોભ ન રાખીશ. દૂત તરીકે કાર્ય બજાવવા છતાં પણ જો અમારું કામ સિદ્ધ નહિ થાય તો કર્તવ્ય બજાવનાર એવા તને કોણ દોષ દઈ શકે ?'

તરત યમરાજે કહ્યું, ' અગ્નિદેવ, તમે આવો વિચાર ન કરો... મહાપ્રતાપી નળ જે કાર્ય ગ્રહણ કરે છે તે કાર્યમાં સફળતા જ પ્રાપ્ત કરે છે. ' ત્યાર પછી નળરાજા સામે જોઈને કહ્યું : ' રાજન, તારા નામ માત્રથી કાર્ય સિધ્ધ થતું હોય તો તું પોતે જાય ત્યારે તો સંશયનું કોઈ કારણ જ ક્યાંથી રહે ? હે રાજેન્દ્ર, તું નિર્ભય બનીને જા. નબળા વિચારો દૂર કર.. દમયંતી પ્રત્યેનો મોહ પાછો ઠેલી દે અને અમર કીર્તિરૂપી કાંતાને પ્રાપ્ત કરવામાં પ્રયત્નશીલ થા. આમ તો, આ જીવન ચંચળ છે...ક્ષણ માત્રમાં અનેક વાર આવે છે ને જાય છે... પ્રાણીઓનું જીવિત ધર્માધીન હોવાથી ધર્મનું આચરણ કરવામાં પલભરનો વિલંબ કોઈ કરી શકે ? યાચકની માગણી પ્રત્યે જે ઉપેક્ષાભાવ રાખે છે અથવા હર્ષિત નથી બનતો તે માનવી સમગ્ર કલંકનું સ્થાન બને છે. તું કોઈ પ્રકારનો સંશય રાખ્યા વગર દેવકાર્ય કરવા તત્પર થા.. હે નળ, દમયંતી પાસે જતાં તું ઈચ્છીશ ત્યારે અદ્રશ્ય બની શકીશ. અદ્રશ્ય થવાની શકિત પ્રાપ્ત થતાં તને કોઈ રક્ષક કે માનવી જોઈ શકશે નહિ.'

કેવું અશકય કાર્ય ! જે દમયંતી પ્રત્યે મહિનાઓથી પ્રેમભાવ કેળવ્યો છે.. જેની કલ્પનાછબી મનમાં અંકિત કરી છે, જેની વિરહ વ્યથામાં અનેક રાત્રિઓ પસાર થઈ છે...અને જે રાજકન્યાએ માત્ર મારી આકૃતિ જ જોઈને મને વરવાનો નિશ્ચય કર્યો છે...આવા પ્રેમભાવને કેવી રીતે છેહ દઈ શકાય ?

જેને મળવાની મનમાં તીવ્ર આકાંક્ષા રમી રહી છે તેની પાસે જઈને દૂતકાર્ય કેવી રીતે શકય બનશે ?

કેવું અશકય કાર્ય !

નળને વિચારમગ્ન બનેલો જોઈ ઈન્દ્ર મહારાજાએ કહ્યું : 'કેમ રાજન, મન પર જય પ્રાપ્ત થઈ શકતો નથી ?'

' મન પર વિજય મેળવવો દેવો માટે પણ અશકય છે...

છતાં હું મારું કર્તવ્ય બજાવીશ...બહારની મુશ્કેલીઓ કરતાં મનની મુશ્કેલીઓ ભારે વિચિત્ર હોય છે...પરંતુ હું એને પહોંચી વળવાનો પ્રયત્ન કરીશ...એક આરાધક પોતાના આરાધ્યના કાર્યમાં જરાયે કર્તવ્યવિમૂઢ નહિ બને...હું આપે સોંપેલા કાર્યનો સ્વીકાર કરું છું.'

લોકપાલો પ્રસન્ન બની ગયા અને વળતી જ પળે અદૃશ્ય થઈ ગયા...

નળ એમને એમ નત મસ્તકે ઘડીભર ઊભો રહ્યો. ત્યાર પછી ઘવાયેલા મન સાથે આનંદવિહોણા હૈયે નળ પોતાના રસાલા તરફ ચાલતો થયો.

## પ્રકરણ ૧૭ મું : દમયંતીના આવાસમાં

કુંડિનપુર હવે કેવળ દશ કોસ દૂર હતું...સાંજ પહેલાં જ ત્યાં પહોંચી શકાય એવી શક્યતા હતી...પરંતુ સાથે આવેલા રાજ-પુરોહિતે આવતી કાલનું પ્રવેશમુહૂર્ત આપ્યું અને મહામંત્રી શ્રુતશીલે પડાવ નાખવાની આજ્ઞા કરી.

થોડી જ વારમાં શિબિરરચના થઈ ગઈ. સૂર્યાસ્ત પહેલાં ભોજન કરવાનો નિયમ હોવાથી પાકશાસ્ત્રીઓ ભોજનની તૈયારીમાં પડયા,

ઈન્દ્ર મહારાજે સોંપેલા કાર્યની જવાબદારી સંભાળીને નળનું ચિત્ત ભારે ક્ષોભ અનુભવી રહ્યું હતું...તેના મનમાં થતું, પોતે મનથી દમયંતીનો બની ગયો છે અને દમયંતી પણ મનથી પોતાને વરી ચૂકી છે...તેણે હંસ દ્વારા વરમાળા પણ મોકલી આપી હતી. આ સ્થિતિમાં દમયંતીના મનને ઈન્દ્ર પ્રત્યે કેવી રીતે વાળી શકાશે ? ના...ના...

ના. મારે જ મારા મનની દુર્બળતા દૂર કરવી જોઈએ. દમયંતીને સ્વર્ગમાં અપાર સુખ, સમૃદ્ધિ ને વિલાસ પ્રાપ્ત થવાનો પૂરો સંભવ છે..દમયંતી ઈન્દ્રને પસંદ કરશે તો તેનાં કુટુંબીજનો પણ ભારે હર્ષ અનુભવશે...નહિ, મારા સ્વાર્થ ખાતર મારે કર્તવ્યથી ચલિત ન થવું જોઈએ મનમાં અને કવનમાં જેને વિરોધ હોય છે તે દંભી અને કપટી જ ગણાય છે. આવો દોષ વહોરીને જીવતરને કલંકિત કરવા કરતાં દમયંતી ભલે લોકપાલની બને.

આવા વિચારો વચ્ચે નળ પોતાના તંબુમાં વિશ્રામ લેતો એક ગાદી પર આડે પડખે પડયો હતો. બે પ્રતિહારિણીઓ વાયું વીઝતી ઊભી હતી.

એ જ વખતે મહા પ્રતિહારે તંબુમાં પ્રવેશ કરીને મધુર સ્વરે કહ્યું: 'કૃપાનાથનો જય થાઓ! કુંડિનપુરના એક મંત્રી આર્ય પુષ્કરાક્ષ આપને મળવા પધાર્યા છે.'

આ શબ્દો સાંભળતાં જ નળ બેઠો થઈ ગયો અને મહા પ્રતિહાર સાથે તંબુની બહાર ગયો.

કામદેવના અવતાર સમા નળને જોતાં જ પુષ્કરાક્ષે બે હાથ જોડીને મસ્તક નમાવતાં કહ્યું: 'શ્રીમાન નિષધપતિનો સદાય જય થાઓ!'

નળે ખૂબ જ આદર સહિત મંત્રીનો સત્કાર કર્યો અને તંબુમાં દાખલ થઈ મંત્રીને એક આસન પર બેસાડતાં કહ્યું: 'વિદર્ભપતિ મહારાજ ભીમ કુશળ છે ને?'

ભકિતભાવ ભર્યા સ્વરે પુષ્કરાક્ષે કહ્યું, 'કૃપાનાથ, કુંડિનપુરના સ્વામી ભીમરાજ કુશળ છે...આપના આગમનથી સહુના હર્ષમાં વૃદ્ધિ થશે. મહારાજ, હું રાજકન્યા દમયંતીના કહેવાથી આપને મળવા આવ્યો છું.'

નળનાં નયનો હર્ષિત બની ગયાં.

પુષ્કરાક્ષે કહ્યું: 'અમારાં રાજકન્યા કુશળ છે...આપ શ્રીમાને

જે દિવસે નિષધાનગરીથી આ તરફ આવવા પ્રસ્થાન કર્યું, તે દિવસથી અમારા દૂતો આપના સમાચાર રાજકન્યાને આપતા રહે છે અને રાજકન્યા પણ પોતાના મહેલના ઉત્તર દિશા તરફના ગવાક્ષે ઊભાં રહીને તે દિશાએથી આવતા વાયુને પણ અતિ સુખકર માનતાં હોય છે. રાજકન્યાએ આપને સ્વયંવર મંડપમાં નિશ્ચિત સમયે પધારવાનો આગ્રહ કર્યો છે...અને આપના મનોરંજન અર્થે કિન્નરના એક યુગલને આપની સેવામાં મોકલ્યું છે...જે બહાર ઊભું છે.'

દમયંતીની કેટલી કાળજી છે! નળના હૃદયમાં ભારે ઉલ્લાસ પ્રગટ્યો... પણ વળતી જ પળે તેના મનમાં થયું...આશા, ઈચ્છા અને મનને મારે વશમાં જ રાખવાં જોઈએ.

આમ વિચારી તેણે રાજકુમારીના કુશળ પૂછ્યા અને પુષ્કરાક્ષ સાથે તે કિન્નર યુગલના સ્વાગત નિમિત્તે તંબુની બહાર ગયો.

અતિ સુંદર અને પવિત્ર એવું કિન્નર યુગલ સંગીતના સાજ સહિત ઊભું હતું.. તેની પાછળ ચાર પરિચારિકાઓ હતી. નળે આ શ્રેષ્ઠ કલાકાર દંપતીનું ભાવભર્યું સ્વાગત કર્યું અને મહા પ્રતિહારને આ બધા અતિથિઓના આરામની વ્યવસ્થા કરવાની આજ્ઞા કરી.

સાયં ભોજન અને સંધ્યા પતાવીને નળ પોતાની બેઠક શિબિરમાં આવી ગયો. બેઠકનો તંબુ ઘણો વિશાળ હતો. ચારે તરફ મખમલના ગાલીચા બિછાવ્યા હતા અને દીપમાલિકાઓ ઝળહળી રહી હતી...સામે જ એક આસન પર ગાદી બિછાવી હતી...નળ ત્યાં જઈને બેઠો.

ધીરે ધીરે મંત્રીઓ, સેનાનાયકો અને મહામંત્રી શ્રુતશીલ અતિથિ પુષ્કરાક્ષને લઈને આવી ગયા.

પ્રવાસની ચર્ચાઓ થવા માંડી.

દાસીઓએ ધૂપદાનીઓ ચારે તરફ ફેરવવા માંડી. રાત્રિના

પ્રથમ પ્રહારની એકાદ ઘટિકા બાકી રહી હશે ત્યારે મહાર્ઘ વીણા અને મૃદંગ સાથે કિન્નર યુગલ આવી પહોંચ્યું.

સભાખંડની મધ્યમાં જ તેનું આસન ગોઠવ્યું હતું. નળને નમન કરીને બંને આસન પર બેસી ગયા.

નળની સાથે રહેલા સોએક જેટલા રાજાઓ અને રાજકુમારો પણ ધીરે ધીરે આવી પહોંચ્યા.

કિન્નર સુંદરીએ વીણા હાથમાં લીધી. તેની સાથેની બે પરિચારિકાઓએ મૃદંગ લીધાં...બીજી બે પરિચારિકાઓએ સુષિવર વાદ્યો લીધાં.

અને કિન્નર નવજવાને દિવ્ય સંગીતનો પ્રારંભ કર્યો,

સંગીતનો આનંદ અસામાન્ય હોય છે...સમય ક્યારે વીતી જાય છે તેની કલ્પના ગાનાર કે સાંભળનાર કોઈને રહેતી નથી.

લગભગ મધ્યરાત્રિ થવા આવી અને સંગીતનો કાર્યક્રમ પૂરો કરવામાં આવ્યો. કિન્નર યુગલનું દિવ્ય સંગીત સાંભળીને સહુનો શ્રમ હળવો ફૂલ બની ગયો હતો અને સહુ પ્રસન્નચિત્ત બન્યાં હતાં.

નળે કિન્નર દંપતીની સંગીતકલાને બિરદાવી અને ધીરે ધીરે સહુ પોતપોતાના તંબુ તરફ જવા વિદાય થયાં. નળ પણ શયનગૃહ તરીકે ઓળખાતા પોતાના તંબુમાં ગયો અને દમયંતીના વિચાર કરતો કરતો મોડી રાતે નિદ્રાધીન થયો.

વહેલી સવારે કુંડિનપુર તરફ પ્રયાણ કરવાનું હતું...નળ પ્રાતઃકાળ પહેલાં જ જાગી ગયો...એ વખતે કિન્નર યુગલનું દિવ્ય સંગીત સમગ્ર શિબિરને જાણે જાગૃતિનો રસ પાઈ રહ્યું હતું.

નિષધપતિ માટે એક હજાર અશ્વો જોડેલો રથ તૈયાર થઈ ગયો હતો. વ્યવસ્થાપકો શિબિરને સંકેલવાના કાર્યમાં પડ્યા હતા.

મહામંત્રી શ્રુતશીલ, પુષ્કરાક્ષ અને રાજપુરોહિત સાથે નળ રથમાં બેસી ગયો.

પ્રવાસ કૂચની ભેરી ગાજી ઊઠી.

એક જ પ્રહરમાં સહુ કુંડિનપુરના પાદરમાં પહોંચી ગયા. એ વખતે કુંડિનપુરના રાજા ભીમ, મંત્રીઓ, અન્ય રાજાઓ અને માનનીય નગરજનો હર્ષધ્વનિ કરતાં કરતાં સ્વાગત નિમિત્તે આવી પહોંચ્યાં. તેમની સાથે દમ, દમન અને દાન્ત નામના ત્રણેય પુત્રો પણ હતા.

મહારાજ ભીમને સ્વાગત નિમેત્તે આવતા જોઈ નળરાજા તેમની સામે ગયો...માર્ગમાં જ બન્ને ભેટી પડયા. પરસ્પર કુશળ-વાર્તા પછી રાજા ભીમે કહ્યું: 'આપને જોઈને મારાં નેત્રો સફળ થયાં... આજનો દિવસ ધન્ય બન્યો...કારણ કે આપની કીર્તિ તો ચારે દિશાએ વ્યાપ્ત જ બનેલી છે...ઈક્ષ્વાકુ વંશના રત્નરૂપ એવા આપનો હું ભાવભર્યા હૃદયે સત્કાર કરું છું.'

'આપ ગુરુજન છો...આપની કૃપાદ્રષ્ટિ જ મારા માટે આશીર્વાદરૂપ બની ગઈ...આપના મિલનથી હું પણ ધન્ય બની ગયો.'

ત્યાં તો ત્રણેય રાજકુમારો, મંત્રીઓ, વગેરેએ નળને પ્રણામ કર્યાં...અને ચારણ, ભાટ, કવિઓ, વગેરેએ બિરદાવલી ગાવી શરૂ કરી.

રાજા ભીમ ઘણા જ આદર સાથે નળરાજા અને તેના રસાલાને એક વિશાળ મહેલમાં ઉતારો આપ્યો.

ત્યાર પછી રાજા ભીમ વિદાય થયા.

નળે અને તેના મંત્રીઓએ સ્નાનાદિથી નિવૃત્ત થઈ શ્રીજિનેશ્વર ભગવંતની પૂજા કરી.

ત્યાં તો રાજા ભીમની સેંકડો દાસીઓ ભોજનના થાળ લઈને આવી પહોંચી. આજની રસોઈમાં એક વાનગી દમયંતીએ પોતે બનાવી હતી...એ વાતની એક દાસીએ નળના મહા પ્રતિહારને વાત કરી.

નળરાજાએ ભોજન કરતા પહેલાં રાજા ભીમના દાસીઓની

ઈચ્છાને સંતોષવા તેઓની સમક્ષ આવીને દરેક દાસીનું યોગ્ય ઉપહાર વડે સન્માન કર્યું...અને ત્યાર પછી નળ પોતાના સેનાપતિ, મંત્રીઓ, પોતાની સાથેના રાજાઓ, વગેરે વચ્ચે ભોજન કરવા બેઠો.

ભોજનાદિથી નિવૃત્ત થયા બાદ થોડી વાર વિશ્રામ લઈને નળે મુંજ નામના પોતાના મંત્રી સાથે દમયંતીને ભેટ આપવા માટે રત્નાભરણનો એક દાબડો મોકલ્યો...મુંજ મંત્રીની કોઈ રોકટોક ન કરે એટલા ખાતર રાજા ભીમનો મંત્રી પુષ્કરાક્ષ પણ સાથે ગયો.

દમયંતી આજ ખૂબ જ ઉલ્લાસમયી બની ગઈ હતી. નળ મહારાજના આગમનના સમાચાર સાંભળી તેના ચિત્તની સર્વ વ્યથા જાણે વિદાય લઈ ચૂકી હતી અને એ વ્યથાનું સ્થાન તલસાટે લઈ લીધું હતું.

પુષ્કરાક્ષ સાથે ગયેલા મુંજ મંત્રીએ દમયંતીના સુંદર અને ઉત્તમ ભવનમાં આદરભર્યો સત્કાર મેળવ્યો...ત્યાર પછી દમયંતીની મુખ્ય પરિચારિકાને મહારાજા નળદેવે પાઠવેલી ભેટ રજુ કરી. મુખ્ય પરિચારિકાએ બન્ને મંત્રીઓને એક ખંડમાં બેસાડીને નળરાજા તરફથી આવેલા સુવર્ણનો ડબ્બો રાજકન્યા સમક્ષ જઈને અર્પણ કર્યો અને વિગતથી માહિતી આપી.

દાબડો જોઈને જાણે નળ પોતે જ આવ્યો હોય એટલો હર્ષ દમયંતીનાં નયનોમાં નાચી ઊઠયો. તેણે દાબડો ખોલ્યો. દાબડામાં શ્રેષ્ઠ રત્નોથી ઝળહળતા કેટલાક અલંકારો હતા. દમયંતીના મનમાં નળના હસ્તસ્પર્શથી મય બનેલા અલંકારો ધારણ કરવાની તીવ્ર ઈચ્છા થઈ અને તે દાબડો લઈને તરત એક પરિચારિકા સાથે વસ્ત્રખંડમાં ગઈ. ત્યાં એક તરફ ગોઠવેલા વિશાળ દર્પણ સામે ઊભી રહીને દમયંતીએ પ્રિયતમના ભેટરૂપે આવેલા અલંકારો એક થાળમાં સજાવટપૂર્વક મૂકયા અને પરિચારિકાને પોતે પહેરેલા અલંકારો ઉતારી લેવાની આજ્ઞા કરી.

થોડી જ વારમાં દમયંતી નળે ભેટ આપેલા અલંકારો વડે અલંકૃત થઈ ગઈ...અને દર્પણમાં જોતાં જ તેનું મન અતિ પ્રસન્ન થઈ ગયું. ઓહ, મનના માનેલા સ્વામીના સ્પર્શથી પ્રેમરૂપ બનેલા અલંકારો કેટલા દિવ્ય, સુંદર અને તેજસ્વી લાગે છે!

દમયંતીએ પ્રસન્ન સ્વરે દાસીને કહ્યું : 'આ શુકનવંતો ઉપહાર લાવનારને એક રત્નમાળા વડે સત્કારજે. અને નિષધપતિના કુશળ પૂછજે.'

'જી...' કહીને દાસી ચાલી ગઈ.

મુંજ જ્યારે ફિતારે પાછો આવ્યો ત્યારે નળ તેની આતુરતાભરી નજરે રાહ જોતો ઊભો હતો. મુંજે નળને પ્રણામ કરીને રાજકન્યાએ પૂછેલા કુશળ સમાચારની વાત કહી.

નળના હૈયામાં થયું... ઓહ, જીવનમાં આવી કપરી પળો શા માટે આવતી હશે? મેં તો નિષધપતિ તરીકે ઔપચારિક ભાવે ઉપહાર મોકલ્યો હતો. પ્રિયતમરૂપે નહિ... છતાં દમયંતીએ તો મારા ઉપહારને પ્રિયતમનો જ ઉપહાર માનીને સત્કાર્યો લાગે છે...હવે શું કરવું? નહિ...સંશય કે નબળાઈને કોઈ સ્થાન નથી. જે કાર્ય મેં સ્વીકાર્યું છે તે મારે પ્રમાણિકપણે જ કરવું જોઈએ. આમ વિચારી નળ રાત્રિકાળની રાહ જોવા માંડયો.

પણ આજ તે એકલો રહી શકે ને મનને સમજાવવા માટે એકાંત મેળવી શકે એવી સ્થિતિ તેના માટે રહી નહોતી. નગરીના ને રાજભવનના સેંકડો મુલાકાતીઓ આવતાજતા હતા. નળનાં રૂપને નિહાળીને સહુ એમ જ કહેતા કે જો આપણી રાજન્યા નિષધપતિના કંઠમાં વરમાળા આરોપશે તો સમગ્ર પૃથ્વી ધન્ય બની જશે...આવો તેજસ્વી, સુરૂપ અને વિનયી રાજા આ પૃથ્વીપીઠ પર મળવો દુર્લભ છે.

ભોજન, સંધ્યા આદિથી નિવૃત્ત થઈ નળ રાજકુમારીના ભવન

તરફ જવાની તૈયારીમાં પડયો. તેણે મુંજ મંત્રી પાસેથી એ ભવનના માર્ગની માહિતી મેળવી લીધી હતી...બહુ દૂર નહોતું... રાજભવનના વિરાટ ઉપવનના એક ભાગમાં જ આવ્યું હતું. ઈન્દ્રના કાર્યથી કોઈને વાકેફ કરવા તેને ઉચિત ન લાગ્યું...એટલે પોતાના મિત્ર સમાન મહામંત્રી શ્રુતશીલને પણ તેણે કંઈ ન જણાવ્યું અને ઉપવનમાં ફરવાના બહાને તે ધીરે ધીરે બહાર નીકળી ગયો.

થોડી જ વારમાં તે રાજભવનના મુખ્ય પ્રવેશદ્વાર પાસે આવી પહોંચ્યો. મુખ્ય દ્વાર પાસે વીસેક રક્ષકો ખુલ્લી તલવાર સાથે ઊભા હતા અને રથો, વાહનો તેમ જ માણસોની અવરજવર પણ ખૂબ હતી.

નળે ઈન્દ્રે આપેલી અદ્રશ્ય વિદ્યાનું સ્મરણ કર્યું અને તે પણ પ્રવેશ દ્વારમાં દાખલ થયો.

હજી રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો નહોતો થયો. જમણા હાથ તરફ દમયંતીનો મહેલ હતો અને એ તરફથી મધુર સંગીત આવી રહ્યું હોય તેમ જણાતું હતું...

નળ અદ્રશ્ય હતો એટલે તેને કોઈ જોઈ શકે તેમ નહોતું...મહેલ પાસે આવતાં જ તે ચમકયો...ચારે દિશાએ દીપમાલિકાઓ પ્રકાશ વેરી રહી હતી...સેંકડો રક્ષકો ખુલ્લી તરવારે પહેરો ભરતા ઊભા હતા અને મહેલના મુખ્ય દ્વાર પર પણ દાસદાસીઓની આવજા દેખાતી હતી.

નળને બીજો તો કોઈ ભય નહોતો તે કોઈથી ભટકાઈ ન એટલી કાળજી સાથે મહેલમાં દાખલ થઈ ગયો.

ત્રણ ભૂમિનો મહેલ હતો...પહેલી ભૂમિ પર દમયંતી નહોતી... નળ બીજી ભૂમિ પર ગયો...ત્યાં પણ દમયંતી હોવાનાં લક્ષણો ન મળ્યાં...એટલે તે ત્રીજી ભૂમિ પર ગયો...એક વિશાળ ખંડમાંથી હાસ પરિહાસનો કલ્લોલધ્વનિ નળના કાન પર અથડાયો...એ ખંડમાં જ દમયંતી મળશે એમ માનીને તે ખંડના દ્વાર પાસે ગયો.

ખંડમાં નજર કરીને જોતાં જ તે અવાક્ બની ગયો. ખંડની મધ્યમાં જ એક આસન પર દમયંતી બેઠી હતી. તેની આસપાસ પ્રિય સખીઓ અને પરિચારિકાઓનું વૃંદ બેઠું હતું.

ખંડમાં સો સો દીપકની ચાર માલિકાઓ પ્રકાશ વેરતી શોભી રહી હતી.

ખંડના દ્વાર પાસે ચાર રક્ષિકાઓ ખુલ્લી તરવાર સાથે ઊભી હતી.

નળ ખંડમાં દાખલ થયો અને દ્વાર પાછળના ખૂણામાં ઊભો રહી ગયો.

એ વખતે એક સખી દમયંતીને કહી રહી હતી 'દમયંતી, આજ તો તારે આનંદનો દિવસ છે...મહિનાઓથી જેની વાટ જોતી હતી... તે તારો પ્રિયતમ આવી પહોંચ્યો છે.'

બીજી સખીએ કહ્યું: 'નિષધપતિને નિહાળવા આજ કોણ ગયું હતું ?'

ચારપાંચ સખીઓએ કહ્યું: 'હું, હું...'

'તો વાત તો કરો...મારે જોવા જવું હતું પણ જરા મોડી પડી...નિષધનાથ ભોજન કરવા ચાલ્યા ગયા હતા.'

'સારું થયું કે, તેં નળને ન જોયા.'

'કેમ?'

'જોઈને તું ત્યાં ને ત્યાં જ ચકરી ખાઈ જાત...કામદેવના રૂપની વાતો ઘણી સાંભળી છે...પરંતુ નળતો કામદેવ કરતાં યે અનેક ગણો સુંદર અને તેજસ્વી છે...' બીજીએ કહ્યું.

દમયંતી ધ્યાનથી આ વાત સાંભળી રહી હતી. એક વ્યંગપ્રિય સખીએ તરત કહ્યું: 'ચકોરી, ચિંતા ન કર...કાલ સવારે જ તું તારા ચંદ્રનું વદન જોઈ શકીશ...તારા આરાધ્ય પ્રાણવલ્લભનાં નયનો જોઈને અસ્થિર ન બની જતી...'

નળના કાનમાં આ વાતો જતી હતી...પરંતુ તેનાં નયનો

દમયંતીને જ નિહાળી રહ્યાં હતાં. તેના મનમાં થયું...આ રૂપવતીનું વર્ણન કરવા કોઈ શક્તિમાન નથી. હંસે કરેલું વર્ણન કે ભિક્ષાચરે કરેલું વર્ણન જાણે લાખમાં ભાગનું જ લાગે છે! આ રૂપ તો મન અને વાણીના સમજનારા બૃહસ્પતિ પણ સહેલાઈથી કલ્પી શકે નહિ. હે ઈન્દ્ર મહારાજ, આપે મને માત્ર એક કાર્ય નથી સોંપ્યું. પણ વજ્રનો પ્રહાર કરીને મારા હૈયાના ચૂરેચૂરા કરી નાખ્યા છે...મારી ભાવના, આશા અને અરમાનના ભુક્કા બોલાવી દીધા છે...! હે લોકપાલો, આ કરતાં તો આપે મને બાળી નાખ્યો હોત તો વધારે સારું થાત! હવે શું કરવું? ના...ના...ના નબળાઈ ખંખેરીને મારે મારું કાર્ય કરવું જ જોઈએ.

મનથી આ રીતે વિચારી રહેલો નળ દમયંતીનું નિરીક્ષણ કરી રહ્યો હતો. દમયંતીનો કેશપાશ સાચાં મોતીઓ વડે શોભતો હતો. જાણે આ ત્રૈલોક્ય સુંદરીએ વાસુકી નાગને નાથીને બાંધ્યો ન હોય! અરે, આ તો મેં ઉપહાર સ્વરૂપે પાઠવેલો રત્નહાર લાગે છે...આ બાજુબંધ પણ...આ મુદ્રિકાઓ, આ દામિની...! હું આ શું જોઈ રહ્યો છું? શું તેણે મારા ઉપહારને જ... વિચાર કરતાં નળ ધ્રૂજી ઊઠયો...વળતી જ પળે તેના ચિત્તમાં થયું...નહિ, મારે મનને નબળું ન પડવા દેવું જોઈએ...

મન...!!

સંસારની અનેક વિપત્તિઓ અને સમૃદ્ધિઓમાં મન સિવાય કોણ હોય છે?

મનને કોણ નાથી શકે છે! ભગવાન શંકર સમા મહાયોગી પણ ભીલડીને જોઈને ચંચળ બની ગયા હતા. આ તો મારા મનમાં વસેલી પ્રિયતમા છે...એના મનમાં હું વસી ચૂકયો છું. અત્યારે તે પોતાની સખીઓ વચ્ચે બેસીને મારાં જ રૂપગુણની ચર્ચા સાંભળવામાં વિભોર બની ગઈ છે...એનું પ્રત્યેક અંગ જાણે પુલકિત બની

ગયું હોય એમ લાગે છે ! ઓહ ! ઓહ, મારે શું કરવું ? મારા પ્રત્યેનો તેનો આવો પ્રેમભાવ જાણ્યા પછી મારાથી ધૈર્ય કેવી રીતે રાખી શકાશે ? આ રૂપવિભાવ અને આ પવિત્ર હૃદયને જોયા પછી હું દૂતનું કાર્ય કેવી રીતે કરી શકીશ ?

ઓહ, નબળાઈઓ દૂર થાઓ ! દૂર થાઓ ! ! આપેલા વચનના પાલન ખાતર કદાચ મારે ઈન્દ્રનું કાર્ય પૂરું કરીને આત્મહત્યા કરવી પડે તો ભલે...હસતાં હસતાં હું મોતને ઝીલી લઈશ...! પણ મારે વચનપાલનની મર્યાદા તો રાખવી જ પડશે !

આમ, નળરાજા વિચારતો હતો ત્યાં વીણા જેવા મધુર સ્વરે દમયંતી બોલી ઊઠી : 'પ્રમોદા, મારું વામાંગ કેમ ફરકે છે ?'

'એ તો અતિ શુભ કહેવાય ! કદાચ આપના પ્રિયતમ આપને મળવા આવી ગયા હોય !' પ્રમોદા બોલી,

બીજી સખીએ કહ્યું :' સખી, માનવલોકનો કામદેવ તો આ ભવનમાં ક્યાંથી આવે ? પરંતુ વામાંગ ફરકવાથી અવશ્ય આપની મનોચ્છા પૂરી થશે...'

નળ ધ્રૂજી ઊઠ્યો હતો...હવે શું કરવું ?

ગમે તે થાઓ ! મારે મારું કાર્ય કરવું જોઈએ...ક્ષત્રિયો પોતાના નિશ્ચયનો વેપાર કદી કરતા નથી.

મારે હવે રાજકન્યા સામે પ્રગટ થઈને દૂતનું કાર્ય કરવું જ જોઈએ.

## પ્રકરણ ૧૮ મું : : દેવદૂત !

દમયંતીનું રૂપ-યૌવન નિહાળીને નળ પોતાનું ભાન ભૂલી ગયો હતો, છતાં કઠોર કર્તવ્ય તેને વારંવાર જાગૃત કરી

રહ્યું હતું. નળના મનમાં થયું, દમયંતી શયનગૃહમાં જાય અને ત્યાં મારે પ્રગટ થવું તે બરાબર નથી... અહીં એની સખીઓ બેઠી છે...અને એ મારા માટે કવચરૂપ છે. આમ વિચારી તેણે મનથી પ્રગટ થવાનો સંકલ્પ કર્યો અને તે તરત પ્રગટ થઈ ગયો. બે કદમ અગ્રસર થયો અને બધી સખીઓની નજર પડી. એ સખીઓમાં જેણે જેણે નળને જોયો હતો. તે બધી ભારે હર્ષમાં આવી ગઈ. એક સખીએ તો દમયંતીના ગાલ પર ટાપલી મારીને કહ્યું : 'રાજકુમારી, જો આ પોતે જ છે નિષધપતિ !'

દમયંતી નળને જોઈ ને અવાક્ બની ગઈ. ખરેખર, કામદેવ કરતાં યે અતિ મનોહર પૌરુષનો સ્વામી છે ! આવી સશક્ત કાયા અને પ્રસન્ન જુવાની આ પૃથ્વી પર ક્યાંય નહિ હોય !

દમયંતીની અન્ય સખીઓ પણ નળને એક જ ધ્યાને જોઈ રહી હતી. સહુને એમ થયું કે, ઇંદ્રને તો કોઈએ જોયો નથી... પણ આ પુરુષ ઈન્દ્ર કરતાં યે સવાયો લાગે છે !

શરમ, સંકોચ, લજ્જા, કુતૂહલ, આશ્ચર્ય અને આનંદ જ્યારે એક સાથે ઉભરાય છે ત્યારે માનવી પોતે જ સ્તબ્ધ બની જતો હોય છે.

સખીઓના મનમાં થયું કે, ગભરાઈ ને જો બૂમ પાડીશું તો બહારથી રક્ષિકાઓ આવી પહોંચશે અને આ પ્રિયદર્શન નળને નિહાળવાનો આનંદ લુંટાઈ જશે. આવા ભયના કારણે કોઈ સખીએ બૂમાબૂમ ન કરી...છતાં એક ચતુરાએ ઊભી થઈ ખંડનું મુખ્ય દ્વાર અટકાવી દીધું...

દમયંતી પ્રસન્ન મધુર નજરે નળને નીરખી રહી હતી. કોઈના મનમાં એ પ્રશ્ન પણ ન થયો કે આટઆટલા ચોકીપહેરા વચ્ચે નિષધપતિ અહીં સુધી આવ્યા હશે કેવી રીતે ?

નળ અને દમયંતી પરસ્પર નીરખી રહ્યાં હતાં...બંનેના

હૃદયમાં જાણે પંચશરનો પ્રહાર થઈ રહ્યો હતો કર્તવ્ય નજર સમક્ષ રાખીને મનમાં જાગેલી મધુર ઊર્મિઓને નળ પરાણે કચડવાનો પ્રયત્ન કરી રહ્યો હતો તે અતિ સૌમ્ય સ્વરે બોલ્યો : 'પ્રથમ તો આપ સર્વની હું ક્ષમા માગી લઉં છું...કે મેં આપના વિનોદમાં આ રીતે એકાએક આવીને વિક્ષેપ ઊભો કર્યો. પરંતુ એક મહત્ત્વના કાર્ય નિમિત્તે આવ્યો છું.. એટલે...'

દમયંતી નળને જોઈને ખૂબ જ પ્રસન્નમુગ્ધ બની ગઈ હતી. તે મૃદુ મંજુલ સ્વરે બોલી, 'મારાં નેત્રને ધન્ય બનાવનાર, પ્રાણથી પણ પૂજ્ય અને નૂતન -થિરૂપ એવા આપનું હું સ્વાગત કરું છું. સંસારના લોકોને નેત્રનુ આપનારા હે અતિથિ, એક કન્યાના આચારથી તો આપ અજ્ઞાત નહિ જ હોં...પ્રથમ દર્શને જ અમારાં ચિત્તને વશ કરનાર એવા આપ આસન પર ન બિરાજતાં દૂર કેમ ઊભા રહ્યા છો? આપનો પરિચય આપવામાં કૃપણતા કેમ દાખવો છો? હું ને મારી સખીઓ આપને નિહાળીને ખરેખર આશ્ચર્યવિમૂઢ બન્યાં છીએ...કોઈ પણ પુરુષને અહીં આવવું તે ભારે કઠિન છે. સશસ્ત્ર રક્ષકો પણ આપને જોઈને પોતાનું ભાન ભૂલી ગયા હશે એમ જ મને લાગે છે...ખરેખર, કામદેવને પણ શરમાવે એવું આપનું સ્વરૂપ જોઈને હું ને મારી સખીઓ પણ ધન્ય બનવા છતાં ભ્રમમાં આવી પડયાં છીએ...'

હે સુંદરી, હું તારી સામે દૂત બનીને આવ્યો છું...મારા નિમિત્તે કોઈ વિવેકની જરૂર નથી...જો મારું દૂતત્વ સફળ થશે તો મને ખૂબ જ માન મળ્યું છે એટલો સંતોષ થશે. હે અતિથિવત્સલ રાજકન્યા વૈદર્ભી! ઈન્દ્ર, યમ, વરુણ અને અગ્નિ એ ચારેય લોકપાલોનો દૂત બનીને આવ્યો છું. પ્રથમ તો હું તારા અને તારી સખીઓના કુશળ પૂછું છું.'

એક સખી બોલી ઊઠી : 'આપને જોઈને અમારી કુશળતા

અપૂર્વ બની ગઈ છે ..પરંતુ આપે આપનો પરિચય તો ન જ આપ્યો.'

નળે દમયંતી સામે જોઈને કહ્યું : 'રાજકુમારી, ચારેય લોકપાલો તારાં રૂપ, ગુણ અને યૌવન પ્રત્યે આકર્ષિત બની ગયા છે. આ ચારેય મહાપુરુષો સ્વર્ગના મહાન દેવો છે...સ્વર્ગમાં એમની પાસે જે સમૃદ્ધિ છે તે મહાન પુણ્યના ફળ સમી છે...સ્વર્ગનું સુખ અકલ્પનિય હોય છે. આ ચારેય મહાપુરુષો તારા પ્રત્યે મુગ્ધ બન્યા છે. કારણ કે સ્વર્ગમાં પણ તારા જેવા રૂપયૌવનથી સમૃદ્ધ બનેલી કોઈ નારી છે જ નહિ. એટલે હું એ કહેવા આવ્યો છું કે, સ્વર્ગનાં સુખથી સમૃદ્ધ બનવા માટે તું ચાર લોકપાલોમાંથી ગમે તે એકને પસંદ કરજે. એમ કરીશ તો તારું જીવન ધન્ય બનશે, તારું યૌવન અમર બનશે અને તારી કીર્તિ સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત થશે . કારણ કે ત્રણેય લોકમાં તારા જેવું શ્રેષ્ઠ નારીરત્ન છે નહિ. એથી જ ચારેય લોકપાલો તને પ્રાપ્ત કરવા ઈચ્છે છે. એટલે ચારમાંથી ગમે તે એક લોકપાલ, જે તારાં નેત્રોને પ્રિય જણાય તેને તું વરમાળા પહેરાવજે. ઈન્દ્ર મહારાજ, સમગ્ર દેવતાઓમાં શ્રેષ્ઠ અને જગપ્રસિદ્ધ છે...યમરાજ સર્વના જીવિતના સ્વામી છે...અગ્નિ પોતે ભંડારરૂપ છે અને વરુણ સૌમ્ય શીતળ છે...તારા મનને જે યોગ્ય લાગે તેને તું તારો જીવન—સહચર બનાવીને ધન્ય થજે.'

નળના આ શબ્દો સાંભળીને દમયંતી વિચારમાં પડી ગઈ. બે પળ પછી તેણે નળ સામે વેધક દ્રષ્ટિ કરીને કહ્યું : 'હે દેવદૂત ! આવાં વચન બોલતા અને દેવી સરસ્વતીએ નક્કી કરેલા મનનું ગૌરવ ન રાખતા આપનું નામ અને પરિચય જાણવા ઇચ્છતી હતી. ત્યાં તો હાથીની સ્નાનક્રિયા જેવી સ્વચ્છંદ વાણી આપે વહેતી કરી...! આપે સાવ વ્યર્થ વાણીવિલાસ જ કર્યો. આપના નામને સાંભળવા ઈચ્છતી મને બીજું સંભળાવવાનો શો અર્થ ? જળપાનની

ઈચ્છા રાખનારને મધુર એવા મધથી તૃપ્તિ થતી નથી.'

નળે વિનયપૂર્ણ અને મધુર સ્વરે કહ્યું, 'હે સુંદરી, હું લોકપાલોનો દૂત છું એ પરિચય બરાબર છે. આવો હઠાગ્રહ શા માટે રાખવો જોઈએ? મારું નામ અને વંશ જાણવાની ઈચ્છાનો કોઈ અર્થ નથી. શાસ્ત્ર કહે કે સજ્જને પોતાના મુખેથી પોતાનું નામ ન કહેવું જોઈએ. પ્રણાલિકાનો ભંગ કરવામાં હું ભીરુ હોવાથી મારું નામ નથી કહેતો...છતાં હે મુગ્ધા, તારા આગ્રહથી હું એટલું જ કહીશ કે હું ચંદ્રવંશનો છું.'

આ સાંભળીને દમયંતી ખિન્ન બની ગઈ...એ પળ પછી તે બોલી: 'મહાશય, જે માનવી વાત સાંભળવાની તીવ્ર ઇચ્છા રાખે તે માનવીને અધૂરી વાત કહેવામાં આવે એનો અર્થ એ જ થાય કે જળપાન કરતા માનવીને અધવચ્ચે જળની ધારા અટકાવવામાં આવે અને તે માનવી તૃપ્ત ન થઈ શકે. આ રીતે વંશનો પરિચય આપીને નામ છુપાવવાનું અડધી છેતરપીંડી જેવું કાર્ય આપ કોની પાસેથી શીખ્યા? જે રીતે વર્ષા ઋતુમાં ઘડીક દેખાડીને અદ્રશ્ય થતા ચંદ્ર વડે જેમ ચક્રવાક છેતરાય છે, તે રીતે આપનાથી મારા જેવી ભોળી કન્યા ભારે ખેદ અનુભવી રહી છે. હે દેવદૂત, આપની વાણી ઘડીક સ્પષ્ટ, ગૂઢ અને ન સમજાય એવી જટિલ પણ છે...એટલે મારાથી આપને સ્પષ્ટ જવાબ કેમ આપી શકાય? કારણ કે કુલીન બાળાઓ પરપુરુષ સાથે વાતો કરે તે યોગ્ય ન ગણાય.'

દમયંતીના આવા જવાબથી નળ જરાયે ચલિત ન થયો. ને પ્રસન્ન સ્વરે બોલ્યો: 'હે સુંદરી, તું મને જે કંઈ પૂછીશ તેનો હું સ્પષ્ટ ઉત્તર આપીશ. કારણ કે વાણી જેનો વ્યવસાય છે એવા દૂતોને બોલવાથી જ કાર્યસિદ્ધિ પ્રાપ્ત થાય છે. મારા ખાતર અત્યારે ઈન્દ્ર મહારાજ ભૂમિ પર ઊભા હશે! તારે ઉત્તર આપવામાં સંકોચ ન રાખવો જોઈએ.'

'દેવદૂત! હું આપની વ્યથા સમજી શકું છું. લોકપાલો અંગે આપે કહેલી વાતનો મેં ઉત્તર આપ્યો એનો અર્થ એમ ન સમજશો કે મને લોકપાલો પ્રત્યે ઘૃણા છે. હું તો એવા સમર્થોને પૂજ્ય ગણું છું અને વંદન કરું છું. લોકપાલોની પસંદગી કરવાનો આપનો આગ્રહ મારે માટે આશ્ચર્યરૂપ છે. જેમ હંસો કાકડીના વેલાનું ભક્ષણ કરતા નથી, તેમ દેવાંગનાઓ સાથે ક્રીડા કરનારા દેવો શું કદી માનવસ્ત્રીનું સેવ કરવા તૈયાર થાય? દેવ અને માનવનાં બળ, બુદ્ધિ તેજ, વય અને સમૃદ્ધિમાં આકાશ પાતાળનું અંતર હોય [illegible]ન અને પ[illegible] [illegible] સંયોગ સંભવી શકતો નથી. એક અ[illegible] અબૂઝ પટહરતી પર આરોહણ કેવી રીતે [illegible]ી શકે? દેવાંગનાઓ સમક્ષ માનવસ્ત્રી તો સાવ બિચારી દેખાય છે... આમ છતાં દેવોને જે રુચિકર હોય તે જણાવી શકે છે...અને સ્વામીનું કાર્ય સેવકે તો કરવું જ જોઈએ. એ એની શોભા છે! પરંતુ સિંહ સાથે મૃગને ભેટવાનો અધિકાર હોય નહિ...વળી, લોકપાલોને પ્રતિમારૂપે હું હંમેશ પૂજતી રહું છું...એટલે એ મારા જ છે! આપને ખ્યાલ તો હશે જ કે મારા પિતાની કુળ પરંપરામાં સ્વયંવર વિધિ ચાલ્યો આવે છે...એ પ્રથાને જાળવવા માટે જ મારા વડીલોએ મને સ્વયંવર આપ્યો છે. આ તરફ મારે મારા વડીલોની અને કુળ પરંપરાના વિજયની કાળજી રાખવાની છે, બીજી તરફ દેવોની આવી પ્રાર્થના આવી પડી છે...એટલે આ સંયોગોમાં આપ જ મને સલાહ આપો કે મારે શું કરવું ઉચિત છે? હું તો એક બાલિકા છું...દેવોને ઉત્તર આપવાની મારામાં શક્તિ ક્યાંથી હોય! જો આપ મારા પ્રત્યે દાક્ષિણ્ય ભાવ લાવીને પૂજવા યોગ્ય લોકપાલોને તેઓની મલિન સ્પૃહાથી અટકાવો તો વધારે સારું. હે દેવદૂત, આપની હાજરીમાં સજ્જન પુરુષોન નિંદા ન થાય તે વધારે ઉચિત લાગે છે. કારણ કે જગતમાં

સજ્જન પુરુષો અન્યને સદ્દબુદ્ધિ જ આપતા હોય છે...આપ મને માર્ગદર્શન આપજો.' આટલું કહીને દમયંતી શાંત ભાવે ઊભી રહી. તેના મનમાં તો સ્પષ્ટ થઈ જ ગયું હતું કે દેવદૂત બનીને આવેલ અન્ય કોઈ નહિ, પણ નળરાજ પોતે જ છે.

દમયંતીના ઉત્તરથી પ્રભાવિત થયેલો નળ પ્રસન્ન સ્વરે પોતાના કર્તવ્ય માર્ગ પર અટલ રહીને બોલ્યો : 'રાજકુમારી, હું મહાન લોકપાલોનો દૂત છું એટલે તારા કહેવા પ્રમાણે હું તે મહાપુરુષોને તેઓના વિચારમાંથી રોકી ન શકું તે સ્વાભાવિક છે. ઈન્દ્રાદિ લોકપાલો તારા પ્રત્યે રાગાધીન બન્યા છે, અને તું એ મહાપુરુષો પ્રત્યે ઉદાસીન બની હોય તેમ લાગે છે...ખરેખર, મારા માટે આ એક આશ્ચર્ય છે.સંસારમાં સ્વર્ગના સુખની ઈચ્છા કયો માનવી ન રાખે ! એક માનવસ્ત્રી દેવોનું સુખ ન ઈચ્છે એવી વાત તો મેં તારા મોઢે જ સાંભળી. પ્રાપ્ત થયેલા નિધિનો અસ્વીકાર કરવો એ ઉચિત કેમ કહી શકાય ? તું દેવને સ્વામી તરીકે સ્વીકારે એથી તારા કુળમાં કલંક લાગવાનો કોઈ સંભવ નથી. મેરુ પર્વત પર પહોંચી ગયેલ વ્યક્તિને એમ કેમ કહી શકાય કે તે નીચે રહેલ છે ! હે રાજદુલારી, તારા પ્રભાવથી અકુલીન માનવી પણ કુલીન બની જાય એમાં કોઈ સંશય નથી. ઘણી વાર ઉત્તમ પુરુષો પ્રેમને આધીન બનીને સામાન્ય વ્યક્તિને સ્વીકારે છે, જેવી રીતે ચંદ્રે અનુરાગના કારણે મૃગને પોતાના ઉચ્છરંગમાં સ્થાન આપ્યું છે. તું કુમારિકા છો. સ્વયંવરમાં આમેય તું કોઈ સામાન્ય પુરુષને જ વરમાળા આરોપવાની છે, પછી લોકપાલો તને ઈચ્છતા હોય તો તારે શા માટે અન્ય વિચાર કરવો જોઈએ ? લોકપાલો કંઈ અલ્પ શકિતવાળા નથી...મહાન અને સમર્થ છે. એમાંથી કોઈ એકને સ્વીકારવામાં તારી કુળ પરંપરાને વધારે ગૌરવપ્રાપ્ત થશે મારી સલાહ તું સ્વીકારે તો મેઘના સ્વામી અને ઐરાવતહાથીના વાહનવાળા સર્વશ્રેષ્ઠ ઈન્દ્રને જ તું સ્વીકારી લે...મહાતેજસ્વી અગ્નિદેવ પ્રત્યે

તારું મન દોરાતું હોય તો તેને સ્વીકારી લે. ધર્મ પ્રત્યે અસાધારણ મમત્વવાળા ધર્મરાજ પણ ઉત્તમ છે...અને સમુદ્રના સ્વામી વરુણ પણ ઉત્તમ હૃદયવાળા છે...આ ચારમાંથી તને જે યોગ્ય લાગે તેનો તું સ્વીકાર કર...!'

વારંવાર લોકપાલોના ગુણ સાંભળીને દમયંતી અકળાઈ ગઈ હતી. તેણે પોતાની પ્રિય સખી કેશિનીના કાનમાં કોઈ ન સાંભળે તે રીતે થોડી પળો પર્યંત કંઈક કહ્યું ત્યાર પછી નીચી નજરે જોતી ઊભી રહી અને કેશિનીએ નળ સામે જોઈ મૃદુમધુર સ્વરે કહ્યું, 'હે મહાબાહુ, રાજકુમારી દમયંતી પોતાનો જવાબ મારા દ્વારા આપવા માગે છે તે આપ સાંભળો ..તત્ત્વને સમજનારા દેવો શું કોઈ પરસ્ત્રી પ્રત્યે આસક્ત બને ખરા? એક પતિવ્રતવાળી હું તે કામપીડિત લોકપાલોને કંઈ રીતે સ્વીકારી શકું ? જ્ઞાનીઓ અને સજ્જનોએ જે ધર્મને ઈષ્ટ માન્યો છે, તે ધર્મ જો રોષે ભરાય તો વિશ્વમાં પ્રલય મચાવી મૂકે. હે દૂત, ઈન્દ્ર કરતાં યે શ્રેષ્ઠ અને ગુણવાન એવા નળરાજાને મનથી મેં મારા સ્વામી તરીકે સ્વીકાર્યા છે ..એ નિષધનાથ સ્વયંવરમાં ભાગ લેવા આજે જ અહીં પધારેલ છે અને મારા પ્રત્યે ખૂબ જ પ્રીતિ રાખે છે. અંતરની પ્રીતિના રંગથી શોભા પામેલા એમના જ પાઠવેલા અલંકારો મે ધારણ કર્યા છે. આવા સ્વામીથી બેવફા બનવું તે શું આર્ય નારીનો આચાર હોઈ શકે? ઉત્તમ વંશની કન્યાનો કુલાચાર સંભવી શકે ? કૃષ્ણપક્ષમાં ક્ષીણ થયેલો ચંદ્ર શુક્લપક્ષમાં પૂર્ણતાને પામે છે...વેરાઈ ગયેલો પારદ પણ એકત્ર થઈ શકે છે... પરંતુ સિંહણ સમી મારી જીહ્વા અન્ય કશું કહી શકતી નથી. અર્થાત નળ સિવાય હું કોઈને વરી શકું નહિ.

લોકપાલોને માનવલોકની નારીના હૃદયનો પરિચય હોત તો તેઓ આવી દુષ્ટ ઈચ્છા કદી કરત નહિ. વ્યવહારની નજરે પણ એક થાંભલે બે મદોન્મત્ત હાથીઓને બાંધી

શકાય નહિ. વીર પુરુષના મ્યાનમાં તલવાર રહી શકે નહિ. ગગનમાં બે સૂર્યબિંબ સાથે દેખાતાં નથી... અને મુખમાં પણ બે જીભ રહેતી નથી. બે દેવદૂત, બંને તરફ અણીવાળી સોય તંતુને કદી પકડી-ધારી શકતી નથી. શું કોઈ પણ વ્યક્તિ એકી સાથે બે માર્ગ પર વિચરી શકે? દેવ અને મનુષ્ય એવા બે સ્વામી શું ઉચિત ગણાય? હે દૂત, મેં મારું સર્વસ્વ મહાતેજસ્વી નિષધનાથને જ અર્પણ કરેલ છે... એક વાર અપાયેલી વસ્તુ બીજાને આપવી તે મોટામાં મોટો દોષ છે. લોકપાલો પ્રત્યે મારા હૃદયમાં ભક્તિ છે...મારામાં કોઈ પ્રત્યે રોષ નથી, કે કોઈ પ્રકારની તૃષ્ણા નથી. મહારાજા નળ સિવાય હું અન્ય કોઈને પતિ તરીકે સ્વીકારી શકું તેમ નથી. હે દેવદૂત, નળરાજાને હું પાંચમા લોકપાલ જ માનું છું અને એમનામાં ઈન્દ્રાદિ લોકપાલો બિરાજે છે...

હે દૂત, આવતી કાલે સવારે સ્વયંવર મંડપમાં નિષધપતિને વરમાળા આરોપવાનો મારો નિશ્ચય છે. હવે આપ મને લોકપાલોનો સંદેશો સંભળાવશો નહિ...મારા પર દયા કરો...ક્રોધરહિત બની મારી ભાવનાને સમજો. થોડા સમય પહેલાં જ હંસ દ્વારા દોરાયેલી આકૃતિને મેં સ્વામીરૂપે સ્વીકારેલ છે...તે આકૃતિ નળરાજાની હતી... આપના જેવી જ હતી.'

કેશિની દ્વારા દમયંતીનો ભાવ સાંભળીને નળ ખૂબ જ પ્રસન્ન થયો. પરંતુ તે લોકપાલોનું જ કાર્ય કરવા આવ્યો હતો એટલે મનમાં કોઈ પ્રકારની નબળાઈ ન પ્રવેશે તેટલો સાવધ રહીને પ્રસન્ન મધુર સ્વરે બોલ્યો; ' હે સુંદરી, તારા જેવી ચતુર અને જ્ઞાનમયી કન્યાએ સારાસારનો વિવેક જાણવો જોઈએ. માટીના ઢેફામાં અને રત્નમાં જેટલો તફાવત છે તેટલો જ તફાવત માનવ અને દેવમાં છે. હે દમયંતી, દેવ અને મનુષ્યનો સંગમ અશક્ય છે એવો ભ્રમ તું દૂર કરજે...પૂર્વે આવું બને જ છે અને શાસ્ત્રમાં તે વાત આવે છે.

હે સુંદર નેત્રવાળી, તારે દરેક દ્રષ્ટિએ વિચાર કરવો જ જોઈએ. તારા ઈન્કારથી જો લોકપાલો ક્રોધાયમાન થશે તો શું તારો સ્વયંવર શકય બનશે? યમરાજ કન્યાપક્ષમાંથી એકાદ વ્યકિતનું મૃત્યુ ઉપજાવશે તો સ્વયંવર આપોઆપ સ્થગિત થઈ જશે ..અથવા તો લોકપાલો કોપાયમાન બનીને સ્વયંવર માટે આવેલા સઘળા રાજાઓને નષ્ટ કરી નાખશે. શું તારે તારા સ્વયંવર મંડપને રાજાઓની વધભૂમિમાં પલટી નાખવો છે? ચારે ય લોકપાલો રોષે ભરાય તો સારાયે વિશ્વ પર ભારે આપત્તિ આવી પડે...માટે તું દીર્ઘ દ્રષ્ટિથી વિચાર કરીને તારો નિર્ણય ફેરવી લે...એમાં જ તારું કલ્યાણ છે.'

નળના આ શબ્દો સાંભળીને તેજસ્વિની દમયંતીએ સ્થિર ગંભીર સ્વરે કહ્યું : 'હે દેવદૂત આપે જે કહ્યું તે બરાબર છે....એમાં આપનો કોઈ દોષ હું જોતી નથી અને દેવોની શકિત કેવી છે તે પણ હું બરાબર સમજું છું. દેવો અજિત છે એમાં મને કાંઈ સંશય નથી પરંતુ એક સત્ય આપે સમજી લેવું જોઈએ કે માનવ લોકની નારી સ્વર્ગના સુખ કરતાં યે પોતાના ધર્મને, કર્તવ્યને અને આદર્શને મહાન માનતી રહી છે. આ રાષ્ટ્રનારી એ દ્રષ્ટિએ જ શ્રેષ્ટ અને પ્રેરણાદાયિની છે. હે મહાબાહુ, પ્રીતિનું ઉગમસ્થાન હૃદય છે. અને આર્ય નારીનું હૃદય જ્યાં ઢળ્યું હોય ત્યાંથી તેને કોઈ વાળવા સમર્થ નથી. આપ કહો તેમ લોકપાલો આનષ્ટ ઊભું કરે અથવા સ્વયંવર મંડપને રકતના સાગરમાં ફેરવી નાખે તો પણ મારા અંતરમાં રહેલો નળ પ્રત્યેનો પ્રેમ જરાયે ખંડિત નહિ બને! મહારાજ વીરસેનના પુત્ર સિવાય મારું હૃદય અન્ય કોઈ તરફ ઢળી શકે એમ નથી...અને જે મહાવિનાશનું આપે સૂચન કર્યું છે તે મહાવિનાશને અટકાવવો તે પણ મારા હાથની વાત છે...સ્વયંવર મંડપ વધસ્થાનમાં ફેરવાય તે પહેલાં જ હું મારા પ્રાણનો ત્યાગ કરીશ પરંતુ મારા હૃદયમાં અન્ય કોઈ પુરુષને સ્થાન નહિ જ આપી

શકું. આ મારો અંતિમ નિર્ણય છે.'

દમયંતીનો અંતિમ નિર્ણય સાંભળીને નળ પોતાના કાર્યમાં નિષ્ફળ બન્યો હોય તેમ અનુભવવા માંડયો...આમ છતાં, તેનું હૃદય દમયંતીની શ્રદ્ધા નિહાળીને અતિ પ્રસન્ન બની ગયું.

નળના મનમાં થયું...આ પૃથ્વી પીઠ પર દમયંતી જેવી કોઈ સ્ત્રી નહિ હોય, જેણે ઈન્દ્રાદિ દેવોને લક્ષ્યમાં લીધા વગર પોતાના હૃદયમાં વસેલાને જ સમર્પણ કરવાનો નિરધાર કર્યો હોય!

દમયંતીના આવા નિર્ણયને કેવી રીતે કેળવવો, એ પ્રશ્ન નળ માટે ભારે કઠિન બની ગયો. તે દમયંતી સાથે સ્થિર નજરે જોતો ઊભો રહ્યો.

દમયંતીની બધી સખીઓ નળ સામે સ્થિર નજરે નિહાળી રહી હતી.

## પ્રકરણ ૧૯ મું : : દેવદૂત! [૨]

નળના હૈયાને દમયંતીની વાત બરાબર મથી રહી હતી, પરંતુ પોતે લોકપાલોના દૂત રૂપે આવ્યો હતો...નળરૂપે નહિ. તેનું કર્તવ્ય એક જ હતું કે, ગમે તે રૂપે વાણી દ્વારા દમયંતીના મનમાં ચારમાંથી કોઈ પણ એક લોકપાલને પરણવાની ઊર્મિ જાગૃત કરવી. અત્યાર સુધી લોકપાલોનાં ગુણગાન ગાવામાં તેણે જરાયે કચાશ નહોતી રાખી. કર્તવ્ય ખાતર તે પોતાના મનોભાવને પણ વીસરી ગયો હતો અને ક્ષણ પૂરતી ઊભી થતી નબળાઈને મનોબળ વડે જ દાબી દેતો. વિચારમગ્ન બનેલા નળે દમયંતીને અન્ય દ્રષ્ટિએ વાત કરીને વાળવાનો પ્રયત્ન કરવાનો મનથી નિર્ણય કર્યો. તેણે અતિ મધુર સ્વરે કહ્યું : 'સુશ્રી રાજકુમારી, તારી વાત સાંભળીને ભારે નવાઈ સાથે દુઃખ

પણ થાય છે. મને લાગે છે કે, મંત્રતંત્રનો સહારો લઈને રાજા નળે તને વશ કરી છે. જો એમ ન હોય તો, તારા જેવી ગુણવતી અને હિતાહિત સમજનારી કન્યાને ઈન્દ્રનો ત્યાગ કરીને નળ પ્રત્યે પ્રીતિ ક્યાંથી પ્રગટે ? તેં કહ્યું તેમ, જો તું આત્મહત્યાનો માર્ગ લઈશ તો દેવોને કંઈ કલંક લાગવાનું નથી... અથવા તેઓને પસ્તાવો કરવાનું પણ કારણ નથી. દેવોને દીન પ્રાણીઓ પ્રત્યે દયાભાવ હોય નહિ. પોતા પર કૂદી પડતા પતંગિયા પર શું દીપકને દયા હોય છે? જે રીતે સાગરમાં ડૂબતા વહાણને કોઈ શરણ હોતું નથી તેમ, લોકપાલોથી ગભરાયેલાઓને આ સંસારમાં આશ્રયનું કોઈ સ્થાન મળતું નથી. તું આત્મહત્યા કરવાનો પ્રયાસ કરીશ તો શું તને ઈન્દ્ર મહારાજ નહિ ઉઠાવી જાય એમ માને છે? તું અગ્નિ ભક્ષણ કરીશ તો તારે તારી જાતને અગ્નિ દેવના ખોળે જ મૂકવી પડશે અને અગ્નિ દેવ પોતે જ તને આશ્રય આપશે. હે કમલાક્ષી, તું કદાચ જળમાં કૂદીને આત્મહત્યા કરીશ તો વરુણ પોતે જ તને ઝીલી લેશે અને અન્ય કોઈ ઉપાયે તું તારા જીવનનો અંત લાવવાનો ઉપક્રમ કરીશ તો તારે યમરાજને શરણે જવું પડશે. આમ, ગમે તે પણ તું લોકપાલોના હાથમાં જ પડવાની છે. એટલે મારી વાત માન્ય રાખીને તું નળનો ત્યાગ કર અને કોઈ પણ દિગ્પાલનો હર્ષપૂર્વક સ્વીકાર કર. નળ પ્રત્યે તારો જે કંઈ ભાવ છે, તે કેવળ મોહ છે... કારણ કે નળને તું પૂર્વે કદી મળી નથી તેમ, નળ પણ તને મળ્યો નથી. એટલે આવા મોહને નષ્ટ કરીને તું સ્વર્ગના ભોગ ભોગવવા તૈયાર થા. જો તું મારી આ વિનતીનો સ્વીકાર નહિ કરે તો પ્રથમ હું પોતે જ તારો દ્વેષી છું એમ માની લેજે !'

નળના આ શબ્દો સાંભળીને દમયંતીની કાયા પ્રસ્વેદથી ભીંજાઈ ગઈ... તેનું મન વિકળ બની ગયું... તેનાં અંગો ધ્રૂજવા માંડયાં... તેની બુદ્ધિ જાણે શૂન્ય બની ગઈ.

આ રીતે દીન બની ગયેલી અને સખીઓની કરુણ દ્રષ્ટિએ જોવાઈ રહેલી દમયંતી પ્રિયના વિયોગનો વિચાર કરવા માંડી...સાથે-સાથ, તેનાં નયનો દ્વારા અશ્રુઓ ઝરવા માંડયાં અને તે હીબકાં ભરીને રડવા માંડી તે મનમાં બોલી: ' હે પૂજ્ય પિતાજી, આપની લાડકી કન્યાના સ્વયંવરને ઈન્દ્રે નિષ્ફળ બનાવ્યો છે...! જેની પાસે પોતાનું સુખ રહ્યું નથી...તે તમારી પુત્રી આપને કેવી રીતે સુખ આપશે ? હે રાજા વીરસેનના પુત્ર નળ, તમે લોકપાલોથી મારી રક્ષા કેમ કરતા નથી ? શું આપની શરમ લોકપાલોને નહિ પહોંચે ? સ્વયંવર મંડપમાં આપને જોઈને લોકપાલો શું પોતાની દુષ્ટ વૃત્તિને કાયમ રાખી શકશે ? મારે મન આપ જ મારા લોકપાલ છો...આપને કદી જોયા નથી છતાં હું આપને વરી ચૂકી છું...એક આર્યકન્યા પોતાના ધર્મ ખાતર કદાચ નર્કમાં જશે તો પણ તેની અપકીર્તિ તો થવાની જ નથી. વળી, સ્વર્ગમાં સુખ છે ? ત્યાં જનારા જીવો કેવળ પોતાના પુણ્યને જ ભોગવે છે...ધર્મના નવીન અંશને પ્રાપ્ત કરી શકતા નથી.. તેમ જ, ત્યાં ઉચ્છંખલ સ્વામી અને કઠોર હૈયાવાળા સેવકો હોય છે. આવા સ્વર્ગને તો હું દૂરથી નમસ્કાર કરું છું...હે માતા-પિતા શરણ વિહોણી બનેલી હું અત્યારે કોનું રક્ષણ શોધું ? '

પોતાની સામે ધ્રુસકે ધ્રુસકે રડી રહેલી દમયંતીને જોઈને નળનું હૃદય કંપી ઊઠયું. તે પોતાના દૂતપણાને વીસરી ગયો અને પળનોયે વિલંબ કર્યા વગર બોલ્યો : ' હે પ્રિયતમા, તું રડીશ નહિ...અશ્રુ વડે ઉજ્જવળ વદને મલિન ન થવા દઈશ. હું પોતે જ નળ છું અને તારી સામે જ ઊભો છું. તું શા માટે પીડા પામે છે ? હે દેવી તું મારા સિંહાસનના અર્ધભાગની શોભા બની જા...ઓ...હું ભૂલ્યો ! મારાથી શું બોલાઈ ગયું...? દેવી, મને ક્ષમા કરજે...'

દમયંતીએ સિકત નજરે નળ સામે જોયું.

નળને ખ્યાલ આવ્યો કે પોતે પોતાના મનને કાબૂમાં રાખી

શકયો નથી. તે સ્વગત બોલતો હોય તેવા ભાવે બોલ્યો. ઓહ, મેં મારી જાતને શા માટે પ્રગટ કરી? ન મારાથી દેવોનું કાર્ય થયું કે ન હું દમયંતીને વેદનામાંથી નિવારી શકયો. ખરેખર, હું પોતે જ છેતરાયો છું...ઇન્દ્રના મનમાં મારા માટે શું થશે? પણ ના ...એ મને દોષ નહિ આપી શકે. અનુચિત કાર્ય સોંપનારા આ લોકપાલોને મારે હવે કઈ રીતે રિઝવવા ?

આમ કહીને નળ ગંભીર વિચારમાં પડી ગયો. દમયંતીના પ્રાણને ખાતરી થઈ કે આ નવજવાન પોતે જ મારો પ્રિય નળ છે. તે આસન પરથી ઊઠીને નળ પાસે આવી. તેના વદને પરતું તેજ પુનઃ પ્રકાશી ઊઠયું.

બરાબર આ સમયે આકાશમાર્ગેથી આશ્ચર્યસમો બાલચંદ્ર હંસ ખંડમાં આવી પહોંચ્યો. પોતાને મળેલા શાપનું હવે નિવારણ થશે એ આશાએ તેનો ચહેરો અતિ પ્રસન્ન બની ગયો હતો 'જય... જય...' શબ્દ બોલતો બાલચંદ્ર નળ અને દમયંતી સામે ઊભો રહી ગયો. બધી સખીઓ હંસને જોઈને આશ્ચર્યચકિત બની ગઈ... આવી રીતે આ હંસ કયાંથી અને કેવી રીતે આવ્યો હશે ?

બાલચંદ્રે હર્ષભર્યા મધુર સ્વરે કહ્યું : 'રાજન, જેમ માલતીની વેલને તુષાગ્નિ દઝાડે છે, તેમ તેં અકારણ રાજકન્યા દમયંતીને દઝાડેલ છે, સૌમ્ય આકૃતિવાળા નળ, તારું હૃદય ખરેખર નિર્દય જણાય છે. કારણ કે કોમળ એવા કમળની નાળ કઠિન જ હોય છે.'

ત્યાર પછી દમયંતી સામે જોઈને કહ્યું : 'હે વૈદર્ભી, તારે નળના કથનથી જરાયે ગભરાવાનું નથી. કારણ કે વાણીમાં કઠિનતા ધારણ કરવી એ દૂતનો ધર્મ હોય છે. ઇન્દ્રાદિદેવો બલપૂર્વક કોઈ પણ કાર્ય કરતા જ નથી. સ્ત્રીઓનું અપહરણ કરવું એ તો અસુરોનું કામ છે તું જરાયે ચિંતા ન કરીશ.'

નળે બાલચંદ્ર સામે જોયું. તે કંઈ પણ પ્રશ્ન કરે તે પહેલાં જ

હંસે કહ્યું : 'રાજન દેવદૂત તરીકેનું કાર્ય બજાવવામાં તે જરાય ખામી રાખી નથી. હવે તું મનોવેદનાથી દુઃખી થયેલી તારી પ્રિયતમા સામે જો...વિરહથી દગ્ધ થયેલી દમયંતીને તેં વધારે દગ્ધ કરી છે... હવે તારે વિરમવું જોઈએ. જેનું હૃદય કોમળ છે તેની સાથે કોમળતાથી વર્તવું જોઈએ અને કઠોર સામે કઠોર થવું જોઈએ. ભ્રમરો લાકડાને કોરી નાંખે છે, પરંતુ કોમળ ફૂલને જરાયે ઈજા પહોંચાડતા નથી. હે નળ, હવે તું દમયંતીના દિલને દર્દ ન આપ... આવતી કાલે સવારે સ્વયંવર મંડપમાં ભલે દેવો આવે...દમયંતીને પોતાના ભાગ્યને અજમાવી લેવા દે. મારા હૃદયની ભાવના છે કે આવતી કાલે સ્યંવર મંડપમાં તમારા બંનેનું મંગલ થાઓ.'

આટલું કહીને હંસ બાલચંદ્ર ગવાક્ષ માર્ગેથી ચાલ્યો ગયો... નળ અને દમયંતી બંને આશ્ચર્યવિમૂઢ બનીને સ્વર્ગના આ હંસદેવને જોઈ રહ્યાં. બંને એટલાં અભિભૂત બની ગયાં હતાં કે હંસને કશું કહી પણ ન શકયાં.

દેવદૂત તરીકે આવનાર નળ પોતે જ છે એ વાતની દમયંતીને હંસના કથનથી સોએ સો ટકા ખાતરી થઈ ગઈ...તેણે નળ સામે બે હાથ જોડીને નમન કર્યું. પોતાના મનમાં ધારેલા નળનું ભાવપૂજન કર્યું.

ત્યાર પછી નળ આવતી કાલે સવારે સ્વયંવર મંડપમાં મળવાનું જણાવીને વિદાય થયો...અદ્રશ્ય બનીને ચાલ્યો ગયો.

દમયંતીની સમગ્ર વેદના જાણે થોડી જ પળોમાં નષ્ટ થઈ ગઈ હતી. તેની સખીઓ પણ ભારે હર્ષમાં આવી ગઈ હતી. દમયંતીએ આનંદભર્યા સ્વરે પોતાની સખીઓ સામે જોઈને કહ્યું : 'આજ હું ત્રિભુવનની સ્વામિની બની ગઈ...મારા જેવી પુણ્યવતી નારી કોઈ નહિ હોય...કારણ કે આજ મારા મનના દેવ પોતે જ આરે આંગણે આવ્યા...એમને જોઈને હું તૃપ્ત બની, ધન્ય બની...'

સખી કેશિનીએ કહ્યું : 'રાજકુમારી, તારા અંતરની આશા હવે જરૂર સફળ થશે, એમાં મને કોઈ સંશય નથી. પ્રિયદર્શિની, સવારે જાગીને તારે તૈયારી કરવાની છે. એટલે નિદ્રાધીન થવું ખૂબ જ જરૂરી છે.'

એમ જ થયું.

સખીઓને સાથે લઈને પોતાના શયનગૃહમાં ગઈ.. બધી સખીઓ પણ વિદાય લઈ પોતપોતાની શય્યા તરફ ગઈ.

આવતી કાલના સૂર્યોદયને હવે ક્યાં સમય લાગવાનો હતો ?

પરંતુ માનવીનું ચિત્ત જ્યારે તૃપ્તિનો સંતોષ અનુભવે છે ત્યારે તેની સામે અનેક મધુર કલ્પનાઓ જાગૃત થતી રહે છે. આવી મધુર કલ્પનાની ચાદરમાં છુપાયેલી દમયંતી થોડી જ વારે નિદ્રાધીન થઈ ગઈ.

આ તરફ દેવદૂતનું કાર્ય કરીને મનથી શ્રમિત થયેલો નળ પણ મધુર કલ્પનાની ચાદરમાં નિદ્રાધીન બની ગયો હતો.

અને નિત્ય નિયમાનુસાર નળના વૈતાલિકવૃંદે પ્રાતઃકાળના મંગલમય સમીર સાથે બિરદાવલી શરૂ કરી. આ બિરદાવલીનો આશય કેવળ ગુણકથન નહોતો પરંતુ રાજાને જાગૃત કરી તેનાં કાર્યોનો નિર્દેશ કરવાનો પણ હતો અને ગુણોની, સદાચારની અને વ્રતની ઝાંખી કરાવી એમાં સ્થિર રહેવાનું સૂચન કરવાનો પણ હતો.

નનાં મોટાં રાજ્યોમાં વૈતાલિકોનાં વૃંદો રાખવામાં આવતાં હતાં અને તેઓ સદાય પોતાના રાજાને ભાવસંગીત વડે જાગૃત રાખવાનું કાર્ય કરતાં રહેતાં.

વૈતાલિકોની વાણી સાંભળીને નળ શય્યામાંથી બેઠો થઈ ગયો. આજ સ્વયંવર મંડપમાં જવાનું હોવાથી તરત પ્રાતઃકાર્યમાં પ્રવૃત્ત થયો અને સ્નાનાદિથી નિવૃત્ત થઈ, શ્રીજિનપૂજન કરી, દાનધારા વહાવી તે પોતાના ખાસ ખંડમાં ગયો. જ્યાં ઉત્તમ પરિચારકો અને પરિચારિકાઓ વસ્ત્રાભૂષણ ધારણ કરાવવા તેની રાહ જોતાં ઊભાં હતાં.

અને જે સ્થળે સ્વયંવર મંડપ રચાયો હતો, તે સ્થળે તો જાણે આનંદમહેરામણ ઊભરાયો હતો. જનતા પોતાના લોકપ્રિય રાજાની કન્યાનો સ્વયંવર નિહાળવા આતુર બની હતી અને હજારો રક્ષકો એ અંગેની વ્યવસ્થા કરી રહ્યા હતા.

મહારાજા ભીમે હજારો પ્રેક્ષકો શાંતિથી બેસી શકે એવી વ્યવસ્થા તો રાખી જ હતી અને મંડપના વ્યવસ્થાપકો આવી રહેલા લોકોને યથાસ્થાને બેસાડતા હતા.

સૂર્યોદય થતાં થતાંમાં તો પ્રેક્ષકો માટેનું સ્થાન ભરાઈ ગયું અને સ્વયંવરમાં ભાગ લેવા આવેલા નાના મોટા સેંકડો રાજવીઓના રથો આવવા શરૂ થયા. રક્ષકો પ્રત્યેક રાજાને આદર સહિત સ્વયંવર મંડપમાં દોરી જતા અને સ્વયંવર મંડપના દ્વાર પાસે ઊભા રહેલા મહારાજા ભીમ ભાવપૂર્વક સહુનું સ્વાગત કરતા અને મંત્રીઓ દરેક રાજાને તેઓ માટે નક્કી કરેલા ઉચિત આસન બેસાડતા.

સ્વયંવરમાં ભાગ લેવા આવેલા રાજાઓના મનમાં તો એ જ આશા હતી કે દમયંતી મને જ વરમાળા પહેરાવશે...ખરેખર, આશાનો નશો મહાન માનવીને પણ દ્રષ્ટિહીન બનાવી દે છે. જે રાજાઓનો ચહેરો દીઠો ગમે એવો નહોતો અથવા તો વયમાં ઘણા મોટા હતા તે રાજાઓ પણ સંસારની સર્વશ્રેષ્ઠ સુંદરીને મેળવવાની આશાએ નવજવાન અને સુરૂપ હોવાના અભિપ્રાય સાથે આવ્યા હતા. કેટલાક રાજા ક્રૂર પણ હતા. જો દમયંતી વરમાળા ન પહેરાવે તો તેનું અપહરણ કરવાની યોજના સાથે તેઓ આવ્યા હતા. આમ, અનેક રાજાઓ ધીરે ધીરે સુવર્ણમંડિત સ્વયંવર મંડપમાં આવવા માંડયા.

મંડપમાં વ્યવસ્થા જાળવનારા રક્ષકો ખુલ્લી તલવાર સાથે ચોતરફ ઊભા હતા અને સેંકડો પરિચારિકો અને પરિચારિકાઓ પાન, જળ, દૂધ, વગેરેનાં પાત્રો સહિત અતિથિઓના સ્વાગત નિમિત્તે ઊભાં હતાં.

તેજમૂર્તિ નળ પણ પોતાના મહાપ્રતિહાર અને મંત્રી સાથે

આવી પહોંચ્યો.

રાજા ભીમે નળનો ભાવપૂર્વક સત્કાર કર્યો... અને નળનું રૂપ નિહાળીને સમગ્ર સભા ચકિત બની ગઈ. પ્રેક્ષક સમૂહમાંથી તો નળરાજાનો જયકાર ગુંજવા માંડયો.

બ્રહ્માજી અદ્રશ્યપણે મંડપની બહાર જ ઊભા રહ્યા હતા... તેઓ માત્ર આ અદ્વિતીય સ્વયંવર નિહાળવા આવ્યા હતા.

ભગવાન વિષ્ણું લક્ષ્મીજીના હૃદયમાં દર્દ થાય એમ માનીને નહોતા આવ્યા. અર્ધનારીશ્વર ભગવાન શંકર પણ નહોતા પધાર્યા... ઈન્દ્રાદિ ચારેય લોકપાલોએ અદ્રશ્ય રહીને એક નિશ્ચય કર્યો. વરુણે કહ્યું : 'દમયંતી નળમાં જ આશાકૃત છે અને નળ જેવો તેજસ્વી નવજવાન રાજા આ મંડપમાં બીજો એક પણ નથી. એટલે દમયંતી નળને જ વરમાળા આરોપશે એમ લાગે છે.'

અગ્નિદેવે કહ્યું: 'બરોબર છે. મને પણ એમ જ લાગે છે... મારું તો એવું કથન છે કે દમયંતીની આશાનો ત્યાગ કરીને આપણે ચાલ્યા જઈએ અથવા અદ્રશ્યપણે રહીને આ ઉત્સવ નિહાળીએ.'

ઈન્દ્રે કહ્યું: 'આમ નિરાશ થયે કેમ ચાલે? આપણે આવ્યા છીએ દમયંતી જેવી અપૂર્વ સુંદરીને પ્રાપ્ત કરવા. એ માટે આપણે નળને દેવદૂત બનાવ્યો. નળે પ્રયત્ન કરવામાં જરાય કચાશ નહોતી રાખી. તેણે અદ્ભુત મનોબળ ધારણ કર્યું હતું... છતાં નળ દમયંતીને સમજાવવામાં કામયાબ થઈ શક્યો. નથી... એટલે આપણે એક નવો જ માર્ગ અપનાવીએ.'

ત્રણેય લોકપાલો ઈન્દ્ર સામે જોઈ રહ્યા. ઈન્દ્રે કહ્યું: 'દમયંતી નળમાં રંગાયેલી છે... નળને જ ચાહે છે અને નળને જ પોતાનો પતિ માની રહી છે, આ તો બરાબર છે ને?'

ધર્મરાજાએ કહ્યું: 'હા...'

'તો આપણે ચારેય જણ નળનું જ રૂપધારણ કરીને બેસીએ.'

'તો તો સભાખંડમાં પાંચ નળ દેખાશે...'

'એમાં શો વાંધો? દમયંતી અવશ્ય ભુલાવામાં પડશે અને આપણા ચારમાંથી ગમે તેના કંઠમાં વરમાળા આરોપશે.' ઈન્દ્રે કહ્યું.

ઈન્દ્રની આ લુચ્ચાઈભરી યોજના સહુને ગમી ગઈ...અને તેઓ પોતાના સ્વરૂપનું પરિવર્તન કરીને સ્વયંવર મંડપમાં દાખલ થયા.

સ્વયંવર મંડપમાં એક હરોળમાં દેવતાઓ માટે રાખી હતી... રાજા ભીમે વિચાર્યું હતું કે, આવા મંગલમય પ્રસંગે દેવતાઓ અવશ્ય સ્વયંવર નિહાળવા આવશે.

ચારેય લોકપાલો આગલી હરોળમાં નળના જ સ્વરૂપે બેસી ગયા.

કિન્નરો, ગાંધર્વો અને દાનવો પણ આવ્યા હતા...કોઈ પ્રેક્ષકરૂપે, તો કોઈ પ્રાપ્તિની આશાએ.

શ્રીકૃત્રાંગ પ્રદેશની પેલી પાર રહેતા દાનવોનો રાજા પણ આવ્યો હતો...દમયંતીને પ્રાપ્ત કરવાની આશા સાથે. અને તેણે માયાથી પોતાનું રૂપ એક તેજસ્વી અને અતિસશક્ત નવજવાન જેવું કર્યું હતું.

મહાત્મા નારદજી પણ આવ્યા હતા અને અદ્રશ્ય ભાવે જ આ બધું જોતા હતા. ચારેય દેવોને નળના સ્વરૂપમાં જોઈને નારદજી મનથી આછું હસ્યા...

પરંતુ સભામાં તો ભારે આશ્ચર્ય ફેલાઈ ગયું હતું. એક જ રૂપના પાંચ નળ...આ ભારે ચમત્કાર કહેવાય...!

રાજા ભીમ પણ ભારે સંશયમાં પડયો હતો...પસંદગીનો પ્રશ્ન ભારે મુશ્કેલીમાં મુકાશે! પણ રાજાને ખ્યાલ નહોતો કે દમયંતી નળને મનથી વરી ચૂકી છે અને બંને પરસ્પર પ્રેમરજ્જુથી બંધાયેલાં છે.

સ્વયંવર મંડપની શોભા નિહાળીને રાજા ભીમને આનંદ થતો હતો. આ રીતે દેવ, દાનવ, ગાંધર્વ, કિન્નર, વગેરે સ્વયંવરમાં આવે એ એક આશ્ચર્ય હતું. છતાં આજ અસંભવિત ગણાતું આંખ સામે

સંભવિત દેખાતું હતું. તેના મનમાં થયું ખરેખર દમયંતી પુણ્યશાલિની અને ભાગ્યવતી છે. નહિ તો આટઆટલા રાજાઓ અને દેવો આવે જ કેવી રીતે? પરંતુ આ બધાનો પરિચય આપવો કઈ રીતે?

બધા રાજાઓ આવી ગયા હતા...

વિવિધ વાદ્યોનો મધુર સ્વર પ્રસારિત થઈ રહ્યો હતો અને સહુનાં મનોરંજન માટે નાટ્ય પ્રયોગનો પણ પ્રારંભ થઈ ગયો.

આમ છતાં રાજા ભીમની એક ચિંતા એવી ને એવી રહી...આ બધા રાજાઓનો પરિચય આપનાર ઉત્તમ વ્યક્તિ ક્યાંથી પ્રાપ્ત થાય?

ચારેય લોકપાલો રાજા ભીમની ચિંતા જાણી ગયા અને તેઓએ જ દેવી સરસ્વતીની મન વડે પ્રાર્થના કરીઃ 'જેમ સાગર પર વરસતાં વાદળાંઓ નિષ્ફળ જાય છે તેમ, આપના સિવાય કોઈ પણ સ્વયંવરમાં ઉપસ્થિત થયેલા રાજાદિઓનું વર્ણન કરેશે તો તેનું પરિણામ સારું નહિ આવે. હે દેવી, તમે હંમેશાં દેવોનાં સહાયક રહ્યાં છો તો આ પ્રસંગે અવશ્ય પધારો. અને અભૂતપૂર્વ સભામાં આપનો પ્રકાશ વેરો. હે પરમેશ્વરી, આવી દિવ્ય સભામાં આપના સિવાય કોઈ બોલવાને સમર્થ નથી...વળી, અમે અહીં આશા સાથે જ આવ્યા છીએ. તો દમયંતીને આપ સિવાય કોઈ સમજાવી શકશે નહિ...માટે અમારાં સહાયક બનવાની કૃપા કરો! હે મંગલમયી આપ દેવોની પ્રાર્થનાનો સત્કાર કરી અવશ્ય પધારો અને રાજા ભીમની ચિંતા પણ દૂર કરો.'

દેવોની આ વિનંતી સ્વીકારીને દેવી સરસ્વતીના મનમાં થયું, આ અવસર ઘણો જ ઉચિત છે. આમ વિચારી ચંદ્રકલાની માફક પોતાની ઉજ્જવળ દેહકાંતિની પ્રકાશધારા ફરમાવતાં અને શ્વેતવસ્ત્રોથી અતિ મનોહર જણાતાં દેવી સરસ્વતી કર્પૂરલતાની માફક આવી પહોંચ્યાં.

## પ્રકરણ ૨૦ મું : : પાણિગ્રહણ

સ્વયંવર મંડપમાં દેવી સરસ્વતી પધારેલાં જોઈને સહુએ જયનાદ બોલાવ્યો.

મહારાજ ભીમ પણ આ બધા રાજાઓનો પરિચય કોણ આપશે. એની ચિંતા સેવી રહ્યા હતા. દેવી સરસ્વતીએ રાજા સામે જોઈને કહ્યું, 'વૈદર્ભીના પિતા, ચિંતા કરવાનું કોઈ કારણ નથી. અત્રે પધારેલા રાજાઓનો પરિચય હું જ તારી પુત્રીને આપીશ. તું મને તારા સ્વજનરૂપે જ માનજે.'

રાજાએ ભાવભર્યા હૈયે દેવી સરસ્વતીને નમસ્કાર કર્યાં અને ત્યાર પછી સોનાનો એક દંડ દેવી સરસ્વતીને અર્પણ કર્યો સ્વયંવરમાં ભાગ લેવા આવેલ રાજાઓનો કુળ પરિચય આપનારે આવો દંડ હાથમાં રાખવો જોઈએ એવી પ્રથા પ્રચલિત હતી.

એ જ વખતે તુરી–ભેરી, શરણાઈ, દદામાં, કાંસ્યવાદ્યો. વગેરે ગર્જવા માંડ્યાં.

મેઘ જેવો ગંભીર છતાં મન–મુકરને નચાવનારો આ ધ્વનિ દમયંતીના આગમનનું સુચન કરતો હતો.

બધાંની નજર મંડપના મુખ્ય તોરણદ્વાર તરફ ગઈ ..અને થોડી જ વારમાં સૂર્યસમા તેજસ્વી રત્નોનાં જડતરવાળી એક શિબિકા અને કેટલીક નવયુવતી સખીઓ-પરિચારિકાઓનું જૂથ પ્રવેશદ્વારમાં દાખલ થયું.

શિબિકામાં બેઠેલી દમયંતીની રૂપસજની અનોખી હતી... સભામંડપની દક્ષિણે આવેલા મંચ પાસે શિબિકા મૂકવામાં આવી.

બધા રક્ષકો સજાગ બની ગયા. ઈન્દ્રાદિદેવો, દાનવો, ગંધર્વો, માનવરૂપ લઈને આવેલા નાગ જાતિના દેવો, વગેરે શિબિકામાંથી બહાર નીકળી રહેલી ચંદ્રકલાને પણ મહાત કરે એવી દમયંતીને સ્થિર નેત્રે નિહાળી રહ્યા.

દેવોના મનમાં થયું, આવા રત્ન વગરનું સ્વર્ગ પણ સાવ શોભાહીન જ છે.

દેવતાઓનાં મન આ રીતે ચંચળ બની જતાં હોય તો માનવોની શી ગણતરી ? દરેક રાજા દ્રષ્ટિ દ્વારા દમયંતીના અજોડ રૂપનું રસપાન કરવા માંડયો.

પ્રેક્ષક સમૂહ પણ પોતાને ધન્ય માનવા લાગ્યો. ઓહ, જીવનમાં આવું રૂપ નિહાળવાનું સૌભાગ્ય પુણ્ય વગર પ્રાપ્ત થતું નથી.

શિબિકામાંથી નીચે ઊતરેલી દમયંતીએ સહુ પ્રથમ પોતાનાં માતપિતાને નમન કર્યાં. ત્યાર પછી ત્યાં ઊભેલાં દેવી સરસ્વતીને નમન કર્યાં.

પાંચ સખીઓથી વીંટળાઈને દમયંતી રત્નજડિત સુવર્ણના મંચ પર ચડી અને ચારે દિશાએ નાના કરીને ત્યાં બિછાવેલા તેજસ્વી આસન પર બેસી ગઈ.

કેટલાક રાજાઓ આશાની પાંખે ઊડતા હતા... પરંતુ નવજવાન નળને જોઈને તેઓની પાંખો જાણે તૂટી ગઈ હતી... નળની હરીફાઈ કોઈથી થઈ શકશે નહિ એવી ભાવના મોટા ભાગના રાજાઓના હૈયામાં જાગૃત થઈ ચૂકી હતી... જ્યારે નળ પોતે પણ ભારે સંશયમાં પડયો હતો.. ઈન્દ્ર મહારાજાએ અને અન્ય લોકપાલોએ નળનું જ રૂપ ધારણ કર્યું હતું.. આમ, એકના બદલે પાંચ નળ સ્વયંવર મંડપમાં બેઠા હતા.. દમયંતી કયા નળને માળા આરોપશે એ કલ્પના કોઈથી થઈ શકતી નહોતી.

આમ, સ્વયંવર મંડપમાં ભાગ લેવા આવેલી કોઈ પણ

વ્યક્તિ દમયંતી પોતાને વરમાળા અર્પશે એવો દ્રઢ નિશ્ચય કરી શકતી નહોતી. ખરેખર આ વિશ્વમાં કોઈ જીવ સર્વ વાતે સુખી નથી હોતો... ખાસ કરીને સંસારમાં રમતો જીવ, ધનવાન થવું એ પણ સર્વ વાતનું સુખ નથી... કારણ કે કંગાલો ધનવાનની ઈર્ષા કરતા હોય છે અને ધનવાનો શઠ લોકોથી ડરતા હોય છે ...વળી, જ્યાં ધન હોય છે ત્યાં રાજભય અને ચોરભય પડેલો જ હોય છે. એ જ રીતે, કોઈ પણ ઈચ્છા તૃપ્ત થવા છતાં એની પાછળ અતૃપ્તિની ચિનગારી પડેલી જ હોય છે.

પોતાને સર્વ વાતે સુખી માનનારા રાજાઓ અને દેવો દમયંતીને જોઈને ભારે અભાવ અનુભવી રહ્યા હતા...કામવશ બની રહ્યા હતા... સહુને એમ થતું કે દમયંતી વગરનું સુખ એ માત્ર એક વિરાટ બોજ છે !

દમયંતીના મંચ પાસે ઊભા રહેલા રાજપુરોહિતે ઈશારો કર્યો એટલે ત્યાં ઊભેલા ચાર સેવકોએ શંખધ્વનિ કર્યો. અને મહારાજા દેવી સરસ્વતી કરકમળમાં શ્વેત પુષ્પનો એક હાર મૂકયો. દેવી સરસ્વતી મંચ ઉપર ગયા અને મધુર છતાં પ્રભાવશાલી સ્વરે બોલ્યાં, ત્રિભુવનરૂપી આવાસના સ્થંભ સમાન દેવગણો, યક્ષ ગણો, અસુરો અને રાજાઓ ! સમગ્ર સંસારમાં જેની જોડ નથી એવો મહારાજ ભીમરાજની લાડલી કન્યા સુશ્રી દમયંતી આજ સ્વયંવરા બનીને આપ સર્વ સમક્ષ આવેલ છે. દમયંતીના હૃદય સિંહાસન પર આપ સર્વમાંથી એક જ વ્યક્તિને સ્થાન મળવાનું છે અને સ્થાન જેને મળશે તે સંસારનો શ્રેષ્ઠ ભાગ્યવંત ગણાશે.'

સહુએ હર્ષધ્વનિ કર્યો.

દેવી સરસ્વતીએ દમયંતી સામે જોઈને કહ્યું: 'દમયંતી, હવે તું મારી પાછળ પાછળ આવ. હું તને નિષ્પક્ષ ભાવે સહુનો પરિચય આપીશ.'

એમ જ થયું.

'દેવી સરસ્વતી જ્યાં યક્ષો બેઠા હતા તે સ્થળે દમયંતી-સાથે આવીને ઊભાં રહ્યાં. દમયંતીની પાછળ પાંચ સખીઓ સુવર્ણના રત્નજડિત થાળ ધારણ કરીને ઊભી રહી ગઈ.

દેવી સરસ્વતીએ યક્ષો તરફ હાથ લંબાવીને કહ્યું : 'હે મૃગાક્ષી, આદરભરી નજરે તું આ યક્ષોને જો તેઓ તને પ્રાપ્ત કરવા આતુર બનેલા છે...યક્ષોની સંખ્યા એટલી વિરાટ છે કે પ્રત્યેકનો પરિચય આપતાં વર્ષો વીતી જાય. એટલે તું અક્ષય વૈભવવિલાસની કામના રાખતી હો તો કોઈ એક મનગમતા યક્ષનો સ્વીકાર કરી લે.'

દમયંતીએ બધા યક્ષો તરફ દ્રષ્ટિ દોડાવીને સર્વને નમન કર્યાં. કોઇ યક્ષ પર પસંદગી ઉતારી નહીં એથી દેવી સરસ્વતી ગાંધર્વો તરફ વળ્યાં અને ગાંધર્વોનો પરિચય આપ્યો. દમયંતીએ દરેક ગાંધર્વને નમન કર્યાં એટલે દેવી સરસ્વતી નાગજાતિના આસનો તરફ વળ્યાં ત્યાં પણ દમયંતીના દિલને કોઈ નાગરાજ ડોલાવી શક્યો નહિ એટલે દેવી સરસ્વતીએ વિદ્યાધરોનો પરિચય આપ્યો... ત્યાર પછી અસુરોનો પરિચય આપ્યો...ત્યાર પછી તે રાજાઓ તરફ વળ્યાં અને કહ્યું : 'હે ચંદ્રવદના, પૃથ્વીપીઠ પર વસનારા આ રાજાઓ સમર્થ અને સમૃદ્ધ છે. જો આ સામેના સિંહાસન પર બેઠા તે સૂર્યવંશના ભૂષણસમા અયોધ્યાપતિ રાજા ઋતુપર્ણ છે...તેઓ... ભારતવર્ષના એક શ્રેષ્ઠ રાજવી છે.'

દમયંતીએ તેમને નમન કર્યાં.

દેવીએ એક પછી એક અન્ય રાજાઓનો પરિચય આપવા માંડ્યો. અંગદેશ, તક્ષશિલા ગુર્જરદેશ, માલવદેશ વગેરે ઘણા રાજાઓનો પરિચય આપ્યો. પરંતુ દમયંતીનું મન કોઈનો સ્વીકાર કરી શક્યું નહીં.'

દમયંતીના મનોભાવ જાણનારાં દેવી શારદા જ્યાં પાંચ નળનાં રૂપ હતાં તે તરફ વળ્યાં, પાંચેય સામે નજર પડતાં જ દમયંતીનું

હૃદય કંપી ઊઠયું. શરમ, ભય, પ્રેમ, આશ્ચર્ય અને સાહસ જાણે રૂંધાવા માંડયાં.

દમયંતીને સામે ઊભેલી જોઈને ઇંદ્રાદિ દેવો પણ ક્ષોભ પામી ગયા. બધાના મનમાં થયું. દેવી શારદા આ પાંચેય સમરૂપ જણાતા રાજાઓનું વર્ણન કેવી રીતે કરશે ?

ત્યાં તો ઈન્દ્ર તરફ નજર કરીને દેવી સરસ્વતીએ મધુર સ્વરે દમયંતીને કહ્યું: 'હે પ્રિયદર્શની, તું મહાન ભાગ્યવતી છે કે તને પ્રાપ્ત કરવા મહારાજ ઈન્દ્ર પોતે પધારેલ છે...તેઓ વજ્રધારી હોવાથી કોઈ શત્રુ તેમની સામે ટકી શકતો નથી. વળી, સમરભૂમિ પર રાજા વીરસેનને પ્રસન્ન કરનાર નળને તું વરુણરૂપે ધારજે તે પશ્ચિમ દિશાનો સ્વામી છે. પુણ્યહીન જનોને શિક્ષા કરનાર અને સ્મરણ શકિતમાં અજોડ એવા અતિ દક્ષનળને તું ધર્મરાજ તરીકે ઓળખી લે...જે સદાયે ઉદ્યમી અને દુરાચાર રહિત છે, અસહ્ય તેજવાળા અને વિકસિત કમળ જેવા મુખવાળા નળને તું અગ્નિ તરીકે ઓળખી લે...જે દરેક દિશાઓનું રક્ષણ કરવાની શક્તિ રાખે છે.'

દેવોને ખોટું ન લાગે અને દમયંતી ભ્રમ ન સેવે એવા આશયને નજર સમક્ષ રાખીને દેવી સરસ્વતીએ કરેલા આ પરિચય-વર્ણનથી નિષધપતિ નળમાં ચારેય લોકપાલોના ગુણો છે એમ દમયંતી સમજી ગઈ.

ત્યાં તો દેવી સરસ્વતીએ નિષધપતિ નળનો પરિચય આપતાં કહ્યું: 'કમલનયની દમયંતી, શું તું નળ રાજાને નથી ઓળખી શકતી? શું તે એના વિષે કશું સાંભળ્યું નથી? આજે પૃથ્વી પર નળ જેવો અન્ય કોઈ રાજા છે નહિ. કારણ કે ઈન્દ્ર, વરુણ, અગ્નિ અને યમ આ ચારેય દેવો દેહ વડે નળનું અનુકરણ કરી રહ્યા છે.'

આ વર્ણન સાંભળીને દમયંતીએ પાંચેય નળ સામે જોયું. પાંચેય સમાન હતા...એક રૂવાંડાનો પણ ફરક નહોતો...તે ભારે

સંશયમાં પડી ગઈ...આ પાંચમાં નિષધપતિ કોણ હશે? ઓહ, હવે શું કરવું?

દેવી સરસ્વતીએ કહ્યું : 'હે સુનયના, તું સ્થિર કેમ બની ગઈ છે? સુંદર, ધર્મના જ્ઞાતા અને શક્તિમાન એવા લોકપાલ (રાજા)ને તું શા માટે વરમાળ પ્રદાન કરતી નથી? જો તું તેને સ્વામી તરીકે નહિ સ્વીકારે તો આ પૃથ્વી પર તારો સ્વામી થવાને અન્ય કોણ યોગ્ય છે? લજ્જાનો ત્યાગ કરીને તું સ્વામીને સ્વીકારી લે એટલે સજ્જનો પ્રસન્ન થાય.'

પણ દમયંતી ભારે સંશયમાં પડી ગઈ હતી. આ પાંચમાં નળ કોણ અને લોકપાલ કોણ એ નક્કી થઈ શકતું નહોતું.

દેવી સરસ્વતીએ કરેલા ભેદયુક્ત વર્ણનથી દમયંતી કશો નિર્ણય કરી શકી નહિ...તે કોઈને નમી પણ નહિ અને ત્યાં ને ત્યાં ઊભી રહી. તેના મનમાં થયું, પ્રથમ તો નળ એક જ હતો અને પાંચ થઈ ગયા...આમ, ચાર છદ્મવેશી છે...કોઈ પરખાતા નથી. શું કરવું? ગઈ રાતે જ મેં નળને જોયા તે...નયન-મન અને અંતરની નજરે નિહાળ્યા છે...પણ અત્યારે આ શું થઈ ગયું? શું મને દ્રષ્ટિવિભ્રમ થયો હશે? ચાર લોકપાલોએ નળનું રૂપ શા માટે ધારણ કર્યું હશે? મારે વરમાળા કોને પહેરાવવી? હું મનથી નળને વરી ચૂકી છું અને કદાચ અન્યના કંઠમાં વરમાળા અપાઈ જાય તો શું કરવું? મારી સખી મારફત જાણવા ઈચ્છું તો તરત દેવો સાથે કલહ થાય અને પરિણામ ભારે વિષમ આવે. શું કરવું...મારે શું કરવું?

મનમાં આવા વિચારો વચ્ચે અટવાયેલી દમયંતી કંઈક અસ્વસ્થ જણાતાં તેના માતાપિતા પણ ભારે નિરાશ બની ગયાં. અન્ય દેવો, રાજાઓ, યક્ષો અને પ્રેક્ષકો પણ અવાક બનીને સ્થિર નજરે દમયંતી સામે જોઈ રહ્યા.

પરંતુ થોડી પળો પછી જ દમયંતીએ મનથી કંઈક નિર્ણય કર્યો અને મનમાં જ ધ્યાન ધરીને તેણે લોકપાલોને પ્રાર્થના કરી, હે, મહાન લોકપાલો ! આપને મારાં નમન હો ! હે દેવો, આપ આ કન્યા પ્રત્યે સુકોમળ બનીને મારી ઇચ્છાને અનુરૂપ બનો ! હે લોકપાલો, આપ મારા માટે શરણરૂપ છો પૂજ્ય છો, મંગલમય છો. હું તો એક સામાન્ય માનવી છું...જેમ અન્નનો ત્યાગ કરીને હવા વડે જીવી શકાય નહિ તેમ, હું જેને મનથી વરી ચૂકી છું તે નળ વગર જીવી શકું એમ નથી. આપ મારા પર દયા દર્શાવો !'

આમ, લોકપાલોની સ્તુતિ કરતાં દમયંતીએ મોહ અને પ્રેમરૂપી સાગરને પાર કરનાર નૌકા સમું જ્ઞાન પ્રાપ્ત કર્યું. નળને કેમ ઓળખવો તે તેને આપોઆપ સમજાયું. દેવ અને માનવ વચ્ચે એક તફાવત હોય જ છે. દેવ મટકું મારતા નથી અને માનવની પાંપણ અવારનવાર બિડાતી હોય છે. તેણે પાંચે ય નળને બરાબર જોયા અને તે નિષધપતિને ઓળખી ગઈ.

માનવને રૂવાંડાં હોય છે, દેવોને તે હોતાં નથી, દેવોને પરસેવો વળે નહીં, તેના ચરણ ધરતીને અડકે નહીં. આ બધું વિચારીને તેણે નિરીક્ષણ કર્યું અને તે સાચા નળને બરાબર ઓળખી ગઈ.

દેવી સરસ્વતી શાંત ભાવે ઊભાં હતાં. દમયંતીનું મન તેઓ વાંચી ગયાં હતાં. દમયંતીએ દેવી શારદા તરફ નજર કરી...સરસ્વતીએ પ્રસન્ન સ્વરે કહ્યું : 'સુંદરી, જેની કૃપાથી આ બધું બની રહ્યું છે તે લોકપાલો ત્રણે જગત માટે પૂજનીય છે. તેઓ પ્રત્યે તું ઉદાસીન કેમ છે! પ્રમાદ શા માટે દૂર કરતી નથી ?'

આ રીતે પ્રેરણા મળતાં જ દમયંતી ચારેય લોકપાલોનાં ચરણમાં નમી પડી ત્યાર પછી તેણે સખીના હાથમાં રહેલા થાળમાંથી દિવ્ય પુષ્પોની માળા ઉઠાવી અને નિષધપતિ નળના કંઠમાં આરોપી...

દુંદુભિ વાગવા માંડયાં...શંખનાદ શરૂ થયો. વાદ્યો રણકી ઊઠયાં

...ચાઉ દિશાએથી આવતો હર્ષધ્વનિ જાણે ગગનને ભેદવા માંડયો.

અને દમયંતીને કોઇ પણ ઉપાયે પ્રાપ્ત કરવા ઈચ્છતા કેટલાક રાજાઓનાં નયનો લાલચોળ થઈ ગયાં...આ રીતે દમયંતી હાથમાંથી ચાલી જાય એ તેઓ ચાહતા જ નહોતા...દમયંતીનું અપહરણ કરવાની પણ યોજના તૈયાર રાખી હતી અને દમયંતીને ઉઠાવતાં સંગ્રામ છેડવો પડે તો તે માટેની પણ કેટલાક રાજાઓએ તૈયારી કરી હતી. આ બધા રાજાઓ રોષે ભરાયા હતા અને ઊંચા-નીચા થતા હતા...આ જોઈને નળના સ્વરૂપે બેઠેલા ઇન્દ્ર મહારાજ પોતાના મૂળ સ્વરૂપમાં આવી ગયા અને હાથમાં વજ્ર ધારણ કરી ઊભા થયા. નિષધપતિ નળ અને દમયંતીએ ભાવપૂર્વક નમન કર્યાં. ઈન્દ્રે રાજાઓ સામે જોઈ પોતાના હાથમાંનું વજ્ર ઊંચું કરી પ્રચંડ સ્વરે કહ્યું, 'રાજાઓ, એક વાત બરાબર યાદ રાખો. મહારાજા ભીમની સુપુત્રી દમયંતી સ્વયંવરો બનીને ન્યાયપૂર્વક નિષધનાથ નળને વરી છે...હવે જે કોઈ રાજાના મસ્તકમાં ઈર્ષા રૂપી કીડો સળવળતો હોય તે રાજા યાદ રાખે કે મારું આ વજ્ર માત્ર એક જ પળમાં તેનું મસ્તક ચૂર્ણવિચૂર્ણ કરી નાખશે. જે બન્યું છે તે વિધિવત અને ન્યાયસંગત બન્યું છે. આ મંગલ પ્રસંગે હું દમયંતીને વરદાન આપું છું કે સ્થિર વાસમાં કે મુસાફરી કરતી વખતે 'જળમાં કે સ્થળમાં, રાત્રિકાળે કે દિવસના ભાગમાં, સ્વપ્નમાં કે નિદ્રાવસ્થામાં, વનઉપવનમાં કે ભવનમાં, સુખમાં કે દુઃખમાં જે કોઈ ઉદ્ધત પુરુષ દમયંતીને ભોગવવાનો પ્રયત્ન કરશે તે પાપી આ પૃથ્વીપીઠ પર બળીને ખાખ થઈ જશે.'

આમ કહીને ઈન્દ્ર મહારાજે નળ સામે જોયું અને પ્રસન્ન સ્વરે કહ્યું, 'હે પ્રિય નળ, યુગને પવિત્ર કરનારાં બે સંતાન તને પ્રાપ્ત થશે. અને તું પૃથ્વીપીઠ ઉપર રાજ્ય કરીશ તે કાળે મેઘ તારી ઇચ્છા પ્રમાણે વૃષ્ટિ કરનારા બનશે.'

યમરાજાએ ઊભા થઈને પ્રસન્ન સ્વરે કહ્યું : 'તારા રાજ્યમાં રહેનારી પ્રજા પૂર્ણ આયુષ્ય ભોગવનારી અને રોગરહિત રહેશે.'

વરુણે ઊભા થઈને વરદાન આપ્યું: 'પ્રિય નળ, વૈભવની ઈચ્છાથી તને બે બાળકો પ્રાપ્ત થાઓ અને તારી ઈચ્છાનુસાર જ્યાં જળ હોય ત્યાં સ્થળ અને જ્યાં સ્થળ હોય ત્યાં જળ થાઓ.'

અગ્નિદેવે ઊભા થઈને પ્રસન્ન સ્વરે કહ્યું: 'હે રાજન, તારી ભાવના મુજબ તને બે સંતાનો થાઓ, તેમ જ કદી પણ વિકૃતિ ન પામતાં એવા મારા સૂર્યનાં કિરણોને વિષે તારી ઈચ્છાની સાધના મુજબ સંક્રમણ થશે જેથી તું મારા દ્વારા સૂર્યપાક રસવતી બનાવી શકીશ.'

શ્વેત વસ્ત્રધારિણી દેવી સરસ્વતીએ પ્રસન્ન નજરે નળ સામે જોઈને આશીર્વાદ આપતાં કહ્યું 'હે રાજન, વાર્તા પ્રસંગે, પ્રવાસમાં, વધૂજનોના વિવાહ વખતે, પ્રાતઃસમય. સંધ્યાકાળે તારું યશોગાન પૃથ્વીપીઠના માનવો માટે કલ્યાણકારી, સંતોષપ્રદ અને સિદ્ધિદાયક બનશે.'

જે રાજાઓ ઈર્ષાની આગમાં જલી રહ્યા હતા તે આપોઆપ શાંત બની ગયા, અને આવાં શ્રેષ્ઠ વરદાનોથી વિભૂષિત બનેલા મહારાજા નળનો જય બોલાવવા માંડયા.

એજ વખતે બાલચંદ્ર હંસ આવી પહોંચ્યો...તે ઘણો જ પ્રસન્ન ચિત્ત હતો...શાપમુક્ત બની ગયો હતો...દેવી સરસ્વતીએ તેના સામે પ્રસન્ન દ્રષ્ટિ કરી. કારણ કે નળ–દમયંતીના અંતરમાં પ્રેમભાવ પ્રગટાવનાર અને પ્રેમબીજ વાવનાર આ બાલચંદ્ર જ હતો.

અન્ય દેવગણોએ નળ દમયંતી પર પુષ્પવૃષ્ટિ કરવી શરૂ કરી.

ઈન્દ્રાદિદેવો અદ્રશ્ય થઈ ગયા. શ્રીદેવી સરસ્વતી પણ પોતાના પ્રિય વાહન પર બેસીને અંતર ધ્યાન બની ગયાં.

નળ અને દમયંતી બંનેએ રાજા ભીમ અને રાણી પ્રિયંગુ

મંજરીને નમન કર્યાં.

સ્વયંવરના નિયમ પ્રમાણે પાણિગ્રહણનો વિધિ આજ સાયંકાલ જ થવો જોઈએ. એટલે રાજપુરોહિતે સર્વ રાજાઓને પાણિગ્રહણના મંગલ પ્રસંગને શોભાવવાની પ્રાર્થના કરી.

મહારાજા ભીમે પણ સર્વ રાજાઓને પધારવાની વિનંતિ કરી.

દરેક રાજાએ આ વિનંતિનો સહર્ષ સ્વીકાર કર્યો.

અને સાયંકાળે શાસ્ત્રીય વિધિ મુજબ, ઉત્સાહભર્યા વાતાવરણ વચ્ચે અને દાનની અનંત ધારાઓ સાથે નિષધપતિ નળે...સંસારની શ્રેષ્ઠ સુંદરી દમયંતી સાથે લગ્ન કર્યાં.

કન્યાદાનમાં ભીમ રાજાએ મહારાજ નળને દસ હજાર હાથી, એક લાખ અશ્વો, રથો, દાસ–દાસીઓ, પુષ્કળ સોનું રૂપું રત્નો, માણિઓ, શસ્ત્રો, વગેરે ઉલ્લાસપૂર્વક અર્પણ કર્યાં.

સ્વયંવર નિમિત્તે પધારેલા સર્વ રાજાઓનો ઘણા જ ભાવભર્યા આદર સહિત સત્કાર કર્યો.

આ પ્રસંગે જેનું બાહુબલ અજોડ છે તે નિષધપતિ નળ રાજાએ એટલું બધું દાન આપ્યું કે લેનારાઓ સુવર્ણ આદિના ભારથી થાકી ગાયા...શ્રમિત બની ગયા...

આ પ્રસંગે દક્ષિણ દેશના અન્ય રાજાઓએ પોતપોતાની કન્યાઓ મહારાજ નળનાં મિત્ર રાજાઓ અને શ્રેષ્ઠ કુળમાં જન્મેલ રાજાઓ સાથે હર્ષપૂર્વક પરણાવી.

એક હજાર અશ્વોવાળા રથમાં નવદંપતીને બેસાડીને વિરાટ શોભાયાત્રાનો પ્રારંભ થયો.

## પ્રકરણ ૨૧ મુ :          : કલિની પ્રતિજ્ઞા !

દીકરીને સાસરે વેળાવવી એ માતાપિતા માટે ભારે કરુણ ઘટના બની જતી હોય છે. જેને વરસો પર્યંત લાડકોડથી મોટી કરી હોય, સંસ્કાર આપ્યા હોય, આદર્શોથી મઢી હોય ..અને જે સમયે તેને પરણાવીને વેળાવવામાં આવે તે સમયે કઠોર હૈયાનો પિતા અને ધૈર્યની મૂર્તિ સમી માતા ભારે વેદના અનુભવે છે.

મહારાજા ભીમે નિષધપતિ નળને એક મહિના પર્યંત રોકયા. એક માસ સુધી નળ–દમયંતી સત્કાર સમારંભો વચ્ચે જ રોકાઈ રહ્યાં.

છેવટે વિદાયવેળા આવી ગઈ.

મહારાજા નળે પોતાના રસાલાને તૈયાર થવાની આજ્ઞા આપી... માતાએ એકની એક પુત્રી દમયંતીને શણગારી અને મહારાજા ભીમે પુત્રીને રથમાં બેસાડતા પહેલાં આંસુભરી આંખે અને કંઇક ઘેરા સ્વરે કહ્યું : ' દમયંતી, છેલ્લા ત્રણ દિવસથી તું રડી રહી છે ..પણ આર્ય નારીનો સાચો ત્યાગ જ પોતાનાંને છોડીને પરાયાંને પોતાનાં બનાવવાનાં છે. તું જ્ઞાનમયી છે, સમજુ છે, સંસારના વ્યવહારની જાણકાર પણ છે...તને શી શિખામણ આપવી ? છતાં ચંદ્ર પર ચંદનના વિલેપ રૂપ થોડાં વ્યવહારુ વચન કહું છું. દીકરી, ઉત્તમ કુળમાં જન્મેલી સ્ત્રીએ આટલું તો અવશ્ય આચરવાનું હોય છે... પોતાના પતિ પ્રત્યે નિષ્કપટ ભાવ રાખવો, વડીલો પ્રત્યે આદરમાન રાખવો, પોતાના કુળમાં મમતા રાખવી, પરિજન વર્ગ પ્રત્યે મોટાઈ, શોકય પ્રત્યે ઉદારતા, પતિના શત્રુ પ્રત્યે રોષ, સ્વામીના મિત્ર પ્રત્યે હર્ષ રાખવો. દમયંતી, આદર્શ કુલવધુઓ વિનમ્ર વાણી બોલે છે

પોતાનાં બંને ચરણો તરફ જ નજર કરે છે, સેવામાં મગ્ન બનીને પરિવારને પ્રસન્ન રાખે છે. શિષ્ટ પુરુષોનો વિવેક સાચવે છે. પતિ પહેલાં પોતે સૂતી નથી અને પતિ જાગૃત થાય છે તે પહેલાં જાગી જાય છે.'

જેનાં નયનોમાંથી અવિરત અશ્રુઓ વહેતાં હતાં તે દમયંતી પિતાના ચરણમાં નમી પડી...કશું બોલી શકી નહિ. પણ પિતાની શિખામણ પોતાના હૈયે ઊતરી ગઈ છે એવા ભાવનું સૂચન કરતી હોય તેમ તેનાં આંસુ ફૂલ બનીને પિતાના ચરણ કમળને ભીંજવી રહ્યાં.

માતાએ પુત્રીને હૈયા સરસી લીધી. દમયંતી કોઈ પણ ઉપાયે રુદન રોકી શકતી નહોતી...ત્યાં ઊભેલા તેના ત્રણેય ભાઈઓ પણ સજળ નયને બહેનને જોઈ રહ્યા હતા...પરિવારના અન્ય સભ્યો પણ રડી રહ્યા હતા.

માતાએ રૂંધાતા સ્વરે કહ્યું : 'દમુ. નારીનું જીવતર એક મહાન તપશ્ચર્યા છે...તને હું કશું કહી શકતી નથી. માત્ર એટલું જ કહું છું...તારી તપશ્ચર્યા ભવિષ્યની જનતા માટે એક આદર્શ બની જાય એટલી જાગૃત રહેજે !'

ત્યાર પછી દમયંતીએ પોતાના ત્રણેય ભાઈઓને હૈયાસરસા લીધા, પરિવારના વડીલોને નમસ્કાર કર્યાં, મંત્રીઓને નમન કર્યાં... રાજગુરુએ આશીર્વાદ આપ્યા અને દમયંતી રથમાં બેઠી.

મહારાજ ભીમ અને અન્ય સભ્યો દમયંતીને ત્રણ પડાવ સુધી વળાવવા ગયા.

ત્યાર પછી નિષધપતિની રજા લઈને સહુ સજળ નયને પાછા ફર્યા.

પ્રવાસનો આનંદ અપૂર્વ બનવા માંડયો અને મહારાજ નિષધપતિ સંસારના શ્રેષ્ઠ નારીરત્નને પોતાનું બનાવી નિષધા નગરીના પાદરમાં પહોંચી ગયા.

જનતાએ ઘણા જ ઉમળકા સાથે પોતાના રાજાનો સત્કાર કર્યો.

રાજભવનમાં પહોંચ્યા ત્યારે નળની પ્રથમ પત્ની રાણી કનકાવલી-એ ઘણાજ ઉલ્લાસ અને હર્ષ સાથે પતિનો અને દમયંતીનો સત્કાર કર્યો.

આ તરફ, ઇન્દ્રાદિદેવતાઓ માનવ લોકનાં તીર્થસ્થાનોનું પરિભ્રમણ કરતા કરતા લગભગ સવા મહિને સ્વર્ગ તરફ વિદાય થયા. માર્ગમાં સ્વર્ગગંગાના તટ પાસે તેઓએ આવી રહેલાં માનવ-સમૂહના એક ટોળાને જોયું. એમાંના કેટલાક પાડા પર, કેટલાક ગધેડા પર, કેટલાક ભૂંડ પર એમ વિચિત્ર વાહનો પર બેઠા હતા અને નાચતા કૂદતા પગપાળા ચાલતા હતા. કેટલાક નિષ્પ્રયોજન રડતા હતા. એ ટોળામાંના લોકોના ચહેરા અતિ ક્રૂર અને નિર્દયતાના પ્રતીક સમા હતા.

ઈન્દ્રાદિદેવો આ વિચિત્ર જણાતી વણઝારને આશ્ચર્યભરી નજરે જોઈ રહ્યા...અને આ ટોળામાંનો એક સ્તુતિપાઠક જેવો લાગતો માણસ ટોળાને ઉદ્દેશીને ઉપદેશ આપતો હતો. દેવગણોએ એ ઉપદેશ સાંભળ્યો. તે કહેતો હતો :– ' તમે બધા અજ્ઞાનનો ત્યાગ કરીને અદ્દભુત જ્ઞાનના માર્ગે આવી જાઓ અને કામદેવની આજ્ઞાને અનુસરો. આ સંસારમાં કામદેવ સમાન અન્ય કંઈ સત્ય નથી...આ સત્ય સચરાચર જીવસૃષ્ટિમાં વ્યાપ્ત બનેલું છે......નાશ થઈ જનારા આ શરીરનું કાર્ય કરી લો. કામતૃપ્તિ એ જ કાયાની પ્રેરણા છે. યાદ રાખો, મૂર્ખાઓ ! મૃત્યુ થયા પછી આ વિશ્વમાં ફરી વાર કોઈ આવી શકતું નથી. સાગરમાં ડૂબી ગયેલા પથરાઓ શું ફરીવાર ઉપર આવી શકે છે ? નથી આવતા...નથી આવતા ! નર–નારી એ જ પુરુષ અને પ્રકૃતિ છે. એમાં ભેદભાવ છેજ નહિ. એકજ જાતિ વચ્ચે વર્ણવ્યવસ્થા એ તો કેવળ પ્રપંચ છે...ઊંચનીચનાં વર્તુળો માત્ર ભ્રમજાળ છે . જેમ માનવેતર જાતિઓમાં કોઈ ભેદ હોતો નથી તેમ, માનવજાતિમાં પણ કોઈ ભેદ રહી શકતો નથી...જો એવા ભેદ કુદરતી હોત તો સૂર્યનું તેજ સહુને સમાન ભાવે મળી શકે નહિ. હે મુર્ખજનો ! પાપપુણ્ય,

સારું નરસું એ બધો એક વિભ્રમ છે.. કૃત્રિમ વાદળ દળ છે.'

જનસમૂહને ઉપદેશ આપી રહેલા સ્તુતિપાઠકના આ શબ્દો સાંભળીને ઈન્દ્રાદિ દેવો કમકમી ઊઠયા. ઈન્દ્રે પોતાના મહાપ્રતિહાર નૈત્રમેષી દેવને ઈશારો કર્યો. વળતી જ પળે નૈત્રમેષીદેવ તે સ્તુતિપાઠક પાસે પહોંચી ગયો અને બોલ્યો : 'અલ્યા તું કોણ છે? ધર્મધુરન્ધર સૌધર્મેન્દ્ર પોતે સમસ્ત વિશ્વનું રક્ષણ કરી રહ્યા છે. છતાં ધર્મકર્મનો નાશ કરવાનાં સૂત્રો પોકારનારો તું કોણ છે? ઓ દુરાચારી! તારી આયુષ્ય મર્યાદાનો અંત આવ્યો લાગે છે. હું હમણાં જ તારી જીભ મૂળમાંથી ખેંચી કાઢીશ આ વિશ્વમાં કૃત્ય કૃત્યનો વિવેક ન હોય તો પ્રકાશ અને અંધકાર બંનેની સમાનતા શા માટે ન હોઈ શકે? આ સંસારમાં પાપ અને પુણ્યનો વિસ્તાર તો પ્રત્યક્ષ રહ્યો છે...પુણ્યવંત જીવો સુખી દેખાય છે અને પાપી પ્રાણીઓ ભારે દુઃખી હોય છે. જો પાપપુણ્ય કેવળ ભ્રમ હોય તો પ્રાણી માત્રમાં સમાનતા જ હોવી જોઈએ. કોઈ સામ્રાજ્ય ભોગવે છે તો કોઈને દાસત્વ ભોગવવું પડે છે. કોઈના ભવનમાં ધનનો ભંડાર ઉભરાતો હોય છે તો કોઇ પેટ ખાતર ઘેર ઘેર ભટકતો હોય છે ભવાન્તરમાં શુભાશુભ કર્મ જે બાંધ્યાં હોય તેનું પરિણામ પ્રાણી માત્રને ભોગવવું જ પડે છે...કારણ કે દરેકના કામ એકસરખા હોતાં જ નથી. હે અજ્ઞાની! દેહ નાશવંત છે... પણ દેહને ધારણ કરનારો આત્મા અવિનાશી છે...જેમ પુષ્પની સૌરભ દ્રષ્ટિગોચર થઈ શકતી નથી, તેમ આ દેહમાંથી અન્ય યોનિમાં ગયેલો આત્મ પણ જોઈ શકાતો નથી. વર્ણ અવસ્થા એ કોઈ કલ્પના નથી. પરંતુ વિજ્ઞાનસિદ્ધ વ્યવસ્થા છે.. બુદ્ધિના સ્વામીઓએ અને સંસ્કૃતિના પુરસ્કર્તાઓએ આ વ્યવસ્થા દ્વારા સુદ્રઢ અને સંસ્કારી પ્રજા ઉત્પન્ન કરવા ખાતર એક મર્યાદા બાંધી છે તું કામદેવને અનુસરવાની લોકોને વાત કહે છે. પરંતુ તારા કથન મુજબ માત્ર કામતૃપ્તિ એ સિદ્ધ થઈ શકતી નથી. કારણ કે કામની તૃપ્તિ કોઈને

થતી નથી. જીવનમાં ઝંઝાવાત સર્જનારી એ જ્વાળાને મર્યાદામાં રાખવા ખાતર જ સંયમની દીવાલો રચવામાં આવી છે. મર્યાદાની દીવાલો તોડવાનો ઉપદેશ આપનારા તારા જેવા દુષ્ટાત્માઓ વધને જ યોગ્ય છે...જો આવા દુષ્ટાત્માઓનો વધ કરવામાં ન આવે તો સૃષ્ટિ, જાતિ અને પ્રકૃતિનું સૌંદાર્ય નષ્ટ થઈ જાય...' આમ કહીને નૈત્રમેષી દેવે તરત આગચમકારો બિછાવતી શક્તિ હાથમાં ધારણ કરી...

આ જોઈને સ્તુતિપાઠક ભયથી ગભરાઈ ગયો અને દેવ નૈત્રમેષીમાં ચરણમાં આળોટીને બોલ્યો. 'હે સ્વામી ! મારું રક્ષણ કરો હું માગ વૈતાલિક સ્તુતિ પાઠવું છું. સજ્જન પુરુષો અપરાધી એવા દીન પ્રાણીઓ પર સદાય કૃપા દૃષ્ટિ રાખતા હોય છે.'

નૈત્રમેષીએ કહ્યું : 'જે લોકો ધર્મ, સંસ્કૃતિ અને સદાચારના વિરોધક હોય છે તે લોકો વિશ્વ માટે મહાન ભય સમાન છે.'

'પણ કૃપાનાથ, હું ગુનેગાર નથી, સેવકો યોગ્યાયોગ્યનો વિચાર ન કરતાં પોતાના સ્વામીની આજ્ઞાને જ ધારણ કરતા હોય છે...આ એનો ધર્મ છે મેં જે કંઈ કહ્યું હતું તે કેવળ કલિના સેવક તરીકે જ કહ્યું હતું.' આ પ્રમાણે સ્પષ્ટતા કરીને સ્તુતિ પાઠકે કલિયુગની માયા દર્શાવી.

નૈત્રમેષીએ સ્તુતિપાઠકને જતો કર્યો. સર્વ દેવોના મનમાં થયું કે ભયંકર વિચારધારાવાળા કલિનું મોઢું જોવાલાયક છે જ નહિ આમ વિચારી તેઓ આકાશ માર્ગે દક્ષિણપથ તરફ મેરુ પર્વતની દિશાએ વિદાય થયા.

પરંતુ ઈંદ્રાદિદેવોને અન્ય માર્ગે વળતા જોઈને કલિએ બૂમ પાડી : 'હે ઈન્દ્ર મહારાજ, ઊભા રહો...ઊભા રહો...મારે આપની સાથે થોડી વાત કરવી છે.'

આ પ્રમાણે કહીને કલિ ઈન્દ્ર પાછળ દોડયો અને થોડી જ

વારમાં મદમસ્ત હાથી જેવો શ્યામ રંગી કલિ તેમની સામે જઈને ઊભો રહ્યો.. પરંતુ દેવતાઓ કંઈ બોલ્યા નહિ.

કવિએ પ્રસન્ન સ્વરે કહ્યું: ' હે ઈન્દ્રરાજ, હું આપ સર્વની કુશળતા ચાહું છું. આપ જેવા મહાન દેવોનાં મને શકુન થયાં છે. એટલે મારું કાર્ય અવશ્ય સિદ્ધ થશે...હું મહારાજા ભીમની રૂપવતી કન્યા દમયંતીના સ્વયંવરમાં જાઉં છું...'

બધા દેવો ખડખડાટ હસી પડયા. ઈન્દ્ર મહારાજાએ કહ્યું 'કલિ, તું દમયંતીને વરવાની ઈચ્છા રાખતો હતો, તે હું જાણું છું. પરંતુ પ્રમાદી માણસો કાર્ય સદ્ધિ કરી શકતા નથી. એક તો તારું રૂપ એવું વિચિત્ર છે કે માનવલોકની કોઈ કન્યા તને સ્વામી તરીકે પસંદ કરે જ નહિ. દમયંતીનો સ્વયંવર પૂરો થયાને પણ આજ સવા મહિનો વીતી ગયો છે...'

કલિ અવાક બની ગયો.

ઈન્દ્ર કહ્યું : ' અમે બધા એ સ્વયંવરમાં ભાગ લેવા ગયા હતા. સ્વયંવર મંડપમાં દેવો, યક્ષો, કિન્નરો, નાગલોકો, વગેરે ઘણા શ્રેષ્ઠ અને સમૃદ્ધ પુરુષો આવ્યા હતા...પરંતુ રાજકન્યાએ માનવલોકના અતિ તેજસ્વી નવજવાન રાજા નળના જ કંઠમાં વરમાળા આરોપી હતી...તું બહુ મોડો જાગ્યો ! કયાં અટવાઈ ગયો હતો ? અત્યારે તો સંસારની શ્રેષ્ઠ સુંદરી નારી દેવી દમયંતી પોતાના ભવનમાં કલ્લોલ કરી રહી છે...! વળી, યોગી પુરુષો તને નૈષ્ઠિક બ્રહ્મચારી તરીકે બિરદાવે છે, એટલે આ પ્રમાદ પણ તારા માટે આશીર્વાદ બની ગયો છે !'

કલિએ કહ્યું : મારી ઈચ્છાને કોઈ શકિત રૂંધી શકે નહિ... હું કોઈ પણ ઉપાયે વૈદર્ભીને મેળવીને જ રહીશ.'

દેવોની સાથે રહેલાં દેવી સરસ્વતી મધુર સ્વરે બોલી ઊઠયાં, ' હે કલિ, આવો નિર્માલ્ય વિચાર કરવામાં હવે કાંઈ તથ્ય રહ્યું નથી.

દમયંતી નળરાજાની ધર્મપત્ની બની ગઈ છે..નળરાજા જેવો સુંદર અને બલિષ્ઠ પુરુષ માનવલોકમાં પ્રાપ્ત થવો પણ દુર્લભ છે. તું પ્રમાદના અંધકાર વચ્ચે ફસાઈ ગયો...આમ છતાં જો તું યથા સમયે ત્યાં આવ્યાં હોત તો પણ સ્વયંવર મંડપમાં તારા સામે કોઈ માનવ નારી નજર સરખીયે ન કરત. પાગલ કલિ, માનવ નારીના અંતઃકરણમાં જે બળ ભર્યું છે તેને દેવતાઓ પણ નમન કરે છે. હવે તું પુનઃ તારા સ્થાને ચાલ્યો જા. અમને પણ વિલંબ થાય છે.'

છંછેડાયેલા નાગ જેવો કલિ લોકપાલો તરફ જોઈને બોલ્યો, "હં. હવે હું સમજ્યો કે દમયંતી નળરાજાને વરી ગઈ અને તમે બધા ત્યાંથી પાછા ફરી રહ્યા છો...પણ મને નવાઈ લાગે છે કે તમે બધા આવું અનુચિત કાર્ય કેવી રીતે સહન કરી શક્યાં...? ખરેખર, તમે બધા નિર્બળ અને નાહિંમત દેવોને ધિક્કાર હો! તમારા બધાની હાજરીમાં સંસારની એક સર્વોત્તમ માનવસુંદરી એક માનવ જંતુની બની ગઈ! આ શું તમારા માટે ઓછી શરમની વાત છે? બધા રાજાઓને તમે ચોળી શકતા હતા અને દમયંતીનું અપહરણ કરી સ્વર્ગમાં આવતાં તમને કોણ રોકી શકે એમ હતું? આવા સાહસહીન વર્તાવથી તમે તમારી શક્તિનો સ્વર્ગના મહિમાનો ખુલ્લો તિરસ્કાર કર્યો છે. તમે બધા અમર્ત્ય હોવા છતાં મોતના જડબામાં રહેલા માનવીથી પણ નબળા પુરવાર થયા છો...તમારી વાત પર મને દુઃખ થાય છે. તેમ, હસવું પણ આવે છે..તમે બધા નૈષ્ઠિક બ્રહ્મચારીના' બિરુદનો વ્યંગ કરો છો..પણ સ્ત્રીના નિતંબમાં આસક્ત બનેલા તમે તો સ્વયંવરમાં મોટે ઉપાડે ગયા હતા! ખરેખર કથા-કારની માફક આ દુનિયા અન્યને જ ઉપદેશ આપતી હોય છે! તમે ખુલ્લું શા માટે નથી કહેતા કે દમયંતીએ તમને તરણા જેવા તુચ્છ ગણીને ફેંકી દીધા છે...? હજુ પણ સમય છે...આવો મારી સાથે પૃથ્વીપીઠ તરફ...નળના પંજામાંથી દમયંતીનું અપહરણ કરીને

આપણે મરદાનગીથી પાછા ચાલ્યા આવશું.'

કલિનાં આવાં વચનો સાંભળીને બધા દેવોએ કાન આડા હાથ મૂકયા અને કહ્યું, 'આવું ન બોલ...કલિ, તું શાંત થા...શાંત થા...'

કલિયુગે ગર્વપૂર્વક કહ્યું : 'સત્ય હંમેશાં તીવ્ર લાગે છે !'

દેવી સરસ્વતીએ તરત કહ્યું, 'અરે દુષ્ટ કલિ, તારાં કાજળ સરખાં વચનો અમારા કાન વાટે પ્રવેશીને અમારા આત્માને વિલેપી રહ્યાં છે. હે દુષ્ટ, શું તું દેવોને તારા જેવા ક્રૂર અને ઘાતકી, અધાર્મિક અને અન્યાયી સમજે છે? બુદ્ધિ પર બળાત્કાર કરી રહેલા હે મૂઢ! આ સ્વયંવરની તને પૂરી માહિતી નથી છતાં તું આમ બોલે છે! તેં નથી નળ રાજાને જોયો કે નથી તેની પ્રિયા દમયંતીને નિહાળી! એ બંનેની ગેરહાજરીમાં આવું બોલવું એ તારા માટે શોભાસ્પદ નથી. તું કંઈક ગંભીર બની જા...પાપવૃત્તિનો ત્યાગ કરીને મનને નિર્મળ બનાવ. દેવોને તું હિંમત વગરના કહી નાખે છે...પણ તને ખબર નથી કે દેવો કોઈનું અકલ્યાણ કરતા નથી...ધર્મ, નીતિ, ન્યાય અને સંસ્કૃતિની મર્યાદાનો લોપ કરવામાં દેવોને કદી રસ પડતો નથી. એથી જ દેવો સંસારમાં આરાધ્ય બની શકયા છે. આ બધા દેવો સ્વયંવર શોભા વધારવા ગયા હતા...અને સહુએ નળ-દમયંતીને વરદાન આપીને સમૃદ્ધ કર્યાં છે. હે કલિ, તું દમયંતીને સામાન્ય માનવ નારી ન સમજતો. એ છે મધથી લેપાયેલ તલવારની ધાર જેવી! તેને ઈચ્છતા દુરાચારી પુરુષો દૂરથી જ નષ્ટ થઈ જાય છે. અને નળરાજા પણ સામાન્ય માનવી નથી એક રાજર્ષિ છે... ધૈર્યવાન છે. સર્વગુણ સંપન્ન છે. એ બંનેની નિંદા કરીને તું તારા મૃત્યુની યોજના કરીશ નહિ.'

દેવી સરસ્વતીનાં આવાં વચનોથી કલિ ભારે અમર્ષમાં આવી ગયો. તે બોલી ઊઠયો, 'સરસ્વતી, તું નળનાં વખાણ ન કર. તું કેવળ વાતોડિયણ માનવોના ભાટ બનવાનું કામ કરે છે. દેવોને કેમ ગમે છે

એ જ મને સમજાતું નથી. નળને તમે ગમે તેવો માનતાં હો... પણ એ રત્નચોર છે...દેવોનો શત્રુ છે...પામર માનવ છે. તમે બધાં યાદ રાખજો કે મારા જેવા અગ્નિસ્વરૂપ શત્રુ વડે પાપી નળ કોઈ કાળે સુખી થઈ શકશે નહિ...હું એને સુખમાં રહેવા નહીં દઉં. આજથી હું નળનો દુશ્મન છું...તમે બધા દેવો. દશે દિગ્પાલો ત્રણે લોકમાં સુઘોષા ઘંટનાદ કરીને જાહેર કરી નાખજો કે કલિ નળનો શત્રુ છે...મને એ અંગેનો કોઈ ભય નથી દમયંતીનું સતીત્વ કે લોકપાલોનાં વરદાનો નળનું કેવી રીતે રક્ષણ કરી શકે છે એ હું બરાબર જોઈ લઈશ. યાદ રાખજો, તમે બધા ધર્મની મર્યાદાના રક્ષકો ! હું નળને વગડે વગડે રઝળતો કરીશ...એના જ હાથે એની પ્રિયાનો ત્યાગ કરાવીશ...જો હું આમ ન કરી બતાવું તો તમારે મને તમારી સભામાં આસન આપવું નહીં. મારી સાથેનો કોઈ દિવસ મુસાફરી પણ ન કરવી...મારી સાથેનો સઘળો વ્યવહાર તોડી નાખવો !

ઈન્દ્ર મહારાજાએ શાંત સ્વરે કહ્યું: ' હે કલિ, તું ક્રોધનો ત્યાગ કર, તારા હૃદયને પ્રસન્ન બનાવ. અંધજન માફક સ્વેચ્છાએ શા માટે અવળે રસ્તે જઈ રહ્યો છે ? સ્વયંવર મંડપમાં અમે ગયાં હતાં એથી અમે તારા ક્રોધના પાત્ર બની શકીએ...પરંતુ નળ પ્રત્યે તારે શા માટે ક્રોધ કરવો જોઈએ ? આ વિશ્વનાં સ્ત્રી હોય કે પુરુષ હોય ધનવાન હોય કે ગરીબ હોય, જુવાન હોય કે વૃદ્ધ હોય, પરંતુ સહુનું આચરણ શ્રેષ્ઠ અને મહાન હોવું જોઈએ. જે કોઈ માનવી સદાચારી છે, તે દેવોને માનનીય હોય છે દુર્જન પુરુષો કર્પૂરમાં શ્યામ રંગ, ચંદનમાં ઉગ્રતા અને સત્સંગમાં શઠપણું હોય એમ માને છે... પરંતુ દુર્જન ગમે તે માને એથી પવિત્ર પુરુષોના ગુણમાં પરિવર્તન થતું નથી. મહાદેવી દમયંતી અને શ્રેષ્ઠ પુરુષ નળના ગુણ સાંભળીને તારે શા માટે અકળાવું જોઈએ ? ધર્મજ્ઞ નળ સાથે વેર બાંધવામાં તને શો લાભ થવાનો છે ? નળને નષ્ટ કરવાની ઈચ્છા રાખનારો

તું ખરેખર મને ટીટોડા જેવા જ લાગે છે. ટીટોડો કોઈ કાળે સમુદ્રના જળનું શોષણ કરી શકતો નથી...તું એવો મિથ્યા પ્રયત્ન કરીશ નહિ...એથી તું મનુષ્યલોકમાં પરિહાસને પાત્ર બનીશ. માટે તું નળદમયંતી પ્રત્યેનો રોષ છોડી દે...'

અમર્ષમાં આવેલા માણસો સાનભાન ગુમાવતા હોય છે કલિએ ઊગ્ર સ્વરે કહ્યું, 'તમારા સર્વ સમક્ષ હું પ્રતિજ્ઞા કરું છું કે નળને રાજભ્રષ્ટ કર્યા પછી જ હું સ્વર્ગમાં આવીશ આ કાર્ય નહિ થાય ત્યાં સુધી હું પૃથ્વીપીઠ ઉપર જ રહીશ....મારી શિખા મુક્ત રાખીશ.' ત્યાં સુધી હું કલિયુગે પોતાનો ડાબો પગ પછાડયો.

દેવો કશું બોલ્યા નહિ. દુર્જન પુરુષો હિતવાણીને પણ વિષરૂપ માનતા હોય છે. ઘી વડે સિંચાયેલો અગ્નિ જો શાંત થાય તો જ ખલ પુરુષ મધુર વાણીથી શાંતિ પામે. પ્રારંભિક જ્વરવાળાને જલસ્નાન વડે જ્વરની વૃદ્ધિ થાય છે. તેમ, શાંત વચનો વડે મુખનો ક્રોધ વધારે વેગવાન બને છે.

આમ વિચારી દેવતાઓ પોતાના માર્ગે ચાલતા થયા.

પ્રતિજ્ઞા લઈ બેઠેલો કલિ પૃથ્વીપીઠ તરફ જવા વિદાય થયો.

## પ્રકરણ ૨૨ મું : : કલિનો પ્રવેશ!

**જ્યાં** સુધી મનગમતી વસ્તુ મળે નહિ, ત્યાં સુધી મનને ચેન પડતું નથી અને મનપ્રિય વસ્તુ પ્રાપ્ત થતાં જ તૃપ્તિ, આનંદ અને ચેતના ઊભરાવા માંડે છે. એમાંય સંસારની સર્વશ્રેષ્ઠ સુંદરી નારી પત્ની રૂપે પ્રાપ્ત થાય છે ત્યારે માનવી પોતાને સર્વ વાતે સુખી અને સંપૂર્ણ માનતો બની જાય છે.

નળ અને દમયંતીનો પ્રણયોલ્લાસ એટલો મસ્ત બની ગયો હતો કે દિવસ અને રાત ક્યારે વિદાય લે છે તેની જાણે કલ્પના જ આવતી નહીં.

સપ્તાહ નહિ પણ મહિનાઓ વીતવા માંડયા. રાણી કનકાવલી એકાએક બીમાર પડી ગઈ અને ટૂંકી માંદગી ભોગવીને મૃત્યુ પામી. નળે પોતાની પ્રથમ પત્નીની સારવાર કરવામાં કોઈ મણા ન રાખી... દમયંતી પણ નાની બહેન બનીને કનકાવલીની શય્યા પાસે જ બેસી રહી...પણ મૃત્યુને કોઈ રોકી શકતું નથી...સ્વામીનાં ચરણમાં મસ્તક રાખીને નવકારમંત્રનું સ્મરણ કરતાં કરતાં કનકાવલીએ વિદાય લીધી.

એ વાતને પણ ત્રણ માસ વીતી ગયા.

નળ અને દમયંતીનો પ્રેમ કલ્લોલ એવો ને એવો મસ્ત બની રહ્યો...આમ છતાં બને મોહાંધ નહોતાં બન્યાં...ધર્મકાર્ય, દેવપૂજા, રાજકાર્ય, પ્રજાના પ્રશ્નો, વગેરેમાં બંને રસ લેતાં અને જનતાને કોઈ પ્રકારનું દુઃખ રહેતું નહિ.

કોઈ પણ યાચક પાછો ફરતો નહિ. કોઈ પણ પ્રજાજનનું દુઃખ દૂર કરવામાં નળ કે દમયંતી પ્રમાદ સેવતાં નહિ.

બીજી બાજુએ, કલિએ લીધેલી પ્રતિજ્ઞા દેવલોકમાં ભારે રસપ્રદ બની ગઈ હતી. દેવતાઓ નળ પ્રત્યે મમતાવાળા બન્યા હતા અને કલિના હાથે નળરાજાનું અકલ્યાણ ન થાય એ માટે ચિંતા પણ કરતા હતા. દુષ્ટ કલિ એક હાથ વડે તાલી બજાવવા ઈચ્છતો હતો. નિર્દોષ નળદમયંતીને નષ્ટ કરવા માગતો હતો. કાનમાં પ્રવેશેલા મચ્છરથી જેમ હાથી પરેશાન થાય છે તેમ છિદ્રમાં પ્રવેશેલ હીન વ્યક્તિથી સમર્થ ગણાતો પુરુષ પણ વ્યથા ભોગવે છે.

એક દેવના હૃદયમાં ખૂબ જ ભાવના જાગી હતી અને તેણે મહારાજા વીરસેનના એક બંધુ, જે નળના કાકા થતા હતા તેઓ મૃત્યુ પામીને પાતાલલોકમાં કર્કોટક નામના નાગરાજ થયા હતા. તે

નાગરાજને સંદેશો આપ્યો, ' આપના પ્રિય બંધુ વીરસેનનો પુત્ર નળ ધર્મિષ્ઠ અને સદાચારી છે. આપને માટે તે પ્રીતિપાત્ર છે...આપના મહાનવંશનો કુળદીપક છે. કલિયુગ એના પ્રત્યે અકારણ રોષે ભરાયો છે. અને નળ તથા તેની અર્ધાંગના દમયંતીને નષ્ટ કરવાનો તેણે સંકલ્પ કર્યો છે. તો હે નાગરાજ, પૂર્વભવનાં સ્નેહબંધનના કારણે આપ નળ રાજાની બુદ્ધિ ભ્રષ્ટ બને તે અવસરે તેની રક્ષા કરજો.'

આ તરફ, કલિ પૃથ્વીપીઠ પર આવી પહોંચ્યો હતો...સહુથી પ્રથમ તે સમગ્ર આર્યાવર્તને નિહાળવા નીકળી પડયો.

અને અહીં નિષધાનગરીમાં દેવી દમયંતી સગર્ભા બની. પોતાની પ્રિયતમા આવતી કાલે માતા બનશે એવું જાણીને નળ ખૂબ જ હર્ષિત બન્યો.

દમયંતી સ્વસ્થ હતી છતાં તેની કાળજી રાખવાની નળે યોજના કરી. દમયંતીની પ્રત્યેક ઇચ્છાને પૂરી કરવા નળ સદાય તત્પર રહેવા માંડયો.

જેમ જેમ ગર્ભની વૃદ્ધિ થતી જતી તેમ તેમ દમયંતી વધારે તેજસ્વી જણાતી માતૃત્વનું મંગલ તેજ તેના વદન પર ખીલી ઉઠયું હતું, અને પૂરા દિવસે દમયંતીએ બે બાળકોને જન્મ આપ્યો...એક પુત્ર હતો. બીજી કન્યા હતી.

રાજભવનમાં વધાઈની ઝાલરી રણકી ઊઠી.

શુભ સંદેશ આપનારી પરિચારિકાઓને નળ રાજાએ રત્નાભરણોથી નવાજી.

અને દસ દિવસનો જન્મોત્સવ ઊજવવાની મંત્રીઓને આજ્ઞા કરી. નગરીનાં તમામ મંદિરોમાં ઉત્તમ દ્રવ્યોના થાળ મોકલવામાં આવ્યા. સમગ્ર જનતા હર્ષથી નાચવા માંડી. નળે દાનનો પ્રવાહ છૂટે હાથે વહેતો કર્યો. વળતે જ દિવસે આ શુભ સમાચાર એક દૂત દ્વારા મહારાજા ભીમને મોકલી આપ્યા.

દસમે દિવસે બંને સંતાનોનો નામકરણ મહોત્સવ થયો. ઈન્દ્રના વરદાનથી આ સંતાનો થયેલાં હોવાથી પુત્રનું નામ પાડયું ઈન્દ્રસેન અને કન્યાનું નામ પાડયું ઈન્દ્રસેના ! જેમ સૂર્ય અને ચંદ્રથી ગગન મંડળ શોભે તેમ આ બે બાળકો વડે રાજભવન શોભી ઊઠયું.

ખરેખર, બાળકો ભવનની, વંશની અને જીવતરની શોભા છે. જ્યાં બાળકોના કલરવ નથી ત્યાં સંપત્તિ ને સત્તા ચાહે તેટલાં પ્રબળ હોય તો પણ સાવ નિષ્ફળ અને અર્થશૂન્ય છે.

ધીમે ધીમે બાળકો મોટાં થવા માંડયા...બંને બાળકો માટે રાખેલી ઉત્તમ ધાવમાતાઓ પોતાનાં પ્રિય સંતાન માફક બંને બાળકો પ્રત્યે મમતા રાખવામાં કર્તવ્ય સમજતી હતી અને નળ અને દમયંતી તો બાળકોની પા પા પગલી જોઈને ખીલી ઊઠતાં ...અને જ્યારે બંને બાળકો કાલી કાલી વાણી વડે બોલવા માંડયાં ત્યારે સમગ્ર રાજભવન હર્ષના કલ્લોલ વચ્ચે રમવા માંડયું.

અને આર્યાવર્તમાં વિવિધ વેશે ઘૂમી રહેલો કલિ નિષેધાના પાદરમાં આવી પહોંચ્યો. તેની સાથે તેના કેટલાક સાથીઓ હતા. કલિએ પોતાના સાથીઓને વિદાય આપતાં કહ્યું : 'તમે બધા હવે ચાલ્યા જાઓ...આપણે આર્યાવર્તનું નિરીક્ષણ કરી લીધું છે... સમગ્ર આર્યાવર્તમાં મારી આણ ફેરવતાં હજારો વર્ષ લાગે તેમ છે. કારણ કે જ્યાં જ્યાં આપણે જોશું ત્યાં ત્યાં ધર્મ અને સદાચારની અવિરત આરાધના થતી હોય છે. આ સંયોગોમાં આપણને હજી ઘણી વાર છે...પુણ્યને પાછાં ઠેલવાનું કાર્ય કરવા જતાં કદાચ આપણે જ ભીંસાઈ જઈએ. આર્યાવર્તનાં પુણ્યતેજ કંઈક હળવાં પડે ત્યાં સુધી આપણે આપણા ધામમાં જ રહીશું...પરંતુ નળ રાજાને નષ્ટ કરવાની મેં પ્રતિજ્ઞા લીધી છે...એ પૂરી કર્યા વગર મારાથી પૃથ્વીપીઠનો ત્યાગ થઈ શકે એમ નથી. વળી. નળ રાજા નિર્મળ ચિત્તવાળો, પ્રજાપ્રિય, શક્તિસંપન્ન, સદાચારી, ધર્માશ્રયી

અને તેજસ્વી છે. એનો તેજોવધ કરતાં મને થોડો સમય લાગશે એટલે આપ સહુ આપણા નિવાસ સ્થળે ચાલ્યા જાઓ.'

'મહારાજ, આપ તો મહાન શક્તિવંત છો...ઈન્દ્ર પણ આપનાથી ધ્રુજે છે. અને અમે આપની સેવા માટે તત્પર છીએ.' એક સૈનિકે કહ્યું.

'તારી વાત સાચી છે. પણ મારે તો નળને પરાજિત કરવો છે. આપણે સ્વર્ગમાંથી અભિમાન લઈને આવ્યા છીએ...નળ સહેલાઈથી સપડાય તેમ નથી. મારે છિદ્ર જોવું પડશે. મને જરા દોષ દેખાશે એટલે હું એના ચિત્તને ખળભળાવી મૂકીશ અને તેને હણવા સુધીનો પ્રયત્ન કરીશ. દમયંતી અથવા નળ બેમાંથી એકનો નાશ કર્યા પછી જ હું સ્વર્ગમાં પાછો આવીશ. ત્યાં સુધી મારે કોઈની સેવાની જરૂર નથી. કારણ કે મારા કામ પાછળ કદાચ મહિનાઓ વીતે. વરસો પણ વીતે. એથી આપ સહુ સ્વર્ગમાં જઈને મારી પ્રતીક્ષા કરજો. મને જરૂર પડશે તો હું તમને બોલાવીશ.'

સેવકો–સાથીઓને વિદાય કરી કલિ નગરીમાં દાખલ થયો. પ્રથમ તો તેણે સમગ્ર નગરીનું નિરીક્ષણ કર્યું. ત્યાર પછી જેમ કોઈ ચોર પોતાને છુપાવાનું સ્થળ શોધે તેમ કલિ વિશ્રામ માટેનું સ્થળ શોધવા શેરીઓ, મહોલ્લાઓ અને ગલીઓમાં ઘૂમવા માંડ્યો... પણ પોતાને યોગ્ય સ્થળ તેને ક્યાંય ન દેખાયું. ફરી ફરીને તે થાકી ગયો હતો...નળ રાજાની પ્રશંસા સાંભળીને તેને સુખ પણ થયું હતું. અને દરદ પણ થયું હતું. નગરીમાં એક કોઈ સ્થળ નહોતું જ્યાં તેને કંઈકે નિરાંત મળે...કારણ કે સમગ્ર નગરી પર ધર્મ અને સદાચારની છાયા હતી. ઠેકઠેકાણે ધર્મનાં જયગીત ગવાતાં અને એ સાંભળીને કલિના કાનમાં જાણે ધગધગતું સીસું રેડાતું...તે ભારે વિહ્વલ બની જતો. શૃંગારથી સોહામણી લાગતી વારાંગનાઓને જોઈને તે ખુશ થતો...પરંતુ એ જ વારાંગનાઓને

દેવમંદિરના રંગમંડપમાં નૃત્ય કરતી જોતો ત્યારે તેનો ક્રોધ અંતર-જ્વાળા સમો બની જતો.

આ રીતે, વ્યાકુળ બનેલો કલિ નગરીમાંથી બહાર નીકળી ગયો. અતિ મનોહર ઉદ્યાનો ઘણાં હતાં પરંતુ ત્યાં દેવપૂજા માટે વપરાતાં ફૂલ છોડો, લત્તા મંડપો અને વૃક્ષો જોઈને કલિની અંતરવેદના વધી પડી. નળરાજાના રાજ્યમાં શું પોતાને રહેવા માટેનું કોઈ અપવિત્ર સ્થળ રહ્યું જ નથી આવા નળને મારે નષ્ટ કરવો જ પડશે...એ વગર મારા ઉત્તાપને શાંતિ મળશે નહીં...મારા અંતરને પ્રજાળતી જ્વાળાને ઠારી શકાશે નહિ. આમ વિચારતો કલિ કોઈ છૂટા છવાયા વૃક્ષની શોધમાં ઘૂમવા માંડયો...થાકેલા કલિને છેવટે બિભિતકનું એક વૃક્ષ દેખાયું...એકલું, અટૂલું અને ફરફર થતું પલ્લવવાળું બહેડાનું. એ વૃક્ષ જોઈને કલિ મનથી નાચી ઊઠયો અને પોતાને જાણે મહાન આશ્રય મળ્યો હોય તેમ તે બહેડાના વૃક્ષને વળગી પડયો અને છેક ઉપરની ડાળે બેસીને વિસામો લેવા માંડયો. આ વૃક્ષ પર રહીને તેણે પોતાની અદ્રશ્ય કાયા એટલી વિસ્તૃત બનાવી કે ત્યાં બેઠે નળના રાજભવનને અને નગરીને તે બરાબર જોઈ શકતો.

આમ, એક આંખવાળા કાગડાસમો અને દુષ્ટ બુદ્ધિથી ભરેલો કલિ મહારાજા નળના દોષ નિહાળવા કાળજી રાખવા માંડયો...પરંતુ બે ચાર નહીં, અનેક વર્ષો વીતવા છતાં તે નળમાં કોઈ દોષછિદ્ર જોઈ શકયો નહીં.

કલિ જોતો હતો કે નળ ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરુષાર્થોને સમભાવે સેવી રહ્યો છે! તે કોઈ દિવસ પ્રજાની બહેન દીકરી પ્રત્યે દુષ્ટતાભરી નજર સરખીવ કરતો નથી. પોતાની પ્રિયા દમયંતીથી તે મહાન સુખી છે...બંનેના સમર્પણભાવમાં પણ ઉણપ આવતી નહોતી... ઉત્તરોત્તર મોટાં થઈ રહેલાં બંને બાળકો આનંદ અને ઉલ્લાસની જીવંત છબી સમાં શોભતાં હતાં. નળ આ

લોકનું સુખ ભોગવતો હોવા છતાં પરલોકથી ભય પામતો હતો અને તેના સ્વભાવમાં સત્ય, પવિત્રતા, નિર્દંભ અને વિનયાદિ ગુણો ઉત્તરોત્તર ખીલી રહ્યા હતા. આ બધું જોઈને કલિ ભારે વિમાસણમાં પડી જતો...તેના મનમાં થતું, નળ સ્નાનશુદ્ધ બને છે તે વખતે પણ એના અંગનું એક છિદ્ર સરખુંયે સ્નાનહીન રહેતું નથી. કલિ સમજતો હતો કે એની કાયામાં પ્રવેશ કર્યો સિવાય એના મનોભાવને વિકૃત કરી શકાશે નહિ અને મનોભાવની વિકૃતિ થયા વગર નળને પરાજિત કરી શકાશે નહિ.

રાહ જોતાં વરસો પસાર થવા માંડયાં છતાં કલિએ જરાયે ધૈર્ય ગુમાવ્યું નહિ અને જે પળની તે રાહ જોતો હતો તે મનગમતી પળ આવી ગઈ. એક દિવસ નળ સ્નાન કરીને ઊભો થયો. અને પગની મધ્યમાં અંગૂલિનું એક છિદ્ર અશુદ્ધ રહી ગયું. આ તકને કલિએ વગર વિલંબે ઝડપી લીધી. તરત તેણે એ અશુદ્ધ છિદ્ર વાટે નળની કાયામાં પ્રવેશ કર્યો.

જેમ તીવ્ર વિષને પ્રસરતાં વાર લાગતી નથી તેમ તીવ્ર ફળ આપનારા કલિએ નળની કાયામાં પ્રવેશ કરીને સપ્ત ધાતુઓમાં પોતાનું સ્થાન જમાવી દીધું. અર્થાત તે રોમરોમમાં વ્યાપી ગયો.

નળની કાયામાં પ્રવેશ કરીને નળને નષ્ટભ્રષ્ટ કરવાની ઈચ્છાવાળા કલિએ જોયું કે કાયામાં પ્રવેશ કરવા છતાં નળના મનોભાવને સહેલાઈથી વિકૃત કરી શકાય એમ નથી. આ માટે કંઈક એવું કરવું જોઈએ કે જેથી નળ ધર્મકરણીમાંથા, રાજકાર્યમાંથી અને સદાચારનાં કાર્યમાંથી કંઈક વિચલિત બને. આ માટે શું કરવું ? કલિને એક ઉપાય મળી આવ્યો. જો નળ દ્યુતક્રીડામાં રસ લેતો થાય તો તેના મનોભાવમાં વિકાર પેદા કરી શકાય. કારણ કે જુગારનો નાદ માનવીને પોતાના મંગલ કર્તવ્યમાંથી ચલિત બનાવી શકે છે, આ વિચાર

આવતાં જ કલિએ જુગારના સ્વામી ગણાતા દૂરોદર નામના દેવનું સ્મરણ કર્યું.

ચોરી, અસત્ય, માયા, લુચ્ચાઈ, ચુગલી, વગેરે દૂષણોથી સમૃદ્ધ બનેલો દૂરોદર વળતી જ પળે કલિ સમક્ષ હાજર થયો અને વિનયાવતન ભાવે બોલ્યો. 'શી આજ્ઞા છે, મહારાજ ?'

આ રીતે દૂરોદરને આવેલો જોઈને કલિએ હર્ષભર્યા સ્વરે આદેશ આપ્યો: 'તું નળ રાજાના જમણા હાથમાં નિવાસ કર.'

મહાપરાક્રમી કલિનો આદેશ મળતાં જ નમન કરીને દૂરોદરે કહ્યું : 'જેવી આજ્ઞા...!'

અને તરત દૂરોદરે નળની જમણા હાથની હથેળીમાં સ્થાન લીધું.

નળ પોતે પળ માટે પણ અસાવધ રહેતો નહેતો. પોતાની કાયામાં બે દુષ્ટ દેવોએ સ્થાન લીધું છે એની પણ તેને કલ્પના આવી નહોતી.. પરંતુ દૂરોદરના પ્રભવથી નળ રાજાના મનમાં દ્યુત રમવાનો ભાવ જાગવા માંડયો...અને ચાર છ દિવસમાં તો દ્યુત ક્રીડાની એષણા એવી થઈ પડી કે તે પોતાનાં કાર્યોમાં કંઈક પ્રમાદ સેવતો થઈ ગયો. જેમ ખરજવા પર મીઠી ચળ આવે તેમ તેનો જમણો હાથ દ્યુત રમવા માટે સળવળાટ અનુભવવા માંડયો.

મહામંત્રી શ્રુતશીલે એક દિવસ મહારાજ નળ સામે જોઈને કહ્યું 'મહારાજ, છેલ્લા કેટલાક દિવસથી આપ કંઈક અસ્વસ્થ અથવા અન્યમનસ્ક હો એમ મને કેમ દેખાય છે ?'

'મિત્ર, એવું ખાસ કોઈ કારણ નથી...પણ મનમાં એક તીવ્ર ઈચ્છા કેમ જાગી છે તે મારાથી સમજી શકાતું નથી.'

'કઈ વસ્તુની તીવ્ર ઈચ્છા થાય છે ?'

'મનમાં થાય છે કે મનોરંજન ખાતર એકાદ વાર દ્યુતક્રીડા રમું...'

શ્રુતશીલ આ સાંભળીને હસી પડયો અને હસતાં હસતાં બોલ્યો મહારાજ, સંસારલક્ષી પુરુષોએ દ્યુતથી દૂર રહેવું જોઈએ. જેમ

મદ્યપાન માનવીની મનોવૃત્તિને ભ્રષ્ટ કરે છે, તેમ જુગાર પણ માનવીના ગુણોને ભરખી જાય છે!'

'હુ સમજું છું છતાં મનમાં આવું થયા કરે છે.'

'પરંતુ મનોરંજન માટે તો બીજાં નિર્દોષ સાધનો અનેક પડયાં છે.' મહામંત્રીએ કહ્યું.

'એ જ મારા માટે આશ્ચર્ય બન્યું છે. ઘણા વિચારો આવે છે. છતાં જુગાર ખેલવા માટે જાણે હાથને ચળ આવતી હોય એમ લાગ્યા કરે છે. બીજી રીતે વિચાર કરીએ તો મનોરંજન એ દૂષણ નથી. એમાં લુબ્ધ બનવું એ જ દૂષણ છે.' નળે કહ્યું.

'છતાં દોષ જ છે નિર્દોષ ભાવે સ્વીકારાતાં દૂષણો પણ ઘણી વાર ભારે વેદનાકારક બની જતાં હોય છે. મને લાગે છે કે આપ એક વાર...'

'શું?'

'મહાદેવીને લઈને એકેક માસના પ્રવાસે ચાલ્યા જાઓ... પ્રવાસનો આનંદ આપના મનને અવશ્ય ચંચળ બનતું અટકાવશે.'

'આ વિચાર ઉત્તમ છે.' નળે કહ્યું.

પણ મહામંત્રીના ગયા પછી નળને થયું. પ્રવાસનો આનંદ તો ઘણો ભોગવ્યો છે...એમાં મજા જરૂર છે પણ જય પરાજયના આંદોલનો જગાડનારી શકિતનો એમાં અભાવ છે.હારજીતના આંદોલનો અંતરમાં નજાગે ત્યાં સુધી બધું સાવ રસહીન હોય છે.

અને બે દિવસ પછી નળે પોતાના ઓરમાન ભાઈ કુવરને દ્યુતક્રીડા માટે નિમંત્રણ પાઠવ્યું.

કુંવર નળનો ઓરમાન ભાઈ હતો અને નળની કૃપાથી ખૂબ સુખી હતો. પિતાએ તેને સુખપૂર્વક રહી શકાય એવું નાનું રાજ્ય પણ આપ્યું હતું અને નળે નિષધામાં જ તેના માટે એક ભવ્ય રાજપ્રાસાદ બંધાવી આપ્યો હતો.

મોટા ભાઈના નિમંત્રણનો કુંવરે હર્ષભર્યા હૈયે સ્વીકાર કર્યો. તેના મનમાં થયું કે મહારાજ દ્યુત પ્રત્યે કદી નજર પણ ન કરે ને મને શા માટે બોલાવ્યો હશે! સંભવ છે કે નિર્દોષ આનંદ ખાતર તેમણે આ નિમંત્રણ આપ્યું હોય.

બીજે જ દિવસે કુંવર આવી ગયો. નળની આજ્ઞાથી રાજસભાના જ એક ખંડમાં દ્યુતક્રીડાનું આયોજન થયું.

## પ્રકરણ ૨૩ મું : : જુગારની જવાળા

મનોરંજન જ્યારે વ્યસન બની જાય છે, ત્યારે જીવનના આદર્શો આપોઆપ કથળવા માંડે છે.

મનોરંજન ખાતર શરૂ કરવામાં અવેલો જુગાર પંદર દિવસે પણ બંધ ન થયો અને પરિસ્થિતિ એવી સરજાણી કે જુગારમાં આસક્ત બનેલો નળ પોતાના નિત્ય કાર્યમાં પ્રમાદ સેવવા માંડયો. જપ, તપ, સ્નાન, દાન, ધ્યાન, રાજકાર્ય, ભોજનકાર્ય વગેરેમાં તે નિયમિત રહી શકતો નહોતો. સાયં ભોજનથી નિવૃત્ત થયા પછી તરત જુગારનો પ્રારંભ થતો અને તે રાતના ત્રીજે પ્રહર પર્યંત ચાલતો. આ પરિસ્થિતિમાં નળ પોતાની અતિ પ્રિય દમયંતીને પણ વધુ સમય મળી શકતો નહિ...અલ્પદર્શન આપીને ચાલ્યો જતો. ગ્રહથી ગ્રસિત થયેલો મેઘ જેમ ધાન્ય નિપજાવી શકતો નથી, તેમ દ્યુતથી ગ્રસિત થયેલો નળ રાજકાર્યને સ્થિર રાખી શકતો નહિ. અને નળની પ્રિય પ્રજામાં પણ પોતાનો રાજા જુગારના છંદે ચડયો છે અને રાતદિવસ જુગારની જ આરાધના કરે છે એવી વાતો દુઃખભરી ચર્ચાનો વિષય બની ગઈ.

મહામંત્રી શ્રુતશીલ અને અન્ય મંત્રીઓ જુગાર જીવનની બરબાદી થનાર છે એમ આડકતરી રીતે અવારનવાર સમજાવવા માંડયા. ઉપદેશાત્મક શાસ્ત્રીની વાતો કહેવા માંડયા પરંતુ નળના હૃદય પર જુગારની રમતે એવો અધિકાર જમાવ્યો હતો કે સમજવા છતાં તે જુગારથી નિવૃત્ત લઈ શકયો નહિ.

પોતાનો પ્રાણાધાર સ્વામી જુગારરૂપી વિષના આસક્ત બન્યા છે એ વાત દમયંતી જાણી ગઈ હતી છતાં તે ધૈર્ય રાખી રહી હતી... પરંતુ મહામંત્રી અને અન્ય સજ્જન પુરુષોએ મહાદેવી દમયંતીને કંઈક કરી છૂટવાની વિનંતિ કરી...પરંતુ દમયંતી પ્રયત્ન કરે કેવી રીતે ? સ્વામી મળવા આવતા પણ અલ્પ સમય માટે. કુશળ પૂછી... એ પ્રેમવચનો કહી પાછા ચાલ્યા જતા.

એક દિવસ ઝરૂખામાં બેઠેલી દમયંતીએ સ્વામીને ભવનમાં આવતાં જોયા એટલે તે તરત દ્વાર પાસે ગઈ અને ભક્તિભર્યા ભાવે પતિનું પૂજન કર્યું. સદાચારથી ભ્રષ્ટ થયેલો પ્રિયતમ પતિ પણ કુલિન સ્ત્રીઓ માટે સદાય પૂજનીય રહે છે.

નળે પત્ની સામે જોયું. પત્નીના દેહ પર અલંકારો નહોતા વદન પર ચિંતાની વાદળીઓ વસી ગઈ હતી ભારે દુઃખથી આંખો કરમાયેલા કમળ જેવી બની ગઈ હતી. આ જોઈને નળે શાંતસ્વરે કહ્યું : 'પ્રિયે, તું જ કહે હુ તને શું પ્રશ્ન કરું ? તું તો મારી સઘળી વાત જાણે છે... તારાથી કશું ગુપ્ત છે જ નહિ...છતા મારા પ્રાણની આધારરૂપ તું જ છે. આવી દુઃખભરી અવસ્થા કેમ બની ગઈ છે ? મહારાજા ભીમની લાડલી પુત્રીનું આવું અલંકાર વિહીન સ્વરૂપ જોઈને મને ભારે દુ:ખ થાય છે. પ્રિયે, તારું મન તો પ્રસન્ન છે ને ? તારું શરીર તો નિરોગી છે ને ? હે કૃશોદરી, આમ કેમ બની ગઈ છે ? શું કોઈ તારા પ્રત્યે દ્વેષ રાખે છે અથવા તારી આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે ?'

દમયંતી મૌન રહી નીચી નજરે જોતી એમ ને એમ ઊભી રહી.

નળે પ્રેમભર્યા સ્વરે કહ્યું: 'પ્રિય, શું તને કોઈનો ભય લાગે છે અથવા કોઈ પ્રત્યે તારા મનમાં રોષ થયો છે?' તું ઉચ્ચ રાજવંશની કન્યા છે ને ઉચ્ચ રાજવંશની કુળવધૂ છે. આમ બંને પક્ષથી વિશુદ્ધ અને ઉચ્ચ હોવા છતાં તારા પર મને ગ્લાનિ કેમ દેખાય છે? દેવી, તું પ્રસન્ન નજરે મારા સામે જો અને તારી મનોવેદનાનું જે કંઈ કારણ હોય તે મને કહે.'

દમયંતી કશું બોલી નહિ... એમ ને એમ ઊભી રહી. નળે પત્નીનો હાથ પકડી લીધો... ત્યાર પછી ધીરેધીરે પોતાના ખંડમાં પ્રિયતમાને લઈ ગયો અને આ ઉદાસી શા માટે છે એ જણાવવા માટે નળે પોતાના સોગંદ આપ્યા.

દમયંતીએ સ્વામી સામે નજર કરી અને મસ્તકે બંને હાથ જોડીને કહ્યું: 'શરીર પર માત્ર અલંકારો સહિત મને હંમેશ જોનારા આપ શા માટે ખેદ પામો છો? ભારે બોજારૂપ એવા રત્નજડિત અલંકારની મારે શી જરૂર છે? આપ પોતે જ મારા માટે અલંકાર-રૂપ છો. જેમ કમળ વગરની છતાં જળથી ભરેલી વાવ શોભે છે, તેમ સુંદર વસ્ત્રાભૂષણથી રહિત, પરંતુ સ્વામીથી પ્રેમ પામેલી પત્ની શોભે છે. જે પરાક્રમ સાહસિક કર્મોથી રહિત સૈન્ય દળનો ધ્યાન વૃથા છે, તે રીતે જેનો પતિ પ્રતિકૂળ છે તે સ્ત્રીઓને વસ્ત્રાભૂષણો પણ નિરર્થક હોય છે. મહારાજ, આપની કીર્તિથી સમગ્ર આર્યાવર્ત ઉજ્જવળ બનેલ છે. તેથી શૃંગાર વિહોણી હોવા છતાં આપની કીર્તિ જ મારા માટે પ્રકાશ છે. સ્વામી, હું આપની અર્ધાંગના છું એ ગૌરવથી સ્વર્ગને શોભાવનારી અને સુખમાં રહેનારી ઈન્દ્રાણી પણ મને તુચ્છ છે. આપની કૃપાથી સર્વ પ્રકારે સુખી હોવા છતાં પણ અત્યારે મારો ભાગ્યસ્વામી વાદળદળ પાછળ છુપાવા માંડયો છે અને દુર્ભાગ્ય રૂપી અંધકારનો પૂંજ જામતો જાય છે. કારણ કે

આનાથી મને અલગ રાખી રહેલી દ્યુતક્રીડા રૂપી શોક્ય સામે આવીને ઊભી છે સ્વામી, વેશ્યાની માફક નિર્લજ્જ અને ધનનો નાશ કરનારી દ્યુતક્રીડા કોને નષ્ટ નથી કરતી? જેનો શાસ્ત્રવેત્તાઓ, સજ્જનો અને નીતિશાસ્ત્રીઓ સદાય વિરોધ કરતા રહ્યા છે...તે દ્યુતક્રીડાના સેવનથી માત્ર ધનહાનિ થાય છે એમ નથી પરંતુ સઘળાં સુખો વિલય પામે છે. જુગારમાં સપડાયેલો માનવી શુભ કાર્યો પ્રત્યે શિથિલ બનતો જાય છે અને પોતાના પ્રિય પરિવારને પણ વિસરતો જાય છે.

જુગારીનું કુળ પણ અપકીર્તિથી ખરડાય છે. નાથ, નાનાં મોટાં ગમે તે પ્રકારનાં વ્યસનો અંતે તો એકબીજાથી સંકળાયેલાં જ રહે છે...અને જેણે એક વ્યસન સત્કાર્યું હોય છે તેને અન્ય વ્યસનો આપોઆપ ઘેરી લે છે. આપ જ્ઞાની, ચતુર અને સદાચારી હોવા છતાં કેમ સમજી શકતા નથી કે વિષપાન કરવું ઉત્તમ, પર્વત પરથી આપઘાત કરવો સારો અને અગ્નિમાં કૂદવું પણ શ્રેષ્ઠ છે, પરંતુ દ્યુતક્રીડાના દાસ થવું એ સારું નથી. જુગાર એવી જ્વાળા છે કે એ ભાઈઓ વચ્ચેના પ્રેમ રજ્જુને પણ બાળી નાખે છે...મહારાજ, પુરાણ પણ કદ્રુ અને વનિતાનો એક પ્રસંગ આવે છે તે આપ ભૂલ્યા નહિ હો. એ બંને બહેનો વચ્ચે માત્ર વાણી પૂરતો જુગાર ખેલાયો હતો અને પરિણામ કેવું ભયંકર આવ્યું હતું?'

નળ પત્નીની વાણી સાંભળી રહ્યો.

દમયંતીએ પુનઃ કહ્યું, 'સ્વામી, અતિ કઠોર, કપટના આવાસ સમાન, નિંદનીય, સજ્જન હૃદયને શૂન્ય બનાવનાર અને પાપના પ્રવાહ જેવા જુગારનો આપ ત્યાગ કરો અને પુરુષાર્થથી પ્રાપ્ત કરી શકાય એવા નિર્મળ ધર્મકાર્યમાં સ્થિર બનો...આટલી મારી પ્રાર્થના આપ સ્વીકારો...હંમેશાં આપની કૃપાપાત્ર છું. તો હે આર્ય-પુત્ર, મારી આટલી વાત માન્ય રાખો.' આમ કહીને દમયંતી

સ્વામીનાં ચરમાં નમી પડી.

નળે બંને હાથ વડે પત્નીને પકડી લીધી અને હૈયા સરસી લેતાં કહ્યું : 'પ્રિયે, હવે હું જુગાર રમું તો મને તારા સોગંદ છે...તું શાંત થા .. પ્રસન્ન થા ..મને પ્રિય હોય છતાં તને પસંદ ન હોય તેવા સુખથી મને શો ફાયદો ? તને જે ગમે તે મને ન ગમતું હોય છતાં તારી પ્રસન્નતાને સંભાળી રાખવી એ મારું કર્તવ્ય છે. પ્રીતિમતી, તારા વગર હું એક પળ પણ જીવી શકું એમ નથી . તું જ મારું હાસ્ય છે, મારી પ્રેરણા છે...મારું બળ છે, મારું જીવન છે.'

દમયંતી પ્રિયતમના અંકમાં લપાઈ ગઈ.

નળના મનમાં થયું, જેનાથી મારી અર્ધાંગનાને સંતાપ થતો હોય તે દ્યુતક્રીડાને ધિક્કાર હો !

નળ પ્રિયા પાસે જ રોકાઈ ગયો. બંનેએ સાથે બેસીને સાયં-ભોજન પતાવ્યું...બંને સાથે શ્રી જિન મંદિરમાં ગયાં અને નળરાજા પોતાની પ્રિયતમા પાસે જ રોકાઈ ગયો.

અંતઃપુરની દાસીઓ મારફત મહારાજાના આ પરિવર્તનની વાત સાંભળીને શ્રુતશીલ વગેરે મંત્રીઓને ભારે આનંદ થયો.

રાત્રિ વીતી ગઈ...સવારે નળ પ્રાતઃકાર્યમાં પરોવાઈ ગયો. જુગારના નામ માત્રથી તે શરમ અનુભવતો હતો.

આઠ દિવસ જુગાર વગર પસાર થઈ ગયા. નળના આવા પરિવર્તનથી કલિ ભારે ક્રોધાયમાન થઈ ગયો, જેમ વિષમ જ્વર કોપાયમાન થાય છે તેમ તેણે દૂરોદૂરને કહ્યું. 'દૂરોદર, આ તો ભારે થઈ. મારી ને તારી શક્તિનું આ ઓછું અપમાન નથી.'

દૂરોદરે વિનયપૂર્ણ સ્વરે કહ્યું 'મહારાજ, મેં તો આપની આજ્ઞા મુજબ નળ જુગારમાં વધુ રસ લેતો થાય એ રીતે કર્યું હતું. જો આપે આજ્ઞા આપી હોત તો એને બરાબર પરાજય અપાવત.'

'હવે તારે વિલંબ કરવાનો નથી.'

'પરંતુ નળના મનનું પરિવર્તન કરવાન 'મારામાં શક્તિ નથી.

એ કાર્ય તો આપ સમા સમર્થ જ કરી શકે.' દૂરોદરે કહ્યું.

'સારું, એના મનને હું ફરી વાર ચંચળ બનાવીશ.' કલિએ કહ્યું.

બીજા પાંચ દિવસ વીતી ગયા. કલિના પ્રભાવથી નળના મનમાં વારંવાર દ્યુતક્રીડાના આનંદની તમન્ના નાચવા માંડી. છઠ્ઠે દિવસે તેણે પોતાના એક અંગત સેવકને આજ્ઞા કરી, 'તું કોઈને ખબર ન પડે તે રીતે કુંવરરાજ પાસે જા અને કહેજે કે આજ સંધ્યા પછી તરત આવે.'

સેવક કંઈ જીભે પ્રતિવાદ કરી શકે ? તે તરત વિદાય થયો. જો કે આટલા દિવસોની રમતમાં બંને ભાઈઓનાં પાસાં સરખાં રહ્યાં હતાં...નળ માત્ર પાંચેક હજાર સુવર્ણમુદ્રાઓ હાર્યો હતો, જેની કોઈ વિસાત નહોતી.

સાયં ભોજન પતાવીને પત્નીએ આપેલો મુખવાસ ધારણ કરીને તે રાજભવનના ખંડ તરફ રવાના થઈ ગયો. પત્નીને તો વિશ્વાસ હતો કે પતિદેવે મારા સોગંદ લીધા છે એટલે તેઓ ફરી વાર જુગાર નહિ રમે...પરંતુ સંસારમાં ઘણી વાર ભાવિ પ્રબળ બની જાય છે. જે નળ કોઈ દિવસ અન્યાય, અનીતિ કે વ્યસન સામે નજર પણ નહોતો કરતો...જેનું જીવન યૌવન હોવા છતાં નિર્મળ, પવિત્ર અને આદર્શ રહ્યું હતું. જેના ભુજબળથી દેવતાઓ પણ કંપી ઊઠે તેમ હતા...તે નળ કલિની દુષ્ટ વૃત્તિ આગળ લાચાર બની ગયો અને પોતાના ઓરમાન ભાઈ કુંવર સાથે જુગાર ખેલવા બેસી ગયો. જુગારીનું આચરણ પોતાની પ્રતિભા અને વ્યક્તિત્વ પર આઘાત કરનારું હોય છે.

આજ કલિની આજ્ઞાથી દૂરોદર પણ રંગમાં આવી ગયો હતો અને નળ પ્રત્યેક દાવમાં હારતો જતો હતો. કામથી પરાજિત થયેલા કામીપુરુષને જેમ કામવાસના પ્રત્યે આસક્તિ વધતી જાય, તેમ જુગારીને જુગારમાં આસક્તિ વધતી જાય છે. પોતાની હારને નિવારવા માટે તે બમણા દાવ મૂકે છે...અરે, ઘણી વાર તો પાગલ બનીને

દાવ મૂકે છે. ખરેખર, હાર્યો જુગારી બમણું રમે છે.

રમત તો વિષ જેવી હોય જ છે...પણ હારતો જુગારી પાછું મેળવવાની દુરાશાનો દાસ બનીને સર્વસ્વ ગુમાવતો જાય છે. નળ રાજાએ દાવમાં પોતાનો ખજાનો ગુમાવ્યો. હાથીઓ, અશ્વ, રથો, વારાંગનાઓ, ગામો, નગરો વગેરે જે કંઈ દાવમાં મૂકતો ગયો...તે સર્વ હારતો ગયો.

અમાત્યો લાચાર બની ગયા.

બીજે દિવસે સવારે સમગ્ર નગરીમાં હાહાકાર મચી ગયો અને જનતા નળરાજાને ધિક્કારવા માંડી.

કુવર પોતે પણ નળને જુગાર ખેલવાની ના પાડતો હતો... પરંતુ હારેલું પાછું મેળવવા ખાતર નળે તેની વાત માની નહિ.

લોકો તો ત્યાં સુધી બોલવા માંડયા કે નિષિધ આચરણમાં આસક્ત બનેલો નળ બધું હારી જાય તો વધારે સારું જેમ વાનરના હાથમાં મોતીની માળા ટકી શકતી નથી, તેમ નળના હાથમાં દમયંતી સુખપૂર્વક કેવી રીતે રહી શકશે?

ખરેખર, જ્યારે ભાગ્ય વક્ર બને છે ત્યારે પોતાનું જ હથિયાર પોતાનો વધ કરે છે.

કલિનું મન ખૂબ જ પ્રસન્નતા માણી રહ્યું હતું...દૂરોદર પણ હર્ષમાં આવી ગયો હતો. હજુ નળની સમગ્ર સંપત્તિ દાવમાં ચાલી ગઈ નહોતી.

બીજે દિવસે વહેલી સવારે બંને ભાઈઓ રમવા બેસી ગયા.

દમયંતીને પણ સ્વામીના હારના સમાચાર મળ્યા હતા અને તે ભારે ખેદ પામી હતી. અમાત્યો પણ એક વાર પ્રયત્ન કરવા દમયંતીને વિનયપૂર્વક વિનવી રહ્યા હતા.

દમયંતી રાજભવનમાં જવા તૈયાર થઈ. બે પરિચારિકાઓ સાથે તે રાજભવનમાં આવી પહોંચી.

દેવીને પધારેલાં જોઈ બધા સેવકો ઊભા થઈ ગયા...અમાત્યો પણ ઊભા થઈ ગયા.

ભાભીને આવેલાં જોઈ કુવર ક્ષોભ પામ્યો એ જોઈને નળે કહ્યું : 'કુવર, બંને હાથમાં પાસાઓ પકડીને કેમ શાંત થઈ ગયો છે? શા માટે સમય બરબાદ કરી રહ્યો છે? જલદી પાસા ફેંક...મારા વિજયને વધાવવા તૈયાર થા.'

દમયંતી હેતપૂર્વક પતિ સામે ન જોતાં કુવર સામે જોઈને બોલી, 'દિયરજી, દ્યુતક્રીડાનો હવે ત્યાગ કરો અને પોતાના કુળધર્મનો વિચાર કરો. તમે બંને એક જ પિતાના પુત્રો...છો તમારી હાર-જીતથી કોને સુખ થવાનું હતું! સંભવ છે કે મહારાજા નળ મારી વાત ન સ્વીકારે...પરંતુ તમારો યે શું મતિભ્રંશ થયો છે? જે રીતે સ્થળ પર પાણી સ્થિર રહી શકતું નથી તે રીતે અન્યાયથી પ્રાપ્ત કરેલું ધન જગતમાં કોઈ પાસે કદી ટકી શકતું નથી. તમારે વધારે રાજ્ય જોઈતું હોય અને એ માટે જુગાર ખેલતા હો તો મારા પિતાનું રાજ્ય તમે સ્વીકારો, વળી, મારી સંપત્તિ પણ તમારી બનો...દિયરજી, તમે જો જુગારથી નિવૃત્ત થશો તો તમારા ભાઈ પણ આપોઆપ રમતા અટકી જશે.'

શ્રુતશીલે પણ દેવી દમયંતીની ભાવનાને સાથ આપ્યો અને કુવરના ચિત્તમાં તો આ રમત હવે અટકવી જોઈએ એવી ભાવના ક્યારની જાગી હતી...એટલે તે બોલ્યો...'તમે કહો છો તે બરાબર છે. હું પણ ગઈ રાતે જ મારા વડીલને જુગાર ન રમવા વિનવતો હતો...'

કુવર વાક્ય પૂરું કરે તે પહેલાં જ નળે કહ્યું, 'કુવર, લાગણીવેડા કરવાની જરૂર નથી...દમયંતીની સઘળી સંપત્તિ હું દાવ મૂકીને જ તને આપીશ અને મારી સંપત્તિ પાછી મેળવવા ખુદ દમયંતીને પણ દાવમાં મૂકી છૂટીશ.' ત્યાર પછી ત્યાં ઊભેલા બધા મંત્રીઓ સામે

જોઈને કહ્યું : ' તમે બધા સત્વર સભાગૃહમાંથી ચાલ્યા જાઓ...અમને રોકવાનો પ્રયત્ન કરવાની કોઈ જરૂર નથી...હું આ પાસાઓ દ્વારા કુવરનો તાગ લેવા માગું છું. દેવી, આપ પણ રાજભવનમાં ચાલ્યાં જાઓ...યુદ્ધની જેમ દ્યુતક્રીડામાં પણ તમને આવો ભય શા માટે લાગે છે ? '

નળના આ શબ્દો સાંભળીને દમયંતી વિનમ્ર સ્વરે બોલી : ' આર્યપુત્ર, મને તથા મારી સંપત્તિને આપ હોડમાં મૂકવા ઈચ્છો છો એથી હું કૃતાર્થ થઈશ. આ જગતમાં નારીનો સત્કાર કરનાર વ્યક્તિ વીરલ જ હોય છે ! હે રાજેન્દ્ર, આપની ઈચ્છામાં મેં કોઈ પ્રકારનું વિઘ્ન ઊભું કર્યું હોય તો મને ક્ષમા આપજો. ' ત્યાર પછી મંત્રીઓ સામે જોઈને કહ્યું : ' આપ સહુ અહીંથી ચાલ્યા જાઓ. મહારાજની અપ્રસન્ન નજર સામે રહેવાથી શો લાભ છે ? '

દમયંતી સ્વામીને નમન કરીને વિદાય થઈ. મિત્ર જેવા મંત્રીઓ પણ વિદાય થયા.

દમયંતી પોતાના ખંડમાં ગઈ ત્યારે તેની પ્રિય સખી કેશિનીને જોતાં જ તે તેને વળગી પડી અને અત્યાર સુધી દબાવી રાખેલું રુદન બહાર નીકળી પડયું.

મહાદેવી દમયંતીને થોડી વાર રડવા દઈને કેશિનીએ ઘણા જ પ્રેમાળ અને વિનમ્ર સ્વરે કહ્યું : ' સખી, તું શાન્ત થા...રડવું તને શોભતું નથી. મહારાજા નળના જીવનમાં આ પહેલો અપરાધ છે. કોઈ પણ માનવીના દિવસો હંમેશાં એકસરખા જતા નથી ..તેથી જ આ વિશ્વને પરિવર્તનશીલ કહ્યું છે...હે સુહાસિની, તું તો ધર્મતત્ત્વની જાણકાર છે...તને આ શોક શોભા નથી આપતો. તું જરા વિચાર તો કરી જો, આ વિશ્વમાં એવું કયું સ્થળ છે કે જ્યાં કર્મનો બંધ, ઉદય, વિપાક અને સત્તા છે જ નહિ ! મને તો કોઈ કર્મનું જ ફળ લાગે છે. તારા સ્વામી ધર્મતત્ત્વ અને બુદ્ધિમાં મહાન હોવા છતાં

આજે થાપ ખાઈ ગયા છે ! મને તો લાગે છે કે કોઈ દુષ્ટ દેવે અથવા વ્યંતરે નળરાજાની કાયામાં પ્રવેશ કરીને તેના મનમાં વિકાર પ્રગટાવ્યો છે...એ વગર આવું બને જ નહિ...શું નળ જેવો સમર્થ અને પવિત્ર રાજા સત્ય, ધર્મ અને નીતિનું આ રીતે અપમાન કરે ? તું શાંત થા...મનની અશાંતિ ઘણી વાર અશુભ વિચારોને જન્મ આપે છે !'

દમયંતી ધ્રુસકે ધ્રુસકે રડી રહી હતી...કેશિનીએ ફરી વાર તેનાં આંસુ લૂછ્યાં અને એક આસન પર બેસાડીને કહ્યું, 'પ્રિય સખી, કાનને કડવાં લાગે છતાં હિતકારક એવાં મારાં કેટલાંક વચનો તું સાંભળ. પ્રિયદર્શની, જ્યારે કાળ કરવટ લે છે ત્યારે કલ્પનામાં ન હોય એવું પરિવર્તન થાય છે. જેમ મોટાં માછલાંઓ નાનાં માછલાંને ગળી જાય છે તેમ પ્રાણીઓ પોતાની જાતિને પણ ખાવા માંડે છે.. ! વસ્તુ પોતાના મૂળ સ્વભાવનો ત્યાગ કરીને વિપરીત સ્વભાવવાળી બને છે ! અગ્નિ વગર જ્વાળાઓ કે ધુમાડો થવા માંડે છે ! રાત્રિકાળે દીવાઓ તેજહીન દેખાય છે ! વર્ષા થવા છતાં ધાન્યની ઉત્પત્તિ વિકૃત બને છે ! ઋતુઓનાં સ્થિર સ્વરૂપમાં પણ પરિવર્તન થવા માંડે છે ! હિંસા અહિંસારૂપે પુજાવા માંડે છે ! અંતરનો પ્રેમ મોહમાં પલટવા માંડે છે ! આવાં પ્રકૃતિનાં પરિવર્તન જ્યારે જ્યારે થાય છે ત્યારે ત્યારે લોકો પર વિપત્તિ આવવાનું પૂર્વરૂપ જ ઉદય પામતા હોય છે...તું એક વાર દર્પણમાં નજર કર...તારી મુક્તામાળા છૂટીછવાઈ બની ગઈ છે...તારો સેંથો એકત્ર થઈ રહ્યો છે, તેથી હે વૈદર્ભી, મને લાગે છે કે તારે તારા સ્વામી સાથે દેશાંતર કરવું પડશે. કદાચ તારે દુઃખદાયી એવો સ્વામીવિરહ ભોગવવો પડશે ! પ્રિય દમયંતી, દાભના અગ્રભાગ જેવી તારી બુદ્ધિ તીક્ષ્ણ છે, વિચાર કરવામાં તું ચતુર છે. વળી, તારી કુશળતા પણ અસાધારણ છે...તું કાયર શા માટે બની જાય છે ? તું બધા મંત્રીઓને બોલાવ અને 'હવે શું કરવું તે પ્રશ્નનો વિચાર કર...'

દમયંતી સ્વસ્થ બની ગઈ. ગમે તેવી વિપત્તિ આવે તો પણ ધૈર્ય ન ગુમાવવાનો મનમાં વિચાર કર્યો અને તેણે રાજકુલના ભક્ત ગણાતા મંત્રીઓ તેમ જ અન્ય સજ્જનોને બોલાવવા માટે સેવકોને વિદાય કર્યા.

## પ્રકરણ ૨૪ મું : : છેલ્લો દાવ

રાજપુરોહિત, રાજના હિતચિંતક મંત્રીઓ, નગરશ્રેષ્ઠી, વગેરે રાજભવનમાં એકત્ર થયા. મહાદેવી દમયંતીના નિમંત્રણને કોણ માન ન આપે?

મહાદેવીએ શા માટે બોલાવ્યા છે એની કોઈને ખબર નહોતી. પરંતુ રાજનીતિમાં કુશળ એવા મુખ્ય મંત્રી એટલું કલ્પી શકયા હતા કે જુગારના કારણે આવી રહેલી પરિસ્થિતિની ચર્ચા કરવા જ બોલાવ્યા હશે.

બધા શુભચિંતકો રાજભવનના મુખ્ય મંડપમાં બેઠા હતા. એ વખતે ધૈર્યની મૂર્તિ સમી દમયંતી ખંડમાં દાખલ થઈ, દમયંતી સહુને નમન કરીને પોતાના આસન પાસે આવી. વડીલોએ આશીર્વાદ આપ્યા અને અન્યોએ જયનાદ પોકાર્યો.

પરસ્પર કુશળ પૂછ્યા પછી દમયંતીએ શાંત સ્વરે કહ્યું : 'આપ સહુ રાજના, પ્રજાના અને રાજપરિવારના હિતચિંતકો છો, શુભેચ્છકો છો અને વિપત્તિકાળે સાચી સલાહ આપનારા છો. આપ સહુ જાણો છો કે જેની કીર્તિ સ્વર્ગના દેવો સુધી પહોંચી છે એવા નિષધપતિ આજે જુગારમાં લગભગ સઘળું ગુમાવી બેઠા છે. જુગારનો નાદ કેટલો ઘાતક અને વિષમ છે એ આપ સહુ જાણો છો. હવે મુખ્ય સવાલ એ છે કે રાજ સિંહાસનના ભાવિની વિચારણા મહારાજા સઘળું ગુમાવે તે પહેલાં કરવી જોઈએ.

આ માટે આપ મને માર્ગદર્શન આપો.'

રાજપુરોહિતે કહ્યું : ' મહાદેવી, સહુથી પ્રથમ આપણે મહારાજને જુગાર રમતા અટકાવવા જોઈએ.'

મહામંત્રી શ્રુતશીલે કહ્યું : ' ગુરુદેવ, એમ બનવું મને શકય લાગતું નથી. મારું માનવું છે કે જે રાજા સ્વપ્નમાં પણ જુગારને યાદ કરે નહિ તે રાજા જુગારમાં આટલા ડૂબી ગયા છે. એટલે આ કોઈ પૂર્વના કર્મનું જ પરિણામ છે. વળી, અમે તેઓશ્રીને સમજાવવામાં કોઈ વાતની મણા રાખી નથી. જે પુરુષ પોતાની વાત કદી પાછી ન ઠેલે તે પુરુષ આજ પોતાની પ્રિયતમાના સોગંદ પણ વાસરી ગયેલ છે અને કમનસીબી તો એ છે કે જે અતિ પ્રિય છે એવાં મહાદેવીને પણ જુગારમાં મૂકવા તૈયાર થયા છે. આ સ્થિતિમાં રાજસિંહાસનના કલ્યાણનો વિચાર કરવો તે મને મહત્ત્વનું લાગે છે."

સહુ વિચારમાં પડી ગયા અને વિવિધ સૂચનો આપવા માંડયા. બધાં સૂચનો સાંભળ્યા પછી શ્રુતશીલે કહ્યું : 'મહાદેવી, ઉત્તમ માર્ગ તો એ છે કે રાજ્યના સાચા વારસદાર યુવરાજશ્રી અને રાજકન્યાને અહીંથી ખસેડીને એમને મોસાળ મોકલી આપવાં જોઈએ.'

સહુને આ વિચાર ગમી ગયો. પુત્ર અને પુત્રીને નિહાળ્યા વગર જેને અન્ન પણ ભાવતું નથી તે દમયંતી પણ ભાવિને આંખ સામે રાખીને સહમત થઈ.

બંને બાળકો ઇન્દ્રસેન અને ઈન્દ્રસેનાને સત્વર કુંડિનપુર મોકલી આપવાં એ પ્રકારનો નિર્ણય કરીને બધાં ઊભાં થયાં.

દમયંતીએ એ જ વખતે એક દાસને મોકલીને જેનું ભુજબળ અજોડ ગણાતું, જેની હિંમત અપૂર્વ લેખાતી અને જે રાજ્યનો પૂરેપૂરો વફાદાર હતો તે સેનાધિપતિ બાહુકને બોલાવ્યો.

માત્ર એક ઘટિકામાં બાહુક આવી પહોંચ્યો અને મહાદેવીને નમન કરી વિનયાવનત ભાવે બોલ્યો : ' મહાદેવી, શી આજ્ઞા છે ?"

'બાહુક, તારા હાથમાં હું એક મહત્ત્વનું કાર્ય સોંપવા ઈચ્છું છું.'

'હું ધન્ય બન્યો, મહાદેવી. આપ જે કંઈ કાર્ય સોંપશો તે હું મારા પ્રાણના ભોગે પણ બજાવીશ.'

'જો ભાઈ, નિષધપતિના મસ્તક પર આજે કાળ ભમી રહ્યો છે. તેઓ લગભગ બધું હારી ગયા છે. મને પણ જુગારના દાવમાં મૂકવાનો મનસુબો સેવી રહ્યા છે. પણ મને મારી ચિંતા નથી. હું એમની છું અને તેઓ મારું ગમે તે કરે એમાં વિરોધ શોભે નહિ. પરંતુ જુગારના નશામાં તેઓ મારાં બંને બાળકોને પણ દાવમાં મૂકી દે તો ભારે અપયશ ઊભો થાય...અને આપણી કઈ ગતિ સર્જાય?'

'મહાદેવી, આપ આજ્ઞા કરો તો અત્યારે જ કુવરને ઉઠાવીને હું દૂર દૂર મૂકી આવું...'

'નહિ ભાઈ, કુવરનો કોઈ દોષ નથી...એ તો મહારાજને ક્યારનો રોકી રહ્યો છે પણ મહારાજના ગળે હિતની કોઈ વાત ઊતરતી જ નથી...એટલે મને લાગે છે કે આ જે કંઈ બની રહ્યું છે તે કોઈ દુષ્કર્મનું જ ફળ છે...કર્મફળનો વિરોધ કોઈ કરી શકતું નથી એ ભોગવ્યા વગર કોઈને છુટકારો પણ મળતો નથી. એટલે એવું કંઈ કરવાની જરૂર નથી.'

'તો...?'

'સાંભળ...તું મારાં બંને બાળકોને સંભાળપૂર્વક આજ ને આજ કુંડિનપુર તરફ લઈ જા ત્યાં બંને બાળકોને મહારાજ ભીમ સારી રીતે સાચવશે. કારણ કે મારા પિતાશ્રીના હૈયામાં મારાં બંને બાળકો પ્રત્યે વાત્સલ્ય ભર્યું છે...વળી, તેમના મામાઓ પણ સારી રીતે સાચવી શકે એવા પ્રેમાળ છે. બંને બાળકો મોસાળમાં મોટાં થશે તો યુવરાજ કોઈ દિવસે પોતાનું રાજ્ય પ્રાપ્ત કરી શકશે અને ઈન્દ્રસેના યૌવનવતી

થશે ત્યારે મારા પિતાશ્રી ઘણા જ વૈભવપૂર્વક ને ધામધૂમથી તેને પરણાવશે...અને આ જુગારની જ્વાળામાંથી કદાચ હું ઊગરી જઈશ તો કોઈ પણ દિવસે મારાં બાળકોને જોઈ શકીશ. આમ, બંને બાળકો તેના મોસાળમાં ઊછરે તે દરેક દ્રષ્ટિએ હિતાવહ છે આજની સ્થિતિમાં મારા સ્વામીનો ત્યાગ કરીને હું ક્યાંય જઈ શકું નહિ... મારો એ ધર્મ પણ નથી. એમની સેવા કરતાં મારું થવાનું હશે તે થશે...તેની મને કોઈ ફિકર નથી તું બંને બાળકોને લઈને કુંડિનપુર રવાના થઈ જા. મને તારા બાહુબળ પર અને તારી વફાદારી પર પૂરતો વિશ્વાસ છે. તું બંને બાળકોને મોસાળમાં સુપરત કરીને તરત અહીં પાછો આવી જજે. હું તારી રાહ જોઈશ.'

'મહાદેવી, આપે ચીંધેલું કાર્ય તો હું કરીશ...આ નગરીમાંથી નીકળવાનું બન્યું એને હું મારાં ભાગ્ય માનું છું...કારણ કે મારા જેવા સેવકની નજર સામે મહારાજા નળને રાજત્યાગ કરવો પડે એ મારા બાહુબળ માટે અને શસ્ત્રધારણ માટે ધિક્કારરૂપ છે. મહાદેવી, આજ સુધી અમે ગર્વથી મસ્તક ઊંચું રાખી શકયા હતા...એક મહાબળવાન સ્વામીની કીર્તિ વડે. અહીં રહીને મારે ધરતી સામે જોવું પડે તે કરતાં આપના કાર્ય નિમિત્તે ચાલ્યા જવું એ મારા માટે ઉત્તમ છે...પરંતુ હું આપની બીજી આજ્ઞાને અનુસરી શકીશ નહિ.'

'મેં તો તને એક જ આજ્ઞા આપી છે.'

બાહુકે વિનમ્ર સ્વરે કહ્યું : 'મહાદેવી, હું બંને બાળકોને એમને મોસાળ સુખરૂપ પહોંચાડીશ એમાં કોઈ સંશય નથી... પરંતુ હું પાછો નહિ ફરું...મારા સ્વામીનો પરાભવ નિહાળવાની મારામાં હિંમત નથી રહી...હું કુંડિનપુરથી બારોબાર તીર્થયાત્રાએ ચાલ્યો જઈશ.'

દમયંતી વિચારમાં પડી ગઈ થોડી પળો પછી તે બોલી: 'બાહુક' તારી મનોવેદના હું સમજી શકી છું...જે સ્વામીએ દિગ્વિજય પ્રાપ્ત

કરીને આર્યાવર્તના રાજાઓને પોતાના બાહુબળનો અને તારા જેવા વફાદાર સાથીઓની હિંમતનો પરિચય આપ્યો છે...તે રાજાને તું એક ભિક્ષુક જેવી હાલતમાં ન જોઈ શકે એ હું સમજું છું... પરંતુ ઘણી વાર અણગમતાં દ્રશ્ય કઠોર હૈયું કરીને જોવાં પડે છે ...અણગમતું સાંભળવું પણ પડે છે એટલે તું...'

વચ્ચે જ બાહુકે કહ્યું : 'મહાદેવી, મારા પર કૃપા કરો અને મારી વિનતી સ્વીકારો. મારામાં એવું ધૈર્ય છે જ નહિ. હું રણમેદાનમાં રમનારો એક સેનાધિપતિ છું. અણગમતાં દ્રશ્ય નિહાળવાની મને તાલીમ પણ મળી નથી.'

દમયંતીએ બાહુકની ભાવનાનો સ્વીકાર કર્યો.

ત્યાર પછી બાહુક રથ લેવા વિદાય થયો.

દમયંતીએ પોતાનાં બંને બાળકોને તૈયાર કર્યાં. તેમના પાથેયની વ્યવસ્થા કરી. માર્ગમાં કોઈ પ્રકારની અડચણ ન આવે અને બંને બાળકોની કાળજી રખાય એ દ્રષ્ટિ રાખીને તેને કમલિની, કલ્લોલિની, કેહલી, કલિકા અને કેશિનીને પણ તૈયાર થવાની આજ્ઞા કરી સાથોસાથ, અહીં જે કંઈ બની ગયું છે ને બની રહ્યું છે એ અંગેની એક પણ વાત કોઈને ન કહેવાની સૂચના આપી.

આ પાંચે ય દાસીઓ દમયંતીની અતિપ્રિય સખીઓ સમાન હતી.

લગભગ એક પ્રહર પછી બાહુક એક સારી એવી સેના સાથે આવી પહોંચ્યો અને બંને બાળકો તથા પાંચેય દાસીઓને લઈને કુંડિનપુર તરફ વિદાય થયો.

આ તરફ, નળ જુગારના નશામાં સઘળું ભાન ભૂલી ગયો હતો. હારેલું પાછું મેળવવા માટે તે ખૂબ જ ઉતાવળો થઈ રહ્યો હતો.

બે વખત જમવા આવતો અને જમીને બારોબાર ચાલ્યો જતો પ્રિય દમયંતીને મળવાની મનમાં ઘણી જ ઈચ્છા રહેતી, પરંતુ તેણે

નક્કી કર્યું હતું, ગુમાવેલું પાછું પ્રાપ્ત કરીને જ અર્ધાંગના પાસે જવું.

કુવરને આ ગમતું નહોતું. છતાં નિષધપતિ બનવાનો એક લોભ તેના હૈયાને ઉત્સાહિત બનાવી રહ્યો હતો.

ધનભંડારો, રત્નભંડારો, નિષધાનગરી, વિવિધ મહેલાતો, દમયંતી, વગેરેનો દાવ હજી બાકી હતો.

નળના બાહુમાં રહેલા દૂરોદરે કલિયુગને કહ્યું : 'મહારાજ, હવે નળને બેચાર બાજી જિતાડવા જોઈએ.'

'શા માટે ?'

'બલિના મહિષને ચડાવતાં પહેલાં પ્રસન્ન કરવો જોઈએ અને જો એનો ઉત્સાહ ઠંડો પડી જશે તો જુગારની બાજી અધવચ્ચે સંકેલાઈ જશે. કુવર પણ હવે ગભરાય છે.'

'સારુ...તને જેમ યોગ્ય લાગે તેમ કર. પરંતુ મારું ધ્યેય વીસરીશ નહિ.' કલિયુગ સંમત થયો,

અને કુવરે આઠ દિવસ સુધી પાસા પલટાવ્યા...આઠ ગામ નળને પ્રાપ્ત થયાં, જે સમૃદ્ધ હતાં. નળના મનમાં થયું. હવે મારો ભાગ્યરવિ ઉદય પામ્યો. બધું પાછું મળશે. નળનો વિજય થતો જોઈને કુવર પણ મનમાં હરખાયો.

આ તરફ, આઠમે દિવસે બાહુક કુંડિનપુર નગરીમાં સુખરૂપ પહોંચી ગયો હતો. તેણે મહારાજા ભીમને ખોળે બંને બાળકો સુપરત કર્યાં. રાજા ભીમ, રાણી પ્રિયંગુમંજરી અને દમયંતીના ભાઈઓ ખૂબ જ આનંદિત બની ગયાં.

બાહુકે વિનયાવનત ભાવે મહારાજા નળ અને મહાદેવી દમયંતી-ના કુશળ સમાચાર આપ્યા. બાહુક જેમ બળવાન હતો તેમ બુદ્ધિમાન પણ હતો. તેણે નળ રાજાએ માંડેલા જુગારની અને જુગારમાં થઈ રહેલી સજ્જડ હારની વાત કરી જ નહિ. મહાદેવી દમયંતી પણ

આવા કોઈ સમાચાર પિતાના કાને ન જાય તેમ ઈચ્છતાં હતાં.

બીજે દિવસે રાજસભામાં દમયંતીનાં બંને બાળકોનો આદરપૂર્વક સત્કાર કર્યો અને દૌહિત્ર ઈન્દ્રસેનને પોતાના તાબાનો કેરલ દેશ ભેટ આપ્યાની જાહેરાત કરી.

બાહુકે સુખરૂપ પહોંચ્યાના અને મહારાજા ભીમે કરેલા આદર સત્કારના તથા ઈન્દ્રસેનને ભેટ આપેલા કેરલ દેશના સમાચાર એક વિશ્વાસુ દૂત મારફત મહાદેવી દમયંતીને મોકલી આપ્યા.

મહારાજા ભીમે બાહુકને થોડા દિવસો પર્યંત રોકાઈ જવાનો ખૂબ આગ્રહ કર્યો...પરંતુ સેનાધિપતિએ મહારાજના ચરણસ્પર્શ કરીને યાત્રાર્થે જવાની ઇચ્છા દર્શાવી.

અને એ દિવસ રોકાઈને બાહુક પોતાના સાથીઓ સાથે રવાના થઈ ગયો. નગરી બહાર નીકળ્યા પછી બાહુકે પોતાના સાથીઓને કહ્યું : 'મિત્રો, હવે હું નિષધાનગરીમાં આવી શકું એમ નથી...મહારાજાનો પરાભવ જોવાની મારામાં શક્તિ નથી. એટલે હું શુકાવતાર તીર્થનાં દર્શન કરવા અયોધ્યા તરફ જઈશ. હું આપ સર્વને જણાવું છે કે આપ સહુ નિષધા તરફ જાઓ.'

પરંતુ કોઈ સૈનિક કે સાથી નિષધા જવા તૈયાર ન થયો. સહુને મહારાજા નળનો પરાભવ ડંખતો હતો. મહારાજાનું પતન જોવા કોઈનું હૈયું મજબૂત રહી શકે એમ નહોતું. એટલે સહુએ તીર્થદર્શન કરવાની અને કોઈ સારા રાજ્યમાં સેવા આપવાની ઇચ્છા દર્શાવી.

દવ લાગ્યો હોય ત્યારે અગ્નિ વનને બાળી નાખે છે, જળનું પૂર ઘણી વાર બંને કિનારાને કે બંધોને તોડી નાખે છે, ક્રોધ તપનો નાશ કરે છે. કાલકૂટ વિષ દેહને તરત નષ્ટ કરી નાખે છે. એ જ રીતે, જુગાર માનવીને ચારે દિશાએથી બરબાદ કરી નાખે છે.

આઠ આઠ દિવસ પર્યંત નાનાનાના વિજયનાં દર્શન કરીને નળને ખાતરી થઈ હતી કે મારા ભાગ્યે પલટો ખાધો છે...ગુમાવેલું

સઘળું પાછું મળી જશે. જુગારી જ્યારે ઉત્સાહમાં આવે છે ત્યારે અવિચારી બની જાય છે નળરાજાએ જુગારની રમતને દાવ વડે ચમકાવવી શરૂ કરી...પરંતુ આઠ દિવસમાં જિતાયેલાં આઠે ય ગામ એક જ દિવસમાં ચાલ્યાં ગયાં... ધનભંડારો અને વિવિધ રત્નભંડારો પણ ધીરે ધીરે જુગારમાં મુકવા માંડયા...દેશ, નગર, ગામડાંઓ, સંપત્તિ, વગેરે સર્વસ્વ ગુમાવ્યા પછી નળે કુવરને કહ્યું : ' કુવર, હજુ નિષધા નગરી પર મારો અધિકાર છે અને નિષધા સમગ્ર ભારતવર્ષમાં શ્રેષ્ઠ અને સમૃદ્ધ નગરી ગણાય છે...હું તેને દાવમાં મૂકું છું. બોલ, તું એની સામે શું મૂકે છે ?'

' મોટાભાઈ, આપ જે ઈચ્છો તે હું દાવમાં મૂકવા તૈયાર છું... આપ જિતશો તો આપને હું જિતાયેલાં તમામ ગામો પાછાં સોંપી દઈશ.'

બધા ગામો પાછાં મળવાની આશા સાથે નળે પાસા નાખવા શરૂ કર્યાં અને બરાબર સંધ્યા સમયે રાજના સેવકો દીપમાલિકાઓ પ્રગટાવે તે પહેલાં નળરાજા એક દમયંતી સિવાય સર્વ કંઈ હારી ગયો.

કુવરના હૈયામાં થયું...આજ હું નિષધપતિ બની ગયો. કુવરના સાથીઓએ કુવરના આ વિજયને હર્ષધ્વનિથી બિરદાવ્યો.

અને 'નળના હાથમાંથી સમગ્ર રાજ્ય જુગારના પાસાઓ દ્વારા ચાલ્યું ગયું' એ સમાચાર વાયુ વેગે પ્રસરવા માંડયા.

નળ અત્યાર સુધી જે ઉત્સાહ રાખી રહ્યો હતો તે તૂટી ગયો. તેના વદન પર ખિન્નતા ઊપસી ગઈ.

આ જોઈને કુવરે કહ્યું : 'વડીલ બંધુ, આપ હજુ પણ પાછું મેળવવા ઈચ્છતા હો તો ગમે તે વસ્તુ દાવમાં મૂકો...આપની જીત થશે તો હું જિતાયેલું સઘળું આપના ચરણ કમળમાં હર્ષપૂર્વક સુપરત કરીશ.'

નળ વિચારમાં પડી ગયો...પણ દમયંતી સિવાય પોતાની

સંપત્તિ તરીકે ગણાવી શકાય એવી એકેય વસ્તુ રહી નહોતી. દમયંતીનો વિચાર આવતાં જ નળનું હૃદય કમકમી ઊઠ્યું...પણ એની કાયામાં વસેલા કલિયુગે નળની વિચારશક્તિને કુંઠિત બનાવી દીધી.

નળે કહ્યું, 'કુવર, મારી પાસે એક દમયંતી સિવાય કોઈ સંપત્તિ રહી નથી. દમયંતી ત્રણ લોકનું મહાન રત્ન છે...આજ હું તેને દાવમાં મૂકું છું.'

આ સાંભળીને કુવર કમકમી ઊઠ્યો...તેના હૃદયમાં દમયંતી પ્રત્યે કોઈ પ્રકારનો દુષ્ટ ભાવ નહોતો. તે દમયંતીને માતા કે ભગિની માફક જ માનતો હતો.

પરંતુ જ્યારે કાળ પડખું બદલે છે ત્યારે માનવીનાં મન પણ અસ્થિર બની જતાં હોય છે. કુવરે કહ્યું, 'ભલે. આપનો વિજય થાય એમ હું ઈચ્છું. જો આપ જીતી જશો તો આજ સુધી હું જે કંઈ જીત્યો છું તે બધું જ આપનું બનશે.'

જુગારીનો છેલ્લો દાવ !

કલિનું હૈયું આ છેલ્લા દાવથી પ્રફુલ્લ બન્યું હતું. નળે કંપતા હૈયે પાસા હાથમાં લીધા.

જુગારીનો છેલ્લો દાવ !

કુવરના મનમાં પણ થયું. શું નિષધનાથ બનવાનું આવેલું સ્વપ્ન વેરાઈ જશે ? વેરાઈ જાય તો ય મારે શું ગુમાવવાનું હતું ?

ત્યાં ઊભેલા કેટલાક સાથીઓ ફફડતા કલેજે આ છેલ્લા દાવનું પરિણામ જાણવા આતુર બન્યા હતા.

આ રમત શું આટલી વિનાશકારી હશે કે માનવી પોતાની પત્નીને પણ દાવમાં મૂકવા તૈયાર થતો હશે ! ઓહ, કોઈ પણ વ્યસન પછી તે જુગાર હોય, શરાબ હોય, પરનારીગમન હોય કે ગમે તે હોય...વિનાશકારી જ છે !

નળરાજા પ્રત્યે ભક્તિ રાખનારા જે કોઈ બેઠા હતા...જો કે

હવે વધારે માણસો નહોતા બેઠા...ઘણાખરા રાજભક્ત સુભટો, સેનાનાયકો અને મંત્રીઓ બાહુકના ગયા પછી ચાલ્યા ગયા હતા. છતાં ય પોતાના માલિકના વિજયની આશાની એક ક્ષણ રેખાને અવલંબેલા કેટલાક વિશ્વાસુ રહી ગયા હતા તેઓ પણ આ છેલ્લો દાવ સાંભળીને કમકમી ઊઠયા...નળ જેવા બુદ્ધિમાન ગુણવાન અને પવિત્ર રાજા પોતાના અર્ધા અંગને દાવમાં મૂકતાં કેમ કંપ્યા નહિ હોય! શું જુગારનો દાવ માનવીની વિવેક શક્તિને ભ્રષ્ટ કરી નાખતો હશે? હા. એમ હોવું જોઇએ. એ વગર સારાયે રાષ્ટ્રમાં પુણ્યશ્લોક અને પ્રાતઃસ્મરણીય ગણાતા નળ રાજા આવો દાવ મૂકે શા માટે? સ્વર્ગના દેવો, પક્ષો, ગાંધર્વો, દૈત્યો, વગેરે તલસી રહ્યા હતા તે ત્રૈલોકય સુંદરી પત્ની દાવમાં મૂકતાં મહારાજાનું હૈયું ભીસાઈ શા માટે નથી જતું?

જુગારીનો છેલ્લો દાવ!

માત્ર અર્ધ ઘટિકામાં છેલ્લા દાવનું પરિણામ આવી ગયું. નળરાજા પોતાની પ્રિયતમાને હારી ગયો. સાવ નિઃશેષ બની ગયો. એનું પોતાનું કહી શકાય એવું કાયા સિવાય કઈ જ ન રહ્યું.

કુવરના સેવકોએ જયનાદ ગજવી મૂકયો. કુવરના હૈયામાં પણ ત્યારે આનંદ ઊભરાવા માંડયો...આજ પોતે નિષધપતિ બની ગયો સમગ્ર નિષધાનો સ્વામી બની ગયો.

કલિએ પોતાનું ધાર્યું કર્યું હતું...તે પોતાના સેવક દ્વાપર સાથે નળની કાયામાંથી બહાર નીકળી ગયો...હવે તે નળની મનોવેદના, નળનો સંતાપ અને નળને માથું મૂકવાની વિપત્તિઓ નિહાળવા માટે ઝંખના સેવવા માંડયો.

નળ ઊભો થઇ ગયો.

તેનું તેજ જાણે સાવ ઝાખું પડી ગયું.

અને જ્યારે તેને ખ્યાલ આવ્યો કે પોતે પોતાની પ્રિયતમાને

પણ દાવમાં ખોઈ બેઠો છે ત્યારે તેની વેદના શતાધિક બની ગઈ.

આ સમાચાર વાયુવેગે સમગ્ર નગરીમાં ફરી વળ્યા. લોકો હાહાકાર કરવા માંડયા.

કુવરે પોતાના માણસોને નગરીમાં કોઈ પ્રકારનું તોફાન ન થાય તેની તકેદારી રાખવાની અને રાજસિંહાસન, ધન ભંડાર, રાજ ભવન, રત્ન ભંડાર, વગેરે પર કબજો પ્રાપ્ત કરવાની આજ્ઞા કરી.

## પ્રકરણ ૨૫ મું : : બાહુબળની પરીક્ષા

મધ્યરાત વીતી ગઈ હતી. હારેલો નળ ભારે ક્ષોભ અનુભવતો રાજસભામાંથી બહાર નીકળ્યો અને રાજભવન તરફ જવા અગ્રસર થયો.

એ જ વખતે નળના મહાપ્રતિહારે નમન કરીને કહ્યું, 'કૃપાનાથ, રથ તૈયાર છે.'

'મિત્ર, રથમાં બેસવાનો મને હવે કોઈ અધિકાર નથી...'

મહાપ્રતિહારનાં નયનો સજળ બની ગયાં.

રાજભવનના મુખ્ય દ્વારમાં દાખલ થતાં જ નળને થયું. અરે, હવે રાજભવન મારું નથી, રાજ્ય મારું નથી, દાસદાસીઓ મારાં નથી...મારી પ્રિયતમા પણ મેં ગુમાવી દીધી છે...મને ધિક્કાર હો ! ધિક્કાર હો ! ના...ના...રાજભવનમાં કેવી રીતે જવું ? મને હવે કોઈ પ્રકારનો નૈતિક અધિકાર રહ્યો નથી...અને મારી પ્રિયાને હું મારું મુખ કઈ રીતે બતાવું ! ના...ના...

તો જવું કયાં? લથડતા હૈયે કોઈ પણ નિર્ણય ન કરતાં નળ રાજભવનના ઉપવનવાળા માર્ગે દાખલ થયો. કેટલાંક દાસ-દાસીઓ, મંત્રીઓ તેની પાછળ ટોળે વળીને આવી રહ્યાં હતાં.

મહામંત્રી શ્રુતશીલે નજીક આવીને કહ્યું: ' મહારાજ, આપ રાજભવનમાં પધારો...'

' નહિ, હું એક વૃક્ષ નીચે પડયો રહીશ.' શાંત સ્વરે નળ રાજાએ કહ્યું.

બધાંનાં નયનો ભીનાં બની ગયાં.

' ઓહ, જેની આણ સારા યે દેશમાં વરતાતી હતી...જેના બાહુબળના પ્રભાવ સામે રાષ્ટ્રનો કોઈ રાજા ઊંચી આંખ કરવા તૈયાર નહોતો, જેના સુખનો કોઈ અંત નહોતો, જેના મસ્તકે રાજનું છત્ર હતું જેણે ધરતી પર પગ મૂકયો ન હતો અને જેની આજ્ઞાનું પાલન કરવામાં સમગ્ર દેશ ગૌરવ અનુભવતો હતો તે મહાત્મા નળ આજ પોતાના જ ક્રીડાસ્થાનના એક ઉપવનના વૃક્ષ નીચે સ્થાન લેવા ઈચ્છે છે.

શ્રુતશીલે વિનયાવનત ભાવે કહ્યું, ' મહારાજ, રાજભવનમાં દેવી દમયંતી બિરાજે છે અને આપ અહીં આ વૃક્ષ નીચે રાત વિતાવો તે કોઈ પણ દષ્ટિએ શોભાસ્પદ નથી. દેવી આ વાત સાંભળશે તો તેમના દુઃખનો પાર નહિ રહે...એ કરતાં આપ મારે ત્યાં પધારો...'

શ્રુતશીલ મહામંત્રી હતો અને મિત્ર પણ હતો. નળ તેના આગ્રહને પાછો ઠેલી શકયો નહિ. નળ તૈયાર થયો. તરત મહામંત્રીનો રથ હાજર થયો બંને મંત્રીપ્રસાદ તરફ વિદાય થયા.

ગઈ કાલનો ક્ષુદ્ર કુવર આજ મહાન બની ગયો હતો...આજે તેની આણ સમગ્ર નિષધામાં ફરી શકે એમ હતી.

કુવરના સાથીઓ તેને ઘેરી વળ્યા હતા રાજ વ્યવસ્થા અંગેની અને મુખ્ય સ્થળોનો કબજો સંભાળવા અંગેની તેમ જ નગરીમાં ચારે તરફ પોતાના સૈનિક ગોઠવી દેવાની વિચારણા થઈ રહી હતી ત્યાં એક દૂતે આવીને કહ્યું, ' નિષધપતિ કુવરરાજનો જય થાઓ !'

કુવરના એક સાથીએ દૂત સામે જોઈને પ્રશ્ન કર્યો. ' નળ રાજા

ક્યાં છે ?'

'રાજભવનમાં જતાં તેઓ અચકાતા હતા એટલે રાજભવનના ઉપવનના એક વૃક્ષ નીચે રાત્રિ ગાળવાનો તેમણે વિચાર કર્યો. પરંતુ મહામંત્રી તેઓને પોતાના રથમાં પોતાના પ્રાસાદ તરફ લઈ ગયા.'

કુંવરે કહ્યું, 'મોટાભાઈ રાજભવનમાં શા માટે ન ગયા ? મેં કંઈ ઈન્કાર નહોતો કર્યો.'

એક ચાટુકારે કહ્યું, 'કૃપાનાથ, હવે તો આપ નિષધનાથ બન્યા છો... ડાહ્યા પુરુષોનાં વચનો પ્રમાણે એક મ્યાનમાં બે તરવાર રાખી શકાય નહિ. આપે મહારાજા નળને માત્ર નગરીમાંથી નહિ પણ આપણા દેશમાંથીય વિદાય કરવા જોઈએ.'

'શા માટે ?'

'આપના ભલા માટે. આપની સલામતી માટે.' ચાટુકાર ખવાસે કહ્યું.

'મારી સલામતી માટે ?'

'હા કૃપાનાથ, નળરાજા અહીં રહેશે તો સઘળી સેના એના પ્રત્યે સદ્‌ભાવ ધરાવે છે, જનતાના હૈયામાં પણ મમતા છે અને સઘળા રાજ કર્મચારીઓ એમના પ્રત્યે વફાદાર છે... પાંચ પંદર દિવસમાં આપને પ્રભુકૃપાથી પ્રાપ્ત થયેલું સિંહાસન જરૂર તેઓ છીનવી લે.'

બીજા જીહજૂર કરનારાઓએ આ વાતને ટેકો આપ્યો અને કુવરને પણ સમજાયું કે વાત સાચી છે... નળ અહીં રહે તો પાંચપંદર દિવસે મોટો બળવો જાગે.. મળેલું તો જાય... સાથોસાથ, પ્રાણ પણ ગુમાવવા પડે... પાણી પહેલાં પાળ બાંધવી એ જ ડહાપણ છે.

આમ વિચારી તેણે નળને સવારે ચાલ્યા જવાનું કહેવું એમ નક્કી કર્યું.

અને ચર્ચાઓ, આજ્ઞાઓ, વિચારો, વગેરેમાં રાત્રિ પૂરી થઈ.

રાજપુરોહિતને બોલાવીને સૂર્યોદય વખતે કુવરે રાજ્યાભિષક

કરવાની આજ્ઞા આપી.

એમ જ થયું, નિષધ દેશના રાજસિંહાસન પર કુવરનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. તે નિષધ સિંહાસનારૂઢ થયો.

રાજ્યાસન પર બેઠા પછી સૌથી પ્રથમ કામ તેણે નળને દેશ છોડીને વિદાય લેવાનું જણાવવા માટેનું કર્યું. પોતાના ખાસ મંત્રીઓને મહામંત્રીના ભવન પર મોકલ્યા.

પરંતુ નળ પોતે જ અહીં રહેવા ઈચ્છતો નહોતો. રાતે મહામંત્રીએ નળને ખૂબ સમજાવેલો. પરંતુ નળ આવી હીન દશામાં રહેવું કેવી રીતે પસંદ કરે? તેણે સવારના પ્રથમ પ્રહર પછી નગરીના ત્યાગનો નિર્ણય કરી નાખ્યો હતો.

અને નિષધપતિ કુવરનો સંદેશો પ્રાપ્ત થયો. નળે સંદેશો લાવનારાઓને શાંત ભાવે કહ્યું: 'નિષધનાથને કહેજો...હું બધું હારી બેઠો છું પણ મારું સ્વમાન હારી બેઠો નથી...મેં પોતે જ દેશત્યાગનો નિશ્ચય કર્યો છે અને હું જવાનો જ છું.'

નળનો આ ઉત્તર મળ્યા પછી કુવરરાજ રાજસભામાંથી રાજભવનમાં ગયો.

નળ દમયંતીને જુગારમાં હારી ગયો હતો પરંતુ દમયંતી પર કોઈ પ્રકારનો અધિકાર ભોગવવાની કુવરમાં શક્તિ જ નહોતી. કારણકે વિદર્ભપતિ ભીમરાજાની પ્રચંડ શક્તિનો ભય હતો. વળી, દમયંતી પતિવ્રતા છે. દેવોના વરદાનવાળી છે...એને દુઃખ થાય તેવું કશું ન કરવું જોઈએ એ સિવાય અગ્નિમાં કૂદનારો દાઝ્યા વગર રહી શકતો નથી, તેમ સિંહણનું દૂધ દોહવું એ કંઈ સહજ કામ નથી. આમ, મનમાં સઘળું સમજતો કુવર ભાભીના આવાસમાં ગયો. દમયંતીને સઘળા સમાચાર મળી ગયા હતા.

દિયરને આવતો જોઈને તે આસન પરથી ઊભી થઈ. કુવરે બે હાથ જોડી મસ્તક નમાવીને વિનમ્ર સ્વરે કહ્યું, 'પૂજનીય ભાભીશ્રી,

આપ મારો કંઈ દોષ ન માનશો. મારા વડીલને મેં અવારનવાર રોકયા હતા. છતાં તેઓ રમી રહ્યા હતા...છેલ્લે જ્યારે આપને દાવમાં મૂકયાં ત્યારે મારું હૃદય સળગી ઊઠયું...પણ હું શું કરું ? હવે આપ અહીં જ રહેજો...આપની આજ્ઞાનું કોઈ ઉલ્લંઘન નહિ કરે...આપ આ રાજભવનને આપનું જ માનજો...'

દમયંતીએ કુવર સામે જોઈને શાંત સ્વરે કહ્યું, 'રાજન, મેં સાંભળ્યું છે કે મારા સ્વામી અત્યારે નગરી બહાર નીકળી ગયા છે, તો મને એમની સાથે જવાની આજ્ઞા આપો.

તમે અન્ય કોઈ નથી. મહારાજા વીરસેનના જ પુત્ર છો... તમે નિષ્કટંક રાજ્ય કરો અને પૃથ્વીનું પાલન કરી ધન્ય બનો. રત્નવલય જમણા હાથમાં હોય એથી એની શોભામાં કોઈ ફરક પડતો નથી. તમારા મોટા ભાઈ મારા દેહને જુગારમાં હારી ગયા છે, પરંતુ મારા પ્રેમને હારી ગયા નથી. એટલે આપ મને એમની સાથે જવા દો.'

'ભાભી, આપ મારે મન માતા સમાન છો...આપના પ્રત્યે મારા હૈયામાં જરાયે દુર્ભાવ નથી અને રાજનીતિ ખાતર મારે મારા ભાઈને બહાર ચાલ્યા જવાનું કહેવું પડયું છે. કારણ કે એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહિ. તેમ, તેઓ પણ આ રાજ્યમાં રહેવા માગતા નથી. જ્યાં પોતે સર્વસ્વ હારી ગયા છે ત્યાં એમના જેવા સ્વમાની પુરુષને એક પળ માટે પણ રહેવું ન ગમે તે સ્વાભાવિક છે. હું આપને અહીં રહેવાનો આગ્રહ કરું છું, તેની પાછળ મારો કોઈ દુષ્ટભાવ ન જોશો...હું તો ત્યાં સુધી કહું છું કે આપ નિષધાનાં અધિકારિણી બનો...હું કેવળ સેનાપતિ જ રહીશ...અને સદાય આપની આજ્ઞાનું પાલન કરીશ.'

'દિયરજી, તમારી વાત બરાબર છે. ઉત્તમ કુળવાળાઓની એમાં જ શોભા છે...પરંતુ જ્યાં સ્વામી નથી ત્યાં પત્ની કેવી રીતે રહી

શકે ? ક્રૌંચકર્ણ જેવા રાક્ષસ પર વિજય મેળવનારા નળરાજા વગરના આ ભવનમાં રહેવું એ મારા માટે ધર્મ દૃષ્ટિએ પણ ઉચિત નથી. સ્વામી વગરનું સ્થળ સ્ત્રી માટે નર્ક સમાન હોય છે. તમે મને રાજ્યનો અધિકાર ગ્રહણ કરવાની વાત કહી, એ તમારી શોભા વધારે છે...પણ મારે રાજ્ય ભોગવવું હોય તો છેક વિંધ્યાચળથી સમુદ્ર સુધીનું દક્ષિણનું રાજ્ય કોનું છે? ભાઈ, કલ્યાણ થાઓ... તમને જે સુખ અનાયાસે પ્રાપ્ત થયું છે તે તમે ભોગવો... જાળવો અને પ્રજાપ્રિય બનીને તમારા વંશને ઉજ્જવળ કરો. મારા પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિ હોય તો મને મારા સ્વામી પાસે જવા દો... જેમ પ્રાણ વગર દેહનો કોઈ આધાર નથી...તેમ સ્વામી વગર પત્નીનો પણ કોઈ આધાર બની શકે નહિ.'

કુવર દમયંતીની ભાવનાનો અવરોધ કરી શક્યો નહિ...છતાં તે બોલ્યો : 'ભાભી, હું આપને રોકતો નથી...રોકી શકું પણ નહિ...પરંતુ મારા ભાઈની સાથે જવામાં અનેક સંકટો પડયાં છે એટલે જ હું પ્રાર્થના કરું છું.'

'રાજન, તમારી પ્રાર્થના હું કદી નહિ ભૂલું...પરંતુ જેમ પુરુષે કર્તવ્ય ખાતર પ્રાણભયનો ત્યાગ કરવો જોઈએ, એ જ રીતે સ્ત્રીએ પણ પોતાના પતિવ્રતા ધર્મની રક્ષા ખાતર સર્વ ભયનો ત્યાગ કરવો જોઈએ.' દમયંતીએ શાંત સ્વરે કહ્યું.

'જેવી આપની ઈચ્છા' કહી કુવર દમયંતીનાં ચરણમાં નમી પડયો. દમયંતી આશીર્વાદ આપીને નીકળી ગઈ.

ત્રિભુવનમાં કોઈને પણ રૂપ ન વર્યું હોય એવા તેજસ્વી રૂપની સ્વામિની દમયંતીને પગે ચાલતી જોઈને ભવનનાં સઘળાં દાસ-દાસીઓ રડવા માંડયાં...કેટલીક દાસીઓ પોતાને સાથે લઈ જવા માટે વિનવવા માંડી...પરંતુ દમયંતીએ સહુને કહ્યું, 'તમારી મમતાને હું કદી નહિ વીસરું પરંતુ અહીંની કોઈ વસ્તુ હું મારી સાથે

લઈ જઈ શકું નહિ...કારણ કે મારા સ્વામીએ સઘળી વસ્તુઓ જુગારમાં ગુમાવી છે...એના પર મારો કોઈ અધિકાર રહી શકે નહિ.'

રાજભવનમાંથી બહાર નીકળીને દમયંતી રાજપથ પર આવી ત્યારે તો હજારો નરનારનાં ટોળાં આંસુ ભીની આંખે આ તેજસ્વી રાજરાણીને જોઈ રહ્યાં હતાં અને મનમાં જુગારને ફિટકાર આપી રહ્યાં હતાં. કુવરના સેનાપતિએ સમગ્ર રાજપથ પર સશસ્ત્ર સૈનિકો ગોઠવી દીધા હતા એટલે કોઈ પ્રકારની ધાંધલ થાય તેમ નહોતું... જોકે માર્ગમાં ઊભેલા સૈનિકો પણ સજળ નયને મહાદેવી દમયંતીને નિહાળી રહ્યા હતાં.

નળ તો જનતનાં આંસુઓ ઝીલતો ઝીલતો બે ઘટિકા પહેલાં જ નગરી બહાર નીકળી ગયો હતો.

દમયંતી પણ નગરીની બહાર આવી પહોંચી અને જે માર્ગે સ્વામી ગયા હતા તે માર્ગે ચાલતા પહેલાં એક વાર રાષ્ટ્રની સમૃદ્ધ ગણાતી નિષધા નગરી તરફ જોઈને તેણે કહ્યું : ' હે નિષધા, હું તને નમન કરું છું. હે મહાન કુળની રાજધાની, મારા રહેવાના નિવાસને તું વીસરીશ નહિ. તારી છાયામાં, તારી ધરતી પરનાં ક્રીડાવનોમાં મેં ખૂબ આનંદ મેળવ્યો છે...હું તને કદી નહિ ભૂલું... હે પ્રિય પંખીઓ, આ ધરતીની શોભાને સદાય વધારતાં રહેજો.'

નગરી બહાર ઊભેલા જનતાના વિરાટ જૂથને નમન કરીને દમયંતીએ કહ્યું : ' આપ સહુ આપના ધર્મનું પાલન કરજો...નવા રાજા પ્રત્યે પ્રેમભાવ રાખજો...મારી પાછળ કૃપા કરીને કોઈને કોઈ આવશો નહિ. મને આજ્ઞા કરવાનો કોઈ અધિકાર નથી...પરંતુ આપ સર્વને પ્રાર્થના કરું છું કે આપ સહુ વિદાય થાઓ...આપનાં આંસુ, આપનો પ્રેમ અને આપની ભાવના મારા માટે આશીર્વાદ બનશે એવા વિશ્વાસ સાથે હું મારા પ્રાણેશ પાસે જાઉં છું. મારો ધર્મ બજાવવામાં આપ સહુ મને સહાયક બનો...'

લોકોએ મહાદેવી દમયંતીનો જયનાદ પોકાર્યો.

દમયંતી પુનઃ નમન કરીને જે માર્ગે નળ ગયો હતો તે માર્ગે ઝડપભેર જવા માંડી.

કુવરે રથ, વાહન કે એવું કોઈ પણ સાધન લઈ જવાની ઘણી વિનંતિ કરી હતી. પરંતુ સ્વામી પગપાળા જતા હોય અને પત્ની વાહન પર બેસે તે યોગ્ય ન ગણાય એમ કહીને દમયંતીએ પગપાળા જવાનું જ પસંદ કર્યું હતું.

લોકો વિલાપ કરતા કરતા પાછા વળવા માંડયા. લોકો કહેતા હતા! 'હે દેવ! તારો પાર કોઈ પામી શકતું નથી... ખરેખર, તારી ચાલ વિચિત્ર હોય છે. નાનો ભાઈ જુગારમાં જીત્યો...રાજ્યનો લોભ જાગ્યો અને મોટા ભાઈને પોતાના રાજ્યમાં ન રહેવાનું જણાવ્યું...એટલું સારું થયું કે તેણે મહાદેવી દમયંતીને રોકયાં નહિ...જો કુવરે દમયંતીનું અપમાન કર્યું હોત તો મહાપરાક્રમી ભીમરાજા સમગ્ર નિષધાને છિન્નભિન્ન કરી નાખત મહારાજ નળનું બાહુબળ અપૂર્વ છે...એમણે દિગ્વિજય પ્રાપ્ત કર્યો છે... સમગ્ર રાષ્ટ્રમાં એમની યશગાથા ગવાય છે...પણ તેઓ સત્ય વચની છે એટલે જ ચૂપચાપ રાજ્યનો ત્યાગ કરીને ચાલ્યા ગયા છે...!" આમ વિવિધ રીતે બોલતા લોકો નગરીમાં પાછા ફર્યા.

આ તરફ નગરીથી ત્રણ કોસ દૂર આવેલા એક સરોવર કિનારે નળ આવી પહોચ્યો.. આ સરોવરના કિનારે એક મહાસ્તંભ ઊભો કરવામાં આવ્યો હતો. નળ એ મહાસ્તંભ સામે જોઇ રહ્યો. તેના મનમાં થયું. 'હું કોઈ શત્રુથી હારી ગયો નથી...મારા ભુજબળને મેં ગુમાવ્યું નથી...હું કેવળ જુગારમાં હારી ગયો છું...એથી શું થયું! ના...ના...મારે મારા બળની પરીક્ષા કરી લેવી જોઈએ.'

તે ઊભો થયો...ચારે તરફ સરખી હાંસવાળા મહાસ્તંભને તેણે ફરી વાર જોયો...ત્યાર પછી બંને હાથ વડે મહાસ્તભને ભીડો

લઈને હચમચાવ્યો. થોડી જ વારમાં એ મહાસ્તંભ બહાર નીકળી આવ્યો નળે એ જ પળે મહાસ્તંભને ઉપાડીને પાછો ગોઠવી દીધો.

તેને ખૂબ જ શ્રમ પડયો હતો...આવો વિરાટ સ્થંભ ધરતીમાં ધરબેલો હચમચાવીને બહાર કાઢવો એ કંઈ નાનીસૂની વાત નહોતી. નળને પોતાના બાહુબળની ખાતરી થઈ ગઈ અને તે વિશ્રામ લેવા મહાસ્તંભની સામે જ એક વૃક્ષ પાસે બેસી ગયો.... એ જ વખતે દમયંતી...સ્વામીનાં પદ ચિહ્નો જોતી જોતી આવી પહોંચી અને બોલી ઊઠી : 'મહારાજ.. સ્વામી...'

'ઓહ પ્રિયે...' નળ વધુ ન બોલી શકયો.

દમયંતી સ્વામી પાસે આવીને સ્વામીને પરસેવાથી તરબોળ બનેલો જોતાં જ બોલી ઊઠી : 'મહારાજ, આટલો પ્રસ્વેદ...'

'જરા બળની પરીક્ષા કરી હતી...પણ તું એકલી અહીં શા માટે આવી ?'

'પત્નીનો ધર્મ બજાવવા...'

'કુવરે...'

'મને ભકિતભર્યા હૈયે મુક્ત કરી...'

નળ પોતાની પ્રિયતમા સામે જોઈ રહ્યો...

દમયંતીએ કહ્યું : 'બળની પરીક્ષા આપે...'

'જો, સામેનો મહાસ્થંભ મેં હચમચાવીને બહાર કાઢયો હતો અને ઊંચો ઉછાળીને પાછો ધરતીમાં રોપી દીધો...હજુ તો થોડી જ વાર થઈ...' નળે કહ્યું.

દમયંતી તે સ્થંભ પાસે ગઈ. સ્તંભને જોતાં જ તે ચમકી ઊઠી. આવો વિરાટ સ્થંભ ! તેણે સ્થંભનું નિરીક્ષણ કરવા માંડયું. એકાએક તેની નજર સ્થંભની નીચે અંકિત કરવામાં આવેલી બે પંકિતઓ વાંચી... તેમાં લખ્યું હતું : 'જે ત્રણ ખંડનો સ્વામી થશે તે

આ સ્થંભને ઊખેડીને પુનઃ સ્થાપિત કરી શકશે.'

દમયંતીએ કહ્યું : ' સ્વામી...'

' શું ?'

' આપે આ વાંચ્યું ?'

' ના, પ્રિયે...શું લખ્યું છે ?'

' જરા અહીં આવો તો...'

નળ ઊઠીને સ્થંભ પાસે ગયો અને તેણે તે પંક્તિઓ વાંચી. ત્યાર પછી નળે દમયંતી સામે જોઈને કહ્યું : 'પ્રિયે, હું જુગાર કેમ રમ્યો એ મને હજી પણ સમજાતું નથી. મારા દુષ્ટ વર્તનથી તને ઘણું જ મનદુઃખ થયું હશે...પરંતુ હું ખરેખર કોઈ અજ્ઞાનરૂપી ચક્રમાં સપડાઈ ગયો હતો.'

' સ્વામી, સ્ત્રીઓનાં મન કોમળ હોય છે...મનદુઃખ થાય પણ વળતી જ પળે બધું સમજાઈ જાય, કર્મના કોઈ ફળરૂપે આ બધું બની ગયું છે...એમાં આપનો દોષ નથી. આપે રાજ્ય ગુમાવ્યું છે... સંપત્તિ ગુમાવી છે...પરંતુ આપનું બાહુબળ તો અહીં ને અહીં જ છે...' દમયંતીએ હર્ષભર્યા સ્વરે કહ્યું :

ત્યાર પછી વૃક્ષની શીતળ છાયા તળે વિસામો લેવા બંને બેઠાં.

નળે કહ્યું : પ્રિયે, મારી એક વાત માનીશ ?'

' આપનાથી અલગ થઈ શકું નહિ એવી કોઈ પણ વાત હું માનીશ.'

નળ આછું હસ્યો અને હસતાં હસતાં બોલ્યો : પ્રિયે, તું તો મારું મન વાંચી ગઈ...પરંતુ મને લાગે છે કે વનવગડાના રઝળપાટમાં તારી આ સુંદર કોમળ કાયાને ભારે દુઃખ પડશે...જો તું પ્રસન્ન થઈને હા પાડે તો હું તને કુંડિનપુરના પાદર સુધી પહોંચાડી દઉં.'

'આપ વનવગડામાં રઝળપાટ કરો ને હું મારા પિતાના રાજભવનમાં સુખ ભોગવું ? ના...ના...ના...પ્રાણ વગર કાયા એક

પળ પણ ટકી શકતી નથી.'

નળ પત્ની સામે જોઈ રહ્યો.

થોડી વાર વિસામો લઈને નળ ઊભો થયો...પોતાનાં ધનુષબાણ જે સાથે હતાં તે ખભે ભરાવ્યાં...તલવાર કમ્મરે લટકાવી અને દમયંતીને લઈને ગંગા તરફ જવા ચાલતો થયો.

વનવગડાનો પ્રવાસ ખેડતાં ખેડતાં ચોથે દિવસે નળ અને દમયંતી ગંગા કિનારા પાસે આવી પહોંચ્યાં.

## પ્રકરણ ૨૬ મુ : : સરોવરની પાળે

**દમયંતી** સાથે હોવા છતાં નળ તેની સાથે છૂટથી વાત-ચીત કરી શકતો નહોતો. તે સમજતો હતો કે પોતે પોતાની પ્રાણાધિક પ્રિયતમા પ્રત્યે ભારે અન્યાય કર્યો છે.

ગંગાના તટ પાસે પહોંચ્યા પછી દમયંતીએ સ્વામીને કહ્યું: 'આપ આટલા ગમગીન કેમ રહો છો ?'

'મારા હાથે સારું કાર્ય તો થયું જ નથી...'

આ તો પૂર્વ જન્મનાં પાપ કર્મનું કોઇ ફળ છે...નહિ તો આપના જેવા આદર્શ અને જ્ઞાની રાજા કદી આવી રમત કરે ખરા ? આપ જે કંઈ બન્યું છે તે સઘળું ભૂલી જાઓ. જે પરિસ્થિતિ સામે ઊભી છે. તેનો સત્કાર કરવા ભૂતકાળને ભૂલી જવો જોઈએ.'

'દેવી, મને બધું ગુમાવ્યાની જરાયે ફિકર નથી...આ બધું કેવી રીતે બની ગયું એનો પણ વિચાર કરવાનું મન થતું નથી... પરંતુ મારા હાથે તારા પ્રત્યે જે અધર્મ આચરણ થઈ ગયું છે તે જ મારા ચિત્તને ભારે વેદના આપે છે.'

'સ્વામી, આપ આ વાત મનમાંથી કાઢી નાખો. પુરુષે નારીના

સમર્પણને વાસ્તવિક નજરે મૂલવ્યું નથી. એથી જ આવું બન્યા કરે છે અને નારીના મનને એનું કોઈ દુઃખ નથી.'

કહેતાં કહેતાં નળ અટકી ગયો અને પત્નીના ઉજ્જવળ નયન વદન સામે જોઈ રહ્યો.

દમયંતીએ પ્રસન્ન સ્વરે કહ્યું : 'નારી પોતાના સ્વામીના ચરણમાં સર્વસ્વ સમર્પિત કરે છે...માત્ર દેહ નહિ...આશા, આનંદ અને ભાવના પણ. પુરુષે નારીના આ સમર્પણનો એક ભવ્ય ત્યાગરૂપે સત્કાર કર્યો હોત તો સંસારનો કોઈ પુરુષ પોતાની પત્નીને દાવમાં ન મૂકત...એવી પ્રથા ન જ પડી હોત...પરંતુ પુરુષે નારીના સર્વસ્વને પોતાની વ્યક્તિગત સંપત્તિ માની લીધી...અને એ જ ભ્રામક માન્યતાએ આવું સર્જન કર્યું છે...નારી તો ત્યાગ અને બલિદાનના ઉચ્ચ સ્તર પર વિરાજેલી છે...તે પોતાના સમર્પણને ગમે તેવાં સંકટો, દુઃખો અને વિપત્તિઓ વચ્ચે પણ નિર્મળ, નિષ્કલંક અને અતૂટ રાખવામાં જ પોતાનો ધર્મ સમજે છે...એટલે આપે મારા અંગે જે કંઇ કર્યું, તે મારા માટે આશીર્વાદરૂપ છે...આપ મનનો ક્ષોભ દૂર કરીને મારા પ્રત્યે પ્રસન્ન રહેજો...'

'આશીર્વાદરૂપ?'

'હા નાથ, સુખમાં સાથ આપવાની તક તો સહુને મળે છે... દુઃખમાં સાથ આપવાની તક ભાગ્યે જ મળે છે!' દમયંતીએ પ્રસન્ન સ્વરે કહ્યું.

આટલા દર્દ વચ્ચે પણ નળે પ્રિયતમાના બંને હાથ પકડી લીધા...તેનાં નયનો સજળ બની ગયાં.

મધ્યાહ્ન થઈ ગયો હતો.

નળના ચિત્તને અન્ય વિષય પર વાળવા ખાતર દમયંતીએ કહ્યું: 'સ્વામી, મનોહર અને વેગવંતા તરંગોવાળી, મુશ્કેલીથી સામે પાર જઈ શકાય એવી અને સર્વ જગતમાં પ્રસિદ્ધ પામેલી આ નદી જ

પવિત્ર ગંગાજી છે ને ?'

'હા પ્રિયે, આ એ જ નદી છે...જે ચક્રવર્તીઓને નવનિધિ આપે છે...હે કમલનયને, ! ચાલ, તું પણ ગંગાના પવિત્ર જળનો સ્પર્શ કર...' કહી નળ ઊભો થયો.

બંને ગંગાજીમાં ઊતર્યાં...બંનેએ જળપાન કર્યું અને મધ્યાહ્નિક સ્નાન કર્યું.

બંનેએ કોઈ પણ અલંકાર કે દ્રવ્ય સાથે લીધું નહોતું પહેરેલાં વસ્ત્રો સિવાય અન્ય કોઈ વસ્ત્ર પણ લીધું નહોતું...અને સાથે કોઇ પ્રકારનું પાથેય પણ નહોતું. બંનેએ ગંગાજીના જળનું પાન કરીને જ સંતોષ માન્યો અને એક વૃક્ષની છાયા નીચે વિશ્રામ લીધો.

રાત્રિ પડી ત્યારે બંને ગંગાના સુંવાળી રેતીવાળા તટ પર સૂઈ ગયાં.

બીજે દિવસે સવારે નળ દમયંતીએ કિનારા પરના વન પ્રદેશમાંથી થોડાં ફળો મેળવ્યાં અને પ્રસન્ન ચિત્તે બંનેએ ખાધાં. આ સ્થળ ઘણું જ શાંત અને પવિત્ર લાગવાથી બંને ત્યાં જ રહ્યાં...

ત્રીજે દિવસ સવારે જ કુવરે જનતાનાં કડવા વેણ સાંભળીને પોતાના ખાસ દૂત સાથે મોકલેલો એક રથ આવી પહોંચ્યો.

નળ અને દેવી દમયંતી એ વખતે સ્નાન કરીને મનમાં ભગવાન શ્રી જિનેશ્વરદેવના સ્વરૂપને કલ્પી માનસિક પૂજન કરી રહ્યાં હતાં.

રથમાંથી એક દૂત નીચે ઊતર્યો અને નળ રાજાની આરાધના પૂરી થાય ત્યાં સુધી મૌન ભાવે ઊભો રહ્યો જ્યારે બંને નિત્યકર્મથી નિવૃત્ત થયાં ત્યારે કુવરના દૂતે નમન કરીને કહ્યું: 'મહારાજ, નિષધપતિ કુવરરાજે આપના માટે રથ અને કેટલીક સામગ્રી મોકલી છે. આપ કૃપા કરીને એનો સ્વીકાર કરો.'

નળરાજાએ રથમાં જોયું, તેમાં કેટલાંક વિવિધ શસ્ત્રો હતાં, યંત્રો હતાં, દ્રવ્યની પેટિકા હતી અને ઉત્તમ પાથેયના ડબરાઓ હતા. રથ

પણ સુવર્ણ મંડિત હતો એના અશ્વો તેજસ્વી હતા.'

નળ વિચારમાં પડી ગયો. બે પળ પછી બોલ્યો, 'નિષધપતિને મારા આશીર્વાદ જણાવજે અને કહેજે કે હું દાનનો સ્વીકાર કરવા અસમર્થ છું.'

'કૃપાનાથ, આ દાન નથી. નાના ભાઈની ભક્તિનો સ્વીકાર કરો.' દૂતે વિનમ્ર સ્વરે કહ્યું.

છેવટે નળ રાજાએ લઘુબંધુની ભક્તિનો સ્વીકાર કર્યો. ભાતાના ડબરામાંથી બંનેએ ભોજન કર્યું. ત્યાર પછી પ્રિયતમાને રથમાં બેસાડી પોતે જ સારથિ બનીને વિદાય થયો. દૂત અને અન્ય માણસો વધારાના અશ્વ પર વિદાય થયા. નળની ઈચ્છા હતી કે નિષધાની સીમા જેમ બને તેમ વહેલી વટાવી જવી. આ ઉત્સાહમાં તેણે ભયાનક અને ગાઢ વન પ્રદેશમાં પોતાનો રથ દાખલ કર્યો.

માત્ર એકાદ પ્રહરમાં જ તે નાની નાની પર્વતમાળાઓથી વીંટળાયેલા અને રમણીય વન પ્રદેશથી છવાયેલા ભીલ લોકોના પલ્લીઓવાળા સ્થળ પાસે આવી પહોંચ્યો.

નળના સ્વર્ણ રથનો ઘરઘર ધ્વનિ આ પાર્વત્ય વન પ્રદેશમાં ગુંજી રહ્યો હતો. એક તો રથ સર્વોત્તમ હતો, અશ્વો તેજસ્વી હતા અને નળ પોતે રથ ચાલાક હતો.

રથનો ધ્વનિ ભીલોએ સાંભળ્યો અને પલ્લીની ચોકી કરતા ભીલોએ પણ સાવધ રહેવાનો વિચિત્ર ધ્વનિ કર્યો. આથી ભીલ લોકો પોતાનાં વિવિધ વસ્ત્રો ધારણ કરી મૃગચર્મનાં વસ્ત્રો પહેરીને ચારે તરફથી નીકળવા માંડયાં. સંખ્યાબંધ ભીલોને ધસી આવતા જોઈ નળ રાજાએ પોતાનો રથ ઊભો રાખ્યો ત્યાં તો 'આ બધું અમને સોંપીને શરણે થા.' શરણે થા. એવા પડકાર ભીલ સાથે સૈનિકો રથ સામે આવી પહોંચ્યા.

નળ રાજાએ ધનુષ ધારણ કરતાં કહ્યું: 'ભાઈઓ, હું કોઈ શત્રુ

નથી. પ્રવાસી છું. મને માર્ગનો ખ્યાલ ન હોવાથી આ સ્થળે આવી ચડયો છું.'

પણ વનવાસી ભીલો કંઈ સમજે તેવા નહોતા...તેઓએ તીરો વરસાવવા માંડયાં.

ન છૂટકે નળરાજાએ પૃથ્વીને ધ્રુજાવી મૂકે એવો ધનુષ ટંકાર કરીને એક પછી એક બાણો છોડવા માંડયાં. નળ ધનુર્વિદ્યામાં અતિ કુશળ હતો. તેણે થોડી જ વારમાં સેંકડો ભીલોને ધરતી ભેગા કરી મૂકયા...પરંતુ ભીલોનાં ટોળેટોળાં આવી રહ્યાં હતાં. અધૂરામાં પૂરું એક આશ્ચર્ય એ પણ થયું કે કલિના કોપના કારણે તેના દિવ્ય શસ્ત્રો હરાઈ ગયાં. નળે જોયું. સામાન્ય બાણો કયાં સુધી ટકી શકે ? અને આ તો જાણે વિરાટ જાગ્યો હોય એમ લાગે છે ! એકલા હાથે આટલા માણસોને સામાન્ય શસ્ત્રથી પરાસ્ત કરવાનું શકય નથી આમ વિચારીને તેણે દમયંતીને કહ્યું : 'પ્રિયે, મારાં દિવ્ય શસ્ત્રો અદષ્ય થઈ ગયાં લાગે છે...છતાં હું એક વાર બાણથી આંધી ઊભી કરું છું. આ તકનો લાભ લઈને આપણે છટકી જવું પડશે. એ સિવાય મને કોઈ અન્ય માર્ગ સલામતીભર્યો દેખાતો નથી.'

દમયંતીને પણ સ્વામીની વાત બરાબર લાગી.

નળે પોતાના હસ્તલાઘવનો વિક્રમ સરજયો. બાણની આંધી ઊભી કરી અને બંને રથમાંથી ઊતરીને ગાઢ વનમાં ચાલ્યાં ગયાં. સમય અને પરિસ્થિતિને આધીન સહુને થવું પડે છે.—

આંધી પતી ગઈ એટલે ભીલો સામગ્રીથી ભરેલા રથને લઈને ચાલતા થયા. તેઓ માત્ર ધનને જ ચાહતા હતા...કોઈના પ્રાણ લેવાની તેઓની ઇચ્છા નહોતી...

પરંતુ સેંકડો ભીલોનાં શબ ત્યાં ઢળી પડયાં હતાં...કોઈ મૃત્યુ પામ્યા હતા તો કોઈ ઘાની વેદનાથી ચિત્કાર કરી રહ્યા હતા.

ભીલોએ પોતાના ઘાયલ સાથીઓને વીણી વીણીને ઉઠાવવા

શરૂ કર્યો.

મધ્યાહ્ન વીતવા આવ્યો હતો. નળ માટે આ વનપ્રદેશ અજાણ્યો હતો છતાં તે પોતાની પ્રિયાને સંભાળપૂર્વક લઈને વન બહાર નીકળી જવાની આશાએ આગળ ને આગળ જતો હતો...

ત્યાં એકાએક નળની નજર છિદ્રવાળા વાંસના ઝૂંડ પર પડી અને ત્યાં વિચિત્ર પ્રકારનાં પ્રાણીઓ નિહાળ્યાં. તરત તેણે દમયંતીનું ધ્યાન એ તરફ ખેંચતાં કહ્યું : 'પ્રિયે, આ તરફ નજર કર.. જેનાં ચરણ માણિક્ય સમાં લાલ છે, જેની ચાંચ તેજસ્વી છે, જેનાં નયનો ઈન્દ્રનીલમણિ જેવાં મનોહર છે અને જેની પાંખો ઉત્તમ સુવર્ણની દેખાય છે...ખરેખર, આવાં પક્ષીઓ પૂર્વે મેં કદી જોયાં નથી...મને થાય છે કે આ મૂલ્યવાન પંખીઓને પકડી લઉં.'

દમયંતીએ તરત કહ્યું, 'સ્વામી, અજાણ્યાનો વિશ્વાસ ન કરવો જોઈએ...વળી, આવાં પંખીઓની આપણે શી જરૂર છે ? એક મહારાજ્ય ને અઢળક ધન આપના હાથમાંથી ચાલ્યું ગયું તો પાંખરૂપી સુવર્ણવાળાં પંખીઓને પ્રાપ્ત કરવા શા માટે ઈચ્છો છો...? અને પંખીઓ ચપળ હોય છે...આપના હાથમાં આવશે પણ નહિ.'

'એક વાર ભાગ્ય તો અજમાવી લઉં.' આમ કહીને નળે પોતાનું ઉત્તરીય જાળ માફક પંખીઓ પર ફેંક્યું...વળતી જ પળે એક પંખી ઉત્તરીય સહિત આકાશ તરફ ઊડી ગયું...બીજાં પંખીઓ પણ ઊંચે ઊડવા માંડ્યા. પોતાનું ઉત્તરીય ચાલ્યું ગયું અને દાવ નિષ્ફળ ગયો એ જાણીને નળે હતપ્રભ બની ગયો. તેના મનમાં વિચાર આવ્યો : 'ખરેખર, વર્તમાન સમયે મારું ભાગ્ય પ્રતિકૂળ બન્યું છે... જો એમ ન હોત તો રથમાંથી મારાં દિવ્ય શસ્ત્રો અદ્રશ્ય શા માટે બનત ! જે પંખીઓ એક દિવસે મારાં દૂત બનવાનું ગૌરવ લેતાં હતાં, તે પંખીઓ આજ મારા શત્રુરૂપ બની ગયાં લાગે છે.'

નળને વિચારમગ્ન જોઈ, એક સુવર્ણ પંખીએ માનવ વાણીમાં

કહ્યું : ' હે દુર્બુદ્ધિ રાજન, જેણે તારું રાજ્ય ઝડપી લીધું, જેણે તારી સંપત્તિ હરી લીધી અને જેના અંગે તારે વનવાસ વહોરવો પડયો તે દ્યુતક્રીડાના પાસાઓ અમે જ છીએ તું સમજી લેજે. હે નળ, જુગાર જેવી આવી રમતથી ધન પ્રાપ્તિ નથી થતી.'

નળ શો ઉત્તર આપે ? પોતાની ધોતીનો એક છેડો કાઢીને તેણે ખભા પર નાખ્યો...ત્યાર પછી દમયંતી સામે જોઈને કહ્યું : ' પ્રિયે, રક્તકમળ જેવાં તારાં કોમળ ચરણ દર્ભ અને કંટકના સ્પર્શથી લોહીવાળાં બન્યાં હોય એમ લાગે છે...પરંતુ હવે આપણે વનના છેડા સુધી આવી પહોંચ્યાં છીએ...મને સારસ પંખીઓનો મધુર અવાજ સંભળાય છે એટલે આટલામાં જ કોઈ જળાશય હશે એમ કલ્પી શકાય છે...હવે દિવસ પણ બહુ નથી રહ્યો...દેવી, તને દુ:ખ તો થશે...પણ ચાલ્યા વગર આપણા માટે અન્ય કોઈ ઉપાય નથી.'

' સ્વામી, જે સ્ત્રીની સાથે તેનો પતિ હોય તે સ્ત્રીને દુ:ખની કલ્પના પણ ન આવે. આપના સાન્નિધ્યમાં મને દુ:ખ નથી...પરતું આપની આ સ્થિતિ જોઈને જ મને દુ:ખ થાય છે. દેશકાળનો નિર્ણય કર્યા સિવાય અને કોઈ ધ્યેય નક્કી કર્યા સિવાય આપણે માત્ર ચાલી જ રહ્યાં છીએ...આમ નિરુદ્દેશ ચાલવું તે સાધુ પુરુષો માટે ઉચિત ન ગણાય. રાષ્ટ્રના સર્વ રાજાઓમાં ચંદ્રસમાન હે મહારાજ, આપે એક વાર સર્વ રાજાઓને આપના સેવક બનાવ્યા છે. અત્યારે આપની આ પરિસ્થિતિ જોઈને એવો કોઇ રાજા આપને વિપત્તિમાં મૂકે તે સહજ છે...વળી, આપના ગ્રહ પ્રતિકૂળ છે...ભાગ્ય પણ વિફર્યું છે. આ સંયોગોમાં જો આપ મારા પિતાને ત્યાં થોડો સમય પસાર કરશો તો ઈષ્ટ ગણાશે. આપના જેવા પવિત્ર અને શક્તિશાળી અતિથિને જોઈને મારા પિતા ખૂબ જ આનંદિત બનશે.'

પરાશ્રયે ન રહેવાની ઈચ્છા ધરાવતા નળે પત્નીની ભાવપૂર્ણ વાત સાંભળીને કહ્યું ' ભલે...તું કહે છે તેમ જ થાઓ.'

થોડી જ વારમાં બંને સરોવરના કિનારે આવી પહોંચ્યાં... સરોવર સુંદર હતું. જળ નિર્મળ હતું. વાતાવરણ સ્વચ્છ હતું... સૂર્યાસ્તને પણ થોડી વાર હતી.

સરોવરમાં અતિમનોહર લાગતા કમળના સમૂહો હતા. નળે કમળ પત્રમાં જળ લઈને પ્રિયતમાને આપ્યું... પોતે પણ પીધું. ત્યાર પછી સરોવરના કિનારે ઊગેલાં આમ્રવૃક્ષો અને અન્ય ફળવૃક્ષો પરથી ફળો લાવીને બંનેએ સાયં ભોજન કર્યું.

હાથમુખ સ્વચ્છ કરી નળે પશ્ચિમ દિશા તરફ નજર કરી. સૂર્ય અસ્તાચળ તરફ આરુઢ થઈ રહ્યો હતો.

પક્ષીઓ પોતપોતાના માળાઓમાં આવવા માંડયાં.

સૂર્યાસ્ત થઈ ગયો. ધીરે ધીરે અંધકારનો પ્રારંભ થયો. તે પહેલાં જ નળે કેટલાંક કોમળ પત્રો એકત્ર કરીને એક વૃક્ષના ઓથે શય્યા બનાવી.. એક તો ભીલો સાથે યુદ્ધ છેડાયું હતું. અને પછી ઉતાવળે ચાલવું પડયું હતું. આથી બંને શ્રમિત થઈ ગયાં હતાં.

કલિની માફક અંધકાર ધીરે ધીરે ગાઢ બનવા માંડયો. એક બીજાનાં મોઢાં પણ ન જોઈ શકાય એવો અંધકાર વન પ્રદેશમાં જામતો હોય છે.. વળી, આવા નિર્જન સ્થળે ન મશાલ હોય કે ન કોઈ દીપક હોય.

નળનું ઉત્તરીય ચાલ્યું ગયું હતું. તે માત્ર એક ધોતીભેર જ હતો...પણ તેની કાયા અતિ સુદૃઢ હતી.

કલિ નળની પાછળ જ પડયો હતો. કોઈ પણ ઉપાયે નળને ચેન ન પડવા દેવું એવો તેણે નિશ્ચય કર્યો હોવાથી તે તેની પાછળ જ પડયો હતો.

નળની આંખો બંધ હતી...પરંતુ મનમાં વિચારો આવતા હતા. ભાગ્યની રમતને કોઈ પારખી શકતું નથી...પણ મારે આ સ્થિ-

તિમાં ક્યાં જવું અને આ દુઃખના દિવસો કઈ રીતે વિતાવવા? ખરેખર, ધનહીન માનવીને કોઈ પણ સાધન કે સાધ્યનો અભાવ જ હોય છે. ધનરહિત માનવીનો દુર્જન પુરુષો ક્રૂર પરિહાસ કરે છે, શત્રુઓ પીડા આપતા રહે છે અને સંબંધીઓ તેનો ત્યાગ કરે છે...ખરેખર, નિર્ધનને કોઈ સહાય કરવા તૈયાર થતું નથી. આ રીતે તુચ્છ બનેલા માનવનો સહુ તિરસ્કાર કરે છે. હું પણ તિરસ્કારને પાત્ર બની ગયો છું. આવો તિરસ્કાર મેળવીને કઈ રીતે જીવવું? એવા જીવતરમાં આનંદ પણ શો હોય? હું આવા પ્રદેશમાંથી બહાર નીકળીશ એટલે શત્રુઓ મને પજવશે. ખરેખર શત્રુ અને સર્પ પોતાના શિકારની નબળાઈ પકડવામાં જ કર્તવ્ય માનતા હોય છે...

હું કોઈ દિવસ કોઈ પણ યુદ્ધમાં હાર્યો નથી. છતાં ભીલ લોકો સામે મારે હારવું પડયું. શા માટે? દમયંતી સાથે હતી...એના રક્ષણ માટે જ મારે સમયનો વિચાર કરવો પડયો. પત્નીને સાથે રાખવી તે ભારે વિપત્તિજનક છે.. એ અત્યંત સુકુમાર છે...મારા પ્રત્યેના પ્રેમ ખાતર તે સંકટો સહી રહી છે...પરંતુ જળ, ખાદ્ય-સામગ્રી, શય્યા. વાહન, વસ્ત્રો, સહાયક એવું કશું સાથે છે નહિ...આ સ્થિતિમાં દમયંતી કેવી રીતે મારી સાથે રઝળી શકશે? વળી, પોતે થાકી ગઈ હોય છતાં મારી સેવાનો ત્યાગ કરી શકે એમ નથી.... અત્યારે તો હું પોતે જ તેના દુઃખનું કારણ છું. મારે શું કરવું જોઈએ? હુ દમયંતીને સમજાવીશ તો પણ તે પોતાના પિતાને ઘેર જશે નહિ...

હું કોઈ પણ ઉપાયે મહારાજા ભીમ પાસે જઈ શકું એમ નથી. કયા મોઢે એમના પાસે ઊભો રહું? જે નગરીમાં સ્વયંવર વખતે હું જે વૈભવથી ત્યાં ગયો હતો અને કુંડિનપુરની જનતાએ મારા પર અંતરનો પ્રેમ બિછાવ્યો હતો તે લોકોની સામે આ અવસ્થામાં મારે કઈ રીતે ઊભા રહેવું? પોતાના પરાક્રમથી આગળ

વધનાર ઉત્તમ છે: પિતાના નામથી. પ્રકાશનાર મધ્યમ છે, ભાણેજ તરીકે ઓળખાવાનાર અધમ છે અને જમાઈ તરીકે ઓળખાઈને જીવનાર અધમાધમ છે. આ પરિસ્થિતિમાં દમયંતી પોતાને પિયર કે નિષિધામાં રહે તો મારો પંથ ઘણો સરલ બની જાય...હું ગમે ત્યાં મુક્તભાવે જઈ શકું. ચંદ્રિકા સમી દમયંતી સાથે હોય તો હું અવશ્ય ઓળખાઈ જવાનો પરંતુ એકલો હોઉં તો કોઈ એમ નહિ કહી શકે કે ' આ નળ છે.' ઓહ. મારે શું કરવું !

મૂર્ખ માણસના હાથમાં ગ્રંથ, દરિદ્રના હાથમાં ખજાનો અને નપુંસકના હાથમાં તલવાર ન શોભે. તે જ રીતે, આ કમલનયના પત્ની મારી સાથે શોભી શકશે નહિ...ના...ના...ના...ગમે તેવાં સંકટો વચ્ચે પણ તે મારો ત્યાગ નહિ કરે. અને એને પડતું દુ:ખ હું કોઈ પણ ઉપાયે સહી શકીશ નહિ...મારે કંઈક કરવું જ જોઈએ...ગમે તે ઉપાયે મારે તેને સમજાવીને તેને પિયર મોકલવી જોઈએ અથવા કોઇ સ્વજનના ઘેર આશ્રય અપાવવો જોઈએ. આમ થાય તો જ ભવિષ્યમાં હું મારી પ્રિયતમાને પ્રાપ્ત કરી શકું...તો જ દમયંતી જીવતી રહી શકે...બાકી, આ રઝળપટીમાં માનવલોકનું આ કોમળ પુષ્પ અવશ્ય કરમાઈ જશે. ક્યાં સેંકડો રાજાઓથી ભરેલું મારું સામ્રાજ્ય ને ક્યાં મૃગના મિથુન જેવો આ અમારો રઝળપાટ !'

નળ આંખો મીંચીને આવા વિચારો કરી રહ્યો હતો.

દમયંતીના સ્વામીનાં ચરણ દબાવી રહી હતી...તેનાં નયનોમાંથી ખરતાં આંસુઓ નળનાં ચરણને સ્પર્શી જતાં.

નળના મનમાં થતું: મારે દમયંતીને કેવી રીતે સમજાવવી ? શું તે સમજશે ? કોઈ પણ સંયોગોમાં તે નહિ સમજે...જે નારી સ્વામી સાથે દુ:ખ સહન કરવામાં પણ આશીર્વાદ માનતી હોય તે નારીને કેવી રીતે સમજાવવી ?

## પ્રકરણ ૨૭ મું : : અંધારી રાતે !

વન પ્રદેશમાં અંધકાર ભારે બિહામણો લાગે છે...કાચો-પોચો માનવી તો ભયથી જ અડધો થઈ જાય.

હજુ તો રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થયો નહોતો. આખી રાત કેવી રીતે વીતશે ? સંભવ છે કે મધ્યરાત્રિ પછી હિંસક પ્રાણીઓ પણ આવી ચડે...સ્વામીનાં બધાં શસ્ત્રો રથમાં રહી ગયાં છે...માત્ર એક તલવાર રહી છે...આવા વિચારો કરતી દમયંતી સ્વામીના પગ દાબી રહી હતી. નળ પણ અનેક વિચારો વચ્ચે અથડાઈ રહ્યો હતો. તેણે કહ્યું : ' પ્રિયે, તું અતિ શ્રમિત બની ગઈ છે...હવે સૂઈ જા...'

' ના સ્વામી, હજુ તો રાત્રિનો પ્રથમ પ્રહર ચાલી રહ્યો છે. અને આજ આપ ઓછા શ્રમિત નથી થયા ! ...વળી, આપ જાગો ને હું સૂઈ જાઉં એ કોઈ દ્રષ્ટિએ ઉચિત નથી.'

નળના હૈયામાં પુનઃ વિચારોનો વંટોળ જાગ્યો :– આવી પ્રેમમૂર્તિને મારી સાથે દુઃખી કરવાનો મને કોઈ હક નથી રહ્યો...ઓહો, મેં ભારે પ્રવંચના કરી છે...'

આવા વિચારો વચ્ચે નળનું હૃદય ભારે દુઃખ અનુભવી રહ્યું હતું. દમયંતી પણ સ્વામીના ને પરિસ્થિતિના વિચારે ચડી ગઈ. તેના મનમાં થયું, એક જુગારે કેવી વિનાશક વિપત્તિ સરજી છે ? જેઓ હંમેશ રત્નમંડિત પલંગમાં પોઢતા હતા...આજ તેઓ એક અજાણ્યા સરોવર તટે પર્ણની શય્યા પર પડ્યા છે...એમને નિદ્રા નથી આવતી. નિદ્રા ક્યાંથી આવે ? નથી કોઈ સેવક, નથી કોઈ

મિત્ર, નથી કોઈ પરિચારિકા, કેવળ હું એક જ છું...આજ ગંગા જેવા નિર્મળ નીરથી ભરેલું સરોવર જાણે ઘર બન્યું છે! ઓહ આવી વિપત્તિને ધિક્કાર હો! બંધુભાવને, વધુ પડતા પરિવારને, મંત્રીમંડળને, લક્ષ્મીને, અધિક તાકાતને, કુલને, સહાયકોને, વારંવાર ધિક્કાર હો! આવું બધું હોવા છતાં મહા પરાક્રમીને આવી અધમ દશામાં મુકાવું પડયું.

આવો વિચાર તેના મનનું મંથન કરી રહ્યો હતો. ત્યાં તેને થોડા જ સમય પહેલાં પ્રિય સખી કેશિનીના શબ્દો યાદ આવ્યા. તેના મનમાં થયું, કેશિનીએ મને શુકન જોઈને જે કહ્યું હતું તે બરાબર થયું છે...હા, કેશિનીએ તો વિયોગની પણ વાત કહી હતી ..હું કોઈ પણ ઉપાયે મરતાં સુધી સ્વામીનો સંગ નહિ છોડું. એમની દેખરેખ કોણ રાખે? એમના પ્રત્યે પ્રેમદષ્ટિ કોણ રાખે? કોણ એના દુઃખનું ભાગીદાર બને! ના...ના...ના...હું મારા સ્વામીને આંખથી અળગા નહિ કરું...જો કેશિનીના કહેવા પ્રમાણે વિયોગ આવી પડશે તો હું કેવી રીતે જીવી શકીશ? હું સ્વામીનો એકાકી રઝળપાટ કેવી રીતે સહી શકીશ? મારું જમણું નેત્ર વારંવાર ફરકી રહ્યું છે...શું એ કોઈ અશુભ યોગનું સૂચન હશે? ભાગ્યના વિષચક્રમાં સપડાયેલા હાન સ્વામી શૂન્ય હૃદય બનીને ઇચ્છાપૂર્વક ચાલ્યા જાય તો તેમને હું કેવી રીતે અટકાવી શકીશ? શું મને મારા સ્વામીનો વિયોગ પ્રાપ્ત થશે? અહીં હું શું કરું? અત્યારે હું દરેક રીતે હણાયેલી બની ગઈ છું...મારી બુદ્ધિ પણ જડ બની ગઈ છે. બુદ્ધિના પ્રભાવથી સ્વામીને સમજાવવાની મારામાં કોઈ શક્તિ નથી. આ વિચાર આવતાં જ તે બોલી ઊઠી: 'સ્વામી! સ્વામી! પ્રાણાધાર!'

નળ એકદમ બેઠો થઈ ગયો. અંધકારમાં તે પ્રિયતમાનાં ચળકતા અશ્રુને જોઈ શકયો.. નળે તેનાં અશ્રુ લૂછી પ્રિયતમાને ગાઢ આલિંગન આપીને કહ્યું: 'પ્રિયે, તું શા માટે ગભરાઈ ગઈ છે?

નબળા વિચારોનો ત્યાગ કર...મન પ્રસન્ન રાખ...તારો સંગ છોડીને હું ક્યાંય ગયો નથી! હે મૃગાક્ષી, શું તારી પાસે રહેલા તારા સ્વામીને તું જોઈ શકતી નથી? મારા તરફ નજર કર...તું સર્વ વાતે ચતુર છે...હે ભીમસુતા, તું સર્વ તત્ત્વની જાણકાર છે ...જ્ઞાનમયી છે... ધૈર્યની મૂર્તિ છે...સમર્પણની કવિતા છે...આમ તો જો! તારી કાયા અતિ શ્રમના કારણે જ્વરગ્રસ્ત બની છે ...તને અત્યારે શું થઈ ગયું છે? તારાં અંગો શિથિલ બની ગયાં છે તું સૂઈ જા...આરામથી તને અવશ્ય સ્વસ્થતા પ્રાપ્ત થશે હે વૈદર્ભી, જાગતો એવો હું તારી રક્ષા કરીશ...તું સૂઈ જા.'

સ્વામી તરફથી મળેલા આશ્વાસનથી દમયંતીનું હૃદય ધૈર્યને પામ્યું. દમયંતી નળની બાજુમાં જ પત્રની શય્યા પર શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક આડે પડખે થઈ. મનમાં તેણે વિતરાગ પરમાત્માનું અને મહામંત્રીનું સ્મરણ કર્યું. પણ તેને તરત વિચાર આવ્યો... 'ઓહ, સ્વામીનું ઉત્તરીય તો હરાઈ ગયું છે..અને વનપ્રદેશની નાનીમોટી જીવાતો એમની કાયાને પીડી રહી લાગે છે.' આમ વિચારી તેણે પોતાની સાડીનો એક ભાગ કાઢીને સ્વામીની ખુલ્લી કાયા પર ઓઢાડયો અને તેનો છેડો પોતાની મુઠ્ઠીમાં પકડી રાખ્યો...આમ સ્વામી ચાલ્યા જાય એવા ભયનું નિવારણ કરીને નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં તે થોડી જ વારમાં નિદ્રાધીન બની ગઈ.

વાત્સલ્યના કારણે માતા જેવી, વિનયને અંગે પુત્રવધૂ સમી, સત્ય ગુણ યુક્ત હોવાના કારણે તીર્થરૂપ, ચતુરાઈના લીધે મંત્રી સમાન, પરિચય કરવામાં સખી સમાન, સેવા કરવામાં દાસી સમાન, સમર્પણના કારણે પ્રેમ ગંગા સમી પવિત્ર અને મારા બીજા શરીર સરખી આ પ્રિયતમા દમયંતીનો ત્યાગ મારે શા માટે કરવો જોઈએ? દમયંતી મારી પાસે હોય અને મને ખેદનું કારણ આપતી હોય તો પણ હું શું હારી ગયો છું? અર્થાત મેં કશું ગુમાવ્યું નથી...

સર્વગુણ સમ્પન્ન પત્ની સાથે હોવાથી મેં કંઈ ગુમાવ્યું નથી... જ્યાં સુધી વિશ્વમાં વિસ્તરેલી કીર્તિરૂપી કુમુદવાળી દમયંતી મારી પાસે રહેલ છે ત્યાં સુધી સઘળો વૈભવ, સઘળો પરિવાર અને સમ્રાટને પણ પ્રાપ્ત ન થાય એવું સુખ મારા હૈયામાં જ ભર્યું છે.. ના ના, ના, આવા વિકટ વનવાસમાં પણ હું રાજ ભોગવી રહ્યો છું... ઓહ, નબળા વિચારો દૂર થાઓ.. દૂર.. થાઓ નળના વિચારનું પરિવર્તન થયું.

પરંતુ દુષ્ટિ કલિ નળની પાછળ પડ્યો હતો...તે જોઈ શક્યો– આ દમયંતી જ્યાં સુધી નળની સાથે છે ત્યાં સુધી નળનો એક વાળ પણ વાંકો થઈ શકે એમ નથી મારે કોઈ પણ ઉપાયે દમયંતીથી નળને વિખૂટો પાડવો જ જોઈએ...દમયંતીનો આ પ્રેમદોર મારાથી નજરે પણ જોઈ શકાતો નથી...દમયંતીનું સમર્પણ અજોડ છે.. હું પણ ત્યાં પાંગળો બની જાઉં છું...આમ વિચારીને કલિએ કોઈ પણ ઉપાયે નળને પત્નીથી વિખૂટો પાડવાનો નિર્ણય કરી લીધો. એક સુક્તિમાં બે દિવ્ય રત્નોની માફક એક જ વસ્ત્રથી વીંટળાઈને નળ–દમયંતી શોભી રહ્યાં હતાં. દમયંતીના કપાળ પર શોભી રહેલ અગ્નિસમાન તેજસ્વી તિલક આવા અંધકારમાં પણ જાણે પોતાનું તેજ સમગ્ર વદન પર બિછાવી રહ્યું હતું. પ્રિયાના આલિંગનથી બદ્ધ થયેલા નળને જોઈને વૈરભાવથી જેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ છે એવા એના મનમાં થયું, 'નળને મેં રાજભ્રષ્ટ કરીને રઝળતો કર્યો હોવા છતાં એનો કોઈ અર્થ નથી...નળ અને દમયંતી આવા વિકટ વનમાં પણ સ્વસ્થ, નિશ્ચિંત અને પ્રેમભાવથી બંધાયેલાં જ રહ્યાં છે.'

હવે શું કરવું ? ના...ના...ના...નળને આ રીતે સુખી જોઈ શકાય જ નહિ. તરત કલિએ મનમાં કંઈક સંકલ્પ કર્યો... નળની મનોભૂમિ પર તેણે આક્રમણ આદરી દીધું. થોડા સમય પહેલાં જ નળે કરેલો નિશ્ચય પુનઃ વિચારની એરણ પર ટિપાવા માંડ્યો.

તેણે નેત્રો ખોલ્યાં. દમયંતીના સૌમ્ય સુંદર તેજસ્વી વદન તરફ નજર કરી. ઓહ, મેં કરેલા અપરાધનું ફળ મારી પ્રિયતમાએ શા માટે ભોગવવું જોઈએ ? જુગાર હું રમ્યો છું, સર્વસ્વ ગુમાવીને આ રઝળપાટ મેં સ્વીકાર્યો છે, દમયંતીની શિખામણ પણ મેં માની નહોતી. એના સોગંદ પણ પાળ્યા નહોતા અને અધમાધમ એવા મેં પ્રિયતમાને પણ જુગારના દાવમાં મૂકી હતી...

ઓહ, મેં કેટલો ભયંકર અવિચાર કર્યો છે. ના...ના...ના...આ નિર્દોષ નારીને મારા અંગે કષ્ટ ભોગવવું પડે એ ખુલ્લો અવિચાર છે. મુંડ માળાથી શોભતા શ્રી. શંકરના મસ્તક પર જેમ ચંદ્રકલા શોભે નહિ તેમ મારા જેવા અવિચારી પાસે દમયંતી જેવી સતી નારી રહે તે કોઈ પણ દષ્ટિએ ઉચિત નથી. દમયંતી મારી સાથે હશે તો હું કોઈ સાહસ નહીં કરી શકું. તેમ, દમયંતીને પણ ભારે યાતનાઓ સહવી પડશે...આ કરતાં દમયંતીનો ત્યાગ કરીને હું કોઈ રાજાને ત્યાં કામ કરી શકીશ તો આ દુઃખનો કાળ ચાલ્યો જશે અને મારી પ્રાણેશ્વરીને ભવિષ્યમાં હું પ્રાપ્ત પણ કરી શકીશ પતિવ્રતા નારીનો ત્યાગ કરનાર નળ નામનો એક રાજા હતો. એવો દોષ મારા મસ્તકે મઢાશે... ઈતિહાસનાં પૃષ્ઠો પર પણ એ વાત અંકિત થશે...કદાચ લોકો મારા નામ પર ધિક્કાર વર્ષાવશે... ભલે ! એની મને કંઈ ચિંતા નથી. મારા હાથે થયેલા અવિચારનું પરિણામ મને મળવું જ જોઈએ.

આમ વિચાર કરી નળે દમયંતીના મસ્તક નીચે ઓશીકારૂપે રાખેલો પોતાનો હાથ ખૂબ જ સંભાળપૂર્વક સેરવી લીધો. દમયંતી નિદ્રાધીન હતી. આખા દિવસના શ્રમને કારણે તે સુખની નિદ્રા માણી રહી હતી. વળી, સ્વામી તરફથી મળેલા આશ્વાસને તેને નચિંત બનાવી હતી.

દમયંતીના નિદ્રિત વદન સામે જોઈને નળ મનમાં બોલ્યો :

પ્રિયે એક ચાંડાલને પણ લજવે એવું મેં કર્યું છે. તું મારો ત્યાગ કર. કલ્પવૃક્ષનો ભ્રમ રાખીને તે મારા જેવા વિષવૃક્ષનો આશ્રય શા માટે લીધો છે? ના...ના...ના...મને એવો કોઈ અધિકાર નથી કે હું તને આ રઝળપાટમાં સાથે રાખીને ફરું! એમ કરવાથી તારી વેદનાનો અંત નહિ આવે અને તારા પ્રાકૃતિક તિલકના કારણે તારે લાંછના સહન કરવી પડશે...તારી અંતરવેદના મારાથી કેમ સહી શકાશે? પ્રિયે, હું સમજું છું કે, તારા વસ્ત્ર વડે તેં મને સંભાળી રાખ્યો છે...પરંતુ જેની ભુજાઓ દુર્ગ તોડી શકવા સમર્થ છે તે તારા નિષ્ઠુર પતિને આ ફાડવું જરાયે કઠિન નથી.'

આ પ્રમાણે મનથી વિચારી નળે બાજુમાં પડેલી તલવાર આસ્તેથી મ્યાનમુક્ત કરી અને જરા યે સંચર ન થાય તે રીતે દમયંતીએ પોતાની સાડીનો અડધો ભાગ નળ પર ઓઢાડેલો તે કાપી નાખ્યો.

આમ, નળ પ્રિયતમાના બંધનમાંથી મુક્ત થઈ ગયો.

પરંતુ બીજી જ પળે તેના મનમાં થયું...હું એક વધુ અન્યાય તો નથી કરી રહ્યો ને?

તેના કલિગ્રસ્ત મને તરત ઉત્તર આપ્યો : પાગલ, તું અન્યાયનું પ્રાયશ્ચિત્ત કરી રહ્યો છે...આમ નજર તો કર...ત્રણ જીવનમાં નારી જાતિના વરદાન રૂપ સુકુમાર કાયાવાળી આ દમયંતીને તું ક્યાં રઝળપાટ કરાવતો ફરીશ? શ્રેષ્ઠ રૂપવતી હોવાથી અને અતિ કોમળ હોવાથી તારી પત્ની શું આવા રજળપાટથી કરમાઈ નહિ જાય? એનાં ચરણ કમળમાં કંટકો ભોકાશે...લોહીની ધારાઓ ચાલશે...ફળ પાંદડાં ઉપર જીવવું પડશે...કોઈ દુષ્ટની દ્રષ્ટિનો ભોગ બનવું પડશે... આ બધું એ અબળા કેવી રીતે સહી શકશે? એ કરતાં તું એનો ત્યાગ કરીશ તો તે પોતાને પિયર જશે અને સુખપૂર્વક પિતાની છાયામાં જીવી શકશે. આમ થશે તો આ વિપત્તિનાં વાદળ જ્યારે

દૂર થશે ત્યારે તું એને સુખરૂપ પ્રાપ્ત કરી શકીશ...

માનવીનું મન બહુરૂપી સમાન હોય છે. એક વાર જે વસ્તુ ઉત્તમ લાગે તે જ વળતી પળે અણગમતી થઈ પડે છે...અને નળ તો કલિના પ્રભાવમાં આવી ગયો હતો. બે પળ સુધી તે દમયંતી તરફ સ્થિર નજરે જોઈ રહ્યો. ત્યાર પછી તેણે ખાતરી કરી કે દમયંતી નિદ્રાવસ્થામાં છે કે નહિ? પણ દમયંતી તો ભરનિંદમાં હતી. તેના સુંદર વદન પર સંતોષની આભા વિલસી રહી હતી...

એક મન દમયંતીનો ત્યાગ કરવામાં કર્તવ્ય માનતું હતું... બીજું મન અન્યાય માનતું હતું...

નળ આસ્તેથી ઊભો થયો. પ્રિયતમાની સાડીનો એક ટુકડો તેણે ઉત્તરીય રૂપે ખભા પર રાખ્યો અને જરાય અવાજ ન થાય એ રીતે દમયંતી સામે જોતો જોતો ચાલવા માંડયો...થોડે દૂર જતાં જ તેનું મન ફરી વાર ખળભળી ઊઠયું તરત તે પાછો વળ્યો તેના મનમાં થયું...આવી ભેંકાર રાત્રિમાં આવા ગાઢ વન પ્રદેશમાં આવેલા જળાશયના કિનારે...આ રીતે પ્રિયતમાને રક્ષણ વગરની મૂકીને જવું એ ઉચિત નથી...હિંસક પ્રાણીઓના અવાજ તો આવી રહ્યા છે...જળાશયના કારણે પાછલી રાતે એ પ્રાણીઓ પાણી પીવા આવે. ના...ના...આ રીતે મૂકીને જવું ન જોઈએ.

ત્યાં તો બીજું મન તરત તાડૂકી ઊઠયું. અલ્યા મૂરખ, એક વાર જુગાર ખેલીને તેં સર્વસ્વ ગુમાવી દીધું છે...તારી સાથે તારી પત્નીને રાખીને શું તારે એના પર વિપત્તિના પહાડ ઉતારવા છે? આમ, બુદ્ધિહીન શા માટે બને છે? સવાર સુધી તું રાહ જોઈશ એટલે શું દમયંતી તને જવા દેશે?

આ વિચાર આવતાં જ નળ ધ્રૂજી ઊઠયો. તેણે મૌન ભાવે લોકપાલોનું સ્મરણ કરીને કહ્યું, 'હે લોકપાલો હું તો તમારી પ્રસન્નતાનો અધિકારી રહ્યો નથી...પરંતુ આપ દમયંતી પર જરૂર

પ્રસન્ન થાઓ...તે આપની જ પુત્રવધૂ છે. આપ તેનું રક્ષણ કરજો."

આમ કહીને તેણે દમયંતી સામે જોયું...ગુલાબની છાયા વડે શોભતા દિવ્ય મોતીના સમૂહ સમી દમયંતી નિરાંતે નિદ્રા માણી રહી હતી. નળે દર્દભર્યા સ્વરે મનમાં કહ્યું : ' હે પ્રિયે, તું મારાં આ છેલ્લાં પ્રણામ સ્વીકારજે. હું જે સ્થળે તારો ત્યાગ કરી રહ્યો છું તે ધિક્કારપાત્ર રાત્રિ નષ્ટ થાઓ...આ પ્રહર પણ નષ્ટ પામો અને આ દુષ્ટ બળીને ખાખ થઈ જાઓ...કુલની મર્યાદા વગરનો હું એક નિર્દોષ નારીનો ત્યાગ કરી રહ્યો છું...મને કોઈ બીજો માર્ગ સૂઝતો નથી...'

આમ કહીને નળ તરત પાછા પગલે પ્રિયતમા સામે જોતો જોતો ચાલવા માંડયો...થોડે દૂર જતાં જ તે પુનઃ પાછો વળ્યો...

કલિના ગભરાટનો પાર નહોતો. તે વારંવાર નળના મનને ભમાવતો હતો અને વારંવાર નળનું મન નિર્બળ બની જતું હતું...

વળી, નળનું મન કઠોર બની ગયું...મારે લોકનિંદાથી શા માટે થડકવું જોઈએ ? ભલે લોકો મને નિર્દોષ પત્નીનો ત્યાગ કરનારો કહે. ભલે મારી નિંદા કરે, પણ દમયંતીને મારી સાથે ફેરવવી એ કોઈ પણ રીતે હિતાવહ નથી અને હું શ્વસુરગૃહે રહી શકું એમ નથી. એની પિતાની છાયામાં રહેવાનો એને અધિકાર છે.'

આ પ્રમાણે વિચારી તેણે આસપાસનાં વૃક્ષો તરફ નજર કરીને અતિ પ્રેમભાવે વિનતિ કરી. ' હે આમ્રવૃક્ષ ! હે પ્રિય કદંબવૃક્ષ ! હે પુત્ર સમાન પ્રિયાલ વૃક્ષ, ફળ ફૂલ અને પત્રયુકત એવા તમારી પાસે હું મારી પ્રિયતમાનો ત્યાગ કરું છું. એ જાગશે અને મને નહિ જુએ ત્યારે પતિવિયોગના કારણે મૂર્છિત બની જશે. એ વખતે તમે છાયા વડે એનું રક્ષણ કરજો.'

આસપાસના નાના મોટા પહાડો તરફ જોઈને તો બોલ્યો : ' હે પર્વતો, એક સમયે આપને પાંખો હતી. પણ વજ્ર વડે આપની

પાંખો નષ્ટ થઈ. પાંખો કપાવાનું દુ:ખ કેટલું વિષમ છે તે આપ બરાબર અનુભવી રહ્યા છો. આજ મારી પ્રિયાની બંને પાંખો કપાઈ ગઈ છે. આપ એનું રક્ષણ કરજો.'

આટલું કહીને નળ ઘણા જ દર્દભર્યા હૈયે પત્નીનો ત્યાગ કરીને વિદાય થયો. પણ સો એક કદમ જતાં જ તેના મનમાં એક સંદેશો આપીને જવું જોઈએ એમ થયું. તરત તે પાછો વળ્યો.

દમયંતી પાસે આવીને તેણે એક ડાળખી શોધી કાઢી અને એમાંથી લખી શકાય એવી પાતળી તીરખી ચૂંટી કાઢી. ત્યાર પછી પોતાની તલવાર વડે પોતાના સાથળમાં ઘા કર્યો અને પ્રિયતમાની સાડીના છેડા પર પોતાના જ રક્ત વડે સંદેશો લખવો શરૂ કર્યો ગાઢ અંધકાર હતો. પરંતુ નળ અનુમાનથી લખી રહ્યો હતો. વળી, એનાં નયનો પણ અંધકારથી ટેવાઈ ગયાં હતાં. ગગનમાં ચંદ્ર ખીલ્યો હોવાથી આછો પ્રકાશ પણ વેરાઈ રહ્યો હતો.

નળે પોતાના રકત વડે પત્નીના પાલવના એક છેડે નીચે મુજબ સંદેશો લખ્યો.

'પ્રિયે, તારુ રક્ષણ કરવું એ મારું કર્તવ્ય છે. પરંતુ તને સાથે રાખીને તારા પર વિપત્તિનાં વાંદળને ઊમટતાં જોવાં એ મારે માટે અસહ્ય છે. શુભે, મેં જે અવિચાર કર્યો છે તે ભારે દુ:ખદાયક છે. હું શ્વસૂરગૃહે મારું મોઢું બતાવવા અસમર્થ છું, તેથી હું મારું ભાગ્ય મને જ્યાં લઈ જશે ત્યાં જઈ રહ્યો છું. થોડે દૂર એક વટવૃક્ષ છે, એની બાજુમાંથી જે રસ્તો જાય છે. તે કુંડનપુરનો માર્ગ છે. અને આ તરફ પલાસ વૃક્ષની બાજુમાંથી જે માર્ગ જાય છે. તે નિષધા નગરી તરફ જાય છે. તું ગમે ત્યાં જજે અને ધૈર્યપૂર્વક મારા ભાગ્ય પરિવર્તનની રાહ જોજે. પ્રેમમૂર્તિ દમયંતી, હું તારો સર્વથા ત્યાગ કરું છું એમ માનીશ નહિ. કેવળ તારી પુષ્પ જેવી કાયાને કરમાવું ન પડે અને હું મારું કર્તવ્ય બજાવી શકું એ એક જ ભાવનાએ

તારો ત્યાગ કરું છું. પ્રિયે, જો હું શત્રુરૂપી સાગરમાં ડૂબી નહિ જાઉં અથવા કોઈ રોગનો ભોગ નહિ બનું તો હું અવશ્ય ધન અને રાજ્ય પ્રાપ્ત કરીને તારા વદનચંદ્રનાં દર્શન કરીને તૃપ્ત થઈશ. તું સદાય મારા હૃદયમાં જ રહેલી છે ને રહીશ.'

આ પ્રમાણે સંદેશો લખી દમયંતી પાસે પોતાની તલવાર મૂકી નળ એકદમ ચાલતો થયો.

દમયંતી નિરાંતની નિદ્રા લઈ રહી હતી. તેના હાથની મુઠ્ઠીમાં હજી પણ પોતાની સાડીનો છેડો પકડાયેલો હતો.

અને સદ્રશ્ય ભાવે રહેલો કલિ ભારે પ્રસન્નતા માણી રહ્યો હતો.

આડે અવળે રસ્તે થઈને નળ સવાર પડે તે પહેલાં ખૂબ જ દૂર નીકળી જવા ઈચ્છતો હતો અને તેણે એક ગાઢ વનપ્રદેશમાં પ્રવેશ કર્યો.

રાત્રિનો ત્રીજો પ્રહર ચાલતો હોય એમ જણાતું હતું.

## પ્રકરણ ૨૮ મું : : ચમત્કાર !

**પત્નીનો** ત્યાગ કરીને નળ ગાઢ વનમાં દાખલ થઈ ગયો... એક તો રાત્રિ ભેંકાર હતી અને વનપ્રદેશ ગાઢ હોવાથી અંધકાર પણ ભયંકર હતો. દિશાનું કોઈ ભાન રહી શકે તેમ નહોતું...વળી, કોઈ કેડી કે માર્ગ પણ હતો નહિ. શસ્ત્રમાં એક નાની છુરિકા સરખું યે સાધન નહોતું. તલવાર હતી...પણ દમયંતીના રક્ષણ માટે ત્યાં જ મૂકી હતી.

આમ છતાં દમયંતીથી દૂર દૂર જવાના ઉત્સાહ સહિત નળ વનના આડ પંથે નિર્ભયતાપૂર્વક જઈ રહ્યો હતો. જેમ જેમ તે આગળ વધતો જતો તેમ તેમ વનપ્રદેશ વધુ ને વધુ ગાઢ બનતો જતો... પોતે કેટલું ચાલ્યો હશે એ કલ્પના આવી શકે તેમ નહોતી...

ત્યાં તો વનમાં ભયંકર પવન ફુંકાવો શરૂ થયો. વનનાં વૃક્ષોની શાખાઓ કડેડાટ કરવા માંડી...અને આ વાવાઝોડું થોડી જ પળોમાં અતિ ભયાનક બની ગયું. હવે તો એવી પરિસ્થિતિ સરજાણી કે કઈ દિશા પકડવી તે સૂઝી શકે એમ નહોતું...

નળ એક વૃક્ષના ઓથે ઊભો રહ્યો. વિવિધ પ્રાણીઓની ચિચિયારીઓ ચારે તરફ થઈ રહી હતી...કોઈ પ્રલય કાળ આવ્યો હોય તેમ જણાવા માંડયું. નળના મનમાં થયું. એકાએક આ શું બની ગયું ? શું દમયંતીના ત્યાગનું તો આ ફળ નહિ હોય ને ? એ નિર્દોષ પ્રિયાનો ત્યાગ કરવામાં મારો કોઈ દુષ્ટ હેતું હતો જ નહિ...એ કોમલાંગિનીને આવા રઝળપાટની વેદના ન ભોગવવી પડે એ એક જ આશયથી મેં એને ભરનિદ્રામાં મૂકી છે..અને આ વાવાઝોડું ત્યાં પણ હશે તો એ બિચારી સફાળી બેઠી થઈને મને ન જોતાં પાગલ બની જશે...અરેરે, હવે શું કરવું ?

આ સવાલનો તે કંઈ પણ નિર્ણય કરે તે પહેલાં જ વનમાં રહેલા વાંસના ઘર્ષણથી અગ્નિ પ્રગટ થયો અને જોતજોતામાં દાવાનળનો પ્રારંભ થઈ ગયો...હવે શું કરવું ?

બીજો કંઈ પણ વિચાર ન કરતાં આ દાવાનળમાંથી છટકવા માટે નળે આડેધડ ચાલવું શરૂ કર્યું.

દાવાનળની જ્વાળાઓ જાણે સમગ્ર વનપ્રદેશને ભરખી લેવા લવરકા લેતી હોય તેમ સ્પષ્ટ જોઈ શકાતું હતું...

જે દિશામાં દાવાનળ પહોંચ્યો નહોતો તે તરફ નળ ઉતાવળી ગતિએ ચાલવા માંડયો. ફુંકાઈ રહેલા સખત પવનની પણ તેણે દરકાર ન કરી. આ વાવાઝોડાના કારણે કદાચ કોઈ વૃક્ષ પોતા પર આવી પડશે તો પોતે અહીં ચગદાઈ જશે...એવા ભયને પણ ખંખેરી નાખ્યો...

દાવાનળ બરાબર ચગી રહ્યો હતો. નળે ચાલતાં ચાલતાં આજુ-

બાજુ અને પાછળ જોયું...તેના મનમાં થયું, કોઈ પણ હિસાબે વનપ્રદેશમાંથી બહાર નીકળવું જ જોઈએ...નહિ તો આ વિરાટ અગનખેલમાં પોતે પણ ભસ્મીભૂત બની જશે...

નળ માટે બીજો કોઈ વિકલ્પ નહોતો...તે ચાલવા જ માંડયો... અને ચાલતાં ચાલતાં એકાએક તેના કાન પર ' હે રાજા નળ...હે રાજા નળ ! ' એવા શબ્દો અથડાયા. નળ ચમકયો. આવા ઘોર વનપ્રદેશમાં મને કોણ બોલાવતું હશે ? શું આ મારી શ્રવણશક્તિનો ભ્રમ તો નહિ હોયને ?

નળ ઊભો રહ્યો ..આગળ વધ્યો. ત્યાં તો પુનઃ ગંભીર અવાજ આવ્યો : ' હે રાજા નળ...હે નળ, ઊભો રહે, ઊભો રહે ! '

નહિ, આ અવાજ કોઈ પુરુષનો જ છે...નળ ઊભો રહી ગયો અને ઉચ્ચ સ્વરે બોલ્યો : ' અરે, તું કોણ છે ? કયાંથી બોલે છે ? મને શા માટે બોલાવી રહ્યો છે ? '

તરત જવાબ મળ્યો : ' હે રાજા નળ, તારી પાછળ પચાસ કદમ દૂરના આ ખાડામાં હું અગ્નિથી ઘેરાઈ પડયો છું...કૃપા કરીને મને ખેંચી લે ..મારી રક્ષા કર...હે નળ, તું નિર્ભય અને શરણ આપનારો એક વીર છે...જલદી પાછો વળ...મને ઊગારી લે...'

નળ તરત પાછો વળ્યો...અગ્નિના તીવ્ર પ્રકાશમાં તે એક ખાડો જોઈ શકયો...ખાડા પાસે આવતાં જ તેણે એક દીર્ઘ સર્પને જોયો.

નાગે પીડિત સ્વરે કહ્યું : 'નળ, વિલંબ ન કર...મને ખેંચી લે.'

નળે સર્પના પીડિત મુખ સામે જોઈને કહ્યું : 'હે સર્પ, તારો સ્પર્શ કરવો એ ઉચિત ન ગણાય. તો હું તને કેવી રીતે ખેંચી લઉં ?'

તરત ખાડામાં પડેલા સર્પે કહ્યું : ' ભાઈ સત્વર કર...દવની જવાળાઓ તને પણ ઘેરી વળે તે પહેલાં મને બચાવી લે. હે નળ, કારણ વગર અમે કદી પણ દુષ્ટ કર્મ કરતા નથી કે કોઈને દંશ દેતા નથી. જો હું તને દંશ દઈને મૃત્યુ પમાડું તો હું ત્રણ પ્રકારના

સત્યની ધરાઈ લઉં છું...તું મને આ અગ્નિતાંડવમાંથી શીઘ્ર બચાવી લે.'

બળવાન નળે તરત ખાડામાં પોતાનો હાથ લંબાવ્યો... વિશાળ સર્પને પકડી લીધો. પરંતુ સર્પ ભારે વજનદાર હતો...છતાં સંભાળપૂર્વક તેને પકડીને ધીરે ધીરે બહાર કાઢયો. સર્પના વજનથી તેનો હાથ નમી પડયો હતો. સર્પને ખાડામાંથી બહાર કાઢીને નળ બોજના કારણે માંડ માંડ થોડે દૂર ચાલી શકયો. ત્યાર પછી તે બોલ્યો : 'હે વિશાળકાય, તારો ભાર ઊંચકવો મારા માટે શકય નથી. તને હું કઈ જગ્યાએ છોડી દઉં ?'

'હે રાજન, તું અહીંથી તારાં પગલાં ગણજે...અને દસમું પગલું જે સ્થળે મૂકે ત્યાં મને છોડી દેજે.'

દસ કદમ !

નળ એક એક કદમ ગણતો ચાલવા માંડચો...અને જ્યાં તે દસ બોલ્યો ત્યાં જ સર્પે તેના કાંડા પર ડંખ માર્યો...અને સર્પ તેના હાથમાંથી સરીને એક બાજુ કુંડલી મારીને ધુંચળું વાળીને બેસી ગયો.

પરંતુ દંશથી ભારે વિચિત્ર ચમત્કાર સર્જાયો. નળ પ્રથમ તો એકદમ કંપી ઊઠયો...ત્યાર પછી તેણે જોયું. પોતાના દેહમાંથી જાણે ધુમાડો નીકળી રહ્યો છે અને વિષનો તીવ્ર પ્રભાવ આખી કાયાને જાણે બાળી રહ્યો છે...નળ અવાક્ બનીને પોતાના બલિષ્ઠ અને સુંદર દેહ સામે જ જોઈ રહ્યો...થોડી જ પળોમાં વિષપ્રભાવના કારણે તેની કાયા લીમડાના ઠૂંઠા જેવી થઈ ગઈ. દેહની નસો ફૂલી ગઈ હતી ..ચારે તરફ ગાંઠો નીકળી પડી હતી...દેહ સાવ શ્યામ બની ગયો હતો...ગરદન સાવ વાંકી થઈ ગઈ હતી. જાણે પોતે બેડોળ અને કુબડો બની ગયો હોય એમ સ્પષ્ટ જોઈ શકાતું હતું. તેણે મોઢા પર હાથ ફેરવ્યો તો સુંદર નાક જાણે વાંકું વળી ગયું હતું અને મસ્તક જાણે ત્રણ ખૂણાવાળું વિચિત્ર થઈ ગયું હતું.

તેના મનમાં થયું...ઓહ, ધર્મપત્નીને ભરનિદ્રામાં છોડી દીધી તેનું તો આ ફળ નહિ હોયને ! જરૂર, એમ જ લાગે છે...જુગારની રમત ખેલીને મેં મારા જ્ઞાનની હાંસી ઉડાવી હતી...દમયંતીને જુગારમાં મુકીને મેં પુરુષ જાતિ પર કલંકની કાલિમા લગાવી હતી અને આજ પત્નીને સૂતી મુકીને ભાગવામાં મેં મહાપાપ કર્યું હતું... એનું જ ફળ છે. પોતાની આવી સ્થિતિ જોઈ. રહેલા નળે રોષપૂર્ણ નજરે તે સર્પ સામે જોઈને કહ્યું : 'ભારે ખેદની વાત છે...હે પાપિષ્ઠ, તું હજુ મારી સામે બેઠો છે? હે નિર્લજ્જ, તારું કાળમુખ દેખાડતાં તને શરમ નથી આવતી? જેમ હિંગવાળા પાણીથી આમ્રવન નષ્ટ થઈ જાય તેમ તારા એક જ ડંખથી મારી સુંદર કાયા ભારે કદરૂપી બની ગઈ છે. આવી કુબડી અને ભયાનક કાયા લઈને જીવવાનો પણ કોઈ અર્થ નથી ! તેં મને આવી શિક્ષા શા માટે કરી? તારી વિનંતિ સાંભળીને મને થયું કે તું કોઈ દેવજાતિનો નાગ લાગે છે...એ વગર તું માનવીની વાણી ઉચ્ચારી શકે નહિ...આથી તારા પર વિશ્વાસ રાખીને મેં તને બહાર કાઢયો. તારા પ્રત્યે શત્રુભાવ વગરના એવા મને ડંખ મારીને તને શું મળ્યું? હે વિશ્વાસઘાતી, મેં તને ઉગાર્યો છે એટલે હું તને મારીશ નહિ... સાચો ક્ષત્રિય રક્ષણમાં આવેલાને કદી મારતો નથી. તારા આવા આચરણને હું મારા કોઈ દુષ્ટ કર્મનું પરિણામ જ માની લઈશ...' ત્યાર પછી આકાશ સામે નજર કરીને નળે કહ્યું : 'દેવો, દાનવો, મનુષ્યો અને સર્પો ! તમે સહુ મારા સાક્ષી રહેજો કે આ સર્પે વગર કારણે મને ડંખ માર્યો છે...જો મેં મારો ક્ષાત્ર ધર્મ બરાબર પાળ્યો હોય તો આપ સહુ મારા પર પ્રસન્ન થાઓ !'

આ પ્રમાણે બોલતા નળ સામે જોઈને એ વિરાટકાય સર્પે આછા હાસ્ય સહિત શાંત અને સૌમ્ય ભાવે કહ્યું : 'હે રાજન, તું મને શા માટે દોષ આપે છે?...તેં કદમ ગણતાં ગણતાં 'દશ' એમ

કહ્યું, ત્યારે જ મેં તને ડંખ માર્યો છે...નળ, તું દુખી ન થા. અત્યારે તારા રૂપનું આ જે પરિવર્તન થયું છે તે તારા જ લાભમાં છે.' આમ કહીને સર્પ તરત મનુષ્યાકારે ઊભો થઈ ગયો.

મનુષ્યરૂપી સર્પને જોતાં જ નળ ચમક્યો. 'અરે, આ તો મારા કાકા વજ્રસેન લાગે છે...! આમ વિચારીને નળે કહ્યું: ' હે તાત ! હું આપને મારું મોઢું કેવી રીતે બતાવી શકું ? આપ વાત્સલ્ય-ભાવથી આવીને મને શા માટે જોઈ રહ્યા છો ? ખરેખર, ભવાંતરમાં પણ વડીલજનોનો સ્નેહ પોતાના મુખ સતા પ્રત્યે શિથિલ બનતો નથી. મેં રાજ્ય, ધર્મ, સુખ અને યશ એ ચારેયનો નાશ કર્યો છે... તો હે તાત ! મારા પ્રત્યે પ્રેમભરી નજરે શા માટે જોઈ રહ્યા છો ? ઓહ, હું ખરેખર ધિક્કારપાત્ર છું.. મેં એક મહાન કુલની લક્ષ્મી ...મારી ધર્મપત્નીને સૂતી છોડી દીધી છે ! હું મહાન ગુણવાન અને બળવાન ગણાતો હોવા છતાં જુગારે મારી સર્વ શકિતઓને નષ્ટ કરી નાખી છે !

નળને આ પ્રમાણે વિલાપ કરતો જોઈ તે માનવી તેને ભેટી પડયો...નળના કાકા વજ્રસેનનાં નયનો પણ જળ બની ગયાં. તેમણે સુવર્ણમય, અદ્દભુત અને મણિજડિત એ બિલ્વફળ નળના હાથમાં મૂકીને કહ્યું : ' વત્સ, પૂર્વે હું તારો કાકો હતો. પરંતુ હાલમાં કર્મ સંયોગે પાતાલવાસી નાગરાજ કર્કોટક બન્યો છું. અવધિજ્ઞાન દ્વારા તારા પર આવેલું આ કષ્ટ જાણીને હું તને સહાયક થવા આવ્યો છું. હે પુત્ર, તારે આ અંગે આશ્ચર્ય પામવાનું નથી. પૂર્વનું બાંધેલું આ કર્મ અત્યારે તને પાડી રહ્યું છે. હે પુત્ર, તને માર્ગમાં કોઈ પ્રકારની મુશ્કેલી ન આવે આટલા ખાતર મેં તારું આવું કુબડું રૂપ બનાવ્યું છે, આથી તું તારી જાતને દુર્જનોથી બચાવી શકીશ. જયારે તને ઇચ્છા થાય ત્યારે બિલ્વફળ જેવી દાબડી ઉઘાડજે અને તેમાં જે વસ્ત્રાલંકારો નીકળે તે ધારણ કરી લેજે

એટલે તું તારા મૂળ સ્વરૂપને પ્રાપ્ત કરી શકીશ. અત્યારે તારો ખરાબ સમય ચાલે છે. એ સમયથી બચવા માટે હું તને સુખકારક સ્થિતિમાં મૂકી દઉં છું. આ સિવાય તારા કર્મ સંયોગના કારણે હું તને અન્ય કોઈ સુખ આપી શકતો નથી. કારણ કે ભાગ્ય આગળ દેવતાઓ પણ લાચાર બની જાય છે.'

નળ ચારે તરફ આશ્ચર્યથી જોઈ રહ્યો હતો. દાવાનળ અલોપ થઈ ગયો હતો. વાવાઝોડું શાંત થઈ ગયું હતું. ઉત્તમ સૌરભથી મધુર બનેલો વાયુ વિહરી રહ્યો હતો અને પુષ્પવૃષ્ટિ થતી હોય તેમ જણાતું હતું. નળના મનમાં થયું. આપની પુત્રવધૂનું કંઈ મંગલ કરો. આ પ્રમાણે તે નાગરાજને કહેવા ઈચ્છતો હતો ત્યાં તો આંખના એક જ પલકારામાં તે જાણે પોતાને અંધારાં આવતાં હોય એવો અનુભવ કરવા માંડયો અને આંખ ચોળીને તેણે પુનઃ ઉઘાડી તો નહોતું ગાઢ વન, નહોતો દાવાનળ કે નહોતા પોતાના પૂર્વજ કાકા નાગારાજ, પોતે કોઈ સુંદર અને સોહામણી નગરીના પાદરમાં આવેલા શ્રેષ્ઠ સરોવર પાસે ઊભો હતો.

નળના મનમાં થયું, ઓહ, કાકાની જ કૃપા લાગે છે...પરંતુ મારી પ્રિયતમા અંગે હું કશું કહી શકયો નહિ...એનું શું થયું હશે ?

પૂર્વાકાશમાં ઉષાનો સોનેરી પાલવ છવાઈ ગયો હતો. નળ સ્વચ્છ નીરથી તરંગિત બનેલા સરોવર સામે પ્રસન્ન નજરે જોઈ રહ્યો. તેના હાથમાં બિલ્વ ફળના ઘાટના બે દાબડાઓ હતા. એ જોઈને તેને ખાતરી થઈ કે પોતે કોઈ સ્વપ્ન નથી જોયું...પણ ખરેખર પોતે આ સુંદર સ્થળે આવી પહોંચ્યો છે.

તેણે પોતાના દેહ સામે નજર કરી. ઓહ કાયા તો ભારે કદરૂપી બની ગઈ છે...પરંતુ અત્યારે આ જે કંઈ બન્યું છે તે આશીર્વાદ રૂપ છે. આ દેહથી મને કોઈ નળરૂપે ઓળખી શકશે

નહિ...અને હું પણ સંકોચ વગર હરીફરી શકીશ.

આમ વિચારી તેણે આ સુંદર સરોવરમાં સ્નાન કરવાનો વિચાર કર્યો. સર્વ પ્રથમ તેણે બંને ફળો એક વૃક્ષ પાસે સંભાળપૂર્વક મૂકયાં. ત્યાર પછી કમર બંધ છોડીને પંચીયા રૂપે પહેરી.લઈ ધોતી અને ઉત્તરીય જરા છબછબાવી સૂકવ્યાં. ધોતી, ઉત્તરીય અને કમરબંધ (કમર પર વીંટવાનું ટૂંકા પનાનું એક વસ્ત્ર) સાવ નવાં જ હતાં. તે સમજી ગયો કે પૂજ્ય કાકાની કૃપાનું જ ફળ છે...પણ દમયંતીની સાડીમાંથી ફાટેલો કટકો કયાં ગયો હશે ?

પ્રશ્નનો કોઈ જવાબ નહોતો. તે પ્રસન્ન હૃદયે સરોવરમાં પડયો ખૂબ જ સારી રીતે સ્નાન કર્યું. જાણે સઘળો શ્રમ વિલય પામ્યો હતો.

બહાર આવીને તેણે પોતાનાં બંને વસ્ત્રો સુકાઈ ગયાની ખાતરી કરી. ત્યાર પછી સુકાયેલી ધોતી પહેરીને કમરબંધ છબછબાવીને સૂકવ્યો અને પોતે ઈષ્ટનું સ્મરણ કરવા બેસી ગયો.

સાંધ્યવિધિ કરીને તે ઊભો થયો...ઉત્તરીય ખભે ધારણ કર્યું... કમરબંધ બરાબર કેડયે બાંધ્યો અને બિલ્વફળના આકારના બંને દાબડાઓ કમરબંધમાં છુપાવ્યા.

આ પ્રમાણે તૈયાર થઈને તે નગરી તરફ જવા અગ્રસર થયો. થોડે દૂર જતાં જ બે કૃષકો સામે મળ્યા એટલે નળે પૂછયું : ‘ભાઈ, આ કંઈ નગરી છે ?’

‘આ વિનિતા નગરી છે...આપ કોઈ પરદેશી લાગો છો !’

‘હા ભાઈ...’ કહી નળ ચાલતો થયો. વિનિતા નગરીનું નામ સાંભળીને નળના હૈયામાં આનંદ થયો. આ નગરીનો રાજા ઋતુપર્ણ છે...તે ઘણો જ ગુણવાન અને સમૃદ્ધ છે...વળી, મિત્ર પણ છે. ખરેખર આ રીતે મિત્રનો મેળાપ થવો તે અપૂર્વ ઘટના બની ગઈ કહેવાય. કયાં નિષધા ને કયાં વિનિતા...? પરંતુ મારે

રાજાનો પરિચય એક સામાન્ય માનવી તરીકે જ કરવો પડશે... મારી પાસે કોઈ દેશનું સ્વામીત્વ નથી, સેવકોનો સમૂહ નથી, દેવ દુર્લભ સમૃદ્ધિ નથી...અરે, પહેલાંનું શરીર પણ નથી. કર્મની બલિહારી છે...જીવતા રહીને મારે બીજો ભાવ કરવો પડયો છે શું! હાય! માનવીએ પોતાનાં પાપ ભોગવવાં જ પડે છે! આ રીતે વિચાર કરતો કરતો નળ અમરાવતી સમી વિનિતા નગરીના તોરણ દ્વારમાં દાખલ થયો.

નગરીમાં દાખલ થતાં જ નળના કાન પર ભયજનક અવાજ અથડાવા માંડયા...તેણે જોયું, લોકો ભયવિહ્વળ બનીને ચારે તરફ દોડાદોડ કરી રહ્યા હતા. કોઈ દુર્ગ પર ચડી જતા...કોઈ ભવનમાં ઘૂસી જતા તો કોઈ વૃક્ષ પર ચડી જતા...પણ આ બધું છે શું? સવારના પ્રહરમાં જ લોકો આટલા ભયભીત શા માટે બન્યા છે? તેણે સામેથી આવતા એક ટોળાને પૂછયું, 'ભાઈઓ, આમ નાસો છો શા માટે? શું બન્યું છે? આટલા ભયભીત કેમ થઈ ગયા છો?'

'અલ્યા, તું કોઈ અજાણ્યો પરદેશી લાગે છે...પ્રાણ બચાવવો હોય તો જલદી કયાંક છુપાઈ જા...અમારા મહારાજાનો પટહસ્તી મદતૂર બની ગયો છે અને મહાવતો તથા સુવર્ણની સાંકળોના ભુકકા બોલાવી આ તરફ આવી રહ્યો છે!' ટોળામાંના એકે કહ્યું,

નળ ભયભીત થવાના બદલે એમ ને એમ અગ્રસર થયો.

લોકો પ્રાણ બચાવવા ખાતર છૂપાઈ ગયા હતા...અથવા તો છુપાઈ જવા માટે નાસભાગ કરતા હતા. ભવનના ઝરૂખાઓમાં ઊભેલી સ્ત્રીઓ પણ ભયથી ભારે વિકળ બની ગઈ હોય એમ લાગતું હતું.

ત્યાં તો એક રાજસેવક બૂમો પાડતો નીકળ્યો...'લોકો, હાથીની નજરે ચડશો મા...હાથી આ તરફ વળ્યો છે. તેણે એક શ્રેષ્ઠિના જવાન પુત્રને સૂંઢમાં ભરાવ્યો છે...આ હાથીને જે કોઈ વશ કરશે તેને મહારાજા સારું એવું ઈનામ આપશે...સો ગામની જાગીર

આપશે. બચવું હોય તે ખસી જાઓ ..છૂપાઈ જાઓ ' આમ બૂમો પાડીને દોડતા આવતા રાજસેવકની નજર નળ પર પડી અને તે બોલ્યો, ' એય કુબડા, તને કાંઈ સંભળાયું નહિ ? ભલો થઈને એક તરફ છૂપાઈ જા...નહિ તો હમણાં તારો કાળ સામે આવશે ને પગ તળે પીસી નાખશે.'

સેવક તો આમ કહીને ચાલતો જ થયો...

અને નળે હાથીની કારમી ચીંધાડ સાંભળી...! ભયભીત નજરે એ દિશા તરફ સહુ જોઈ રહ્યા હતા...ઝરૂખામાં ઊભેલાં ભાઈઓ ને બહેનો નળને સાવધ થવા બૂમો મારી રહ્યાં હતાં...

પરંતુ નળ સાવધ જ હતો. ક્ષાત્રતેજ હાથીને કાબૂમાં લેવાનો સંકલ્પ કરી રહ્યું હતું...પણ પાસે કોઈ શસ્ત્ર નહોતું...નળના મનમાં થયું, ક્ષત્રિયને જે મળે ને શસ્ત્ર ! આમ વિચારી તેણે રસ્તા પર નજર કરી. એક તરફ નાના મોટા કેટલાક પથ્થરો પડયા હતા .. નળ તે પથ્થરો પાસે ગયો...

અને સામેથી આવતો ભયંકર અને મદમસ્ત બનેલો રાજનો મહાન પટહસ્તી દેખાયો ! તેનાં નયનો લાલચોળ હતાં...જાણે સળગતા અંગારા !

## પ્રકરણ ૨૯ મું : : નળનો સત્કાર !

દરેક મોટા રાજ્યમાં હસ્તીસેના આવશ્યક અંગ સમાન ગણાતી...અને સર્વ હાથીઓમાં જે શ્રેષ્ઠ, બળવાન, તેજસ્વી અને વિશાળકાય હોય તેને પટ્ટહસ્તી તરીકે રાખવામાં આવતો. આવો પટ્ટહસ્તી રાજ્યની શોભા તરીકે નહિ પણ ઈજ્જતરૂપે ય ગણાતો.

પટ્ટહસ્તીની સરભરા ખૂબ જ ઉચ્ચ પ્રકારની થતી...પટ્ટહસ્તીનો ઉપયોગ મોટે ભાગે રણસંગ્રામમાં થતો. અથવા તો કોઈ ઉત્સવ નિમિત્તે થતી શોભાયાત્રામાં થતો. વિનિતા નગરીના મહારાજા ઋતુ-પર્ણનો પટ્ટહસ્તી સમગ્ર રાષ્ટ્રમાં પંકાતો હતો...આજ તે મદના કારણે તોરમાં આવી ગયો હતો. હાથી જ્યારે તોરમાં આવે છે ત્યારે દાળોવાટો કરી નાખે છે...તેમાં ય આવો પટ્ટહસ્તી દીવાનો બને ત્યારે તો ભારે હાહાકાર મચાવી મૂકે છે. મહાવતો કે સનિકો પણ તેની સામે જઈ શકતા નથી.

પટ્ટહસ્તીને આવતો જોઈ નળે બે પથ્થર ઉઠાવ્યા. તે કુબડો બની ગયો હતો પણ તેનું ભુજબળ એવું ને એવું રહ્યું હતું. નળે એક પથ્થર સોઈ ઝાટકીને પટ્ટહસ્તીના ભાલ પ્રદેશ પર માર્યો. એક બળવાન પુરુષના હાથે થયેલો ઘા સામાન્ય તો હોય જ નહિ. પહેલો જ પથ્થર લાગતાં હાથી ચમકયો.. ત્યાં ઉપરાઉપર બીજા ત્રણ પથ્થર તેના ગંડસ્થલ પર અથડાયા. તોરમાં ચડેલા હાથીનો ક્રોધ અગ્નિ સમાન બની ગયો. સૂંઢમાં પડેલા કોઈ માનવીને પડતો મૂકીને તે સળગતી નજરે નળ સામે જોઈ રહ્યો અને વળતી જ પળે નળને પોતાનાં ચરણ તળે ચેપી નાખવાના આશય સાથે નળ તરફ ધસ્યો.

'ઊભો રહે, ઊભો રહે ! માંસ અને ચરબીના સંગ્રહસ્થાન સમા, દીર્ઘ સૂંઢવાળા, લાંબા દાંતવાળા, પશુરાજ ! તું આજ પિશાચ કેમ બની ગયો છે ? શા માટે ઉત્થાન મચાવી રહ્યો છે ? પણ યાદ રાખજે આજ હું તારા મદરૂપી જ્વરને જરુર ઉતારીશ.' નળે આ શબ્દો ગર્જનાપૂર્વક કહ્યા. ખૂણે ખાંચરે ઊભેલા લોકો આ શબ્દો સાંભળીને કુબડા નળના સાહસ પ્રત્યે નવાઈભરી નજરે જોઈ રહ્યા...

નળે આટલું કહીને બે ચાર પથ્થર બીજા ફટકાર્યા...ક્રોધાગ્નિથી જલી રહેલા હાથીના હૈયામાં જાણે ઈંધણ પડયાં...તેણે સૂંઢ ઊંચકી... એક ચીંધાડ નાખી. અને ધસમસતા વેગ સાથે કુબડા નળ તરફ ધસ્યો.

આ જોઈને લોકોએ હાહાકાર મચાવી મુકયો.

પટ્ટહસ્તીની ગતિ ઉતાવળી હતી... નળ પણ સાવધ હતો... પટ્ટહસ્તીનું રૌદ્રરૂપ જોવા છતાં નળ જરાયે ભયભીત ન થયો. તેણે હાથીની સૂંઢથી જ બચવાનું હતું... અને તે ચપળતાથી હાથીની સૂંઢને થાપ આપી પોતાના ભવનમાં દાખલ થતો હોય તેવો સ્વસ્થ નળ હાથીના બંને પગ વચ્ચેથી તેના તલપ્રદેશવાળા ભાગમાં પહોંચી ગયો... નળે પોતાની વજ્ર જેવી મુષ્ટિ વડે હાથીના તલપ્રદેશમાં પ્રહારો કરવા માંડયા... હાથી ભારે અકળાયો... તેના ઉપર માનવીનો હાથ નહોતો પડતો... પણ કોઈ વિશાળ ઘણ ત્રાટકતો હતો.. હાથીએ કારમી ચીસો નાખવા માંડી. આ ચીસો પોતાને થતી પીડાની સૂચક હતી અને જાણે સમગ્ર આકાશ હાથીના ચિત્કારથી કંપાયમાન બની ગયુ !

પ્રહાર કરી રહેલા માનવીને પકડવા માટે તે કુંભારનો ચાકડો ફરે તેમ ઘુમવા માંડયો... પરંતુ નળ એના જ પેટના રક્ષણ નીચે હતો. હાથીની સૂંઢ ત્યાં પહોંચી શકતી નહોતી. અને વારંવાર થતા પ્રહારથી હાથીને અપાર વેદનાનો અનુભવ થઈ રહ્યો હતો.

દૂરદૂર ઊભેલા લોકો તો અવાક્ બનીને આ સંગ્રામ નિહાળી રહ્યા હતા. હાથીની પાછળ પડેલા સૈનિકો પણ એક કુબડાનું આ સાહસ જોઈ રહ્યા.

અને નળ સરકીને તેના પાછલા બંને પગ વચ્ચેથી બહાર નીકળી ગયો અને હાથીને વશ કરવાના ઈરાદે તેણે હાથીના બંને પાછલા પગ પર વજ્રમુષ્ટિના પ્રહાર કરીને બંને પગ પોતાની ભુજાઓમાં પકડી લીધા.

લોકો મોઢામાં આંગળાં ઘાલી ગયા. આવા મદમસ્ત હાથીના પગ પકડવા એ કંઈ નાનીસૂની વાત ન ગણાય. લોકોના મનમાં થયું, આ કુબડો જરૂર પોતાની આત્મહત્યા કરવા જ ઈચ્છતો હશે અથવા

સાવ બુદ્ધિનો બેલ હશે. આમ સામે ચાલીને મોતને ભેટવા ડાહ્યા માણસો કદી ન જાય.

હાથીએ બે એક આંચકા મારીને પોતાના પગ તરત છોડાવી નાખ્યા અને આંચકાના કારણે નળ પણ થોડે દૂર ઊડી પડયો... પરંતુ નળ તરત ઊભો થઈ ગયો અને દોડીને ઊછળ્યો. હાથીની પૂંઠ પર વજ્રમુષ્ટિનો પ્રહાર કર્યો...પરંતુ હાથી ભારે ક્રોધમાં આવ્યો હતો...તે તરત ચક્કર ફર્યો. અને નળ જેવો નીચે પડયો કે તરત સૂંઢમાં ઉઠાવીને ઊંચે ઉછાળ્યો.

આ યુદ્ધ જોઈ રહેલા પ્રત્યેક માનવીના મુખમાંથી અરેરાટી નીકળી ગઈ. પરંતુ ઊંચે ઊછળેલો નળ નીચે ન પડતાં હાથીની પીઠ પર જ ખાબક્યો...તે બરાબર સાવધ હતો...તેણે હાથીના મસ્તક પ્રદેશ પર હાથ વડે પ્રહારો કરવા માંડયા.

નળને મસ્તક પરથી નીચે પટકવા માટે હાથીએ ઘણો પ્રયત્ન કર્યો. પરંતુ નળ જળો માફક બરાબર વળગી રહ્યો હતો...અને શસ્ત્ર વગરનો નળ કેવળ હાથની મુઠ્ઠી અને કોણી વડે જ પ્રહારો કરી રહ્યો હતો.

આ પ્રહારો અંકુશ કરતાં યે ભારે ખતરનાક હોવાનો હાથીને અનુભવ થયો...એકાદ ઘટિકામાં હાથીનો મદ ઊતરી ગયો. હાથી નરમ ઘેંસ જેવો જડ બની ગયો...સાવ શાંત થઈ ગયો.

આ દ્રશ્ય જોઈને લોકો કુબડાને ધન્યવાદ આપવા માંડયા...હાથીના એક મા'વતે આવીને નળને અંકુશ આપ્યું. અંકુશ વડે કાબૂમાં રાખીને નળ વિરાટ ગજરાજને ગજશાળા તરફ લઈ ગયો. મા'વતો વીસ ગજ આગળ રહીને રસ્તો ચીંધી રહ્યા હતા...લોકો હજી પણ ભયના કારણે નજીક આવી શકતા નહોતા. કોઈ કહેતું...છે તો સાવ કુબડો પણ ભારે બળુકો! ' કોઈ કહેતુ: ' જરૂર, આ કોઈ મોટા રાજ્યનો હસ્તીપાલ હોવો જોઈએ.'

આમ વિવિધ વાતો થયા કરતી હતી.

આંધીરૂપ બની ગયેલો પટ્ટહસ્તી અત્યારે સાવ શાંત બનીને આજ્ઞા મુજબ ગજશાળા તરફ જઈ રહ્યો હતો.

લોકો હર્ષધ્વનિ કરતા હતા.

સર્પની ડંખરૂપ કૃપાથી નળની આકૃતિ ફરી ગઈ હતી...પણ નળના બાહુબળમાં કોઈ પરિવર્તન નહોતું થયું. ચંદનના ટુકડાનું બારીક ચૂર્ણ કરવામાં આવે તો પણ તેની સુવાસ જતી નથી, એ જ રીતે કદરૂપ બનેલા નળનું બાહુબળ જરાય નષ્ટ નહોતું થયું.

રાજના કેટલાક માણસોએ રાજભવનમાં પહોંચીને એક કુબડાએ મોતના મુખમાં પડવાનું સાહસ ખેલીને કેવળ મુષ્ટિ પ્રહાર વડે આપણા પટ્ટહસ્તીને કાબૂમાં લઈ લીધો છે. એ સમાચાર આપ્યા.

ચિંતામગ્ન બનેલો રાજા ભારે પ્રસન્ન થઈ ગયો અને પોતાના ખંડના ગોખમાં આવીને ઊભો રહ્યો...કારણ કે ગજશાળામાં જવાનો માર્ગ ત્યાંથી જ પસાર થતો હતો.

થોડી જ વારમાં પટ્ટહસ્તી પર બેઠેલા કુબડા પુરુષને ઋતુપર્ણે જોયો. જેનું નાક વક્ર હતું. શરીર શ્યામ હતું. કાયા સુદૃઢ હોવા છતાં વક્રતાયુક્ત હતી. રાજાના મનમાં થયું, કુબડો ખૂબ જ બળવાન હોવો જોઈએ...નહિ તો મદમસ્ત ગજરાજને કોઈ પણ માનવી શસ્ત્ર વગર કાબૂમાં લઈ શકે નહિ.

પોતાને રાજા ઝરૂખામાંથી જોઈ રહ્યો છે એ દૃશ્ય નળે જોયું નહોતું...કારણ કે તેનું સમગ્ર મન હાથીમાં જ રોકાયેલું હતું.

તેની પાછળ લોકોનું એક મોટું ટોળું હતું...કુબડાને બિરદાવનારા કેટલાક ચારણ ભાટો પણ હતા અને હર્ષનાદ વડે વાતાવરણ પણ મુખરિત બન્યું હતું.

ગજરાજને લઈને નળ પસાર થઈ ગયો કે તરત રાજા ઋતુપર્ણે પોતાના મહાપ્રતિહારને બોલાવીને કહ્યું, 'તું સત્વર ગજશાળામાં જા

અને જે કુબડા પુરુષે આપણા હાથીના મદને નાથ્યો છે તેને ઘણા જ આદર સહિત અહીં લઈ આવ...આવા બળવાન પુરુષનો પરિચય પ્રાપ્ત કર્યા વગર મને ચેન નહિ પડે.'

મસ્તક નમાવીને મહાપ્રતિહાર તરત વિદાય થયો. રાજા ઝરૂખા પાસેથી પોતાના બેઠક ખંડમાં ગયો.

બેઠક ખંડમાં કેટલાક મંત્રીઓ આવી ગયા હતા. સહુએ મહારાજાને નમન કર્યાં.

મહારાજા જ્યારે આસન પર બેઠા ત્યારે એક મંત્રીએ કહ્યું : 'કૃપાનાથ, આ તો ભારે આશ્ચર્ય કહેવાય. એક કુબડો માણસ આપણા ગજરાજને કોઈ પ્રકારના શસ્ત્ર વગર કાબૂમાં લાવે એ સામાન્ય ઘટના નથી...આપણા સેંકડો સુભટો હાથીને કાબૂમાં લેવા પ્રયત્ન કરી રહ્યા હતા પરંતુ કોઈ પોતાના પુરુષાર્થમાં સાર્થક થઈ શક્યું નહિ.'

મહારાજાએ મંત્રી સામે જોઈને કહ્યું: 'પુરુષ કદરૂપો હોઈ શકે પણ કોઈનું ભુજબળ કદરૂપું ન હોય! મને તો આ પુરુષ કોઈ પરદેશી જેવો લાગ્યો હતો...'

'હા મહારાજ...આપ આજ્ઞા કરો તો એનો પરિચય...'

વચ્ચે જ ઋતુપર્ણે કહ્યું, 'મેં એને આદર સહિત અહીં બોલાવ્યો છે.

તરત એક મંત્રીએ કહ્યું : 'કૃપાનાથ, એ વીર પુરુષને રાજસભામાં જ બોલાવવો જોઈએ, લોકો પણ એનો પરિચય જાણવા આતુર છે. વળી, આપ પુરસ્કારમાં એને જે કંઈ આપશો તે જાણીને લોકો પણ હર્ષિત થશે અને રાજસભાનો સમય થઈ ગયો છે.'

આ વાત બરાબર હતી. રાજસભાનો સમય થઈ ગયો હતો.

મહારાજાએ તરત એક સેવકને ગજશાળા તરફ રવાના કર્યો અને હાથીને કાબૂમાં લાવનાર પરદેશીને સીધા રાજસભામાં લાવવાની

સૂચના કરી.

ત્યાર પછી બધા મંત્રીઓ સાથે મહારાજા રાજસભામાં જવા વિદાય થયા.

પાગલ બનેલા પટ્ટહસ્તીનું પાગલપણું નષ્ટ થઈ ગયું હતું... ગજશાળામાં પહોંચ્યા પછી બધા મા'તોએ આ કુબડા પુરુષને ઘણા જ આદર સહિત નીચે ઉતાર્યો અને પટ્ટહસ્તીને સુવર્ણની સાંકળો વડે બંધનગ્રસ્ત બનાવી તેની સામે ચારો મૂકયો.

હાથી પરથી નીચે ઊતરીને નળે થોડી પળો પર્યંત હાથીને પ્રેમથી પસાર્યો અને કહ્યું: 'દોસ્ત, કોઈ પ્રકારનો રોષ ન રાખીશ. જેમ મહાપુરુષો પોતાના ગુણોને જાળવી રાખે છે તેમ મહાન ગજરાજે પણ પોતાના ગૌરવને સંભાળી રાખે છે.'

આમ કહીને નળ લોકોનાં અભિનંદન ઝીલતો ઝીલતો ગજશાળાની બહાર આવ્યો...એ જ વખતે મહારાજાના મહાપ્રતિહારનો રથ આવી પહોંચ્યો. અને તેણે રથમાંથી નીચે ઊતરી નળ સામે જઈ વિનતિભર્યા સ્વરે કહ્યું: 'વીર પુરુષ, મહારાજા આપને મળવા ઈચ્છે છે .. હું આપને આદર સહિત લેવા આવ્યો છું.'

નળના મનમાં પોતાના મિત્ર ઋતુપર્ણની ઊપસી છબી આવી... પોતે પણ મિત્રને મળવા ઈચ્છતો જ હતો પરંતુ પોતાનું સ્વરૂપ ખુલ્લું કરવા નહોતો માગતો. સર્પરાજની કૃપાથી પ્રાપ્ત થયેલી કુરૂપતા અત્યારે તેને આશીર્વાદરૂપ થઈ પડી હતી. તેની ભેટમાં હજી પણ બિલ્વફળના આકારની બંને દાબડીઓ સચવાઈ રહી હતી.

નળે મહાપ્રતિહારને કહ્યું: 'હું ધન્ય બન્યો. મહારાજા કયાં બિરાજે છે?'

'તેઓ રાજભવનમાં જ આપની રાહ જોતા બેઠા છે...' કહી મહાપ્રતિહાર કુબડા પુરુષને રથ પાસે લઈ ગયો...બરાબર આ સમયે એક સેવક દોડતો આવી પહોંચ્યો અને મહાપ્રતિહારને કહ્યું. 'કૃપાનાથ

આ મહાપુરુષને લઈને રાજસભામાં આવવાનું આપને જણાવ્યું છે."

'સારું...' કહી મહાપ્રતિહાર નળ સાથે રથમાં બેસી ગયો અને સારથિને રાજસભાના ભવન તરફ રથ લઈ જવાની આજ્ઞા કરી.

પાગલ બનેલા હાથીની વિગત જાણવા માટે લોકો ખૂબ જ આતુર બની ગયા હતા અને ટોળે વળી વળીને રાજસભા તરફ જઈ રહ્યા હતા.

રાજસભામાં બેસનારા રાજપુરુષો, સભ્યો, સ્તુતિપાઠકો, વગેરે પોતપોતાનાં વાહનો દ્વારા આવી ગયા હતા અને રાજસભા ફરતા વિશાળ મેદાનમાં જનતાનાં ટોળાંઓ પણ આવી ગયાં હતાં.

મહાપ્રતિહારે કુબડા પુરુષને લઈને રાજસભાના પ્રાંગણમાં પોતાનો રથ ઊભો રખાવ્યો, રથમાંથી બંને નીચે ઊતર્યા કે તરત લોકોએ કુબડાને જોઈને હર્ષધ્વનિ કરવા માંડયો.

નળે સર્વ તરફ બે હાથ જોડીને નમન કર્યા અને મહાપ્રતિહારની પાછળ તે રાજસભાના ભવ્ય ખંડમાં દાખલ થયો.

રાજસભાના સભ્યોને બેસવાની આગલી હરોળમાં જ નળને આદર સહિત બેસાડયો... એજ વખતે કેટલાક મંત્રીઓ સાથે મહારાજા ઋતુપર્ણ આવી પહોંચ્યા.

સમગ્ર રાજસભાએ ઊભા થઈ મહારાજાનો જયનાદ પોકાર્યો, નળ પણ પોતાના આસન પરથી ઊભો થઈ ગયો હતો.

મહારાજ સિંહાસન પર બિરાજમાન થાય એટલે સહુ પોતપોતાના સ્થાને બેસી ગયા અને મહામંત્રીએ રાજસભાનું કાર્ય શરૂ કરવાની આજ્ઞા કરી.

સહુથી પ્રથમ નિત્ય નિયમ પ્રમાણે સ્તુતિ પાઠકોએ મહારાજાની યશગાથા શરૂ કરી, ત્યાર પછી રાજપુરોહિતને સ્વસ્તિ વાંચન કર્યું... બે ચારણોએ બિરદાવલી ગાઈ.

આ પ્રારંભિક વિધિ પૂરી થતાં જ મહામંત્રીએ ઊભા થઈ

પદ્દહસ્તીએ મદના તોરમાં કેવો ભયંકર ઉત્પાત મચાવ્યો હતો અને ચાર મા'વતો અને સાત નાગરિકોને કેવી ભયંકર ઈજાઓ પહોંચી હતી તે વાત કરી. ત્યાર પછી પદ્દહસ્તીને પકડનારને એકસો એક ગામ આપવાની જાહેરાતની પણ વાત કરી અને છેલ્લે તેઓશ્રીએ પદ્દહસ્તીને પકડનારા એક અજાણ્યા પરદેશી વીર પુરુષની પ્રશંસા કરી. આ પ્રમાણે આજની પ્રસંગની માહિતી આપીને તેઓશ્રીએ પ્રસન્ન સ્વરે કહ્યું : 'જે વીરપુરુષે પોતાના બાહુબળ વડે ગજરાજને વશ કર્યો છે તે વીરપુરુષ મહારાજા સમક્ષ પધારે...મહારાજાશ્રી પોતાના સ્વહસ્તે તેને પુરસ્કૃત કરી અભિવાદન કરવા ઇચ્છે છે અને તે વીર-પુરુષનો પરિચય પણ ચાહે છે.'

મહાપ્રતિહાર કુબડા નળને આદરપૂર્વક મહારાજના સિંહાસન-વાળા મંચ પર લઈ ગયો.

નળ પોતાના મિત્ર ઋતુપર્ણને ઓળખી ગયો હતો...પરંતુ પોતે ઓળખાઈ શકે તેમ નહોતો. નળે બે હાથ જોડી નમન કર્યાં.

મહારાજાએ આસન પરથી ઊભા થઈ અતિ પ્રસન્ન સ્વરે કહ્યું : 'વીરપુરુષ, તારા બાહુબળને ધન્ય છે.. તું કોણ છે, કયાંથી આવે છે, તારો પરિચય શું ? આટલું કહીને અમારા સહુની જીજ્ઞાસા શાંત કર'

'મહારાજ, નિષધદેશના સ્વામી અને સત્યવ્રતના ટેકધારી મહારાજા નળને તો આપ જાણો છોને ?'

'હા...એ તો મારા પ્રિય મિત્ર છે.'

'મહારાજા નળ થોડા દિવસો પહેલાં પોતાના લઘુબંધુ કુવરરાજ સાથે દ્યુતક્રીડા રમતા હતા. મહારાજા નળ કોઈ પણ સંજોગોમાં આવા અનિષ્ટ ને સત્કારે નહિ.. છતાં દુર્દૈવના અંગે તેઓએ જુગાર રમવા માંડયો અને રમતાં રમતાં સમગ્ર રાજ્ય, સંપત્તિ વગેરે સર્વસ્વ હારી ગયા.'

વચ્ચે જ મહારાજા ઋતુપર્ણે કહ્યું : 'શું આ સત્ય છે?'

'હા કૃપાનાથ, આ વાત કોઈ ન માને એવી હોવા છતાં એક સત્ય છે. કુવરરાજે સિંહાસન પ્રાપ્ત કર્યું. ધન ભંડારો, રત્ન ભંડારો, વગેરે પર કબજો મેળવ્યો અને મહારાજા નળ તો વળતે જ દિવસે નિષધા નગરીનો ત્યાગ કરીને ચાલ્યા જવાના હતા...જતાં કુવરે તેમને નિષધ દેશનો ત્યાગ કરવાની સૂચના આપી અને વળતે જ દિવસે મહારાજા નળ માત્ર પહેર્યે કપડે જનતાનાં આંસુ ઝીલતા ઝીલતા ચાલ્યા ગયા...તેમનાં પ્રિય ધર્મપત્ની દેવી દમયંતી પણ તેમની પાછળ વિદાય થયાં...મહારાજા નળે કે મહાદેવી દમયંતીએ એક પણ વસ્તુ સાથે રાખી નહિ કે કોઈ દાસ દાસી કે મિત્રોને પણ સાથે લીધાં નહિ. આથી એમના પ્રિય સાથીઓએ પણ નિષધા નગરીનો ત્યાગ કર્યો. હું મહારાજા નળનો પ્રિય સારથિ છું. નળ વગરની નગરીમાં રહેવું એ ભારે દુઃખદાયક જણાવાથી હું પણ નિષધાનો ત્યાગ કરીને ચાલી નીકળ્યો છું. કૃપાનાથ, આપનાં દર્શનની આશાએ જ મેં આજ સવારે વિનિતા નગરીમાં પ્રવેશ કર્યો હતો...અને આપના પટ્ટહસ્તીનો મારે મુકાબલો કરવો પડ્યો. એક રીતે હું આ પ્રસંગને મારા સદ્‌ભાગ્યનો પ્રસંગ માનું છું...કારણ કે એથી આપનાં દર્શનનો લાભ મને તરત જ પ્રાપ્ત થઈ શકયો.'

પોતાના મિત્ર નળની આ હાલત જાણીને ઋતુપર્ણ ભારે દુઃખી થયો. તેણે મિત્ર પર પડેલાં સંકટને પોતાનું માન્યું અને એ જ વખતે ત્રણ દિવસ પર્યંત ગીત, નૃત્ય અને વાજિંત્રોનાં વાદન ન કરવાની આજ્ઞા કરી.

ત્યાર પછી નળના અંગત સારથિએ દર્શાવેલા બાહુબળને એકસો એક ગામનો એક તાલુકો બક્ષિસ કરી પુરસ્કૃત કર્યું.

નળ એક નાનો રાજન બની ગયો...એકસો એક ગામનો ધણી! પરંતુ તેનું હૃદય ભારે વ્યથા ભોગવી રહ્યું હતું. પોતાની પ્રિયતમા

દમયંતીનું શું થયું હશે એ પ્રશ્ન તેના પ્રાણને વીંધી રહ્યો હતો.

મહારાજાએ નળના સારથિને એક આસન પર બેઠક આપતાં કહ્યું, ' તારું શુભ નામ ? '

' કુબ્જા ! '

' ઓહ ભાઈ, આજથી તું મારો મિત્ર છે...આ નગરીમાં જ તને રહેવા માટે એક મહેલ આપીશ અને આજે જ હું મારા મિત્રની શોધ માટે ચારે દિશાએ મારા સૈનિકોને રવાના કરીશ.' મહારાજાએ કહ્યું.

આમ નળ અણધારી રીતે યોગ્ય સ્થાને આવી ગયો...પરંતુ તેની પાછળ પડેલા કલિનું હૃદય ભારે દુઃખી થયું. જેમ કોઈ કામાસકત પત્નીના વિયોગથી કામજવરમાં તરફડતો હોય છે, તેમ કલિ પોતાની મનોવેદનામાં બળવા માંડયો.

## પ્રકરણ ૩૦ મું : : અજગરના મુખમાં !

આ તરફ સરોવરની પાળ પાસે જે રાતે નળે પોતાની પ્રિયતમાનો ત્યાગ કર્યો હતો તે દમયંતી ખૂબ જ પ્રસન્ન હૃદયે નિદ્રાધીન બની ગઈ હતી. એક તો વન પ્રદેશમાં ચાલવાના કારણે શ્રમ પડયો હતો અને કોમલાંગિની નારી દમયંતી શ્રમને પણ ગણકારે તેવી નહોતી...પરંતુ સ્વામીએ કહેલી અભયવાણીથી તે ખૂબ જ આશ્વસ્ત બની હતી અને જયારે માનસિક ચિંતા હળવી બને છે ત્યારે માનવીને નિદ્રા પણ સરળ થઈ પડે છે.

મધરાત વીતી ગઈ...રાત્રિના ચતુર્થ પ્રહરનો પ્રારંભ થયો... છતાં મુઠ્ઠીમાં પકડી રાખેલા ઉત્તરીયના છેડાને એમ ને એમ રાખીને દમયંતી સુખભરી નિદ્રા માણી રહી હતી. જે નારીનો સ્વામી મહા-

બળવાન હોય અને તેની બાજુમાં જ રક્ષકરૂપે સૂતો હોય તે નારીને ભયનું કોઈ કારણ રહી શકતું નથી.

પરંતુ પાછલી રાતે દમયંતી એક સ્વપ્નમાં ખોવાઈ ગઈ: એક સુંદર અને પરિપકવ ફળવાળા આમ્ર વૃક્ષ પાસે પોતે આવી છે. આંબા પરની કેરીઓ જોઈને તેનું હૈયું હર્ષિત બને છે અને તે આમ્રવૃક્ષ પર ચઢવાનો પ્રયત્ન કરે છે. થોડી જ વારમાં તે ઉપર ચડી જાય છે...પરંતુ એ જ વખતે એક હોલો ઊડતો ઊડતો આવે છે અને તે આમ્રવૃક્ષની સહુથી ઊંચી ડાળી પર બેસે છે. દમયંતી તે હોલા તરફ સ્થિર નજરે નિહાળી રહે છે...પરંતુ વળતી જ પળે એક ચમત્કાર સર્જાય છે. હોલાના બેસવાથી સમગ્ર આમ્રવૃક્ષ તત્કાળ સુકાવા માંડે છે. લીલાં પાન ઢગલાબંધ ખરવા માંડે છે...જે રસભરી કેરીઓ ઉતારવાની આશાએ દમયંતી આંબા પર ચડી હતી તે કેરીઓ પણ સુકાઈને ટપોટપ ખરવા માંડે છે. દમયંતીનું આશ્ચર્ય શમે તે પહેલાં જ આંબાની શાખાઓ સાવ સુકાઈ જાય છે. અને દમયંતી પણ જડ, અવશ અને શિથિલ અંગોવાળી બની ગઈ હોય તેવું અનુભવે છે... તે નીચે ઊતરવાનો પ્રયત્ન કરવામાં જાણે સાવ કમજોર હોય તેવી બની જાય છે અને હોલો જાણે હર્ષોત્ફુલ્લ બન્યો હોય તેવું દેખાય છે...આ જોઈને દમયંતીના મનમાં થાય છે...આ એવો કયો પાપી જીવ હશે કે જેના સ્પર્શમાત્રથી આવો રસમધુર આંબો સાવ શુષ્ક બની ગયો! પણ વધુ વિચાર કરે તે પહેલાં જ દમયંતી આમ્રવૃક્ષ પરથી નીચે ગબડી પડે છે.

આવું વિચિત્ર પ્રકારનું દુષ્ટ અને કોઈ અશુભ ભાવિનું સૂચન કરતું સ્વપ્ન જોઈને દમયંતીની નિદ્રા અદ્રશ્ય થઈ ગઈ. સ્વપ્નનું અશુભ ભાવિ આકાર ધારણ ન કરે એટલા ખાતર તેણે પોતાના પ્રિયતમ નળનું વદનકમળ નિહાળવા ખાતર સ્વામી પ્રત્યે નજર વાળી.

પણ આ શું? સ્વામી તો આ તરફ સૂતા હતા...કેમ દેખાતા

નથી? આ પ્રશ્ન જાગતાં જ દમયંતીએ ચારે તરફ જોયું...પરંતુ નળ દેખાયો નહિ. અરે, આ શું બની ગયું? સ્વામી ક્યાં ગયા? શું વહેલા જાગૃત થઈને આટલામાં કંઈ લેવા ગયા હશે? અથવા સરોવરના કિનારે ગયા હશે? આવા પ્રશ્નો હૈયામાં ઊભા થયા અને કંઈક ભયભીત બનેલી દમયંતી તત્કાળ પર્ણની શય્યામાંથી ઊભી થઈ ગઈ.

નળની તલવાર ત્યાં જ પડી હતી...પરંતુ દમયંતીનું ધ્યાન તે તરફ નહોતું ગયું. તે ચારે તરફ જોવા માંડી. પ્રાતઃકાળનો સુખદ સમીર વાઈ રહ્યો હતો અને પ્રાતઃકાળનો મધુર પ્રકાશ પણ ધીરે ધીરે વ્યાપ્ત બની રહ્યો હતો થોડી પળો સુધી દમયંતી જાણે અનાથ બની ગઈ હોય એવા ભાવ વચ્ચે કંઈક ભયત્રસ્ત બનીને ઊભી રહી. પરંતુ વળતી જ પળે ધૈર્યનું બળ સંચિત કરીને સરોવરના કિનારે ગઈ...ત્યાં ચારે તરફ જોયું...સરોવરના પટ પર પણ નજર કરી... ક્યાંય સ્વામી દેખાયા નહિ. દમયંતી પુનઃ શય્યાસ્થાને આવી અને આસપાસની ઝાડીમાં જોવા માંડી પરંતુ નળ ક્યાંય ન દેખાયો. તેના મનમાં થયું, સંભવ છે કે આવી સ્થિતિમાં મને નિરાંતે સૂતેલી જોઈને તેઓને પરિહાસ કરવાનું મન થયું હોય અને કોઈ વૃક્ષની ઓથે છુપાઈ ગયા હોય ! આવો વિચાર આવતા જ તે મધુર છતાં કંઈક ઉચ્ચ સ્વરે બોલી : 'આર્યપુત્ર, આર્યપુત્ર, આવી પરિસ્થિતીમાં આપને પરિહાસ કરવાની વૃત્તિ થઈ એ મને આશ્ચર્ય લાગે છે! પણ આપ મારી દ્રષ્ટિથી છૂપા નહિ રહી શકો...હા...જોવાઈ ગયા, નજરે ચડી ગયા...હવે છૂપાઈ રહેવાનો મિથ્યા પ્રયત્ન કરશો નહિ !'

દમયંતી ચારે તરફ જોતી જોતી આ પ્રમાણે બોલવા માંડી... પરંતુ નળનાં દર્શન ન થયાં...ક્યાંથી થાય? નળ તો આ સમયે વિનિતા નગરીના સરોવર તટે પહોંચી ગયો હતો.

વારંવાર આ પ્રમાણે બોલવા છતાં નળનો સચર સરખોયે ન દેખાયો એટલે તેનું ચિત્ત ભારે વ્યાકુળ બની ગયું.. હૃદય કંપવા

માંડયું.

સતી દમયંતી પતિએ આપેલા આશ્વાસનથી અન્ય કોઈ પ્રકારનો સંશય નહોતી કરી શકતી...છતાં તેના મનમાં થયું...મારા સ્વામી અતિશય સુંદર, સશક્ત અને રૂપવાન છે...એમને જોઈને કોઈ વ્યંતરી અથવા તો કોઈ વિદ્યાધર સુંદરી મુગ્ધ બનીને મંત્ર બળ વડે અપહરણ તો નહિ કરી ગઈ હોય ને ? અથવા મારા સ્વામી પર કોઈ અણધારી વિપત્તિ તો નહિ આવી પડી હોય ને ? જો એમ ન હોય તો તેઓ મને આ સ્થિતિમાં મૂકીને ક્યાંય જાય નહિ...અથવા મને આવા દુઃખ વચ્ચે મૂકે નહિ. નિરાંતની નિદ્રામાં ભાનભૂલેલી હું ખરેખર ધિક્કારને પાત્ર છું.. શ્રેષ્ઠ પતિની પત્ની હોવા આજ હું અનાથ જેવી બની ગઈ છું...શરણ વગરની થઈ ગઈ છું ઘણાં પુણ્યે પ્રાપ્ત કરી શકાય એવા સ્વામી રૂપી ધનને મેં પ્રમાદના કારણે ગુમાવી દીધું લાગે છે! આશા વગરની બની ગયેલી હું આવા ગાઢ વનમાં કેવી રીતે જીવી શકીશ ? દર્ભના અગ્રભાગ પર રહેલા જળબિંદુ માફક જ આશાનું અવલંબન ધારીને પ્રાણીઓનું જીવન ટકી રહેતું હોય છે...આશા ન હોય તો જીવન અને મૃત્યુમાં કોઈ ભેદ ન રહે. સ્વામીના સાથથી આ ભયાનક વન મારા માટે રાજપ્રાસાદ સમું બની ગયું હતું. એ ! જ વન આજે મારા સ્વપ્નની રાખ સમું ભયાનક બની ગયું છે ! ઓહ, પુણ્ય બળે ઉત્તમ સ્વામી પામી, કર્મદોષની કોઈ વાદળી આવી ચડતાં સ્વામી બધું છોડીને ચાલ્યા ગયા...પરંતુ હું તેમને ફરી વાર પામી.. જાણે એક જ ભવમાં એ જ સ્વામીને મેં બે વાર મેળવ્યા ! પણ કર્મરાજાની શકિત કોઈ કલ્પી શકતું નથી. પર્વતમાળાઓથી ઘેરાયેલા આ ગાઢ વનમાં હું કેવી રીતે જીવી શકીશ ? હે નાથ, તમે ક્યાં છો ? બોલો...બોલો...મને ઉત્તર આપો...કીચકર્ણ જેવા સમર્થ રાક્ષસને હણનારા એવા આપનો શત્રુ કોણ હશે ? હે મારા રક્ષક, જ્યાં હો ત્યાંથી આવો...આપના વગર હું કેવી રીતે જીવી શકીશ ?

હે રાજવીરસેનના નંદન, હે નિષધપતિ, આ ગાઢ વનમાં મારું મૃત્યુ નિશ્ચિત છે...પણ મારી એક ભાવના છે કે, ભવોભવ આપ જ મારા પતિ બનજો...આ રીતે વિલાપ કરતાં કરતાં દમયંતી મૂર્છિત બનીને નીચે ઢળી પડી. તેની આંખોમાંથી આવેલાં આંસુ તેના સુકુમાર વદન પર જાણે ચળકી રહ્યાં હતાં.

દમયંતીનું આ દર્દ જોઈને જાણે સમગ્ર વન રુદન કરી રહ્યું હોય એવું ગમગીન વાતાવરણ સરજાઈ ગયું હતું...થોડી પળો પહેલાં ઉદય થયેલો સૂર્ય પણ જાણે સાવ નિષ્પ્રભ બની ગયો હતો.. દૂર દૂરની પર્વતમાળાઓ જાણે ચોધાર અશ્રુઓ બિછાવી રહી હતી. પશુ પંખીઓ પણ દિગ્મૂઢ બની ગયાં હતાં...અને કેટલાંક હરણાંઓ તો દૂરથી દમયંતી પ્રત્યે અતિ કરુણ નજરે જોઈ રહ્યાં હતાં. સરોવરને સ્પર્શીને આવતો વાયુ અતિ સુખદ હોવા છતાં જાણે દાહક બની ગયો હતો...અને મકરંદથી ગુંજતાં કમળો જાણે દમયંતી સામે જોઈને કહેતાં હતાં, 'હે પ્રિયદર્શિની, સુંદરી, તું કમળ જેવાં તારાં નયનો ખોલ...જે પુરુષના હૃદયમાં સ્ત્રી હત્યા પ્રત્યે પણ ઘૃણા નથી. તેના ખાતર તું આટલો ખેદ શા માટે કરી રહી છો ? ઊભી થા... ઊભીથા...અને તારા પિતાના ભવન તરફ વિદાય થા.'

લગભગ એક ઘટિકા પછી દમયંતીની મૂર્છા વળી...તે બહાવરી નજરે ચારે તરફ જોતી બેઠી થઈ...પુનઃ સરોવર કિનારે આવી. મોઢા પર પાણી છાંટીને તે પોતાના સ્વામીને શોધવા નીકળી પડી.

કલિ દમયંતીની પાસેથી નળને દૂર કરવામાં અવશ્ય કામયાબ બની શકયો હતો...પરંતુ દમયંતીના હૃદયમાંથી તેને દૂર કરવા કોઈ શક્તિ સમર્થ નહોતી.

પતિને શોધવા દમયંતી વનપ્રદેશમાં ચાલવા માંડી...વારંવાર 'હે સ્વામી, હે સ્વામી' એમ બોલતી તે આગળ વધી રહી હતી. હજી

તેણે પોતાના કપાયેલા ઉત્તરીય તરફ પણ નજર નહોતી કરી. સ્વામી ક્યાં ગયા હશે ! અથવા કઈ વિપત્તિમાં ફસાયા હશે ? એ એક જ સવાલ તેના હૈયામાં ઘોળાઈ રહ્યો હતો.

ચાલતાં ચાલતાં તેના કોમળ ચરણમાં કંટકો ચૂભી જતા અને લોહીની ટશરો ફૂટતી...છતાં જેમ મયૂરનું ધ્યાન ઘનઘોર ગગન પ્રત્યે હોય છે તેમ દમયંતીનું સમગ્ર ધ્યાન સ્વામીની ચિંતામાં જ પરોવાયું હતું.

આંખમાં આંસુ ચાલ્યાં જતાં હતાં. વનપ્રદેશ સાવ નિર્જન હતો...કોઈ માનવી દેખાતો નહોતો...કોને પૂછવું ?

ખુબ દૂર નીકળી ગયા પછી દમયંતીએ ઉત્તરીયના પાલવ વડે આંસુ લૂછયાં. એ જ વખતે તેની નજર છેડા પર લખેલા લોહીના અક્ષર પર ગઈ...તે ચમકી...અક્ષરો ચોખ્ખા હતા. છતાં જરા વક્ર હતા. તેણે સ્વામીનો આદેશ વાંચ્યો તે સમજી ગઈ કે સ્વામીના હૃદયમાં અનુરાગ તો એવો ને એવો જ છે...કેવળ મને સંકટ ન પડે એટલા ખાતર તેઓએ આવું ગંભીર સાહસ ખેડી નાખ્યું છે. તે મનથી બોલી : ' હે પ્રિયતમ, શું આપ આપની પ્રિયતમાને સાથે રાખવા શક્તિમાન નહોતા ? વૃષભને પોતાનાં શ્રૃંગ અને હાથીને પોતાના દંતુશળ કદી ભારે પડતા નથી...તો આપને હું કેમ ભારે પડી ? '

દમયંતી પતિના સંદેશથી કંઈક નિશ્ચિત બની શકી...તેણે આસપાસ નજર કરી...ઓહ, હજી પોતે શું સરોવરની આસપાસ જ ઘૂમી રહી છે ?

એમ જ હતું...દમયંતી સ્વામીને શોધતી સરોવર ફરતી ઝાડીમાં જ ભમી રહી હતી. તે પુનઃ સરોવર કિનારે આવી તેણે સ્નાન કરવાનો વિચાર કર્યો...એ જ વખતે તે જોઈ શકી કે ઉત્તરીય કાપીને સ્વામી ચાલ્યા ગયા છે.

કંચુકીબંધ અને કમર પટક ધોવા તેણે ઉત્તરીય વીંટી લીધું

અને ત્યાર પછી સ્નાન કરીને સરોવર કિનારે જ નિત્યકર્મ ઉપાસના કરવા બેસી ગઈ.

આરાધના એ એક મહાન બળ છે. વિપત્તિકાળે ધર્મ સિવાય કોઈ રક્ષા કરવા આગળ આવતું નથી...જો માનવીએ ધર્મની આરાધના જાળવી રાખી હોય તો.

આરાધના પતાવીને તેણે સુકાઈ ગયેલાં વસ્ત્રો પુનઃ ધારણ કર્યાં અને ઉત્તરીય ખભે રાખ્યું...ત્યાર પછી સરોવર સામે જોઈને તે બોલી : ' હે વરુણદેવ, હું આપની સાક્ષીએ નિશ્ચય કરું છું કે જ્યાં સુધી મારા સ્વામી નળનું હું દર્શન નહિ પામી શકું ત્યાં સુધી પુષ્પમાળા, ચંદનનું વિલેપન, કપૂરનો અંગરાગ, અલંકારો, દૂધ, દહીં, ઘી અને સાકર વગેરે માંગલિક વસ્તુઓનો હું ત્યાગ કરું છું...'

દમયંતીનો આ નિશ્ચય સાંભળીને હર્ષ પામતો કલિ સાવ તેજહીન અને બળહીન બની ગયો.

ત્યાર પછી દમયંતી સ્વામીના આદેશનું પાલન કરવા પુનઃ પોતે જ્યાં સૂતી હતી ત્યાં આવી અને ત્યાંથી વડલા પાસે ગઈ...તેણે કુંડિનપુર તરફ જતો એક માર્ગ જોયો. નિશ્ચિત હૈયે તે કુંડિનપુરના માર્ગે ચાલવા માંડી...

સરોવર તટ પાસેના વન પ્રદેશમાં જ્યાં દમયંતી અને નળ પર્ણની શય્યા કરીને સૂતાં હતાં ત્યાં નળની તલવાર પાંદડાંઓની નીચે જ પડી રહી હતી.

કુંડિનપુરના માર્ગે જઈ રહેલી દમયંતી નિર્ભિકતાપૂર્વક ચાલવા માંડી. તેની સામે પતિએ ત્યાગ કર્યાનું દર્દ હતું. પતિના આદેશરૂપી રકકતના અક્ષરો પણ હતા. જે અક્ષરોમાં પતિનો પ્રેમ હતો, પતિની આશા હતી, પતિની ભાવના હતી.

માર્ગ પણ એવો હતો કે, બહુ વ્યવહારમાં નહોતો આવતો... એથી માત્ર નિર્જન હતો એમ નહોતું...અવ્યવસ્થિત અને જાગાં-

ઝાંખરાંવાળો પણ હતો.

ચાલતા ચાલતાં દમયંતીએ બીજા એક વનમાં પ્રવેશ કર્યો... દૂર દૂર વિંધ્ય પર્વતની હારમાળા દેખાતી હતી.

મધ્યાહ્‌ન કાળ વીતી ગયો. દમયંતી થાકીને લોથ થઈ ગઈ. તેણે વિચાર્યું, કોઈ સ્વચ્છ સ્થળ મળે તો ઘડીક વિશ્રામ લઉં...

અને થોડે દૂર ચાલતાં જ એક ડુંગરની તળેટી દેખાણી... સ્થળ સ્વચ્છ હતું. માર્ગ પણ બાજુમાંથી જ પસાર થતો હતો. આથી દમયંતીએ એક સ્વચ્છ સ્થળે વૃક્ષ નીચે વિસામો લેવાનું મનથી નક્કી કર્યું અને તે વૃક્ષ નીચે ગઈ. એક વાર ચારે તરફ દ્રષ્ટિ કરી. જાણે સમગ્ર વન જનશૂન્ય દેખાતું હતું... વનમાં પશુ પંખીઓ ટોળે વળેલાં નજરે ચડતાં હતાં...પણ હિંસક પ્રાણીઓ દિવસના ભાગમાં ક્યાંથી આવે ? વળી, ભય કરતાં ભયની કલ્પના જ દુઃખદાયક હોય છે. સાચો ભય પ્રત્યક્ષ ઊભો થાય ત્યારે માનવીમાં બળ અને સાહસ પ્રગટે ખરાં. દમયંતી ધૈર્યપૂર્વક તે સ્વચ્છ સ્થળે આડે પડખે થઈ. ચાલી ચાલીને અને સ્વામીની ચિંતા વડે તે ખૂબ જ થાકી ગઈ હતી. એ સિવાય તેના કોમળ ચરણપંકજ કંટકો વડે વિંધાઈ ગયા હતા.

થોડી જ વારમાં દમયંતી નિદ્રાધીન બની ગઈ...નિદ્રામાં માનવીને આસપાસની કોઈ કલ્પના રહેતી નથી. કારણ કે દેહ, મન અને સ્મૃતિ સઘળું સ્થિર બની જતું હોય છે.

દમયંતીને એ કલ્પના નહોતી કે બસો કદમ દૂર ઊભેલા એક વૃક્ષ નીચે એક વિશાળકાય અજગર પડયો છે...સામાન્ય અજગર નહિ. ભયંકર અને તોતિંગ અજગર !

મધ્યાહ્નકાળ વીતી ગયો હતો...દમયંતીની કલ્પના એવી હતી કે બેએક ઘટિકાનો વિસામો લઈને આગળ વધવું. અને સાંજ પડે ત્યારે કોઈ જળાશય પાસે રાત્રિ વ્યતીત કરવી પણ એને બદલે છ ઘટિકા

પસાર થઈ ગઈ. નિદ્રા ગાઢ બની ગઈ હતી. સમય, સંયોગ, પરિસ્થિતિ અને સ્થળનું પણ ભાન રહ્યું નહોતું.

વિરાટકાય અજગર ધીરે ધીરે દમયંતી પાસે આવી પહોંચ્યો હતો. તેનું મન ભારે હર્ષિત બન્યું હતું...આવો ખોરાક ઘણા સમયે તેની આંખ સામે ચડયો હતો...તે દમયંતીનાં બંને ચરણ પાસે પહોંચ્યો તેણે પોતાનું નાની ગુફા જેવું મોઢું પહોળું કર્યું...અને... ભરનિદ્રામાં પોઢેલી, હૈયામાં કેવળ પોતાના પતિની સ્મૃતિને સાચવી રહેલી દમયંતીનાં બંને ચરણ અજગરે પોતાના મુખમાં લઈ લીધાં... જીભ સુંવાળી, મુખ સુંવાળું...અને અજગરના શ્વાસની પ્રક્રિયા પણ સુંવાળી...થોડી જ પળોમાં દમયંતીનો દેહ કટિભાગ સુધી અજગરના મુખમાં ચાલ્યો ગયો. અને દમયંતી ચમકી...તેણે આંખો ખોલી...અરે, આ શું ? આ વિરાટ અજગર...અરે, પોતાની કાયાનો અર્ધ ભાગ તો એના મુખમાં ચાલ્યો ગયો છે. અજગરના મુખમાંથી છૂટવાનો તેણે પ્રયત્ન કરવા માંડયો પરંતુ જેમ કાદવમાં ખૂંચેલી હાથણી ગમે તેટલું બળ કરે છતાં ઊંડી ને ઊંડી ખૂચતી જાય છે તેમ દમયંતી અજગરના મુખમાં વધુને વધુ, છેક નાભિ સુધી ચાલી ગઈ. હવે શું કરવું ? આ તો નિશ્ચિત મૃત્યુ છે...આવા નિર્જન સ્થળમાં કોણ બચાવે ? કોને બૂમ મારવી ? ના...ના... ના...જ્યારે મૃત્યુ સામે આવીને ઊભું હોય ત્યારે વધુમાં વધુ સ્વસ્થ રહેવું જોઈએ અને ધર્મનું શરણ ગ્રહણ કરવું જોઈએ આમ વિચારી દમયંતી મધુર સ્વરે બોલી ઊઠી 'મારાં કોઈ પૂર્વજન્મના પાપનું આ પ્રત્યક્ષ પરિણામ છે...મૃત્યુ નિશ્ચિત છે...મારી તમામ નબળાઈઓ દૂર થાઓ ! મને ધર્મનું શરણ મળો મને મોતનો ભય નથી. મોત પ્રત્યેક પ્રાણીના લલાટે અંકિત થયેલું જ છે. પરંતુ મારું મૃત્યુ ન બગડે એટલા ખાતર મને અરિહંતનું શરણ હો ! સિદ્ધ ભગવંતનું શરણ હો ! આચાર્ય ભગવંતનું શરણ હો ! ધર્મનું શરણ હો !'

બોલતાં બોલતાં દમયંતી કંઈક ઉચ્ચ સ્વરે બોલી ઊઠી, ‘ ધર્મનું શરણ મને પ્રાપ્ત થાઓ !...’ આમ કહી તેણે નેત્રો બંધ કર્યાં અને મનમાં નવકાર મંત્રનું સ્મરણ શરૂ કર્યું.

પરંતુ દમયંતીના છેલ્લા શબ્દો એક નવજવાન ભીલ, કે જે હરણનો શિકાર કરીને વૃક્ષના ઓથે બેઠો હતો તેના કાન પર અથડાયા. તે ચમકીને ઊભો થયો વનમાં રહેતાં પ્રાણીઓની દ્રષ્ટિ તીવ્ર હોય છે...થોડી જ વારમાં તે જોઈ શકયો કે એક અજગરના મુખમાં સોનાની કોઈ પૂતળી સમી અતિ સુંદર સ્ત્રી સપડાઈ ગઈ છે અને છેક છાતી સુધી મુખમાં ઊતરી ગઈ છે.

એક પળનો યે વિલંબ કર્યા વગર જુવાન ભીલ હાથમાં પોતાનો ફરસો લઈને દોડયો...જ્યારે તે અજગર પાસે પહોંચ્યો ત્યારે દમયંતી છેક ગળા સુધી અજગરના મુખરૂપી ગુફામાં ઊતરી ગઇ હતી.

વનમાં રહેતો આ ભીલ વનનાં હિંસક પ્રાણીઓનાં મર્મસ્થાન કયાં હોય તે જાણતો હતો...તેને એ પણ ખબર હતી કે આજ-ગરની તાકાત એના પૃચ્છ ભાગમાં જ હોય છે...આમ વિચારી ભીલ જુવાને પોતાની ફરસીનો એક ફટકો અજગરના પૃચ્છ પ્રદેશના નિશ્ચિત ભાગ પર લગાવ્યો...અને અજગરની તાકાત ખતમ થઈ ગઈ...એક ગડથોલિયું ખાઈને અજગર ઢળી પડયો.

નવજવાન ભીલે પળનો યે વિલંબ કર્યા વગર કેડમાં ભરાવેલી છરી ખેંચી કાઢી અને સંભાળપૂર્વક અજગરની કાયા ચીરવા માંડી... બહારથી શ્યામ દેખાતો અજગર અંદર ઘેરો લાલ હતો. થોડી જ પળોના પ્રયત્ન પછી ભીલ કુમારે દમયંતીને જરાયે ઈજા ન થાય તે રીતે બહાર કાઢી લીધી. નવકાર મંત્રના ધ્યાનમાં મગ્ન બનેલી દમયંતીને આશ્ચર્ય થયું...તેણે નેત્રો...ખોલ્યાં...જોયું, એક જુવાન ભીલ ટેકો આપીને ઊભો છે અને અજગર બે ફાડિયાં બનીને પડયો છે. લોહી, માંસ અને મળનો ઢગલો ભારે બિહામણો લાગે છે.

ભીલ જવાને કહ્યું : ' મારી સાથે ચાલો...નજીકમાં જ નદી છે. ' આમ કહીને દમયંતીને ટેકો આપીને તે નજીકની નાની નદી પાસે પહોંચી ગયો.

ભીલ કુમારે દમયંતીના દેહને ચોટલાં રક્તમાંસ જળ વડે સ્વચ્છ કર્યા. ત્યાર પછી તેણે કહ્યું. ' તમે અહીં બેસજો...હું હમણાં જ આવું છું ' આમ કહીને તરત ચાલ્યો ગયો.

સૂર્યાસ્તને હજી બે ઘટિકાની વાર હતી...પરંતુ દમયંતીને થયું કે એક આખો યુગ પોતા પર પસાર થઈ ગયો લાગે છે.

ભીલ જુવાન થોડાં ફળો લઈ આવ્યો. ભીલ જુવાનની નિષ્કામ ભક્તિનો દમયંતીએ સત્કાર કર્યો

દમયંતીના મનમાં થયું, જે ધર્મનું રક્ષણ કરે છે...તેનું ધર્મ પોતે જ રક્ષણ કરે છે !

દમયંતીએ એક વાર પશ્ચિમ ગગન તરફ નજર કરી...ત્યાર પછી તેણે કેટલાંક ફળો ખાઈને તૃપ્તિ મેળવી આ વખતે ભીલ જુવાન પલાસનાં ચાર પાંચ પાન વડે દમયંતીને વાયુ ઢાળી રહ્યો હતો...

દમયંતી ભીલની આવી સેવા જોઈને અતિ પ્રસન્ન બની ગઈ... પણ તેને એ ખબર નહોતી કે નવજવાન ભીલનાં નયનો રૂપ અને યૌવનની તૃષા છિપાવવા તલપી રહ્યાં છે !

## પ્રકરણ ૩૧ મું : : જુવાનની આંખ ફરી !

ફળાહાર કરીને દમયંતી ઊભી થઈ...હાથ મુખ ધોઈ તેણે પોતાનાં વસ્ત્રો સામે નજર કરી...કમરપટક ચારે તરફ ફાટી ગયો હતો...કંચુકીબંધ પણ શિથિલ બની ગયો હતો ..અને ઉત્તરીય તો સાવ ચિરાઈ ગયું હતું.

ભીલ જુવાને વિનમ્ર સ્વરે કહ્યું: 'આપ કોણ છો તે હું કલ્પી શકું છું...આપ કોઈ રાજરાણી લાગો છો...ગમે તે કારણે આ ગાઢ વનમાં ભૂલાં પડી ગયાં હશો. પરંતુ વિંધ્યવાસિની માની કૃપાથી આપ મૃત્યુના મુખમાંથી બચી શકયાં છો...જો આપને હરકત ન હોય તો સામેની ટેકરી પાસે જ મારી કુટિર છે...તેમાં નિરાંતે આરામ કરો.'

નિષ્પાપ હૃદયના માણસો અન્યના અંતરનાં પાપને ભાગ્યે જ કલ્પી શકે છે. પોતાને જીવતદાન આપનારા આ ભીલ નવજવાનની ભાવનાનો અનાદર કરવો તે દમયંતીને ઉચિત ન લાગ્યું વળી, સૂર્યાસ્ત થઈ ગયો હતો...રાત્રિ કાળે આવા વનપ્રદેશમાં પ્રવાસ ખેડવો તે યોગ્ય નહોતું. દમયંતીએ ભીલ જુવાન સામે જોઈને કહ્યું : 'ભાઈ, તેં આજ મારા પર મોટો ઉપકાર કર્યો છે...તારી ઝૂંપડી કેટલી દૂર છે?'

'સામેની ટેકરી પાસે જ છે...ત્યા એક સુંદર નાનું સરોવર છે...એ સરોવરમાં કમળનું વન છે...હું આપના આરામ માટે કમળપત્રોની શય્યા બનાવી દઈશ...' ભીલે કહ્યું.

દમયંતી તેની સાથે ટેકરી તરફ ગઈ.

સ્થળ ઘણું મજાનું હતું...એક નાનું સરોવર હતું...કમળથી ભરેલું...પરંતુ અંધકારના કારણે સરોવરની સુંદરતાનો ખ્યાલ આવી શકતો નહોતો. તેની સામે જ એક સ્વચ્છ જગ્યાએ નાની કુટિર હતી. કુટિર ફરતી કાંટાની વાડ હતી. એ આખી વાડ વિવિધ વેલીઓ વડે શોભી રહી હતી...અંદર જવા માટે કાંટાનો એક જ ઝાંપો હતો.

જુવાન ભીલે કાંટાનો ઝાંપો ખોલતાં કહ્યું 'અંદર આવો...'

ભીલની પાછળ પાછળ અંદર દાખલ થતાં દમયંતીએ ચારે તરફ જોઈને કહ્યુ : 'ભાઈ, તારો કોઈ પરિવાર અહીં નથી રહેતો?

'પરિવારમાં કોઈ નથી...હું એકલો જ છું.' કહી તે ઝૂંપડીમાં દાખલ થયો...એક ખૂણામાં પડેલું કોઈ ખાસ વનસ્પતિનું એક લાકડું તેણે ઉઠાવ્યું...લાકડું બહુ મોટું નહોતું...માંડ દોઢેક હાથ

જેવડું હતું.

દમયંતી હજી ઝૂંપડીની બહાર જ ઊભી હતી. જુવાન ભીલે હાથમાંનું લાકડું એક ચળકતા પથ્થર પર થોડી વાર ઘસ્યું...માત્ર એ પળમાં તે લાકડું સળગી ઊઠયું...અને અંધારી કુટિરમાં ક્ષીણ પ્રકાશ ફેલાઈ ગયો. તેણે આ બોયું એક માટીના ઠામમાં ભરાવીને કહ્યું : 'અંદર આવો...અહીં દીવો બીવો તો નથી...પણ આ લાકડું આખી રાત ધીરે ધીરે સળગ્યા કરશે ને એનું અજવાળું પડયા કરશે.'

દમયંતી કુટિરમાં ગઈ...

બે ચાર માટલાં પડયાં હતાં.. એક તરફ જળ ભરેલા બે માટલાં હતાં...અને બીજી તરફ ખીંટીએ બાણનું ભાથું ને ધનુષ ટિંગાતાં હતાં...એક ખાટલો ઢાળેલો પડયો હતો...એના ઉપર ખાસ કંઈ પાગરણ નહોતું...વલ્કલ પાથર્યું હતું.'

દમયંતીએ કહ્યું : 'ભાઈ, હું અહીં પડી રહીશ...બીજો કંઈ દાખડો કરવાની જરૂર નથી.'

'એમાં દાખડો શેનો ? વિંધ્યવાસિની મા આજ મારા પર પ્રસન્ન થયાં છે...' એમ કહેતો જુવાનભીલ ઝૂંપડી બહાર નીકળી ગયો.

દમયંતી ઝૂંપડીમાં જોતી જોતી ખાટલા પર બેસી ગઈ. તેના મનમાં થયું, વનમાં વસનારો માનવી પણ કેટલી દયા જાળવી રાખે છે ? પાપકર્મ કરતાં કરતાંયે પુણ્યનો છાંટો પડી ગયો હશે...નહિતર આવા વન વગડામાં મને કોણ બચાવત ?

લગભગ અર્ધ ઘટિકા પછી એક ભારી જેટલાં કમળનાં પત્ર લઈને ભીલ જુવાન આવી પહોંચ્યો અને બોલ્યો : 'જરા ઊભાં થાવ. હું બિછાવી દઉં.'

દમયંતી ઊભી થતાં બોલી : 'ભાઈ રહેવા દે...હું બિછાવી દઈશ.'

'ના ના...ના...આપના જેવાં કોમળ દેવીનું એ કામ નથી.'

કહીને જુવાને કમળપત્રનો ઢગલો ખાટલા પાસે મૂકયો અને ખાટલા પરનું વલ્કલ ઉઠાવી લઈ શય્યારૂપે કમળપત્રો ગોઠવવા માંડયો... સરખી પથારી થઈ ગયા પછી તેણે તેના ઉપર વલ્કલ બિછાવી દીધું. ત્યાર પછી તે બોલ્યો, ' આટલામાં કયાંય દૂધ મળે એમ નથી.. પણ મારો બનાવેલો દારૂનો એક ભાંડ ભર્યો છે...થોડોક પીશો તો આ બધી નબળાઈ ચાલી જશે ને બત્રીસે કોઠે દીવા થઈ થશે.'

' ના, ભાઈ, મને આનંદ છે...વળી, હું દારૂ કે એવા કોઈ પદાર્થો પીતી નથી... તેમ, રાત્રિકાળે કશું લેતી નથી. મારા લીધે તારે ખૂબ જ શ્રમ લેવો પડયો છે...હવે તું નિરાંતે આરામ કર.'

ભીલ જુવાને પ્રસન્ન સ્વરે કહ્યું, ' મને શો શ્રમ પડવાનો હતો ? આજ તો મારા પર માતાજીની કૃપા વરસી છે...'

આટલું કહીને તેણે એક ખૂણામં પડેલા માટલામાંથી માટીના લોટકા જેવા પાત્રમાં દારૂ ભર્યો અને પી ગયો. આમ, ઉપરાઉપર ત્રણેક પાત્ર ભરીને પીધાં. ત્યાર પછી તે ઘણા જ ઉમંગ સાથે ઊભો થયો અને બોલ્યો : ' રૂપની દેવી આપના નામની ખબર નથી. પણ આપની કોમળ કાયા પરથી મેં એટલું જ જાણ્યું છે કે, આપ કોઈ રાજરાણી છો. હું એક વનવાસી ભીલ છું...આપનામાં જે જાતની રસિકતા હશે તેવી મારામાં નહિ હોય...વળી, આપની દ્રષ્ટિ તેજસ્વી છે.. આપનો ચહેરો ચંદ્રને પણ શરમાવે એવો રૂડો છે. આમ બહાર નજર કરો...મીઠી રાત શરૂ થઈ ગઈ છે...આ સ્થળે કોઈનો ભય નથી.. વિદ્યાદેવીની કૃપાથી આજ મારે આંગણે અણમોલ રત્ન આવ્યું છે.. તમેય જુવાન છો...હું પણ નવજુવાન છું...મારા ઉપર પ્રસન્ન થાઓ.. વનમાં વસનારો એક ભીલ બહુ કંઈ ન જાણી શકે એ સહજ છે.. છતાં આપણો વિલાસ અપૂર્વ બનશે...આ કમળની શય્યા પણ ધન્ય બની જશે...

દમયંતીના આશ્ચર્યનો પાર ન રહ્યો. બોયાના અગ્નિનો પ્રકાશ

તીવ્ર ન હોવા છતાં તેણે ભીલ જુવાન સામે જોયું....જુવાનની આંખમાં વિકારનું વિષ ઊપસી આવ્યું હતું. દમયંતીએ આવાં વેણુ સાંભળીને ન ક્રોધ કર્યો કે ન કંઈ જવાબ આપ્યો. તેના મનમાં માત્ર એ જ વિચાર આવવા માંડયો. અરેરે, હું મહારાજા નળની પત્ની, રાજા વીરસેનની પુત્રવધૂ, રાજકુમાર દમનની બહેન, મહારાજા ભીમની પુત્રી છું. પણ શું કરું ? જો હું મારો પરિચય આપીશ તો પણ કામથી પાગલ બનેલો આ જુવાન વિકારથી પાછો નહિ વળે... કારણ કે કામરૂપી વાયુ દીપકને બૂઝવી નાખે છે. તેમ વિવેકને પણ નષ્ટ કરી નાખે છે. કામી પુરુષનું હૃદય નિર્લજ્જ હોય છે, તેને અપમાનમાં પણ આનંદ દેખાય છે. આલોક કે પરલોકનો કોઈ ભય તેને સ્પર્શતો નથી કામાંધ બનેલા પુરુષની પ્રકૃતિ જ આવી હોય છે ! જેણે મને મોતના મુખમાંથી બચાવી છે તે આ ભીલ જુવાનને મારે કઈ રીતે સમજાવવો ? ઓહ, આ કરતાં હું અજગરના ઉદરાગ્નિમાં ભસ્મ થઈ ગઈ હોત તો સારું હતું.. મારો એવો કયો કર્મવિપાક હશે કે હું આવા નિષ્ઠુર અને મહાકષ્ટમાં આવી પડી ? આ ભીલને હું ધર્મની વાત કરીશ તો પણ તેને હૈયે નહિ સ્પર્શે ...કારણ કે આ જાતિ પાપને ગણકારતી નથી... માનતી પણ નથી. એક તો આ જુવાને મારા પર ઉપકાર કર્યો છે... પણ એનો બદલો વાળી શકાય એવું કાંઈ મારી પાસે છે નહિ...મારે આને કઈ રીતે વારવો ? જો આ બિચારો ગરીબ નહિ સમજે અને મારા પર બળાત્કાર કરશે તો અવશ્ય મૃત્યુના મુખમાં જઈ પડશે અને મારે એમાં નિમિત્ત બનવું બનવું પડશે.'

દમયંતીને વિચારમગ્ન જોઈને ભીલ જુવાન બોલ્યો : 'રૂપરાણી, વિચાર કરવાનો સમય નથી. શરમ સંકોચની પણ કંઈ જરૂર નથી. હું એક મસ્ત જુવાન છું...તું એક મસ્ત રાજરાણી છે...આજ મસ્તીભરી રાત છે...યૌવનની ભૂખ યૌવનની મસ્તીથી જ સંતોષાય

છે...'

આમ છતાં દમયંતી મૌન રહી. એક ઉપકારીને કઈ રીતે ઉત્તર આપવો !

દમયંતીને મૌન જોઈને કામપીડાથી વ્યગ્ર બનેલો ભીલ જુવાન બોલ્યો, 'સુંદરી, મૌનનો આશ્રય લઈને શા માટે સમય બગાડી રહી છે? હું તને જરાયે દુઃખ નહિ આપું...હું સમજું છું કે તારી કાયા અતિ કોમળ છે...વળી, હું તને મારી રાણી બનાવીને અહીં રાખીશ. તું એમ ન માનતી કે હું તને અહીં પૂરી રાખીશ...ના ...ના...એવો કોઈ ભય તું રાખીશ નહિ...હું કેવળ તારો દાસ બનીને રહીશ...... તને મારી હથેળીમાં રમાડીશ અને તું જ્યાં સુધી પ્રીતિ રાખીશ ત્યાં સુધી તારા સુખને કોઈ રોકી શકશે નહિ. હવે વિલંબ ન કર...સંશય ન રાખ અને મારી સાથે ભોગ ભોગવીને પરમ તૃપ્તિ પ્રાપ્ત કરી લે.'

દમયંતી જોઈ શકી હતી કે ભીલના શબ્દોમાં અવિવેક નથી, પણ મોહ છે...તે મૌનનો ભંગ કરતાં બોલી: 'હે ભાગ્યવંત, તારા શબ્દો પરથી મને સમજાયું છે કે, તું વિનયશીલ છે. હું તને કયા શબ્દોમાં સમજાવું? દુર્જન કે સજ્જનનું ઉત્પત્તિસ્થાન માત્ર ગામ કે નગરમાં નથી હોતું...ઘણી વાર એવું પણ બને કે ગામડામાં સજ્જનો હોય ને નગરમાં દુર્જનો પણ હોય! આવા નિર્જન વન-પ્રદેશમાં હું જોઈ શકી છું કે ગમે તેવા ભલભલા રાજાને પણ જીતવાને તુ સમર્થ છે. છતાં અનાથ, અબળ અને મૂઢ એવી મને રૂંધતો નથી અથવા મારા પર આક્રમણ કરતો નથી...એ ખરેખર તારી સજ્જનતા છે...વનવાસી ભીલ આવો કેમ હોઈ શકે? ખરેખર, તું ભીલ જાતિમાં મહાભાગ્યવંત અને દયાળુ છે...આવા વિકટ વનમાં તારા જેવી મહાન વ્યક્તિનું મળવું એ પણ ભાગ્યનો યોગ જ છે...મને એમ થાય છે, ખારા જળમાં તું અત્યારે મીઠી

વીરડી સમાન છે...તારા વડે હું જીવિત પામી છું...તારો આ ઉપકાર હું કોઈ પણ રીતે વાળી શકું એમ નથી. એક તો તેં મને અજગરના મુખમાંથી ઉગારી, ત્યાર પછી મને સ્વચ્છ કરીને ફળાહાર કરાવ્યો અને આવા નિર્ભય સ્થળે આશ્રય મળ્યો. આ તારા ઉદાર હૃદયની પ્રતીતિ છે. ખરેખર, તેં એક નારીનું રક્ષણ કરીને મહાન ઉપકાર કર્યો છે...મહર્ષિઓનાં તપને પણ તેં તુચ્છ બનાવ્યું છે. જે નિર્દય પુરુષો પરનારીમાં પ્રીતિ રાખનારા હોય છે તે એઠું ભોજન કરનારા કાગડા સમાન છે, એના જેવા હલકી વૃત્તિવાળા અન્ય કોણ હોઈ શકે ? ભાઈ, સમગ્ર પાપનું મૂળ પરનારીગમનમાં જ રહેલું છે. પરનારી પ્રત્યે બૂરી નજર નાખનારાના બંને ભવ બગડે છે. પરસ્ત્રીગમન એ તો નિંદાનું સ્થાન છે, તિરસ્કારનું કારણ છે અને મોતનું દ્વાર છે. જે પુરુષ કામદેવથી હરાયેલા પોતાના મનને પાછું વાળવા સમર્થ નથી તે પોતાના ધનની રક્ષા ક્યાંથી કરી શકે ? ભાઈ, પરનારીને ભોગવનારો કદી નર્કનો સાગર પાર પામી શકતો નથી. નારી, વિષ, જળ, અગ્નિ અને શસ્ત્ર આ પદાર્થો સાથે રમનારાઓની કુશળતા ક્યાંથી રહી શકે ? કામાંધ બનનાર પુરુષ ભારે દુઃખી થાય છે...અને મેં તો તને ભાઈ કહ્યો છે...વળી, તું મને મોતમાંથી બચાવનારો દાતા છે. હું ભોગવિલાસની ઈચ્છા વગરની છું...પછી તું મારા પ્રત્યે આવી દ્રષ્ટિ રાખે તે તારા માટે શરમજનક છે. તારે તારા ચિત્તને ક્રૂર ન બનાવતાં કાબૂમાં રાખવું જોઈએ. તેં મારા પ્રત્યે જે ઉપકાર કર્યો છે. તે સહાય પુણ્ય આપતી રહે એવું તારે વિચારવું જોઈએ.'

દમયંતીના ઉપદેશથી ભીલનું હૃદય એક વાર કંપી ઊઠ્યું... પરંતુ માનવી જ્યારે કામને આધીન બનેલો હોય છે ત્યારે સત્ય કે અમૃત પચાવવાની તેનામાં કોઈ તાકાત રહી શકતી નથી. ભીલ જુવાન બોલ્યો : ' સુંદરી, આવા ઉપદેશ વડે શા માટે સમય બરબાદ

કરી રહી છે? જેમ ઢોળાવવાળી ભૂમિ પર જળ સ્થિર રહી શકતું નથી, તેમ અમારા હૈયામાં શીલ, ધર્મ જેવું કાંઈ ટકી શકે જ નહિ. અમે પાપ પુન્યને કદી જોયાં નથી. સ્વર્ગ નરકને પણ નિહાળ્યાં નથી...તેમ, અમને નર્ક કે પાપનો કોઈ ભેદ હોતો નથી. તારા જેવું અનાયાસે પ્રાપ્ત થયેલું રત્ન જો હું ન ભોગવી શકું તો મને નર્ક કરતાં યે વધુ દુઃખનો અનુભવ થાય. હાથમાં આવેલી સુંદરીને જતી કરનારાઓ નપુંસક જ લેખાય છે...અમારા વીરપુરુષોની સભામાં મારી કોઈ ઇજ્જત રહે નહિ. મેં અત્યાર સુધી જે વિનય રાખ્યો છે તે તારી સુંદરતા સુખરૂપ ભોગવી શકાય એ આશાએ રાખ્યો છે.. તું કહે છે તેમ મેં તારા પર ઉપકાર નથી કર્યો...પણ એક સુંદર નારીરત્ન પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કર્યો છે...જે મને ફળ્યો છે. મારી ઈચ્છા એવી છે કે આપણે બંને મસ્તીભર્યા મનથી મળીએ.. તું જો વધારે દુરાગ્રહી બનીશ તો મારાં બાવડાંમાં ઓછું બળ નથી...બળાત્કારને હું નિંદ્ય નથી માનતો.. બળની મસ્તી માનું છું અને આ સ્થળે એવું બળ વાપરતાં મને કોઈ અટકાવી શકે એમ નથી...હું જે પળે તને મારા બાહુ બંધનમાં સમાવીને તારા અંગે અંગને રમાડી શકું છું.. હે, કમળ જેવાં નેત્રવાળી રૂપરાણી, તું સમજી જા...નહિ તો હું તને ભોગવ્યા વગર રહેવાનો નથી એ તું નક્કી માનજે.'

દમયંતી ધ્રુજી ઊઠી...

નવજવાન ભીલ આગળ વધ્યો અને દમયંતીના મુક્ત કેશને હાથમાં લીધા.. એ જ પળે દમયંતી બોલી ઊઠી: 'તને ધિક્કાર હો! તું આ શું કરે છે? જલદી કુટિરની બહાર નીકળી જા...એક ઉપકારી જીવનનું મારા નિમિત્તે મૃત્યુ થાય તે મારાથી જોઈ શકાશે નહિ.'

જુવાન ભીલ ખડખડાટ હસી પડયો...

દમયંતીએ મનમાં ઈન્દ્ર મહારાજાનું સ્મરણ કર્યું...ઈન્દ્રે દમયંતીને વરદાન આપ્યું હતું...દમયંતીનું સ્મરણ પૂરું થાય તે પહેલાં જ આકાશમાંથી વીજળી જેવો એક તેજલિસોટો સડસડાટ કરતો કુટિરનું છાપરું ફાડીને અંદર આવ્યો...અને એનો સ્પર્શ થતાં જ ભીલ જુવાન ત્યાં ને ત્યાં ભસ્મીભૂત થઈ ગયો...

તેજરેખા તો પલક માત્રમાં અદૃશ્ય થઈ ગઈ...

અને દમયંતીએ જોયું...ભીલ જુવાન મડું થઈને નીચે ઢળી પડયો છે.

દમયંતીને આથી ભારે દુઃખ થયું...પોતાના પર ઉપકાર કરનારા એક જુવાનનું મૃત્યુ થયું એ એના માટે ભારે શોકનું કારણ બની ગયું. દમયંતીનાં નયનો સજળ બની ગયાં...તે બોલી ઊઠી, 'હે કર્મદેવ, મારે મારાં કર્મફળ તો ભોગવવાનાં જ છે...પરંતુ આવાં પરિણામો ને પરિતાપો સહન કરવા જતાં ભારે વેદના સહન કરવી પડે છે ! અહીં, મારા હિતનો ખોટો ખ્યાલ મનમાં રાખીને સ્વામી ચાલ્યા ગયા.. પણ તેઓને ક્યાંથી કલ્પના આવે કે તેઓ સાથે હોત તો આવી કોઈ વિપત્તિ આંખ સામે ઊભી ન થાત !

દમયંતી ઝૂંપડીની બહાર નીકળી. આકાશ સામે નજર કરી... હજુ તો રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થયો હશે એમ તે કલ્પી શકી.

પુનઃ તે ઝૂંપડીમાં ગઈ...કમળપત્રની શય્યા પર મૂકેલ વલ્કલ તેણે ભીલ જુવાનના નિર્જીવ દેહ પર બિછાવ્યું...ત્યાર પછી તેણે ચારે તરફ નજર કરી એક ખૂણામાં નાની પેટિકા પડી હતી...તે ઉઘાડી.. તેમાં વલ્કલની એક ચાદર સિવાય કશું નહોતું. દમયંતીએ જોયું, પોતાનાં વસ્ત્રો સાવ ચિરાઈ ગયાં છે...દેહની લજ્જાને સંભાળવા માટે પણ ગમે તે વસ્ત્ર રાખવું આવશ્યક છે. આમ વિચારી વલ્કલની ચાદર સહિત તે બહાર આવી...અને પર્ણકુટિની ઓસરીમાં જ

રાત્રિ ગાળવાનો વિચાર કર્યો. ઝૂંપડી ફરતી જે વાડય હતી તે અત્યારે દુર્ગ સમી હતી...

મનમાં મહામંત્રનું સ્મરણ કરતી કરતી તે ઓસરી જેવા પ્રાંગણમાં બેસી ગઈ...છેક મધરાતે તેને નિદ્રા આવી અને તે જ્યારે જાગૃત થઈ ત્યારે પંખીઓનું પ્રાત:ગાન પ્રકૃતિની શોભાને બિરદાવી રહ્યું હતું.

દમયંતી ઊભી થઈ. એક વાર ઝૂંપડી તરફ નજર કરીને ઝાંપો ખોલીને બહાર નીકળી...સામે જ નાનું સરોવર હતું...ઉષાનો સોનેરી પડછાયો દર્પણ સમા જળમાં પડી રહ્યો હતો.

સરોવર નાનું છતાં અતિ રમણીય હતું. તેણે સ્નાન કર્યું... વસ્ત્રોનો ત્યાગ કરી કાયા પર વલ્કલની ચાદર બરાબર વીંટી લીધી.. ઉત્તરીયના ચીરા થઈ ગયા હોવા છતાં તેણે તે મસ્તક પર વીંટયું. ત્યાર પછી ત્યાં ને ત્યાં ધર્મની આરાધના કરવા બેસી ગઈ.

સૂર્યોદય થઈ ગયો હતો. સમગ્ર વનપ્રદેશ સોહામણો બની ગયો હતો. બે ઘટિકા પછી ધ્યાનમુક્ત બનીને દમયંતીએ આસપાસ નજર કરી...એક વૃક્ષ પર ફળો હતાં...તે ખાઈ, જળપાન કરી, કુંડિનપુર તરફ ચાલતી થઈ.

દમયંતીના હૃદયમાં ધૈર્ય તો હતું જ...અને ભયે પણ વિદાય લીધી હતી...તે મનમાં મહામંત્રનું સ્મરણ કરતી કરતી કુંડિનપુરના અવાવરા માર્ગે ચાલવા માંડી.

મધ્યાહ્ન સમયે કોઈ પણ વૃક્ષ તળે બે ઘડી વિસામો લેતી...જે કંઈ ફળ મળે તે વડે ભૂખનું નિવારણ કરતી અને કોઈ નિર્ભય સ્થળે રાત્રિ વિતાવતી...વિતાવતી...આમ ને આમ તેણે વિવિધ પલ્લી અને વનોવાળી વિંધ્યની પાર્વત્ય ભૂમિ વટાવી અને વિદર્ભના પંથે ચાલવા માંડી.

મહામંત્ર નવકારના સ્મરણને કદી પણ ચૂકતી નહોતી...તેને

આ પ્રવાસમાં મહામંત્રને અને પોતાના સ્વામીના ચરણ કમળની સ્મૃતિને જ પાથેય રૂપે ધારણ કર્યાં હતાં.

માર્ગમાં આવતાં પશુઓ પણ દમયંતીને માર્ગ આપતાં હોય તેમ જોઈ શકાતું...

દમયંતી સમજતી હતી કે ધર્મને શરણે જનારાઓનું ધર્મ પોતે અવશ્ય રક્ષણ કરે છે.

## પ્રકરણ ૩૨ મું : : આરાધના

કેટલાક દિવસો પસાર થઈ ગયા. દમયંતીએ માત્ર એક વલ્કલ ધારણ કર્યું હતું, છતાં તેનું રૂપ જરા યે ઝાંખુ નહોતું પડયું. બલ્કે વધારે તેજોમય બન્યું હતું. માર્ગમાં નદીઓ, સરોવરો ને વિવિધ જળાશયો આવતાં, વિવિધ પ્રકારનાં ફળો મળી જતાં, એમાં તેની ક્ષુધાતૃષા નિવૃત્ત થઈ જતી.

વિદર્ભનો માર્ગ પણ નાની મોટી પહાડીઓવાળો હતો...પરંતુ આટલા દિવસના અભ્યાસ પછી દમયંતીને ખાસ કોઈ વાંધો નહોતો આવતો અને વન-વગડા વીંધતાં વીંધતાં તે વધારે હિંમતવાન અને સ્વસ્થ બની ગઈ હતી. નવકાર મંત્રનું સ્મરણ અને પતિના ચરણ કમળની યાદ હૈયામાં સંઘરીને તે આગળને આગળ જતી હતી. માર્ગમાં નાનાંમોટાં પલ્લીગ્રામો આવતાં હતાં, પરંતુ દમયંતી ક્યાંય જતી નહોતી. કારણ કે, એમ થાય તો કોઈનું આતિથ્ય સ્વીકારવું પડે અથવા પોતાને જોઈને માનવી પશુ બની જાય...આથી તે નિર્જન સ્થળે જ રાત્રિવાસો કરતી અને સવારે સ્નાન સંધ્યાથી નિવૃત્ત થઈને આગળ વધતી...એ જ રીતે, સૂર્યાસ્ત પહેલાં જ તે રાત્રિવાસ

માટેનું યોગ્ય સ્થળ પસંદ કરી લેતી. ખરેખર, સમય ઘણી વાર માનવીનાં દેહ–મનને મજબૂત બનાવે છે.

આમ પ્રવાસ કરતાં કરતાં માર્ગમાં એક ધનિક સાર્થવાહનો મેળાપ થઈ ગયો. સાર્થવાહનો સાર્થ ઘણો મોટો હતો. તેની સાથે પુષ્કળ માલ પણ હતો. દમયંતીના મનમાં થયું. આ સાર્થવાહ કદાચ કુંડિનપુર તરફ જતો હશે . આના સથવારે જવું વધારે હિતાવહ લાગે છે આમ વિચારી પડાવમાં બેઠેલા સાર્થવાહ પાસે લઈ અને વિનયભર્યા સ્વરે બોલી, ' મહાનુભાવ, આપ કઈ તરફ જાઓ છો ? '

પરંતુ સાર્થવાહ કે તેના માણસોએ આ અંગે કશો ઉત્તર ન આપ્યો. આ કોઈ ક્ષત્રિય કન્યા લાગે છે...એકલી અટૂલી નીકળી પડી છે...માર્ગમાં એને શોધવા નીકળેલાઓ ભેટી પડે તો વિપત્તિ ઊભી થાય અને ભારે મૂંઝવણમાં મુકાવું પડે. આવો ભય જાગવાથી તેમણે કોઈએ ઉત્તર ન આપ્યો.

આમ છતાં દમયંતી નિરાશ ન થઈ. તેણે પડાવની બહાર રાત્રિકાળ વિતાવ્યો. સવારે સાર્થ ઊપડયો ત્યારે તે પણ તેની પાછળ પાછળ ચાલવા માંડી. બુદ્ધિવંતોને વસ્તુ પ્રાપ્ત થાય છે કે નહિ તેની ચિંતા નથી હોતી, માત્ર કાર્ય સાધનની જ આવશ્યકતા હોય છે. જમી લીધા પછી માનવીને એક તણખલાની પણ જરૂર પડે છે અને મૃત્યુ પામેલા માનવીની રાખ પણ પૂંજાય છે...એટલે અવસરે આવતી બધી ક્રિયાઓ શ્રેષ્ઠ જ લેખાય છે.

ચારેક દિવસ પછી એક વિકટ પહાડની તળેટીમાં સાર્થવાહે પડાવ નાખ્યો. એની સેંકડો પોઠો, માણસો, દાસદાસીઓ, વગેરે પોતપોતાનાં કાર્યમાં ગુંથાઈ ગયાં. દમયંતી પણ સાર્થથી થોડે દૂર એક વૃક્ષ નીચે રાત્રિકાળ વિતાવવા આડે પડખે થઈ. તે માત્ર સાર્થના સથવારે ચાલતી હતી...સાર્થના કોઈપણ માનવી પાસેથી કશું ઈચ્છતી નહોતી. તેમ, સાર્થના સબળા માણસો દમયંતી સાથે કશી વાત પણ

નહોતા કરતા.

રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થયો. સાર્થના માણસો નિરાંતે સૂઈ ગયા. કેટલાક ચોકીદારો જાગતા હતા અને અવારનવાર સાર્થ ફરતું એક ચક્કર મારી લેતા.

મધરાત જામી.

દમયંતી નિરાંતે નિદ્રાધીન બની ગઈ હતી.

અને એકાએક કોઈ ભયંકર ધમાચકડી થતી હોય એવું દમયંતીના કાને અથડાયું...તે જાગીને ઊભી થઈ ગઈ. જોયું તો... સાર્થ ઉપર હાથીઓનું એક વિશાળ ટોળું ફરી વળ્યું હતું. સાર્થના માણસો ચિચિયારીઓ નાંખી રહ્યા હતા...પોઠના બળદિયાઓ પણ બંધન તોડીને આડાઅવળા નાસી રહ્યા હતા. ચારે તરફ બળતી મસાલો કાં તો ધરતા પર પડી ગઈ હતી અથવા કોઈ રાવટી પર કે સામાન પર પડીને આગ પ્રસરી રહી હતી.

હાથીઓનાં ટોળાંઓએ સાર્થવાહનો સઘળો માલ વેરણછેરણ કરી નાખ્યો. કરિયાણાના કોથળાઓ વેરવિખેર થઈ ગયા...નાનીમોટી રાવટીઓ ભાગીને ભુકકો થઈ ગઈ...વનપ્રદેશના મદોન્મત્ત હાથીઓ માનવગંધથી કોપાયમાન બનીને વિનાશ વેરી રહ્યા હતા....

અને જ્યારે હાથીઓ ચાલ્યા ગયા ત્યારે દમયંતી જોઈ શકી કે સાર્થવાહનો સમગ્ર સાર્થ વેરણછેરણ થઈ ગયો છે...સાર્થવાહના માણસો નાની મોટી આગ ઠારવામાં દત્તચિત્ત બની ગયા હતા અને ગઈ કાલનો ધનવાન સાર્થવાહ આજે રાંક બનીને લમણે હાથ મૂકીને એક ટેકરા પર બેસી ગયો હતો.

સવાર પડયું. દમયંતીના મનમાં થયું, અરેરે, મારા દુર્દૈવનો ઉદય કેટલો ખતરનાક છે...હું તો સંકટમાં સપડાયેલી જ છું.... જેની સાથે ચાલુ છું તે પણ કુશળ રહી શકતો નથી...દુર્ભાગ્યની છાયા પણ કેટલી વિપત્તિકારક છે...ના. ના...ના...મારે હવે કોઈને આ રીતે

મારા નિમિત્તે વિપત્તિમાં ન મૂકવા જોઈએ હતભાગીનો ઓછાયો પણ અહિતકારક થઈ પડે છે! આવો વિચાર કરીને તે બાજુમાં વહેતી મધ્યમ નદીના કિનારે ગઈ સ્નાન ધ્યાન પતાવીને તેણે મુખશુદ્ધિ કરી. ત્યાર પછી થોડાંક ફળ મેળવીને પ્રાતઃ ભોજન પતાવ્યું અને તે હિંમત રાખીને એકલી પર્વતના શિખર તરફ ચાલી નીકળી.

નિરાશા, પરાધીનપણું, વ્યાકુળતા, સ્વામીનો વિયોગ, થાક અને ભયથી શ્રમિત સમાન બની ગયેલી દમયંતીને આજ સુધી એવું કોઈ સ્થળ મળી શક્યું નહોતું કે જ્યાં તેને સાંત્વન આપનાર કોઈ વ્યક્તિ મળી શકે!

પર્વત પરની કેડી પણ ભારે કઠણ અને કપરી હતી, છતાં મનમાં આવા વિચારો કરતી અને સાર્થવાહની તારાજીથી શોકમગ્ન બનેલી, જેનાં સુંદર નેત્રમાં રક્ત રેખાઓ દોરાયેલી છે તે દમયંતી શ્રમની પરવા કર્યા વગર હિંમતપૂર્વક ચાલવા માંડી.

લગભગ અર્ધે રસ્તે પહોંચતાં તે ખૂબ જ થાકી ગઈ...તેણે નજર કરી...બાજુમાં એક નમેલી શાખાવાળું રક્ત અશોકનું વૃક્ષ દેખાયું. તે અશોકવૃક્ષ પાસે ગઈ. તેની છાયામાં વિસામો લેવા બેસી ગઈ. અશોક વૃક્ષ સામે જોઈને તે બોલી : 'હે પ્રિય અશોક ! તારું દર્શન, સ્પર્શ, સ્મરણ અને રૂપ સજ્જન પુરુષોને કયા કયા પ્રકારનાં કુશળ નથી આપતું ? ખરેખર, તું વૃક્ષરાજ છે...તું સર્વને શાંતિ આપી શકે છે.'

આ પ્રમાણે કહી...થોડી વાર વિશ્રામ લઈ તે પહાડ પર જવા અગ્રસર થઈ. તેને સૌરભવંત વાયુનો સ્પર્શ થયો...જાણે પાંચેય ઈન્દ્રિયોના વિષયો ઉદાસીન બની ગયા હોય એવી તૃપ્તિ જણાવા માંડી. સંતોષરૂપી અમૃત પોતાના જ હૈયામાં છુપાયું છે એવો અનુભવ થવા માંડ્યો.

દમયંતીએ જોયું, સ્વસ્તિક નામના મેઘના મિત્રો આકાશમાં

વિહરી રહ્યા છે. તેનું ડાબું નેત્ર ફરકવા માંડયું... તેના મનમાં થયું ઇચ્છિત ફળને સૂચવનારાં આ શુભ લક્ષણો છે...જરૂર મને કંઈક માર્ગદર્શન મળશે અથવા કોઈ શુભ ફળ પ્રાપ્ત થશે ! નિરાશાથી વીંટળાયેલી દમયંતીના હૃદયમાં આશાનો પ્રેરણાદાયી સંચાર થયો. તે હર્ષિત મન સાથે ઉત્સાહપૂર્વક પર્વતના શિખર ચડવા માંડી. અને શિખર પાસે પહોંચતાં જ તેનું હૃદય ઉલ્લાસિત બની ગયું... એક વૃક્ષ નીચે મુનિઓનું મંડળ બેઠું હતું...દમયંતીના મનમાં થયું. આજ હું ધન્ય બની ગઈ...મારી તમામ વેદનાઓ વિરામ પામી, જાણે આજ પોતે પોતાના પિતાના ઘેર પહોંચી ગઇ.

નજીક આવીને દમયંતીએ વિધિવત સર્વ મુનિઓને વંદન કર્યાં. મુનિમંડળના મધ્યમાં બિરાજેલા ધર્માચાર્યે ધર્મલાભ આપીને કહ્યું, 'હે ભદ્રે, તારા ધાર્મિક આચરણની ઉત્તરોત્તર વૃદ્ધિ થાઓ, તારું ચિત્ત પ્રસન્ન રહો ! હે કલ્યાણી, તું અહીં બેસ...તું ખૂબ જ શ્રમિત થઈ હો એમ જોઈ શકાય છે,'

દમયંતી પુનઃ વંદન કરીને એક તરફ બેસી ગઇ અને બોલી : 'ભગવંત, આપનાં દર્શનથી જ મારો શ્રમ વિરામ પામ્યો છે...હું ધન્ય બની ગઈ છું.'

'ભદ્રે, અમે વિદ્યાધર મુનિઓ વૈતાઢ્ય પર્વત પરથી આ તીર્થનાં દર્શનાર્થે આવ્યા છીએ. આ પૃથ્વી પર પાંચમા ચક્રી અને સોળમા તીર્થંકર શ્રીશાંતિનાથ નામના ભગવંત હવે પછી થશે. તેઓશ્રીનું તિર્યંચ, અસુર અને મનુષ્યોથી સભર બનેલું સમવસરણ આ સ્થળે થશે... ત્યાર પછી ફરીને જન્મેલા અમો તેઓશ્રીની કૃપાથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકીશું. આ તીર્થનું નામ મુક્તિદ્વાર છે અને તે શ્રીજિનેશ્વર ભગવંતે પ્રરૂપેલા ધર્મની પ્રાપ્તિ કરનારાઓને જ દ્રષ્ટિગોચર થાય છે. શ્રી ભાસ્કરમુનિ અમારા ગુરુદેવ. તેમણે અમારા પર કૃપા કરીને આ તીર્થસ્થળ બનાવ્યું છે. હે સૌભાગ્યવતી સ્ત્રી

તને આવા સ્થળે એકલી આવેલી જોઈને આશ્ચર્ય થાય છે... કારણ કે તું લક્ષ્મી, સાવિત્રી, પાર્વતી કે ઈન્દ્રાણી જણાતી નથી...તારી દ્રષ્ટિ નિમેષવાળી છે અને દેવીઓ નિમેષ વગરની હોય છે. તું ઐશ્વર્યરહિત હોવા છતાં અમે તને રાજરાણી માફક આયુષ્યમાન જાણીએ છીએ. કારણ કે તારાં નેત્રની આકૃતિ તેવી છે.'

મુનિરાજના આ શબ્દો સાંભળીને દમયંતી નીચું જોઈ ગઈ... તેણે આંસુના વેગને બળપૂર્વક રોકીને કહ્યું : 'હે પૂજ્ય હું આમ તો સંકટમાં સપડાયેલી છું, પરંતુ આપની વાણીથી ભાગ્યવતી બની છું. આપ સમા અહિંસા અને ત્યાગના સાકાર મુનિવરો સમક્ષ પોતાનાં સુખદુઃખ દર્શાવીને પ્રાણી શલ્ય રહિત બને છે, આપ સમા મહાજ્ઞાની સમક્ષ હું શું કહી શકું ? છતાં મારી વિસ્તારપૂર્વકની વાત હું આપને ટૂંકામાં કહીને હૈયાનો ભાર હળવો કરવા ઈચ્છું છું.'

'ભદ્રે, સંકોચ રહિત બનીને તારે જે કંઈ કહેવું હોય તે સુખ રૂપ કહે.' મુનિવરે કહ્યું.

ત્યાર પછી દમયંતીએ પોતાનો અને પોતાના સ્વામીનો પરિચય આપી લગ્નથી માંડીને અત્યાર સુધીની હકીકત ટૂંકમાં કહી.

બધા મુનિઓ સ્વસ્થ ચિત્તે આ વાત સાંભળી રહ્યા. દમયંતીએ કહ્યું, 'ભગવંત, પતિથી ત્યજાયેલી હું સઢ વગરની નૌકા માફક ભારે વમળમાં આવી પડી છું. દક્ષિણ દિશાના રાજા ભીમસેન મારા પિતા છે અને મારા સ્વામીની આજ્ઞાથી હું તે તરફ જઈ રહી છું...પરંતુ હું મારા પિતૃગૃહે પહોંચી શકીશ કે નહિ તે નથી જાણતી...વળી, મારા સ્વામીને કંઈ પણ ઉપદ્રવ થશે તો અમારા બંનેનો મેળાપ કેવી રીતે શક્ય બનશે ? આશાના તંતુ મારા દેહદમનને આવરી રહ્યા હોવાથી હું પ્રાણત્યાગ પણ કરી શકતી નથી...અને બળાત્કારે પ્રાણ-ત્યાગ કરવાની શાસ્ત્રકાર ભગવંતોએ આજ્ઞા આપી નથી. પૂર્વકર્તની કોઈ દુષ્ટ ફળને હું ભોગવી રહી છું...એ બધું ક્યારે પૂરું થશે તે

પણ હું જાણતી નથી. હે પૂજ્ય, મારી આ દર્દકથા સાંભળીને આપ દુઃખી ન થશો...'

દમયંતીનાં આ વચનો સાંભળીને અને દમયંતીનાં સજળ નયનો નિહાળીને બધા મુનિવરો દયાના ભાવથી સજળ બની ગયા. એ પળ પછી ધર્માચાર્ય મુનિએ ભાવભર્યા સ્વરે કહ્યું, ભારે આશ્ચર્યની વાત છે. તને વરવા માટે દેવો તારા સ્વયંવરમાં આવ્યા હતા અને જેનાં વખાણ દેવો, મુનિઓ, માનવો, યક્ષો, વગેરે કરતા રહે છે તે તું દમયંતી છે તે જાણીને જેમ આનંદ થાય છે તેમ તારા પર વરસેલી વિપત્તિ સાંભળીને આશ્ચર્ય પણ થાય છે...જો તારા જેવી સમૃદ્ધ અને દેવોના વરદાનથી સબળ નારીના માથે આવી વિપત્તિ પડી શકતી હોય તો અન્ય હીનજનોની વાત જ શી કરવી? પણ ભદ્રે, સંકટરૂપી દીવાલો તોડવી ભારે કઠિન હોય છે... છતાં મહાપુરુષોનું સત્ત્વ વજ્ર કરતાંયે કઠિન છે. કર્મસંયોગે પતિથી તજાયેલી એવી તારે શોક કરવાની કોઈ જરૂર નથી. શું શકુંતલાએ તારા કરતાં વધારે વિપત્તિ સહન ન્હોતી કરી? માટે વિપત્તિમાં હારવું નહિ...વિપત્તિને વેઠી લેવી. દુઃખ રડતાં રડતાં સહી લેવું તે કરતાં હસતાં હસતાં સહી લેવામાં મન સ્વસ્થ રહે છે. પુત્રી, રાજ્યભ્રષ્ટ થવા છતાં બુદ્ધિવંત અને સમયના જાણનાર એવા તારા સ્વામી નળ રાજાએ તને ત્યાગી નથી. પણ દીર્ઘદ્રષ્ટિ વડે વિચાર કરી તારા હિત ખાતર તને પિતૃગૃહે જવાનું કહ્યું છે...તારા પિતા પણ મહાન છે, તારા પર અપાર વાત્સલ્ય રાખે છે...તેઓ તને દરેક વાતે સુખ આપશે અને થોડા સમય પછી તારા પતિ તને અવશ્ય મળશે. દમયંતી, તું પોતે પવિત્ર અને ધર્મની જ્ઞાતા છે.. ધર્મ પર તારી શ્રદ્ધા અચલ છે. વળી તું દેવતાઓના આશીર્વાદથી રક્ષાયેલી છે. સુખ અથવા દુઃખના સમયે પોતાથી અધિકાધિક વ્યક્તિને જોવાથી ધીરજવાળા માનવીને હર્ષ કે શોક સમા બંને શત્રુઓ મનથી જરાયે ચલિત કરી શકતા નથી.'

આશ્વાસનરૂપ અમૃતના સ્પર્શથી દમયંતી ખૂબ જ હર્ષિત બની.

મુનિવરે દમયંતીને વધારે બળ મળે એ ખાતર કલાવતીનો પ્રસંગ ટૂંકમાં કહ્યો. અને જણાવ્યું, 'દમયંતી, સંકટ કોઈ લાવતું નથી, આપણાં જ કર્મફળનું એ સ્વરૂપ છે...અને પ્રાણીમાત્રે ભોગવવું પડે છે. તું સ્વસ્થ મન વડે દુઃખને પી જજે.'

દમયંતીએ ધર્માચાર્ય અનંતમુનિ સામે જોઇને કહ્યું: 'હે પૂજ્ય, આપનાં વચનામૃતથી હું પીડિત હોવા છતાં મારું મન સ્વસ્થ બન્યું છે. હવે મારા ઉપર એક કૃપા કરીને કંઈક આજ્ઞા આપો અને માર્ગદર્શન આપો.'

'પુત્રી, તેં સમયોચિત વાત કહી હમણાં તો તું નિર્ભય સ્થળે જ રહે. મને લાગે છે કે તને તારાં કુટુંબીજનોનો મેળાપ થવામાં થોડો વિલંબ થશે...ગ્રીષ્મઋતુ વિદાય થવાની છે અને વર્ષાકાળ નજીક આવી રહ્યો છે...એથી તારા પ્રવાસનો માર્ગ પણ વિપત્તિઓથી ભરેલો બની જશે. એટલે તું આ સ્થળે ભગવાન શાંતિનાથપ્રભુની વાળુકાની એક પ્રતિમા બનાવ...જો આ તરફ એક કુંડ છે...રેતી છે...અને તપોવનની એક ગુફાકુટિર પણ છે...કુટિરમાં ઉપયોગી થાય એવાં વલ્કલો પણ પડયાં છે...તું ત્યાં જા અને એક પ્રતિમા તૈયાર કરીને આવ...હું તેને માત્રપૂત કરી આપીશ...આરાધનાનો વિધિ પણ સમજાવીશ.'

ઉત્સાહિત થયેલી દમયંતી તરત ઊભી થઈ તે પાંસઠ કલાઓની જાણકાર હતી અને માત્ર બે જ ઘટિકામાં શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમા બનાવીને લઈ આવી.

મહામુનિ અનંતે તરત એ પ્રતિમાને મંત્રપૂત બનાવી. પછી દમયંતી સામે જોઈને કહ્યું, 'પુત્રી, હંમેશા એક ધાન્યનું આયંબિલ કરીને સર્વ પ્રાણીઓને શાંતિ આપનારા આ શાંતિનાથ ભગવંતની આરાધના કરજે. પેલી ગુફા કુટિરમાં તને હરકત ન આવે. એટલું

ધાન્ય પણ પડ્યું છે. શાંતિનાથ પ્રભુની આરાધનાથી તને આ સ્થળે કોઈ પ્રકારનું કષ્ટ નહિ પડે.'

દમયંતીએ ભક્તિભાવપૂર્વક મુનિને નમન કર્યાં...ત્યાર પછી તે બોલી : 'ભગવંત, મારા પુણ્યોદયને કારણે જ હું આપનો યોગ પામી શકી છું.. આપે મને કૃતકૃત્ય બનાવી છે. હે મુનિશ્રેષ્ઠ, આ શ્રી શાંતિનાથ ભગવંત, આપ અને મારા સ્વામી નળ ત્રણેય ક્ષમાધારીઓમાં શ્રેષ્ઠ છો.. હું શ્રી શાંતિનાથ ભગવંતનું શ્રદ્ધાપૂર્વક પૂજન કરતી અહીં જ રહીશ.'

મધ્યાહ્ન કાળ વીતી ગયો હતો...

આકાશમાં વાદળ દળ ઊમટી રહ્યાં હતાં. બધા મુનિઓ ઊભા થયા અને દમયંતીને આશીર્વાદ આપી આકાશમાર્ગે ચાલ્યા ગયા.

દમયંતી મુનિએ બતાવેલી ગુફા કુટિરમાં ભગવંતની પ્રતિમા લઈને ચાલી ગઈ આજે તેના આનંદનો પાર નહોતો. વર્ષાના વિકટ કાળમાં આવો આશ્રય મળી ગયો...પરંતુ એ કરતાં ય હવે પછી થનાર ભગવાન શાંતિનાથના આરાધનાનું કાર્ય પ્રાપ્ત થયું...અને સાથોસાથ મનને સ્વચ્છ અને દૃઢ રાખે એવી પ્રેરણા મળી.

વળતે જ દિવસે દમયંતીએ આયંબિલનું તપ શરૂ કર્યું .. અને ભગવાન શાંતિનાથની પ્રતિમાનું ત્રણે કાળ પૂજન શરૂ કર્યું.

પાંચેક દિવસ પછી વર્ષાનો પ્રારંભ થયો. પરંતુ આ ગુફામાં વર્ષાની કોઈ અસર થઈ શકતી નહોતી. ગુફાકુટિરમાં અન્નની એક કોઠી ભરી હતી. અંદરના ભાગમાં સૂકાં લાકડાં હતાં...કેટલાંક વલ્કલો હતાં. માટીનાં કેટલાંક પાત્રો પણ હતાં.

અને તપ ગમે તેવું હોય તો પણ દેહને કંઈક કૃશ તો બનાવે જ છે...વર્ષાકાળ પૂરો થવા આવ્યો...દમયંતીને કોઈ અંતરાય ન નડ્યો... તે શ્રદ્ધાપૂર્વક આરાધના કરતી હતી...અને તેના તપના

પ્રભાવે વનદેવીઓ પણ તેની પાસે આવવા માંડી.

આમ, દમયંતી સર્વથા નિર્ભય અને વિપત્તિહીન બની ગઈ હતી...તપના કારણે કાયા કૃશ બની હતી. પણ તેના નયને, વદને અપૂર્વ તેજ ખીલી રહ્યું હતું.

કોઈ કોઈ વાર તળેટીની પલ્લીમાં રહેતી બહેનો પણ આવી ચડતી અને ભગવાન શાંતિનાથનાં દર્શન કરીને પોતાને ધન્ય માનતી.

વર્ષાઋતુ વિદાય થઈ...દમયંતીએ વધુ સમય આરાધના ચાલુ રાખવાનો નિર્ણય કર્યો.

અને આ આરાધનામાં જ ઘણા દિવસ વીતી ગયા...પરંતુ દમયંતીને મન તો જાણે એક જ દિવસ વીત્યો હોય એમ લાગતું હતું.

અને એક પ્રાતઃકાળે આકાશમાંથી કોઈ તેજમૂર્ત ઊતરી આવતી હોય તેમ એક ચારણમુનિ આ ગુફાના દ્વાર સામે આવી ચડયા.

## પ્રકરણ ૩૩ મું : : આશ્રય !

તેજના લિસોટા જેવા અને એકાએક પાંખ કપાઈ ગયા પછી પડતા પંખી જેવા એક વિદ્યાધર મુનિ એક શિષ્ય સાથે દમયંતીના ગુફાકુટિર સામે આકાશમાંથી નીચે આવી ગયા.

દમયંતી ગુફાના દ્વાર પાસે જ ઊભી હતી. તેણે જોયું, મુનિ ઘણા જ તેજસ્વી હોવા છતાં કંઈક વિકળ, અસ્વસ્થ અને ચિંતિત લાગે છે.

દમયંતીએ આગળ આવી બંને મુનિઓને વિધિવત વંદન કર્યાં.

મુનિવરે કહ્યું: 'કલ્યાણી, તું કોણ છે? આવા સ્થળે એકલી કેમ રહે છે...?'

'ભગવંત, હું મારા પતિથી વિખૂટી પડેલી અને ગુરુમહારાજની આજ્ઞાથી શ્રી શાંતિનાથ ભગવંતની આરાધના કરી રહેલી હું નળ પત્ની દમયંતી છું.' દમયંતીએ વિનમ્ર સ્વરે કહ્યું.

મુનિવરે કહ્યું : 'ભદ્રે, હું અમૃતકર નામનો વિદ્યાધર મુનિ છું...આ મારો શિષ્ય છે. ભદ્રે, પ્રથમ તું અમને ભગવાન શાંતિનાથની પ્રતિમાનાં દર્શન કરાવ.'

હર્ષિત હૃદયે દમયંતી બંને મુનિઓને ગુફાગૃહમાં લઈ ગઈ. એક તરફ પથ્થરના આસન પર બિરાજમાન કરેલ અને હવે પછી થનારા શ્રી શાંતિનાથ ભગવંતની વેળુની પ્રતિમાને બંને મુનિઓએ ખૂબ જ ભાવપૂર્વક વંદન કર્યાં...અને ચાર શ્લોકો વડે સ્તવના કરી.

ત્યાર પછી બંને મુનિવરો ગુફાગૃહની બહાર આવ્યા.

દમયંતીએ બંને મુનિવરો સામે જોઇને કહ્યું : 'ભગવંત અહીં વિશ્રામ લો...અને જો આપને હરકત ન હોય તો આપના વદન પર આટલી ગ્લાનિ કેમ દેખાય છે તે મને કહો.'

બન્ને મુનિઓ પ્રાંગણમાં બેસી ગયા. મુનિ અમૃતકરે કહ્યું, 'હે મહાસતી, મને તારો મેળાપ થયો તે ઉત્તમ થયું. મારી ખિન્નતાનું કારણ હું કહીશ...હું તારી પરિસ્થિતિ જાણી ગયો છું...ભવિષ્યકાળના જ્ઞાન વડે એ પણ જાણું છું કે ભવિષ્યમાં તને તારા સ્વામી નળ રાજાનો અવશ્ય સંયોગ થશે. સતી, પ્રથમ હું જે કંઈ જાણું છું તે તને કહું. તું નીચે બેસી જા.'

દમયંતી પુનઃ નમન કરીને બંને મુનિવરોની સામે બેસી ગઈ.

અમૃતકર મુનિએ પ્રસન્ન સ્વરે કહ્યું, 'પૂર્વે રથનુપુર નામના નગરમાં એક વખત હું ગયો હતો. એ નગરીમાં રોહિણીનો પુત્ર બૃહદ્રથ નામનો વિદ્યાધર રાજા છે. તેને કેશિની નામની એક સુકન્યા છે અને એના કારણે વૈરાટયાં ગોત્રવાળા ખડગી નામના વિદ્યાધર સાથે યુદ્ધ થયું. આ યુદ્ધ અતિ ભયંકર હતું. વિદ્યાના મદથી છકી

ગયેલા ખડગી વિદ્યાધરે બૃહદ્રથ રાજાના સૈન્યને સર્પાસ્ત્ર દ્વારા ભારે વ્યાકુળ બનાવી દીધું. રાજા બૃહદ્રથ જે કંઈ પ્રહારો કરતો હતો. તે સઘળા વિદ્યાના બળ સામે સમાઈ જતા અને તે સર્પાસ્ત્રનો પ્રતિકાર ઉપાય જાણતો નહોતો. આથી વિદ્યાધરોના સ્વામી બલિરાજ, ગરુડના વરદાનથી ગર્વિષ્ઠ બનેલા મહાબલને લઈ આવ્યા. મહાબલ સાથે કેશિનીને તરત પરણાવી દીધી અને ખડગી વિદ્યાધર સાથેના સંગ્રામમાં મહાબલને સેનાપતિના પદે પ્રતિષ્ઠિત કર્યો. ગરુડે આપેલાં વિષહરવસ્ત્રો ધારણ કરેલા મહાબલે શત્રુનું સર્પાસ્ત્ર નિષ્ફળ બનાવ્યું...પછી યુદ્ધ ખૂબ જ ઝડપી બન્યું અને રાજા બૃહદ્રથે ખડગીને મારી નાખી તેનું સમગ્ર રાજ્ય પોતાને હસ્તગત કરી લીધું. ખડગી વિદ્યાધરનો પાર્શ્વ નામનો એક પુત્ર રાજ્યભ્રષ્ટ થવાથી મહાબલના વધની ઈચ્છાએ વિદ્યાની સાધના કરવા બેસી ગયો. દેવી તેના પર પ્રસન્ન થયાં અને એક પુરુષનો વધ કરે એવો નાગપાશ આપ્યો. આવું દિવ્ય શસ્ત્ર પ્રાપ્ત કરીને તે મહાબલ પાછળ પડયો અને એક વનમાં વિહાર કરી રહેલા મહાબલ પર કર્કોટક નામનો નાગપાશ પાર્શ્વકુમારે છોડયો. કમનસીબે મહાબલ આ સમયે ગરુડે આપેલાં વસ્ત્રોથી વિહીન હતો. કારણ કે તેણે પોતાનાં દિવ્ય વસ્ત્રોનો દાબડો પોતાની પત્નીને સુપરત કર્યો હતો. મહાબલકુમાર નાગપાશ વડે બંધાઈ ગયો. તેના સુભટોના ભયથી પાર્શ્વ તરત નાસી ગયો.

મહાબલ ભારે મૂંઝાયો...તેણે પોતાના સાથીને કહ્યું : 'મને જલદી મારી પત્ની પાસે લઈ જાઓ...ગરુડે આપેલા મારાં વસ્ત્રો તેની પાસે પડયાં છે.' આમ કહ્યું એટલે તેના સાથીઓ મહાબલને લઈને કેશિનીના ભવન તરફ ચાલવા માંડયા...પરંતુ કેશિની ભોજનાન્તે આડે પડખે પડી હતી અને થોડી જ વારમાં તે નિદ્રાધીન બની ગઈ હતી. મધ્યાહ્ને થોડી વારે સૂઈ રહેવાની તેને આદત

હતી. આ તકનો લાભ લઈને તેના ઓશીકા નીચે પડેલ દાબડામાંથી કર્કોટક ગરુડે આપેલાં વસ્ત્રો લઈને ચાલ્યો ગયો.

થોડી જ વારમાં મહાબલ પ્રિયતમાના ખંડમાં આવ્યો અને તેણે વસ્ત્રોની માંગણી કરી. કેશિની જાગી ને સ્વામીને નાગપાશથી બંધાયેલા અને જડત્વ ધારણ કરી રહેલા જોઈને તે ચમકી. તેણે તરત ઓશીકા નીચેથી દાબડો કાઢયો. અને ખોલ્યો તો તેમાં ગરુડે આપેલાં વસ્ત્રો નહોતાં. કેશિની રડવા માંડી. મહાબલ ધીરે ધીરે જડતાનો શિકાર બની રહ્યો હતો. શોકવશ કેશિની મસ્તક કૂટવા લાગી પોતાને નિંદવા માંડી...ત્યાં તો તેનો પિતા રાજા બૃહદ્રથ આવી પહોંચ્યો. આખી પરિસ્થિતિ જાણીને તેણે પોતાની કન્યાને ઠપકો આપી. જમાઈની દશા જોઈને વિલાપ કરવા માંડયો... અને પોતાના દુર્ભાગ્યને ધિક્કારવા માંડયો. પોતાના પુત્રના દુઃખના સમાચાર મળતાં જ વિદ્યાધર નરેન્દ્ર બલિરાજ તરત આવી પહોંચ્યો... બંને પરિવારના સભ્યો ભારે શોકમગ્ન બની ગયા. હવે કયો માર્ગ લેવો તે પ્રશ્નનો કંઈ ઉકેલ શોધી શકયા નહિ.

તે અરસામાં ભાગ્યયોગે દ્રષ્ટિવાદના જાણકાર એક ચારણમુનિ આવી પહોંચ્યા. મહાબલના પિતાએ અને સાસરાએ મુનિને વંદન કરીને મહાબલ અંગે પ્રશ્ન કર્યો. મુનિશ્રીએ કહ્યું : ‘ મહાનુભાવો, આ વીર મહાબલ ગરુડે અપેલાં વસ્ત્રાભૂષણો સિવાય કોઈ પણ ઉપાયે મુકત થઈ શકશે નહિ. તે વસ્ત્રાલંકારો પ્રાપ્ત કરવાનો એક ઉપાય છે તે તમે બરાબર સાંભળો. જો કેશિની વૈતાઢય પર્વત ઓળંગીને દક્ષિણ દિશામાં પૃથ્વી પર જશે અને વિદર્ભ દેશના રાજા ભીમની કન્યા દમયંતીની દાસી બનીને રહેશે તો ગરુડે આપેલા વસ્ત્રાલંકારો પ્રાપ્ત થઈ શકશે. દમયંતી એક મહાન કન્યા છે...તેની પાસે વિદ્યાધરો પણ જઈ શકતા નથી. ભીમરાજાની આ કન્યાનો સ્વયંવર થશે અને નળ રાજાને પોતાના સ્વામી બનાવી નિષધાનગરી તરફ પ્રયાણ

કરશે. નળરાજા ને દમયંતી ઘણા જ પ્રેમથી રહેશે દમયંતીના ખોળે બે બાળકો રમશે...ત્યારપછી કેટલાક સમયે નળ રાજા જુગારમાં સર્વસ્વ હારી જશે. ગાઢ વનપ્રદેશમાં નળ રાજા પત્નીનો ત્યાગ કરશે. દમયંતી વિપત્તિઓ સહતી સહતી પોતાના પિતાના ભવનમાં પહોંચશે ત્યાં કેટલાક કાળ પછી નળરાજાનો મેળાપ થશે. એ અવસરે કેશિની ગરુડે આપેલાં વસ્ત્રાભૂષણો મેળવી શકશે. હે રાજન, જ્યાં સુધી કેશિની દમયંતીની સેવા કરશે ત્યાં સુધી તેના પતિ આ મહાબલને જડતા સિવાયનું કોઈ દુઃખ નહિ પડે.. બલ્કે અત્યારે છે તે કરતાં ઘણું દુઃખ ઓછું થઈ જશે. પતિવ્રતા સ્ત્રીઓ પોતાના પ્રભાવથી વ્રતથી, સમર્પણ રૂપી તપથી પોતાના પતિનાં સંકટો અવશ્ય દૂર કરીને તેને સુખી બનાવી શકે છે.'

વિદ્યાધર મુનિની આ વાત સાંભળ ને કેશિની પોતાના સ્વામીના હિત ખાતર સ્વજનોની રજા લઈને દક્ષિણ ભારત તરફ વિદાય થઈ. તેણે આનંદ અને ક્રીડા ખાતર એક કિન્નર યુગલને પણ સાથે લીધું. વિદર્ભાધિપતિ રાજા ભીમ વનમાં વિહાર કરવા નીકળેલા તે કિન્નર યુગલના સંગતથી ખૂબ જ પ્રસન્ન થયા અને તેઓએ પોતાના આનંદ ખાતર કિન્નર યુગલની માગણી કરી. કેશિનીએ દમયંતીની સેવામાં દાસીરૂપે રહેવાની ઈચ્છા પ્રદર્શિત કરી અને રાજા ભીમે તેની ઈચ્છાનો સત્કાર કર્યો, કેશિની સાથે આવેલા કેટલાક વિદ્યાધરોએ આ હકીકતની રાજા બલભદ્રને જાણ કરી.' આ પ્રમાણે કહીને અમૃતકર મુનિએ બે પળનો વિશ્રામ લીધો.

દમયંતી આ વાત સાંભળીને આશ્ચર્યચકિત બની ગઈ હતી... કારણ કે તે કેશિનીને પોતાની પ્રિય સખી માનતી હતી. તેને એ ખબર નહોતી કે કેશિની પોતાના પતિનું સંકટ દૂર કરવા આવું દાસત્વ કરી રહી છે.

મુનિશ્રીએ કહ્યું. વૈદર્ભી, તું સમજુ છો. અને ધૈર્યયુક્ત છો. કેશિનીની આ સત્ય વાત જાણીને તું ચિત્તને સ્વસ્થ બનાવ. જો સંતપુરુષોની વાણી સાચી હોય, સતીઓનાં સતીત્વમાં લબ્ધિ રહેલી હોય સમ્યગ્ દ્રષ્ટિ વિદ્યાધરોની સાધના સફળ થતી હોય. તારા દેહ પરનાં લક્ષણો સાચાં હોય તો હે પુત્રી, તું કુંડિનપુર તરફ પ્રયાણ કર...જરૂર તને તારા સ્વામી પ્રાપ્ત થશે. કલ્યાણી, આયંબિલનું તેં લીધેલું વ્રત હવે પૂર્ણ કરી લે અને કુંડિનપુર તરફ જા...શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમા તું મને આપી દે. કારણ મારા ગુરુદેવને વંદન કરવા રોહણાચલ પર્વત પર જતાં મને તીર્થનું ઉલ્લંઘન કરવાનો દોષ લાગ્યો છે. આ સ્થળે તારાથી આરાધાયેલા શ્રી શાંતિનાથ ભગવંતના જિનપ્રાસાદનાં કોઈ ચિહ્ન મને દેખાયાં નહિ. એટલે મને આ સ્થળે કોઈ મહાન તીર્થ છે એમ સમજાયું નહિ. તેથી પાંખ વગરના પંખી માફક હું આ સ્થળે નીચે પડી ગયો હતો. હવે પ્રાયશ્ચિત્ત કર્યા વગર હું ક્યાંય જઈ શકીશ નહિ. આ કારણથી મારા વદન પર ગ્લાનિ. ખિન્નતા અને ચિંતા હતી...પરંતુ તારાં દર્શનથી મારામાં પુનઃ પ્રસન્નતા પ્રગટી છે. હે ભદ્રે, જે રીતે તેં આ પ્રતિમાની આરાધના કરી છે તે જ રીતે હું પણ કરીશ. એ વગર મારું હિત થઈ શકે એમ નથી ભગવાન શાંતિનાથની આરાધના કરનારને સર્વ સુખ પ્રાપ્ત થાય છે પરંતુ ત્યાગી પુરુષો વિષયોપભોગ માટે આરાધના ન કરતા હોવાથી તેઓનો સંસાર વૃદ્ધિ પામતો નથી બલ્કે લઘુ બને છે.'

આ વાત સાંભળીને દમયંતીએ પ્રસન્નભાવે કહ્યું, 'મહાત્મન, આપ ભગવાન શાંતિનાથ પ્રભુની પ્રતિમા ગ્રહણ કરો અને આપની ઇચ્છા પૂરી કરો. હવે મારે કુંડિનપુર જવું એ જ યોગ્ય છે. કેશિની અંગે આપે કહેલી વાત મને સત્ય લાગે છે. તે મારે ત્યાં મારી પ્રિય સખી તરીકે રહેલ છે...અત્યારે તે મારાં બંને બાળકોને સાચવી

રહી છે. હે મુનિવર, આપે કહ્યું તેમ શ્રી શાંતિનાથ ભગવાનની સેવાનું ફળ સંપૂર્ણપણે લાભદાયક બને છે અને આપ સમા ભગવંત મહાત્માઓની વાણી કદી અસત્ય બનતી નથી. મારી પ્રિય સખીની તપશ્ચર્યા ફળે અને મને મારા સ્વામીની પ્રાપ્તિ થાય એ ભાવના સાથે હું કુંડિનપુર તરફ રવાના થાઉં છું.'

આ પ્રમાણે કહી દમયંતીએ શ્રી શાંતિનાથ ભગવંતની વાળુકાની પ્રતિમા મુનિશ્રીને અર્પણ કરી અને મુનિશ્રીના ધર્મલાભ લઈને તે કુંડિનપુર તરફ જવા રવાના થઈ.

પતિ મિલનની આશા કઈ પ્રેમાળ પત્નીના હૈયામાં ચેતના ન પૂરે? ચારેક કોસનો પ્રવાસ ઉલ્લાસમાં ને ઉલ્લાસમાં દમયંતીએ ખેડી નાખ્યો અને નિર્ભય સ્થળે રાત્રિવાસ નિમિત્તે વિરામ લીધો.

બીજે દિવસે સવારે સ્નાન કરી, શ્રી શાંતિનાથ પ્રભુનું મનમાં સ્મરણ કરી. મહામંત્રની આરાધના કરી તેણે આયંબિલના વ્રતની પૂર્ણાહુતિ ફળાહારથી કરી. ત્યાર પછી તે ચાલતી થઈ.

લગભગ મધ્યાહ્ને ત્રણ રસ્તાનો એક ત્રિભેટો આવ્યો. દમયંતી વિચારમાં પડી ગઈ. કયે રસ્તે જવું? તે એક વૃક્ષ નીચે વિસામો લેવા બેઠી. લગભગ બે ત્રણ ઘટિકા પછી એક ભરવાડણ માથે ઘીનાં બે દામ લઈને નીકળી. દમયંતીએ તરત ઊભા થઈને પૂછ્યું. 'બે'ન, કુંડનપુર જતો રસ્તો કયો છે?'

'ચાલો મારી સાથે...હું માર્ગમાં આવતી શ્રીવર્ધનનગરી તરફ જઉં છું...ત્યાંથી કુંડનપુર જવાનો માર્ગ સીધો છે.'

'શ્રીવર્ધનનગરી અહીંથી કેટલી દૂર છે.'

'માત્ર પાંચ કોસ...પણ તમે ખૂબ થાકી ગયાં લાગો છો...જો તમારી ઈચ્છા હશે તો આપણે માર્ગમાં કોઈ સ્થળે રાત રોકાઈશું.' ભરવાડણે કહ્યું.

બન્નેએ શ્રીવર્ધનનગરી તરફ જતા માર્ગ પર ચાલવા માંડયું.

ભરવાડણે ચાલતાં કહ્યું, 'આપનું કુંડિનપુર દૂર છે પરંતુ કુંડિનપુરના માણસો શ્રીવર્ધનનગરીમાં આવજા કરતા હોય છે...કારણ કે શ્રીવર્ધનના રાજાની રાણી ચંદ્રમતી રાણી કુંડિનપુરના મહારાજા ભીમની સાળી થાય છે.'

દમયંતીના મનમાં થયું, આ તો માસીનું ઘર ! મારે ત્યાં જવું જ જોઈએ. તે હર્ષભેર ભરવાડણ સાથે માર્ગ કાપવા માંડી.

લગભગ ત્રણેક કોસ ચાલતાં જ સંધ્યાનો સમય થઈ ગયો. એટલે દમયંતીએ ભરવાડણને વિસામો લેવાનું જણાવ્યું. ભરવાડણ દમયંતીના તેજ અને રૂપથી ભારે પ્રભાવિત બની ગઈ હતી. તે હર્ષથી કબૂલ થઈ અને બંનેએ એક જલાશયના કિનારે રાત્રિવાસો રહેવાનું નક્કી કર્યું.

નિર્વિઘ્ને રાત્રિવાસ પૂરો કરીને વહેલી સવારે બંને શ્રીવર્ધન-તરફ જવા વિદાય થયાં.

નગરી અર્ધકોસ દૂર રહી ત્યારે ભરવાડણે કહ્યું : 'બે'ન, સામે દૂર દૂર દેખાય તે શ્રીવર્ધનનગરી...હવે જો મારી વિનંતિ સ્વીકારો તો આ નદીતટે આપણે થોડું શિરામણ કરી લઈએ...મારી સાથે ભાતું છે...તો મારા પર એટલી કૃપા કરો.'

'તારી ભાવનાનો હું અનાદર નહિ કરું, પરંતુ ભાતામાં તારી પાસે શું છે ?'

'ઢેબરાં ને ઘી.'

'એ હું નહિ ખાઈ શકું...'

વચ્ચે જ ભરવાડણે કહ્યું : 'બે'નબા, હું પણ શ્રી જિનેશ્વર ભગવંતની આરાધક છું...ઢેબરાં છાશિયાં છે...ગઈ કાલે તો સૂર્યાસ્ત થવાની તૈયારી હતી અને મેં આપને કહ્યું પણ આપે તે વખતે પશ્ચિમ તરફ નજર કરીને ના પાડેલી. એટલે આપણે માત્ર જળપાન કરીને જ તૃપ્ત થયેલાં.'

'સારું...' કહી દમયંતી નદીતટ તરફ અગ્રસર થઈ. બન્ને એ પ્રથમ સ્નાન કર્યું...ઈષ્ટની આરાધના કરી...ત્યાર પછી થોડું ઘી વગરનું પાથેય ખાધું.

દમયંતીને ઘણા સમયે ઘી વગરનાં ઢેબરાં મળ્યાં હતાં...તૃપ્તિનો અનુભવ કરી બન્ને શ્રીવર્ધનનગરી તરફ ચાલતાં થયાં.

નગરીના ગોંદરે એક વાવડી હતી...પાસે દસબાર વૃક્ષોની શ્રેષ્ઠ ઘટા હતી. દમયંતીએ કહ્યું, 'અહીં ઘડીક બેસશું ?'

'હા બે'નબા...આપ ઘડિક બેસો...સામે જે દરવાજો દેખાય છે તે નગરીનું પ્રવેશદ્વાર છે...આ વાવડીનું જળ અતિ શ્રેષ્ઠ છે... મારે તો બારોબાર એક સાર્થમાં આ ઠામ વેચવા જવું છે. એટલે જો મને આજ્ઞા આપો તો...'

વચ્ચે જ પ્રસન્ન સ્વરે દમયંતીએ કહ્યું, 'બે'ન, 'તું ખુશીથી જા...હું અહીં ઘડીક બેસીને પછી નગરીમાં જઈશ.'

ભરવાડણ પોતાના માર્ગે ચાલતી થઈ અને દમયંતી વૃક્ષઘટામાં એક શિલા પર બેઠી. તેના મનમાં માસીને મળવાનો હર્ષ હતો... અને સંકોચ પણ હતો. સ્વામીરહિત હું મારાં સ્વજનોને કેવી રીતે મળી શકીશ ? મંદભાગ્ય લઈને આવેલી હું મારો પરિચય કેવી રીતે આપી શકીશ ? ના ના એ કરતાં તો માત્ર માસીને પરિચય આપ્યા વગર દૂરથી જોઈને મારે કુંડિનપુરના માર્ગે જવું તે જ ઉચિત છે.

આવા વિચારો વચ્ચે મગ્ન બની ગયેલી દમયંતીએ જો વાવડી તરફ નજર કરી હોત તો ત્યાં આવેલી પનિહારીઓને જોઈ શકત. વાવડીનું જળ ભરવા બારેક પનિહારીઓ એકત્ર થઈ હતી. તેમાં મહારાણી ચંદ્રમતીની ચાર ખાસ દાસીઓ પણ હતી અને આ ચારમાંની એક દાસી વિચારમગ્ન દમયંતી તરફ ધારી ધારીને જોઈ રહી હતી. દમયંતીનું રૂપ, તેજ અને દેહ સૌષ્ઠવ્ય તો આકર્ષક હતું જ પરંતુ તેના વદન પર બિરાજતો પ્રભાવ ભારે આકર્ષક હતો.

દમયંતીને અનેક વિચારો આવતા હતા...અને એક તો ત્યાં આવી પહોંચેલી ઘોએ દમયંતીના ચરણ જે નીચે લટકતા હતા તેના જમણા પગના અંગૂઠાને પોતાના મુખમાં લીધે, આ સ્પર્શથી દમયંતી ચમકી...તેણે જોયું તો એક તંદુરસ્ત ઘો પગને અંગૂઠો છોડીને વારંવાર બંને પગના અંગૂઠાઓને ચૂમી રહી હતી...આ જોઈને દમયંતીને નવાઈ લાગી. તેણે જરાય ભય ન દર્શાવ્યો...તેમ, ઘોને તગડવાનો પણ પ્રયત્ન ન કર્યો. આ દૃશ્ય વાવડી પાસે ઊભેલી દાસી પણ જોઈ રહી હતી...તે જળનો ભરેલો ઘડો લઈને દોડતી આવી... ઘો તરત સરકીને ચાલી ગઈ અને દાસીએ ઘણા જ ભાવભર્યા મન સાથે દમયંતીના બંને ચરણ ધોયા અને બંને ચરણને પોતાનું મસ્તક અડકાડી કહ્યું : 'આપ કોઈ વનદેવી લાગો છો...હું હમણાં જ આવું છું...કૃપા કરીને આપ કયાંય જશો નહિ...મને આપની સેવાનો ભાવ જાગ્યો છે.'

દમયંતી આછું હસી.

દાસી ત્વરિત ચરણે નગરી તરફ ગઈ ..તે સીધી રાજમહેલમાં દોડતી પહોંચી અને મહારાણી ચંદ્રમતી પાસે નમન કરીને બોલી : 'મહાદેવી, આપણી નગરીને પાદર સ્વપ્નમાં ન જોયું હોય કે ન સાંભળ્યું હોય એવું એક સ્ત્રી રત્ન આવ્યું છે...શું તેનું તેજ છે ! મને તો કોઈ મહાસતી જ લાગે છે અથવા કોઈ દેવકન્યા માનવરૂપે આવી હોય એમ દેખાયું છે.'

'તું સત્વર ત્યાં જા અને એ સ્ત્રીને વિનયપૂર્વક આદરસહિત અહીં લઈ આવ...આવું નારી રત્ન જોઈને હું પણ ધન્ય બનીશ.'

દાસી દોડતી પાછી ફરી...

દમયંતી શાંતિથી ત્યાં ને ત્યાં બેઠી હતી. દાસીએ નજીક આવી નમન કરતાં કહ્યું : 'કલ્યાણમયી, મારી એક પ્રાર્થના સ્વીકારો અને મારી સાથે રાજમહેલમાં પધારો...મહાદેવી ચંદ્રમતી પ્રેમપૂર્વક

આપનાં દર્શન ઈચ્છે છે.'

બીજી ત્રણેક દાસીઓ આવી પહોંચી હતી. દમયંતી કશો પ્રતિવાદ ન કરતાં ચારેય દાસીઓ સાથે રાજભવન તરફ વિદાય થઈ.

મહારાણી ચંદ્રમતી તેનો સત્કાર કરવા આવીને સામે ઊભી રહી. તે પોતાની ભાણેજને ઓળખતી નહોતી. કારણ કે દમયંતીને બાલ્યકાળમાં જોઈ હતી અને દમયંતીના સ્વયંવર વખતે પ્રસૂતિ-કાળ હોવાથી તે ત્યાં જઈ શકી નહોતી...આમ છતાં ચંદ્રમતી દમયંતીનું તેજ–રૂપ જોઈને હર્ષિત બની ગઈ. જેમ મેઘથી ચંદ્ર છુપાયેલો હોય છતાં કુમુદિની વિકસિત થાય છે તે જ રીતે ઢંકાયેલી વસ્તુ પણ તેના પ્રભાવના કારણે સ્વયં પ્રકાશી ઊઠે છે.

'હું તો એક સામાન્ય ક્ષત્રિય કન્યા છું.' એમ કહીને દમયંતીએ પોતાની માતાના પ્રતીક સમી મહાદેવી ચંદ્રવતીને સત્કાર કરતાં અટકાવી. તેનું ચિત્ત પીડિત હોવા છતાં શરમરૂપી રજ્જુ વડે બંધાયેલું હતું.

ચંદ્રમતીએ આદર સહિત દમયંતીને એક આસન પર બેસાડીને કહ્યું, 'કલ્યાણી, તારાં દર્શનથી હું ધન્ય બની ગઈ. આજ હું મારા જીવતરને સફળ માની રહી છું. તારા નેત્રો મીંચાય છે એટલે હું સ્વીકારું છું. કે તું માનુષી છે...તારી દેહકાંતિ એવી છે કે તારી સમક્ષ દેવો પણ ઝાંખા પડે છે. હે ભાગ્યવતી, તું કોણ છે અને કોની પત્ની છે? હે પુત્રી, તું મારે મન મારી પુત્રી સમાન જ છો. તું આ ભવનને તારું પોતાનું માનીને રહે તને જોઈને મારું ચિત્ત ભારે હર્ષિત બની રહ્યું છે...જો તું સ્વાધીન ન હોય અને કોઈ કારણવશ જવા માગતી હોય, તો પણ તું થોડો વખત મારા સંતોષ ખાતર અહીં રહે...જો તારે યાત્રાએ જવાનું હોય તો એ અંગેની પણ હું વ્યવસ્થા કરી આપીશ.'

દમયંતીએ શાંત સ્વરે કહ્યું: 'મહાદેવી, આપે મારા જેવી એક

અપરિચિત પ્રત્યે નિષ્કપટ ભાવે મમત્વ દર્શાવ્યું છે...હું આપની આજ્ઞા ભાવનાનો અનાદર નથી કરી શકતી. પરંતુ આપે મારી એક પ્રાર્થના સ્વીકારવી પડશે.'

'જરૂર...કહે.'

'હું કોણ છું, ક્યાં જવા ઇચ્છું છું એ વિગત આપને અમુક સમય પછી જરૂર કહીશ...પરંતુ ત્યાં સુધી હું મારું ભોજન મારા હાથે બનાવીશ. કોઈ પુરુષનો મારા માટે સંસર્ગ ન હોવો જોઈએ અને મને કોઇ આજ્ઞા ન કરે.'

ચંદ્રવતીએ દમયંતીને હર્ષભર્યા સ્વરે કહ્યું : 'પુત્રી, તું કહે તે મારે કબૂલ છે.'

'તો હું થોડો સમય અવશ્ય આપને ત્યાં રહીશ.' દમયંતીએ કહ્યું.

માસીએ એ જ વખતે પોતાના જ આવાસમાં દમયંતી માટે એક ખંડ કાઢી આપવાની અને વસ્ત્રાભરણો આપવાની એક દાસીને આજ્ઞા કરી.

દમયંતીએ શાંત ભાવે કહ્યું: 'મહાદેવી, હું અલંકારો ધારણ નહિ કરું.'

'તું જેમ ઈચ્છીશ તેમ રહી શકીશ.'

આમ,-ચંદ્રાવતી માસીના આવાસમાં થોડો સમય વિતાવવા રહી ગઇ.

## પ્રકરણ ૩૪ મું : : પિતાને ઘેર

નળરાજા જુગારમાં રાજપાટ હારીને દમયંતી સાથે ક્યાંક ચાલ્યા ગયા છે, એ સમાચાર મહારાજા ભીમને મળી ગયા હતા અને તેમણે મહિનાઓ પર્યંત પુત્રી અને જમાઈને શોધવા માટે કેટલાય

ગુપ્તચરોને દેશના દરેક ભાગમાં મોકલી દીધા હતા.

પુત્રી અને જમાઈના સમાચાર મેળવવા અર્થે મહારાજા ભીમ ખૂબ જ આતુર હતા...પરંતુ રાષ્ટ્રભરમાં પાઠવેલા દૂતો કોઈ છ મહિને, કોઇ આઠ મહિને તો કોઈ બાર મહિને નિરાશ બનીને પાછા આવવા માંડયા...ત્યારે મહારાજા ભીમના હૃદયને ભારે દુઃખ થયું. તેઓ બન્નેને પોતાને ત્યાં લાવવા માગતા હતા...પરંતુ ચારે દિશાએ પાઠવેલા સેંકડો દૂતો નળ દમયંતીનો પડછાયો સુદ્ધાં શોધી શકયા નહિ. હવે શું કરવું ? બન્ને કયાં છુપાયાં હશે ? શું કરતાં હશે ? વગેરે પ્રશ્નો ભીમ રાજાની નીંદ્રાને નષ્ટ કરી રહ્યા હતા પણ એમને એ ખબર ન હતી કે બન્ને છૂટાં પડી ગયાં છે...નળનું રૂપ ફરી ગયું છે...કોઈ તેને ઓળખી શકે નહિ ..અને કન્યા પણ અલગ એક ગુફાગૃહમાં આરાધના કરી રહી છે! આવડા વિરાટ રાષ્ટ્રમાં પુત્રી અને જમાઈની શોધ કેવી રીતે કરવી ?

અને ઘણા લાંબા સમયે તેઓને સમાચાર મળ્યા કે મહારાજ નળ દમયંતીનો ત્યાગ કરીને કયાંક ચાલ્યા ગયા છે અને પુત્રી આ તરફ આવવા નીકળી હોવા છતાં આવી પહોંચી નથી. આ સમાચાર સાંભળીને મજબૂત હૈયાના વિદર્ભનાથ ભીમ તરત મૂર્છિત બની ગયા.

સમગ્ર રાજભવનમાં દોડાદોડી થઈ ગઈ. મહાદેવી પણ ગભરાયેલા વદને બેઠકગૃહમાં આવી ગયાં. શીતોપચાર કરવાથી એકાદ ઘટિકામાં મહારાજા સચેત થયા અને એક નિઃશ્વાસ રાખતા બોલી ઊઠયા, ‘ હે પ્રિય દમયંતી! આ તે કેવી વિપત્તિ આવી પડી! અરેરે, આવું આ કાર્ય કરનારા દૈવને પણ ધિક્કાર હો ! અરેરે, મારા સુખ–વૈભવને ધિક્કાર હો ! જેની પુત્રી દુઃખી હોય તેનો પિતા વૈભવ કેમ ભોગવી શકે !’

મહાદેવી પ્રિયંગુમંજરી મહારાજાની બાજુમાં બેસી ગયાં અને

બોલ્યાં, 'સ્વામી, આપ એકાએક...'

'દેવી, થોડી વાર પહેલાં જ મેં ભારે હૃદયવિદારક સમાચાર સાંભળ્યા. એક સાર્થવાહે મને કહ્યું.. મહારાજ નળ...દમયંતીને વનવગડે છોડીને એકલા ચાલ્યા ગયા હતા. અને દમયંતી પગે ચાલતી અહીં આવવા નીકળી હતી. પરંતુ એ વાતને ઘણો સમય થઈ ગયો. બન્ને ક્યાં હશે? એમનું શું થયું હશે ?'

મહાદેવી પ્રિયંગુમંજરી પણ આ વાત સાંભળીને ભારે વેદનાહત બની ગયાં !

ત્યાર પછી તો સમગ્ર રાજભવનમાં શૃંગાર, ઉત્સવ, તાંબુલ રમતગમત વગેરે સ્વતઃ બંધ થઈ ગયાં.

મંત્રીઓએ મહારાજને ધૈર્ય આપ્યું અને મહારાજ ભીમે મંત્રીઓની સલાહ મુજબ શતાધિક જાસૂસોને રવાના કરી દીધા.

મહારાજ ભીમના ચરપુરુષો ભારે દક્ષ, ચપળ અને મુખના ભાવો પરથી સઘળું સમજી જાય તેવા કેળવાયેલા હતા.

મહારાજાએ પોતાના ચર પુરુષોને વિદાય આપતી વખતે કહ્યું હતું, 'આપનામાંથી જે કોઈ મહારાજ નળના અથવા મારી પ્રિય પુત્રી દમયંતીના સમાચાર લાવશે તેને હું વંશપરાગત ભોગવટો કરી શકે એવાં વીસ ગામ આપીશ અને ઉત્તમ પ્રકારની ભેટો આપીને સમૃદ્ધ બનાવીશ.'

મહારાજાની આ ભાવના જોઈને ચરપુરુષો ઉત્સાહી બન્યા અને સહુ વિવિધ દિશા તરફ વિદાય થયા.

સુદેવ અને શાંડિલ્ય નામના બે ચરપુરુષો ધીર, વીર, દક્ષ અને ઘણા ચતુર હતા. તેઓએ એક વિચાર મનમાં નક્કી કર્યો...મહારાજા નળથી વિખૂટાં પડેલાં રાજકુમારી જો આ તરફ આવવા નીકળ્યાં હોય તો વિંધ્યના પાર્વતિય માર્ગે જ આવે...અને એમને નીકળવાને ઘણા મહિનાઓ વીતી ગયા છે. એટલે માર્ગમાં જ તેઓ કોઈ સ્થળે

આશ્રય લઈને રહી ગયાં હોય અથવા કોઈ દુષ્ટની જાળમાં સપડાયાં હોય અથવા કોઈ વનપ્રદેશમાં છુપાઈ ગયાં હોય. કારણ કે આવી પરિસ્થિતિમાં પિતૃગૃહે આવતાં તેમને ક્ષોભ થાય તે સ્વભાવિક છે. આ પ્રકારનો વિચાર કરીને બંને ગુપ્તચરો તપાસ કરતા કરતા શ્રીવર્ધન નગરમાં આવી પહોંચ્યા. બંને રાજના અતિથિ બન્યા. રાજાએ અને રાણીએ બંનેનો આદરપૂર્વક સત્કાર કર્યો. બંને ગુપ્તચરો વિંધ્ય પર્વતના માર્ગે જવાના હતા. અને તેઓએ રાજારાણી સમક્ષ સઘળી વાત પણ કરી. રાજારાણીને આ વાત સાંભળીને ભારે વેદના થઈ અને રાજા ચંદ્રવતંસે તરત જ પોતાના ચરપુરુષોને તપાસ કરવા અર્થે આજ્ઞા કરી.

સુદેવ અને શાંડિલ્ય પણ જુદી જુદી રીતે નગરીમાં નિરીક્ષણ કરવા માંડયાં.

પાંચ દિવસ વીતી ગયા પરંતુ સુદેવ અને શાંડિલ્યને કશા વવાડ મળ્યા નહિ.

પરંતુ તેઓ ભાગ્ય સાથે ઘૂમી રહ્યા હતા છઠ્ઠે દિવસે સુનંદા અને તેની સખી કોઈ મંગલ કાર્ય નિમિત્તે હાથમાં પૂજાનો થાળ લઈને જતી હતી. તેની સાથે દમયંતી પણ હતી. બંને ગુપ્તચરો જોઈ ગયા અને દમયંતીને પહેલી નજરે જ ઓળખી ગયા. બન્ને તેઓની સમક્ષ પહોંચ્યા અને બન્ને ગુપ્તચરો દમયંતીનાં ચરણોમાં મસ્તક મૂકી રુદન કરવા લાગ્યા.

દમયંતી પોતાના પિતાના બન્ને ગુપ્તચરોને ઓળખી ગઈ. પણ કશું બોલી નહિ. શાંડિલ્યે કહ્યું.. 'હે ભીમ સુતાદેવી દમયંતી, આપના વૈભવને ત્રણે જગત જાણે છે.. છતાં આપની સ્થિતિ આવી કેમ બની ગઈ છે? દેવ અને દાનવો જેની પ્રશંસા કરે છે એવાં આપની આ દશા જોઈને સ્વર્ગ પણ લજ્જા અનુભવી રહ્યું છે.. આપ તો ભોજ વંશનાં આત્મા છો—'

સુદેવે કહ્યું: ' દેવી, મહારાજા નળથી આપ ત્રિખૂટાં પડી ગયાં છો એ સમાચાર થોડા દિવસો પહેલાં જ મહારાજાને મળ્યા હતા અને તેઓ ત્યાં ને ત્યાં મૂર્છિત બની ગયા હતા...મહાદેવીના દર્દનો પણ કોઈ અંત નથી. સમગ્ર રાજપરિવારે વૈભવ અને શૃંગારનો ત્યાગ કર્યો છે...સમગ્ર જનતા રડી રહી છે.

આ વાત વાયુવેગે પ્રસરી ગઈ. મહારાજા ચન્દ્રાવતંસ અને મહાદેવી ચન્દ્રાવતી આવી પહોંચ્યાં...અને ઘણા જ આદર સહિત દમયંતીને રાજભવનમાં લઈ ગયાં.

સુનંદાએ પરીક્ષા નિમિત્તે દમયંતીના ભાલ પ્રદેશ પર ઉષ્ણ જળનું પોતું કરીને ધર્યું...દમયંતી પોતાનું પ્રાકૃતિક તિલક છુપાવી રાખવા ખાતર તેના પર ચંદનનો પ્રલેપ કરતી હતી...જળવાળા પોતાના સ્પર્શથી તેનું પ્રાકૃતિક તિલક ચમકી ઊઠયું.

દમયંતીનાં માસી રાણી ચંદ્રાવતીએ કહ્યું: ' બેટી, તારા ધૈર્યને ધન્ય છે...માસીના ઘેર પણ તું અજ્ઞાત રહી. તેં જરા સરખોય સંશય ન આવવા દીધો...ખરેખર, તારી કાયા સુવર્ણ સમી અને માસુમ હોવા છતાં તારું હૃદય વજ્ર જેવું જ છે.'

દમયંતી કશું જ ન બોલી, માસીનાં ચરણમાં નમી પડી.

મહારાજે સુદેવ અને શાંડિલ્યને પુષ્પ, રત્ન, સુવર્ણ, વગેરે અર્પણ કર્યું.

રાજભવનમાં આનંદની લહર દોડી ગઈ. રાણીએ દમયંતીને એક પળ અળગી ન કરવાનો નિર્ણય કર્યો અને તેને પોતાના જ મંડપમાં લઈ ગઈ.

બીજે દિવસે આ સમાચાર મહારાજા ભીમને આપવા રાજ્યના માણસો રવાના થઈ ગયા. સહુના હૈયામાં હોંશ હતી કે પહેલા સમાચાર હું આપું...થોડા દિવસોમાં જ તેઓ કુંડિનપુર પહોંચી ગયા અને ઉલ્લાસભર્યા સ્વરે રાજસભામાં બિરાજેલા મહારાજા ભીમને

દમયંતીના સમાચાર આપ્યા. સુદેવ શાંડિલ્યે રાજકુમારીને ઓળખી લીધાની પણ વાત કરી, મહારાજાએ બધા માણસોને ઉત્તમ ભેટ સોગાદ આપી અને રાજભવનમાં તો કોઈ મંગલ પ્રસંગ સમો ઉત્સવ મંડાઈ ગયો.

દમયંતીના ત્રણેય ભાઈઓ દમ, દમન અને દાંન પિતાની આજ્ઞા લઈને બહેનને સન્માનપૂર્વક લેવા ઉત્તમ પ્રકારની સેના સાથે શ્રીવર્ધન નગરી તરફ વિદાય થયા.

હર્ષનો વેગ ભારે ઉત્સાહ પૂરે છે. ત્રણેય ભાઈઓ માત્ર ગણ્યા દિવસોમાં શ્રાવર્ધન નગરીમાં પહોંચી ગયા. મહારાજા અને મહાદેવીએ પોતાના મહાન ભાણેજોનું ભાવભીનું સ્વાગત કર્યું. ત્રણેય ભાઈઓ માતા સમાન માસીનાં ચરણમાં નમી પડયા. ત્યાર પછી પૂજનીયા મોટી બહેન દમયંતીને નમ્યા... આ મિલન અપૂર્વ હતું. ત્રણેય ભાઈઓનાં અને દમયંતીનાં નયનો હર્ષાશ્રુથી સજળ બની ગયાં હતાં.

નગરીમાં ઉત્સાહ મંડાયો અને બે દિવસ રોકાઈને ત્રણેય ભાઈઓ મોટી બહેન, દમયંતીને લઈને કુંડિનપુર તરફ રવાના થયા.

કુંડિનપુરના આબાલવૃદ્ધ પ્રજાજનો, રાજકર્મચારીઓ, દાસ-દાસીઓ સહુ દમયંતીના સ્વાગતની તૈયારીમાં લગભગ પાગલ જેવાં બની ગયાં હતાં.

અને જ્યારે દમયંતી નગરીના ભાગોળે આવી પહોંચી ત્યારે તો હજારો નરનારી ને બાળકો તેના સ્વાગત અર્થે જયનાદ કરી કરીને ગગન ગજાવવા માંડયાં.

દમયંતી ઘડીભર પતિ વિયોગનું દર્દ પણ વીસરી ગઈ...તેને ચારણ મુનિના શબ્દો યાદ આવ્યા.

રાજભવનમાં પહોંચ્યા પછીનો માતાપિતાનો વાત્સલ્ય ભાવ જોઈને દમયંતી કોઈ પણ ઉપાયે પોતાનાં આસુ રોકી શકી નહીં..

અને રાતે માતાપિતાના આગ્રહને વશ થઈ દમયંતીએ નિષધાના

ત્યાગથી માંડીને અહીં સુધી આવ્યાની સઘળી વાત કરી. દમયંતીનાં નયનો અશ્રુ વહાવી રહ્યાં હતાં.

પુત્રીએ કેવી કેવી વિપત્તિ સહન કરી અને કેટલું ધૈર્ય રાખ્યું એ જાણીને માતાપિતાનાં હૈયાં હર્ષ, પ્રેમ અને શ્રદ્ધાથી નાચી ઊઠયાં. મહારાજા ભીમે કહ્યું. 'દીકરી, તું તો સમર્થ ભાઈઓની બહેન છે... દમકુમાર જ્યારે સાગર સમી છત્રીસ અક્ષોહિણી સેના સાથે દિગ્વિજય કરવા તૈયાર થાય છે ત્યારે તેની સામે ઊભા રહેવાને કોણ સમર્થ હોય છે? બેટી, મહારાજ નળ ગમે ત્યાં હોય હું એને શોધી કાઢીશ. મારા હજારો ગુપ્ત દૂતો આ કાર્ય માટે તૈયાર છે. તું એક સંદેશો તૈયાર કરી આપજે, જે આપણા દૂતો મારફત મહારાજા નળને પ્રાપ્ત થાય...અને તું જીવિત છે એ વાતની તેઓને પ્રતીતિ થાય. તું ક્ષેમ કુશળ છે, એ જાણીને મહારાજ નળ સ્વયં કુંડિનપુર તરફ આવવા નીકળી પડશે. કારણ કે પશુ અને મનુષ્યને પોતાની પત્નીનુ બંધન મોટે ભાગે હોય છે. આવતી કાલે હું બધા દૂતોને એકત્ર કરીશ. તું તેઓને નળની પ્રકૃતિ, સ્વરૂપ, લક્ષણો, વગેરેની માહિતી આપજે.. મને શ્રદ્ધા છે કે નળ રાજાને ગમે ત્યાંથી આપણા ચપળ ચરપુરુષો શોધી કાઢશે. તું ધૈર્ય રાખ...તારાં અશ્રુઓ લૂછી નાખ...તે જે હિંમત અને ધૈર્ય આવી વિપત્તિઓ સામે રાખ્યાં હતાં તે કેવળ તારા ગૌરવની વાત નથી...તારાં માતાપિતા એ ગૌરવ વડે ધન્ય બન્યા છે...તારા ત્રણે ય ભાઈઓ પણ પોતાની બહેનની શક્તિ નિહાળીને પોતાની જાતને ધન્ય માની રહ્યા છે...'

પિતાના આ પ્રેરણાત્મક શબ્દોથી દમયંતીના વદન પર પ્રસન્નતાનું તેજ રમવા માંડયું. તે પોતાની જનેતાને ભાવપૂર્વક વળગી પડી રાણી પ્રિયંગુસુદરીએ કહ્યું, 'દીકરી, તેં ઉત્તમ વસ્ત્રો અને અલંકારો શા માટે ધારણ નથી કર્યાં? દાસીએ મને કહ્યું હતું કે સ્નાનગૃહમાં બધું હોવા છતાં તે કેવળ સાદાં વસ્ત્રો જ ધારણ કર્યાં ... આમ શા માટે, બેટી? હવે તું માતાપિતાની છાયામાં આવી છે.

માતાપિતાના રક્ષણ નીચે રહેલાં બાળકોનું કદી અકલ્યાણ થતું નથી.

દમયંતીએ કહ્યું: 'મા, આર્યપુત્ર ન મળે ત્યાં સુધી મેં એક વ્રત લીધું છે. પતિ વનવગડાનાં સંકટો સહતા હોય ત્યારે પત્ની વૈભવ શૃંગારનો ઉપયોગ કેવી રીતે કરી શકે?'

'ઓહ!' કહીને માતાએ દમયંતીની પીઠ પર હાથ પસાર્યો. મસ્તકને સૂંઘ્યું.

મહારાજ ભીમ હર્ષિત હૈયે મંત્રીઓ સાથે મંત્રણા કરવા અન્યત્ર ચાલ્યા ગયા.

સંતાનના સુખ માટે માતપિતા પોતાનાથી બને તેટલું કરવામાં કેવળ કર્તવ્ય નિહાળે છે...ધર્મ માને છે...બાળકો પર પોતે ઉપકાર કરી રહ્યાં છે એવી કલ્પના પણ માબાપના હૈયામાં પ્રવેશ કરી શકતી નથી એથી જ જ્ઞાની પુરુષોએ માતાપિતાને પરમ ઉપકારી કહ્યાં છે... માબાપના ઉપકારનો બદલો એથી જ વાળી શકાતો નથી.

બીજે જ દિવસે રાજભવનના વિશાળ સભાખંડમાં રાજ્યના ખાસ ગુપ્તચરોનું જૂથ આવી પહોંચ્યું. આ જૂથમાં લગભગ ત્રણસોથી વિશેષ ગુપ્તચરો હતા.

મહારાજા, મહારાણી પ્રિયંગુમંજરી અને દમયંતી આવી પહોંચ્યાં. બધા ગુપ્તચરોએ વિદર્ભનાથનો જયનાદ ગજવ્યો.

મહારાજાએ કહ્યું: 'મારા પ્રિય અને ચતુર ચરપુરુષો, આપ સહુએ મારી પુત્રીની ચિંતા દૂર કરવા ખાતર મહારાજ નળને શોધવાનું કાર્ય કરવાનું છે. આપ સહુના પ્રવાસમાં કોઈ પ્રકારની મુશ્કેલી ન આવે તે અંગેની સઘળી વ્યવસ્થા આજ સાંજ સુધીમાં થઈ જશે. અને આવતી કાલે આપે આપના સાથીઓ સાથે વિદાય થવાનું છે...'

'કૃપાનાથ, અમે પ્રાણના ભોગે પણ રાજકુમારીના લુંટાયેલા હાસ્યને પાછું લાવીશું...એ માટે આપ જરાયે સંશય ન રાખશો.'

મુખ્ય ચરે ઊભા થઈને કહ્યું.

મહાદેવી પ્રિયંગુમંજરીએ કહ્યું, 'આપ સહુ મહારાજાની પ્રતિષ્ઠા સમાન છો...આપને માટે કાર્ય અશક્ય નથી એમ માનીને જ મહારાજાએ આપને આ કાર્ય સુપરત કર્યું છે. જે ગુપ્તચરની ટુકડી મહારાજા નળને શોધી લાવશે તેને મારા તરફથી એક હજાર ગાયો અને એક લાખ સુવર્ણ મુદ્રાઓ બક્ષિસરૂપે આપવામાં આવશે...તે ઉપરાંત, મહારાજા વીસ ગામનો એક તાલુકો પણ આપશે.'

બધા ચરોએ ઉલ્લાસધ્વનિ પોકાર્યો. મહારાજાએ દમયંતી સામે જોઈને કહ્યું, 'બેટી, તારે જે પરિચય અથવા સંકેત આપવો હોય તે કહે.'

દમયંતીએ શાંત સ્વરે પોતાના સ્વામીનાં રૂપ, ગુણ, લક્ષણ, સ્વભાવ, વીરત્વ અને વાણીનો પરિચય આપ્યો ..ત્યાર પછી તેણે કહ્યું, 'મારા સ્વામી સમજી જાય એવા મોટા ત્રણ શ્લોક મેં બનાવ્યા છે..તે હું આપને કહું છું અને લખીને પણ આપું છું...જેથી આપ સહુ કંઠસ્થ કરી શકો....

બધા ચરપુરુષો કોમલાંગિની અને દેવદુર્લભ સતી દમયંતી સામે શ્રદ્ધાભરી નજરે જોઈ રહ્યા. દમયંતીએ ત્રણ શ્લોક સંભળાવ્યા. તેનો અર્થ એ થતો હતો કે, 'વસ્ત્ર અહાર્ય, નિર્જન વનમાં મને સૂતેલી મૂકીને આપ ચાલ્યા ગયા હતા, પરંતુ જો આપ મારા હૃદયમાંથી પણ ચાલ્યા જાઓ તો હું આપના પુરુષાર્થને સાચો ગણું. પુત્ર, મિત્ર, સ્ત્રી પ્રત્યેનો સ્નેહભાવ ચાલ્યો ગયો છે. હે રાજન, ધુતરૂપી દીક્ષા અંગિકાર કરી હોવાથી આપ રાગ રહિત યોગી સમા બની ગયા હો એમ જોઈ શકાય છે. પૂર્વે લોકપાલોનાં કાર્ય નિમિત્તે આપે અદ્રશ્યપણું ધારણ કર્યું હતું, તો શું તે એક જ વખત સ્વીકારેલું હતું? ફરી વાર તેમ કરી શકાય નહિ?

આવા અર્થવાળી ત્રણ ગાથાઓ સાંભળીને બધા ચરપુરુષો

દમયંતીની બુદ્ધિને અભિનંદવા માંડયા.

દેવી દમયંતીએ ત્રણ શ્લોકવાળું તાલપત્ર ચરપુરુષોના આગેવાનને અર્પણ કર્યું.

બીજે દિવસે ત્રણસો મુખ્ય ચરો અને સાતસો બીજા ગુપ્તચરો પ્રવાસ માટે તૈયાર થઈ ગયા સુદેવ અને શાંડિલ્ય પણ તૈયાર થયા અને દેવી દમયંતીને નમન કરવા આવી પહોંચ્યા.

દમયંતીએ બન્ને ઉત્તમ ચરોને કહ્યું : 'સુદેવ અને શાંડિલ્ય! તમે આપણા રાજ્યનાં શ્રેષ્ઠ ગુપ્તચરો છો અને મને શોધવામાં સફળ પણ થયા છો... પરંતુ આ વિશાળ પૃથ્વીમાં વસતા કરોડો માનવીઓમાંથી તમે એક સ્થાનભ્રષ્ટ થયેલા પુરુષને કેવી રીતે શોધી શકશો? કોઈ વાર નામ, રૂપ, ગુણ વગેરેમાં મળતાપણું પણ આવી જતું હોય છે... એટલે આપ બન્ને એમને બરાબર ઓળખી શકો એટલા માટે કેટલીક વિશિષ્ટતાઓ જણાવું છું.. પ્રવાસે નીકળનારા અન્ય ચરોને પણ આ હકીકત સમજાવજો.'

'રાજકુમારીજી, હું આપની પાસે એટલા માટે જ આવ્યો છું.' શાંડિલ્યે કહ્યું.

'તમો સાંભળો, તેઓ સ્નાન કર્યા વગર કોઈ પણ સંયોગોમાં ભોજન લેતા નથી, દૈનિક નિત્ય કર્મો કરવાનું કદી ચૂકતા નથી. દિવસે તેઓ નિદ્રા લેતા નથી, શોકથી તેઓ ગ્લાન બનતા નથી અને ક્રોધવશ બનીને તેઓ પોતાના આશ્રિતોનો ત્યાગ કરતા નથી. તેમના કાર્યથી સંતપુરુષો તુષ્ટ બને છે, સ્ત્રીનાં નેત્રો ભીંજાય છે, ખડગો તૂટી પડે છે અને તેઓના સિંહનાદથી હાથીઓ વ્યાકુળ બની જતા હોય છે... તેમના ગુણો હું કેટલા વર્ણવું? તેઓ ગુણના સાગર સમાન છે... પરંતુ એમની ખાસ વાત જણાવું છું કે, તેઓ અશ્વકલાના અજોડ જાણકાર છે. સર્વશ્રેષ્ઠ સારથિ છે, અગ્નિદેવના વરદાનથી વિભૂષિત થયા હોવાથી તેઓના સિવાય આ સંસારમાં સુર્યપાક રસોઈ કોઈ

બનાવી શકતું નથી. સુદેવ અને શાંડિલ્ય, તમે હર્ષપૂર્વક જાઓ...મારા મનમાં તો તેઓને શોધી શકાય એવી આશા છે જ નહિ...છતાં તમારા ઉત્સાહને હું ઠંડો પાડવા નથી ઈચ્છતી.'

ગુરુદેવ અને શાંડિલ્ય નમન કરીને વિદાય થયા.

## પ્રકરણ ૩૫ મું : : ગુપ્તચરોનો આનંદ

મહારાજા ભીમના ગુપ્તચરો ચારે દિશાએ નીકળી ગયા... બધા ગુપ્તચરોએ ખંતપૂર્વક નળરાજાને શોધવાનો પુરુષાર્થ કરવા માંડયો. વનો, ઉપવનો, પહાડો, ગુફાઓ, અગોચર જણાતાં સ્થળો. નગરો, પલ્લીઓ, પાંથશાળાઓ, દાનશાળાઓ, દેવમંદિરો, તીર્થ, સ્થળો વગેરે દરેક જગ્યાએ તેઓ ફરવા માંડયા. એટલું જ નહિ પણ, વિવિધ પ્રકારનાં વેશ પરિવર્તન કરીને એ ચરો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, ચાંડાલ, કારીગરો, તાપસો, સંન્યાસીઓ, ભિક્ષુકો, વગેરે વર્ગોમાં પણ ઘૂમવા માંડયા અને ચતુરાઈપૂર્વક વાતો જાણવાનો પ્રયત્ન કરવા માંડયા...પરંતુ કયાંય કોઈને સફળતા મળતી નહોતી. કારણ કે નળ રાજા તો કુબડો બની ગયો હતો.. દ્રષ્ટિથી એને ઓળખવો સહજ નહોતો. એક વર્ષનો ગાળો વીતી ગયો એટલે નિરાશ થયેલા ગુપ્તચરો પાછા ફરવા માંડયા.

પાછા ફરેલા ગુપ્તચરોની નિરાશા જોઈને દમયંતીના હૈયામાં ભારે વેદના થતી.. પરંતુ તે કશું વ્યક્ત કરતી નહિ. તેને એમ લાગતું જ હતું કે આવડી વિરાટ પૃથ્વીમાં એક માનવીને શોધવો એ સહજ નથી...તેમાં ય પુરુષ ચતુર હોય અને પોતાની જાતને છુપાવી રાખવા ઈચ્છતો હોય તેને તો કેમ શોધી શકાય? પરંતુ મહારાજા ભીમ જરા યે હિંમત ન હાર્યા.. હજી તો ઘણા ગુપ્તચરો પાછા ફર્યા નહોતા

તેમાં ય સુદેવ અને શાંડિલ્ય જેવા પ્રધાન ગુપ્તચરો પણ પાછા આવ્યા નહોતા. મહારાજાને એ બન્ને પર પૂરતો વિશ્વાસ હતો.

આ તરફ સુદેવ અને શાંડિલ્યની જોડી ફરતી ફરતી વિનિતા નગરીમાં દાખલ થઈ. બન્ને ગુપ્તચરો ચૌદ માસની શોધખોળ પછી થાકી ગયા હતા...પરંતુ નિરાશ નહોતા થયા. બન્ને ચરપુરુષોએ નિષધા નગરીમાં પહોંચીને ત્યાંથી જ પોતાના કાર્યનો આરંભ કર્યો હતો અને દેવી દમયંતીની વાત લક્ષ્યમાં રાખીને તેઓએ કેટલીક ક્ષુદ્ર માહિતી એકત્ર કરી હતી અને જે સરોવરના કિનારે નળ પોતાની પત્નીને નિદ્રાધીન છોડીને ચાલ્યો ગયો હતો તે સરોવરના કિનારે બન્ને પહોંચી ગયા હતા...પરંતુ ત્યાર પછી નળ સંબંધી કોઈ વાવડ કે માહિતી મળતાં જ નહોતાં...છેવટે તેઓ વિનિતા નગરીની એક પાંથશાળામાં આવી પહોંચ્યા. બન્ને ગુપ્તચરોએ વિશ્રામ લેવાના હેતુથી થોડા દિવસ અહીં રહેવાનું નક્કી કર્યું.

આ નગરીમાં જ કુબડાના રૂપે નળરાજા ઋતુપર્ણના મિત્ર રૂપે ઘણા જ સુખ વચ્ચે રહેતો હતો. પરંતુ સુખનો વૈભવ એના હૃદયને ભારે ડંખ મારતો હતો...જે પોતાની પ્રિયા દમયંતીને પળ માટે પણ વીસરી શકતો નહોતો...તેમ, ઋતુપર્ણ રાજાએ નળ મહારાજ અને દેવી દમયંતીને શોધવા મોકલેલા માણસો પણ હતાશ બનીને પાછા આવી ગયા હતા. પ્રિયાના વિયોગરૂપી રોગથી તેના હૈયામાં ખૂબ જ પીડા થતી હતી...જો દિવસ સારો જાય તો રાત ભારે કપરી બની જતી. વિરહની વેદના કરતાં યે દમયંતીને રાત્રિકાળે ભયંકર અટવીમાં મૂકી દીધી હતી તે વાતનો પશ્ચાત્તાપ તેના દિલને ભારે વીંધી રહ્યો હતો. નળને એમ જ થતું કે, એવા પ્રદેશમાંથી દમયંતી કોઈ કાળે જીવતી બહાર નીકળી શકે નહિ...અને ઋતુપર્ણ રાજાના કેટલાક દૂતો પણ કુંડિનપુર જઈ આવ્યા હતા...તે વખતે ત્યાં દમયંતી આવી નહોતી અને રાજા ભીમ પોતે

જ ભારે ચિંતાતુર બની ગયેલા હતા. નળ વારંવાર પોતાના જીવિતને ધિક્કારતો અને એક સુપુરુષને શોભે એવું કાર્ય પોતે નથી કર્યું... પત્ની પ્રત્યે પ્રગાઢ પ્રીતિ હોવા છતાં પોતે કાળમીંઢ પથ્થર જેવા હૈયાનો જ રહ્યો હતો.

નળરાજા જ્યારે એકલો પડતો ત્યારે એ આંસુ પણ સારી લેતો. નળને એ રીતે રડતો જોઈ કલિ ખૂબ જ હર્ષ પામતો.

પાંથશાળામાં એક રાત્રિ વિતાવીને સુદેવ અને શાંડિલ્ય પ્રાતઃકાર્ય નિમિત્તે નગરીના પાદરમાં આવેલા સરોવર તરફ ગયા...આ વખતે જેની કાયા કુબડી છે તે નળ પણ નિત્યક્રમ મુજબ પ્રાતઃકાર્ય નિમિત્તે સરોવર તટે આવી ગયો હતો. સ્નાનાદિથી નિવૃત્ત થઈ તેણે ઈષ્ટની આરાધના કરી...ત્યાર પછી તે વેદનાભર્યા સ્વરે બોલ્યો, 'હે પ્રિયા, તું ક્યાં છે તે હું કમભાગી આજ સુધી જાણી શક્યો નથી...મને મળેલો વૈભવ પણ અંગારા જેવો થઈ પડયો છે...મારા દુઃખનો કોઈ આરોવારો નથી...હે ઈન્દ્રસેનની માતા ! મેં તારો સર્વ પ્રકારે ત્યાગ કર્યો છે...પણ મારા હૃદયમાંથી હું તને એક પળ માટે પણ વીસરી શક્યો નથી...હે પ્રિયે, મને દર્શન દે...દર્શન દે...!'

નળના આ પ્રકારના કેટલાક શબ્દો સુદેવ અને શાંડિલ્યના કાન પર અથડાઈ ગયા હતા અને તેઓ ભારે હર્ષિત બન્યા હતા... ઈન્દ્રસેનની માતા તો દમયંતી જ છે અને આ માણસ કદરૂપો હોવા છતાં તેને પ્રિયા તરીકે સંબોધે છે. એટલે જરૂર આમાં કંઈક ભેદ હોવો જોઈએ. આમ વિચારી બન્ને ગુપ્તચારો વૃક્ષના ઓથેથી સરોવરતટ તરફ અગ્રસર થયા...અને નળરાજાની દ્રષ્ટિ આ બંને પર પડી. તરત નળે આ બન્નેને પ્રશ્ન કર્યો, 'અલ્યા, તમે કોણ છો ? આ સ્થળે શા માટે આવ્યા છો ?'

'મહારાજ, અમે પ્રવાસી છીએ. કુંડિનપુરના વતની છીએ... અને પ્રાતઃકાર્ય નિમિત્તે આ તરફ આવ્યા છીએ.'

સુદેવની બગલમાં એક ચિત્રપટ હતું. આ બન્ને પ્રવાસીઓ કુંડિનપુરના છે એમ જાણીને નળે બન્નેને ધારી ધારીને જોયા... ત્યાર પછી તેણે પ્રશ્ન કર્યો, 'આપની બગલમાં આ ચિત્રપટ જેવું કંઈક દેખાય છે...તેમાં શું ચીતરેલ છે?'

સુદેવે તરત કહ્યું, 'આપનો આ પ્રશ્ન સાંભળીને અમને ઘણો જ આનંદ થયો...સાંભળવા લાયક વાત આપ પણ સાંભળો. જેનું મન કાચબાની પીઠ જેવું કઠોર છે, જેનું હૃદય વજ્ર જેવું કઠણ છે અને જેની વાણી કમળ જેવી કોમળ છે તેવા એક રાજાનું ચરિત્ર આ પટમાં આલેખેલું છે.'

'વાહ, એવો એ કયો રાજા છે?' નળે બીજો પ્રશ્ન કર્યો.

શાંડિલ્યે ઉત્તર આપ્યો, 'આમાં નિષધપતિ મહારાજા વીરસેનના પુત્ર મહારાજા નળ કે જે દ્યુતક્રીડામાં કુશળ અને સુખના શત્રુ હતા તેનું ચરિત્ર અંકિત કરેલું છે.'

નળ મનમાં ચકિત થઈ ગયો. તેણે કહ્યું, વિપ્રવરો, આપ અહીં કયા સ્થળે ઊતર્યા છો?'

'અમે એક પાંથશાળામાં નિવાસ કર્યો છે...અહીંનાં દેવમંદિરો જોઈને અમે બે-ચાર દિવસ પછી ચાલતા થઈશું.'

'મારી એક પ્રાર્થના સ્વીકારશો?'

'જરૂર...પરંતુ અમે આપને ઓળખતા નથી.'

'આપ પરદેશી છો એટલે મને ક્યાંથી ઓળખો? હું અહીંના મહારાજાનો ખાસ મિત્ર છું...આપ પ્રાતઃકાર્યથી નિવૃત્ત થઈ જાઓ...મારી ઈચ્છા છે કે હું આપનો અતિથિસત્કાર કરીને પુણ્ય પ્રાપ્ત કરું.

'અમે ધન્ય બન્યા...' કહી સુદેવે કુબડા દેખાતા આ નવ-જવાનની વાત સ્વીકારી લીધી.

નળ એક વૃક્ષ નીચે બેસી ગયો. બન્ને ગુપ્તચરોના હૈયામાં

સફળ થવાની કંઈક આશા ચમકી ગઈ અને બન્ને સ્નાન સંધ્યા પતાવીને આ કુબડાની સાથે નગરી તરફ રવાના થયા.

સુદેવ અને શાંડિલ્યે જ્યારે આ કુબડાનો મહેલ જોયો, ત્યાંનો વૈભવ જોયો ત્યારે તે બન્નેના મનમાં થયું. ખરેખર, રત્ન વિષે દૂષણ મૂકનાર વિધાતા ભારે વિચિત્ર છે!

નળરાજાએ બન્ને ચરપુરુષોનું ભાવભર્યું સ્વાગત કર્યું...ત્યાર પછી બન્નેને પાસે બેસાડીને શિરામણ કરાવ્યું...ત્યાર પછી નળ બન્નેને પોતાના બેઠક ખંડમાં લઈ ગયો અને તાંબુલાદિ આપ્યા પછી ચતુર નળરાજાએ પ્રથમ તો પ્રવાસ અંગેની કેટલીક વાતો કરી, અને ત્યાર પછી વિનય ભર્યો સ્વરે કહ્યું, 'આપ બન્ને શ્રેષ્ઠોને જોઇને મારાં નયનો સફળ થયાં છે...મારા ચિત્તને પણ આનંદ પ્રાપ્ત થયો છે. હે વિપ્રવરો, નિષધપતિ મહારાજા નળનો બીજો દેહ હોઉં તેવો હું દૈવયોગે તેમનાથી વિખૂટો પડી ગયેલો કુબ્જ છું. મહારાજા નળ જુગારમાં સર્વસ્વ હારી ગયા એટલે હું તેમની નગરીમાંથી આ તરફ ચાલ્યો આવ્યો છું મહારાજ નળ દમયંતી સાથે નીકળ્યા પછી તેઓ ક્યાં છે એ વાત જાણવામાં નથી આવી. એટલે હું આપ બન્નેને પૂછું છું કે મહારાજા ભીમ અને તેમના ત્રણેય પુત્રો કુશળ છે ને?' દેવી દમયંતી ત્યાં જ છે ને...?'

શાંડિલ્યે કહ્યું, 'શ્રીમાન, આ ચિત્રપટમાં આલેખેલું નળ-રાજાનું ચારિત્ર અમે જાણીએ છીએ.'

'આપ શું જાણો છો?'

સુદેવે હર્ષભર્યા સ્વરે કહ્યું: 'આપ દિર્ઘાયુ થાઓ! આપના દર્શનથી અમે ખૂબ જ હર્ષિત થયા છીએ. હે ચતુર પુરુષ, આપના પ્રશ્નનો ઉત્તર હું જણાવું છું મહારાજ ભીમ કુશળ છે અને તેના ત્રણેય પુત્રો પણ વિજયવંત વર્તે છે. વિરહ વેદનાથી અતિ પીડિત બની ગયેલી, અતિ રુદન કરવાના કારણે તેજહીન

આંખોવાળી દમકુમારની પ્રિય ભગિની દમયંતી લગભગ સવા વર્ષથી કુંડિનપુરમાં આવે છે...એક ગાઢ વન પ્રદેશમાં સરોવર તીરે દેવી દમયંતીને મધરાતે ટાણે મહાત્મા નળે ત્યજી હતી. ત્યાર પછી દેવી દમયંતીએ કેટકેટલી વિપત્તિઓ સહન કરી તે સઘળી વિગત આ ચિત્રપટમાં દોરેલી છે. માતા–પિતા, બંધુઓ અને પરિવારના અન્ય સભ્યો તરફથી આશ્વાસન મળવા છતાં વિયોગરૂપ જ્વરથી કૃષ બનેલી દમયંતી વારંવાર ત્રણ શ્લોક બોલતી હોય છે. જો આપને એમાં રસ હોય તો એ ત્રણ ગાથાઓ આપને સંભળાવું.'

'મને રસ છે...આપ સંભળાવો.' નળે કહ્યું.

સુદેવે શાંડિલ્ય સામે નજર કરી. શાંડિલ્યે દમયંતીએ રચેલા ત્રણ શ્લોક સંભળાવ્યા. ત્યાર પછી કહ્યું, 'શ્રીમાન જેમ હિમના સ્પર્શથી કમલિની બળી જાય છે તેમ દમયંતી અતિ કૃપ થઈ ગયેલ છે. તેની કાયાને જ્વર પીડી રહ્યો છે. પુત્રીના આવા દુઃખને લીધે તેનાં માતા-પિતા અને ભાઈઓ તથા સમગ્ર જનતા ભારે દુઃખી બનેલ છે. કોઈ પણ માનવી પતિને અનુસરનારી, સતી સાધ્વી અને કલેશને નિવૃત્ત કરનારી સ્થિતિનો કદાચ ત્યાગ કરે, પરંતુ નળ જેવો રાજવી આવું કરે તેને અમે શું કહીએ ? નળ રાજાએ સ્નેહ, પાપ, શરમ અને કરુણાની જરાયે ખેવના રાખી નહિ...તેણે કેવલ પોતાની મહત્તાને જ લક્ષમાં રાખી એ ભારે વિષમ ગણાય. અમે આપને શું કહીએ ? અમે નળ અને નીંબ વૃક્ષની પણ સરખામણી કરી શકતા નથી કારણ કે લીંબડો કડવો હોવા છતાં પરિણામે મધુર નીવડે છે. જ્યારે નળ તો કડવો ને કડવો જ રહ્યો...નળરાજા પોતાની પત્નીનો ત્યાગ કરીને ગમે તે સ્થળે રહેતો હોય છતાં તે પોતાના સત્ત્વહીન જીવનથી મૃત્યુ પામેલો જ કહી શકાય...દમયંતી આજે પતિના સ્મરણ વડે અને વિરહાગ્નિથી બળતી રહીને મૃત્યુ તરફ જઈ રહી છે. તે વખતે જેનું ક્યાંય નામનિશાન નથી તેવો દુષ્ટ હૃદયનો નળ કદાચ જીવતો હોય

તો પણ તેનો કોઈ અર્થ નથી. પોતાના રાજ્યમાંથી ભ્રષ્ટ બનેલો અને સસરાને ઘેર જવામાં શરમ અનુભવતા એ નળ રાજાનું મુખ અમે ચિત્રપટમાં જોયું છે. અમે આ ચિત્રપટ સૌ સ્થળે દર્શાવી રહ્યા છીએ. પરંતુ રાજાઓની સભામાં છૂપાયેલો નળ ક્યા જળ વડે પોતાના પર જામેલી ધિક્કાર રૂપી મલિનતા દૂર કરશે તે અમે જાણતા નથી. પરંતુ અમે ઋતુપર્ણ રાજા સમક્ષ નળનું ચરિત્ર કહેવાના છીએ. આપ જરૂર ત્યાં આપની વાત સંભળાવજો...તમે કુબડાનું રૂપ ધારણ કરનાર સાક્ષાત નળ હો એમ અમને લાગે છે. કારણ કે સંબંધી હોવાથી રાજપુરુષ પણ રાજા કહેવાય છે.'

પોતાની પ્રિયતમા અંગેની વાત સાંભળીને નળ ભારે વ્યાકુળ બની ગયો. તેના મનમાં થયું...મારી ચિંતા કરીને જીવી રહેલી મારી પ્રિયાને હું કેવી રીતે મળી શકું ? મારું મોં કેવી રીતે બતાવી શકીશ ? એ દિવસ ક્યારે આવશે...જે દિવસ મારી પ્રિયા મને પ્રાપ્ત થશે ? શું આ બંને સમક્ષ મારે મારો વૃત્તાંત કહી દેવો ? ના...ના...રાજ્ય વિહોણો હું અત્યારે પ્રત્યક્ષ થઈને કરું પણ શું ? એમ નહિ...દમયંતી જ મારું સાચું સ્નેહરાજ્ય છે...મારી પ્રિયા જીવંત હશે એવી સંભાવના કોણે કરી હતી ? ના ના...મારે ત્યાં જઈને મારી પ્રિયાનો સત્કાર કરવો જોઈએ...તેને આશ્વાસન આપવું જોઈએ. અનિત્ય એવા આ સંસારમાં સ્નેહીજનોનો મેળાપ થવો એ ખરેખર દુર્લભ છે. જેમ જળાશય તજીને જમીન પર આવેલો મોટો મચ્છ લાંબો વખત જીવી શકતો નથી, તેમ દમયંતીનો ત્યાગ કરીને હું પણ લાંબો સમય જીવી શકીશ નહિ. હું જાહેર થઈશ તો સમગ્ર વિશ્વ મારા વશમાં આવી જશે...શું હજી પણ મારામાં એવું સામર્થ્ય નથી કે સઘળા રાજાઓને જીતી શકું ?...ના...ના...મારે હજી ધૈર્ય રાખવું જોઈએ.

આમ વિચારમગ્ન બનેલા નળ સામે જોઈને સુદેવે કહ્યું, 'શ્રીમાન,

આપ વિચારમગ્ન કેમ બની ગયા ? જેના પ્રત્યે આપના હૈયામાં શ્રદ્ધા છે તેવા નળ અંગે કહેલા અમારા શબ્દોથી આપને દુઃખ તો નથી થયું ને ?'

'નહિ, વિપ્રવરો ! નળે જો આ રીતે પોતાની પ્રિયાનો ત્યાગ કર્યો હોય તો તે આથી યે વિશેષ ધિક્કારનો અધિકારી ગણાય...'

'તો પછી અમને આજ્ઞા છે ?'

'આપને ઉતાવળ તો નથી ને ? મારી ઈચ્છા છે કે, આપ ભોજન કરીને જ જાઓ.'

'અમારે હજુ દેવમંદિરે જવું છે...પણ આપની ઇચ્છાનું અમે અપમાન કરી શકતા નથી...અમે ભોજન સમયે અહીં આવી જઈશું.'

'સારું...' કહી નળે પોતાના સેવકને બોલાવીને આજ્ઞા કરી, 'આ બન્ને કવિવરો માટે એક રથ તૈયાર કરાવ...!

સેવક નમન કરીને વિદાય થયો.

સુદેવે કહ્યું, 'શ્રીમાન, મહારાજા ઋતુપર્ણની રાજસભામાં...'

વચ્ચે જ નળે કહ્યું, 'એક સભા અત્યારે ભરાય છે...પરંતુ એ સભામાં મોટે ભાગે રાજના પ્રશ્નોની જ ચર્ચા થતી હોય છે. અને સંધ્યા પછી એક સભા ભરાય છે..તેમાં આવી વિવિધ ચર્ચાઓ થાય છે.'

થોડી વાર પછી સુદેવ અને શાંડિલ્ય રથમાં બેસીને વિદાય થયા.

સાયંકાલ પછી ભરાતી રાજસભામાં બન્ને ગુપ્તચરો ગયા. બન્નેએ રાજા ઋતુપર્ણને આશીર્વાદ આપ્યા ત્યાર પછી નળનું ચરિત્ર સંભળાવવાની ઈચ્છા પ્રદર્શિત કરી. ઋતુપર્ણ તો નળનો મિત્ર હતો...તેણે પ્રસન્ન હૃદયે બન્ને વિપ્રવરોને નળનું ચરિત્ર સંભળાવવાની વિનંતી કરી.

સુદેવ અને શાંડિલ્યે રાજસભા સમક્ષ મધુર વાણી વડે જુગારમાં હારીને ચાલ્યા ગયા પછીની નળ અંગેની સઘળી વાત કહેવી

શરૂ કરી. એ વાતમાં મોટા ભાગે દેવી દમયંતીના ત્યાગની અને દેવી દમયંતીને પડેલાં દુઃખની હકીકત હતી. ત્યાર પછી ચિત્રપટ ખોલ્યું...એમાં કેટલાંક ચિત્રો અંકિત કરવામાં આવ્યાં હતાં. નિષધા નગરીમાં માંડેલો જુગારનો પટ, સર્વસ્વ ગુમાવીને નળનું જવું, દમયંતીનું પાછળ જવું, મધરાતના સમયે દમયંતીનો નળે કરેલો ત્યાગ, અજગરના મુખમાં દમયંતીનું જવું, એક ભીલ જુવાન તેને બચાવે છે, ભીલ જુવાનની કામપિપાસા અને તેનું જલી જવું, નાના પર્વત પર દમયંતીની આરાધના, માસીને ત્યાં દાસીરૂપે રહેવું આટલાં ચિત્રો અંકિત કરવામાં આવ્યાં હતાં. સુદેવ અને શાંડિલ્ય એક પછી એક ચિત્રનો વર્ણનાત્મક શૈલીએ પરિચય આપતા હતા. શાંડિલ્યે જ્યારે અજગરના મુખમાં સપડાયેલી દમયંતીનો પરિચય આપવા માંડયો ત્યારે કોઇ પ્રેત માફક કુબડાના રૂપમાં બેઠેલો નળ ઊભો થઈ ગયો અને બોલી ઊઠયો: 'ઓહ દેવી દમયંતી! તારા સ્વામી નળના અનુચિત વર્તનના કારણે તું કેવી ભયંકર દશામાં આવી પડી છે? મારા જેવો નળરાજાનો સેવક પાસે જ છે. તું ભયનો ત્યાગ કર... શું હું તારું અંગ સ્વચ્છ કરી દઉં?'

નળના આ શબ્દો ગુઢાઈ વળ્યા હતા. કોઈ સભાજનો ન સમજી શકયા. પરંતુ સુદેવ અને શાંડિલ્ય નળ સામે જોઈ જ રહ્યા.

અને જ્યારે શાંડિલ્યે ભીલ જુવાનની કામાસક્ત દશાના ચિત્રનું વર્ણન કરવા માંડયું...એ જ વખતે કુબડો પુનઃ ઊભો થઈ ગયો અને તેણે પોતાની તલવાર મ્યાનમુક્ત કરી! આ જોઈને ઋતુપર્ણ રાજાએ તેને પકડી લીધો. સુદેવે કહ્યું: 'ભૂતકાળની વાતવાળા આ ચિત્ર પરત્વે હે કુબ્જ, તને કયા પ્રકારનો મોહ જાગ્યો છે?'

નળ પોતાના ક્રોધને કાબૂમાં લઈને આસન પર બેસી ગયો પરન્તુ શાંડિલ્યે જ્યારે દમયંતીની આરાધનાના ચિત્રનું વર્ણન કરવા માંડયું ત્યારે કુબડારૂપી નળ રાજસભાનો ખ્યાલ રાખ્યા વગર રુદન

કરવા માંડયો અને જ્યારે માસીના ભવનમાં દાસીપણું કરતી દમયંતીના ચિત્રનું વર્ણન સાંભળીને નળથી બોલાઈ ગયું : 'ઓહ, મારું કુબડાપણું યથાર્થ છે.'

અને પિતાને ત્યાં પહોંચેલી દમયંતીને જોઈને તેના હૈયામાં પોતાના પુત્ર પ્રત્યેનો પ્રેમ એકદમ વૃદ્ધિ પામ્યો.

નળના ચહેરા પર થતાં ભાવપરિવર્તનો બન્ને ગુપ્તચરો બરાબર જોતા તેમણે ચિત્રપટનું વર્ણન સમાપ્ત કર્યું ત્યારે સભામાં બેઠેલા સઘળા લોકો નળનું નામ દઈને ભારે રોષ વ્યકત કરવા માંડયા,

મહારાજ ઋતુપર્ણ બન્ને મિત્રોનું ઉત્તમ વસ્ત્રાલંકારો અને સુવર્ણ વડે સન્માન કર્યું.

રાજસભા સમાપ્ત થઈ બન્ને ગુપ્તચરો જ્યારે વિદાય થયા ત્યારે નળ તેને આગ્રહપૂર્વક પોતાની સાથે લઈ ગયો અને ભવન પણ આવ્યા પછી તેણે બન્ને માટે માત્ર અર્ધઘટિકામાં સૂર્યપાક રસોઈ બનાવી બન્નેને આગ્રહપૂર્વક ભોજન કરાવ્યું.

નળની સ્નાન વિધિ, સરસ્વતીની પૂજા વિધિ, સૂર્યપાક રસોઈ. વગેરે ક્રિયાઓ જોઈને બન્ને ગુપ્તચરોને ખાતરી થઈ ગઇ કે આ પોતે જ નળ છે.

બન્ને વિપ્રોએ નળની વિદાય માગી...પરંતુ નળે આગ્રહ કરીને એક રાત પોતાને ત્યાં રોકયા...અને સવારે બન્ને વિપ્રોને રથ, સુવર્ણ, અલંકારો, વગેરે અપર્ણ કરીને કહ્યું : 'હે વિપ્રવરો ! આપને કુંડિનપુર જવાનું જ છે તો એક સંદેશો આપું છું...તમે મને મળ્યા એથી અને દમયંતી તથા મહારાજા ભીમના કુશળ સમાચાર જાણ્યાથી હું ભાગ્યવંત બન્યો છું તમે દેવી દમયંતીને મારા નમસ્કાર જણાવજો અને કહેજો કે મારું શરીર અને સર્વસ્વ દેવી દમયંતીનું જ છે. જ્યારે દમયંતી જીવી રહી છે તો નળરાજા પણ અવશ્ય જીવતો હશે: અથવા ઈન્દ્રસેન પોતાનુ રાજ્ય પ્રાપ્ત કરવા અવશ્ય સમર્થ બનશે.

વિદેશોમાં રહેતા મારા માટે તે જ સ્થાન છે. નિષધા નગરી સિવાય મને અન્ય કોઈ સ્થળે સુખ પ્રાપ્ત થતું નથી. આપણે ફરી મળીએ તેવી રીતે તમે જાઓ. વાટ વસમી છે છતાં હું તમારા બન્નેનું કલ્યાણ ઈચ્છું છું. દેશમાં પહોંચ્યા પછી આપ અહીં બનેલા વૃત્તાંત અવશ્ય યાદ રાખજો.'

ત્યાર પછી બન્ને ગુપ્તચરો કુબ્જને આશીર્વાદ આપીને ઉત્તમ અશ્વોવાળા રથમાં બેસીને વિદાય થયા. તેમના હૃદયમાં પોતાના પુરુષાર્થનો ભારે હર્ષ હતો.

## પ્રકરણ ૩૬ મું : : કલિનો પરાજય!

સુદેવ અને શાંડિલ્યનાં હૈયાં હર્ષભરપૂર હતાં. નગર, પર્વત, વન, નદી, વગેરે વટાવીને તેઓ કુંડિનપુર આવી પહોંચ્યા. બન્નેએ મહારાજા, મહાદેવી અને દમયંતીને સઘળી વાત કરી. આ વૃત્તાંત સાંભળીને ભીમરાજાએ કહ્યું, ' સુદેવ, એ કુબ્જ પોતે જ નળ હશે એવું માની શકાય નહિ. કારણ કે નળ તો અતિ સુંદર છે.'

આશ્ચર્યથી ચકિત બનેલી દમયંતીએ કહ્યું, ' વિપ્રવર, આપે જે કુબ્જનું વર્ણન કર્યું તેવો કોઈ કુબ્જ નિષધા નગરીમાં હતો જ નહિ. તેમ, તેઓનો કોઈ પરિચિત કુબ્જ પણ નહોતો, વળી, આ વિશ્વમાં મહારાજા નળ સિવાય કોઈ પણ માનવી સૂર્યપાક રસોઈ જાણતો નથી. દારિદ્રયને દૂર કરવાનું દાન, પટ્ટહસ્તીને પરાજિત કરવો, અને મારા પ્રત્યેની અત્યંત પ્રીતિ દર્શાવવી એ પરિચય વગર કેમ બની શકે ?

દમયંતી સામે જોઈને ભીમરાજાએ કહ્યું, ' બેટી, તો શું તુ એમ માને છે કે પવિત્ર કીર્તિવાળો નળરાજા અન્યને ત્યાં દાસત્વ સ્વીકારે ?

કારણ વગર કુબડાપણું શા માટે પ્રાપ્ત થાય? ઘોર વનમાં મધરાતે તને છોડીને ચાલ્યો ગયેલો નળ ગુણવાન કેમ માની શકાય? મને તો એમ લાગે છે કે નળરાજા અને કુબ્જ બન્ને જુદા જ છે. સંભવ છે કે આ કુબ્જે નળની પરિચર્યા કરી હોય અને નળે સઘળી વાત કહી હોય અથવા પોતાની વિદ્યા પણ આપી હોય...વિશ્વાસપાત્ર સેવકને શું એના માલિક જે ઈચ્છે તે નથી આપતા? અને રાજાના સેવકો શું દાનવીર અથવા પરાક્રમી નથી હોતા? એટલે આપણે તે કુબ્જ પોતે જ નળરાજા છે એમ માની લઈએ તે બરાબર નથી. અને પોતાના સ્વાર્થની રક્ષા ખાતર માનવીએ પોતાની મહત્તાનો ત્યાગ ન કરવો જોઈએ. બેટી, તું ધૈર્ય રાખ...અહીં સુખપૂર્વક રહે...આપણે લોકનિંદાના નિમિત્ત શા માટે બનવું જોઈએ...? નળ જીવિત હશે તો અવશ્ય અહીં આવશે જ આવશે...આ રાજ્યને તું પરાયું માનીશ નહિ...તું અમારી પ્રિય કન્યા છે...પોતાનાં સંતાનોના અહિતની વાત માબાપના હૈયે હોતી નથી.'

'ભલે...' દમયંતી વધુ કંઈ ન બોલી.

સુદેવ અને શાંડિલ્ય નમન કરીને વિદાય થયા.

રાત્રિકાળે દમયંતી તેની માતા પાસે શયનગૃહમાં ગઈ ત્યારે તે માતાના ખોળામાં મસ્તક મૂકીને ધ્રુસકે ધ્રુસકે રડી પડી. તેનું ચિત્ત ભારે ચિંતિત બન્યું હતું. તેને એવા જ વિચારો આવતા હતા કે વિનિતા (અયોધ્યા) નગરીમાં તેઓ છે, છતાં ઓળખાતા નથી ...વિધિની આ કેવી વિચિત્રતા?

માતા પ્રિયંગુમંજરીએ પુત્રીને ખૂબ જ ધૈર્ય આપ્યું અને વાત્સલ્યભર્યા સ્વરે કહ્યું, 'દીકરી, તું સ્વભાવથી ધીરગંભીર છે. તારાં આંસુ અને તારી મનોવેદના જોઇને મારું હૈયું ચિરાઈ જાય છે. કુબ્જની હકીકત જાણવા છતાં તારા પિતાએ જે કંઈ કહ્યું છે તે વ્યવહાર દૃષ્ટિએ ઉચિત છે. સામાન્ય માનવી પણ સંશયવાળા

કાર્યનો સ્વીકાર ન કરી શકે, તો ડાહ્યા અને મોટા માણસો એનો સ્વીકાર કેવી રીતે કરી શકે ? તારા પિતાની વાત સાચી છે. છતાં તારા હિત પછી એક બીજો વિચાર કર્યો છે...'

પુત્રી દમયંતીએ સજળ નયને મા સામે જોયું. માતાએ કહ્યું, 'દમયંતી ! કુબ્જ પોતે જ સાચો નળ હશે તો ચાલાક અને ચતુર દૂત તેની ખાતરી કરતો આવશે. અસત્ય, પ્રપંચ અને છળમાં નિષ્ણાત એવો આપણો દૂત ઋતુપર્ણ રાજાની રાજસભામાં જણાવશે 'રાજકુમારી દમયંતીનો ફરીથી સ્વયંવર મહોત્સવ યોજવામાં આવશે.' દૂતનું આવું કથન સાંભળીને કુબ્જ ખરેખર નળ હશે તો તરત અહીં દોડયો આવશે. પોતાની પત્નીને દુઃખી જોઈને પારેવાંઓ પણ આકાશમાંથી ઊડીને દોડી આવે છે. પારો એકેન્દ્રિય હોવા છતાં પણ નારીને જતી જોઈને તેની પાછળ પડે છે...એટલે કુબ્જ નળ હશે તો અશ્વવિદ્યાના બળે તે તરત અહીં આવી પહોંચશે.'

માતાની આ યુક્તિનો દમયંતીએ સ્વીકાર કર્યો. પોતે પોતાના પતિને મેળવવા ખાતર પ્રપંચમાં સહાયક થઈ રહી છે એમ સમજતાં તે જરા શરમાઈ ગઈ.

એ દિવસ પછી મહારાજા ભીમને જાણ કર્યા વગર દૂત કાર્યમાં ચતુર ગણાતા દૂતને વિનિતા તરફ રવાના કરી દીધો. મહારાણીએ તેને દરેક વાતથી સમજાવ્યો હતો. ચતુર દૂત ઝડપી પ્રવાસ કરીને વિનિતા પહોંચી ગયો અને તે વિદર્ભના દૂત તરીકે ગયેલો હોવાથી રાજ તરફથી તેનું સ્વાગત પણ થયું. એક દિવસ આરામ કરીને બીજે દિવસે તે રાજસભામાં ગયો. અને રાજસભાના પ્રારંભિક કાર્ય પછી તે ઊભો થયો. રાજા ઋતુપર્ણને નમસ્કાર કરીને બોલ્યો : 'સ્વામિન, ખૂબ જ હર્ષ અને આનંદમય બનેલા વિદર્ભનાથ મહારાજા ભીમરાજા પોતાની એકની એક સુપુત્રી રાજકન્યા દમયંતીના

સ્વયંવર નિમિત્તે આપ શ્રીમાનને હાર્દિક નિમંત્રણ પાઠવે છે. કૃપાનાથ આપ આજ ને આજ કુંડિનપુર પધારવાની તૈયારી કરો. કારણ કે આવતી કાલે સવારે જ રાજકન્યા દમયંતીનો સ્વયંવર થવાનો છે. આપને નિમંત્રણ આપવા આ તરફ નીકળ્યાને મને ઘણા દિવસો થઈ ગયા છે. પરંતુ કમનસીબે હું માર્ગમાં જવરગ્રસ્ત બની ગયો હતો. એટલે ધાર્યા દિવસે અહીં પહોંચી શક્યો નથી. મારા આ વિલંબના કારણે આપ મને ક્ષમા કરજો. આપ શ્રીમાન આશ્ચર્ય ન પામશો કે દેવતાઓ અને દિગ્પાલોને છોડીને એકવાર નળરાજાને વરી ચૂકેલી દમયંતી આમ શા માટે કરે છે ? પરંતુ મહારાજ નળરાજાની ઘણી તપાસ કરવા છતાં તેઓ મળ્યા નથી અને એમ નક્કી કરવામાં આવ્યું છે કે તેઓ જીવિત નહિ જ હોય. એટલે મહારાજા ભીમના કહેવાથી નવયૌવના દમયંતી ફરી વાર સ્વામીનું વરણ કરે તે શું ઉચિત નથી ? પૂર્વના પતિનું મૃત્યુ થાય તો શું એક નવયૌવના રાજકન્યાનું જીવતર નિષ્ફળ જાય ? પોતાની પ્રિય કન્યાના સુખ ખાતર જ ભીમરાજાએ આ નિર્ણય કર્યો છે.' આટલું કહી નમન કરીને દૂત પોતાના સ્થાને બેસી ગયો દૂતના મોઢેથી આ વાત સાંભળીને માત્ર ઋતુપર્ણ રાજા જ નહિ, સમગ્ર સભામાં ભારે આશ્ચર્ય છવાઈ ગયું.. અને કુબ્જના વેશમાં બેઠેલો નળ રાજા શ્વાસ રૂંધાવાના કારણે જડ સમાન બની ગયો.

ત્વરાથી કુંડિનપુર પહોંચવું જોઈએ, એવી ભાવનાવાળા ઋતુપર્ણ રાજાએ વિદર્ભના દૂતને ઈનામ, પોષાક, વગેરે આપીને રાજસભાનું વિસર્જન કર્યું.

જેનું ચિત્ત ભારે ગમગીન બની ગયું હતું તે કુબ્જ પણ આસન પરથી ઊભો થયો એ દૂત પાસે જઇને ભગ્ન સ્વરે બોલ્યો, 'શું આપે જે કંઈ કહ્યું તે સત્ય છે ?'

દૂતે ગંભીર સ્વરે ઉત્તર આપ્યો, 'હા મહાશય, રાજકુમારી

દમયંતીનો સ્વયંવર અવશ્ય થવાનો જ છે. અત્યાર સુધીમાં તો હજારો રાજાઓ કુંડિનપુર પહોંચી ગયા. આ સ્વયંવરમાં જે કોઈ નહિ જઈ શકે તે ખરેખર ભાગ્યહીન અને જે જશે તે ભાગ્યવંત લેખાશે. કારણ કે દમયંતીનું ચંદ્રવદન આ સિવાય કયે સ્થળે અને પ્રસંગે જોઈ શકાય ? કામદેવના પાશ સમી અને પોતાના પ્રતીક સમી પુષ્પ માળા તે કોના કંઠમાં આરોપશે તે હું નથી કહી શકતો.'

દૂતની આ વાણી સાંભળીને મનમાંથી સાવ નિશ્ચેત બની ગયેલ હોવા છતાં નળ ધરતી પર પડી ગયો નહીં. પરંતુ કોઈ ઝંઝાવાતમાં વિશાળ વૃક્ષ જેમ ખળભળી ઊઠે તેમ તેનું મન ખળભળી ગયું. દમયંતીનો આવો કલ્પી ન શકાય એવો નિર્ણય વિચારીને નળનું ચિત્ત ક્રોધ, શોક, કામ, ઉન્માદ અને વેદનાથી ભરાઈ ગયું. હજી સૂર્ય નિયમિત ઉદય પામે છે, ચંદ્ર પણ ઊગે છે. મેઘ વરસે છે. વાવેલું ઊગે છે અને સમુદ્ર પણ પોતાની મર્યાદાઓમાં રહે છે. વિશ્વની પ્રત્યેક વસ્તુ પોતપોતાના સ્થાન અને મર્યાદામાં રહેલી છે. આમ છતાં દમયંતીનો વિચાર શા માટે ચંચળ બની ગયો હશે ? ખરેખર, દુઃખની વાત છે. સુર અસુરની સાક્ષીએ મને વરેલી દમયંતી ફરીવાર પરણવા તૈયાર થઈ છે ! કામદેવ રૂપી દાવાનળે ગંગાસમી શીતળ દમયંતીને છોડી લાગતી નથી. પણ—'

આવા અનેક વિચારો વચ્ચે અટવાયેલો કુબ્જ સભાગૃહમાંથી રાજભવન તરફ ગયો. તેના મનમાં થયું, હું જીવતો હોવા છતાં દમયંતી કોઈને પરણે એ બને જ નહિ, મારામાં બાહુબળ પડયું છે. સ્વયંવરમાં આવેલા દરેક રાજાને હું ધૂળ ચાટતો કરી નાખીશ. તક્ષક નાગની ફેણ પર શોભતા મણિને જેમ સ્પર્શી શકે નહિ તેમ મારા જીવતાં મારી પ્રિયાને કોણ ગ્રહણ કરી શકે ?

આવા વિચારો સાથે કુબ્જ ઋતુપર્ણ રાજાના ભવનમાં દાખલ થયો. વિચારમગ્ન કુબ્જને જોતાં જ રાજાએ આદરભર્યા સ્વરે આવકાર

આપ્યો અને કહ્યું, 'મિત્ર, હું તારી જ રાહ જોતો હતો. મારા એક મગ્ન બનેલા મનોરથને તું પૂરો કરી દે. આવતી કાલે સવાર સુધીમાં આપણે કુંડિનપુર કેવી રીતે પહોંચી શકીએ? મિત્ર, મારી ઈચ્છા છે કે કોઈ પણ ઉપાયે આવતી કાલે સવારે આપણે એક રથ દ્વારા પણ ત્યાં પહોંચી જવું. આપણી સેના ભલે પાછળથી આવે. શું મારો મિત્ર નળ પ્રગટ નહિ થાય? આવો પ્રશ્ન મારા હૃદયને અસ્થિર બનાવી રહ્યો છે...કુંડિનપુર જવાની મારી ભાવના દમયંતીને પ્રાપ્ત કરવાની નહિ પણ કૌતુકના નિવારણની છે.'

'મહારાજ, આપ નિશ્ચિંત રહો. આવતી કાલે સૂર્યોદય પહેલાં આપને કુંડિનપુર પહોંચાડવાની મારામાં શક્તિ છે. મને વિશ્વાસ છે કે નળ મૃત્યુ પામ્યો હશે તો પણ ફરીથી જીવતો થશે. પણ પોતાની પ્રિયાને અન્યના હાથમાં નહિ જવા દે...આપ તૈયાર થાઓ...હું પણ થોડી જ વારમાં તૈયાર થઈને આવું છું.'

ઋતુપર્ણ રાજાએ કુબ્જનો આભાર માન્યો.

ભોજનાદિથી નિવૃત્ત થઇને બન્ને તૈયાર થઈ ગયા. નળરાજાએ પોતાના નાગલોકમાં ગયેલા કાકાએ ભેટ આપેલાં શાપ નિવારણ વસ્ત્રોનો રત્નમય દાબડો સાથે લીધો...એ સિવાય પોતાનાં શસ્ત્રો પણ લીધાં.

ઋતુપર્ણ રાજાએ પણ જરૂરની સઘળી સામગ્રી લઈ લીધી.

એક ઉત્તમ રથ તૈયાર થઈને આવી ગયો. કુબ્જરૂપી નળે રથનું નિરીક્ષણ કરીને સારથિની જગ્યા સંભાળી લીધી. રાજા ઋતુપર્ણ, બે રક્ષકો અને બે સેવકો રથમાં બેસી ગયા.

નળે રથને ગતિમાન કર્યો. રથમાં જોડેલા અશ્વો સામાન્ય હતા. રથ નગરી બહાર નીકળ્યો ત્યારે સાંજ પડવા આવી હતી. લગભગ બેએક કોસ દૂર જતાં જ રાત્રિનો પ્રારંભ થઇ ગયો. રાજા ઋતુપર્ણ અને કુબ્જ વાતો કરતા કરતા પંથ કાપવા માંડયા.

લગભગ પાંચેક કોસ ગયા પછી ઋતુપર્ણે કહ્યું, 'મિત્ર, રથની ગતિ આવી રહેશે તો આપણે આઠ દિવસે ય નહિ પહોંચી શકીએ... આપણે બસો જોજન દૂર જવું છે.'

'મહારાજ, હું અશ્વ વિદ્યાનો જાણકાર છું... આપ નિશ્ચંત રહો આપણે યથાસમયે અવશ્ય કુંડિનપુર પહોંચી જઈશું.' નળે વિનમ્ર સ્વરે કહ્યું.

પછી તો નળે પોતાને પ્રાપ્ત થયેલી અશ્વવિદ્યાના મંત્રનો પ્રયોગ કર્યો અને તીરમાંથી છૂટેલા બાણ સમી અથવા ચપળ મન જેવી ગતિએ રથ જાણે આકાશમાં ઊડતો હોય તેવો ભાસ સહુને થવા માંડયો. ઋતુપર્ણ રાજાના મનમાં થયું, આવો સારથિ પૂર્વે કદી જોયો નથી કે સાંભળ્યો પણ નથી.

રથની ગતિ અપૂર્વ હતી...રથનાં બન્ને ચક્રો જાણે ધરતીથી અદ્ધર જ ચાલતાં હતાં તીવ્રવેગના કારણે હવાના હિલોળા બરછી જેવા જણાતા હતા. પરંતુ નળ સ્વસ્થ મને સારથ્ય કરી રહ્યો હતો.

મધરાત થઈ ત્યારે પવનના હિલોળાના કારણે ઋતુપર્ણ રાજાના મસ્તક પર બાંધેલી પાઘ એકાએક ઊડી ગઈ... પ્રથમ ઋતુપર્ણ રાજાએ પોતાની બેઠકની આસપાસ હાથ ફેરવીને જોયું...પણ પાઘ તો ઊડીને ધરતી પર પડી ગઈ હતી. તેમણે કુબ્જ તરફ જોઈને કહ્યું : 'મિત્ર, હવાના કારણે મારી પાઘ ઊડીને નીચે પડી ગઈ છે...તો જરા રથ ઊભો રાખો તો ઉત્તમ.'

આછા હાસ્ય સહિત કુબ્જરૂપી નળે કહ્યું : 'મહારાજ આપની પાઘ નજીક નહિ હોય. કારણ કે આપણે વીસ કોસ દૂર નીકળી ગયા છીએ...હવે તો થોડી જ વારમાં વિદર્ભ દેશનો સીમાડો આવશે.'

ઋતુપર્ણ રાજાએ આશ્ચર્ય અનુભવ્યું અને ત્યાર પછી આછા હાસ્ય સહિત કહ્યું, 'આપણે પાછા વળીશું ત્યારે હું તને એક કૌતુક બતાવીશ. હું દરેક પદાર્થની ગણતરી કરી શકું છું...'

'તો એ કૌતુક દર્શાવવાની કૃપા કરોને...'

'નહિ મિત્ર, અત્યારે નકામો સમય બગાડવો ઉચિત નથી.'

'ના મહારાજ, મારી જિજ્ઞાસાને તૃપ્ત કરો...હજી આપણે ઘણા વહેલા છીએ.. હું આપને ખાતરી આપું છું કે, આપણે સૂર્યોદય પહેલાં કુંડિનપુરમાં જઈશું.' કહી નળે રથ ઊભો રાખ્યો.

ચાંદની ખીલી હતી. રથમાંથી નળ નીચે ઊતરી ગયો. રાજા ઋતુપર્ણે માર્ગના કિનારા પર થોડે દૂર ઊભેલા એક બહેડાના વૃક્ષ તરફ જોઈને કહ્યું: મિત્ર, સામે બહેડાનું વૃક્ષ છે. એ વૃક્ષના ફળની સંખ્યા એકસઠ હજારની છે.'

કુબ્જરૂપી નળે બહેડાના વૃક્ષ પાસે જઈ તેના પર આઠ-દસ વાર પાદપ્રહાર કર્યો...ફળો નીચે ખરી પડયાં પરંતુ એક બીજો ચમત્કાર સર્જાયો. તે બહેડાના વૃક્ષના થડમાંથી એક ભયંકર આકૃતિવાળો દુર્ગંધથી ભરેલો અને મુશ્કેલીથી નિહાળી શકાય તેવો એક પુરુષ નીકળ્યો. અને ધીરે ધીરે તેની આકૃતિ સંકોચ પામવા માંડી.

નળ ચકિત નયને આ વિચિત્ર ઘટના સામે જોઈ રહ્યો.

ભયંકર આકૃતિવાળો પુરુષ સંકોચાઈને કોણી પ્રમાણ બની ગયો. આ જોઈને નળે ક્રોધપૂર્વક પ્રશ્ન કર્યો, 'તું કોણ છે?'

તરત પેલા પુરુષે મસ્તક નમાવી ગદ્‌ગદ્ સ્વરે કહ્યું, 'હે રાજન હું એક દીન છું...દયાળુ, મારા પર ક્રોધ ન કરશો. હે પવિત્ર કીર્તિવાળા, આપ મને શાંત ભાવે નિહાળો. જેણે તમારું રાજ્ય ઝૂંટવી લીધું છે. જેણે જુગાર રમવાની આપનામાં કુબુદ્ધિ ઊભી કરી હતી, જે આપની પ્રિયા દમયંતીના ત્યાગમાં કારણભૂત બનેલ છે અને તમને આવા સંકટમાં જેણે ધકેલેલ છે તે હું એક દુષ્ટ, દુરાચાર અને ભયંકર સ્વભાવનો કલિયુગ છું. સમસ્ત દેવોની સમક્ષ મેં આપના વધની પ્રતિજ્ઞા લીધી હતી...પરંતુ લાંબા સમય સુધી આપના દેહમાં રહીને પણ હું આપનો વધ કરી શકયો નથી...આપના ધૈર્યને પણ

ચલિત કરી શક્યો નથી...ખરેખર, દુર્જનો કોઈપણ ઉપાયે સજ્જનોનું ધૈર્ય હણી શકતા નથી. સાગરમાં નિરંતર અગ્નિ બિછાવનારો વડવાનળ રહેવા છતાં તે સાગરને કશું કરી શકતો નથી. રાજભ્રષ્ટ થયેલા હોવા છતાં આપે કોઈ સ્થળે દીનતા દર્શાવી નથી. ધર્મનો ત્યાગ કર્યો નથી. દાન, સંતોષ, સહનશીલતા, સત્ય, વગેરે ગુણોથી આપ જરાય ચલિત થયા નથી. નિત્ય કર્મમાં આપે કદી સ્ખલના કરી નથી ગમે તેવાં દુઃખ સામે પણ આપે આપના ગૌરવનો ત્યાગ કર્યો નથી. ખરેખર, સૂર્ય કદાપિ કોઈને બાળતો નથી, સમુદ્ર મર્યાદાનો લોપ કરતો નથી, શક્તિશાળી પુરુષો ખરેખર સહનશીલ જ હોય છે. આપના દેહમાં રહેવા છતાં હું કશું કરી શક્યો નથી...મહાસતી દમયંતીના શાપથી હું અત્યારે બળી રહ્યો છું...જીવતો હોવા છતાં સાવ મરેલો બની ગયો છું. હે કૃપાનાથ, મારા અયોગ્ય વર્તન માટે મને ક્ષમા કરો...હે વીરસેન રાજાના કુળમાં શ્રેષ્ઠ એવા નળરાજા, આપનું ચરિત્ર ન કળી શકાય એવું છે. પ્રતિજ્ઞા ભંગવાળો શું હવે સ્વર્ગમાં રહેલા દેવો સમક્ષ રહી શકું તેમ નથી. એથી આ બહેડાનું વૃક્ષ જ મારા માટે આશ્રયસ્થાન રૂપ છે. હે સજ્જન, જે કોઈ આ બહેડાના વૃક્ષની છાયામાં વિસામો લેશે તેનું કલ્યાણ હું હરી લઈશ... પણ જે કોઈ આપનું નામ યાદ કરશે તેને હું જતો કરીશ.'

કલિ અદ્રશ્ય થઈ ગયો. નળ શાંત ભાવે ઊભો રહ્યો. નળને અનુભવ થયો કે પોતાની કાયા હળવી ફૂલ જેવી બની ગઈ છે. તેણે કશું નથી બન્યું તેવા ભાવે બહેડાનાં ફળો બરાબર હોવાનું નક્કી કરી લીધું. ત્યાર પછી તે રથમાં પોતાની જગ્યાએ બેઠો. ઋતુપર્ણ રાજાએ કહ્યું, 'કેમ, મારી ગણતરી બરાબર છે ને ?'

'હા મહારાજ, મને વિવિધ વિદ્યા પ્રાપ્ત કરવાનો શોખ છે... આપ મને આ વિદ્યા આપવાની કૃપા કરો.' નળે પોતાનો પરિચય

આપવાનું યોગ્ય ન માન્યું.

ઋતુપર્ણ રાજાએ કુબ્જ પાસે અશ્વવિદ્યાની માગણી કરી. પરસ્પર વચનબદ્ધ થઈને પ્રવાસ પુનઃ શરૂ કર્યો...અને ધારેલા સમયે રથ કુંડિનપુર નગરીના પાદરમાં પહોંચી ગયો.

પ્રાતઃકાળનો પ્રકાશ પથરાઈ ગયો હતો...પૂર્વ ગગનમાં ઉષારાણીનું મધુર હાસ્ય ખીલી ઊઠ્યું હતું...પરંતુ સ્વયંવર મહોત્સવનું કોઈ લક્ષણ ન જોઈને ઋતુપર્ણ રાજા ભારે ચિંતિત બની ગયો અને નળના હૈયામાં હર્ષ પ્રગટયો.

સ્વયંવર નિમિત્તે આવેલા કોઈ રાજાનો પડાવ નહોતો. નગરીમાં આનંદનો ધ્વનિ નહોતો. સ્વયંવર માટે થવા જોઈતા મંગલ વાદ્યોના સ્વર ન હતા, કુંડિનપુર સુંદર હતું...પણ ઉત્સવવિહોણું લાગતું હતું...

ઋતુપર્ણ રાજાએ કહ્યું, 'મિત્ર, અહીં સ્વયંવર મહોત્સવ થવાનું કોઈ લક્ષણ દેખાતું નથી. ખરેખર, કોઈ પ્રપંચી દૂતનાં વચનોથી આપણે ઠગાયા છીએ. અથવા તો આ કયા પ્રકારનો પરિહાસ છે તે સમજાતું નથી. હવે આ સ્થળે આપણે શું કરવું ? ન બની શકે એવી આ ઘટના સરજાઈ છે. આ અંગે કોઈ નાગરિકને પૂછતાં શરમ આવે છે હવે તો બીજું કંઈ થઈ શકે એમ નથી. આપણે સીધા રાજભવન તરફ જઈએ...તને કેમ લાગે છે ? '

'આપની વાત સાચી લાગે છે.' એમ કહી કલિથી મુક્ત બનેલા નળરાજાએ પૂર્વના તોરણ દ્વારમાંથી નગરીમાં પ્રવેશ કર્યો અને રાજભવનના મુખ્ય દ્વાર પાસે રથ ઊભો રાખીને ત્યાં ઊભેલા રક્ષકોને કહ્યું, મહારાજાને સંદેશો પાઠવો કે સામર્થ્યવંત કૌશલ દેશના મહારાજા ઋતુપર્ણ આવી પહોંચ્યા છે.'

## પ્રકરણ ૩૭ મું : : મિલન

ઋતુપર્ણ રાજા માત્ર એક જ રથમાં આવી ચડયા છે. એ જાણીને રાજા ભીમને ભારે આશ્ચર્ય થયું...પરંતુ તેઓએ પોતાના આશ્ચર્યને સમાવીને ઋતુપર્ણ રાજાનું ખૂબ હર્ષપૂર્વક સ્વાગત કર્યું.

પરસ્પર કુશળ પૂછ્યા પછી રાજા ભીમે એક સુંદર મહેલમાં તેઓને ઉતારો આપ્યો.

એ મહેલમાં તત્કાળ સ્નાન આદિની વ્યવસ્થા થઈ ગઈ...રાજા ઋતુપર્ણ અને કુબ્જ સ્નાનાદિથી નિવૃત્ત થઈ ગયા. ત્યારે વિદર્ભના મહામંત્રીએ આવીને ઋતુપર્ણ રાજાને નમસ્કાર કર્યા અને કહ્યું : 'મહારાજ, સૂર્યવંશના આભૂષણ સમા આપ અત્રે પધાર્યા છો... મહારાજા ભીમ તો પોતાને ધન્ય માની રહ્યા છે. પરંતુ અમારું એક વિસ્મય શમતું નથી. આપ માત્ર બે રક્ષકોને સેવકો સાથે આકસ્મિક અત્રે પધાર્યા...કોઈ આપત્તિ આવી હોય તેમ આપના વદન પર નથી. લાગતું એટલે કોઈ મહત્ત્વના કાર્ય સાથે આપ પધાર્યા હો એવું અનુમાન કરી શકાય...કારણ, દૂત દ્વારા થઈ શકે એવા કામોમાં રાજા પોતે પ્રયત્ન કરતા નથી...તો આપ પ્રસન્ન હૃદયે જણાવો કે આપ સમા મહાન અતિથિનું આતિથ્ય અમે કયા પ્રકારે કરીએ ?'

કુબ્જ સામે જોઈને ઋતુપર્ણ રાજાએ મહામંત્રીને કહ્યું: 'મંત્રીવર, આપ કોઈ પ્રકારની ચિંતા કરશો નહિ. મહારાજા ભીમની મારા પ્રત્યે કૃપા છે...હું મહારાજાને કેવળ વંદન કરવા જ અહીં આવ્યો છું.

ઋતુપર્ણ રાજા કુબ્જ નામના કુબડા સારથિ સાથે અયોધ્યામાં આવી પહોંચ્યા છે, એ સમાચાર અંતઃપુરમાં પહોંચી ગયા હતા. આથી દમયંતી મનમાં નવાઈ પામી કારણકે દૂતને જે દિવસનો

સંકેત આપ્યો હતો તે જ દિવસે અયોધ્યાપતિ અત્રે આવ્યા છે દૂતે આવું નિમંત્રણ ગઈ કાલે જ આપ્યું હોવું જોઈએ. એટલે આ રીતે એક રાતમાં અહીં આવવું એ નળ રાજા સિવાય સંસારમાં કોઈને માટે શક્ય નથી. માત્ર દેવો અને વિદ્યાધરો જ અશ્વની મંત્રવિદ્યા જાણે છે જ્યારે કુબ્જ એક મનુષ્ય છે...એથી એ પોતે જ નળ હોવા જોઈએ. દમયંતીએ આ ભાવના માતા સમક્ષ વ્યક્ત કરી.

માતાએ કહ્યું: 'તારું અનુમાન મને સત્ય લાગે છે. છતાં આપણે કુબ્જના રૂપની ખાતરી કરવી જોઈએ. આ કાર્ય કરવામાં મને તારી સખી કેશિની સુયોગ્ય લાગે છે.'

માતાના આ વિચારને દમયંતીએ સત્કાર્યો અને કેવળ સકારણ દાસી બનેલી વિદ્યાધરી કેશિનીને કુબ્જની ખાતરી કરવા રવાના કરી.

કેશિની જ્યારે ખંડ બહાર નીકળી ત્યારે તેનું ડાબું નેત્ર ફરક્યું. તેને ખાતરી થઈ કે અવશ્ય નળની પ્રાપ્તિ થશે. આમ વિચારી ઈન્દ્રસેનને સાથે લઈને જ્યાં કુબ્જનો ઉતારો હતો તે મહેલ તરફ ગઈ.

ઋતુપર્ણ રાજા અને કુબ્જ મહેલના મધ્યખંડમાં બેઠા હતા. કેશિની ખંડમાં દાખલ થઈ. તેણે પ્રથમ ઋતુપર્ણ રાજા સમક્ષ ઈન્દ્રસેનને પગે લગાડયો, આ જોઈને રાજાએ પ્રશ્ન કર્યો. 'આ કયા ભાગ્યવંતનો પુત્ર છે?'

'મહારાજ, આ બાળક શત્રુઓ માટે પ્રલય કારના અગ્નિ સમા નળ રાજાનો પુત્ર છે.'

ત્યાર પછી ઋતુપર્ણ ઈન્દ્રસેનને ગાઢ આલિંગન આપ્યું અને પોતાના દેહ પરના મૂલ્યવાન અલંકારો ઈન્દ્રસેનને પહેરાવ્યા.

'આ મારા સ્વામી નળનો પુત્ર છે. એમ કહી કુબ્જે પણ ઈન્દ્રસેનને હૈયા સાથે ચાંપી તેના મસ્તકે ચુંબન કર્યું.

કેશિની કુબ્જનું બરાબર નિરીક્ષણ કરી રહી હતી. ત્યાં અતિથિ વિભાગનો એક મંત્રી ખંડમાં આવ્યો અને મહારાજા ઋતુપર્ણને

વંદન કરીને બોલ્યો. 'બધી સામગ્રી પાકશાળામાં મુકાવી છે. આપની સાથે પાકશાસ્ત્રી હશે એમ માની મેં પાકશાસ્ત્રીને કહ્યું નથી. પરંતુ જો પાકશાસ્ત્રી ન હોય તો એની વ્યવસ્થા કરું.'

મહારાજા ઉત્તર આપે તે પહેલાં જ કુબ્જે ઉત્તર આપ્યો. 'પાકશાસ્ત્રીની જરૂર નથી એની ચિંતા કરશો નહિ.'

કેશિની આસ્તેથી ઈન્દ્રસેનને લઈને ખંડ બહાર નીકળી ગઈ. બહાર આવીને તેણે રસોઈ ગૃહ માટે રોકાયેલા સેવકોને કહ્યું, 'રસોઈગૃહમાં તમે જળ, અગ્નિ કે ઈંધણ ન મૂકશો.'

એ જ વખતે રસોઈ ગૃહમાં જવા કુબ્જ પણ બહાર નીકળ્યો. કેશિનીએ તેને નમન કર્યાં. અને મધુર સ્વરે કહ્યું, 'મહાનુભાવ હું આપને એક નમ્ર પ્રાર્થના કરવા જ આવી છું.'

'શી આજ્ઞા છે?' કુબ્જ ઊભો રહી ગયો.

'કુબ્જના રૂપે રહેલા આપ પોતે જ નળ છો એવી વાત સુદેવે દેવી દમયંતીને કહી હતી. આપ પોતે જ નળ છો એવો દેવીને વિશ્વાસ છે અને આપ સૂર્યપાક રસોઈ બનાવી શકો છો તો અમને પણ એનો લાભ મળે એવી મારી પ્રાર્થના છે.' કુબ્જ કંઈ બોલ્યો નહીં પણ આછું હસ્યો અને રસોઈ ગૃહમાં ગયો. તેણે વરુણની સહાયથી જળ મગાવી લીધું. 'ઉત્તમ જળ' અને સૂર્યનાં કિરણો વડે રસોઈ શરૂ કરી.

થોડી જ વારમાં રસોઈ થઈ ગઈ એટલે કેશિનીએ ઈન્દ્રસેનને કહ્યું, 'ઈન્દ્રસેન, તારા પિતા સિવાય કોઈ પણ વ્યક્તિએ પૂર્વે આવી રસોઈ કરી નથી. માટે તું થોડીક ચાખી લે.'

કુબ્જ તરત એ પતરાવળામાં વિવિધ વાનગીઓ પીરસી. ઈન્દ્રસેને રસોઈ ચાખી અને કેશિનીએ પણ ચાખી. દિવ્ય રસવતી સામગ્રી હતી એક પતરાવળામાં ગોઠવેલી સામગ્રી લઈને કેશિની વિદાય થઈ.

દમયંતી રાહ જોતી જ બેઠી હતી. કેશિની અને ઇન્દ્રસેન આવી. ગયાં કેશિનીએ દમયંતી સામે રસોઈના નમૂનાવાળું પતરાવળું મૂકતાં કહ્યું, દેવી, કુબ્જ એ જ નળ છે. આ સૂર્યપાક રસોઈ કુબ્જે મારી સામે જ બનાવી છે...સંસારમાં આજે કોઈ વ્યક્તિ એવી નથી કે સૂર્યપાક રસોઈ બનાવી શકે. એ સિદ્ધિ કેવળ મહારાજા નળમાં જ છે.'

દમયંતીએ પતરાવળામાંથી કેટલીક વાનગીઓ ચાખી અને તેના સ્વાદ પરથી તે સમજી ગઈ કે નળ સિવાય આવી રસોઈ કોઈ ન બનાવી શકે.

દમયંતીએ પોતાની માતાને આ વાત કરી. પિયંગુમજરીએ કહ્યું, 'પુત્રી, કુબ્જ એ જ નળ છે એવો તારો વિશ્વાસ છે તો હું કુબ્જને તારી સમક્ષ બોલાવું છું...મને આશા છે કે તારી તારી પાસે એ અવશ્ય પોતાનું રૂપ પ્રગટ કરશે.'

આમ કહીને પ્રિયંગુમંજરી સ્વામી પાસે ગઈ. પત્નીની વાત સાંભળીને ભીમરાજા સંમત થયા અને ભોજનાદિ કાર્યથી નિવૃત્ત થયા પછી પતિની આજ્ઞા લઈને પ્રિયંગુમંજરીએ સુશીલ અને વિનયી કંચુકીઓને મહારાજા ઋતુપર્ણ પાસે મોકલી.

ઋતુપર્ણ રાજા અને કુબ્જ ભોજનથી નિવૃત થઈ એક ખંડમાં મુખવાસ લેતા બેઠા હતા અને સામાન્ય વાતો કરતા હતા...ત્યાં કંચુકીએ આવી ઋતુપર્ણ રાજાને નમન કરી વિનયાવનત ભાવે કહ્યું, 'કૃપાનાથનો જય થાઓ! શ્રીમાન નળરાજાના સેવક આ કુબ્જને દેવી દમયંતી વાત્સલ્ય ભાવે નિહાળવા ઈચ્છે છે. તો આપ તેઓને મોકલવાની કૃપા કરો.'

ઋતુપર્ણ રાજાએ કુબ્જ સામે જોયું અને કહ્યું, 'મિત્ર, તારે જવું જોઈએ.'

'જી...' કહીને કુબ્જ ઊભો થયો અને કચુકીઓની પાછળ

પાછળ દમયંતીના આવાસ તરફ રવાના થયો.

દમયંતીના મહેલનાં સોપાન ચડતાં ચડતાં કુબ્જ રૂપી નળને ભૂતકાળનું સ્મરણ થવા માંડયું...લગ્ન પછી પોતે આ મહેલમાં જ પ્રિયા સાથે થોડો સમય રહ્યો હતો.

અલંકાર ને ઉત્તમ વસ્ત્રો વગરની દમયંતી એક ખંડમાં રત્ન જડિત સિંહાસન પર બેઠી હતી. બે ચામરધારિણીઓ ચામર વીંઝી રહી હતી. એ જ વખતે કંચુકીઓએ કુબ્જને ખંડમાં મોકલ્યો.

નળ પોતાની પ્રિયાને જોઈને અંતરમાં છલકતા પ્રેમભાવને એકદમ રોકી શક્યો નહિ. દમયંતી પણ ભક્તિભરી નજરે નળને જોઈ રહી...બે પળ પછી તેણે સિંહાસન પરથી નીચે ઊતરીને એક આસન પર કુબ્જને બેસવાની વિનતી કરી. કુબ્જે કહ્યું, 'હે દેવી, મારો આ રીતે સત્કાર કરવાની જરૂર નથી. આપ બેસો. હું બેસી જાઉં છું.' કહી નળ એક સામાન્ય આસન પર બેસતાં બોલ્યો, 'દેવી, આપ કુશળ છો ને? આજ મારા માટે ધન્ય દિવસ છે કે આપનાં દર્શન થયાં આપ મારા સ્વામી નળરાજાનાં પ્રાણપ્રિયા છો. મહાત્મા નળ જેવાને પણ ભારે દુ:ખદ સ્થિતિ પ્રાપ્ત થઈ હતી. તો સામાન્ય માનવી દૈવ પ્રત્યે પરાક્રમ ક્યાંથી કરી શકે? હે વૈદર્ભી, આપ જીવિત છો એટલે મારા સ્વામી નળ પણ જીવિત જ હશે. મહાદેવી, આપ તો માનવીની કલ્પનામાં ય ન આવે એવાં મહાન છો...પાર ન પામી શકાય એવા સંકટ રૂપી સાગરને આપ તરી ગયાં છો એવો સઘળો વૃત્તાંત મેં સાંભળેલો છે.'

તીરછી નજર કુબ્જને નિહાળી રહેલી દમયંતીએ મક્કમ સ્વરે કહ્યું, 'આપનો આવો પ્રેમ ભાવ મારા પ્રત્યે હોઈને હું માનું છું કે મારું ભાગ્ય હજી છે. આપ કુબડાના રૂપમાં હોવા છતાં આપ નરપતિ નળ છો એ હું સમજી શકી છું અને તેથી જ હું આપને અહીં સુધી ખેંચી લાવી છું. અત્યારે હું કોઈ વન પ્રદેશ વચ્ચે નિદ્રાધીન

નથી. હે નળ, હવે તમે અહીંથી છટકી શકશો નહિ. જો આપના મનમાં હું અકુલીન, અપ્રિય અને રૂપ વગરની અનાકર્ષક હોઉં તો પણ આપે મારો એક દાસી તરીકે સ્વીકાર કરવો જોઈએ. હે નાથ, મારા પર કૃપા કરી આપ હૃદયમાં વસેલી કઠિનતાનો ત્યાગ કરી આપનું મૂળ સ્વરૂપ પ્રગટ કરશો તો નબાપાં ગણાતાં આપનાં બાળકો ગર્વપૂર્વક પોતાનું મસ્તક ઊંચું રાખવા ભાગ્યશાળી બની શકશે ! હે રાજન, હું આપને નમન કરું છું. સ્વામી, આપ પ્રસન્ન થાવ અને દુઃખમાં ડૂબેલી એવી આપની અર્ધાંગનાનું રક્ષણ કરો.'

'હે દેવી, આપનો આ ઉન્માદ કયા પ્રકારનો છે તે મારાથી સમજાતું નથી. હું કોણ છું તેનો આપ વિચાર કરો. પોતાના એક સેવક પ્રત્યે આ પ્રમાણે કહેવું તે આપના માટે ઉચિત નથી. દ્રષ્ટિને દઝાડે એવું મારું કદરૂપ કયાં અને કામદેવને લજવે એવા નળ રાજા કયાં ? હે વૈદભીર્, હું તો આપનો સેવક છું. ખોટી માન્યતાને મનમાં સ્થાન આપો નહિ.'

'હે કુબ્જ, તું જો ખરેખર કુબ્જ છો અને વાસ્તવિક નળ નથી તો તને સૂર્યપાક રસોઈ કયાંથી આવડે ? હે રાજન, મારી આંખ સામે આપનું ગમે તે રૂપ હોય પણ મારા હૃદયને કોઈ છેતરી શકશે નહિ. આ હૃદય એક સામાન્ય મોહવશ નારીનું નથી. પરંતુ પોતાના પતિમાં સદાયે મગ્ન રહેતી એક સતીનું હૃદય છે. હવે આપ મારી પાસેથી કોઈ પણ ઉપાયે છટકી શકશો નહિ. માટે મારા પર કૃપા કરી આપના મૂળ સ્વરૂપને પ્રગટ કરો.'

પત્નીની દ્રઢ માન્યતા, શ્રદ્ધા અને સતીત્વના તેજ આગળ ગણુ નળ સાગરકિનારે પર્વત માફક અચળ રહ્યો. તે સમજી શકયો હતો કે દમયંતીના હૈયામાં પોતાના સ્વામી માટે નિષ્કપટ પ્રેમ છે. પરંતુ પોતે કરેલા અપરાધના કારણે તે પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરતાં શરમ અનુભવી રહ્યો હતો. તે બોલ્યો, 'મહાદેવી, હું સૂર્યપાક રસોઈ

બનાવું છું એથી આપ મને નળ ન માની લેશો. અશ્વવિદ્યા અને સૂર્યપાક રસોઈ બનાવું છું એથી આપને મારામાં નળની ભ્રાંતિ થઈ છે તે દૂર કરો. મહારાજ નળનો હું પ્રિય સેવક હતો. એથી તેમણે મને સર્વ વિદ્યાઓ શીખવી હતી. વળી, હે આ પૃથ્વીનાં સરસ્વતી, હું આપની સેવા અર્થે જ આવ્યો છું. રાજા ઋતુપર્ણની રજા લઇને હું મારા સ્વામીની પત્ની સેવા કરવામાં ગૌરવ અનુભવીશ.'

દમયંતીએ કેશિની વગેરે સખીઓ સામે જોઈને અશ્રુપૂર્ણ સ્વરે કુબ્જને કહ્યું, 'આપને આપના સ્વજનનું પ્રયોજન નથી તો આપની સાથે માત્ર નિષ્ફળ વિવાદ કરવાનો પણ કોઈ અર્થ નથી. મેં તમને શોધી કાઢયા છે ને મારા સન્મુખ બોલાવ્યા છે. છતાં આપ છટકવાનો પ્રયત્ન કેમ કરો છો ? ખરેખર, જેનું ભાગ્ય મંદ છે તેના ઘરમાં ચિંતામણિ રત્ન ટકી શકતું નથી ! મારી સામે અસત્ય બોલીને આપે મારા પ્રયત્નને નિષ્ફળ બનાવ્યો છે. હે રાજન આજ પ્રયત્ને કેવળ હું આપની આશાએ જ જીવી રહી હતી. પરંતુ મને અત્યારે સમજાય છે કે મારે જીવવાનું કોઈ કારણ નથી રહ્યું. આપ નળ નહિ તો કુબ્જ છો, તો મારી હત્યાના પાપનો આપને સ્પર્શ નહિ થાય. હવે હું ચારેય પ્રકારનાં આહારનું પચ્ચખાણ કરીને મારા ભવની વેદનાનો અંત લાવીશ.'

આમ કરીને દમયંતી ચતુર્વિધ પચ્ચખાણ ધારવા માટે તૈયાર થઈ. એ જ પળે કેશિનીએ કહ્યું, 'દેવી, દુર્દૈવ ખરેખર ધિક્કારને પાત્ર હોય છે. આપનું આ રીતે મૃત્યુ થશે. એ કોઈએ નહિ કલ્પ્યું હોય. ત્યાર પછી નળ સામે જોઈને વિનયભર્યા સ્વરે કહ્યું, 'આપનો કોઈ દોષ નથી. સંસારના પુરુષો નારીને કદી ઓળખી શક્યા નથી. પોતાની પ્રિયાને જુગારના દાવમાં મૂકનારા પુરુષો પાસેથી નારી કઈ આશા રાખી શકે ? તું પોતે જ નળ છે, એમ એક સામાન્ય નારી નથી કહેતી પણ જેનું હૃદય તપ અને ભક્તિથી વિશુદ્ધ બનેલું છે એવી એક મહાસતી કહે છે. પણ શું થાય ?

તારા હૃદયમાં દયા, પ્રેમ કે માનવતાનો કોઈ અંશ રહ્યો હોય તો તારા મૂળ સ્વરૂપે પ્રગટ થા.'

કેશિનીના આ શબ્દો સાંભળીને કુબ્જરૂપી નળ ધ્રૂજી ઊઠયો. હૈયામાં અભિમાનની એક ચિનગારી જાગૃત થઈ. પોતે નળ હોય એ ઢબે તે બોલ્યો, 'દમયંતી, ફરી વાર બીજા સ્વામીને સ્વીકારશે એવી વાત દેશદેશાંતરમાં ફેલાઈ ગઈ હતી અને રાજા ઋતુપર્ણ કૂતુહલને વશ થઈ અહીં આવી પહોંચ્યા છે.'

વચ્ચે જ કેશિની બોલી, ' રાજન, અભિમાનની ચિનગારી સ્ત્રી અને પ્રેમને જ બાળે છે. આ તો આપને અહીં ખેંચી લાવવાની એક રમત હતી. આ વાતની ખબર ખુદ મહારાજા ભીમને પણ નથી. અને આ નગરીમાં નથી કોઈ ઉત્સવ કે નથી કોઈ સ્વયંવરની તૈયારી. પણ તમે આ કશું ન જોઈ શકો તે સ્વાભાવિક છે. પુરુષ અભિમાનનો મુગટ ધારણ કરે છે ત્યારે તેની દ્રષ્ટિ ઈર્ષાના અંજન વડે અંધ બની જતી હોય છે.'

દમયંતી રડી રહી હતી.

નળ પણ ભારે મનોવેદના અનુભવી રહ્યો હતો. એ જ વખતે લોકપાલ ઈન્દ્રે આકાશવાણી કરી, ' હે નળ, દમયંતી મહાસતી છે. વિશુદ્ધ સુવર્ણ સમાન છે. તું પણ કલિના પ્રભાવથી મુક્ત બની ગયો છે અને કલિ તારી કાયામાંથી નીકળીને ચાલ્યો ગયો છે. તારે તારી પ્રિયાને આવા શબ્દો કહેવા તે તારા માટે શોભારૂપ નથી.'

નળે પ્રિયતમા સામે નજર કરી. ત્યાર પછી કહ્યું: 'પ્રિયે, મનની વેદના દૂર કરીને પ્રસન્ન થા ! મેં તારું અપમાન કરવાના હેતુથી કશું કહ્યું નથી. હું અચકાતો હતો મારા હાથે થયેલા અપરાધના કારણે. પણ શું કરું ? કલિના પ્રભાવથી હું ભ્રમિત બની ગયો હતો.'

દમયંતી હર્ષિત બની ગઈ.

નળે એ જ વખતે પોતાના કમરબંધમાં રાખેલો બિલ્વફળના આકારનો દાબડો કાઢયો. ખોલીને તેમાંનું વસ્ત્ર પોતાના અંગ પર

ધારણ કર્યું.

વળતી જ પળે નાગરાજ કાર્કોટકના પ્રભાવથી નળ પોતાના મૂળ સ્વરૂપમાં આવી ગયો.

થોડી જ વારમાં સમગ્ર રાજભવન મુખરિત બની ગયું. આનંદ આનંદ છવાઈ ગયો. મહારાજા ઋતુપર્ણ, મહારાજા ભીમ, નળનાં બાળકો, દમયંતીના ભાઈઓ, મંત્રીઓ ઋષિઓ, સેનાપતિઓ, વગેરે આવવા માંડયા અને એક મોટો ઉત્સવ સર્જાયો.

ઋતુપર્ણ રાજાએ તો પોતાની પ્રસન્નતા વ્યક્ત કરવામાં કોઈ મણા ન રાખી.

આનંદ મંગલ અને ઉલ્લાસમાં કેટલાક દિવસો વીતી ગયા. એક દિવસે કેશિનીએ દમયંતીને પ્રાર્થના કરી, 'મહાદેવી, હું એક નિમિત્તને વશ બનીને એત્રે આવી હતી. મારા સ્વામીના દુઃખ નિવારણ અર્થે આપના સ્વામીએ જે દિવ્ય વસ્ત્ર ધારણ કરીને પોતાના રૂપનું પરિવર્તન કર્યું હતું તે મને આપો તો હું મારા સ્વામીનું સંકટ નિવારી શકું.'

દમયંતીએ ઘણા ઉલ્લાસ સહિત કેશિનીને બિલ્વફળ જેવા આકારના દાબડામાં દિવ્ય વસ્ત્ર મૂકીને આપ્યું અને કેશિની સહુની વિદાય લઈને આકાશ માર્ગ ચાલી ગઈ. જતા પહેલાં તેણે નળ અને દમયંતીને આશીર્વાદ આપતાં કહ્યું, 'આપનો સદાયે વિજય થાઓ.'

તીવ્ર ગતિએ કેશિની થોડી જ પળોમાં વૈતાઢય પર્વત પર પહોંચી ગઈ. તેણે સૌથી પ્રથમ પોતાના સ્વામીને આ દિવ્ય વસ્ત્ર વડે વિષમુકત કર્યો. મહાબળ કુમાર ચંદ્ર જેવો તેજસ્વી બની ગયો.

નિષધપતિ નળ રાજા પ્રગટ થયા છે. એ સમાચાર જાણીને તેનો મિત્ર ઋતશીલ મંત્રી નિષધા નગરીથી આવી પહોંચ્યો અને નળનો મનોભાવ જાણીને યોગ્ય દિવસે ભીમરાજાના સહકારથી નળે દિગ્વિજય કરવા ચતુરંગી સેના સહિત વિશ્વપ્રસ્થાન કર્યું.

# ઉપસંહાર

નિષધપતિ નળ દિગ્વિજય કરતો કરતો પોતાના પ્રદેશ નજીક આવી પહોંચ્યો. જનતા આનંદમગ્ન બની ગઈ. સહુએ નળનો આદરભાવથી સત્કાર કર્યો. નળે પોતાની વારિવાહિનીનો પડાવ ગંગાના કિનારે રાખ્યો.

નળનો દૂત નિષધાની રાજસભામાં પહોંચ્યો અને નળનો નાનો ભાઈ, જે નિષધાનું રાજ્ય ભોગવી રહ્યો હતો તેની સમક્ષ વાત કરી.

બે ભાઈઓ વચ્ચે રક્તપાત ન થાય તે ગણતરીથી ફરી વાર દ્યુતક્રીડા દ્વારા ભાગ્ય નિર્ણય કરવાની યોજના ઘડાઈ અને ફરી વાર બન્ને ભાઈઓ જુગાર રમવા બેઠા....પણ નળનું ભાગ્ય પલટાઈ ચૂક્યું હતું. કલિના પ્રભાવથી નળ મુક્ત થઈ ગયો હતો અને દ્યુતક્રીડામાં નળ વિજયી થયો.

નિષધ દેશના રાજસિંહાસન પર વિધિવત નળનો અભિષેક કરવામાં આવ્યો.

સમગ્ર રાષ્ટ્રમાં મહાબળવાન નિષધપતિ નળનો જયજયકાર ફેલાઈ ગયો.

દમયંતી સર્વનો સત્કાર ઝીલતી પોતાના આવાસમાં ગઈ...તેનાં બાળકો પણ પોતાની જન્મભૂમિની માટીને મસ્તકે ચડાવી ધન્ય બન્યાં.

ઘણાં વરસો વિદાય થઈ ગયાં.

સંસાર સુખ ભોગવીને કોઈને તૃપ્તિ થતી નથી...કારણ કે એ સુખ ચિરસ્થાયી હોતું નથી.

યોગ્ય અવસરે નળરાજાએ પોતાના પુત્રનો રાજગાદી પર નિષધ-પતિ તરીકે અભિષેક કર્યો અને પોતાના પિતાની માફક નળે પણ પોતાની પ્રિયતયા સાથે જન્મ, જરા અને મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ સિદ્ધ કરવા સર્વ સુખસંપત્તિનો સાપની કાંચળી માફક ત્યાગ કરી શ્રી જિનેશ્વર ભગવંતે પ્રસ્થાપિત કરેલા સર્વ ત્યાગના માર્ગે પ્રયાણ કર્યું.

[સમાપ્ત]



જેકેટ:-સર્વોદય પ્રિન્ટરી
રાજકોટ.

